# શ્રીગુરુલીલામૃત

(ઉપાસનાકાંડ)

॥ श्रीदत्तः प्रसन्नोऽस्तु ॥




दृष्टांतो नैव दृष्टस्त्रिभुवनजठरे सद्‌गुरोर्ज्ञानदातुः
स्पर्शश्चेत्तत्र कल्प्यः स नयति यदहो स्वर्णतामश्मसारम् ।
न स्पर्शत्वं तथापि श्रितचरणयुगे सद्‌गुरु स्वीयशिष्ये
स्वीयं साम्यं विधत्ते भवति निरुपमस्तेन वालौकिकोऽपि ॥

श्रीशंकराचार्याः ।

को गुरुरागमवेत्ता ब्रह्मानन्दे निमग्न उपदेष्टा ।
शिष्यः को गुरुवाक्ये रक्तो भक्तस्त्वनन्यशरणो यः ॥

रङ्गोऽवधूतः ।

રંગ અવધૂત

પ્રકાશક : **શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ,**
**નારેશ્વર** (પોસ્ટ સાયર, વાયા અંકલેશ્વર-૩૯૩ ૧૦૭)
ફોન : (૦૨૬૬૬) ૨૫૩૨૯૩

(સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન છે.)


| | | |
|---|---|---|
| પ્રથમ આવૃત્તિ | સં. ૧૯૯૧ | ૧૧૦૦ પ્રત |
| દ્વિતીય આવૃત્તિ | સં. ૨૦૦૬ | ૧૨૫૦ પ્રત |
| તૃતીય આવૃત્તિ | સં. ૨૦૧૧ | ૨૨૦૦ પ્રત |
| ચતુર્થ આવૃત્તિ | સં. ૨૦૧૯ | ૨૨૫૦ પ્રત |
| પાંચમી આવૃત્તિ | સં. ૨૦૨૭ | ૨૨૦૦ પ્રત |
| છઠ્ઠી આવૃત્તિ | સં. ૨૦૩૧ | ૨૭૦૦ પ્રત |
| સાતમી આવૃત્તિ | સં. ૨૦૩૮ | ૩૦૦૦ પ્રત |
| આઠમી આવૃત્તિ | સં. ૨૦૪૨ | ૫૦૦૦ પ્રત |
| નવમી આવૃત્તિ | સં. ૨૦૪૮ | ૫૦૦૦ પ્રત |
| દસમી આવૃત્તિ | સં. ૨૦૫૨ | ૫૦૦૦ પ્રત |
| અગિયારમી આવૃત્તિ | સં. ૨૦૫૪ | ૫૦૦૦ પ્રત |
| બારમી આવૃત્તિ | સં. ૨૦૫૯ | ૨૦૦૦ પ્રત |
| તેરમી આવૃત્તિ | સં. ૨૦૬૧ | ૨૦૦૦ પ્રત |
| ચૌદમી આવૃત્તિ | સં. ૨૦૬૩ | ૩૦૦૦ પ્રત |

**સન ૨૦૦૭**

| | |
|---|---|
| જ્ઞાનકાંડ | રૂા. ૨૮/- |
| કર્મકાંડ | રૂા. ૨૭/- |
| ઉપાસનાકાંડ | રૂા. ૨૦/- |

**મુદ્રક : હેમ પ્રિન્ટીંગ પ્રેસ**
**૪, લબ્ધી એસ્ટેટ, પ્રતાપનગર,**
**વડોદરા - ૩૯૦ ૦૦૪**
**ફોન. : ૨૫૮૦૨૪૪, ૨૫૮૦૨૩૩,**
**૬૫૪૧૬૧૩**

## પહેલી આવૃત્તિનું

"જગન્નિયંતા પરમાત્મસ્વરૂપ જે ગુરુદેવની પ્રેરણાથી **ગ્રંથનું** કામ આરંભ્યું તેની જ કૃપાથી તે **આજે પૂર્ણ** થાય છે. હવે ન તો કાંઇ લખવું છે, ન કાંઇ લખાવવું છે.

"આ ભાગમાં આપણા જ જમાનામાં થઇ ગયેલ ભગવાન દત્તાત્રેયના અંશાવતાર તરીકે સુપ્રસિદ્ધ બ્ર. પ. પ. શ્રી વાસુદેવાનંદસરસ્વતી સ્વામી મહારાજની લીલાઓ એમના જ પરમ શિષ્ય ગાંડામહારાજવિરચિત ચરિત્રો પરથી ટૂંકમાં આલેખી ઉપાસનાનું રહસ્ય સમજાવવાનો પ્રયત્ન કરેલો છે. પૂર્વના સંચિત પાપસંસ્કારરૂપ મળદોષની અંતઃકરણમાંથી નિવૃત્તિ માટે જેમ કર્માનુષ્ઠાનની આવશ્યકતા છે તેવી જ રીતે વિષયભોગની લાલસાથી પ્રગટતા ચિત્તચાંચલ્યરૂપી વિક્ષેપને દૂર કરવા ઉપાસના કે ભક્તિની આવશ્યકતા સકળ શાસ્ત્ર અને અનુભવી સંતોએ સ્વીકારેલી છે, અને પોતાના જીવનમાં **શ્રી**એ પણ લોકોની શુષ્ક શાબ્દિક જ્ઞાનમાં પ્રવૃત્તિ જોઇ ઉપાસનાને ઘણું મહત્ત્વનું સ્થાન આપી કર્મોપાસના સિદ્ધ થયા વગર જ્ઞાનસિદ્ધિ લગભગ અશક્ય જ છે એમ બતાવી આપ્યું હતું. તેથી આ ભાગને ઉપાસના-કાંડ કહેવાનું ઉચિત ધાર્યું છે. એમાં માણસ ઇશ્વરી આજ્ઞાને ઠોકર મારી પોતાનો પુણ્યક્ષય કરી લઇ કેવી રીતે દુઃખી થાય છે, અને ઇશ્વરાનુગ્રહથી પુણ્યવૃદ્ધિ થઇ કેવી રીતે સુખી થઇ શકે છે તે **શ્રી**ના જીવનમાં પ્રત્યક્ષ બનેલાં નાનાં મોટાં દૃષ્ટાંતો ઉપરથી બતાવી આપ્યું છે : અવધૂતગીતા સાચે જ કહે છે કે **ईश्वरानुग्रहादेव पुंसामद्वैतवासना ।**

'ઇશ્વરના અનુગ્રહ વગર અદ્વૈતજ્ઞાનનિષ્ઠા અશક્ય છે. માટે શ્રેયઃકાંક્ષી મનુષ્યે એ અનુગ્રહ મેળવવા આજીવન ઇશ્વરભજન જારી રાખવું જોઇએ. કહ્યું છે કે :

**आजीवितं त्रयः सेव्या वेदान्तो गुरुरीश्वरः ।**
**आदौ ज्ञानाप्तये पश्चात्कृतघ्नत्वनिवृत्तये ॥**

સર્વ **વા** સુદેવ ઈતિ ॥ થઇ સર્વત્ર જેની મતિ ॥ જન્મ મરણ સંસૃતિ ॥ નહિ તેને કલ્પે યે ॥ ૧ ॥
એક **સુ** વર્ણ ઘાટ ઘણા ॥ એક ઇશ અવતાર નાના ॥ નામી એક નામો ઘણાં ॥ અન્વર્થક ઘણેરાં ॥ ૨ ॥
જેહ **દે** વે આપ્યું બધું ॥ કહે દત્ત તેને સાધુ ॥ કહ્યું તને સીધે સીધું ॥ વદે ઊંધું અલ્પધી ॥ ૩ ॥
જે દે **વ** પ્રકાશી સઘળે ॥ રહ્યો વસી જળે થળે ॥ વાસુદેવ જાણ એ રે ॥ અવતાર દત્તનો ॥ ૪ ॥
દૈવી **ગુ** ણે થયો ખ્યાત ॥ માને સાત્ત્વિક જન સમસ્ત ॥ કર્યો આર્યદેશ પુનિત ॥ પદસંચારે સર્વ જો ॥ ૫ ॥
સદ્‌ગુ **રુ** રૂપે સંન્યાસી ॥ અસ્તસંકલ્પ ઉદાસી ॥ સિદ્ધિ સર્વ જેની દાસી ॥ નમું તેને ભાવથી ॥ ૬ ॥
આજ્ઞા **મા** ને જેની દેવો ॥ કોણ તિહાં અલ્પ માનવો ॥ તાર્યા જેણે કંઇક જીવો ॥ પ્રગટ રૂપે બોધથી ॥ ૭ ॥
વળે **ઝે** બ પરસેવાના ॥ જોઇ શરીરે કાળના ॥ એવી અમર નામના ॥ કહે કોની આજ રે ॥ ૮ ॥
પૂર્ણ **આ** નંદ ઘનીભૂત ॥ પરબ્રહ્મ મૂર્તિમંત ॥ પ્રત્યક્ષ જાગતી જ્યોત ॥ યતિશ્રેષ્ઠ જાણ એ ॥ ૯ ॥
મળે **ઈ** હા ન પોતાની ॥ કરવા પૂર્ણ સ્વભક્તોની ॥ થયો અવતીર્ણ એ ધણી ॥ કરુણા એ કેટલી ॥ ૧૦ ॥
જોઇ **મ** ન રીઝે એહ ॥ મા કર તું ત્યાં સંદેહ ॥ કરી અર્પણ દેહ ગેહ ॥ ભજ ભાવે એહને ॥ ૧૧ ॥
નહીં **જ** ન્મ મરણ તેને ॥ ગયો શરણ જે કો એને ॥ કહ્યું સ્વાનુભવે મને ॥ માન માને તો તપસી ॥ ૧૨ ॥
જે લી **લા** ઓ અસંખ્ય એણે ॥ કરી વર્ણવે કોણ તેને ॥ કહી વીણી થોડી પ્હણે ॥ જોઇ નેને તે ધન્ય ॥ ૧૩ ॥
નહીં **ઠા** મ કે ઠેકાણું ॥ જગમાં 'રંગ' રાંકડાનું ॥ કરતાં કૃપા એણે અણુ ॥ ઝીણું ઝીણું સ્ફુર્યું જો ॥ ૧૪ ॥
મોટું **વ** ઘો ન્હાને મ્હોંઢે ॥ ગાઇ લીલા ઘણા કોડે ॥ સૂણી સંતો કૌતુકે ડોલે ॥ ઊડે વૃત્તિ આભમાં ॥ ૧૫ ॥
જે આ **દ્યા** ચૈતન્યસ્ફૂર્તિ ॥ દત્ત દિગંબર ત્રિમૂર્તિ ॥ અનેકે એક સદ્‌વ્યાપ્તિ ॥ તદ્રૂપ એ બને ॥ ૧૬ ॥
જેહ **વા** ચ્ય તે જ વાચક ॥ નામ નામી અખંડ એક ॥ ભેદ ખેદ નાસે દેખ ॥ એ અભેદ દેખતાં ॥ ૧૭ ॥
પુણ્ય **પા** પ રહે નહીં ॥ કર્માકર્મ નાસે સહી ॥ જીવન્મુક્ત એહ અહીં ॥ મહિમા એનો કો લહે ॥ ૧૮ ॥
તત્પા **યીં** કરી વંદન ॥ ભાવે અવધૂતચિંતન ॥ શ્રીગુરુદેવ દત્ત જાણ ॥ સ્મરી લેખન આટોપું ॥ ૧૯ ॥
તત્સત્ ૐ માટે તપસી ॥ મૌને બોધ રહ્યો વિલસી ॥ જાણતાં એ વૃથા મસી ॥ ઘસું લેખિની કાં ફરી ॥ ૨૦ ॥

**ગ્રંથનો અંતિમ ભાગ લખી નાખતાં (સં. ૧૯૮૮ ના આશ્વિન વદ, ૧૨ (ગુરુદ્વાદશી) પૂજ્ય મહારાજશ્રીએ ઉપર પ્રમાણે લખી નાંખેલું.**

આજ એ વાતને પાંચ છ વર્ષ થઇ ગયાં. એમના પુણ્ય સંકલ્પ પ્રમાણે **દત્તધૂન,** ઘણાં ગામોમાં ગુંજી રહી છે, અને ગુજરાતના લોક ધીમેધીમે દત્તઉપાસના તરફ વળવા લાગ્યા છે. **લીલામૃત**ના બે ભાગ ગુજરાતના દત્તઉપાસકોમાં અને અન્ય ધાર્મિકજનોમાં પણ ધાર્યા કરતાં વધારે સારો આદર પામતા જાય છે, અને તેથી જ આ તૃતીય ભાગ પ્રકાશિત કરવાનું આટલી ત્વરાથી બની શકયું છે. અમે પ્રથમ ભાગના નિવેદનમાં લખેલું જ કે **પૂ. મહારાજશ્રી**ની અવધૂતી મર્યાદાઓનું પાલન કરીને આવડો મોટો અને લોકોને નવીજ દિશા બતાવતો ગ્રંથ આટલો જલદીથી બહાર પડશે કે કેમ અને લોક એનો કેટલો આદર કરશે તેની અમને એક પ્રકારની ગૂંચવણ જ હતી. પણ આજે સત્ય સંકલ્પનો દાતા **શ્રીહરિ** એ ગૂંચવણમાંથી અમને કેટલી ત્વરાએ અને અજબ રીતે મુક્ત કરે છે તેનો વિચાર કરતાં લેખિની હાથમાં જ રહી જાય છે : અને **'દેવનું કાર્ય દેવ કરશે'** એ પૂજ્ય **મહારાજશ્રી**ના શબ્દો યાદ આવી કર્તવ્યનું અભિમાન ગળી જાય છે. ગુજરાત આ કૃતિનો સારો લાભ ઉઠાવે એવી આશા છે.

આખા ગ્રંથનો પારાયણ, સપ્તાહવિધિ વગેરે ગ્રંથને અંતે અંતિમ અધ્યાયમાં આપેલાં જ છે. પણ આ ભાગ અન્ય ખંડોની માફક સ્વતઃપૂર્ણ હોવાથી એનું પણ ખંડપારાયણ થઇ શકે તેમ છે, એટલે પૂજ્ય **મહારાજશ્રીની** સૂચનાથી તેનો ક્રમ નીચે પ્રમાણે આપ્યો છેઃ

પ્રથમ ખંડના નિવેદનમાં બતાવેલા સામાન્ય નિયમોનું યથાર્થ પાલન કરી

પહેલે દિવસે : અધ્યાય ૧૦૬ થી ૧૧૨, બીજે દિવસે : ૧૧૩ થી ૧૧૯, ત્રીજે દિવસે : ૧૨૦ થી ૧૨૫, ચોથે દિવસે : ૧૨૬ થી ૧૩૧, પાંચમે દિવસે : ૧૩૨ થી ૧૩૭, છઠ્ઠે દિવસે : ૧૩૮ થી ૧૪૪, ને સાતમે દિવસે : ૧૪૫ થી ૧૪૮ એ પ્રમાણે અધ્યાય વાંચવા અને પછી આઠમે દિવસે વિસર્જન પૂજનાદિ કરી બ્રાહ્મણસુવાસિનીને ભોજનાદિ આપી પારણાં કરવાં.

વળી પૂજ્ય **મહારાજશ્રી**એ આખા ગ્રંથનું **વિશેષ ખંડ** પારાયણ પણ સૂચવ્યું છે. માર્ગશીર્ષ પૂર્ણિમા (પ્રદોષ વ્યાપિની) એ મુખ્ય **દત્તજયંતી** હોય છે; એટલે તે અરસામાં મુમુક્ષુએ યથાકથિત નિયમોનું પાલન કરી બને તો ફલાહાર પર રહી પ્રથમ ભાગનું પારાયણ કરવું; આશ્વિન કૃષ્ણ દ્વાદશી **(ગુરુદ્વાદશી)** એ દત્તાવતાર **શ્રી પાદવલ્લભ**નો અને માઘ વદ પ્રતિપદા **(ગુરુપ્રતિપ્રદા)** એ દત્તાવતાર શ્રી **નૃસિંહસરસ્વતી**નો નિર્યાણોત્સવ હોય છે; એટલે તે અરસામાં બીજા ભાગનું પારાયણ કરવું. અને શ્રાવણ વદ પાંચમી (પ્રદોષવ્યાપિની) એ દત્તાંશાવતાર શ્રી **વાસુદેવાનંદસરસ્વતી**નો જયંતીઉત્સવ તથા અષાઢ સુદ પ્રતિપદાએ પુણ્યતિથિ (નિર્વાણદિન) ઉત્સવ હોય છે; એટલે તે અરસામાં ત્રીજા ભાગનું પારાયણ કરવું.

ગુજરાતના સશ્રદ્ધ જનો એ પ્રમાણે અનુષ્ઠાનાદિ કરી આત્મકલ્યાણ સાધી લે.

**વાસુદેવાનંદજયંતી,** શ્રા. વદ ૫. વિ. સં. ૧૯૯૪

## (ચોથી આવૃત્તિનું)

**શ્રી ગુરુલીલામૃત** (જ્ઞાન, કર્મ, ઉપાસના) એ દત્તઉપાસકો માટેનું આ યુગનું **ભાગવત** છે. નારેશ્વરનિવાસી સંતરાજ પૂજ્યશ્રી, **રંગ અવધૂત મહારાજશ્રીની** ૬૦ મી જન્મજયંતીના મહોત્સવ પ્રસંગે નારેશ્વરમાં આ ગ્રંથનાં અષ્ટોત્તરશત પારાયણ યોજાયેલાં તેમાં કેવળ નિષ્કામ ભાવનાથી પ્રેરાઇ આત્મકલ્યાણની સાથે લોકહિતની સાધના અર્થે સારા સારા સુશિક્ષિત વકીલો, ડૉક્ટરો, વૈદ્યો, પ્રોફેસરો, શિક્ષકો, શાસ્ત્રીઓ, પંડિતો વગેરે શ્રદ્ધાભક્તિથી ઉભરાતા હૈયે ભાગ લેવા ભાગ્યશાળી બનેલા. તેમાં એક મુંબઈથી આવેલ પ્રોફેસર સાહેબ તો લીડ્ઝ યુનિવર્સિટીના એમ. એડ્. ની ઉપાધિયુક્ત હતા.

કોઇ કોઇએ તો બૃહદ્ વરદ ગ્રંથની સ્વહસ્તે નકલ કરવાનું તપ કર્યાનું પણ જાણ્યામાં છે. કંઇક ભક્તોએ એનાં અષ્ટોત્તરશત પારાયણો કર્યાની હકીકત પણ કાન પર આવી છે અને એનાં સપ્તાહ પ્રવચનો તો હવે અવારનવાર ઠેકઠેકાણે યોજાયા કરતાં હોય છે.

**પારાયણથી આર્તનાં થાય દૂર સહુ દુઃખ; લભે સ્વાર્થ અર્થાર્થી ને પામે સઘળું સુખ.**
**જિજ્ઞાસુ ભક્તને સદા જ્ઞાન પ્રાપ્તત્યર્થ તેમ, કરતાં પારાયણ સહુ તૂટે ભવબંધ એમ.**
**લોકહિતાર્થે જ્ઞાનીએ કરવું પારાયણ;**
**કહે રંગ : શંકા રખે કરતા કોઇ આંહ્ય, ગુરુલીલામૃત આ નકી ચિંતામણિ જગમાંહ્ય.**

ઉપર બતાવેલી ફલશ્રુતિના અમર કોલનો અનુભવ આ ઔપાસનિક ધર્મગ્રંથનું સશ્રદ્ધ પાઠ પારાયણ કરનારને આવ્યાજ કરતો હોય છે. હૃદયગ્રંથીઓમાંથી મુકત કરનાર આ 'નિર્ગ્રંથ' ગ્રંથની લોકહૃદય પરની પકડ તીવ્રતર બનતી જાય છે.

## (બીજી આવૃત્તિનું)

શ્રી **ગુરુલીલામૃત**નાં પાઠ પારાયણો એક વરદ ગ્રંથ તરીકે થાય છે. સમૂહ પારાયણયજ્ઞો પણ ગોઠવાય છે. વિસનગરના સુપ્રતિષ્ઠિત ડૉ. રતિલાલ કંસારાએ સમગ્ર ગ્રંથના ૧૦૮ સપ્તાહ પારાયણો તિતિક્ષાપૂર્વક યથાનિયમ કર્યા; અને **શ્રીરામજી**ની પ્રેરણાથી વડોદરામાં મહંતશ્રી **નારાયણદાસજી ગુરુરામદાસજી** રામગલોલાવાળા તરફથી ૧૦૮ સપ્તાહ પારાયણનો મહાયજ્ઞ યોજાયો છે એ જાણીને કયા દત્તપ્રેમીનું ભક્ત હૈયું હર્ષોદ્રેકથી નહિ ઉભરાય ?

# નિવેદન

## (ચૌદમી આવૃત્તિનું)

શ્રી ગુરુલીલામૃત વરદ ગ્રંથની આ આવૃત્તિ સમયે તેને લખાયાને ૭૫ વર્ષ પૂર્ણ થઈ તેનો અમૃત મહોત્સવ ગુજરાતમાં અને અન્ય સ્થળે દબદબાભેર ઉજવાઈ રહ્યો છે. ઠેર ઠેર પૂ.શ્રી.ના હસ્તાક્ષર ગ્રંથના સાન્નિધ્યમાં સામૂહિક પારાયણો યોજાઈ રહ્યાં છે. જેનો આંકડો દિવાળી ઉપર ૭૫૦૦ ની આસપાસ પહોંચશે એ અત્યંત આનંદની અને રોમાંચક ઘટના છે. કોઈ પણ વરદ ગ્રંથ તેના લેખકની હયાતિમાંજ આટલો પ્રસિદ્ધ થયો હોય તેવું જાણમાં નથી પૂ.શ્રી ના બ્રહ્મલીન થયા પછી પણ એ ગ્રંથની માગ એટલી જ નહીં, એથી ય વધુ રહી છે.

આજે આ નવી આવૃત્તિ બહાર પાડતી વખતે ન છૂટકે એની કિંમતમાં વધારો કરવાનો નિર્ણય લેવો પડ્યો છે. શ્રી ગુરુલીલામૃત ગ્રંથ આમ પણ ટ્રસ્ટને તો મોંઘો પડતો જ રહ્યો છે. પણ પૂ.શ્રી ના જન્મ શતાબ્દિ વર્ષથી જે કિંમત રાખેલી તેજ રાખીને આ ગ્રંથ પરિવારને કેમ સસ્તો પડે તે વિચારી કિંમતમાં વધારો કરતા ન હતા. પણ હવે કાગળની મોંઘવારીએ માઝા મૂકી છે તેથી કચવાતે દિલે કિંમતમાં વધારો કર્યો છે જે પરિવારના સદસ્યો સમજણપૂર્વક દરગુજર કરશે એવી આશા વધુ પડતી નથી.

આ વખતે ફરીથી પ્રુફો જોઈ ભૂલો સુધારી લેવાઈ છે. એમા ડૉ. દેવદત્ત જોષી, શ્રી નવનીતભાઈ પાઠક, શ્રી શૈલેષભાઈ પાઠક આદિની મદદ મળી છે. તે તે સદ્‌ભક્તોના આભાર સહ વાચકોને નિવેદન કે એમાં રહી ગયેલા મુદ્રણદોષો તરફ અમારૂં ધ્યાન દોરશો જેથી બીલકુલ શુદ્ધ રીતે ગ્રંથ છપાયા કરે.

આ વખતે પણ નારાયણ મુદ્રણાલયના મેનેજર શ્રી નિરંજન મો. પાઠક તથા અન્યનો કાગળ આદિ વ્યાજબી કિંમતે પ્રાપ્ત કરવામાં સહકાર રહ્યો છે તથા પ્રેસમાં તેને પહોંચતો કરવો, કોમ્પ્યુટર પર ભૂલો જોઈ લેવી વગેરે સેવા પણ તેમણે કરી છે તે તેમની ગુરુભક્તિને વંદન જ ઘટે !

ગ્રામોદ્ધાર મુદ્રણાલય, વલ્લભવિદ્યાનગરમાં આ બધું છપાતું હતું પણ નારેશ્વર - વડોદરાથી ત્યાં દોડવું કઠીન હોવાથી આ વર્ષે વડોદરા શ્રી રંગ ઓફસેટ સીસ્ટમમાં તે છાપવાનું નક્કી થતાં મૂળ ગ્રંથની સી.ડી. આપવા બદલ ગ્રામોદ્ધાર પ્રેસના મેનેજર શ્રી સરૈયાજીનો આભાર માનીએ છીએ. અને શ્રી રંગ ઓફસેટ પ્રેસના માલિક શ્રી રમેશભાઈ પવાર તથા તેમના આ કામના નિષ્ણાત સુપુત્ર શ્રી જીતુભાઈનો પણ આભાર માનીએ છીએ. તેમણે સમયસર કાર્ય કરવાનું બીડું ઝડપ્યું એજ મોટી વાત છે.

પૂ. શ્રી ગુરુ મહારાજશ્રીના ચરણોમાં અનેકાનેક પ્રણામ સહ જેતે દાતાઓનો ઋણ સ્વીકાર કરી નિવેદનને પૂર્ણ કરીએ.

## દાતાઓની યાદી

સર્વશ્રી

| | | | |
|---|---|---|---|
| ૧ | ઇન્દુબેન ડી.જોષી | વડોદરા | ૫૦૧/- |
| ૨ | ચંપકલાલ ઠાકોરલાલ મીઠાઇવાળા, | સૂરત | ૫૦૧/- |
| ૩ | દેવેન્દ્રકુમાર રમણલાલ, | ઉમરેઠ | ૧૦૦૧/- |
| ૪ | ઓમ શેઠ, | ભરૂચ | ૩૦૦૦/- |
| ૫ | સુખાભાઇ નારણભાઇ પટેલ, | સીગોદ | ૫૦૦૦/- |
| ૬ | રમણભાઇ સુખાભાઇ પટેલ, | સીગોદ | ૫૦૦૦/- |
| ૭ | હેમલતાબેન સુખાભાઇ પટેલ, | સીગોદ | ૫૦૦૦/- |
| ૮ | ગૌતમભાઇ કૃષ્ણકાન્તભાઇ ભટ્ટ, | અમેરીકા | ૫૦૦૦/- |
| ૯ | સ્વ.શંકરલાલ ઇચ્છાશંકર ભટ્ટ હસ્તે ભગવત પ્રસાદ શં.ભટ્ટ | અમદાવાદ | ૫૦૦૧/ |
| ૧૦ | કિરીટ એલ.શેઠ | અમદાવાદ | ૧૦૦૧/- |
| ૧૧ | વિપુલકુમાર ગોરધનદાસ રાવલ, | વિજાપુર | ૧૧૧૧/- |
| ૧૨ | નિરંજનભાઇ મહેતા, | ગાંધીનગર | ૧૦૦૫/- |
| ૧૩ | અક્ષયભાઇ શિ.દવે, | અમેરીકા | ૫૦૦૧/- |
| ૧૪ | સ્વ.હિરાલક્ષ્મી ભાનુ પ્રસાદ હસ્તે ઉર્વશી વિનોદચંદ્ર વ્યાસ, | આણંદ | ૧૦૦૦/- |
| ૧૫ | શાન્તાબેન નારણભાઇ પટેલ, | નારેશ્વર (અમેરિકા) | ૨૫૦૦/- |
| ૧૬ | શ્રી અવધૂત પરિવાર, હસ્તે લલીતાબેન પઢિયાર | લંડન | ૧૦,૦૦૦/- |
| ૧૭ | એક શ્રી રંગ ભક્ત તરફથી | | ૨૨,૯૩૯/- |

**- પ્રકાશક**

# વિષયપ્રવેશ


અધ્યાય

૧૦૬ ઠો :- મંગલસ્તવન; કોંકણના માણગાંવની શોભાનું વર્ણન; ગણેશ ભટ્ટ અને રમાબાઇનો પરિચય; દત્તના અંશાવતાર વાસુદેવનો જન્મ; બાલ્યકાળથી જ કુશાગ્ર બુદ્ધિના પરચા. પૃષ્ઠ ૧ થી ૪

૧૦૭ મો :- વિપ્રાતિથ્યે તત્પરતા; મંત્રવિદ્યાના સફળ પ્રયોગો; નાનપણથી જ 'શાસ્ત્રીબુવા' ના નામે પ્રસિદ્ધિ; અતિ સંયમી જીવન; નરસોબાની વાડીમાં ગમન. ૪ થી ૭

૧૦૮ મો :- અવિદ્યાવર્ણન; નારાયણનું ઉપાખ્યાન- મૃત વિપ્રપુત્રને જીવનપ્રદાન વગેરે ૭ થી ૧૦

૧૦૯ મો :- ગોવિંદસ્વામી સાથે મૈત્રી; **શ્રી**ને પરોક્ષ દત્તદર્શન; પુનર્દર્શન ને મંત્રોપદેશ, સાધના અનુષ્ઠાન વગેરે; શુદ્ધ ઉપાસનાનો પ્રચાર; પ્રાણાયામસિદ્ધિ ૧૦ થી ૧૩

૧૧૦ મો :- દત્તાજ્ઞાનુસાર જ જીવનક્રમ; આજરેંકરબુવા ને પાડગાંવમાં દત્તમૂર્તિની પ્રાણ-પ્રતિષ્ઠાનો મહોત્સવ; જાગીરદારનો પ્રત્યક્ષ વિરોધ અને તેને લીધે તેની કરુણ દુર્દશા. ૧૩ થી ૧૭

૧૧૧ મો :- દેવપ્રસાદના અસ્વીકારનું ફળ; હઠાગ્રહથી **શ્રી** સાથે જનાર સપ્તે પર સંકટ; પરંપરાથી પૂજાતા ફણસને છેદાવનાર દિવાકરની દુર્દશા, વૃક્ષમાં દેવત્વનો સાક્ષાત્કાર. ૧૭ થી ૨૦

૧૧૨ મો :- મંત્રાનુષ્ઠાનપ્રભાવ- ભોળા બ્રાહ્મણની કહાણી; જ્યોતિષનો પરચો; રાજકન્યાની પિશાચપીડામાંથી મુક્તિ; અનુષ્ઠાનરહસ્ય સમજાવતું એક ક્ષયીનું વધુ દૃષ્ટાંત. ૨૦ થી ૨૨

૧૧૩ મો :- સંકલ્પદાન નિષિદ્ધ શાને ? અન્નપૂર્ણાબાઇનું પાણિ-ગ્રહણ; આદર્શદંપતીજીવન; ગૃહસ્થાશ્રમમાંએ ત્યાગનો આદર્શ; માણગાંવમાં દત્તમંદિર; પિશાચનો પહેરો. ૨૨ થી ૨૬

૧૧૪ મો :- નિષ્ઠાનુસાર ફલપ્રાપ્તિ; **શ્રી**ની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર વિસોબા તથા રોગમુક્ત થએલા ગલત્કુષ્ઠીનું મૃત્યુઃ બાધામાં વિલંબ થવાથી વિડંબના; જપ-વિધાનથી કલેશનિવૃત્તિ ૨૬ થી ૩૦

૧૧૫ મો :- નિર્દોષ વિપ્રની ખૂનના આરોપમાંથી મુક્તિ; જનમમૂગાને ફૂટેલી વાણી; સંર્પદંશથી મૃત થએલાને પુનર્જીવનપ્રાપ્તિ; ગલત્કુષ્ઠીનું દુઃખ-નિવારણ; (બ્રહ્મ) જ્ઞાનપ્રાપ્તિમાં યોગાભ્યાસની અનિવાર્યતાનું પ્રતિપાદન; આબાશાસ્ત્રીનું દર્પદલન ૩૦ થી ૩૩

૧૧૬ મો :- સગુણોપાસનારહસ્યનિરૂપણ; 'યથાદેહે તથા દેવે'નું સ્પષ્ટીકરણ; **શ્રી**ને સર્પદંશ, વૃશ્ચિકદંશ; નિત્યક્રમમાં પ્રમાદની અક્ષમ્યતા; કર્માધિકારનિરૂપણ. ૩૩ થી ૩૬

અધ્યાય

૧૧૭ મો :- કૃપાકટાક્ષે મૃતપુત્રને જીવનદાન. ૩૬ થી ૩૮

૧૧૮ મો :- પુરુષાર્થનૈષ્ફલ્યવાદનું ખંડન-સોહિરોબાનું ઉપાખ્યાન. ૩૮ થી ૪૦

૧૧૯ મો :- માતાને બોધ; તીર્થયાત્રાર્થે પ્રયાણ; સાવંતવાડી ને વાડીમાં મુકામ. ૪૦ થી ૪૩

૧૨૦ થી ૧૨૨ મો :- પુત્રશોક નિવારવા પત્નીને બોધ; ગુરુ અને બ્રાહ્મણકન્યાનો સંવાદ; પ્રસાદનિમિત્તે પંઢરીનાથની **શ્રી** સાથે ગમ્મત. ૪૩ થી ૫૫

૧૨૩ મો :- વિવાહમાં કુલાકુલવિચારની આવશ્કયતા; બ્રાહ્મણ-કન્યાની કપટવેષી ભંગીએ કરેલી દુર્દશા; કન્યાનું દેહાન્તપ્રાયશ્ચિત ને મુક્તિ; અન્નપૂર્ણામાતાનો દેહોત્સર્ગ ને **શ્રી**નું સંન્યાસગ્રહણ. ૫૬ થી ૫૯

૧૨૪ મો :- સત્તામત્ત પોલીસોએ **શ્રી** ને કરેલી કનડગત; **શ્રી**ની ક્ષમાવૃત્તિની પરાકાષ્ઠા; ઉજ્જૈનમાં નારાયણસ્વામી પાસે દંડગ્રહણ. ૫૯ થી ૬૧

૧૨૫ મો :- **શ્રી**ની કડકાઇથી કલ્યાણવાંચ્છુ નાસ્તિક કેશવરામનું આસ્તિક બનવું. અતિથિઅભ્યાગતના તિરસ્કારનું વિષમ પરિણામ, પિછોરાના ભાસ્કરની રોગમુક્તિ, જિંદની પીડામાંથી બ્રાહ્મણ સ્ત્રીની મુક્તિ, **શ્રી**એ કરાવી આપેલો મસીદનો જીર્ણોદ્ધાર. ૬૧ થી ૬૪

૧૨૬ મો :- ભિલ્લરૂપ શ્રીદત્ત **શ્રી**ના ભોમિયા, જાલવણમાં લોકને ઋષિછંદાદિકનું શિક્ષણ, સત્પુરુષરચિત પ્રાકૃત ગ્રંથોની મહત્તા-સંસ્કૃતાભિમાની શાસ્ત્રીનો દાખલો, મરણોન્મુખ બળવંતની **શ્રી**એ કરેલી સેવાશુશ્રૂષા. ૬૪ થી ૬૭

૧૨૭ મો :- ભ્રષ્ટ પતિ પ્રત્યે પ્રતિવ્રતાનો ધર્મ, દેવું ન આપનારની પિશાચાદિથી થતી દુર્દશા, અજ્ઞાની રોગીની ભૂલથી **શ્રી**ને થએલો વિસ્ફોટક, ગંગાસ્તવન, ક્ષુધાર્તને પાછો ઠેલવાથી ગામ પર આફત, નર્મદાતટાગમન, નર્મદા-સ્નાનથી વિસ્ફોટનિવારણ, નર્મદાજીનું પૂજન, આરતી. ૬૭ થી ૭૦

૧૨૮ મો :- કુમારિકારૂપે નર્મદાએ મટાડેલી **શ્રી**ની ચસક, બ્રહ્માણીમાંથી ભિક્ષા વગર નિર્ગમન, નર્મદાની આજ્ઞાથી નિમાવરમાં મુકામ, ધાવિડીકુંડમાંથી બાણ લેતાં ભિલ્લરૂપે **શ્રી**ને શંકરનું દર્શન, ચિખલદામાં દત્તમૂર્તિનો ચમત્કાર, ગુજરાતનો પ્રવાસ, નાગપંચમીનું વ્રત કરાવી મણિશંકરને પુત્રપ્રદાન, ગાંડા મહારાજને યોગદીક્ષા, દ્વારકામાં ચાતુર્માસ્ય. ૭૦ થી ૭૪

૧૨૯ મો :- માતૃગયા- સિદ્ધપુરની ઉત્પત્તિ તથા માહાત્મ્ય, કર્ણાટકવાસી બ્રહ્મચારીને **શ્રી**એ આપેલી ક્રમમુક્તિ. ૭૪ થી ૭૮

૧૩૦ મો :- ડાકોરમાં **શ્રી**નું આગમન, ભકત બોડાણાનું આખ્યાન ને ડાકોરમાહાત્મ્ય. ૭૮ થી ૮૨

**અધ્યાય**

૧૩૧ મો :- ગાંડામહારાજનો ખેચરીમુદ્રાનો અભ્યાસ, આપ્પાને ક્રમમુક્તિ, અન્નશુદ્ધિના વિચારની આવશ્યકતા વ્યંકટનું દૃષ્ટાંત, સાધુશાપ તથા કુટુંબકલેશથી સુબેદારની દુર્દશા, દૃઢ વૈરાગ્ય અને જ્ઞાન વિના-ઇંદ્રિય નિગ્રહની અશકયતા-વિષ્ણુબુવાનું ઉદાહરણ, બ્રહ્માવર્તથી વાડીમાં આગમન, **શ્રી**એ આપેલા દત્તપૂજાના નિયમોના તિરસ્કારથી બંડુ વગેરે પર વિપત્તિ; ભક્તિપ્રવણ નારાયણદીક્ષિત- **શ્રી** નૃસિંહસરસ્વતીને દંડપ્રદાન ને એમનો ઉદ્ધાર. ૮૨ થી ૮૬

૧૩૨ મો :- **શ્રી**ના કૃપાપ્રસાદથી ૪૫ મે વર્ષે વંધ્ય શૂદ્ર સ્ત્રીને સંતતિની પ્રાપ્તિઃ દેવસેવાના નિયમોના ઉલ્લંઘનથી દત્તમૂર્તિનું પાલખીમાંથી નીચે પડી જવું; કરુણા-ત્રિપદી, નરસીગામમાં બાળદત્ત સાથે લીલા; કુશોબાની રોગમુક્તિ. ૮૬ થી ૯૦

૧૩૩ મો :- કાશીમાં તારકમઠમાં આગમન, બડવાયામાં ચાતુર્માસ્ય, ઘેર પહોંચતાં સુધી નાના શાસ્ત્રીનું મોત ખાળવું, વાડીમાં **શ્રી**નું ત્રણ ઠેકાણે એક સાથે દર્શન, આગવા ડહાપણને લીધે રામાસોનભટ્ટને દેવે કરેલી શિક્ષા, શ્રીનું પૂજન, સ્તવન, આરતી, અતિ તપ્તોદકથી દત્તપાદુકાનું સ્નાન ને **શ્રી**ને મૂત્રદ્વારથી લોહી પડવું. ૯૦ થી ૯૩

૧૩૪ મો :- વૈજનાથનું ઉપાખ્યાન, બત્રીસ રૂપિયા માટે ભૂત થએલાની નારાયણબલિ કરાવી, **શ્રી**એ કરેલી સદ્‌ગતિ. ૯૩ થી ૯૭

૧૩૫ મો :- સમાધિસ્થ થયાની જૂઠી ગપથી ભક્તમંડળીની ચિંતા, સંધ્યામંડપમાં ચાતુર્માસ્ય ને ગુરુચરિત્રની ચૂર્ણિકા સાથે સમશ્લોકાત્મક સંસ્કૃતમાં રચના, શૃંગેરીપીઠના શંકરાચાર્ય સાથે **શ્રી**નું મિલન. ૯૭ થી ૧૦૦

૧૩૬ મો :- સદાશિવેન્દ્રસ્વામીનું અદ્‌ભુત ચરિત્ર, કૃષ્ણાસ્તવન. કૃષ્ણાના દૃષ્ટાંતથી ચામરતીમાં **શ્રી**નું સન્માન. ૧૦૦ થી ૧૦૩

૧૩૭ મો :- શ્રીપાદશાસ્ત્રીને મનુષ્યયોનિ સાથે પિશાચયોનિના સંબંધનો સ્વાનુભવ, અનન્ય શ્રદ્ધાનું અલૌકિક ફળ, ભિલ્લવાડીમાં પરણેલી ત્યકતાનું દૃષ્ટાંત. ૧૦૩ થી ૧૦૬

૧૩૮ મો :- મંથનકાળેશ્વરમાંથી નિર્ગમન કરતા પહેલાં લીલા, સકામ અનુષ્ઠાનના રહસ્યનું સ્પષ્ટીકરણ-ભૈરવપ્રસાદનું દૃષ્ટાંત, **શ્રી**ના સંસ્કૃત ગુરુચરિત્રનો સ્વાહાકાર કરવાનો નારાયણને દેવદૃષ્ટાંત. ૧૦૬ થી ૧૦૯

૧૩૯ મો :- ઉનકદેવતીર્થમાહાત્મ્ય, **શ્રી**ની આજ્ઞાના ઉલ્લંઘનથી આબાનું મૃત્યુ, **શ્રી**ની સુધાદૃષ્ટિથી આબાને પુનર્જીવનપ્રાપ્તિ, અંબરીષની રાજધાની બારસીનું માહાત્મ્ય. ૧૦૯ થી ૧૧૦

૧૪૦ મો :- પંઢરીમાહાત્મ્યવર્ણન, પુંડલીકનું આખ્યાન, માતૃપિતૃ-ભક્ત કુક્કુટનું ઉપાખ્યાન. ૧૧૧ થી ૧૧૩

૧૪૧ મો :- દેવાજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી શિંદે પર વિપત્તિનાં વાદળ, કૃતાપરાધ માટે ક્ષમાયાચના ને સર્વ સંકટમાંથી મુક્તિ. ૧૧૪ થી ૧૧૬

**અધ્યાય**

૧૪૨ મો :- પુત્રી- ગોદાવરીનું ગુરુકૃપાથી શસ્ત્રક્રિયાના નિમિત્તથી પુત્ર-ગોવિંદ થવું, મધ્વવિપ્રનું પંથાભિમાનાહરણ, વૃશ્ચિકદંશનિમિત્તે કરેલી લીલા, શાંતિસ્તોત્ર, સશ્રદ્ધ અનુષ્ઠાનથી ફાટકની ગલત્કુષ્ઠમાંથી મુક્તિ; પિશાચપીડિતમધ્વસંપ્રદાયી બાઇની રોગમુક્તિ. ૧૧૬ થી ૧૧૯

૧૪૩ મો :- ગાંડામહારાજના જીવન પર માતાના વ્રતની અસર, આત્મકલ્યાણાર્થે વ્રતોદ્યાપનની આજ્ઞા, લિંગાયતસ્ત્રીની દત્તપ્રદક્ષિણાથી રોગમુક્તિ, દ્વૈતી દ્વિજનો તૃષાર્ત **શ્રી**ને છાશ પણ ન આપવા સુધીનો મતદુરાગ્રહ, દેવાજ્ઞાથી કુરવપુરમાં ચાતુર્માસ્ય, તુળજારામે રાખેલી બેનમૂન વ્યવસ્થા, પત્ની તથા પુત્રવધૂની પિશાચમુક્તિ, બાપુ ગોસાવીનું દૃષ્ટાંત ને દાસોપંતનું મહત્ત્વ, **શ્રી**ને કાકપક્ષીનો ચંચુપ્રહાર. ૧૧૯ થી ૧૨૨

૧૪૪ મો :- પાથરીના બાળેરાવના ખેતરમાં પીરનો ઉપદ્રવ ને **શ્રી**એ તેમાંથી કરાવેલી મુક્તતા, શામરાવ ચૌધરીને ત્યાં મૃતકન્યાને જીવનપ્રદાન, આપ્પા ને અણ્ણાને લીમડા નીચે અરણનો **શ્રી**એ આપેલો પાઠ, એનાથી લીમડામાં આવેલું દૈવત, મંજરથમાં વિપ્રસ્ત્રીના સર્પ-વિષનું નિવારણ ૧૨૨ થી ૧૨૫

૧૪૫ મો :- પૈઠણમાં એકનાથના મંદિરમાં મૂર્તિસ્થાપનાનું વિઘ્ન નિવારણ, ઘૃષ્ણેશ્વરનું જ્યોતિર્લિંગ, લોકોપાધિ ટાળવા ગાંડામહારાજને ભરૂચ જવાની આજ્ઞા, જિંતુરના અગ્નિહોત્રીને ગાયત્રીપુરશ્ચરણ કરવાની આજ્ઞા, ટાકળીના દાજીમહારાજનો વ્યાધિ હરી લઇ જિંતુર જવાની પ્રેરણા; **શ્રી**નું દેવસ્થાપનાના સ્થાન પર દાજી મહારાજને દર્શન, ગરુડેશ્વરમાં આગમન. ૧૨૫ થી ૧૨૯

૧૪૬ મો :- ગરુડેશ્વર ને કરોટેશ્વરનું માહાત્મ્યવર્ણન, નારદેશ્વરનો મહિમા, બ્રહ્માનંદતીર્થ તથા બ્રહ્માનંદસરસ્વતીનો ટૂંક પરિચય, પારસીને જિંદના ત્રાસમાંથી સદાની મુક્તિ, દેવસ્થાનમાં પાળવી જોઇતી કડક પવિત્રતા-એક સ્ત્રીનો દાખલો, દત્તમૂર્તિની પ્રતિષ્ઠા ને પૂજોપચારક્રમ, **શ્રી**ની એકાએક અસ્વસ્થ પ્રકૃતિ ને ગાંડાબુવાને બોલાવવા. ૧૨૯ થી ૧૩૪

૧૪૭ મો :- દત્તદૃષ્ટાંતથી મંદિર બાંધવાની યોજના, દેહસંબંધી વાત કરવાની સૌને મનાઇ, પ્રકૃતિ અસ્વસ્થ હોવા છતાં ગાંડાબુવાને ભરૂચ પાછા જવાની આજ્ઞા. ગાંડાબુવાની આર્તપ્રાર્થના, મસ્તક પર વરદ અભય હસ્ત ને પ્રસાદ મળતાં, ગાંડાબુવાનું ગમન, **શ્રી**હસ્તે મંદિરનું ખાતમુહૂર્ત, **શ્રી**ની લીલાસમાપ્તિ, ગરુડેશ્વરનું સ્થાનમાહાત્મ્યવર્ણન. ૧૩૪ થી ૧૩૮

૧૪૮ મો :- બ્રહ્માનંદાપ્લુત નિરંજનને અલખ ગુરુએ લોક-કલ્યાણાર્થે જગાડવો, ત્રણેય ખંડના દરેક અધ્યાયનું સારરૂપ પુનરાવર્તન, પારાયણવિધિ ને ફલશ્રુતિ, ગ્રંથસમાપ્તિ. ૧૩૮ થી ૧૪૫.

ॐ



કરે નિજ દાન જો સોઈ, દિગંબર હો તો ઐસા હો !
ત્રિમૂર્તિ દત્ત હર વોહી, દિગંબર હો તો ઐસા હો ! ધ્રુ૦

જટા સિર કાંધે પે ઝોળી, વિભૂતિ અંગ પે ચોળી;
પિછાડી સંત જન ટોળી, દિગંબર૦ ૧

ગલે રુદ્રાક્ષકી માલા, ફિરે અલમસ્ત મુનિબાલા;
કભી જડ મૂઢ મતવાલા, દિગંબર૦ ૨

શ્રુતિ બન શ્વાન પદ ચાટે, દરસ મૃત્યુ જનમ કાટે;
મિલ્યા ગો-પાલ વનવાટે, દિગંબર૦ ૩

બજે કર શંખ ૐકારા, ડમરુ તત્ત્વમસિ ધારા;
કમંડળ માળ ભવપારા, દિગંબર૦ ૪

ધર્યો સંયમ-લંગોટ, નિરાશી એહ અવધૂત;
બિના યહ 'રંગ' સબ ઝૂઠ, દિગંબર૦ ૫

- રંગ અવધૂત

ॐ

॥ श्रीदत्तः प्रसन्नोऽस्त ॥




# શ્રીગુરુલીલામૃત

## અધ્યાય ૧૦૬

અખંડમંડલાકાર વ્યાપ્યું જેણે ચરાચર ।
બતાડ્યું તત્પદ જેણે નમું તે ગુરુદેવને ॥

વંદું ગણપતિ શારદા, શ્રીગુરુ યતિવર તેહ;
યત્સ્મરણે ક્ષણ ના રહે વિઘ્નભ્રમસંદેહ. ૧

કૃષ્ણ કૃષ્ણ કરતાં થઇ ગોપી કૃષ્ણસ્વરૂપ;
ગુરુ ગુરુ કરતાં શિષ્યનું રહે ન પૂર્વસ્વરૂપ ! ૨

વદું વદાવે જેમ તું, ગાઉં ગવાડે તેમ;
કાષ્ઠનર્તકી હું વિભો, સૂત્રધાર તું એમ !! ૩

તવ કૃપા વિણ પાંગળી વાણી મારી જાણ;
બુદ્ધિ આંધળી, દેવ હે ! સૂઝે કાંઇ ન માન. ૪

થાય કૃપા જો તાહરી, વદે મૂક પણ વેદ;
આવી શરણે તાહરે, કરૂં વ્યર્થ કાં ખેદ ? ૫

ગાવા ત્વલ્લીલા કરી હોડ બાલવત્ જાણ;
આપ સ્ફૂર્તિ નવનવી સંહારી અજ્ઞાન. ૬

તું હીણો હું રંક છું, લજ્જા તારે હાથ;
વદાવ આગળ ત્વત્કથા, કર કરુણા ગુરુનાથ ! ૭

સૂણી પ્રાર્થના એહવી, દ્રવ્યા શ્રીગુરુ ત્યાંય;
આવી સ્ફૂર્તિ અંતરે, સ્વાભાવિક મુખ ગાયઃ- ૮

ગતાધ્યાયમાં અલખ એ આવી દેહ પર તેમ,
ખોલે દૃષ્ટિ ત્યાં વદે શિષ્ય નિરંજન એમ ૯

જોડી કરદ્વય ભાવથી કરી દંડવત્ ત્યાંયઃ-
સૂણી કથા પણ અલખ હે ! ચિત્ત હજી ન ધરાય. ૧૦

થાય અભાવ ન સ્વપ્નમાં અમૃતનો કદિ જાણ;
ગુરુલીલામૃતપાનથી વધે પિપાસા માન. ૧૧

વક્તા ત્વત્સમ અન્ય ના મળે ત્રિભુવને એમ,
કરી કૃપા આગળ કહે શ્રીગુરુલીલા તેમ. ૧૨

થયો અન્ય અવતાર ક્યાં ? શી શી લીલા ત્યાંય
કરી ગુરુવરે ? સર્વ એ કહે સવિસ્તર આંહ્ય. ૧૩

આપું તુજને શ્રમ બહુ, લઉં સમય તુજ તેમ;
જાણું સર્વ યથાર્થ એ, તોએ યાચું એમ ! ૧૪

એમ કહી વંદન કરે, ગ્રહી ચરણ તત્કાળ;
બોલે અલખઃ સુધન્ય તું; સૂણ નિરંજન બાળ ! ૧૫

મળજો પ્રષ્ટા[1] ત્વત્સમો સદાગ્રહી જે જાણ;
ગુરુલીલા ગાતાં મને ના કંટાળો માન. ૧૬

---

૧. પૂછનાર

ધન્ય ભાગ્ય તેનું નકી યન્મુખમાં ગુરુગાન !
પડે પુણ્યથી [1]શ્રવણમાં; મા કર તું અનુમાન. ૧૭

જીવન મારૂં ગુરુકથા, તેમાં તારો સાથ !
મળી શર્કરા દૂધમાં ! ક્યાં મિષ્ટતાવાત ? ૧૮

અવર્ણ્ય લીલા ગુરુ તણી; લહે સર્વ કો તેમ ?
કહું સાર સ્વલ્પ આ, બિંદુ સાગરે જેમ ! ૧૯

થા સાવધ ગુરુપદ સ્મરી; થયો અન્ય અવતાર
ભક્તોદ્ધારણકારણે; સાંભળ એ વિસ્તારઃ- ૨૦

સપ્તદ્વીપવતી મહી, જંબુદ્વીપ જે ત્યાંય,
ભરતખંડ વિખ્યાત જ્યાં જાણ પુણ્યતમ આંહ્ય; ૨૧

પરશુરામસુક્ષેત્ર ત્યાં કોંકણદેશ પ્રસિદ્ધ;
પુણ્યમાર્ગગામી જનો વસે યત્ર સુરીત. ૨૨

નિજ વર્ણાશ્રમધર્મથી સદા નિર્ગમે કાળ;
પ્રાણિમાત્ર ગમ સ્નેહથી વર્તે સર્વ દયાળ. ૨૩

શોભે સહ્યાદ્રિ જિહાં વનોપવનથી તેમ,
મહાબળેશ્વર લિંગ જ્યાં ગણેશસ્થાપિત એમ; ૨૪

પશ્ચિમસાગર ઊછળે જહાં નિરંતર જાણ,
કરે દત્ત સંધ્યા જિહાં, હરે પાપ યત્સ્નાન; ૨૫

રમ્ય તળેટીમાં તિહાં સહ્યાદ્રિની એમ,
પવિત્ર કોંકણદેશમાં સાવંતવાડી તેમ, ૨૬

લોકશ્રુત સંસ્થાન જે, ત્યાંથી યોજન એક,
માણગાંવ વિખ્યાત એ ગામ પુણ્યતમ છેક. ૨૭

જન્મસ્થાન એ ગુરુ તણું પવિત્રતમ તું જાણ;
વહે પાપહર જ્યાં નદી વિમલા પાવન માન. ૨૮

દેવી જાગ્રત યક્ષિણી વસે નિરંતર જ્યાંય,
માણગાંવ સુરમ્ય એ; શોભા કહી ન જાય ! ૨૯

ચારેગમ પ્હાડો બધે, શોભે ગિરિશિખ્ખર;
વનસ્પતિનો પાર ના, દિસે રમ્ય તરુવર. ૩૦

સ્થળે સ્થળે પાણી તણાં સુંદર ઝરણાં જ્યાંય;
અસંખ્ય ઉદ્યાનો અહા, ફલપુષ્પે ઊભરાય ! ૩૧

મંજુલ શબ્દો પક્ષીઓ કરે નિરંતર તેમ;
ભક્ષી ફળ આનંદથી ક્રીડે નિર્ભય એમ. ૩૨

નાળિયેર સોપારી ને ફણસ કાજુ કોકમ,
આમ્ર આનનસ દાડમો લીંબુ અત્યુત્તમ; ૩૩

કેળાં દરાખ શેરડી પીપર નાગરવેલ,
[2]હરિદ્રાર્દ્રશાકાદિની અતીવ રેલંછેલ. ૩૪

ફૂલઝાડ પણ તેટલાં ! ગુલાબ ચંપક જાણ;
જાઇ જૂઇ ચંબેલી ને બકુલ કેતકી માન. ૩૫

મોગરાનો પાર ના, માલતી શારી તેમ;
હેમપુષ્પ જપા અને ગોકર્ણાદિક એમ. ૩૬

ગુંજારવ ષટ્પદ[3] કરે જહાં સેવી [4]મકરંદ;
રહે તુષ્ટ આનંદથી સદૈવ મનુષ્યવૃંદ ! ૩૭

એવું માણગ્રામ એ, જોતાં થાએ તોષ;
દાનધર્મ જ્યાં સર્વદા, સદા વેદનો ઘોષ !! ૩૮

એવા પુણ્યગ્રામમાં ટેંબે-કુળમાં તેમ,
દ્વિજસદને અંશાવતાર લેવા ત્રિમૂર્તિ એમ ૩૯

કરે વિચાર નિજાંતરે, અયોધ્યાદિક જેહ
પુરી સાત પાવન અતિ મોક્ષદાયિની તેહ, ૪૦

તેવું માણગ્રામ આ ના એમાં સંદેહ;
અત્રિઋષિસમ ત્યાં વસે ગણેશભટ્ટ સુદેહ. ૪૧

જાતિ કહાડે વિપ્રની, મહારાષ્ટ્ર બ્રાહ્મણ;
ગોત્ર અત્રિ ઋગ્વેદ ને સૂત્ર આશ્વલાયન. ૪૨

વૈદિક ધર્મે રત સદા રહે વિપ્ર સંતુષ્ટ;
પત્ની અનસૂયા સમી રમાબાઇ પ્રહૃષ્ટ. ૪૩

પતિસેવારત સર્વદા, માને પતિને દેવ;
અભ્યાગત અતિથિ તણી કરે ખંતથી સેવ. ૪૪

એમ ઐક્યથી વર્તતાં પતિપત્ની ત્યાં જાણ,
અપસ્માર[5] લાગુ થયો ગણેશભટને માન. ૪૫

રહે ખિન્ન તેથી સદા; ગહન પ્રારબ્ધયોગ !
કર્યાં ઔષધો અતિ ઘણાં, શમે ન તોએ રોગ !! ૪૬

રોગ નહીં એ ઈશની કૃપા નિશ્ચયે જાણ;
નિયમ એહ ભગવાનનોઃ-જે પર કૃપા મહાન ૪૭

કરવી હોય નિજાંતરે, આધિવ્યાધિમાં તેમ
સપડાવે એને હરિ, ઉપાધિમાં વા એમ. ૪૮

મિથ્યા પ્રપંચમાં યથા રહે ન એનું મન;
કંટાળી પ્રભુને સ્મરે, થાય અયત્ન સ્મરણ ! ૪૯

મૂળે ગણેશભટ્ટ એ દત્તોપાસક જાણ;
તેમાં ઉદ્ભવ રોગનો થાતાં એમ મહાન ૫૦

કરે સુનિશ્ચય મન તણો; ગાણગાપુર માંહ્ય
પ્રસિદ્ધ દત્તસ્થાન જે પવિત્ર ભૂપર આંહ્ય, ૫૧

કરૂં નિવાસ જઇ તિહાં; એવો કરી વિચાર,
ઉદાસ વૃત્તિથી ત્યજી માણગાંવ તત્કાળ ૫૨

૧. કાનમાં. ૨. હળદર, આદુ વગેરે. ૩. ભમરા ૪. પુષ્પરસ. ૫. વાઈ; ફેફરૂ.

આવ્યા ગાણગગ્રામમાં; દત્તભજનમાં તેમ
રહે મગ્ન ધ્યાને સદા એકભક્તિથી એમ. ૫૩

જતાં કાળ કંઇ એમ ત્યાં, અપસ્માર સમૂળ
થઇ નષ્ટ, વૈરાગ્યના થયા સુદૃઢ અંકુર. ૫૪

તેથી ગણેશભટ્ટનું થયું ચિત્ત ઉપરામ
સંસારેથી; મન વિષે કરે વિચાર આમઃ- ૫૫

લઉં ચતુર્થાશ્રમ હવે, કરૂં દેહકલ્યાણ !
ત્યાં તો રાતે તે જ દિન થયો દૃષ્ટાંત માનઃ- ૫૬

જા પાછો નિજ ઘેર તું, રે' મદ્‌ભજને વિપ્ર
ગૃહસ્થાશ્રમધર્મથી માની આજ્ઞા ક્ષિપ્ર. ૫૭

થતાં દેવ-આજ્ઞા તથા, આવી સ્વગૃહે તેમ,
રહે સ્વધર્મે પૂર્વવત્ ગણેશભટ એ એમ. ૫૮

રમાબાઇ નિજ કંથને માની ઇશ પ્રત્યક્ષ,
સેવામાં સાદર સદા રહે હર્ષથી દક્ષ. ૫૯

ઘેર આવતા અતિથિની સેવા તે જ પ્રમાણ
કરે એકનિષ્ઠા થકી પત્યાજ્ઞાથી માન. ૬૦

[1]શ્રીગુરુચરિત્રની સદા પ્રદક્ષિણા પણ તેમ
કરે ભક્તિથી, દત્તનું ધ્યાન મંત્રજપ એમ. ૬૧

એમ દત્તઉપાસના પતિપત્ની બે જાણ,
કરે શુદ્ધભાવે તિહાં પરંપરાગત માન. ૬૨

જતાં કાળ એવો કંઇ, જોઈ ભક્તિ નિર્મળ
પતિપત્નીની, [2]ત્રીશ, ત્યાં થયા તુષ્ટ સત્વર. ૬૩

કરે વિચાર નિજાંતરે હૃષ્ટ ત્રિમૂર્તિ ત્યાંય;
કરૂં કૃતકૃત્ય બેઉને ધરી અવતાર આંહ્ય. ૬૪

રમાબાઇના ઉદરમાં ગર્ભરૂપથી એમ,
નિજલીલાથી શ્રીપ્રભુ કરે વાસ્તવ્ય તેમ. ૬૫

મૂળે સત્ત્વગુણી સતી, તેમાં ગર્ભે જાણ
શુદ્ધસત્ત્વસંભૂત એ વસે સિદ્ધ નર માન. ૬૬

ગર્ભતેજથી ઝગઝગે રમાબાઇ ત્યાં એહ;
વદે જ્ઞાન મુખથી સદા ઉદાસીનવત્ તેહ. ૬૭

કહેઃ-ત્યજી સંસાર આ, લઇશ સંન્યાસ જાણ;
રાગદ્વેષ દમી બધા વરીશ મોક્ષશ્રી માન. ૬૮

ગમે ન બીજાું ચિત્તમાં, જાય ન ઇચ્છા ક્યાંય;
લાગે વનમાં રહી કરૂં શુદ્ધ તપસ્યા આંહ્ય. ૬૯

એવું વિવેકયુક્ત ત્યાં રમાબાઇભાષણ
સૂણી ગણેશભટ્ટ એ કહેઃ-લહું ન કારણ. ૭૦

વળગ્યું હશે પિશાચ શું ? બોલે વિચિત્ર કેમ ?
કરે એમ ચિંતા તિહાં; દત્ત ગર્ભસ્થ તેમ ૭૧

જોઇ રાતે સ્વપ્નમાં કહેઃ- રહે નિશ્ચિંત;
ભૂતબાધા ન એહને, માન એહ નિશ્ચિત. ૭૨

અવતારી નર એહના વસે ઉદરમાં જાણ;
તે જ વદાવે જ્ઞાન આ બ્રહ્મજ્ઞાની માન ! ૭૩

થતાં દૃષ્ટાંત એહવો, પરમાનંદે ત્યાંય
ગણેશભટ્ટ કહે, અહા ! બડભાગી હું આંહ્ય. ૭૪

અહો પુણ્ય એ બેઉનું પતિપત્નીનું જાણ;
માટે યોગિવરેણ્ય એ આવ્યા ઉદરે માન. ૭૫

થયાં રમાબાઇ તદા [3]અંતર્વત્ની એમ;
ગણેશભટ્ટ આનંદથી કરે સંસ્કાર તેમ. ૭૬

નવ માસ નવ દિન થયા એમ ગર્ભને પૂર્ણ;
દશમ દિવસ આવ્યો તિહાં ચિરસ્મરણીય તૂર્ણ. ૭૭

સત્તરસો છોંતેર શક, સંવત્સર આનંદ;
વિક્રમસંવત સાંભળો કહું સવિસ્તર સંત. ૭૮

ઓગણીસસો દશ નકી; શ્રાવણ માસોત્તમ,
કૃષ્ણપક્ષ રવિવાર ને પંચમી તિથિ સત્તમ;[4] ૭૯

જતાં ઘડી છવ્વીસ ત્યાં સૂર્યોદયથી તેમ,
રમામાત દેદીપ્યમાન પ્રસવે સુપુત્ર એમ ! ૮૦

અશ્વિનીનક્ષત્રે તથા, રામકૃષ્ણસમ એહ
લીલામાનુષવેષથી ત્રીશ અવતરે તેહ !! ૮૧

ચમકે મુખ મંદસ્મિતે, તેજે રવિસમ ત્યાંય;
જોઇ રમામાત તિહાં હર્ષે ઘેલાં થાય. ૮૨

જાણ્યું વૃત્ત પિતામહે હરિભટ્ટે એ તેમ;
[5]નાગવલ્લીદલ [6]શર્કરા વ્હેંચે મોદે[7] એમ. ૮૩

ગણેશભટ્ટ યથાવિધિ કરી સ્નાન ત્યાં જાણ,
જાતકર્મ વેગે કરી, જુએ પુત્રમુખ માન. ૮૪

દાનદક્ષિણાદિક, તદા આપી દ્વિજને તેમ,
કરે સંતુષ્ટ સર્વને વર્ત્યો આનંદ એમ ! ૮૫

યોગીશ્વર જન્મ્યા અહા, થયું ત્રૈલોક્ય હૃષ્ટ;
કરે સુમનવૃષ્ટિ સુરો વ્યોમમાર્ગથી તુષ્ટ !! ૮૬

જન્મમરણ ક્યાંથી અહો ! સંતજનોને તેમ ?
લીલા લોકાર્થે કરે, ઇશ સ્વયં જે એમ ! ૮૭

ભક્તો જેવી ભાવના કરે અંતરે જાણ,
કરે પૂર્ણ તેવી; થયા બાળ ભક્તાર્થ માન. ૮૮

૧. સરસ્વતી ગંગાધરવિરચિત તન્નામક મરાઠી પ્રાસાદિક ગ્રંથ, જેમાં શ્રીપાદશ્રીવલ્લભ અને શ્રીનરસિંહસરસ્વતીની લીલાઓ વર્ણવી છે. ૨. દત્તાત્રેય. ૩. સગર્ભા ૪. ઉત્તમ. ૫. નાગરવેલનાં પાન. ૬. સાકર. ૭. આનંદથી.

પ્રસૂત રમાબાઇ થયાં, ફેલાઇ એ વાત;
ઘેરઘેરની નારીઓ આવી ત્યાં સાક્ષાત્. ૮૯

સૌભાગ્યયુક્ત વાયનો આપે મોદે તેમ;
માતા સહ બાળક તણું જુએ વદન સહુ એમ. ૯૦

મંગલદીપે આરતી સર્વ ઉતારે ત્યાંય;
પરમાનંદે એમ ત્યાં એકાદશ દિન જાય. ૯૧

દ્વાદશ દિવસે હર્ષથી કરી મહોત્સવ તેમ,
નામકરણવિધિ આચરે યથાશાસ્ત્ર સહુ એમ. ૯૨

આવે સર્વ સુવાસિની; રમામાત ત્યાં જાણ
બાળકને [1]પર્યંકમાં પોઢાવીને માન, ૯૩

વાસુદેવ શુભ નામ એ પાડે હર્ષે તેમ;
સ્મરતાં જેને પલકમાં નાસે ભ્રાંતિ એમ. ૯૪

ભક્તોનો વિશ્રામ જે, [2]શુક્લેંદુસમ એહ
દિનદિન વૃદ્ધિંગત થતાં, થાય હૃષ્ટ સહુ તેહ. ૯૫

બાળલીલા જોઇને, માતપિતા હરખાય;
[3]કુશાગ્ર બુદ્ધિ એહની દેખી વિસ્મિત થાય. ૯૬

પાંચ વરસ પૂરાં થતાં, નિત્ય નિયમથી એહ
શિખાવડે ઉપગ્રંથ ત્યાં ધન્ય પિતામહ તેહ. ૯૭

શિક્ષા જ્યોતિષ છંદ ને નિઘંટુ તે જ પ્રમાણ
અષ્ટાધ્યાયી, પાંચ એ કહ્યા ઉપગ્રંથ માન. ૯૮

એક જ પાઠે સર્વ એ વાસુદેવને જ્ઞાત.
થાય ત્વરિત, જોઇ તથા હૃષ્ટ પિતામહ તાત. ૯૯

કારભાર સંસારનો કરે હરિભટ્ટ ત્યાંય,
ઉદાસ સંસારે રહે ગણેશભટ્ટ સદાય. ૧૦૦

બેસી ગૃહે એકાંતમાં, ધ્યાય દત્તપદ તેમ;
માની જગ મિથ્યા બધું, આરાધે પ્રભુ એમ. ૧૦૧

આઠ વરસ થાતાં તિહાં વાસુદેવને જાણ,
કરે વ્રતબંધન મોદથી તાત યથાવિધિ માન. ૧૦૨

ચૌલોપનયન[4] મહોત્સવે યથાસાંગ સંપૂર્ણ
થતાં ષટ્કર્મ શીખવે વૃદ્ધ પિતામહ તૂર્ણ. ૧૦૩

સાંભળ દ્વિજષટ્કર્મ ત્યાંઃ- અધ્યયનાધ્યાપન,
યજન યાજન દાન ને પ્રતિગ્રહ એ ષડ્ ગણ. ૧૦૪

થયો વ્રતબંધન જે દિને તે દિનથી એ જાણ,
બ્રહ્મચર્યનિયમે રહે વાસુદેવ ત્યાં માન. ૧૦૫

ત્રિકાલ સ્નાન કરે મુદા, સંધ્યા નિયમે એમ;
કરે હોમ અગ્નિ મહીં, ગ્રહે ભિક્ષાન્ન તેમ. ૧૦૬

અભ્યાસે ઋગ્વેદને વિષ્ણુભટ્ટ ગુરુ પાસ;
અટક ઉકિડવે જેમની, વેદમૂર્તિ જે ખાસ. ૧૦૭

પાઠ સંહિતાનો તદા દેતાં એક જ વાર,
વાસુદેવને આવડે યથાસાંગ તત્કાળ. ૧૦૮

બધું પૂર્વેજ જ્ઞાત ત્યાં; લીલા કેવળ એહ
માનુષવેષસમાન એ કરે લોકાર્થ તેહ. ૧૦૯

શીખે જે જે મંત્ર તે, તેનો પ્રયોગ ત્યાંય
દેખાડે ગુરુને કરી; જોતાં અચરજ થાય. ૧૧૦

જોઇ ગુરુ આશ્ચર્યથી એમ વિચારે જાણ,
નકી કોઇ અવતારી આ પુરુષ નિઃશંક માન. ૧૧૧

થયા તીર્ણ ધરતીતલે જગદુદ્ધારે એમ;
પૂર્વના જ સર્વજ્ઞ એ ! લહે શક્તિ કો તેમ ? ૧૧૨

અલખ નિરંજનને કહેઃ-વિદ્યાના ભંડાર
સકલગુણાગાર[5] એ નકી વાસુદેવ કલિતાર. ૧૧૩

રામાદિક અવતાર જે બ્રહ્મ પરાત્પર આંહ્ય,
તેવા એ પણ નિશ્ચયે; છોટી ઉંમર માંહ્ય, ૧૧૪

ચમત્કાર બહુ લોકને દેખાડીને તેમ,
વેદાજ્ઞા સમ વર્તીને કરે લોકહિત એમ. ૧૧૫

માનુષવેશ સમું કરી વર્તન પોતે જાણ,
આપે શિક્ષણ લોકને ! આગળ અનુસંધાન ૧૧૬

અપૂર્વ એ લીલા તણું, વદાવશે ભગવંત !
**રંગ** રાંકડો કોણ ત્યાં, વિષયકાચબો હન્ત ? ૧૧૭

શ્રવણે ભવભય સહુ ટળે, મનને ભ્રાંતિ જાય;
નિદિધ્યાસને જીવ તે સ્વયં ઇશ થઇ જાય !! ૧૧૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે વાસુદેવાનંદસરસ્વત્યવતારો નામ ષડધિકશततमોऽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૦૬ ॥ દોહરા ૧૧૮

## અધ્યાય ૧૦૭

અલખ નિરંજનને કહેઃ- માણગાંવમાં એક
ભાસ્કરભટ્ટ ઓળકર નામે બ્રાહ્મણ નેક ૧

વસે, ભકત જે વિપ્રનો; આપે અન્ન સદાય
ઘેર આવતા વિપ્રને, કરી સુપૂજન ત્યાંય. ૨

૧. પારણામાં. ૨. અજવાળિયાના ચંદ્રની પેઠે. ૩. તીક્ષ્ણ. ૪. બાબરી ઉતારવાનો અને જનોઇ આપવાનો વિધિ. ૫. ભંડાર.

ઊતરી ઘાટ સહ્યાદ્રિનો માણગાંવમાં એમ
આવે દ્વિજ તેને મળે અન્ન તદ્‌ગૃહે તેમ. ૩

સ્વસ્ત્રીસહ ભાસ્કર તિહાં કરે વિપ્રસત્કાર;
જાણી દ્વિજ આવે બહુ; ગયો એમ કંઇ કાળ. ૪

દૈવે ભાસ્કરપત્ની એ પામી પંચત્વ ત્યાંય;
હરિસ્મરણમાં રત રહે વિપ્ર ઉદાસ સદાય. ૫

કારભાર ગૃહનો બધો પડ્યો સ્નુષા[1] પર તેમ,
કરે કલહ નિત એ તદા ભાસ્કર સાથે એમ. ૬

આવે દ્વિજ સદને સદા, માની ઉપાધિ એહ,
લડે શ્વસુર[2] સહ સર્વદા પુત્રવધૂ ત્યાં તેહ. ૭

કર્યા બંધ દ્વિજ આવતા એમ એહણે જાણ;
થયો સુદુ:ખિત અંતરે ભાસ્કર એથી માન. ૮

રે'વું ના ઘરમાં હવે, કરી એમ વિચાર,
છોડી ઘર વહુ પર તથા, ચાલ્યો દ્વિજ તત્કાળ. ૯

ચિત્તસ્થૈર્યાર્થે જઇ રહ્યો એકાંત માંહ્ય;
જતાં કાળ દ્વિજ એક ત્યાં આવ્યો પિરિચત આંહય. ૧૦

સ્મરી પૂર્વગૃહ હર્ષથી આવ્યો સીધો તેમ;
જોઇ કમાડ બંધ ત્યાં થયો સુવિસ્મિત એમ. ૧૧

બોલાવે યજમાનને, મળે ન ઉત્તર ત્યાંય;
થઇ સુદુ:ખિત અંતરે, કરતો વિચાર જાય. ૧૨

કહે:-આવતા વિપ્રને આપે ભાસ્કર અન્ન;
દ્વાર મુક્ત એનું સદા ! થયું આજ કાં [3]સન્ન ? ૧૩

સાંકળ અંદરથી દિસે; બોલે કોઇ ન કેમ ?
જોઉં પૂછી અન્ય ગૃહ ! વિપ્ર વિચારી એમ, ૧૪

ટેંબેના જ ગૃહે તદા આવ્યો દૈવે એહ,
પૂછી જોતાં ત્યાં વદે વાસુદેવ વરદેહ:- ૧૫

ભાસ્કરસ્નુષા તણો નકી ખેલ સર્વ આ જાણ;
આણ્યો એણે વખત આ લડી લડીને માન. ૧૬

સૂણી વચન દ્વિજ એ વદે:- કર્યું ઠીક ના એમ,
જેવી જેની ભાવના થશે પ્રાપ્ત ફળ તેમ ! ૧૭

વાસુદેવ ! હું ક્ષુધિત છું, શોધું અન્નદ[4] જાણ;
આપી ભોજન શાંત તું કર સત્વર મુજ પ્રાણ. ૧૮

વિપ્રવચન એ સાંભળી, વાસુદેવ તત્કાળ
દોડી ઘરમાં મા કને, કહે:-વિપ્ર નિર્ધાર ૧૯

આવ્યો વ્યાકુળ ભૂખથી એક બારણે જાણ !
સૂણી રમાબાઇ વદે:- આણ વેગથી માન. ૨૦

પાક સર્વ તૈયાર છે, મા કર વિલંબ એમ;
જમાડીશ હું એહને; બાળ ! દોડ જા તેમ. ૨૧

વાસુદેવ સત્વર તિહાં બોલાવી દ્વિજ એહ,
બેસાડી પ્રેમે જમાડે એને નતદેહ. ૨૨

ભોજન કરી દ્વિજ એ વદે, થઇ તુષ્ટ મન માંહ્ય;
અલ્પવયી બાળક દિસે ! વિવેક કેવો ત્યાંય ! ૨૩

બોલે સંતોષે સદા વાસુદેવને એમ:-
વસે પડોશે જે અહીં, માની ઉપાધિ તેમ, ૨૪

ઘેર આવતાં દ્વિજ કરે બંધ સાંકળે દ્વાર;
માની મારૂં આજથી માટે તું હે બાળ ! ૨૫

દે ભોજન દ્વિજને સદા, [5]વિપ્રાતિથ્યે એમ
રે' તત્પર રાખી હૃદે ખંત નિત્ય સપ્રેમ. ૨૬

છે આશિષ મારી તને, થશે તારૂં કલ્યાણ !
વાસુદેવ બોલે તિહાં:-તમે સુપાત્ર મહાન. ૨૭

કરીશ કાર્ય હું નિશ્ચયે તમ આશિષથી એહ !
સૂણી વિપ્ર આનંદથી ગયો સ્વમાર્ગે તેહ. ૨૮

વાસુદેવ તે દિન થકી જે આવે દ્વિજગણ,
દઇ અન્નાદિ તેમને કરે તુષ્ટ તત્ક્ષણ. ૨૯

અલખ કહે:-જેવાં કરે કર્મ માનવી અત્ર,
પામે ફળ તેવાં નકી આગળ [6]અત્ર પરત્ર. ૩૦

ભાસ્કરભટ્ટનો પુત્ર એ પિત્રાજ્ઞાને તેમ
મારી લાત, સ્ત્રીવશ રહી વિપ્રાદિકને એમ ૩૧

આપે અન્ન ન સર્વથા; તેથી વિપત્તિકાળ
આવી એ પર અન્ન ને મળે વસ્ત્ર ના ચાર ! ૩૨

ચાલ્યો આવે ધર્મ જે, કરવો બંધ ન તેમ;
થાય પાપ એથી બહુ, આવે વિપત્તિ એમ. ૩૩

પૂર્વપુણ્યથી જો કદિ બચે અલ્પ દિન એહ,
પુણ્ય ક્ષીણ થાતાં નકી પડે સંકટે તેહ. ૩૪

માટે ચાલ્યો ધર્મ જે, ના કરવો પ્રતિબદ્ધ;
વધારવો ઊલટો યથાશક્તિ રહી [7]અમત્ત. ૩૫

વાસુદેવ આ ગમ કરી પઠન ઋગ્વેદ જાણ,
સપદઘનક્રમ સંહિતા થયા દશગ્રંથી માન. ૩૬

બાર વરસની ઉંમરે, વિપ્રાશિષથી એમ,
દશગ્રંથીનામે થયા પ્રસિદ્ધ સઘળે તેમ. ૩૭

રઘુવંશના પંચદશ શ્લોકો પઢી, પુરાણ
વાંચે નિર્ભય લોકમાં; જોઇ સકળ જન માન ૩૮

૧. છોકરાની વહુ. ૨. સસરો. ૩. બંધ. ૪. અન્નદાતા. ૫. બ્રાહ્મણની મહેમાનગીરીમાં. ૬. આ લોક ને પરલોક. ૭. મદરહિત.

માની આશ્ચર્ય અંતરે, કહેઃ- ધન્ય વકતૃત્વ
બાળવયે પણ આમનું ! કેવું મનોજ્ઞ અપૂર્વ ! ૩૯

વાસુદેવ સુધન્ય એ રહી અતીવ પવિત્ર,
વાંચે પ્રાકૃત[1] નિયમથી નિત્ય શ્રીગુરુચરિત્ર. ૪૦

બ્રહ્મચર્યનિયમે સદા વર્તે સાવધ જાણ;
થઇ પ્રાપ્ત સિદ્ધિ તથા વેદમંત્રની માન. ૪૧

મંત્રસિદ્ધિનો એમની લે અનુભવ જન તેમ,
કરી બાળલીલા બતાવે કૌતુક પ્રભુ એમ. ૪૨

ગાય એક ગૃહસ્થની ગરીબડી પણ જાણ,
થઇ ઉન્મત્ત એક દિન મારે લાતો માન. ૪૩

પાસે પણ ના કોઇને દે આવવા તેમ;
દોડે શીંગડે મારવા; હાથ આંચળે એમ ૪૪

અડાડવા ન દે તથા વાસુદેવ ત્યાં જાણ
કરે એહ પર મંત્રનો પ્રયોગ તત્ક્ષણ માન. ૪૫

થઇ શાંત તત્કાળ એ દે નિત્યવત્ દૂધ;
ચમત્કાર એવા કંઇ કરે બાળ અવધૂત ! ૪૬

જોઇ પરસ્પર જન વદેઃ-નકી અવતાર એહ;
નહિ તો આવું ના બને ! કરે કોણ સંદેહ ? ૪૭

નીકળે સર્પ કોઇ સ્થળે, દોડે તત્ક્ષણ જાણ;
મંત્રપ્રયોગ કરી કરે બદ્ધ એહને માન. ૪૮

તેથી સુદીન એ થઇ કરડે ના કદિ તેમ;
હોય વળગાડ કોઇને તોય મંત્રથી એમ, ૪૯

કરે મુક્ત સત્વર તિહાં વાસુદેવ ત્યાં જાણ,
મંત્રપ્રભાવ એહવો જુએ સર્વ જન માન. ૫૦

એક દિવસ ફરતાં વને વાસુદેવ ત્યાં એમ,
જુએ ભુજંગમ એક જે અતિ ભયંકર તેમ. ૫૧

મંત્રબળે એને કરી બદ્ધ ત્યાંયનો ત્યાંય,
આવે તત્ક્ષણ ઘેર ત્યાં વિચાર મનમાં થાયઃ- ૫૨

કૃપામૂર્તિ શ્રીદત્તની દયા થકી આ એમ,
મંત્રસિદ્ધિ મને મળી; માટે નિરર્થ તેમ ૫૩

કોઇ પ્રાણીને પીડતાં, જશે હાથથી જાણ;
માટે ચેષ્ટા એહવી ના કરવી કદિ માન. ૫૪

એવો નિશ્ચય ઉર કરી, પેલો બદ્ધ વિખાર[2]
વારી પ્રયોગ તત્ક્ષણે કરે મુક્ત નિર્ધાર. ૫૫

એમ પંચદશ વરસની થાતાં ઉંમર જાણ,
વિદ્યા જે જે શીખવા ઇચ્છે કોઇ માન, ૫૬

પ્રેમે તે તે શીખવે, તેને વિણ [3]વેતન;
વેદાધ્યયન કોઇ કરે, કોઇ શાસ્ત્ર ગહન ૫૭

શીખે સદ્ભાવે તિહાં, પંચકાવ્ય વા તેમ;
એમ વિદ્યાર્થિસંઘને વાસુદેવ સપ્રેમ ૫૮

શિખવતાં વિદ્યા તદા, શાસ્ત્રીબુવા એ નામ
આપી લોકો હર્ષથી કરે સર્વ પ્રણામ ! ૫૯

વિરક્ત હોવાથી સ્વયં, જરૂર વિણ કદિ એહ
નિષ્કારણ વસ્તુ તણો કરે ન સંગ્રહ તેહ. ૬૦

દૃઢ વૈરાગ્ય વિવેક એ જોઇ વિદ્વલ્લોક
કરે તર્ક નિજ માનસેઃ-ધર્મસ્થાપક કોક ૬૧

હશે દેવ અવતાર આ, ના એમાં સંદેહ !
એમ વિચારી શાસ્ત્રના ગૂઢ પ્રશ્ન સહુ તેહ ૬૨

નિરાકરણ માટે લઇ શાસ્ત્રીબુવાની પાસ
જઇ, તદભિપ્રાયથી વર્તે ત્યાં ત્યાં ખાસ. ૬૩

શાસ્ત્રીબુવા નિયમે સદા દત્તપાદુકા સાથ
પંચાયતનપૂજા કરે; માની દેવ સાક્ષાત્, ૬૪

અભ્યાગત અતિથિ તણો કરે સત્કાર તેમ;
બ્રાહ્મણસેવામાં રહે સદા સુતત્પર એમ. ૬૫

અનાથ [4]દ્વિજશવનો કદિ કરવાને સંસ્કાર
હોય ન કોઇ તો સ્વયં કરે એહ તત્કાળ. ૬૬

જ્યોતિષ વૈદક શીખીને કેવળ પરાર્થ તેમ,
કાળે સલાહ આપીને કરે તુષ્ટ જન એમ. ૬૭

આઠ વરસથી માંડીને, ત્રિકાલ સંધ્યાસ્નાન
કરી શુદ્ધ વર્તે; ન બેસે વાહનમાં માન. ૬૮

કરે પ્રવાસ પગે સદા, સ્પર્શે શૂદ્ર ન તેમ;
પગે ઉપાનહ[5] પાદુકા કરે ન ધારણ એમ. ૬૯

માથે છત્રી લે નહીં, સહે શીતોષ્ણ જાણ;
એકાદશ્યાદિક વ્રતો કરે યથાવિધિ માન. ૭૦

વાદવિવાદ કરે નહીં, કદિ કોઇની સાથ;
વર્તે વિનયે સર્વદા લોકાર્થે શ્રુતિતાત ! ૭૧

શોકમોહ ના એમને બાધે સ્વપ્ને તેમ;
ફુલ્લ મુખાકૃતિ સર્વથા રહે હસમુખી એમ !! ૭૨

ચાંદ્રાયણ વિધિવત્ કરી વાસુદેવ ત્યાં જાણ,
પુરશ્ચરણ ગાયત્રીનું કરે સશાસ્ત્ર પ્રમાણ. ૭૩

શ્રીપાદશ્રીવલ્લભ યતિવર ત્રિમૂર્તિ જેહ
વસે પ્રત્યક્ષ યત્સ્થળે, ક્ષેત્ર સુપાવન તેહ; ૭૪

૧. મરાઠી ૨. સાપ. ૩. ફી કે પગાર ૪. બ્રાહ્મણ શબ ૫. જોડા.

નૃસિંહસરસ્વતીએ કર્યું બાર વરસ તપ જ્યાંય,
નૃસિંહવાટિકા રમ્ય એ નિજસ્થાન સદાય ! ૭૫

જાવા મન દોડે તિહાં શાસ્ત્રીબુવાનું તેમ;
દત્તાવતાર જે સ્વયં ગમે સ્વસ્થાન એમ !! ૭૬

રાજધાની શ્રીદત્તની વાડી[1] નિશ્ચય જાણ;
વસે ભક્તવત્સલ પ્રભુ જહાં પ્રત્યક્ષ માન. ૭૭

કરે પૂર્ણ મનકામના નિજ ભક્તોની ત્યાંય;
હોય પૂર્ણ અધિકારી તો કરે નિજરૂપ આંહ્ય. ૭૮

વાડીમાં પ્રતિવર્ષ ત્યાં સમારાધના જાણ
શ્રીપાદશ્રીવલ્લભયતિની, તે જ પ્રમાણ ૭૯

નારાયણસ્વામી તણી ધામધૂમથી થાય;
મળે ભક્ત બહુ ઉત્સવે, શાસ્ત્રીબુવા પણ જાય. ૮૦

વારંવાર કરે તિહાં ગમન પ્રેમથી એમ;
સૂણી નિરંજન પ્રશ્ન ત્યાં કરે વિનયથી તેમઃ- ૮૧

ધન્ય ધન્ય લીલા અહા અગમ્ય પ્રભુની જાણ !
જાય નિજોત્સવ કૌતુકે જોવા બની અજાણ !! ૮૨

નારાયણસ્વામી વળી થયા અન્ય કો તેમ,
યદારાધના પ્રેમથી કરે ભક્તજન એમ ? ૮૩

કહો સવિસ્તર એ મને, પ્રાર્થું અલખ દયાળ !
સૂણી વચન યોગીશ જે વદે અલખ તત્કાળ; ૮૪

આગળ અપૂર્વ **રંગ** એ ! બાળલીલાદિ અત્ર
કહ્યું, સૂણતાં ના રહે દુઃખ અત્ર પરત્ર !! ૮૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
બાલલીલાદિવર્ણનં નામ સપ્તોત્તરશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૦૭ ॥ દોહરા ૮૫

## અધ્યાય ૧૦૮

અલખ નિરંજનને કહેઃ- નૃસિંહવાડી માંહ્ય
નારાયણયતિ એ થયા પરમ ઉપાસક ત્યાંય. ૧

દત્તચિંતને રત રહી, કેવળ દત્તસ્વરૂપ
થઇ રહ્યા; યદ્દર્શને થાય શુષ્ક ભવકૂપ. ૨

જન્મ્યા કર્ણાટક મહીં, નામે નારાયણ;
પૂર્વાશ્રમમાં એકદા, જઇ પુણ્યપત્તન ૩

મળું પેશવાભૂપને એમ વિચારી એહ
જતાં, શાસ્ત્રીસમુદાયમાં થયા તિરસ્કૃત તેહ. ૪

થયું અપમાન સભા મહીં, થયું ખિન્ન મન તેમ;
ચિંતાક્રાંત થઇ કહેઃ- જઇ કાશીમાં એમ, ૫

સકલ શાસ્ત્ર અભ્યાસીને જીતું સભા આ જાણ !
આવ્યા વારાણસી મહીં ધરી એમ અભિમાન, ૬

વૃત્ત સકળ પોતાતણું કહી ગુરુને ખાસ,
સેવા કરી ગુરુની તિહાં કરે શાસ્ત્રઅભ્યાસ. ૭

કરી પૂર્ણ અભ્યાસ જ્યાં આપી દક્ષિણા તેમ
જવા ગૃહે ઉરમાં કરી વિચાર પોતે એમ ૮

પ્રાર્થે ગુરુનેઃ- ભો ગુરો ! ગુરુદક્ષિણા જેહ
કહો ઇષ્ટ આ દાસને, આપું તત્ક્ષણ તેહ. ૯

ત્યાં તો શ્રીગુરુ ઓચરેઃ- વિદ્યા જે મુજ પાસ
શીખ્યો તું તે આપ પાછી મુજને રે ખાસ. ૧૦

કારણ કે મુજ પાસ આ શીખી વિદ્યા એમ,
કરવા દ્વિજાપમાન તું ઇચ્છે ઉરમાં તેમ ! ૧૧

એમ નિરર્થ સભા મહીં કરી વાદ અપમાન
કરતાં દ્વિજનું, થાય તે બ્રહ્મરાક્ષસ જાણ !! ૧૨

સૂણી વાકય એ ત્યાં વદે નારાયણ તત્કાળઃ-
ગુરુશ્રેષ્ઠ ! જે આપથી શીખ્યો અહીં નિર્ધાર, ૧૩

તે સહ મારી પૂર્વની વિદ્યા સઘળી જેહ,
અર્પી ગુરુદક્ષિણા મહીં ત્વત્પદકમલે[2] તેહ. ૧૪

કરૂં ઉપયોગ ન એહનો પ્રાણાન્તે પણ જાણ;
શીખી વિદ્યા જે વધે આમ દેહાભિમાન, ૧૫

ના વિદ્યા એ નિશ્ચયે; અવિદ્યા જ સંપૂર્ણ !!
પાડે ઊંડા નરકમાં સાધકને એ [3]તૂર્ણ !! ૧૬

વિવેકવાણી એહવી નારાયણની ત્યાંય
સૂણી શ્રીગુરુ ચિત્તમાં પ્રસન્ન તત્ક્ષણ થાય. ૧૭

આપી આશિષ ત્યાં વદેઃ-શિષ્યોત્તમ હે જાણ
અર્પી વિદ્યા તેં મને ત્યજી દેહ-અભિમાન, ૧૮

થશે અનુગ્રહ ઇશનો માટે તુજ પર પૂર્ણ;
પામીશ તું નિર્વાણપદ મદાશિષથી તૂર્ણ. ૧૯

એવી આશિષ મેળવી, વંદી ગુરુપદ જાણ,
નારાયણ નિજ પત્ની સહ આવી વાડીમાં માન, ૨૦

૧. નરસોબાની વાડી. ૨. તારા ચરણકમળમાં ૩. તરત જ.

રહે પરમ આનંદથી ગૃહસ્થાશ્રમે એમ;
દત્તોપાસન ભાવથી કરે અહર્નિશ તેમ. ૨૧

કન્યા બે ત્યાં ન્હાનલી મૂકી પાછળ એહ,
પામી પંચત્વ દૈવથી કાળે પત્ની તેહ. ૨૨

નારાયણ સોહં રવે કરે ઇષ્ટનું ધ્યાન;
નિત્ય નિયમવત્ એકદા કન્યાદ્વય એ માન ૨૩

પોઢાવી રાતે તથા, કરી પ્રાણ સુસ્થિર
બ્રહ્મરંધ્રમાં, દત્તનું કરે ધ્યાન સુધીર. ૨૪

ઝાડાની હાજત થઇ જાગી કન્યા ત્યાંય;
બાપુ બાપુ કહી જોરથી પાડે બૂમો આંહ્ય. ૨૫

થયું એકરસ ચિત્ત ત્યાં નારાયણનું જાણ
દત્તધ્યાનમાં, ના મળે દેહભાન તલ માન ! ૨૬

પાડે બૂમો કન્યકા ના જાણે એ તેમ,
ભક્તાધાર પ્રભુ તિહાં કરે દત્ત જો કેમ !! ૨૭

નારાયણનું રૂપ ત્યાં લઇ સ્વયં તત્કાળ,
દીપ લગાડી [1]ગેહમાં, ઝાલી હાથ નિર્ધાર, ૨૮

લઇ જઇ વાડા મહીં કન્યાને એ જાણ,
બ્હાર જવાડી, નિજ કરે ધુએ ગુદા પણ માન ! ૨૯

આવી પુનઃ ઘરમાં તથા, આપી [2]ખાદ્ય મધુર
રમાડવા લાગ્યા અહા બોલી શબ્દ મંજુલ !! ૩૦

આવ્યા નારાયણ તિહાં દેહભાન પર એહ;
જોઇ તત્ક્ષણ ત્યાં થયા ગુપ્ત દત્તપ્રભુ તેહ. ૩૧

દેખી કન્યા જાગતી, દીવો બળતો તેમ;
પૂછે કન્યાને તદા નારાયણ એ એમઃ- ૩૨
દીવો કોણે આ કર્યો ? કહે બાળ સત્વર;
બોલે કન્યાઃ- બાપુ એ તમે જ તો નિજ કર ૩૩
પ્રજ્વાળી દીવો તથા મને સ્વહસ્તે તેમ
બ્હાર જવાડી, માહરી ધોઇ ગુદા પણ એમ. ૩૪
આપી ખાવા આ ગળ્યું, રમાડતા'તા આંહ્ય;
પૂછો એવું કેમ આ ? સૂણી વચન એ ત્યાંય, ૩૫
બોલે નારાયણઃ- મને બતાડ જોઉં સ્થાન;
બ્હાર જવાડી ક્યાં તને, ધોઇ તે જ પ્રમાણ ? ૩૬
સૂણી વચન કન્યા તદા, બેઉ સ્થાન સત્વર
દેખાડે નિજ તાતને; જોઇ એહ દ્વિજવર ૩૭
થયો ખિન્ન અતિ અંતરે, રડે ગળગળો જાણ;
શબ્દ ન મુખથી નીસરે, કંઠ રૂંધાયો માન. ૩૮
કહેઃ- દત્ત દયાનિધે ! ભક્તવત્સલા એમ
નીચ કાર્ય મુજ કારણે કર્યું હન્ત કાં તેમ ? ૩૯

હતભાગી મુજ સમ જગે અન્ય દુષ્ટ ના આંહ્ય;
લીધી સેવા દેવની અઘટિત મેં આ હાય ! ૪૦

એમ દુઃખ બહુ ત્યાં કરી, અન્ય દિને જ સુજાણ
કન્યાઓ નિજ બંધુને કરી સ્વાધીન જાણ, ૪૧

પાશમુક્ત[3] પોતે થઇ ઇશધ્યાનમાં તેમ
કાળ નિર્ગમે સર્વદા; ગયો કાળ કંઇ એમ. ૪૨

એક દિવસ ભગવાન એ દત્ત દયાઘન ત્યાંય
પંચગંગાના ઘાટ પર થઇ પ્રગટ વરકાય, ૪૩

પ્રેષોચ્ચાર[4] કરાવીને નારાયણને જાણ
આપે યતિદીક્ષા સ્વયં કરી દિગંબર માન. ૪૪

દંડકમંડલુ હાથમાં લઇ, ગામમાં તેમ
આવે નારાયણ જિહાં, નિંદે જન સહુ એમઃ- ૪૫

બ્રાહ્મણ યતિ વિણ દંડ આ આપ્યો કોણે ત્યાંય ?
અમથાં ભગવાં પ્હેરીને આવ્યો નટવત્ આંહ્ય ! ૪૬

એમ કહી લોકો કરે બહિષ્કાર ત્યાં જાણ;
ખેદ ન તોએ લેશ એ માને મનમાં માન. ૪૭

બ્રહ્માકાર રહે સદા વૃત્તિ જેમની તેમ,
નિંદા સ્તુતિ સમ તેમને; થાય ખિન્ન એ કેમ ? ૪૮

તોય વાત આ દત્તથી થઇ સહન ના જાણ;
દેખાડે ભક્તાર્થ એ ચમત્કાર ત્યાં માન. ૪૯

નારાયણસ્વામી જિહાં બેસે ધ્યાનસ્થ એહ
મઠદ્વારમાં ત્યાં રહી ગુપ્ત ભક્તપ્રિય તેહ, ૫૦

દેવદર્શને જન તિહાં આવી સ્વામીને ત્યાંય
નમો નારાયણ શબ્દથી કરતાં વંદન આંહ્ય, ૫૧
આશીર્વાદાત્મક વદે દત્ત પ્રતિવચન એહ
'નારાયણ' કહી સર્વદા ! સૂણી સકળ જન તેહ, ૫૨
થઇ ચકિત આશ્ચર્યથી, કહેઃ-સ્વામી ધ્યાનસ્થ
બેઠા છતાંય કો વદે આ 'નારાયણ' શબ્દ ? ૫૩
મઠાધિપતિના કર્ણ પર જતાં વાત એ જાણ,
કરી શોધ પોતે સૂણી શબ્દ ધ્યાનથી માન. ૫૪
કરે સુનિશ્ચય અંતરેઃ- સ્વામીશબ્દ ના એહ;
વાણી બીજાની જ એ; જોઉં વદે કો તેહ. ૫૫
કરે યત્ન બહુ તોય ના લાગે પત્તો તેમ !
ધરી ધ્યાન નિજ દેવનું મઠાધિપતિ એમ, ૫૬
એક દિવસ નૈવેદ્ય ત્યાં અર્પે ભાવે જ્યાંય,
લાગ્યો ધક્કો ભીંતનો નિજ કૂણીને ત્યાંય. ૫૭
ધ્યાન ભંગ તેથી થયું, પડ્યું નિવેદ તમામ;
ધ્યાનસ્થાન અતિ સાંકડું બન્યું તે થકી આમ. ૫૮

૧. ઘરમાં. ૨. ખાવાનું. ૩. બંધનમાંથી છૂટા થઇને. ૪. સંન્યાસ આપતી વખતે અપાતો મંત્ર.

જોયું ના એ કોઇએ; નારાયણ ત્યાં જાણ
આવ્યા મધુકરી લઇ, જાણ્યું તેમણે માન ૫૯

નિજ જ્ઞાને સહુ વૃત્ત એ; કે' મઠપતિને તેમઃ-
કરી સ્થાન મગતું તિહાં બેસી દેવને એમ ૬૦

લાવી ચિત્તે અર્પતાં, નિવેદ ભાવે ત્યાંય,
થાય ભંગ ના ધ્યાનનો પૂજન યથાર્થ થાય ! ૬૧

સૂણી વચન એ તત્ક્ષણે ઊઠી મઠાધિપ જાણ,
સાષ્ટાંગ પ્રણતિ કરે નારાયણને માન. ૬૨

નાના રીતે પ્રાર્થીને, સ્વાપરાધની તેમ
માગે માફી કરગરી ! વદે સ્વામી ત્યાં એમઃ- ૬૩

દોષ તમારો ના અહીં કિંચિન્માત્ર સુજાણ;
લીધો મેં સંન્યાસ જ્યારે ત્યારે કો આન ૬૪

ન્હોતું ત્યાં, બ્રાહ્મણ યતિ દેખે કોઇ ન તેમ;
માટે શંકા સર્વના મનમાં આવી એમ. ૬૫

કારણ દીક્ષાકર્મ ના વિના બ્રાહ્મણે થાય;
યતિ વિણ દંડ ન કોઇથી આપી તેમ શકાય. ૬૬

જાણી એવું સર્વ જન, નિંદે મુજને આમ;
ના આશ્ચર્ય કશું તહીં ! સૂણો આજ તમામઃ- ૬૭

પંચગંગા પર તિહાં ભક્તાધાર દયાળ
ભક્તક્ષેમકર દત્ત એ થઇ પ્રગટ નિર્ધાર, ૬૮

આપે યતિદીક્ષા મુને; કરતાં પ્રથમ સ્નાન
થાય ક્ષૌર મારૂં તદા; બીજી ડૂબકીએ માન ૬૯

આપી વસ્ત્રો કાનમાં કરે પ્રેષઉચ્ચાર;
તૃતીય સ્નાન કરાવીને દંડકમંડલુ સાર ૭૦

આપી હાથમાં પ્રેમથી, યોગપટ્ટ મુજ તેમ
રાખે નારાયણસરસ્વતી અત્રિસુત એમ ! ૭૧

માટે સદ્ગુરુ માહરા દત્ત ભક્તપ્રિય એહ;
વર્તું [1]તદનુજ્ઞા થકી જાણો નિઃસંદેહ. ૭૨

સૂણી વૃત એ સર્વજન થયા લજ્જાયમાન;
માગી ક્ષમા અપરાધની કરે દંડવત્ માન. ૭૩

સ્વપ્ને પણ તે દિન થકી નિંદે કોઇ ન તેમ;
માની દત્ત પ્રત્યક્ષ એ રાખે સદ્ભાવ એમ. ૭૪

કેટલાક દિવસે લઇ વાડીના જન સાથ,
સેતુબંધ રામેશ્વરે જવા એમ યાત્રાર્થ ૭૫

નીકળ્યા પગપાળા તિહાં; દિવસે દિવસે એમ
ક્રમે માર્ગ, ત્યાં એકદા દેખે વનમાં તેમઃ- ૭૬

રોકી રસ્તો માર્ગમાં વ્યાઘ્ર ભયંકર એક
ઊભો ! દેખી લોક સહુ ગભરાયા ત્યાં છેક. ૭૭

નારાયણ સ્વામી તદા દોડી વ્યાઘ્રની પાસ,
હાથ ફેરવી એહ પર; વદે સ્નેહથી ખાસઃ- ૭૮

ઊભો તું માર્ગે અરે, ડરે લોક આ તેમ;
જા આગળ વનમાં સુખે ! ખડો અત્ર કાં એમ ? ૭૯

ત્યાં તો [2]વ્યાઘ્રપદે પડે દષ્ટિ સ્વામીની ત્યાંય;
વાગ્યો કંટક પગ મહીં, જીુએ એહ ક્ષણ માંહ્ય. ૮૦

મંગાવી ઝીણી છરી, કાઢી કાંટો તેમ,
કહેઃ- માર્ગ છોડી હવે જા બચ્ચા સપ્રેમ ! ૮૧

સૂણી વચન એ સ્વામીનાં ગયો વાઘ વન માંહ્ય;
જોઇ સકળ જન વિસ્મયે થયા દિઙ્મૂઢ ત્યાંય !! ૮૨

કર જોડી સ્તુતિ આદરે કરે સ્વામીની તેમ;
ગયા મંડળી સહ તથા રામેશ્વર પ્રભુ એમ. ૮૩

યાત્રા વિધિવત્ આચરી, ફરતાં પાછા જાણ
માર્ગે પરળી-વૈજનાથ જ્યોતિર્લિંગે માન ૮૪

આવ્યા વેગે લોક સહ; છોડી લોકસમુદાય
ગયા એકલા ગામમાં અતકર્યગતિ યતિરાય. ૮૫

વિપ્રપુત્ર મૃત એક ત્યાં વીસ વરસનો જાણ
સંસ્કારાર્થે દ્વિજગણો હતા બાંધતા માન. ૮૬

જીુએ સ્વામી પ્રત્યક્ષ એ, તોએ ભિક્ષા માન
માગે 'નારાયણ' કહી ! વદે વિપ્રસમુદાયઃ- ૮૭

દેખો સ્વામી આ તમે; વીસ વરસનો એહ
પામ્યો સુત પંચત્વ આ, પ્રેત બાંધીએ તેહ ! ૮૮

માગો ભિક્ષા આ સમે ! શું કહીએ અજ્ઞાન ?
આપ તપોનિધિ સર્વવિદ્ ! થાઓ કેમ અજાણ ? ૮૯

સૂણી વચન સ્વામી વદેઃ-વદો જૂઠ કાં એમ ?
ભિક્ષા દેવી ના પડે તેથી કરો છો તેમ ! ૯૦

હોય એહ જો જીવતો કરશો ભિક્ષાદાન ?
સૂણી લોક અન્યોન્ય ત્યાં વદેઃ- માન ના માન, ૯૧

સ્વામી આ શંકર નકી ભક્તાભિમાની તેહ;
નહિ તો આવી ના વદે નિર્ભય વાણી એહ ! ૯૨

એવો નિશ્ચય ઉર કરી વદે સ્વામીને ત્યાંયઃ-
દુઃખ થકી જો પ્રભુ કરે મુક્ત અમોને આંહ્ય ૯૩

આપીશું ભિક્ષા નકી તમને પૂજી તેમ;
દોડો વ્હારે હે પ્રભો ! ગરીબની આ એમ. ૯૪

૧. તેમની આજ્ઞા ને સંમતિ. ૨. વાઘના પગ ઉપર.

વદે સ્વામીઃ-કાં એહને બાંધ્યો નિરર્થ આંહ્ય ?
છોડી એને દૂર જઇ બેસો સઘળા ત્યાંય. ૯૫

જોઉં શું એને થયું ! સૂણી સર્વ બ્રાહ્મણ,
છોડી બંધન પ્રેતનાં, થાય દૂર તત્ક્ષણ. ૯૬

કૃપાનિધિ યતિવર તિહાં જઇ પ્રેતની પાસ,
જોઇ અમૃતદષ્ટિથી પ્રેરે જીવન ખાસ ! ૯૭

સાવધ થઇ બોલે તદા વિપ્રપુત્ર એ ત્યાંયઃ
થઇ અદશ્ય યતીંદ્ર ત્યાં આ તરફ ક્ષણ માંહ્ય, ૯૮

આવ્યા નિજ મંડળી મહીં ! વિપ્ર પરળીના એહ
થઇ આશ્ચર્યમગ્ન ત્યાં કહેઃ-યતીશ્વર તેહ ૯૯

ક્યાં મળશે અમને અહા ! વ્યાકુળ ચિત્તે એમ
કરે શોધ ત્યાં; વાડીની મંડળી માંહે તેમ ૧૦૦

જોઇ સ્વામીને તદા, કરી દંડવત્ જાણ
પ્રાર્થે ભિક્ષાર્થે તથા અત્યાગ્રહથી માન. ૧૦૧

જોઇ વાડીસ્થ લોક એ કરે સ્વગત વિચારઃ-
કરે અત્યાગ્રહ કેમ આ પ્રાર્થી વારંવાર ? ૧૦૨

એમ વિચારી તેમને કહેઃ- સ્વામીજી નિત્ય
થતાં પાક અમ ત્યાં કરે ભિક્ષા રાખી પ્રીત્ય. ૧૦૩

તેમ આજ પણ નિશ્ચયે કરશે ભિક્ષા એહ !
સૂણી વચન મનમાં ન રે' ધીરજ દ્વિજના તેહ. ૧૦૪

હર્ષોત્સાહે ત્યાં વદે, થયો કંઠ ગદ્ગદ,
આનંદાશ્રુ નેત્રથી વહે ત્યાંય દડદડ ! ૧૦૫

શું બોલું ? સ્વામી નકી [1]ઉમારમણ સાક્ષાત્ !
જીવાડ્યો મૃત પુત્ર આદ્ય હે વાડીસ્થ સુજાત ! ૧૦૬

શેં વાળું ઉપકાર એ ? સૂઝે કાંઇ ન એમ !
સૂણી વાડીના લોક ત્યાં કરે આશ્ચર્ય તેમ. ૧૦૭

પ્રાર્થે સ્વામીને સહુઃ- જઇ ભિક્ષાર્થ ત્યાંય,
ગ્રામસ્થોની કામના કરો પૂર્ણ યતિરાય ! ૧૦૮

સ્વીકારી સ્વામી તથા, વાડીસ્થો સહ જાણ
લઇ ભિક્ષા દ્વિજઘેર એ, આપી આશિષ માન, ૧૦૯

સર્વ મંડળી સહ તદા આવી વાડી માંહ્ય,
રહે નિજાનંદે ! લહે તન્મહિમા કો આંહ્ય ? ૧૧૦

શક સત્તારસો ને વળી સત્તાવીસમાં તેમ,
સમાધિસ્થ થયા તિહાં ચૈત્ર અમાસે એમ !! ૧૧૧

દેહવિસર્જન જ્યાહરે કર્યું તે સમે જાણ
વદ્યા સ્વામીઃ- સંધ્યા જિહાં કરૂં નિત્ય તત્સ્થાન ૧૧૨

ત્રિકાલ ઝાડીઝૂડીને છાંટી પાણી તેમ,
શુદ્ધ રાખશે જે સદા તે પર પ્રસન્ન એમ ૧૧૩

થઇ દત્ત, સદ્ગતિ નકી દેશે અંતે આંહ્ય !
કહી એમ તત્ક્ષણ થયા લીન આત્મમાં ત્યાંય !! ૧૧૪

આગળ ભક્તોએ તિહાં બાંધી સમાધિ જાણ;
સમારાધનાદિક કરે સકળ ભક્તિથી માન. ૧૧૫

પ્રતિવર્ષે એ ઉત્સવે વાસુદેવ સપ્રેમ
આવે વાડીક્ષેત્રમાં; પુણ્યધામ એ તેમ. ૧૧૬

પૂર્ણ શ્રદ્ધા ભક્તની જોઇ, આપ સમાન
કરે દત્ત જ્યાં ભક્તને; ક્ષેત્ર ન તત્સમ આન. ૧૧૭

પામ્યા સિદ્ધિ કંઇક ત્યાં; આગળ એ વિસ્તાર
સૂણતાં શ્રદ્ધાભક્તિથી થાય **રંગ** ભવપાર ! ૧૧૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે નારાયણસ્વામિવર્ણનં નામ અષ્ટોત્તરશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૦૮ ॥ દોહરા ૧૧૮

## અધ્યાય ૧૦૯

પ્રાર્થે કર જોડી તિહાં શિષ્ય નિરંજન એહઃ-
લીલા આગળ શી થઇ ? કહો સવિસ્તર તેહ. ૧

અલખ કહેઃ- સૂણ બાળ હે ! વદે સિદ્ધ જે વાક્,
વર્તે તત્સમ જે સુધી પામે ઇચ્છિત [2]દ્રાક્. ૨

પવિત્ર એ વાડી મહીં, શાસ્ત્રીબુવાનાં જાણ
વસે માસી સેવાર્થ દુર્ગાબાઇ [3]અભિધાન. ૩

આરાધી શ્રીદત્તને પરમાનંદે તેમ,
મીરાંબાઇ સમ તિહાં વસે ભક્તિરત એમ. ૪

નારાયણસ્વામી કરે સંધ્યા યત્ર સુજાણ,
આજ્ઞા સમ તે સ્થાનને રાખે નિર્મલ જાણ. ૫

તેથી દત્ત દયાનિધિ થઇ એ પર સંતુષ્ટ,
જ્ઞાન શુદ્ધ આપે સ્વયં; જેથી માસીબા હૃષ્ટ ૬

રહે સ્વાત્મબોધે સદા આનંદાપ્લુત જાણ;
યદ્દર્શનથી પાપીઓ થાય સુપાવન માન. ૭

સત્પુરુષાજ્ઞા સમ તિહાં રાખી સ્થાન એ શુદ્ધ
પામી ઉત્તમ ફળ તથા થયાં માસીબા બુદ્ધ. ૮

૧. ઉમાપતિ શંકર ભગવાન. ૨. તરતજ. ૩. નામ

વરસ સવાસો જીવીને પામ્યાં અક્ષયધામ !
સિદ્ધાજ્ઞા સમ વર્તતાં પૂર્ણશ્રદ્ધાથી આમ, ૯

પામે ફળ એવું નકી ભાવિક જન નિર્ધાર;
દૃષ્ટાંતો અગણિત તિહાં, કહેતાં નાવે પાર. ૧૦

એવા વાડીક્ષેત્રમાં વાસુદેવ ગુરુનાથ
પ્રથમારંભે આવતાં, દેખે ત્યાં સાક્ષાત્ ૧૧

નારાયણસ્વામી તણા મંદિરમાં યતિરાય
ગોવિંદસ્વામી નામથી ત્રિકાલજ્ઞ જે ત્યાંય. ૧૨

કરે દંડવત્ તેમને શાસ્ત્રીબુવા સપ્રેમ;
વદે યતીશ્વર ત્યાં હસીઃ- કરો વિચાર શો એમ ? ૧૩

આજ સ્થાન છે આપનું, લાવો આસન આંહ્ય !
એમ કહી નિવાસની કરે વ્યવસ્થા ત્યાંય. ૧૪

વાર્તાલાપ થતાં થયું [૧]સખ્ય બેઉનું તેમ;
એક દિવસ શાસ્ત્રીબુવા વદે સ્વામીને એમઃ- ૧૫

મંત્રોપદેશ કરો મને કૃપા કરી ભગવાન !
વદે યતીશ્વરઃ- ના મને એ અધિકાર સુજાણ. ૧૬

હશે તમારૂં જેહને અહીં અભિમાન પૂર્ણ,
કરશે અનુગ્રહ તે નકી જાણો તમ પર તૂર્ણ. ૧૭

સૂણીવચન શાસ્ત્રીબુવા કરે ન આગ્રહ તેમ;
થતાં શયનારતી તે દિને પાદુકા તણી એમ, ૧૮

બે પહોર રાત્રી જતાં, શાસ્ત્રીબુવા મન માંહ્ય
કરે વિચારઃ-સંનિધ જઇ પાદુકા તણી ત્યાંય ૧૯

બેસું જપ કરવા સુખે; એમ વિચારી જાણ
કૃષ્ણાવેણીતટ જઇ ધોઇ હાથપગ માન. ૨૦

આવ્યા પાછા મંદિરે, થયાં બંધ ત્યાં દ્વાર !
કરે વિચારઃ- કરૂં હવે પ્રદક્ષિણા જ બહાર. ૨૧

એમ વિચારી દેવની પરિક્રમાર્થે ત્યાંય
નીકળી, દક્ષિણ દ્વાર લગ આવ્યા જ્યાં ગુરુરાય, ૨૨

ત્યાં તો સંમુખ તેજની પ્રતિમા સમ ગંભીર
દેખે મૂર્તિ ભવ્ય ત્યાં; દિસે નેત્ર સુસ્થિર. ૨૩

પ્હેર્યાં ભગવાં વસ્ત્ર ને ભસ્મોદ્ધૂલિત દેહ;
કોટિચંદ્ર સમ મુખ અહા ઓપે સુહાસ્ય તેહ ! ૨૪

દેખી સ્વરૂપ એહવું, શાસ્ત્રીબુવા વંદન
કરે, ચિત્તમાં ના લહી દત્ત એહ ચિદ્‌ઘન !! ૨૫

વદે દત્તઃ- તું કોણ રે ? આવ્યો અહીંયા કેમ ?
શયનારતી થયા પછી અત્ર કોઇએ એમ ૨૬

આવવું નહીં એહવો નિયમ સ્થાનનો જેહ
ખબર તને શું એ નથી ? કાં આવ્યો વદ તેહ. ૨૭

વાસુદેવ બોલેઃ-અહીં આવ્યો પ્રથમ સુજાણ !
નિયમ સ્થાનના હે પ્રભો, ના જાણું હું માન. ૨૮

આજ પછી એવી ફરી થશે ભૂલ ના દેવ !
એમ કહી વંદન કરે; ત્યાં તો એ તતખેવ ૨૯

થયું ગુપ્ત સ્વરૂપ હા ! ચમત્કાર એ ત્યાંય
જોઇ, શાસ્ત્રીબુવા તણું ચિત્ત ભરાયું આંહ્ય ! ૩૦

થઇ ખિન્ન અંતર વિષે કરે વિચાર એમઃ-
થયા પ્રગટ શ્રીદત્ત આ, ના જાણ્યા મેં તેમ ! ૩૧

ગ્રહ્યા ચરણ ના નિશ્ચયે; થઇ બુદ્ધિ કાં ભ્રાન્ત ?
નડ્યું દુર્દૈવ હન્ત આ ! ભૂલ્યો કેમ નિતાન્ત ? ૩૨

હતભાગી હું, ના તથા સૂઝ્યું મુજને એહ;
દત્તાત્રેય કૃપાનિધે સર્વેશ્વર વરદેહ ! ૩૩

અનસૂયાત્મજ[૨] ભક્તવત્સલ ! ભૂલ્યો હું આજ;
વારંવાર નમું તને, રાખ ભક્તની લાજ !! ૩૪

કર અપરાધ ક્ષમા પ્રભો, ભક્તકલ્પદ્રુમ નાથ !
નામાનામાતીત હે, વંદું તુજને તાત !! ૩૫

બાલદોષ યદિ માત હે આણીશ ચિત્તે એમ,
રક્ષા કો કરશે પછી ? જીવીશ અનાથ કેમ ? ૩૬

દીનબંધુ ! અપરાધ જે મુજથી વારંવાર
થાય, ભૂલી તે દાસને દે સાન્ત્વન નિર્ધાર. ૩૭

દયાસદન, છોડી મને થયા ગુપ્ત કાં એમ ?
મનમોહન કરુણા કરો, ત્યજો દીન ના તેમ. ૩૮

કૃષ્ણાતીરનિવાસી હે ! માત પિતા મમ સર્વ
એક તમે; તમ વિણ હરે ભવભય કોણ જ, શર્વ ? ૩૯

જય જય દેવ દયાનિધે, પતિતપાવના નાથ !
વરદ હસ્ત મૂકી શિરે, હરો ભ્રાંતિ જગતાત !! ૪૦

ચોરોએ દ્વિજ મારતાં થઇ પ્રગટ ત્યાં જેમ
સંહાર્યા [૩]તસ્કર બધા, દોડો વેગે તેમ. ૪૧

શૂળે દ્વિજ વ્યાકુળ થતાં, દોડ્યા તત્ક્ષણ ત્યાંય;
હર્યો રોગ એનો ક્ષણે ! કરો વાર કાં આંહ્ય ? ૪૨

પતિવ્રતા સ્મરતાં તિહાં, થઇ પ્રગટ તત્કાળ,
ઊઠાડ્યો મૃત કંથ એ ! કેમ વિસારો બાળ ? ૪૩

દોડી સત્વર ચિત્તને કરો શાન્ત આ તેમ;
કૃપાવંત ભગવંત હે, લહું ન બોલું કેમ ! ૪૪

**૧. મૈત્રી ૨. અનસૂયાના પુત્ર. ૩. ચોર.**

આપ સર્વવિદ્ હૃદયનું જાણો સઘળું નાથ;
ચિંતા મારી આપને ! હું તો દીન અનાથ ! ૪૫

કરી પ્રાર્થના એમ ત્યાં, નમે સાષ્ટાંગ જાણ;
આવી મઠમાં વેગથી, ગોવિંદયતિ સહ માન. ૪૬

મૌનીસ્વામીને કહે સકળ એહ વૃત્તાન્ત;
વદે ગોવિંદસરસ્વતીઃ-રીઝ્યા દત્ત નિતાન્ત. ૪૭

દેખી ભક્તિ આપની, આપી દર્શન ત્યાંય,
થયા ગુપ્ત તત્ક્ષણ નકી ! શંકા લેશ ન આંહ્ય. ૪૮

શાસ્ત્રીબુવા બોલે તિહાંઃ- આપકૃપાફલ એહ;
કર્યો સ્પર્શ ના મેં પદે, ખેદ એક જ તેહ. ૪૯

વદે સ્વામીઃ- એ પણ થશે ઈચ્છા પૂર્ણ સુજાણ
વખત આવતાં નિશ્ચયે; કરો ન ત્યાં અનુમાન. ૫૦

સુણી વચન સ્વામી તણાં, થઈ હૃષ્ટ તત્કાળ,
કરી સ્મરણ શ્રીદત્તનું શાસ્ત્રીબુવા નિર્ધાર. ૫૧

કરે શયન શાન્તિ થકી; પ્રાતઃકાલે ત્યાંય
પડ્યું સુસ્વપ્ન તેમને; દેખે ત્યાં વરકાય. ૫૨

દત્ત દયાનિધે તેજની મૂર્તિ પ્રત્યક્ષ જેહ;
શોભે ષડ્ભુજ હાસ્યયુત વદનકંજ[1] શુભ તેહ. ૫૩

જટાભાર શિર પર લસે શેષછત્ર સોહાય;
પ્હેર્યું પીતાંબર અહા ! કર્ણે કુંડલ ત્યાંય ૫૪

મકરાકાર વિરાજતાં; [2]કરે કેયૂર તેમ;
વૈજયંતી માળા ગળે [3]સહસ્રાર્ક સમ એમ ! ૫૫

ભસ્મ સુગંધી અંગ પર ! એવા દત્ત દયાળ
પ્રગટતાં જ શાસ્ત્રીબુવા ગ્રહે ચરણ તત્કાળ. ૫૬

બોલે દત્તઃ- સુભક્ત હે ! આજે રાતે જાણ
પ્રદક્ષિણા સમયે તને આપ્યું દર્શન માન. ૫૭

થઈ પ્રગટ આ ફરી કરૂં મંત્રોપદેશ એમ;
એમ કહી ત્રણ વાર ત્યાં વદે મંત્ર સપ્રેમ. ૫૮

દક્ષિણ કર્ણે એમના કરી મંત્રઉચ્ચાર,
કહેઃ- સવિસ્તર મંત્રનું વિધાન જઈ તત્કાળ ૫૯

ગોવિંદસ્વામી પાસ તું, સ્વયં લખી લે ત્યાંય !
એમ કહી તત્ક્ષણ પ્રભુ ત્યાં જ અદશ્ય થાય. ૬૦

જાગ્યા શાસ્ત્રીબુવા તિહાં દત્ત કહી એહ;
જોયું સ્વપ્ને રૂપ જે દેખે ચોગમ તેહ. ૬૧

દિસે ક્યાંય ના એ તદા, થયું સુગુપ્ત ત્યાંય;
કરી દુઃખ શાસ્ત્રીબુવા વદેઃ- દેવ હે હાય ! ૬૨

કર્યાં પાપ મેં શાં અરે, આપી દર્શન એમ
થયા ગુપ્ત તત્ક્ષણ પ્રભુ દત્ત દયાનિધે તેમ ? ૬૩

આવે આડે નિશ્ચયે પૂર્વકર્મપ્રતિબંધ,
એમ કહી [4]હૃત્કમલમાં ધ્યાય દત્ત ભગવંત. ૬૪

કરે ઉપદિષ્ટ મંત્રનો જાપ એકાગ્ર તેમ;
થાતાં સૂર્યોદય કરી સ્નાનસંધ્યાદિ એમ, ૬૫

ગોવિંદસ્વામીસંનિધે[5] આવે તત્ક્ષણ જાણ;
વદે જોતાં જ એમને યતિવર એહ સુજાણઃ- ૬૬

ઉપદેશ્યો જે મંત્ર આજે સ્વપ્ને ત્યાં એમ,
વિધાન તેનું જોઈ લો આ પોથીમાં તેમ. ૬૭

અમુક પૃષ્ઠ પર એ લખ્યું; જોઈ તદનુસાર
લખી સ્વહસ્તે લો તમે; ભૂલ ન થાય લગાર. ૬૮

એમ કહી મંદસ્મિતે આપે પોથી ત્યાંય;
જોઈ એહ શાસ્ત્રીબુવા કહે, ધન્ય યતિરાય ! ૬૯

થઈ ગળગળા ચિત્તમાં કરે વિચાર એમઃ-
નકી પ્રત્યક્ષ દત્ત આ મન્નિમિત્તે તેમ ૭૦

થઈ તીર્ણ આવ્યા અહીં ! કરી એમ નિર્ધાર,
સાષ્ટાંગ પ્રણતિ[6] કરી કથે વૃત્ત તત્કાળ ૭૧

ગોવિંદસ્વામીને તિહાં બન્યું સ્વપ્નમાં જેહ;
સૂણી સ્વામી વદે તદા શાસ્ત્રીબુવાને તેહઃ- ૭૨

કહું એક તમને હવે, કરો આજથી તેમ;
નિત્ય દત્તપૂજા કરી, કરી ધ્યાન સપ્રેમ, ૭૩

ઈતર શાસ્ત્ર વિલોકવાં મૂકીને તત્કાળ
કરો ઉપનિષદ્ભાષ્યનો વિચાર વારંવાર. ૭૪

સકળ શાસ્ત્રમાં એ થકી થાશે ગતિ નિશ્ચિત !
સૂણી શાસ્ત્રીબુવા કરે માન્ય એ ત્વરિત. ૭૫

આવી માણગ્રામમાં નિત્ય નિયમથી તેમ,
શ્રીદત્તાર્ચન જપ અને કરે ધ્યાન સપ્રેમ. ૭૬

ઉપનિષદ્ભાષ્યવિચારણા કરી સદૈવ જાણ
કાલક્રમણ કરી સ્વયં, અન્ય જનોને માન ૭૭

ઉપાસનામાર્ગે ચઢાવે રાખીને પ્રેમ,
કરે કર્મ શ્રેષ્ઠો યથા વર્તે લોકો તેમ ! ૭૮

માણગાંવમાં ત્યાં હતો શૂદ્ર એક તું જાણ;
કરી પ્રસન્ન પિશાચને, નિત્ય દુષ્ટ એ માન. ૭૯

ગામલોકની વસ્તુઓ કહે આણવા તેમ;
તદનુસાર પિશાચ એ લાવી ધાન્યાદિ એમ ૮૦

૧. મુખકમળ ૨. હાથે ૩. હજાર સૂર્ય જેવી. ૪. હૃદયમાં. ૫. પાસે. ૬. પ્રણામ.

આપે પ્રતિદિન શૂદ્રને; પામે લોકો ત્રાસ;
શાસ્ત્રીબુવાની બીકથી ના આવે ત્યાં ખાસ. ૮૧

શાસ્ત્રીબુવાના ઘર તણી પડોશમાં ઘર જેહ,
ત્યાં પણ ના આવે કદી ડરથી પિશાચ તેહ. ૮૨

અન્ય સર્વના ઘર થકી, ખેતરમાંથી તેમ,
લાવી ધાન્યાદિક કરે કાયર જનને એમ. ૮૩

બાર વરસ એવાં ગયાં, કરે શૂદ્ર એ લ્હેર;
વદે ભૂત દિન એક ત્યાં, આપ કર્યા વિણ દેર ૮૪

મનુષ્ય બલિ મુજને અરે ! કરે માન્ય ના તેહ;
બોલે પિશાચ ત્યાં ફરીઃ- કરે કેમ સંદેહ ? ૮૫

મળે મનુષ્ય ન જો તને, ત્વત્પુત્રો જે ચાર
તેમાંથી દે એકને બલિ, મા કર તું વાર. ૮૬

તોએ શૂદ્ર સૂણે નહીં; તેથી પિશાચ ક્ષુબ્ધ
થઈ ભયંકર ગર્જના કરી બરાડે ક્રુદ્ધ. ૮૭

કહેઃ-શૂદ્ર શતમૂર્ખ રે ! બાર વરસ તેં એમ,
નિજ સેવકવત્ મત્કરે કામ કરાવ્યાં તેમ. ૮૮

મનુષ્ય બલિ જો ના દઉં, કરીશ નિર્વંશ જાણ !
એમ કહી એ ભૂત ત્યાં તત્સુત ચારે માન ૮૯

મારી, મનુષ્ય ઘર તણાં મારે સઘળાં તેમ;
હણે શૂદ્રને પણ તદા અંતે ક્રોધે એમ ! ૯૦

ભૂતસાધના પરિણમે એમ દુઃખમાં જાણ;
માટે ભૂતાદિ મંત્રનો કરવો પ્રયોગ ન માન. ૯૧

રીઝે ઈશ્વર જે થકી, તેવું શાસ્ત્રોક્ત કર્મ
કરવું ભાવે સર્વદા જેથી પામે શર્મ. ૯૨

ભૂતાદિકવિદ્યા મહીં દિસે લાભ તત્કાળ;
તોય નિર્વંશ થઈ પડે અંતે નરકે, બાળ ! ૯૩

ગીતામાં હરિએ કહ્યુંઃ- ભજે જે મને જેહ
પામે તેવી તે ગતિ; ના એમાં સંદેહ. ૯૪

માટે શુદ્ધ ઉપાસના કરી સ્વયં સપ્રેમ,
દેખાડે જનને સદા શાસ્ત્રીબુવા એ એમ. ૯૫

કરે અનુગ્રહ પૂર્ણ ત્યાં અલ્પ કાળમાં જાણ,
શાસ્ત્રીબુવા પર એ થકી, એહ દત્ત ભગવાન. ૯૬

થતાં કૃપા શ્રીદત્તની, ઉપનિષદોનો તેમ
થયો સિદ્ધ અભ્યાસ ને વધી કીર્તિ પણ એમ. ૯૭

અનેક વિદ્યા મેળવી કરે લોકોપકાર
શાસ્ત્રપ્રતીતિ લોકને દેખાડે તત્કાળ. ૯૮

થઈ ખ્યાતિ બહુ લોકમાં, ગામગામથી તેમ
આવે લોકો દર્શને અસંખ્ય પ્રતિદિન એમ. ૯૯

ઉપાસના દૃઢ જોઈને, સ્વયં દત્ત ભગવાન
આપી દર્શન એમને, પ્રસન્ન વદને માન ૧૦૦

કહેઃ- સર્વ વિદ્યા તને થઈ પ્રાપ્ત સંપૂર્ણ
સાધ અષ્ટાંગ યોગ તું હવે ભક્ત હે તૂર્ણ. ૧૦૧

એ વિણ સર્વજ્ઞપણું થાય પ્રાપ્ત ના જાણ;
યોગ સાધના કર તથા ! એમ કહીને માન ૧૦૨

નિયમો યોગાભ્યાસના દેખાડે પ્રભુ ત્યાંય;
જોઈ સર્વ શાસ્ત્રીબુવા કરે નમન નતકાય. ૧૦૩

પામ્યા અંતર્ધાન ત્યાં દત્તપ્રભુ તત્કાળ;
વાસુદેવ તત્સમ કરે નિત્ય અભ્યાસ સાર. ૧૦૪

સિદ્ધ ત્વરિત થયો તિહાં પ્રાણાયામ સુજાણ;
મુંબાપુરીથી શાસ્ત્રી ત્યાં આવ્યા ઢોરે જાણ. ૧૦૫

શાસ્ત્રીબુવાને પ્રાર્થીને અભ્યાસાર્થે તેમ
રહ્યા સંનિધે, **રંગ** એ આગળ અપૂર્વ એમ. ૧૦૬

મંત્રોપદેશાદિક અહીં કહ્યાં સારાંશરૂપ;
સૂણતાં ભક્તિભાવથી થાય શુષ્ક ભવકૂપ ! ૧૦૭

ગુરુલીલાનો પાર ના મૂક વર્ણને શેષ !
લોકાર્થે ત્ર્યવતાર[1] એ, ભજવે માનુષવેષ !! ૧૦૮

ઈતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
મંત્રોપદેશાદિવર્ણનં નામ નવાધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૦૯ ॥ દોહરા ૧૦૮

## અધ્યાય ૧૧૦

વંદી અલખપદ ભાવથી વદે નિરંજન એહ;
આવ્યા ઢોરેશાસ્ત્રી ત્યાં અભ્યાસાર્થે તેહ, ૧

બન્યું તે પછી શું પ્રભો ? કહો સવિસ્તર તેમ.
કહે અલખઃ- સૂણ બાળ હે ! શાસ્ત્રીબુવા સપ્રેમ ૨

ઢોરેશાસ્ત્રીને તદા વદે અભ્યાસ જાણ;
એક દિવસ ઢોરે કહે કરતાં વાતો માનઃ- ૩

સદ્‌ગુરુ સમર્થ ! દાસને થાએ ચિંતા એક;
કરો આપ અભ્યાસ પણ ખાઓ ઘી ના છેક. ૪

બેસો અભ્યાસે યદા થાય સંકુચિત દ્વાર
પૂર્ણ ગુદાનું ત્યાહરે; ઘી વિણ ત્યાં નિર્ધાર. ૫

મૂળવ્યાધિ[2] તમને થશે, લાગે મુજને એમ;
માટે સેવી અલ્પ ઘી બેસો યથેષ્ટ તેમ. ૬

૧. દત્તનો અવતાર. ૨. હરસ; મસા.

ઢોરેશાસ્ત્રીની સલાહ માની સુયોગ્ય જાણ,
લઇ અલ્પ ઘી બેસવા અભ્યાસે ત્યાં માન ૭

કરે વિચાર શાસ્ત્રીબુવા; ગમ્યું ન પ્રભુને એહ !
આપી દૃષ્ટાંત એમને દત્ત દયાઘન તેહ, ૮

ઢોરેશાસ્ત્રી આ તને યોગાભ્યાસની રીત
કહે અનુત્તમ[૧] નિશ્ચયે ! વદે એમ વિપરીત. ૯

ના સમજ્યા તોએ તદા શાસ્ત્રીબુવા એ જાણ;
માની દત્તાજ્ઞા તિહાં શાસ્ત્ર્યાજ્ઞા સમ માન. ૧૦

અન્ય દિને લઇ અલ્પ ઘી કરે જ્યાંય અભ્યાસ,
થયો ગડગડાટ પેટમાં, ઊઠ્યા સત્વર ખાસ. ૧૧

થયો જુલાબ તત્ક્ષણે ! એમ ઘડી ઘડી જાણ
ઝાડાની હાજત થઇ, પામ્યા ત્રાસ મહાન ! ૧૨

થયો સંગ્રહણી છેવટે શાસ્ત્રીબુવાને એમ;
રહી શક્તિ ના દેહમાં દૈવયોગથી તેમ ! ૧૩

ઊભા પણ રે'વા તણી શક્તિ ન મળે જ્યાંય,
આપે આજ્ઞા દેવ ત્યાં જાવા વાડી માંહ્ય ! ૧૪

નારાયણસ્વામી તણો આવ્યો ઉત્સવ પાસ;
વદે દત્તઃ- જા તું તિહાં, આપી દૃષ્ટાંત ખાસ. ૧૫

કરે વિચાર શાસ્ત્રીબુવાઃ-આવી સ્થિતિમાં આંહ્ય
ગામ બહાર જવા તણી શક્તિ ન મુજમાં હાય ! ૧૬

ઊભું રે'વું અશક્ય જ્યાં, સહ્યાદ્રિનો ઘાટ
દશ યોજન ચઢી કેમ એ [૨]ક્રમુ વિકટ વનવાટ ? ૧૭

ઊઠ ચાલ મન નિશ્ચયે, આવ્યો ઉત્સવ પાસ;
શો વિચાર માંડ્યો અહીં ? થશે થનારૂં ખાસ ! ૧૮

રહે પ્રાણ વા ના રહે, સદ્‌ગુરુ દેવાધિદેવ;
શુદ્ધ ભાવ તત્પદ મહીં રાખી ઊઠ તતખેવ. ૧૯

ભંગ તદાજ્ઞાનો કદિ કરવો ઉચિત ન એમ;
યત્સ્મરણે ભવભય ટળે ! ચિંતા તો પછી કેમ ? ૨૦

ગુર્વાજ્ઞાલંઘન કરે શિષ્ય જેહ હરામ,
[૩]ઇહ પર સૌખ્ય ન તેહને; પામે કષ્ટો આમ ! ૨૧

અરે તુંજ વિચાર જો, યોગાભ્યાસનિયમ
કહ્યા શ્રીગુરુએ તને સ્વયં ઉત્તમોત્તમ. ૨૨

તોએ ઢોરેશાસ્ત્રીનું કહેવું કર્યું કબૂલ
મૂરખ તેં; માટે પડી આવી આપદા ક્રૂર ! ૨૩

કર્યો હોત સુવિચાર જો પ્હેલેથીજ સુજાણ,
થાત દુર્દશા ના કદિ તારી આવી માન. ૨૪

માટે મન તું આજથી કર દૃઢ નિશ્ચય આંહ્ય;
ગુર્વાજ્ઞા વિણ ના કરૂં કાર્ય, ભલે [૪]અસુ જાય ! ૨૫

હોય જેહ ગુરુપુત્ર તે માની વચન મુજ અત્ર,
એમ વર્તતાં નિશ્ચયે થશે સુખી સર્વત્ર. ૨૬

એવો વિચાર ઉર કરી શાસ્ત્રીબુવા ત્યાં જાણ,
છોડી ગામ વાડી જવા પકડે રસ્તો માન. ૨૭

ગામ બહાર જતાં જરા, આવ્યો માણસ એક;
કહે પ્રેમથી એ તદા શાસ્ત્રીબુવાને દેખઃ- ૨૮

લેતાં ઓસડ આ થશે રોગ દૂર તત્કાળ;
સૂણી શાસ્ત્રીબુવા કરે મનમાં ત્યાંય વિચારઃ- ૨૯

આજ્ઞા ગુરુની ના મને, ભક્ષું ઔષધ કેમ ?
આગ્રહ મનુષ્ય આ કરે ! કરતાં વિચાર એમ. ૩૦

થાએ અવાજ કર્ણમાંઃ- ભક્ષ ઔષધી તૂર્ણ.
સૂણી શાસ્ત્રીબુવા વદેઃ-પ્રભો ! પ્રારબ્ધ પૂર્ણ ૩૧

ભોગવીશ હું નિશ્ચયે, લઉં ન ઓસડ એમ;
છે આજ્ઞા જો આપની, આવું પાછો તેમ ૩૨

ઘેર વાડીથી જ્યાં સુધી રોગ ત્યાં સુધી એહ
થજો દૂર; ઘર આવતાં ફરી પૂર્વવત્ તેહ ૩૩

થાજો પ્રવિષ્ટ દેહમાં શેષભોગાર્થે આંહ્ય !
સૂણી દયાઘન ઓચરેઃ- થશે એવું જ ત્યાંય. ૩૪

લે ઓસડ તું તોય આ, આજ્ઞા માની પ્રમાણ !
વાસુદેવ તત્ક્ષણ તદા ભક્ષે ઔષધ જાણ. ૩૫

શમ્યો રોગ તેથી તિહાં, આવ્યા વાડી તેમ
ઉત્સવસમયે એકદમ વિના વિલંબે એમ. ૩૬

દત્તપાદુકાને કરી નમન પ્રાર્થના સાથ,
પુનઃ પુનઃ અપરાધની માગે ક્ષમા સુજાત. ૩૭

ત્યાંથી મઠમાં આવીને, ગોવિંદયતિને તેમ
મૌનીસ્વામીને દંડવત્ કરે પ્રેમથી એમ. ૩૮

યથાસાંગ ઉત્સવ થતાં કરી દત્તસ્તવન,
વંદી ગુરુપદ ભાવથી, લઇ આજ્ઞા તત્ક્ષણ, ૩૯

આવ્યા માણગ્રામમાં નિજ ગેહે જ્યાં જાણ,
થઇ સંગ્રહણી પૂર્વવત્ પીડા થાય મહાન ! ૪૦

વારંવાર જવું પડે જંગલ નિશદિન તેમ;
ફરી ક્ષીણતા દેહમાં આવી અતિશય એમ !! ૪૧

બાર માસ એવા ગયા, થયો દૃષ્ટાંત ત્યાંયઃ-
કર્મભોગ પૂરો થયો તારો નિશ્ચય આંહ્ય. ૪૨

૧. જેનાથી ઊંચી બીજી નથી એવી. ૨. ઓળંગું ૩. આ લોક ને પરલોકમાં. ૪. પ્રાણ.

દહીંસૂરણ જલદી હવે કર ભક્ષણ તું તેમ;
રોગ શાંત તેથી થશે, માન મમાજ્ઞા એમ. ૪૩

દત્તાજ્ઞા એવી થતાં લે ઔષધ એ તેહ;
થયો વ્યાધિ નિઃશેષ ને થાય દિવ્યતમ દેહ ! ૪૪

ખેચરીમુદ્રાભ્યાસ ત્યાં કરે નિયમથી તેમ;
કરી પૂર્ણ લોકોપકાર કરવા લાગ્યા એમ. ૪૫

યોગસિદ્ધિ કરતલ થતાં, સર્વગુણાપ્તિ જાણ;
આવી પૂર્ણ સર્વજ્ઞતા અલ્પ કાળમાં માન. ૪૬

પૂર્વના જ સર્વજ્ઞ એ યોગેશ્વર સાક્ષાત્,
લીલામાનવવેષધર દત્તાત્રેય અજાત ! ૪૭

દેવા શિક્ષણ લોકને વર્તે પોતે તેમ;
કરી સિદ્ધ અભ્યાસ એ કથે અન્યને એમ !! ૪૮

ફેલાઇ કીર્તિ બધે શાસ્ત્રીબુવાની આંહ્ય;
કામિક[1] લોકો દર્શને આવે પ્રતિદિન ત્યાંય. ૪૯

સંત મહંત મહામુનિ બ્રહ્મજ્ઞાની તેમ,
શાસ્ત્રી મુમુક્ષુ પંડિતો આવે પ્રેમે એમ. ૫૦

કરી જ્ઞાનગોષ્ઠિ ઘડી, જાએ પાછા જાણ;
આજરેંકર બુવા તિહાં સંત એક મહાન. ૫૧

આવે વારંવાર એ મળવા માટે ખાસ;
સહ્યાદ્રિના ઘાટ પર આજરેં ગ્રામ પાસ ૫૨

રામતીર્થ નામે સ્થળે રહે તપોબલિ એહ;
ગૌડ બ્રાહ્મણ જાતિના, જટામૌલિ વરદેહ. ૫૩

પરમ ઉપાસક એ હતા મહાવીરના જાણ;
થઇ પ્રસન્ન એહ પર મહારુદ્ર હનુમાન ૫૪

વચનસિદ્ધિનો વર મુદા આપી વદે સપ્રેમઃ-
કરજે ધ્યાન માહરૂં પડતાં જરૂર તેમ. ૫૫

કહી એમ હનુમાન ત્યાં થયા ગુપ્ત તત્કાળ;
ધરે ધ્યાન હૃદયે યદા બુવા એહ નિર્ધાર, ૫૬

થાય તદ્રૂપ ત્યાહરે મારુતિથી એ જાણ;
રહે ન કિંચિત્ તેમને તદા દેહનું ભાન. ૫૭

એવે સમયે શેરશેર ભક્ષે સિંદૂર એહ;
શેર બશેર તેલ પણ પીએ તે સમે તેહ. ૫૮

ફાવે તેવી વસ્તુઓ ઝોળીમાંથી ત્યાંય
કાઢી આપે લોકને; વદે જે મુખે આંહ્ય ૫૯

થાય સત્ય તે તેમનું; ઉંમરનો ના પાર
લાગે શોધતાં એમની; વૃદ્ધ જેહ નિર્ધાર ૬૦

સો વરસની પૂર્વના વદેઃ- એમને જેમ
જોયા તે સમયે, અમે દિસે આજ પણ તેમ ! ૬૧

લેશ કાંતિમાં ફેર ના, એવા અદ્‌ભુત એહ;
શાસ્ત્રીબુવા પર એમને હતો નિઃસીમ સ્નેહ. ૬૨

માટે મળવા ભાવથી આવે વારંવાર;
સખ્યભક્તિથી બેઉએ કરે ગોષ્ઠી નિર્ધાર. ૬૩

પાડગાંવમાં એકદા આજરેંકર એહ,
ફરતા ફરતા જઇ ચઢ્યા દત્તમંદિરે તેહ. ૬૪

દત્તમૂર્તિ ખૂણા મહીં પડી રહી’તી ત્યાંય;
જોઇ અવ્યવસ્થા બધે બુવા એહ વરકાય. ૬૫

ગામલોકને તેડીને કહેઃ- મૂર્તિની એમ
અવ્યવસ્થા રાખવી ઠીક ન તમને તેમ. ૬૬

હોય પુરાતન મંદિરો જે ગામે, જન ત્યાંય
રાખે વ્યવસ્થા જો નહિ, નકી દુર્દશા થાય ૬૭

ગ્રામ સમસ્તની તદા; ના એમાં સંદેહ !
સૂણી વચન ગ્રામસ્થ એ વદે નમન કરી તેહઃ- ૬૮

સાક્ષાત્ મારુતિ આપ છો, તેથી આપને હાથ
થાય પ્રતિષ્ઠા મૂર્તિની એમ ઇચ્છીએ તાત. ૬૯

કહે આજરેંકર કરો મૂર્તિ સ્થાપિત તેમ;
રહીશ હાજર હું નકી ! સૂણી ગ્રામજન એમ, ૭૦

મૂર્તિસ્થાપનોત્સવ તણી કરે તૈયારી ત્યાંય;
અન્નાદિક સામગ્રીની કરે વ્યવસ્થા જ્યાંય, ૭૧

ગોસાવી જાગીરદાર પાડગાંવના જેહ,
પડી ખબર તેને તિહાં, ધનોન્મત્ત અતિ તેહ. ૭૨

ગમ્યું એહ ના એહને ! મૂર્તિસ્થાપન માંહ્ય
વાજાંવાળાને જતાં અટકાવે એ ત્યાંય. ૭૩

પડી બુવાને જ્યાહરે ખબર એહની જાણ,
બોલાવી એ લોકને વદે બુવા ત્યાં માનઃ- ૭૪

દેવકાર્ય આ નિશ્ચયે; નહિ આવો જો એમ,
પડશો વિપત્તિમાં નકી; કહું સત્ય સપ્રેમ. ૭૫

ના ગણકાર્યું તોય એ લોકોએ ત્યાં જાણ;
પાંડગાંવમાં તત્ક્ષણે ચાલ્યો રોગ મહાન. ૭૬

વાજાંવાળા પ્રથમ એ ઝડપાયા ત્યાં એમ;
થઇ ભયભીત બુવા કને આવ્યા સત્વર તેમ. ૭૭

આવી શરણ માગે ક્ષમા કરી દંડવત્ ત્યાંય;
કહેઃ- તાર માબાપ હે, હરી રોગભય આંહ્ય. ૭૮

૧. કામના (ઇચ્છા) વાળા.

આજ્ઞા વિરુદ્ધ ના હવે કદિ વર્તીએ જાણ;
સુબુદ્ધ તું, અજ્ઞાની અમે ! કર ક્ષમા હનુમાન ! ૭૯

સૂણી પ્રાર્થના એમની દ્રવ્યા બુવા મન માંહ્ય;
કહે એમનેઃ- જો તમે ઉત્સવસમાપ્તિ થાય ૮૦

વગાડશો વાજાં અહીં રહી ત્યાં સુધી એમ,
હરીશ રોગભીતિ; બધી સ્થાપીશ શાંતિ તેમ. ૮૧

સૂણી વચન બુવા તણાં, ફરી બુદ્ધિ તત્કાળ
હીન જનોની એ તિહાં ! વદે સર્વ નિર્ધારઃ- ૮૨

આવીશું નિશ્ચય હવે ઉત્સવમાં સપ્રેમ;
વગાડીશું વાજાં નકી સતત દયાબ્ધે તેમ. ૮૩

એમ કહી વંદન કરે ફરી દંડવત્ ત્યાંય;
આપે ભસ્મ બુવા તદા, રોગશાંતિ ત્યાં થાય ! ૮૪

વાજાંવાળા હર્ષથી આવ્યા સઘળા તેમ;
વાદ્ય વગાડે મોદથી ! ઉત્સવારંભ એમ ૮૫

થયો મહોત્સાહે તિહાં; જાગીરદાર સુદુષ્ટ
જાણી વૃત્ત એ પેટમાં બળે દ્વેષથી રુષ્ટ !! ૮૬

બોલાવી દ્વિજને વદે સર્વ ગામના એહઃ-
કરે રસોઇ જે અહીં વિપ્ર પતિત છે તેહ; ૮૭

માટે જમતાં ઉત્સવે કરજો વિચાર સર્વ !
સૂણી વિપ્ર જમવા ન એ ગયા રાખી ઉર ગર્વ. ૮૮

માટે શૂદ્રોને બધું અન્ન વ્હેંચી દઇ એહ,
બેઠા અરણ્યમાં જઇ બુવા ખિન્ન થઇ તેહ. ૮૯

ગામેગામ વાત એ ફેલાઇ તત્કાળ;
જાણી વાસુદેવે યદા, દોડ્યા એ નિર્ધાર. ૯૦

સમજાવીને પ્રેમથી, માણગાંવમાં તેમ
આણી બુવાને નિજ કને રાખ્યા ભાવે એમ. ૯૧

સમાધાન પામી અહીં રહ્યા બુવા સંતુષ્ટ;
પાડગાંવના લોક પર થયા દેવ ત્યાં રુષ્ટ. ૯૨
એક પછી બીજી તિહાં આવે આફત તેમ;
થઇ લોક કાયર તથા, માણગાંવમાં એમ ૯૩
આવી, બુવાના પગ વિષે મૂકી મસ્તક જાણ,
પ્રાર્થેઃ- દીનદયાળ હે ! પાડગ્રામ સુજાણ ૯૪
એક વાર પધારીને, ટાળો સંકટ નાથ !
એમ કહી ફરી ફરી નમે; સૂણે બુવા ન વાત ! ૯૫
સકળ લોક એ છેવટે શાસ્ત્રીબુવાને તેમ
કરે વિનંતિ આદરે પધારવા ત્યાં એમઃ- ૯૬
દીનબંધુ કરુણાનિધે, લઇ બુવાને સાથ
આવો પાડગ્રામમાં; આપ દત્ત સાક્ષાત્ ! ૯૭
તારો અમને દીનને, આવ્યા શરણે આંહ્ય !
સૂણી વિનંતિ એમની શાસ્ત્રીબુવા એ ત્યાંય, ૯૮

કહે બુવાને પ્રેમથીઃ- દિસે દુઃખી આ સર્વ;
કૃપા કરી ચાલો તમે પાડગાંવ, હે શર્વ ! ૯૯

હુંએ સાથે આવું ત્યાં ! સૂણી વચન એ ત્યાંય,
શાસ્ત્રીબુવાને લઇ બુવા પાડગાંવમાં જાય. ૧૦૦

દત્તમંદિરે ઊતરે; જાણે જાગીરદાર !
લઇ વિપ્રદ્વય સાથ એ જાય તિહાં તત્કાળ. ૧૦૧

વદે બુવાને ક્રોધથીઃ- રે પાખંડી મૂર્ખ !
કરી ધતીંગો લોકમાં મારે બડાઇ ધૂર્ત ? ૧૦૨

ખેંચીશ દાઢી તાહરી, જા અહીંથી તત્કાળ !
ફાવે તેવું એમ ત્યાં બોલે જાગીરદાર. ૧૦૩

સૂણી આજરેંકર બુવા થયા ક્રોધથી લાલ;
ક્રોધમુદ્રા એમની જોઇ વદે તત્કાળ ૧૦૪

દુષ્ટ જાગીરદારને શાસ્ત્રીબુવા તત્ક્ષણઃ-
અરે, વિપ્રને આ વૃથા કેમ વિના કારણ ૧૦૫

આપો ગાળો ક્રોધથી ? કરો ભવિષ્યવિચાર;
બ્રહ્મદ્વેષે આમ નહિ કાઢો કાંઇ સાર ! ૧૦૬

સૂણી એહ જાગીરદાર થયો ચૂપ ત્યાં તેહ;
વદે બુવાને એ તદા શાસ્ત્રીબુવા સસ્નેહઃ- ૧૦૭

મહારાજ ! આજે અહીં આપશરીરે એક
ક્રોધરૂપી ચાંડાળ આ પેઠો સુદુષ્ટ છેક. ૧૦૮

કરો સ્નાન માટે પ્રભો ! શાસ્ત્રીબુવાનાં એમ
સૂણી વચન, સાધુબુવા કરે સ્નાન ત્યાં તેમ. ૧૦૯

લઇ ભસ્મ કરમાં પછી, દેવા શાપ ઉદિત
થયા જાગીરદારને; શાસ્ત્રીબુવા ત્વરિત ૧૧૦

જોઇ મધુર શબ્દે વદે સાધુબુવાને ત્યાંયઃ-
દેતાં શાપ તથા પ્રભો, નકી તપોલય થાય. ૧૧૧
તપોનિધિ છો આપ તો ! વદો ન શાપવચન;
જેનાં જેવાં કર્મ તે ફળ તેવું તત્ક્ષણ ૧૧૨
પામે નિજ કર્મે કરી; બેઠો ઈશ સમર્થ
કરવા શિક્ષા દુષ્ટને ! કરો ક્રોધ કાં વ્યર્થ ? ૧૧૩
સૂણી અમૃતવેણ એ થયા બુવા ત્યાં સ્વસ્થ;
બેઉ તપોભાસ્કર તદા છોડી ગામ માર્ગસ્થ ૧૧૪
થતાં, પાડગ્રામે તિહાં લાગી ભયંકર આગ;
જાગીરદાર સહ દુષ્ટનાં થયાં દગ્ધ ગૃહ દ્રાગ્ ! ૧૧૫
બ્રહ્મદ્વેષી દુર્જનો થયા સર્વ બેહાલ;
રહ્યો ન જાગીરદારની દુર્દશાનો પાર !! ૧૧૬

ખાવા ધાન મળે નહીં, થયો સુદુઃખિત એમ;
સાધુછલ કરનારનું થાય ન સારૂં તેમ ! ૧૧૭

સંતોની અવહેલના કદિ ન કરવી જાણ;
વૃત્ત્યનુકૂલ થઈ સદા રે'વું ભાવે માન. ૧૧૮

ગયા આજરેંકર બુવા સ્વસ્થાને એ તેમ;
શાસ્ત્રીબુવા સ્વગ્રામમાં આવ્યા સત્વર એમ. ૧૧૯

જાય વાડીમાં નિયમથી, આગળ એ સંધાન;
શ્રવણે **રંગ** ન કો તરે ? થાય અજ્ઞ સજ્ઞાન !! ૧૨૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે યોગાભ્યાસાદિવર્ણનં નામ દશાધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૧૦ ॥ દોહરા ૧૨૦

## અધ્યાય ૧૧૧

અલખ નિરંજનને કહેઃ દીવાળીમાં જાણ
એક વખત શાસ્ત્રીબુવા હતા વાડીમાં માન. ૧

નરકચતુર્દશીએ તદા, જાવા જંગલ તેમ
પ્રાતઃકાળે નીકળ્યા ગોવિંદયતિ સહ એમ. ૨

સાથે ત્રીજા એક ત્યાં શિવરામશાસ્ત્રી નામ;
જતાં ત્રણેય માર્ગમાં જોઈ સાથે આમ, ૩

પૂજારીનાં છોકરાં આવી દોડતાં ત્યાંય,
'લો પ્રસાદ આ દેવનો' કહે એમ નતકાય. ૪

પ્હેલાં ગોવિંદસ્વામીને દેતાં, બોલે એહઃ-
જઈએ જંગલ આ અમે; માટે મઠમાં તેહ ૫

મૂકો પ્રસાદ આસને ! વદે છોકરાં ત્યાંયઃ-
વાત એહવી ના બને અમથી સ્વામી આંહ્ય. ૬

લો લેવો જો હોય તો દુર્લભ પ્રસાદ એહ,
નહિ તો ખઈ જાશું અમે ! સૂણી યતીશ્વર તેહ ૭

કરે વિચાર નિજાંતરેઃ- ઈષ્ટદેવ આ એમ
કરે કસોટી માહરી; કરી સુનિશ્ચય તેમ, ૮

ભક્ષી પ્રસાદફળ તિહાં થાય માર્ગસ્થ જાણ;
વાસુદેવ આવે પછી, તેમને પણ માન. ૯

દેતાં પ્રસાદ છોકરાં ભક્ષે તત્ક્ષણ એહ;
શિવરામશાસ્ત્રી એકલા ના સ્વીકારે તેહ. ૧૦

ચાલે આગળ વેગથી કરી પ્રસાદત્યાગ;
થઈ નિવૃત્ત શૌચાદિથી, જઈ ગંગા પર દ્રાગ્ ૧૧

કરી સ્નાનસંધ્યાદિ ત્યાં આવે મઠમાં તેમ;
બેસે સુસ્વસ્થ આસને શિવરામશાસ્ત્રી એમ. ૧૨

ત્યાં તો એકાએક એ થયા બેહોશ જાણ;
ચઢી તાવ તત્ક્ષણ રહ્યું બોલવાનું ના ભાન. ૧૩

રહ્યા પથારીમાં પડી એમ બેશુદ્ધ એહ;
રાતે સ્વપ્ને પત્નીને દેવ દયાનિધિ તેહ ૧૪

દે દષ્ટાંત સ્પષ્ટ ત્યાં કે ત્વત્પતિએ જાણ,
ત્યાગ્યો પ્રસાદ માહરો; તચ્છિક્ષા આ માન. ૧૫

પ્રાતઃકાળે એ સતી, ગોવિંદયતિની સાથ
શાસ્ત્રીબુવાને વંદીને, કથે સ્વપ્નની વાત. ૧૬

વદે સ્વામી એને તદાઃ- જોયું પ્રત્યક્ષ એહ
અમે, ત્વત્પતિ ત્યાગીને ગયો પ્રસાદ તેહ. ૧૭

થઈ દુર્દશા એ થકી એવી એની ખાસ;
માટે પતિપત્ની તમે દત્તપાદુકા પાસ ૧૮

જઈ નિજાપરાધની માગો ક્ષમા સુજાણ;
ભાવે પ્રાર્થી દેવને, ક્ષમાપનાર્થે માન ૧૯

કરો પાદુકા પર તથા એક લઘુરુદ્ર ત્યાંય
રુદ્રાભિષેકવિધિ થકી, માની મારૂં આંહ્ય. ૨૦

કહે સ્વામી જેવું તિહાં, કરે પતિપત્ની તેમ;
શિવરામશાસ્ત્રી તત્ક્ષણે થયા નિરોગી એમ. ૨૧

તે દિનથી શાસ્ત્રીબુવા કરે નિયમ ત્યાં જાણ;
દેવપ્રસાદ કહી યદિ કોઈ ફલાદિક માન ૨૨

આપે તો ના ત્યાગવો, કરવો ભક્ષણ તેહ !
કલિયુગમાં પણ જો અહીં ત્યજતાં પ્રસાદ એહ, ૨૩

શ્રદ્ધાળુને દેવ એ શિક્ષા કરે મહાન્;
કૃતયુગમાં પૂર્વે તથા વૈશ્યસુતા નૃપ જાણ ૨૪

સત્યનારાયણ તણો ત્યજતાં પ્રસાદ તેમ
થયાં સુદુઃખિત, શું હશે જૂઠ સર્વ એ એમ ? ૨૫

નાસ્તિક કુતર્ક છો કરે ! શ્રદ્ધાવાને જાણ
ચઢી મૂર્ખની સોબતે શાસ્ત્ર અવજ્ઞા માન ૨૬

ના કરવી કાલત્રયે; હીનજાતિએ તેમ
પ્રસાદ ફલાદિ આપતાં લેવું ભાવે એમ. ૨૭

ભળતી વસ્તુનો કદિ ના કરવો સ્વીકાર;
ત્યજતાં તેને દોષ ના, જાણ નિરંજન બાળ. ૨૮

જવા વાડીમાં એકદા શાસ્ત્રીબુવા એ જાણ
દત્તાજ્ઞાથી નીકળ્યા; વિપ્ર એક ત્યાં માન ૨૯

શંકર સપ્રે નામથી, સાવંતવાડીસ્થ જેહ
કહેઃ- સાથ આવીશ હું વાડીક્ષેત્રે તેહ. ૩૦

શાસ્ત્રીબુવા એને કહેઃ- ના આવીશ મમ સાથ;
આજ્ઞા ના માની ગયો હઠે તોય સંગાત. ૩૧

જતાં વાડીમાં તત્ક્ષણે થયો તાવથી ગ્રસ્ત;
રહ્યું ભાન ના દેહનું, થયો અતિશય ત્રસ્ત; ૩૨

શાસ્ત્રીબુવાને ત્યાં થઇ દત્તાજ્ઞા તત્કાળ,
જાવા પાછા સ્વસ્થળે ! કરે એહ વિચારઃ- ૩૩

છોડી વ્યાધિગ્રસ્ત આ જાઉં પાછો કેમ ?
ત્યાં તો દેવ વદે ફરીઃ- જા મેલીને તેમ. ૩૪

શંકર સપ્રેને તદા શાસ્ત્રીબુવા એ ત્યાંય
સોંપી સ્વામીને તથા, માણગાંવમાં જાય. ૩૫

આ ગમ દિવસે દિવસ એ જ્વર સપ્રેનો એહ
વધી, ભયંકર રૂપ ત્યાં પકડે તત્ક્ષણ તેહ. ૩૬

જોઇ એમ કરુણાનિધિ ગોવિંદસ્વામી ત્યાંય
કરે પ્રાર્થના દત્તની સ્મર્તૃગામી જે આંહ્ય. ૩૭

અગમનિગમ જેને સ્તવે, ભક્તપ્રિય જે તેમ;
વદે એહ સ્વપ્ને તદા સ્વામીને સપ્રેમઃ- ૩૮

તીર્થોદકથી એહને કરાવ સત્વર સ્નાન;
લગાડ દેહે દેવની ભભૂતિ તે જ પ્રમાણ. ૩૯

થશે દૂર જ્વર એ થકી ! થતાં દૃષ્ટાંત એમ,
કૃષ્ણાવેણીમાં લઇ જઇ સપ્રેને તેમ, ૪૦

ઊભો રાખી, દેવના તીર્થોદકથી સ્નાન
કરાવીને સત્વર તિહાં, ભસ્મ દેવની જાણ ૪૧

ચોળી કપાળમાં તથા, વસ્ત્ર દેહ પર તેમ
ઓઢાડી શય્યા મહીં સૂવાડતાં ત્યાં એમ, ૪૨

થઇને પસીનો ક્ષણ મહીં, થયો દૂર જ્વર ત્યાંય;
વંદી સપ્રે સર્વને પાછો સ્વગૃહે જાય ! ૪૩

માટે સંત કને કદી ના કરવી હઠ એમ;
તોય દુરાગ્રહથી ન જે સૂણે સાધુનું તેમ, ૪૪
આવે તે પર નિશ્ચયે સંકટ દારુણ જાણ;
માટે સુજ્ઞે છોડીને ધનવિદ્યાદ્યભિમાન, ૪૫
આજ્ઞા પ્રમાણે સંતની માની વર્તવું તેમ;
ડા'પણ પોતાનું કદિ ચલાવવું ના એમ. ૪૬
તેમ દૃષ્ટાંત દેવનો થતાં નિઃશંક જાણ,
તે જ પ્રમાણે વર્તવું રાખી શ્રદ્ધા માન. ૪૭
શ્રદ્ધા વિણ ફળ ના મળે; હોય શ્રદ્ધા નિશ્ચળ,
તો જ કૃપાળુ દેવ એ કરે કૃપા સત્વર. ૪૮
થાય નાસ્તિકો છેવટે દુઃખિત અતિશય આંહ્ય,
કહું કથા સૂણ એક ત્યાં, જેથી સંશય જાયઃ- ૪૯

સાવંતવાડીસંનિધે ગામ સાંગેલી જાણ;
વસે એક શ્રીમંત ત્યાં ગૃહસ્થ ઉત્તમ માન. ૫૦

નામ દિવાકર એહનું, જડે ઉપનામ દેખ;
હતું બાગમાં એહના ફણસવૃક્ષ ત્યાં એક. ૫૧

પરંપરાથી એહને પૂજે સહુ સપ્રેમ
જાણ દિવાકરભટ્ટના પૂર્વજાદિક તેમ. ૫૨

કહ્યું કોઇ સંતે તથા, માટે નિયમે ત્યાંય
પૂજે તત્પૂર્વજ બધા ઝાડ એહ સદાય. ૫૩

આવ્યું એકદા એહના દુર્દૈવે મન માંહ્ય;
તોડી નાખું વૃક્ષ આ વંધ્ય નિરર્થક આંહ્ય. ૫૪

જાણી નિશ્ચય એહનો, વદે ગ્રામજન એમઃ-
કાં તોડે રે વૃક્ષ એ પરંપરાગત તેમ ? ૫૫

આવ્યા પૂર્વજ પૂજતા તારા એને આમ;
કહે કોણ એ કાપવા ? મા કર એવું કામ. ૫૬

આપ્તવર્ગ ઘરનાં બધાં વારે તે જ પ્રમાણ;
તોય મત્તવત્ ના સૂણે, વદે એમ નાદાનઃ- ૫૭

ક્યાંથી દેવત્વ વૃક્ષમાં ? વ્હેમ ખાલી છે એહ !
એમ દુરાગ્રહથી તિહાં કાપી નખાવે તેહ. ૫૮

પડ્યું વૃક્ષ એ જ્યાહરે પૃથ્વી પર ત્યાં જાણ,
ચગદાઇ નીચે મૂવો, એક છોકરો માન. ૫૯

એટલું જ નહિ, એહ પર એક પછીથી એક
આવ્યાં દારુણ સંકટો, ગઇ સંપત્તિ છેક ! ૬૦

ગાય ભેંસ ઢોરો બધાં મરે રોગથી એમ;
થાય પાક ના ભૂમિમાં સારો કદિએ તેમ. ૬૧

ફણસાદિક ફળ બાગનાં દિસે પરિપક્વ બ્હાર;
સળી જાય અંદર બધાં, પડે જીવ નિર્ધાર ! ૬૨

આણી અપક્વ જો ગૃહે કરે શાક કો એમ,
ના સીજે કેમે કરી; રહે જેમનાં તેમ !! ૬૩
આવેલાં ફળ પણ તથા જાય નકામાં જાણ;
લે વેચાતાં કોઇ ના, ખાય ન ઘરનાં માન. ૬૪
એમ દિવાકર ભટ્ટને ખાવા ન મળે ધાન;
કંટાળ્યાં ઘરનાં બધાં, આવી દુર્દશા જાણ. ૬૫
તેથી બાંધવાદિક સહુ લડે નિરંતર ત્યાંય;
કહેઃ-ભીખ મંગાવી તેં સર્વ ગુમાવી આંહ્ય. ૬૬
વધ્યો કલહ પ્રતિદિન તિહાં, ગયો ત્રાસી દ્વિજ છેક !
હતો મિત્ર એનો ભલો વડોદરામાં એક. ૬૭
રહું તદાશ્રયમાં જઇ, ઇચ્છી બ્રાહ્મણ એમ
આવ્યો વડોદરે તદા; સૂણી ખબર ત્યાં તેમઃ ૬૮

પામ્યો પંચત્વ મિત્ર એ થોડા દિન પર ત્યાંય !
સૂણી દિવાકર એ કહેઃ- વિના આશ્રયે આંહ્ય ૬૯

શું કરવું થોભી હવે ? કરી વિચાર એમ,
આવ્યો સ્વગ્રામે ફરી થઇ દીન અતિ તેમ. ૭૦

આગળ ભાઇ એહનો ભાસ્કર નામે જાણ
થઇ ત્રસ્ત દારિદ્ર્યથી, માણગાંવમાં માન ૭૧

આવી, શાસ્ત્રીબુવા તણું કરી દર્શન સપ્રેમ,
કરે પ્રાર્થના દુઃખથીઃ- હે યોગીશ્વર એમ ૭૨

આવ્યો શરણે હું અહીં, અનાથનાથ સુજાણ !
આવી હીન દશા મને, રક્ષક કોઇ ન આન. ૭૩

દયા કરો, મહારાજ હે ! રડે એમ કહી ત્યાંય;
જોઇ દુઃખ એનું દ્રવ્યા શાસ્ત્રીબુવા મન માંહ્ય. ૭૪

પૂછે સ્નેહેઃ- કાં અરે રડે ? બોલ તું એમ;
કથે સકળ વૃત્તાંત એ કરી દંડવત્ તેમ. ૭૫

સૂણી શાસ્ત્રીબુવા વદેઃ- ત્વદ્‌બંધુએ જાણ
ફણસવૃક્ષ જે બાગમાં હતું પુરાતન માન, ૭૬

વાસો દેવગણો તણો હતો જેહ પર તેમ,
તોડ્યું તે; તેથી થયા ક્ષુબ્ધ સર્વ ગણ એમ. ૭૭

તત્કારણ આ સંકટો આવે વારંવાર;
કારણ દરિદ્રતા તણું એ જ જાણ નિર્ધાર. ૭૮

માટે ભાસ્કર માહરૂં માની સત્વર આંહ્ય,
રોપ ફણસ તું લાવીને પૂર્વસ્થાન પર ત્યાંય. ૭૯

ઉછેર એને ખંતથી; થાતાં મોટું તેમ,
કરી ઉદ્યાપન એ તળે સ્થાપી મૂર્તિ સપ્રેમ, ૮૦

પૂર્વ માફક એહનું કર નિયમે પૂજન;
થશે આપદા એ થકી દૂર જાણ તત્ક્ષણ. ૮૧

સૂણી એ ભાસ્કર તિહાં, શાસ્ત્રીબુવાના જાણ
વંદી ચરણ સદ્‌ભાવથી, ગયો સ્વગૃહે માન. ૮૨

આવી ઘેર નિજ બાગમાં લાવી ફણસ સપ્રેમ,
રોપે એને ખંતથી પૂર્વસ્થાને તેમ, ૮૩

પૂજે એને નિયમથી; થતાં એમ તત્કાળ
પૂર્વ પ્રમાણે બાગમાં પાકે ફળો રસાળ. ૮૪

પાકે અનાજ ભૂમિમાં વિપુલ[1] તે જ પ્રમાણ;
થઇ સર્વ સંવૃદ્ધિ ને પૂર્વ સુસ્થિતિ જાણ ૮૫

થઇ પ્રાપ્ત થોડા દિને ભાસ્કરને એ એમ;
જોઇ એવું નિજ સુતા[2] શંકર સપ્રે તેમ ૮૬

અર્પી ભાસ્કરપુત્રને કરે લગ્ન પણ ત્યાંય;
થયો આનંદ સર્વને ! અલ્પ કાળમાં આંહ્ય ૮૭

ફણસવૃક્ષ મોટું થયું; તોએ ભાસ્કર એહ
મૂર્તિસ્થાપનાનો મને કરે વિચાર ન તેહ ! ૮૮

તેથી ભાસ્કરપુત્ર એ સપ્રેનો જામાત,
હરિ ભ્રમિત થઇ ભટકતો ફરે દિવસ ને રાત. ૮૯

રહે ઘેર ના એક દિન; ગામોગામે એમ
ફરે ભટકતો સર્વદા ! ભાસ્કર પેલો તેમ ૯૦

થયો ક્ષીણ ચિંતા થકી; કહેઃ-કરૂં શું હાય ?
ગયો પુત્ર આ હાથથી ! કરશે કોણ સહાય ? ૯૧

શંકર સપ્રે હરિ તણા સસરા જેહ સુજાણ,
તે પણ ચિંતા ત્યાં કરે જામાતાની જાણ. ૯૨

'શાસ્ત્રીબુવાને સર્વ આ કહું વાત' કહી એમ,
આવી માણગ્રામમાં, વંદી તત્પદ તેમ, ૯૩

કહે વૃત્ત જામાતનું ગાંડપણાદિક ત્યાંય;
સૂણી શાસ્ત્રીબુવા વદેઃ-આવે પરચો આંહ્ય ! ૯૪

તોએ જે મૂર્ખત્વથી વર્તે અહિંયા એમ,
પામે ફળ આવાંજ તે ! કરૂં હું તિહાં કેમ ? ૯૫

ઝાડ તળે મૂર્તિ તમે સ્થાપી આજ લગ ત્યાંય ?
વળગ્યું ઝોડ તેથી નકી જામાતાને આંહ્ય ! ૯૬

માટે ઉદ્યાપન કરી વૃક્ષ તણું તત્ક્ષણ;
કરો સ્થાપના મૂર્તિની માની મારૂં વચન. ૯૭

જામાતા નિશ્ચય ગૃહે તદા આવશે એહ !
માની આજ્ઞા બેઉએ, વૃક્ષોદ્યાપન તેહ ૯૮

કરી, તત્કાળ સ્થાપના કરે મૂર્તિની જાણ;
યથાવિધિ એ પૂજતાં, અલ્પ કાળમાં માન ૯૯

હરિ સુજ્ઞ થઇ ઘેર એ આવ્યો પૂર્વસમાન;
થયો આનંદ સર્વને જોઇ એને માન. ૧૦૦

માટે પૂર્વજથી અહીં ચાલ્યું આવે જેહ,
સત્કર્માદિક ના કદિ મદે છોડવું તેહ. ૧૦૧

નહિ તો દુઃખ તણો ન રે' આરો આમ સુજાણ;
રાખી સુબુદ્ધિ વર્તવું કુલાચાર સમ માન. ૧૦૨

અલખ નિરંજનને કહેઃ-લીલા અતર્ક્ય એમ
સદ્‌ગુરુની સૂણ, બાળ હે ! વૃક્ષે દેવત્વ તેમ ૧૦૩

દેખાડી પ્રત્યક્ષ ત્યાં, કર્યું સુકૌતુક જાણ;
વાળ્યા ધર્મે લોકને મૂકાવી અભિમાન ! ૧૦૪

૧. ઘણું. ૨. કન્યા.

ચમત્કાર એવા કંઇ કર્યા લોકાર્થ આંહ્ય;
આગળ અપૂર્વ **રંગ** એ જોતાં ભવભય જાય !! ૧૦૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
વૃક્ષે દેવત્વસ્થાપનં નામ એકાદશાધિકશતતમોऽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૧૧ ॥ દોહરા ૧૦૫

## અધ્યાય ૧૧૨

વદે નિરંજન એ ફરી કર જોડીને ત્યાંયઃ-
આગળ વિસ્તારી કહો શ્રીગુરુનો મહિમાય. ૧

પીતાં તૃપ્તિ થાય ના વધે પિપાસા તેમ !
અલખ કહેઃ-ગુરુનાથ એ સ્વયં દત્ત જે એમ, ૨

વર્તી નરવત્ લોકને દે શિક્ષણ તું જાણ,
હરી સંકટો આર્તનાં મુમુક્ષુને દઇ જ્ઞાન. ૩

સહ્યાદ્રિની તળેટીએ દુકાનવાડી ગામ;
વસે કુટુંબ સહ તિહાં એક દ્વિજોત્તમ આમ. ૪

ફળપુષ્પોની તદ્ગૃહે હતી વાડી ઉત્તમ;
ચાલે ચરિતાર્થ એહનો એ પર ત્યાં સત્તમ. ૫

નિષ્કપટી દ્વિજ એ હતો, ભોળો ભાવિક તેમ;
અભ્યાગત અતિથિ તણો કરે સત્કાર એમ. ૬

જતાં દિવસ કંઇ એમ એ બ્રાહ્મણ સાત્ત્વિક જાણ,
જોઇ વૈશ્યની એક ત્યાં બગડી બુદ્ધિ માન. ૭

ઉત્તમ વાડી વિપ્રની જોઇ હરવા એહ,
રચે કપટબાજી તિહાં વૈશ્ય એહવી તેહઃ- ૮

વદે જાહેર લોકમાંઃ-લીધું દ્વિજે મમ ઋણ
લખી આપી ઉદ્યાન આ ગીરો મુજને પૂર્ણ. ૯

ગીરોખત દ્વિજની સહી તણું બનાવટી એમ
બનાવડાવી, લોકને બોલે પ્રસિદ્ધ તેમ. ૧૦

જાણી દ્વિજસ્ત્રીએ તથા કહ્યું કંથને ત્યાંય.
વદે એહઃ- આ શું થયું ? ગયો કોળિયો હાય ! ૧૧

ના જાણું હું કાંઇએ કર્યું વાણીએ કેમ;
રડે એમ કહી ! જન પ્રતિષ્ઠિત જાણે એ તેમ. ૧૨

વદે સર્વ ત્યાં વૈશ્યનેઃ- કેમ આચરે જૂઠ ?
હરે ઉદ્યાન ગરીબનો ! શોભે શું એ ધૂર્ત ? ૧૩

કહે વૈશ્ય એ લોકનેઃ- નોંધાવ્યું આ ખત
કચેરીમાં સરકારની ! ના ચાલે લટપટ !! ૧૪

થયો ધણી હું બાગનો, કાઢો વ્યર્થ વરાળ !
એમ કહી ઉદ્યાનનો લે કબજો તત્કાળ. ૧૫

આપે પાઇ ન વિપ્રને, લાગે ક્યાંય ન દાદ !
ગરીબ બિચારો વિપ્ર એ ! સૂણે કોણ ફરિયાદ ? ૧૬

દીનબંધુ શાસ્ત્રીબુવા, અનાથના જે નાથ
દોડ્યા જાણી ક્ષિપ્ર ત્યાં, રુદ્રસમા સાક્ષાત્ ! ૧૭

ભોળા દ્વિજને એ કહી, પવિત્ર બ્રાહ્મણ પાસ,
કહી મંત્ર તત્ક્ષણ કરાવે અનુષ્ઠાન ખાસ. ૧૮

અનુષ્ઠાનનો જ્યાં થયો અહીં આરંભ જાણ,
પ્રબળ વ્યથા એ વૈશ્યને લાગી થાવા માન. ૧૯

પડે ચેન ના ચિત્તમાં; કહે, કરૂં શું હાય !
થયા આઠ દિન એમ જ્યાં, અતિશય એ ગભરાય. ૨૦

આવ્યો શરણે વિપ્રને; કહે નમન કરી એમઃ-
મહારાજ ! ખત જૂઠું એ; આપું પાછું તેમ. ૨૧

એમ કહી તત્ક્ષણ તિહાં આપી પાછું એહ,
કરી દંડવત્ વિપ્રની માગે માફી તેહ. ૨૨

અનુષ્ઠાન પૂરૂં કર્યું, થયો વૈશ્ય ત્યાં સ્વસ્થ !
ધન્ય ધન્ય ગુરુનાથ એ ! કૃપાબ્ધિ[1] ભક્તપરસ્ત[2] ! ૨૩

અદ્ભુત શક્તિ મંત્રની; બતાવનારો તોય
હોય શુદ્ધ ત્યારે જ આવું ઉત્તમ ફળ હોય. ૨૪

અનુષ્ઠાનકર્તા તથા હોય શ્રદ્ધાળુ જાણ,
તો જ ફલપ્રદ મંત્ર એ; નહિ તો નિરર્થ માન. ૨૫

નાસ્તિક શ્રદ્ધાહીન જે, પામે ના ફળ એહ;
ચરે હંસ મોતી અહા, વાયસ વિષ્ઠા તેહ ! ૨૬

કહું અન્ય દૃષ્ટાંત ત્યાં, સાંભળ શિષ્ય સુજાણઃ-
ઘનશ્યામ વિઠ્ઠલ કરી માણગ્રામે જાણ ૨૭

વસે એક દ્વિજ, જે હતો [3]કુળકર્ણી ત્યાં તેમ;
શાસ્ત્રીબુવાની એકદા કરે પરીક્ષા એમ. ૨૮

આવી સંનિધ તેમની નિંદે જ્યોતિષ જાણ
કરે શુષ્ક વેદાંતની વાતો મોટી માન. ૨૯

કરી મશ્કરી એમની કહેઃ-ગ્રહદશા કેમ
ચાલે મારી તે જુઓ કૃપા કરીને તેમ. ૩૦

૧. દયાસાગર. ૨. ભક્તવત્સલ. ૩. તલાટી

શાસ્ત્રીબુવા બોલેઃ તને દશા શનિની જાણ !
વદે એહઃ- તો થાય શેં દ્રવ્યલાભ મહાન ? ૩૧

પીડાકર શનિ નિશ્ચયે ! મને લાભપ્રદ કેમ ?
ના વિશ્વાસ મને નકી જ્યોતિઃશાસ્ત્રે એમ. ૩૨

બોલે શાસ્ત્રીબુવા ફરીઃ અલ્પ કાળમાં એહ
અનુભવ ઘર બેઠે થશે, જશે સર્વ સંદેહ ! ૩૩

ઘનશ્યામ ત્યાં ઓચરેઃ- જોઉં કરે ગ્રહ કેમ ?
એમ કહી સ્વગૃહે ગયો; જતાં દિવસ કંઇ તેમ, ૩૪

રામનવમીના શુભદિને રાજદૂત ત્યાં જાણ
મૂકી આરોપ ખૂનનો રાજાજ્ઞાથી માન, ૩૫

હાથકડી કરી એહને ગયા પકડી તત્કાળ;
મુકર્દમો ચાલી ઠર્યો દૂષિત[1] એ નિર્ધાર. ૩૬

નાંખ્યો તત્ક્ષણ કેદમાં બેડી ચઢાવી તેમ;
થયો અનુતપ્ત અંતરે ઘનશ્યામ ત્યાં એમ. ૩૭

કહેઃ-વ્યર્થ મેં શાસ્ત્રીબુવાને નિંદ્યા હાય !
એમ દુઃખથી તરફડે રાતદિવસ એ ત્યાંય. ૩૮

આપ્તમુખે કર જોડીને શાસ્ત્રીબુવાને તેમ
કરે વિનંતિ કરગરીઃ-કરો દયા પ્રભુ એમ. ૩૯

શરણાગત પદદાસ હું, કરો ક્ષમા અપરાધ,
જુઓ ન દોષો દીનના, વારો સંકટ, તાત ! ૪૦

શાસ્ત્રીબુવા બોલે તિહાંઃ-શાંતિ ગ્રહોની આંહ્ય
કરતાં સંકટ નિશ્ચયે થશે દૂર સહુ ત્યાંય. ૪૧

કહું અન્ય, તારે ગૃહે થાશે ચોરી જાણ;
મળશે પાછો માલ પણ ચોર ઝલાઇ માન. ૪૨

કહ્યું જેહવું તેમણે થયું તેવું તત્કાળ;
થઇ ચોરી પણ વસ્તુઓ મળી પાછી નિર્ધાર. ૪૩

શાસ્ત્રીબુવાના વાક્યવત્, શાંતિ ગ્રહોની તેમ
કરતાં, અંતિમ કોરટે ઘનશ્યામ ત્યાં એમ ૪૪

ઠરી નિર્દોષ, કેદથી છૂટ્યો તત્ક્ષણ જાણ;
આવી વંદન ગુરુપદે કરે ભક્તિથી માન. ૪૫

ગઇ નાસ્તિકતા એહની, થયો ભક્ત એ તૂર્ણ;
પામ્યો અંતે સદ્ગતિ થતાં ગુરુકૃપા પૂર્ણ ! ૪૬

અપાર લીલા ગુરુ તણી, કે'તાં નાવે પાર;
થાય ગ્રંથવિસ્તાર બહુ; સાંભળ આગળ સાર. ૪૭

સાવંતવાડીમાં હતી રાજકુટુંબે એક
કન્યા રૂપવતી અતિ; દૈવે વિધવા દેખ ! ૪૮

પીડે પિશાચ એહને, પડે ચેન ના તેમ;
રાતદિવસ દુઃખે તથા રહે ભયભીત એમ. ૪૯

આપે ત્રાસ અનેકધા, ના ઠરવા દે ક્ષણ;
પિશાચદુઃખે ત્રાસીને ગઇ ગુરુને શરણ. ૫૦

વંદન કરી ત્યાં ભાવથી પ્રાર્થે જોડી કરઃ-
પીડે પિશાચ દેવ હે, દારુણ મુજને ખળ. ૫૧

કૃપાંબુધિ, આ દુઃખથી કરો મુક્ત, ગુરુનાથ !
શરણાગતવત્સલ પ્રભુ શાસ્ત્રીબુવા સાક્ષાત્ ૫૨

દયાર્દ્ર[2] ચિત્તે ત્રીશ એ આપે તાવીજ એમ;
કરે બાંધતાં ભૂત ત્યાં સ્પર્શી શકે ન તેમ. ૫૩

થઇ રાજકન્યા તથા પીડારહિત સુજાણ;
થયું પિશાચ સુક્રુદ્ધ એ શાસ્ત્રીબુવા પર માન. ૫૪

આવી રાતે દ્વેષથી મંદિર માંહે તેમ,
દીપ બુઝાવી દેવનો, શાસ્ત્રીબુવાનો એમ ૫૫

કંઠ દબાવી ત્યાં કહેઃ-લે તાવિજ વાપિસ[3];
નહિ તો પ્રાણ લઇશ હું, તને પડાવી ચીસ ! ૫૬

સૂણી શબ્દ પિશાચના, શાસ્ત્રીબુવા તત્કાળ
મંત્રબળે એને કરી, દૂર વદે નિર્ધારઃ- ૫૭

લઉં વાપિસ તાવીજ ના; રહે ઊભો ક્ષણ અત્ર !
એમ કહી મંત્રે કરે બંધન એનું તત્ર. ૫૮

રાખે સેવામાં કને; કામ બતાડે જેહ
કરે ભૂત એ દાસવત્ માની આજ્ઞા તેહ. ૫૯

એવું સામર્થ્ય એમનું ! કરે કોણ વર્ણન ?
શાસ્ત્રીબુવા ને ભૂતનો થયો વાદ જે ક્ષણ, ૬૦

અનેક લોકો જાગતા હતા ત્યાહરે જાણ,
સૂણ્યો તેમણે ! અન્યને કહે સ્હવારે માન. ૬૧

સર્વ લોક એ સાંભળી થયા આશ્ચર્યમગ્ન;
અદ્ભુત લીલા ગુરુ તણી, શેષ[4] વર્ણને ભગ્ન ! ૬૨

સાવંતવાડી ગામમાં વસે એક દ્વિજ જાણ;
ક્ષયરોગે પીડિત બહુ પામે ત્રાસ મહાન. ૬૩

કહ્યું કોઇ સંતે સદાઃ-નિત્ય નિયમથી આંહ્ય
ગુરુચરિત્રનો પાઠ તું કર શ્રદ્ધાથી ત્યાંય. ૬૪

નિમિત્રમાત્ર આ ઔષધી સેવ ભક્તિથી તેમ;
થાશે દત્તકૃપા તથા જશે રોગ પણ એમ. ૬૫

સૂણી વિપ્ર શ્રદ્ધા થકી કરે પાઠ એ ત્યાંય,
સેવી નિમિત્તઔષધી; તેથી અલ્પ દિન માંહ્ય ૬૬

૧. ગુનેગાર ૨. દયાળુ ૩. પાછું. ૪. શેષનાગ.

ગયો રોગ એનો તદા; તંદુરસ્ત શરીર
થઈ પૂર્વવત્, દુઃખનું રહ્યું ન નામ લગીર. ૬૭

ગયા કંઈક દિન એમ ત્યાં; શુષ્ક વેદાંતી સાથ
થઈ મિત્રતા એહની, ફરે સદા સંગાત. ૬૮

વાતો એની સાંભળી, કર્મ ઉપરથી ત્યાંય
ઊઠી શ્રદ્ધા વિપ્રની ! દિન દિન નાસ્તિક થાય !! ૬૯

સ્નાનસંધ્યાદિકર્મનો કરી ત્યાગ ત્યાં જાણ,
શ્રીગુરુચરિત્રપાઠ પણ ત્યાગે સત્વર માન. ૭૦

બોલેઃ-પ્રાકૃત ગ્રંથ આ શું વાંચીને થાય ?
વ્યર્થ કાળક્ષેપ એ ! કાકતાલીય ન્યાય ૭૧

ગયો રોગ મારો નકી; પાઠ નિમિત્ત જ એહ;
ભક્ષી ઔષધી તે થકી ગયો રોગ સહુ તેહ !! ૭૨

એમ કહી સ્વચ્છંદથી વર્તે બ્રાહ્મણ ત્યાંય;
થઈ અવકૃપા ઈશની તેથી એ પર આંહ્ય. ૭૩

થયો ગ્રસ્ત ક્ષયરોગથી પુનઃ પૂર્વવત્ એહ;
નાના વિપત્તિથી તથા થયો ત્રસ્ત અતિ તેહ. ૭૪

ભક્ષી ઔષધી પૂર્વની, કર્યા અન્ય ઉપાય;
તોએ ફેર પડે નહીં, દિનદિન વધતું જાય ! ૭૫

કંટાળી આખર ગયો શાસ્ત્રીબુવાની પાસ;
વંદન કરી આજીજીથી માગે સહાય ખાસ !! ૭૬

બોલે યોગીશ્વર તિહાંઃ-તમે વિપ્ર થઈ એમ
ત્યજ્યાં કર્મ સંધ્યાદિ એ કર્યું ઠીક શું તેમ ? ૭૭

ગુરુચરિત્રનો પાઠ પણ છોડ્યો તે જ પ્રમાણ;
થઈ અવકૃપા ઈશની તેથી આમ મહાન્ ! ૭૮

પ્રાર્થો એ વેદાંતીને, કરશે એજ સહાય !
હું તો બંદો ઈશનો ! ચાલે ન મારૂં આંહ્ય !! ૭૯

અરે, જ્યાં લગી દેહ છે ત્યાં લગ ઈશ્વરદાસ
છીએ આપણે એહવો ભાવ રાખવો ખાસ. ૮૦

દેહભાવથી દાસ ને જીવભાવથી અંશ
ઈશ્વરનો જાણી સદા રે'વું; ઉભયધ્વંસ ૮૧

થાતાં બ્રહ્માકાર ત્યાં થાય જ્ઞાનિજન આંહ્ય;
દેહાધ્યાસ રહે નહીં વિદેહી એ કે'વાય. ૮૨

થાય સ્થિતિ ના એહવી ત્યાં લગ અવશ્ય જાણ
કરવી સેવા દેવની, થાય તોજ કલ્યાણ. ૮૩

દેહવૃત્તિ જેની થઈ ક્ષીણ સંપૂર્ણ તેમ,
બ્રહ્મરૂપ તે જ્ઞાની પણ, કરે ન બકબક એમ ! ૮૪

'હું બ્રહ્મ' 'હું બ્રહ્મ' કહી ફરે ન ચૌટે જાણ,
બ્રહ્મજ્ઞાન પૈસા લઈ આમ વેચતો માન !! ૮૫

જાય શરણ જે એહને ભાવિક લોકો આંહ્ય
જોઈ અધિકાર તેમનો વદે કર્માદિ ત્યાંય. ૮૬

સ્વયં આચરી અન્યને દે તેવો ઉપદેશ;
સમાન દૃષ્ટિ સર્વ પર રાખી હરે તત્કલેશ. ૮૭

કીર્તિ એની ત્રિલોકમાં વસે નિરંતર એમ;
દત્ત દત્ત હું તો કરૂં, જાણું અન્ય ન તેમ ! ૮૮

વદી એમ શાસ્ત્રીબુવા એ બ્રાહ્મણને જાણ,
કાઢે પાછો સ્વસ્થળે જોઈ અશ્રદ્ધ માન. ૮૯

કેટલાક દિવસો પછી રીબાઈને ત્યાંય
પામી દુઃખ [1]યમાલયે ગયો એહ હતકાય !! ૯૦

માટે શુષ્ક જ્ઞાનીઓ તણી સોબતે એમ
ચઢી, કર્મ ના ત્યાગવું [2]સ્વૈરવૃત્તિથી એમ. ૯૧

કરી સાધુની સંગતિ રે'વું તદાજ્ઞા માંહ્ય,
સદાચારરત[3] સર્વદા; જેથી પાતક[4] જાય. ૯૨

અલખ નિરંજનને કહેઃ- એવી અવર્ણ્ય[5] જાણ
લીલા શ્રીગુરુની નકી; ગાય સુરવરો માન. ૯૩

કરવા શિક્ષા દુષ્ટને, ભક્ત રક્ષવા તેમ;
કરે કૌતુકો અવનવાં, સ્વયં નિર્લેપ એમ ! ૯૪

ગાતાં ચરિત્ર ભાવથી, સૂણતાં તેમ સદાય;
સ્વપ્ને દુઃખ રહે નહીં ! **રંગ** ભવવ્યથા[6] જાય !! ૯૫

ઈતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે અનુષ્ઠાનરહસ્યાદિવર્ણનં નામ દ્વાદશાધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૧૨ ॥ દોહરા ૯૫

(ખંડ પારાયણ ૧ લો દિવસ)

## અધ્યાય ૧૧૩

અલખ કહેઃ- સૂણ શિષ્ય હે ! શાસ્ત્રીબુવાને ધન્ય
છ બ્હેનો ને ભાઈઓ હતા બે જણા અન્ય. ૧

કનિષ્ઠ સીતારામ ને વચટ હરિભટ્ટ આંહ્ય;
બાર વરસની ઉંમરે સીતારામને ત્યાંય, ૨

૧. મરણ પામ્યો. ૨. સ્વચ્છંદપણે. ૩. સદાચારી ૪. પાપ. ૫. વર્ણન ન થઈ શકે એવી. ૬ જન્મમરણનું દુઃખ.

એક ગૃહસ્થે ગોપ્રદાનસંકલ્પ મૂકી જાણ;
અર્પી વારિ કર મહીં, આપ્યું ગાયનું દાન. ૩

તેથી પ્રકૃતિ એહની બગડી એકાએક;
જોઇ શાસ્ત્રીબુવા વદે:- ગોપ્રદાન તેં દેખ ૪

લીધું તેથી આ થયું ! એમ કહીને જાણ,
પ્રાયશ્ચિત્ત કરાવીને, બમણી કિંમત માન ૫

ગાય તણી ગો સહ તદા આપે દ્વિજને તેમ;
સીતારામ સુસ્વસ્થ ત્યાં થયા એકદમ એમ ! ૬

માટે સુજ્ઞે ના કદિ લેવું સંકલ્પદાન;
પાપીને આ વાતનો નાવે અનુભવ માન. ૭

ઢગલો ડુંગર સમ પડ્યો જિહાં મેલનો એમ,
અલ્પ મેલ ત્યાં નાંખતાં દિસે ન મોટો તેમ ! ૮

તેમ અલ્પ ઓછો થતાં દિસે ન ન્હાનો એહ !
તેવા પાપી જાણવા મહા ઉકેડા તેહ ! ૯

દુષ્કર્મોનું તેમને મળે ન ફળ તત્કાળ;
શુદ્ધ વસ્ત્રમાં તત્ક્ષણે દિસે ડાઘ નિર્ધાર !! ૧૦

માટે ભક્તો ગમ રહે કડક સાધુજન એમ;
શાસ્ત્રીબુવાએ ભાઇને આપ્યું શિક્ષણ તેમ. ૧૧

એવી લીલામાં ગયાં વરસ એકવીસ જાણ;
ત્યાં અનસૂયાત્મજ વદે શાસ્ત્રીબુવાને માન:- ૧૨

બ્રહ્મચર્ય તણી કરી હવે સમાપ્તિ તેમ,
કર ગૃહ્યાશ્રમનો અહીં શીઘ્ર સ્વીકાર એમ. ૧૩

સાવંતવાડીમાં વસે ગોંડે બાબાજીપંત;
તત્કન્યા સહ વર સુખે, ગુણિયલ એ અત્યંત. ૧૪

કરવા વિનંતિ આવશે સ્વયં એહ સુજાણ;
અંગીકાર કર પ્રાર્થના, મા કર તું અનુમાન. ૧૫

થતાં એમ દૃષ્ટાંત ત્યાં, કરે પ્રાર્થના એહ:-
કરવું લગ્ન ન, દેવ હે ! ગમે મને ક્ષણ તેહ. ૧૬

પુનઃ દત્તદૃષ્ટાંત ત્યાં થાય પૂર્વ સમ જાણ:-
માની આજ્ઞા માહરી વર્ત તે જ પ્રમાણ. ૧૭

એવો આગ્રહ દેવનો જોઇ વારંવાર,
પૂર્વજન્મના યોગથી વાસુદેવ તત્કાળ; ૧૮

આજ્ઞા માન્ય કરી, કરે બાબાજીનું એહ
અંગીકાર તત્ક્ષણ તિહાં કન્યારત્ન સુદેહ. ૧૯

એકવિંશ વરસે તથા બ્રહ્મચર્ય સમાપ્ત
કરી, લગ્ન યથાવિધિ કરી એહ પર્યાપ્ત. ૨૦

પત્ની અન્નપૂર્ણા સતી હૈમવતી[1] સમ એહ;
નામ પ્રમાણે ગુણ મહીં નકી જગદંબા તેહ. ૨૧

અતિથિ અભ્યાગત કદી કાઢે વિમુખ ન જાણ;
એકનિષ્ઠ પતિને ભજે, માની ઈશ્વર માન. ૨૨

પાતિવ્રત્ય જ સ્ત્રી તણું એકમેવ[2] ભૂષણ[3]
માની, અલંકારાદિમાં રમે ન એમનું મન. ૨૩

ખાય અલૂણું સર્વદા શાસ્ત્રીબુવા એ જેમ,
તેમ જ એ પણ નિશ્ચયે પત્યર્પિતમન[4] એમ. ૨૪

પતિસેવા આનંદથી કરે અહર્નિશ જાણ;
જોઇ વર્તન એમનું સ્વયં દત્ત ભગવાન ૨૫

થઇ તુષ્ટ આજ્ઞા કરે, આપી દૃષ્ટાંત તેમ;
એક દિવસથી અધિક ના રે'વું પિયેર એમ. ૨૬

વર્તે અન્નપૂર્ણા સતી તેથી તે જ પ્રમાણ;
એમ દિવસ આનંદથી જતાં, એક દિન જાણ. ૨૭

મુખી માણગ્રામનો ભાવિક અતિશય જેહ,
કરી પ્રાર્થના એમને ગયો ઘેર લઇ તેહ. ૨૮

ઉત્તમ આસન પર તિહાં બેસાડી સપ્રેમ,
પૂજી યથોપચારથી[5] ભક્તિપુર:સર એમ; ૨૯

જરિયન સાડી કંચુકી[6] સ્વર્ણાભૂષણ સાથ
અર્પી ત્રણ હજારની કિંમતનાં સાક્ષાત્; ૩૦

મૂકી માથું ચરણમાં શુદ્ધભાવથી તેમ,
પ્રાર્થે એ સ્વીકારવા, ઘનશ્યામ એ એમ. ૩૧

સૂણી, અન્નપૂર્ણા સતી વદે:-નકામાં એહ
મને અને મત્કંથને વસ્ત્રાભૂષણ તેહ. ૩૨

ગમે ન સ્વપ્ને બેઉને, ના લઇ જાઉં તેમ:-
આપો કોઇ ગરીબને; આપ્યાં અમને એમ ! ૩૩

ઘનશ્યામ બોલે તિહાં:-માતા, હું તમ બાળ;
કરો પૂર્ણ ઇચ્છા તથા, ગ્રહી એ અલંકાર. ૩૪

પૂજ્ય પત્ની અમ ગુરુ તણાં, લાગે તેથી એમ;
પ્હેરે સુવસ્ત્ર ભૂષણો સ્ત્રીઓ અમારી જેમ, ૩૫

તેમ તમે પણ સર્વદા પ્હેરો માતા એહ !
વદે અન્નપૂર્ણા સતી:-શોભે મને ન તેહ. ૩૬

ઘનશ્યામ મૂકી પદે માથું વદે ફરી ત્યાંય:-
લઉં ન પાછાં એ કદી વસ્ત્રાભૂષણ, માય ! ૩૭

માટે પ્હેરી એ સદા કરો મદિચ્છા પૂર્ણ;
દેખી આગ્રહ એહનો, વદે સતી ત્યાં તૂર્ણ:- ૩૮

**૧. પાર્વતી. ૨. એકજ. ૩. અલંકાર; શણગાર ૪. પતિપરાયણા ૫. વિધિપૂર્વક ૬ ચોળી.**

દેખો નાટક માહરૂં હવે સર્વજન આંહ્ય !
એમ કહી વસ્ત્રાદિ એ પ્હેરે સત્વર ત્યાંય. ૩૯

આવ્યાં પાછાં ઘેર જ્યાં સજી શણગાર એમ;
જોઇ શાસ્ત્રીબુવા કરે બંધ દ્વાર ઝટ તેમ ! ૪૦

દેખી પતિનું કૃત્ય એ, વદે સતી નિર્ધારઃ
જાણ્યું મેં મનમાં નકી, કર્યાં બંધ કાં દ્વાર !! ૪૧

એમ કહી વસ્ત્રાદિ એ મૂકી દૂર નૂતન;
પ્હેરે લુગડું પૂર્વનું સતી એહ તત્ક્ષણ. ૪૨

જોઇ શાસ્ત્રીબુવા તથા ખોલે કમાડ ત્યાંય;
શીઘ્ર અન્નપૂર્ણા સતી ત્યારે અંદર જાય. ૪૩

નમન કરી પતિને તદા, કથે વૃત્ત સહુ તેહ;
કરી શ્રવણ શાસ્ત્રીબુવા, ઘનશ્યામને એહ ૪૪

બોલાવી તત્ક્ષણ વદેઃ-અલંકારાદિ સર્વ
લઇ જાઓ વાપિસ ગૃહે ! વદે મુખી થઇ [1]ખર્વઃ- ૪૫

આપ્યું મેં જે ભાવથી ના પાછું લઉં, દેવ !
વ્હેંચી દે સૂણી એ ગુરુ દ્વિજજનને તતખેવ. ૪૬

એવાં દંપતી બેઉ એ વિરક્ત અતિ નિર્દોષ
યત્પદકંજસ્મરણથી મળે સર્વસુખકોશ[2] !! ૪૭

વિણ વૈરાગ્યે ના મળે ઇશ્વર સ્વપ્ને જાણ;
પ્રથમ પગથિયું એ નકી ઇશપ્રાપ્તિમાં માન. ૪૮

એમ પરસ્પર બેઉ એ રહે સંતુષ્ટ ત્યાંય;
ઇશારાધનરત[3] સદા ઉરે દત્તપદ ધ્યાય. ૪૯

થતાં વરસ ચોવીસ ત્યાં શાસ્ત્રીબુવાને એમ,
ગયા એકદા વાડીમાં દત્તદર્શને તેમ. ૫૦

આપે દર્શન દત્ત ત્યાં થઇ પ્રગટ સાક્ષાત્;
ધર્યાં કાષાય વસ્ત્ર ને દંડ કમંડલુ હાથ ! ૫૧

મંદસ્મિત મુખ પર લસે, શોભે ભવ્ય સ્વરૂપ;
વાસુદેવ જોઇ નમે, થાય તિહાં તદ્રૂપ. ૫૨

જોડી કરદ્વય ભક્તિથી કરે પ્રાર્થના ત્યાંયઃ-
વિશ્વંભર પદકંજ આ વંદું ભૃંગવત્[4] આંહ્ય. ૫૩

અનંતમાયાચક્રના ચાલક હે પરમેશ,
અનંતકોટિબ્રહ્માંડનાયક ત્વત્પાર ન લેશ ૫૪

લાગે કદિ [5]નિગમાદિને; થયા મૂક સહુ એહ
ત્વદ્વર્ણન કરતાં, વિભો નિર્વિકાર નિર્દેહ ! ૫૫

જગદ્વંદ્ય કરુણાનિધે, ત્વત્પદકમલે એમ
કરૂં દંડવત્; ના લહું વદું અન્ય શું કેમ !! ૫૬

સૂણી પ્રાર્થના એહવી, બોલે દત્ત દયાળઃ-
ભક્તરાજ ત્વદ્ભાવ આ જોઇ શુદ્ધ નિર્ધાર, ૫૭

સાત વરસ સંનિધ રહું માણગાંવમાં એમ
ઇચ્છા મુજ ઉરમાં વસે; માટે સત્વર તેમ ૫૮

બાંધો માણગ્રામમાં જઇ મંદિર નૂતન;
મળશે મૂર્તિ માહરી માર્ગે કરતાં ગમન. ૫૯

લઇ એહ જાજો તથા; આગળ મનુષ્ય તેમ
મળી એક જે પ્રેમથી આપે પૈસા એમ. ૬૦

લઇ સર્વ એ આપજો મૂર્તિકારને ત્યાંય !
એમ કહી ભગવાન ત્યાં થયા ગુપ્ત ક્ષણ માંહ્ય. ૬૧

આજ્ઞા સમ પ્રભુની તદા શાસ્ત્રીબુવા તત્ક્ષણ
દત્તપાદુકાને કરી સદ્ભાવે વંદન, ૬૨

ગોવિંદસ્વામીને અને મૌનીસ્વામીને તેમ
વંદન કરી આજ્ઞા લઇ, ચાલ્યા પાછા એમ. ૬૩

માર્ગે કાગલગ્રામમાં મૂર્તિકાર ત્યાં એક
પ્રાર્થે વિનયે આવીને અત્યાગ્રહથી છેકઃ- ૬૪

મહારાજ મેં આપ માટે મૂર્તિ સુંદર
કરી એક છે દત્તની; જોઇ એહ સત્વર, ૬૫

લઇ જાઓ સાથે પ્રભો ! સૂણી પ્રાર્થના એમ,
બોલે શ્રીગુરુઃ- આ સમે પાસે પાઇ ન તેમ. ૬૬

મૂર્તિકાર ત્યાં ઓચરેઃ- મૂર્તિ આજ લો એહ;
દેજો કિંમત જ્યાહરે મળે આપને તેહ. ૬૭

એમ કહી એ રમ્ય મૂર્તિ આપે તત્કાળ;
લઇ એહ શાસ્ત્રીબુવા ક્રમે માર્ગ નિર્ધાર. ૬૮

જતાં જરી આગળ તથા, મળ્યો અન્ય ગૃહસ્થ;
કહે એહઃ- આણી તમે મૂર્તિ જે ઉત્કૃષ્ટ, ૬૯

મૂર્તિ તે દેનારને આપો પૈસા એહ !
એમ કહી આપે તિહાં રૂપીઆ પચીસ તેહ. ૭૦

લઇ એહ શાસ્ત્રીબુવા, મૂર્તિકારને જાણ
આપી આવી વેગથી, આવ્યા સ્વગૃહે માન. ૭૧

આવી માણગ્રામમાં, નિજ હસ્તે સત્વર
બાંધે નાનકડું તદા પોતે દેવાલય. ૭૨

શક અઢારસો પાંચમાં શુભ મુહૂર્તે તેમ,
વૈશાખ કૃષ્ણ પંચમીને દિવસે ત્યાં એમ; ૭૩

મૂર્તિ દત્તાત્રેયની સ્થાપી વિધિવત્ જાણ,
પૂજે ત્રિકાલ ભાવથી યથાસાંગ એ માન. ૭૪

૧. ઠીંગણા થઇ; નમીને. ૨. ભંડાર; ખજાનો. ૩. પ્રભુપરાયણ. ૪. ભમરાની માફક. ૫. વેદ વગેરેને.

માતપિતા નિજ બાળને રક્ષે નિશદિન જેમ,
વાસુદેવને તેમ એ રક્ષે પ્રભુ સપ્રેમ. ૭૫

દેવભક્તપણે કરે લીલા અગમ્ય જાણ,
દેવા શિક્ષણ લોકને સ્વયં દ્વિધા થઈ માન. ૭૬

ભક્તિમાર્ગની સ્થાપના કરે અવતરી એમ;
દેવ ભક્ત ના ભિન્ન એ, અર્ધનારીનટ જેમ ! ૭૭

અધિકાર વિણ તત્ત્વ આ ના સમજાએ જાણ;
દત્તમૂર્તિને અર્ચતાં એમ શ્રીગુરુ માન, ૭૮

એક દિવસ ભગવાન ત્યાં થઈ પ્રગટ સાક્ષાત્
વદેઃ- સૂણ સુભક્ત હે ! જિજ્ઞાસુ વા આર્ત ૭૯

અર્થાર્થી વા કોઈએ, જે ઈચ્છા ઉર માંહ્ય
ધરી શરણ આવે તને તદિચ્છા સમ આંહ્ય, ૮૦

જોઈ શ્રદ્ધા એહની, આપ સુખે વરદાન;
કરવા રક્ષણ તાહરૂં રાખું મદ્‌ગણ જાણ. ૮૧

જેથી ઉપદ્રવ કોઈનો થશે ન તુજને તેમ !
ભક્તવત્સલ શ્રીહરિ કહી એમ સપ્રેમ, ૮૨

આપે કરતલ અભય ત્યાં !! વાસુદેવ તત્ક્ષણ
સાષ્ટાંગ પ્રણતિ કરી કરે એમ સ્તવનઃ- ૮૩

જય જય સમર્થ શ્રીગુરો ! ભક્તભાવથી એમ
બેલી અનાથનાથ તું, પૂરે ઈચ્છા તેમ. ૮૪

યોગિધ્યેય નમું તને, ધર્યાં વસ્ત્ર કાષાય;
દંડ કમંડલુ લઈ કરે, કરે ભક્ત સહાય. ૮૫

કરતાં સ્તુતિ તારી પ્રભો થાક્યા વેદો તેમ,
નેતિ નેતિ કહી ઓચરે ! સ્તવું વિભો હું કેમ ? ૮૬

એમ સ્તવન કરી આદરે, પ્રણમી વારંવાર;
થઈ ગળગળા શ્રીપદે મૂકે શિર નિર્ધાર. ૮૭

થયા દત્ત અદશ્ય ત્યાં ! તે દિનથી એ જાણ
વાસુદેવ ડગ ના ભરે દત્તાજ્ઞા વિણ માન. ૮૮

દત્તમૂર્તિની સ્થાપના થકી ગામની એહ
શોભા વૈકુંઠ સમી ભાસે નિઃસંદેહ. ૮૯

વધે દિન પ્રતિદિન નકી; આવે લોક અનેક
ગુરુમૂર્તિને દર્શને દૂરદૂરથી છેક. ૯૦

તેમાં દર શનિવાર તો લોક હજારો ત્યાંય
થાય નારીનર એકઠા, કેવળ જાત્રા ભરાય ! ૯૧

રાખી નાના કામના આવે લોકો તેમ,
રોગી ભૂતાદિક થકી પીડિત દુઃખી એમ. ૯૨

પૂછે પ્રશ્નો કરગરી શાસ્ત્રીબુવાને ત્યાંય;
ત્રિકાલજ્ઞ ગુરુમૂર્તિ એ સંકટહરણોપાય ૯૩

પ્રેમે દેખાડી તિહાં હરે સંકટો એમ;
ફેલાઈ કીર્તિ બધે વધ્યા યાત્રિકો તેમ. ૯૪

શાસ્ત્રીબુવાના બંધુઓ હરિ ને સીતારામ
કરે વ્યવસ્થા તેમની, રાખી ખંત તમામ. ૯૫

કારણ કે પિતા પિતામહ[1] બેઉએ તેમ
થયા હતા કૈલાસવાસી એ પૂર્વે એમ. ૯૬

તેથી એ બે પર હતી સર્વ વ્યવસ્થા જાણ;
ધન્ય બંધુદ્વય એ નકી, ભાગ્યશાળી મહાન ! ૯૭

આવી માણગ્રામમાં શાસ્ત્રીબુવાની પાસ,
વદતાં જન દુઃખો તથા; જોઈ અધિકાર ખાસ, ૯૮

વર્ણ ધર્મ સમ તેમનાં ઉપાસનાદિ નિયમ
દેખાડી સપ્રેમ ત્યાં, હરે ગુરુવર્ય શ્રમ. ૯૯

ચાલે શ્રદ્ધાળુ તથા તેથી તદિચ્છા જાણ
થાય પૂર્ણ તત્કાળ ને થાય તુષ્ટ જન માન. ૧૦૦

થતાં સિદ્ધ કામો તિહાં, લોકોનાં સહુ એમ,
ફેલાઈ કીર્તિ બધે ! દોડે ટોળાં તેમ !! ૧૦૧

પિશાચબાધા કોઈને થતાં તત્ક્ષણે ખાસ,
લાવે માણગ્રામમાં શાસ્ત્રીબુવાની પાસ. ૧૦૨

કારણ પીડાનું કહી પ્રથમ સાદ્યંત તેમ
પૂર્વકર્માનુસાર ત્યાં, પરિહારાર્થે એમ ૧૦૩

પ્રાયશ્ચિત્તાદિક કરાવી વિધિવત્ ગુરુ જાણ,
દોષમુક્ત પિશાચથી કરે તત્ક્ષણે માન. ૧૦૪

પિશાચ જો કોઈ તિહાં કરી દુરાગ્રહ તેમ
ના નીકળે, એહને કરી બદ્ધ ઝટ એમ, ૧૦૫

નાના કાર્યો તત્કરે લે કરાવી ગુરુરાય;
કહું દષ્ટાંત એક બે, સાંભળ સાવધ આંહ્યઃ- ૧૦૬

શનિવારે ત્યાં એકદા મળ્યા લોક અનેક;
જામી ઠઠ જાત્રાળુની, મળે ન જગ્યા છેક. ૧૦૭

દત્તમંદિરસંનિધે[2] સ્હામે [3]વાપી માંહ્ય,
કાઢી આભૂષણ બધાં સોનાનાં નિજ ત્યાંય, ૧૦૮

બાંધી પોટલી વસ્ત્રમાં મૂકી સુરક્ષિત તેમ,
રાખી દૃષ્ટિ ત્યાં કરે સ્નાન એક સ્ત્રી એમ. ૧૦૯

નજર ચૂકાવી એહની અન્ય સ્ત્રીએ એહ,
દાગીનાની પોટલી ચોરી સત્વર તેહ; ૧૧૦

૧. બાપના બાપ. ૨. પાસે. ૩. વાવ, કૂવો.

ગઈ સ્વગૃહે તત્ક્ષણે ! થતાં પેલીનું સ્નાન,
દેખે તો ના પોટલી દિસે ક્યાંય પણ માન ! ૧૧૧

ગભરાઈ તેથી અતિ કહે અન્યને તેમ;
આવ્યા સઘળા એહ સહ શ્રીગુરુસંનિધ એમ. ૧૧૨

વંદન કરી વૃત્તાંત ત્યાં કહ્યો એહ તમામ;
બોલે શાસ્ત્રીબુવા તદાઃ- મા ગભરાઓ આમ. ૧૧૩

ચોરાએલા દાગીના સ્હાંજ સુધીમાં આજ
મળશે તમને નિશ્ચયે; ના ચિંતાનું કાજ. ૧૧૪

એમ કહી સહુને કર્યાં શાંત તત્ક્ષણે ત્યાંય;
આ ગમ કૌતુક શું બન્યું સાંભળ સાવધ આંહ્ય:- ૧૧૫

જે દિનથી જાત્રા તહીં લાગી ભરાવા એમ,
શાસ્ત્રીબુવાએ ત્યારથી ભૂત એક ત્યાં તેમ ૧૧૬

નીમ્યું'તું સંરક્ષણે; જોઈ પિશાચ એહ
અલંકાર ચોરી જતાં સ્ત્રીને ત્યાંથી તેહ, ૧૧૭

બાંધી એને ચોર સમ લાવે શ્રીગુરુ પાસ;
રૂપ ભયંકર દાખવી બ્હીવડાવે ત્યાં ખાસ. ૧૧૮

થઈ ભયભીત એ રડે, જોઈ રૂપ ભીષણ;
બોલે શાસ્ત્રીબુવાઃ- અરે કરે કેમ રોદન ? ૧૧૯

કર જોડી પેલી વદેઃ- ગુરો ! આજ મેં આંહ્ય
અલંકારની વાવ પર કીધી ચોરી ત્યાંય. ૧૨૦

મારે મુજને કોઈ આ તેથી વારંવાર;
ઉગ્ર રૂપ નિજ દાખવી, બ્હીવડાવે નિર્ધાર. ૧૨૧

કરો મુક્ત મુજને પ્રભો એનાથી સત્વર,
એમ કહી ચરણે નમે ! વદે ત્યાંય ગુરુવરઃ- ૧૨૨

કયાં સંતાડ્યા દાગીના ? બોલ સત્ય એ આંહ્ય;
કહે એહઃ-ભૂમિ મહીં, અમુક સ્થળે ગૃહ માંહ્ય. ૧૨૩
ઘરનાં મનુષ્યને તદા બોલાવી તત્કાળ,
કહી એમને દાગીના મંગાવી નિર્ધાર, ૧૨૪
ચોરબાઈને તત્ક્ષણે કરી ભયમુક્ત તેમ,
આપે સુબોધ એહને શાસ્ત્રીબુવા સપ્રેમઃ- ૧૨૫

સારા ઘરની તું નકી, શોભે તને ન એહ;
ચૌર્યકૃત્ય સુનિંદ્ય આ; કરીશ ફરી ના તેહ. ૧૨૬

એમ સૌમ્ય શબ્દે તિહાં આપી ઠપકો જાણ,
કરી વિદાય એહને, અલંકાર એ માન ૧૨૭

હતા જેહના તેહને આપે સત્વર તેમ !
થઈ તુષ્ટ એ નિજ ગૃહે ગઈ નમન કરી એમ, ૧૨૮

ગાતી કીર્તિ ગુરુ તણી આનંદે તત્કાળ !!
એમ અન્ય સ્ત્રી એકદા કરે ચૌર્ય નિર્ધાર. ૧૨૯

ચાર જ આના દત્તમંદિરમાંથી લે જાણ;
બાંધી પિશાચ એહને લાવે તેજ પ્રમાણ. ૧૩૦

રોઈ પડી નિજ ભૂલ એ કરે કબૂલ ગુરુ પાસ;
માગે ક્ષમા વંદન કરી પ્રાર્થી વિનયે ખાસ. ૧૩૧

ચોરેલા પૈસા તથા આપે તત્ક્ષણ તેમ;
શાસ્ત્રીબુવા પિશાચથી કરે મુક્ત ત્યાં એમ ! ૧૩૨

ચમત્કાર એવા તિહાં બને રોજ તું જાણ;
કોણ વર્ણવે સર્વ એ ? થાકે શેષજબાન !! ૧૩૩

ચોર જાર શઠ કુટિલ જે નારીનર સર્વત્ર,
ત્યજી કુટિલતા સત્પથે વર્તે સદાય અત્ર. ૧૩૪

જૂઠું ક્ષણ ચાલે નહીં, વદે સત્ય સહુ તેમ;
નિર્ભયતા સઘળે વસે રામરાજ્યવત્ એમ ! ૧૩૫

દેવાલયની આસપાસ મૂકો ફાવે ત્યાંય,
વસ્તુ પડી રહે તથા; સ્પર્શે કોઈ ન ક્યાંય. ૧૩૬

નારીનર નિર્ભય ફરે બાળક વૃદ્ધ સમાન;
રાતે દા'ડે નામ ના લે કોઈ ત્યાં માન ! ૧૩૭

શોભા માણગ્રામની કેમ વર્ણવી જાય ?
વસે દત્ત પ્રત્યક્ષ જ્યાં ભૂવૈકુંઠ સદાય ! ૧૩૮
અહો ધન્ય સામર્થ્ય એ શાસ્ત્રીબુવાનું એહ;
આગળ લીલા અવનવી કરે ભક્તાર્થ જેહ, ૧૩૯
સૂણતાં ભક્તિભાવથી રહે ન ભીતિ લગાર;
શ્રદ્ધા વિણ કાચું બધું; કથે **રંગ** નિર્ધાર ! ૧૪૦

ઈતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે મૂર્તિસ્થાપનાદિકથનં નામ ત્રયોદશાધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૧૩ ॥ દોહરા ૧૪૦

## અધ્યાય ૧૧૪

કર જોડી પ્રાર્થે ફરી શિષ્ય નિરંજન એહઃ-
કરી મૂર્તિની સ્થાપના, થયું શું પછી તેહ ? ૧

ગુરુલીલા સૂણતાં મને ચઢે નવીન ઉત્સાહ;
થયો સર્વથા શાન્ત હું મટયો ત્રિતાપદાહ. ૨

મળ્યા પૂર્વપુણ્યે મને અલખ યોગીવર ધન્ય;
અજ્ઞાનાંધ્ય[1] નિવારીને હર્યું તિમિર[2] જઘન્ય[3] ! ૩

આગળ લીલા જાણવા, થાય સોત્કંઠ મન;
અલખ કહે, સૂણ બાળ હે ! કથા એહ પાવનઃ- ૪

૧. અજ્ઞાનરૂપી અંધકાર. ૨. અંધારૂં ૩. નીચ.

માણગાંવનો જે હતો પોલીસપટેલ જાણ,
ગુરુમૂર્તિની એ કરે સેવા ભાવે માન. ૫
હતી કન્યકા એહને બાર વરસની એક;
પીડે પિશાચ તેહને પ્રાક્સંસ્કારે દેખ. ૬
લહે સૌખ્ય ના સ્વપ્નમાં; નાના રીતે એમ
પાડે પિશાચ આપદા, ના છોડે ક્ષણ તેમ. ૭
જોઇ એની એ સ્થિતિ, પતિ એહનો ત્યાંય
બીજી સ્ત્રી વરવા કરે વિચાર નિજ મન માંહ્ય. ૮
જાણી બાપે એહના જ્યારે વાર્તા એહ,
ગુરુમૂર્તિને તત્ક્ષણે કરે નિવેદન તેહ. ૯
બોલાવી એને કથે કૃપાવંત ગુરુરાય
મંત્ર એક પવિત્ર ત્યાં, જપતાં પાતક જાય. ૧૦

મંત્ર

॥ तुज विण दत्ता मज कोण तारी ॥

એવો મંત્ર વદી કહેઃ-કરી એહનો જાપ,
પ્રદક્ષિણા કર દેવની; થશે નષ્ટ સહુ તાપ. ૧૧

આજ્ઞા સમ શ્રદ્ધા થકી, કરી મંત્રજપ એહ
પ્રદક્ષિણા ભાવે કરે નિત્ય વિગતસંદેહ. ૧૨

જોઇ શ્રદ્ધા એહની થયા તુષ્ટ ગુરુરાય;
દેવાજ્ઞાથી એહને દુઃખ થકી ક્ષણ માંહ્ય ૧૩

કરી મુક્ત પિશાચના ! થયાં હૃષ્ટ સહુ એહ;
માની પા'ડ શ્રીગુરુ તણો, ગયાં નમન કરી તેહ. ૧૪

જેવી નિષ્ઠા જેહની, પામે તેવું તેહ;
કહું અન્ય દૃષ્ટાંત ત્યાં, ટળે જેથી સંદેહ. ૧૫

વિસોબા પાડગાંવકર, ચાકર તેનો એક,
ઊઠે એના પેટમાં શૂળ ભયંકર છેક. ૧૬

દુઃસહ એ પીડા થકી કંટાળ્યો એ જાણ;
નાના ઉપચારો કરી થાક્યો અંતે માન. ૧૭

આવ્યો શરણે ગુરુ તણા; કરી દંડવત્ ત્યાંય,
કહેઃ- તાર મુજને પ્રભો તુજ વિણ આશ ન આંહ્ય. ૧૮

બોલે શાસ્ત્રીબુવા તદાઃ-પ્રાક્કર્મે તુજ જાણ
રોગ પિશાચ થકી થયો એહ પેટમાં માન. ૧૯

લેવા તારો પ્રાણ આ કર્યું પિશાચે તેમ;
થવા મુક્ત જો એ થકી હોય ત્વદિચ્છા એમ, ૨૦

નિત્ય દત્તસેવા અહીં કર શ્રદ્ધાથી જાણ;
કબૂલ કરી નર એ તથા ગુર્વાજ્ઞા સમ માન ૨૧

સેવા શ્રદ્ધાથી કરે; જતાં દિવસ કંઇ એમ,
થઈ વ્યથા એની બધી, દૂર શૂળની તેમ. ૨૨

સેવાર્થે રહેનારને શાસ્ત્રીબુવાએ ત્યાંય
કરી હતી આજ્ઞા તિહાં કે દેવાલય માંહ્ય ૨૩

સૂવું ના કદિ કોઇએ, હોય દિવસ કે રાત;
સૂશે જે કોઇ છતાં, તે પર દારુણ ઘાત ૨૪

અથવા વિપત્તિ આવશે; તે દિનથી ત્યાં તેમ
દત્તમંદિરે ના સૂએ મનુષ્ય કોઇ એમ. ૨૫

થઇ વિસ્મરણ એહનું, એક રાતરે જાણ,
સેવક પેલો ભૂલથી વિસોબા તણો માન, ૨૬

સૂઇ ગયો મંદિર મહીં; પડ્યો ઊંઘમાં તેમ;
પડ્યું સ્વપ્ન એને તિહાંઃ- કાં ઘોરે રે એમ ? ૨૭

મરી ગયો તારો ધણી, જા સત્વર તુજ ગામ;
વદે કોઇ એવું તદા ! દેખી સ્વપ્નું આમ, ૨૮

ગભરાયો અંતર વિષે; આવ્યો શ્રીગુરુ પાસ,
આજ્ઞા લેવા વેગથી; વંદન કરીને ખાસ ૨૯

કહે સ્વપ્નવૃત્તાંત ત્યાં ! સૂણી દયામ્બુધિ એહ
વદેઃ- દેવનો ના અરે નકી દૃષ્ટાંત તેહ. ૩૦

કર્યું શયન તેં મંદિરે, માટે પિશાચ જાણ
દેખાડી સમણું તને વૃથા ચગાવે માન. ૩૧

માટે આજ્ઞા દેવની થઇ ન જ્યાં લગ એમ,
મળ્યો પ્રસાદ ન જ્યાં સુધી, છોડી સેવા તેમ ૩૨

જઇશ ગામ ના ત્યાં સુધી માની મારૂં આંહ્ય !
વદે એમ શાસ્ત્રીબુવા; તોએ મૂરખ ત્યાંય ૩૩

ઉલ્લંઘી આજ્ઞા તદા, ગયો ગામ નિજ એહ;
ત્યાં તો માલિક એહનો જાુએ સુખરૂપ તેહ. ૩૪

સ્વપ્નવૃત્ત તેથી બધું કહ્યું એહને જાણ;
સૂણી વિસોબા ક્રોધથી વદેઃ- અરે નાદાન ! ૩૫

શાસ્ત્રીબુવાએ ના કહ્યું, તોએ આજ્ઞા એમ,
ઉલ્લંઘી કાં રે ટળ્યો ? જા પાછો મર તેમ ! ૩૬

આજ્ઞા સમ નિજ શેઠની, માણગ્રામે એહ
જાતાં પાછો માર્ગમાં; પિશાચ વચ્ચે તેહ ૩૭

પેસી એના દેહમાં, ફરી પૂર્વવત્ જાણ
શૂળ ભયંકર પેટમાં કરી ઉત્પન્ન માન, ૩૮

હરે પ્રાણ એના તદા નિમેષમાત્રે એમ !
પામ્યો પંચત્વ મૂઢધી દુરાગ્રહે એ તેમ ! ૩૯

થયું એવું જ અન્યનેઃ-સાવંતવાડી પાસ
એક ગામડામાં વસે શૂદ્ર કોઢીલો ખાસ. ૪૦

ગલત્કુષ્ઠ એને થયો પૂર્વસંચિતે જાણ;
ગયો શરણ ગુરુમૂર્તિને કંટાળી એ માન. ૪૧

કહેઃ-દયાળુ રોગ આ હરી, દુઃખથી તેમ
કરો મુક્ત મુજને પ્રભો, વંદું [1]પદાંબુજ એમ. ૪૨

એમ કહી [1]પદકંજમાં પ્રણમે વારંવાર;
સૂણી વિનંતિ એહની દ્રવ્યા ગુરુ તત્કાળ. ૪૩

કહી મંત્ર એને તદા, દત્તમંદિરે તેમ
કરવા પ્રદક્ષિણા કહ્યું રહી દૂર સપ્રેમ. ૪૪

મંત્રયુક્ત પ્રદક્ષિણા કરે દેવની ત્યાંય
રાખી શ્રદ્ધા શૂદ્ર એ, એમ કંઇક દિન જાય. ૪૫

દેવકૃપાથી એહનો ગયો રોગ એ તેમ;
આગળ ગુરુદ્વાદશી તણો આવ્યો ઉત્સવ એમ, ૪૬

જવા નૃસિંહવાડીમાં થઇ એહને ત્યાંય
ઇચ્છા અંતરમાં તદા; માટે એ નતકાય ૪૭

આવી ગુરુમૂર્તિ કને માગે આજ્ઞા તેમ;
બોલે શ્રીગુરુઃ- દેવની આજ્ઞા તને ન એમ ૪૮

માટે ખટપટમાં જવાની ના પડતો જાણ !
સૂણી વેણ એ ગુરુ તણાં, હતભાગી એ માન ૪૯

વાતો બ્રહ્મજ્ઞાનની મોટી મોટી તેમ
કહી વદેઃ- જે દત્ત છે અહીં ! તે જ ત્યાં એમ. ૫૦

શી હરકત છે તો પછી જવા વાડીમાં દેવ ?
ના આજ્ઞાનું કામ અહીં ! કહી એમ તતખેવ, ૫૧

કરી અવજ્ઞા ગુરુતણી ચાલ્યો વાડી જાણ;
જતાં માર્ગમાં પૂર્વવત્ ગલત્કુષ્ઠ મહાન ૫૨

ફાટી નીકળ્યો દેહ પર ! થઇ સુદુઃખિત તેમ,
આવી વાડીક્ષેત્રમાં; જાય દર્શને તેમ. ૫૩

ત્યાં તો કુષ્ઠી દેખીને કરે સકળ ધિક્કાર;
થઇ ક્રુદ્ધ પૂજારીઓ કહેઃ- નીકળ તત્કાળ. ૫૪

ના આવીશ મંદિર તણી સ્હામે પાપી આંહ્ય !
અનેક રીતે એમ સહુ કરે હડધૂત ત્યાંય. ૫૫

તેથી દર્શન દત્તનું થયું ન એને જાણ;
યાત્રા જોવા ના મળી કુષ્ઠકારણે માન. ૫૬

કંટાળ્યો દુઃખે અતિ; માણગ્રામે તેમ
આવ્યો પાછો, ત્યાં અહીં દેવે ગુરુને એમ ૫૭

કહ્યું આપી દૃષ્ટાંત કે, શૂદ્ર કોઢીલો એહ
મમાપરાધી જાણ તું; કાઢ અહીંથી તેહ. ૫૮

આવે પાછો વાડીથી જાણ તાહરી પાસ;
મંદિર પાસે આવવા દઇશ ન એને ખાસ ! ૫૯

એમ દૂરથી દેખતાં શાસ્ત્રીબુવાએ જાણ,
કાઢી મૂક્યો એહને દત્તાજ્ઞા સમ માન. ૬૦

થઇ ખિન્ન નિજ ગામ એ આવ્યો દુઃખિત એમ;
વધી રોગ એમાં જ ત્યાં પામ્યો મૃત્યુ તેમ ! ૬૧

માટે જે સત્પુરુષની આજ્ઞાથી નર જાણ
કરે દેવસેવા અહીં, દેવ તણી એ માન ૬૨

અથવા એ સત્પુરુષની આજ્ઞા વિણ એ તેમ
ત્યજતાં દુરાગ્રહે તથા, થાએ અનર્થ એમ. ૬૩

તેથી સંતાજ્ઞા થકી કરતાં સેવા જાણ,
આજ્ઞા વિણ ના એમની જાવું બીજે સ્થાન. ૬૪

રહી ત્યાં જ શ્રદ્ધા થકી કરવી સેવા તેમ;
થાય સિદ્ધ નિજ કાર્ય તોએ ના ખસવું એમ. ૬૫

આજ્ઞા પ્રસાદ વિણ કદિ, તેમ કાર્ય એ જાણ
સેવાનું ના છોડવું, પડી મોહમાં માન. ૬૬

સંતવચન સમ વર્તતાં શ્રદ્ધાભાવે આંહ્ય,
રહે દુઃખ ના સ્વપ્નમાં ! જડે ન શોધ્યું ક્યાંય !! ૬૭

સૂક્ષ્મ માર્ગ સેવા તણો દેવ તણી એ તેમ;
કહું અન્ય દૃષ્ટાંત ત્યાં, શંકા રહે ન જેમ. ૬૮

સાવંતવાડીમાં વસે વિપ્ર વેંગુર્લેકર;
વિના કારણે એહને રાજદૂત સત્વર ૬૯

મૂકી ચૌર્યારોપ[2] ત્યાં જાય પકડીને જાણ,
નાંખે કારાગૃહ મહીં, વિના તપાસે માન. ૭૦

થઇ દુઃખિત દ્વિજ એ તદા, સ્મરી દત્ત મન માંહ્ય,
અનન્ય નિષ્ઠાથી કરે નમ્ર પ્રાર્થના ત્યાંયઃ- ૭૧

ભક્તવત્સલ હે પ્રભો ! અનાથનો તું નાથ;
લે શરણે આ દાસને શરણાગત હું તાત. ૭૨

સ્મર્તૃગામી સર્વત્ર તું, જાણે સઘળું તેમ;
વ્યર્થ આળ આ બાળ પર આવ્યું તુજના એમ. ૭૩

સંકટમાંથી આ વિભો મુક્ત કોણ કરનાર,
તુજ વિણ દીનદયાળ હે ? દોડ દોડ તત્કાળ ! ૭૪

લાવી કરુણા દાસ પર, કર સંકટથી મુક્ત;
આવી નૃસિંહવાડીમાં તારી આનંદયુક્ત ૭૫

કરીશ મહાપૂજા પ્રભો ! વિના વિલંબે તેમ,
સૂણી પ્રાર્થના એહની કરે દયાનિધે કેમ ? ૭૬

૧. ચરણકમળ. ૨. ચોરીનો આરોપ.

રાજસેવકો એહને કારાગૃહમાં જ્યાંય
હતા રક્ષતા, તત્ક્ષણે ચમત્કાર ત્યાં થાય. ૭૭

નાગ ભયંકર વેગથી કરતો ફૂત્કાર જાણ
આવ્યો એક મહાન ત્યાં; જોઈ રક્ષકો માન, ૭૮

કંપે થરથર બીકથી; મળે માર્ગ ત્યાં એમ
ગયા નાસી દ્વિજ સાથ એ, પ્રાણ રક્ષવા તેમ. ૭૯

કોઇ કોઇને ના જુએ; અસ્તવ્યસ્ત સહુ એહ
નાઠા મૂઠી વાળીને ! પાછળ ફણિવર તેહ ૮૦

દેખી દોડતો વેગથી, મૂકી ધોરી વાટ;
ત્યજી ગામ વનાંતરે પેઠા છોડી સાથ. ૮૧

પડ્યા વિખૂટા દોડતાં, ગયા દૂર વન માંહ્ય;
થાક્યા દોડી દોડીને, બેઠા આખર ત્યાંય. ૮૨

ગયો દૂર [1]અહિ દેખીને બેઠા નિર્ભય જાણ;
એ સંધિમાં વિપ્ર એ નાઠો ત્યાંથી માન. ૮૩

જાય એહને શોધવા ત્યાં તો સંનિધ એક
ગામ મહીં કો નર તણું થયું ખૂન ત્યાં દેખ ! ૮૪

શ્રેષ્ઠાધિકારીએ યદા જાણી વાત એ જાણ,
હતા દૂત જે વન મહીં તે સર્વને માન ૮૫

કરવા તપાસ ખૂનની જઇ ગામમાં એહ,
સત્વર પોતે મોકલે ખાસ હુકમથી તેહ. ૮૬

શોધ એહ ચોરી તણી અને વિપ્રનો માર,
અનાયાસ લંબાણ પર પડ્યો એમ નિર્ધાર ! ૮૭

આજ્ઞા વરિષ્ઠની થતાં રાજદૂત એ ત્યાંય,
અરણ્યમાર્ગે ગામની દિશા મહીં સહુ જાય. ૮૮

ઊંડા કોતરમાં તિહાં, જતાં માર્ગમાં એમ
દેખે એકાંતે તદા સૂક્ષ્મ દૃષ્ટિથી તેમ, ૮૯

બેસી ટોળી ચોરની કરતાં વિભાગ ત્યાંય
ચોરેલી વસ્તુ તણા આપઆપની માંહ્ય. ૯૦

દોડી તત્ક્ષણ દૂત ત્યાં પકડે સહુને એહ;
જુએ વસ્તુઓ તો બધી પૂર્વચોરીની તેહ ! ૯૧

તેથી ચૌર્યારોપ એ થયો વિપ્રનો નષ્ટ;
પકડે વાડીની તદા વાટ થઇ એ હૃષ્ટ. ૯૨

જતાં માર્ગમાં શ્વશુરનું આવ્યું એના ગામ;
જઇ તિહાં નિજ વૃત્ત એ કહે એ હર્ષથી આમઃ- ૯૩

થયો મુક્ત સંકટ થકી દત્તદયાથી આંહ્ય;
પ્હોંચીશ ક્યારે વાડીમાં, એવું મનમાં થાય ! ૯૪

સૂણી વચન શ્વશુરાદિ એ વદેઃ-અમે પણ એમ
જવા ઇચ્છીએ વાડીમાં; જઇશું સાથે તેમ. ૯૫

ઉષ્ણકાળ પૂરો થતાં જઇશું તત્ક્ષણ ત્યાંહ્ય,
સર્વ મંડળી સહ નકી; રહો અલ્પ દિન આંહ્ય. ૯૬

શ્વશુરાગ્રહથી ત્યાં રહ્યો જાણ વિપ્ર એ એમ,
મૂકી જવાનું દૂર પર દત્તક્ષેત્રે તેમ. ૯૭

થઇ અવકૃપા દેવની તેથી એ પર જાણ;
તે જ દિને ઘર એહનું થયું ભસ્મ ત્યાં માન. ૯૮

સૂણી વૃત્ત એ નીકળ્યો જવા નિજ ગૃહે તેમ;
આવી સાવંતવાડીમાં જુએ શીઘ્ર જ્યાં એમ, ૯૯

બાળબચ્ચાં સહ તિહાં થયું સર્વ ગૃહ ખાખ;
રડે જોઇ દ્વિજ એ અતિ સઘળે રાખ જ રાખ ! ૧૦૦

અન્નવસ્ત્ર પણ ના મળે કેટલાક દિન એમ;
તોએ સ્મરે ન દત્તને દુર્ભાગી એ તેમ !! ૧૦૧

રાખી બાધા દુઃખમાં, ના સંભારે એહ;
ડૂબ્યો [2]શોકાર્ણવ મહીં ! કોણ ઉગારે તેહ ? ૧૦૨

એવો દુઃખિત વિપ્ર એ આવ્યો શ્રીગુરુ પાસ;
કરી દંડવત્ પ્રાર્થના કરે કરગરી ખાસઃ- ૧૦૩

ડૂબ્યો હું દુઃખાબ્ધિમાં, શરણાગતરક્ષક !
તારો મુજને દીનને સકળ નિવારી [3]અક. ૧૦૪

એમ કહી નિજ દુઃખની કહે સવિસ્તર વાત;
બાધા રાખી દત્તની વદે ન એ દુર્જાત. ૧૦૫

સૂણી વૃત્તાંત એહનો, વદે ગુરુમૂર્તિ ત્યાંયઃ-
આવ સ્હવારે, મુક્તિનો કહીશ કાંઇ ઉપાય. ૧૦૬

જા હમણાં અહીંથી હવે ! કહી એમ તત્ક્ષણ
જતાં એહ, શ્રીદત્તને પૂછે એનો પ્રશ્ન. ૧૦૭

બોલે દત્ત દયાળુ ત્યાંઃ- મદપરાધી એ વિપ્ર;
દઇશ ન પાસે આવવા, કાઢ એહને ક્ષિપ્ર. ૧૦૮

આવ્યો અન્ય દિને જિહાં વિપ્ર ત્યાંહ્ય એ તેમ,
કને આવવા એહને ના દે શ્રીગુરુ એમ. ૧૦૯

રાખી દૂર ખડો કહેઃ- કર્યો અપરાધ જાણ
દેવ તણો તેં નિશ્ચયે, તેનું ફળ આ માન. ૧૧૦

સૂણી એહ ગભરાટમાં પડ્યો એહ તત્કાળ
તોએ બાધા ધ્યાનમાં આવે ના નિર્ધાર ! ૧૧૧

પડી વિચારમાં તદા, પ્રાર્થે જોડી હાથઃ-
કહો દયાલો, શો કર્યો એવો મેં અપરાધ ૧૧૨

૧. સાપ. ૨. શોકસાગર ૩. પાપ.

દત્તપ્રભુનો, જે થકી કરી મદ્‌બહિષ્કાર
પાસે પણ ના આવવા દો એમ ભવપાર ? ૧૧૩

થયો હોય કંઇ દોષ જો જાણેઅજાણે તેમ,
માગું આપ સહ દેવની ક્ષમા [1]બદ્ધકર એમ. ૧૧૪

એમ કહી કરગરી પડે ! સૂણી વદે ગુરુરાયઃ-
કાલ સ્હવારે સર્વ એ કહીશ આવજે આંહ્ય. ૧૧૫

એમ કહી એને તદા દે મોકલી તતખેવ;
પ્રાર્થે રાત્રે દત્તને શાસ્ત્રીબુવાઃ- હે દેવ ! ૧૧૬

કહ્યું વિપ્રને અહીં, કહીશ સ્હવારે એમ
ઉપાય દુઃખવિનાશનો; કરૂં હું હવે કેમ ? ૧૧૭

આજ્ઞા પ્રમાણ આપની ! સૂણી દત્ત તત્કાળ
વદેઃ-મૂઢમતિ એહ પર ચૌર્યારોપ અસાર ૧૧૮

આવ્યો'તો પૂર્વે તદા રાખી બાધા એમ;
આવી વાડીમાં કરીશ મહાપૂજા હું તેમ. ૧૧૯

થતાં મુક્ત સંકટ થકી ! હવે સ્મરે ના એહ !
પાળે ના નિજ વચન એ, માટે દુઃખિત તેહ ! ૧૨૦

તોએ તુજને યોગ્ય જે લાગે તેવી રીત,
દુઃખમુક્ત કર એહને; ભક્ત એહ નિશ્ચિત. ૧૨૧

ભૂલ ફરીથી ના કરે માટે દંડ્યો એમ,
દેવા શિક્ષણ અન્યને સખત રીતથી તેમ !! ૧૨૨

આજ્ઞા દેવ તણી થતાં એવી શ્રીગુરુ ત્યાંય,
અન્ય દિને દ્વિજ આવીને કરે દંડવત્ જ્યાંય; ૧૨૩
વદે એહનેઃ- કેમ રે બાધાફાધા ક્યાંક
રાખી'તી તેં દેવની પૂર્વે બની સુરાંક, ૧૨૪
આળ ચોરીનું આવતાં, વાડીમાં જઇ તેમ
મહાપૂજા કરવા તણી થાતાં [2]અકમુક્ત એમ ? ૧૨૫
છોડાવતાં દેવે તથા સંકટમાંથી આંહ્ય
કરી પૂર્ણ એ, બોલ રે, જઇ યથોક્ત ત્યાંય ? ૧૨૬
સૂણી વચન બ્રાહ્મણ તિહાં, કરે કબૂલ અપરાધ;
શ્વશુરગેહની સર્વ એ કહે સવિસ્તર વાત. ૧૨૭

બોલે શાસ્ત્રીબુવા તદાઃ- પડ્યો સંકટે જ્યાંય,
છોડાવ્યો કોણે તને ? બોલ સત્ય એ આંહ્ય. ૧૨૮

કર્યો મુક્ત દેવે તહીં અથવા સસરે તેમ,
જેથી વાડી ના ગયો સૂણી શ્વશુરનું એમ ? ૧૨૯

સાસુસસરાનું સૂણી કર્યું ન પૂજન જાણ;
માટે આવાં સંકટો આવ્યાં તુજ પર માન. ૧૩૦

તેથી વાડીમાં જઇ પ્રથમ લઘુરુદ્ર એક
મહાપૂજા સહ પ્રેમથી કરી દેવ પર દેખ, ૧૩૧

માગી માફી અપરાધની કરી પ્રાર્થના ત્યાંય,
આવ પ્રસાદ લઇ પછી મારી પાસે આંહ્ય. ૧૩૨

દુઃખમુક્ત થાવા તણો કહીશ ઉપાય તેમ !
વંદી આજ્ઞા વિપ્ર એ ગયો વાડીએ તેમ. ૧૩૩

આજ્ઞા સમ લઘુરુદ્ર ને કરી મહાપૂજન,
આવ્યો માણગ્રામમાં પ્રસાદ લઇ તત્ક્ષણ. ૧૩૪

ગુરુમૂર્તિને દંડવત્ કરતાં ભાવે તેમ,
કહે મંત્ર એ એક ત્યાં જપવિધાન સહ એમ. ૧૩૫

કરતાં જપ શ્રદ્ધા થકી વિપ્ર યથાવિધિ એહ,
થયો મુક્ત સહુ કલેશથી અલ્પ સમયમાં તેહ. ૧૩૬

બન્યો નિઃસીમ દત્તનો ભક્ત એમ સુજાણ;
રહે દત્તચિંતન મહીં મગ્ન અહર્નિશ માન. ૧૩૭

માટે કૃતસંકલ્પ જે દેવકાર્યનો તેમ,
કરવો પૂરણ તત્ક્ષણે વિના વિલંબે એમ. ૧૩૮
કોઇએ કહેવા છતાં ભળતું ફાવે તેમ,
બુદ્ધિભ્રંશ ન આત્મનો થાવા દેવો એમ. ૧૩૯
જેથી ઇશ્વરની કૃપા થાશે સત્વર આંહ્ય;
મારગ સૂક્ષ્મ એ અતિ ગબડી ભલભલા જાય ! ૧૪૦
ગુરુલીલાનો પાર ના; કોણ વર્ણવે સર્વ ?
થાક્યા શિવસનકાદિ જ્યાં, વ્યર્થ માનવી ગર્વ ? ૧૪૧
એની લીલા એ લહે ! વદું વદાવે જેમ;
અર્ણવમાંથી બિંદુવત્ સાર **રંગ** આ તેમ !! ૧૪૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે દેવસેવાપ્રકારકથનં નામ ચતુર્દશાધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૧૪ ॥ દોહરા ૧૪૨

## અધ્યાય ૧૧૫

અલખ કહેઃ-સૂણ શિષ્ય હે ! આગળ કથા રસાળ;
ગુરુલીલાનો પાર ના, કહું અલ્પ આ સાર. ૧

સાવંતવાડી રાજ્યમાં વાલાવલી અભિધાન
ક્ષેત્રે, એક સમે થયું ખૂન એક મહાન. ૨

થયું કેમ ? કોણે કર્યું ? લાગે કંઇ ન ભાળ;
થાક્યા સહુ અધિકારીઓ કરી શોધ નિર્ધાર. ૩

કેવળ સંશય પર તદા એજ ગામના એક
બ્રાહ્મણને પકડી કર્યો કેદ નિરર્થક છેક. ૪

૧. હાથ જોડીને. ૨. દુઃખમુક્ત.

જાણ્યું માણગ્રામમાં શાસ્ત્રીબુવાએ એહ;
બ્રાહ્મણના બેલી પ્રભુ દોડ્યા તત્ક્ષણ તેહ. ૫

બોલાવી અધિકારીને વરિષ્ઠ પોતે તુર્ત
કહેઃ-વિપ્ર નિર્દોષ આ; કર્યો કેદ કાં વ્યર્થ ? ૬

કર્યું ખૂન એ જેમણે, અલ્પ પ્રયત્ને તેહ,
આજ થકી ત્રીજે દિને જડશે નિઃસંદેહ. ૭

એમ કહી જામીન પર છોડાવ્યો એ વિપ્ર,
કહી ચિહ્ન ખૂની તણાં યથાર્થ સઘળાં ક્ષિપ્ર. ૮

કરતાં તત્સમ શોધ ત્યાં અપરાધી જે સાત
પકડાયા ત્રીજે દિને અચૂક એ સાક્ષાત્ ! ૯

થાતાં તપાસ તેમની, ઠર્યા એહ દૂષિત;
બ્રાહ્મણ પેલો તત્ક્ષણે થયો મુક્ત નિશ્ચિત !! ૧૦

એવી લીલા દાખવી, કરે નીવડો જાણ
સત્યાસત્ય તણો પ્રભુ ! સાંભળ અન્ય સુજાણઃ- ૧૧

સાવંતવાડી ગામમાં રામભાઉ સબનીસ
હતા કમાવિસદાર, જે ભજે ભાવથી ત્રીશ. ૧૨

કર્યા બરતરફ એમને વિના કારણે ત્યાંય;
આવ્યા માણગ્રામમાં થઇ ખિન્ન એ આંહ્ય. ૧૩

કરી નમન શ્રીગુરુપદે કથે વૃત્ત સહુ એહ;
સૂણી ગુરુવર યોગિનીમંત્ર બતાવે તેહ. ૧૪

રાખી શ્રદ્ધા અંતરે, કરતાં તત્સમ જાપ;
રાજાધિકારી એમને બોલાવીને આપ, ૧૫

આપે નોકરી એ પુનઃ ! એવાં કૌતુક દેખ
કરી નિરંતર ભક્તની રાખે શ્રીગુરુ ટેક ! ૧૬

વેંગુર્લે ગ્રામે વસે એક ગૃહસ્થ સુજાણ
વાસુદેવ સાઠે કરી પરમ ધર્મિષ્ઠ માન. ૧૭

થયો એક સુત એહને, મૂક જન્મથી જેહ;
લાવી શાસ્ત્રીબુવા કને, પગે લગાડી તેહ, ૧૮

કરી દંડવત્ ભાવથી, કરે પ્રાર્થના ત્યાંયઃ-
દેવાવતાર પ્રભો તમે; કરો કૃપાદગ્ આંહ્ય. ૧૯

જન્મ થકી મમ પુત્ર આ છે મૂગો નિર્ધાર;
કરી દયા એ પર પ્રભો, દો વાણી તત્કાળ. ૨૦

મૂગાનો વ્રતબંધ શેં કરીએ દીનાનાથ ?
પુણ્યરાશિ તમ વિણ નહીં અન્ય આશરો, તાત ! ૨૧

સૂણી વચન યોગીશ એ બોલેઃ- સર્વ યથાર્થ;
તોયે હું પરમેશ ના ! કહું યથામતિ વાત. ૨૨

થવા દોષપરિહાર એ કથું શાસ્ત્રોક્ત જેમ;
કરતાં શ્રદ્ધાથી તથા મંત્રાનુષ્ઠાન તેમ, ૨૩

થઇ તુષ્ટ શ્રીદત્ત એ દેશે ફળ તત્કાળ !
એમ કહી તત્ક્ષણ કહે મંત્ર એક નિર્ધાર. ૨૪

એકવિંશ દિન એહનું અનુષ્ઠાન સપ્રેમ
કરવા આજ્ઞા દે, કહી વિધાન પણ સહુ તેમ. ૨૫

તદનુસાર દ્વિજ એ કરે એકવિંશ દિન જાણ,
અનુષ્ઠાન શ્રદ્ધા થકી યથોક્ત રીતે માન. ૨૬

ગયું મૂકત્વ પુત્રનું એના સત્વર એમ;
અસ્ખલિત બોલે બધું ગુરૂક્તવત્ એ તેમ. ૨૭

સૂણી સકળ જન વિસ્મયે થયા ચકિત સહુ ત્યાંય;
કહેઃ-જુઓ મૂગો વદે ! ધન્ય ધન્ય ગુરુરાય ! ૨૮

માતપિતા આનંદથી ગયા ઘેર સુત સાથ,
કરી દંડવત્ ભાવથી ગાતા ગુરુયશ વાટ !! ૨૯

એવી અપૂર્વ ગુરુ તણી લીલા શિષ્ય સુજાણ !
શનિવારે ત્યાં એકદા યાત્રા મળી મહાન. ૩૦

પ્રથમથી જ ગુરુમૂર્તિએ કહી રાખ્યું'તું ત્યાંય;
ઔદુંબરતરુ જે તિહાં દત્તસ્વરૂપ સદાય ૩૧

માની તેને કોઇએ કરવો સ્પર્શ ન તેમ;
કરી સ્નાન વિપ્રે સદા કરવું પૂજન એમ. ૩૨

અન્ય જાતિએ દૂરથી કરવું સતત અર્ચન;
થતાં ભૂલ ત્યાં આવશે આફત એ પર ગહન. ૩૩

તે દિનથી સહુ કો રહી વર્તે સાવધ ત્યાંય;
જતાં દિવસ કંઇ એમ ત્યાં, તે દિન અઘટિત થાય. ૩૪

શૂદ્ર એ એક ગામનો દૈવયોગથી જાણ
કરે સ્પર્શ ઔદુંબરે; તદ્દોષે ત્યાં માન ૩૫

સર્પદંશ થઇ એ પડે મૃતપ્રાય તત્કાળ !
જાણી શ્રીગુરુ તત્ક્ષણે દોડ્યા ત્યાં નિર્ધાર. ૩૬

થઇ દયાર્દ્ર ચિત્તમાં, સર્પદંશથી એહ
કરે મુક્ત શૂદ્રજ તિહાં સુધાદૃષ્ટિથી તેહ. ૩૭

જોઇ સકળ જન એ કરે જયજયકાર પ્રહૃષ્ટ;
એમ કીર્તિ ગુરુની બધે ફેલાઇ ઉત્કૃષ્ટ ! ૩૮

મસુરેંગામ તણો તિહાં શૂદ્ર એક તું જાણ,
ગલત્કુષ્ઠપીડિત હતો વિઠ્ઠલનામે માન. ૩૯

કરી ઉપાય થાક્યો બહુ; કંટાળીને તેમ,
આવ્યો માણગ્રામમાં શ્રીગુરુશરણે એમ. ૪૦

કરી નમન પ્રાર્થે તિહાંઃ-તારો, હે ગુરુનાથ !
થાક્યો હું આ દુઃખથી ! આપ ત્રીશ સાક્ષાત્ !! ૪૧

સૂણી વચન શાસ્ત્રીબુવા વદે એહને ત્યાંયઃ-
કરી નિર્મલામાં અરે સ્નાન નિત્ય તું આંહ્ય, ૪૨

પ્રદક્ષિણા કર દેવની રહી દૂર સપ્રેમ;
કરશે દેવ કૃપા નકી ! કરે શૂદ્ર એ તેમ, ૪૩

રાખી શ્રદ્ધા અચલ ત્યાં પ્રદક્ષિણા નત જાણ;
ગયો રોગ એનો તથા અલ્પ દિનોમાં માન. ૪૪

થતાં કૃપા યોગીશની થયો દેહ સુંદર
કરી દંડવત્ ગુરુપદે, લઇ આજ્ઞા સત્વર ૪૫

ગયો ઘેર ગાતો મુખે ગુરુલીલા એ એમ;
જોઇ એને સકળ જન થાય સુવિસ્મિત તેમ. ૪૬

કહું અન્ય સૂણ શિષ્ય હે ! નૃસિંહવાડી માંહ્ય
આબાશાસ્ત્રી નામથી વસે એક દ્વિજ ત્યાંય. ૪૭

માણગ્રામે એકદા આવ્યા પ્રેમે એહ
મળવા શ્રીગુરુમૂર્તિને; મળી ભાવથી તેહ, ૪૮

કહેઃ- અષ્ટાંગ યોગનું શ્રુતિમાં કથન ન ક્યાંય;
બ્રહ્મજ્ઞાન ન એ થકી પ્રાપ્ત કદિ પણ થાય. ૪૯

પૂર્વ પક્ષ એવો કરી, કરે વાદવિવાદ;
નિરભિમાની ગુરુ મૂર્તિ એ, કરે બંધ ત્યાં વાત ! ૫૦

નિયમ એહ શ્રીગુરુ તણો, કદિ કોઇની સાથ
પડવું ના વાદે તથા કરી વિતંડાવાદ. ૫૧

બીજી મર્યાદા તિહાંઃ- નૃસિંહવાટિકા જેહ,
રાજધાની શ્રીદત્તની; માટે પવિત્ર તેહ. ૫૨

દત્તરૂપ સહુ ત્યાંયના; રાખી પ્રીતિ તેમ
વર્તે સાથે સર્વની રહી દક્ષ બહુ એમ. ૫૩

આબાશાસ્ત્રીથી તથા કરે ન શ્રીગુરુ વાદ;
કહે નિરભિમાનેઃ-પ્રભો ! લહું ન હું એ વાત. ૫૪

શાસ્ત્રાધ્યયન ન મેં કર્યું, જાણો તમે સુજાણ !
તેથી તમ સાથે કરી શકું ન વાદ અજાણ ! ૫૫
કહી એમ શ્રીગુરુ ગયા સ્નાનસંધ્યાર્થ એહ;
સૂણી વચન, અભિમાનથી આબાશાસ્ત્રી તેહ ૫૬
ફૂલાયા અતિ અંતરે ! કે' મત્સમ વિદ્વાન
ના બીજો ભૂમંડલે !! એમ કહીને જાણ, ૫૭
રહ્યા ત્યાંજ તે દિન બધો; ઊઠી સ્હવારે તેમ
વેંગુર્લે બંદર જઇ કરે મુકામ એમ. ૫૮
ઉતર્યા'તા જ્યાં એ તથા વિદ્યાદર્પે મત્ત;
બ્રહ્મચારીના રૂપથી જઇ તત્ર શ્રીદત્ત, ૫૯
કહેઃ- માણગાંવે જઇ શાસ્ત્રીબુવાની સાથ
કરી વાદ જય મેળવ્યો, ધન્ય તમે વરજાત ! ૬૦
વેદે અષ્ટાંગ યોગનું કર્યું ન પ્રતિપાદન,
એવો નિજ મત ત્યાં ભલે કીધો સુસ્થાપન !! ૬૧

મહાન પંડિત આપ છો જાણી એવું ખાસ,
આવ્યો વાદાર્થે અહીં; કરો ન મને ઉદાસ. ૬૨

કરી વાદ મત્સહ તથા, શાસ્ત્રપ્રમાણો જેહ
કહે 'યોગથી જ્ઞાન ના' દેખાડો સહુ તેહ. ૬૩

જોયાં શાસ્ત્રો કેટલાં ? કયાં કયાં વળી એમ ?
કયા ગ્રંથમાં એહવું વાંચ્યું ભળતું તેમ ? ૬૪

દેખ્યાં જે શાસ્ત્રો તમે, મળ્યો ન ત્યાં આધાર ?
આવશ્યકતા યોગની ના દેખી નિર્ધાર ? ૬૫

એમ કહી તત્ક્ષણ તિહાં બ્રહ્મચારી એ જાણ,
શ્રુતિ સ્મૃતિ પુરાણ ને શાસ્ત્રાચાર્યપ્રમાણ ૬૬

બોલી દેખાડે તદા પટપટ ઢગલાબંધ !
આબાશાસ્ત્રીનું થયું સૂણી એહ મુખ બંધ !! ૬૭

સૂઝે ના પ્રતિપક્ષ પણ કરવો કેવી રીત;
જોઇ બ્રહ્મચારી વદે તત્ક્ષણ એ નિશ્ચિતઃ- ૬૮

યોગાભ્યાસ વિના કદિ થાય ન બ્રહ્મજ્ઞાન
અન્ય સાધને નિશ્ચયે, શાસ્ત્રાનુભવ પ્રમાણ. ૬૯

યોગાભ્યાસ વિના કદિ થાય ન સુસ્થિર મન;
ચંચલચિત્તે ના બને ધ્યાન નિદિધ્યાસન. ૭૦

ધ્યાન વિના સ્વપ્ને નહીં સુદૃઢ બ્રહ્મજ્ઞાન;
અનુભવ વિણ વાચાળતા, એ તો સહુ અજ્ઞાન ! ૭૧

પૂર્વભવે જેણે કરી યોગસાધના પૂર્ણ,
વિણ અભ્યાસે આ ભવે લભે જ્ઞાન એ તૂર્ણ. ૭૨

નહિ તો આ જન્મે કરી સિદ્ધ સાધના એહ,
થાએ જ્ઞાની નિશ્ચયે; યોગ વિના ના તેહ ૭૩

મળે બ્રહ્મ વાતો થકી બજાર માંહે ખાસ !
માટે મુમુક્ષુએ સદા કરવો યોગાભ્યાસ. ૭૪
બ્રહ્મચારીની એહવી સૂણી સાનુભવ વાક્,
થયા નિરુત્તર શાસ્ત્રી એ; ગલિતાભિમાન દ્રાક્ ! ૭૫
જોઇ બ્રહ્મચારી તથા ચાલ્યા ત્યાંથી એહ;
ગયા દૂર કિંચિત્ તિહાં, આબાશાસ્ત્રી તેહ ૭૬
કરે વિચાર સ્વચિત્તમાં બ્રહ્મચારીનો ત્યાંય !
કહેઃ- કોણ આ માહરા મનની વાતો આંહ્ય ૭૭
જાણી પ્રમાણસર બધું વદે ? બન્યું જે વૃત્ત
જાણ્યું ક્યાંથી એહણે એ સઘળું અદ્ભુત ? ૭૮
માટે કોઇ સમર્થ એ હશે નિશ્ચયે તેમ;
ગ્રહી ચરણ માગું ક્ષમા ! સ્વગત વિચારી એમ, ૭૯
દોડ્યા પાછળ શાસ્ત્રી એ; બ્રહ્મચારી ત્યાં જાણ
થયા ગુપ્ત, દેખાય ના ! ના ચાલે અનુમાન ! ૮૦

થયા ચકિત આશ્ચર્યથી આબાશાસ્ત્રી ત્યાંય;
આવી માણગ્રામમાં પડે ગુરુચરણ માંહ્ય !! ૮૧

કહેઃ-દાસ અપરાધી આ, માગે ક્ષમા દયાળ;
લો શરણે આ દીનને ! કહી એમ નિર્ધાર, ૮૨

કથે સકળ વૃત્તાંત ત્યાં બ્રહ્મચારીનો જાણ;
બોલે શાસ્ત્રીબુવા તદાઃ-કરો ન મન અનુમાન. ૮૩

બ્રહ્મચારી ના અન્ય એ, નકી પ્રત્યક્ષ દત્ત;
આવી સત્યસ્થાપના કરી એમણે તર્ત ! ૮૪

કરી ભૂલ મોટી તમે ! ગ્રહ્યા ચરણ ના કેમ ?
મૂક્યું શિર ના પદ વિષે, ચૂક્યા અવસર એમ ! ૮૫

સૂણી વચન શ્રીગુરુ તણાં, આબાશાસ્ત્રી એહ
થયા ખિન્ન મનમાં અતિ ! પુનઃ વિચારે તેહઃ- ૮૬

શાસ્ત્રીબુવાજ આ નકી સ્વયં દત્તાવતાર;
માટે છોડી સર્વ આ વિદ્યાદર્પ[1] અસાર, ૮૭

સાર્થક આ નરદેહનું કરવા માટે જાણ,
જઉં શરણ હું એમને; કરી પ્રયત્ન મહાન, ૮૮

કૃપા મેળવી એમની થાઉં કૃતાર્થ તેમ !
એમ વિચારી ત્યારથી ગુરુમૂર્તિની જેમ ૮૯

થાએ આજ્ઞા તેહવું વર્તી, દત્તસ્મરણ !
કરી સદા આનંદથી ધ્યાય શ્રીગુરુચરણ ! ૯૦

એવાં કૌતુક અવનવાં કરી શ્રીગુરુ એહ,
સન્માર્ગે સહુ લોકને નિત્ય ચઢાવે તેહ !! ૯૧

સૂણી વચન એ અલખનાં, વદે નિરંજન ત્યાંય;
આગળ અનુસંધાન એ, સૂણ્યે **રંગ** ભય જાય !! ૯૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
વિપ્રપુત્રમૂકત્વહરણાદિ નામ પંચદશાધિકશતતમોऽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૧૫ ॥ દોહરા ૯૨

## અધ્યાય ૧૧૬

જોડી કરદ્વય એ વદે, શિષ્ય નિરંજન ત્યાંયઃ-
આગળ લીલા ગુરુ તણી કહો સવિસ્તર આંહ્ય. ૧

હતાભિમાન થયા તથા આબાશાસ્ત્રી એહ;
થયું તે પછી શું પ્રભો ? કથો કૃપા કરી તેહ. ૨

શિષ્યવચન એ સાંભળી, બોલે અલખ દયાળ;
ગુરુલીલાનો પાર ના, કહું અલ્પ સૂણ સારઃ- ૩

શરદપૂનમ દિન એકદા, અનેક ભક્તે જાણ
આણ્યા પૌંઆ દેવના નૈવેદ્યાર્થે માન. ૪

શાસ્ત્રીબુવાએ તત્ક્ષણે સૂકા પૌંઆ એહ
પ્રોક્ષણ કરી, શ્રીદત્તને અર્પ્યું નિવેદ તેહ. ૫

થયો શબ્દ મોટો તદાઃ-શુષ્ક પૌંઆ એમ
અર્પી નૈવેદ્ય, કંઠ આ મથે છોલવા કેમ ? ૬

સૂણી શબ્દ એવો તિહાં, શાસ્ત્રીબુવા બે હાથ
જોડી પ્રાર્થે દેવનેઃ-દીનબંધુ હે નાથ ! ૭

આજે માજીએ મને સિદ્ધ કરીને તેમ
ના આપ્યું નૈવેદ્ય એ; માટે પ્રમાદ એમ ૮

થયો માહરા હાથથી ! સૂણી દત્ત તત્કાળ
કંઠ રમામાનો સૂજાડે અતિશય નિર્ધાર. ૯

તીવ્ર વેદનાથી તદા પાડી બૂમ મહાન્,
પડે રમામાતા ક્ષણે મૂર્છિત ભૂ પર માન. ૧૦

જોઇ સર્વ એ શ્રીગુરુ, ગભરાઇને તેમ; કરી દંડવત્ દેવને, માગે માફી એમઃ- ૧૧

### સ્તોત્ર

રસજ્ઞાવશાત્ તારકં સ્વાદુ લભ્યં ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત ।
ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં પ્રભો ક્લિન્નચિત્ત[2] ॥ ૧ ॥
વિયોન્યંતરે દૈવદાઢ્યાર્દ્વિભો પ્રાગ્, ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત ।
ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં પ્રભો ક્લિન્નચિત્ત[2] ॥ ૨ ॥
મયા માતૃગર્ભસ્થિતિપ્રાપ્તકષ્ટાદ્ ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત ।
ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં પ્રભો ક્લિન્નચિત્ત[2] ॥ ૩ ॥
મયા જાતમાત્રેણ સંમોહિતેન ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત ।
ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં પ્રભો ક્લિન્નચિત્ત[2] ॥ ૪ ॥
મયા ક્રીડનાસક્તચિત્તેન બાલ્યે ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત ।
ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં પ્રભો ક્લિન્નચિત્ત[2] ॥ ૫ ॥

---

**૧. વિદ્યાનો ઘમંડ. ૨. (દયાથી) જેનું મન ભિંજાએલું છે તેવા.**

મયા યૌવનેડજ્ઞાનતો ભોગતોષાદ્ ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત।
ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં પ્રભો ક્લિન્નચિત્ત ॥૬॥
મયા [૧]સ્થાવિરે [૨]નિધ્નસર્વેન્દ્રિયેણ, ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત ।
ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં પ્રભો ક્લિન્નચિત્ત ॥૭॥
હૃષીકેશ મે વાઙ્મનઃકાયજાતં હરે જ્ઞાનતોડજ્ઞાનતો વિશ્વસાક્ષિન્ ।
ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં પ્રભો ક્લિન્નચિત્ત ॥૮॥
સ્મૃતો ધ્યાત આવાહિતોડસ્યર્ચિતો વા ન ગીતઃ સ્તુતો વંદિતો વા ન જપ્તઃ।
ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં પ્રભો ક્લિન્નચિત્ત ॥૯॥
દયાબ્ધિર્ભવાદૃઙ્ ન [૩]સાગાશ્ચ માદૃગ્ ભવત્યાપ્તમંતોર્ભવાન્મે શરણ્યઃ ।
યથાડડલંબનં ભૂર્હિ ભૂનિઃસૃતાઙ્ઘ્રેરિતિ પ્રાર્થિતં દત્તશિષ્યેણ સારમ્ ॥૧૦॥

એવી અપરાધક્ષમાપનસ્તોત્રે સ્તુતિ જાણ
કરતાં, તુષ્ટ થઈ તદા વદે દત્ત ભગવાનઃ- ૧૨

જેથી સુખ નિજ દેહને થાય, દેવને તેમ
રીઝવતાં તે સાધને, થાય તુષ્ટ હરિ એમ. ૧૩

વચન 'યથા દેહે તથા દેવે' માની પ્રમાણ;
સદા એકાત્મભાવથી ભજવો ઈશ્વર માન. ૧૪

સૂણી વચન એ દેવનાં શાસ્ત્રીબુવા તત્કાળ
મૂકી મસ્તક પદ વિષે, તે દિનથી નિર્ધાર ૧૫

જે જે વસ્તુ જેહવી ગમે સ્વાત્મને જાણ;
તે જ સદા અર્પણ કરે ભાવે પ્રભુને માન. ૧૬

એ રીતે જ જનો બધા આત્મા જે નિજ આંહ્ય
માની તદ્વત્ દેવને, પૂજાદ્યર્પણ ત્યાંય ૧૭

કરતાં ભાવે ઈશ એ થાએ પ્રસન્ન તેમ;
નિષ્ઠા અનન્ય દેખીને રીઝે સત્વર એમ. ૧૮

બેસી એકાંતે સદા માટે ઈશ્વર માંહ્ય
જોડી તનમન આદરે, કરવું ધ્યાન સદાય; ૧૯

પૂજાદિક પણ પ્રેમથી છોડી સહુ સંદેહ;
દેવભક્તસંબંધથી વધે પરસ્પર સ્નેહ, ૨૦

શાસ્ત્રીબુવા પણ એહવું વર્તી જાતે જાણ,
માર્ગ બતાવે લોકને, સ્વયં ત્રીશ જે માન. ૨૧

એક વખત માતા તણો જોઈ આગ્રહ તેમ;
આજ્ઞા વિણ શ્રીદત્તની શિવરાત્રીએ એમ, ૨૨

મહાબળેશ્વરદર્શને ક્ષેત્ર ગોકર્ણ માંહ્ય
જવા થયા તૈયાર એ; ત્યાં તો કૌતુક થાય. ૨૩

સાથે લોકો બહુ હતા માણગાંવના જાણ;
લઈ સંઘ જ્યાં નીકળ્યા બહાર પુરની માન, ૨૪

સર્પ એક અતિ ચપળ ત્યાં ઘૂસ્યો જનમાં તેમ;
ના જોયો એ કોઈએ ! આવી સીધો એમ ૨૫

શ્રીગુરુ પાસે, પગ મહીં કરડી તત્ક્ષણ જાણ
વેગે પાછો સંચર્યો ટોળામાંથી માન ! ૨૬

શાસ્ત્રીબુવા એ દેખીને, આગળ ડગલું એક
ભરે ન; સત્વર સ્વગૃહે આવી પાછા દેખ, ૨૭

બ્રહ્મરંધ્રમાં પ્રાણને ખેંચી ત્યાં ધ્યાનસ્થ
બેઠા; તોએ ઝેર એ ના ઉતરે [૪]પાદસ્થ. ૨૮

દેહભાન પર આવતાં સમાધિમાંથી જાણ,
દેખે દંશસ્થાન તો એકાએક પ્રમાણ ૨૯

વધી ઝેરનું, પગ થયો સૂજી સ્તંભ સમ એહ;
જોઈ ભાવિક લોક એ હતા સાથમાં જેહ ૩૦

કહેઃ-પુણ્યરાશિ અહા ! થયું એકદમ એમ
શાથી આ પગને પ્રભો ? સૂજ્યો શેં એ તેમ ? ૩૧

બોલે શાસ્ત્રીબુવા તદાઃ-જવા ગોકર્ણ માંહ્ય
સાથ તમારી નીકળ્યો ગામ બ્હાર હું જ્યાંય; ૩૨

ટોળામાંથી સોંસરો આવી મારી પાસ,
કરડ્યો પગમાં જોરથી એક [૫]ભુજંગમ ખાસ. ૩૩

સૂજ્યો તેથી એ નકી ! લાગે મુજને એમ,
જોયો એહ ન કોઈએ તમે સર્પ ત્યાં તેમ. ૩૪

સૂણી વૃત એ સર્વ જન, ગભરાઈને ત્યાંય
કહેઃ-થયું આશ્ચર્ય આ, દીઠો સાપ ન ક્યાંય. ૩૫

થયું થવાનું, દો હવે આજ્ઞા સત્વર દેવ;
બોલાવી માંત્રિક અહીં મંત્રાદિક તતખેવ ૩૬

કરીએ યત્ન ઉતારવા ઝેર સાપનું એહ !
બોલે શાસ્ત્રીબુવા તિહાંઃ-કરશો કાંઈ ન તેહ. ૩૭

મંત્રૌષધિ ઉપચાર ત્યાં કરતાં અધિકજ એમ
થશે વેદના નિશ્ચયે, મારૂં માનવું તેમ. ૩૮

છતાં જેવી બધાંયની ઈચ્છા ! એવું વચન
સૂણી, લોકને ના રહે મનમાં ધીરજ ક્ષણ. ૩૯

૧. ઘડપણમાં. ૨. પરવશ ૩. અપરાધી. ૪. પગમાંનું. ૫. સાપ.

બોલાવી માંત્રિક કરે વિધવિધ ત્યાં ઉપચાર,
ઝેર એહ ઉતારવા લોકો વારંવાર. ૪૦

જેમ જેમ મથે જનો, તેમ તેમ વિષ એહ
અધિક અધિક ચઢી, થયો પગ ભારે અતિ તેહ. ૪૧

સૂજ્યો અંતે એટલો, આમતેમ જરાય
ફેરવી ન શકાય એ ! ત્રાસ અતિશે થાય ! ૪૨

થયો પૂર્ણ ઓચ્છવ જિહાં શિવરાત્રીનો ત્યાંય,
બીજે દિનથી સૂજ એ ધીમે ધીમે આંહ્ય ૪૩

ઉતરી આપમેળે થયો પગ એ પૂર્વસમાન !
જોઇ રમામાતા કરે પશ્ચાત્તાપ મહાન. ૪૪

કહેઃ-વ્યર્થ આગ્રહ કર્યો મેં એને ગમનાર્થ;
હવે પછી ના એહવું વર્તું કદિ પ્રાણાન્ત ! ૪૫

અવતારી એ નિશ્ચયે, પૂર્ણ નિષ્કામ આંહ્ય !
એમ કહી, સહુ કાર્યમાં સદા અનુકૂલ થાય !! ૪૬

એક દિવસ કંઇ કારણે, શાસ્ત્રીબુવાને જાણ
થયો પરિશ્રમ બહુ તિહાં; થાક્યા તેથી માન. ૪૭

નિત્ય ક્રમ પોતા તણો રાખી અપૂર્ણ તેમ,
વિશ્રાંતિ લેવા ગયા; આંખ મીંચાઇ એમ. ૪૮

ગમ્યું ન એ શ્રીદત્તને; માટે વીંછી ત્યાંય
શયનસ્થાને મોકલી, કરડાવ્યો કર માંહ્ય ! ૪૯

શાસ્ત્રીબુવાએ તત્ક્ષણે ઊઠી ઝટપટ તેમ,
માની દુઃખ ન, ચિત્તને કર્યો બોધ નિજ એમઃ- ૫૦

સુખે ઊંઘ તું ચિત્ત હે ! મા કર ક્લેશ લગાર !
ક્યાં શોધે વિશ્રાંતિ તું, ત્યજી દત્ત નિર્ધાર ? ૫૧

એક જ સ્થળ ઠરવા તણું ભૂલી સાત્ત્વિક એહ,
તામસ નિદ્રાને વૃથા કાં ભેટે હતદેહ ? ૫૨

રક્ષે જે તુજને સદા ત્યજી તન્નિયમ આંહ્ય,
કરવા જાતાં અન્યથા, પામ્યું આ ફળ હાય ! ૫૩
ભૂલ ન એવી જો ફરી કર તું કદિએ એમ !
એમ કહી રાત્રિ બધી દત્ત ભજનમાં તેમ ૫૪
ગાળી શ્રીગુરુએ તદા ! માટે સહુએ જાણ
નિત્ય નિયમ ના ત્યાગવો નિજનો કદિએ માન. ૫૫
નિયમભંગથી ચિત્તમાં થાએ પ્રમાદ તેમ;
પ્રમાદઆળસથી નકી પામે વિનાશ એમ. ૫૬
તૂટે અનુસંધાન ને બગડે આખો ભવ !
માટે પ્રમાદ જીતીને,, ભજવો ભાવે ભવ ! ૫૭
પૂજન અર્ચન નિયમથી, નિયમે ધ્યાન સદાય;
શ્રવણ મનન નિયમે સદા કરતાં શું નવ થાય ? ૫૮

ક્યાંનો વીંછી ? દંશ શો ? લીલા સઘળી એહ
કરે શ્રીગુરુ અન્યને દેવા શિક્ષણ તેહ ! ૫૯

સાવંતવાડીથી એકદા શ્રીગુરુદર્શન માટ
આવ્યો સોની એક ત્યાં; વંદન કરી સાક્ષાત્ ૬૦

બેઠો પાસે વિનયથી; કર્મ વેદોક્ત એહ
કરે એહવું જાણીને વદે યોગિવર તેહઃ- ૬૧

શ્રદ્ધા સારી તુજ હૃદેઃ- તોએ કલિયુગ માંહ્ય
કર્મ વેદોક્ત વિપ્રને કરવા અધિકાર આંહ્ય. ૬૨

એ વિણ બીજી જાતિએ વેદમંત્ર સહ કર્મ
કરવાં ના કદિએ સુધી; એમાં લેશ ન શર્મ. ૬૩

માટે આજ્ઞા માહરી માની તું પણ જાણ,
કરીશ કર્મ વેદોક્ત ના; નહિ તો પાપ મહાન ૬૪

નિશ્ચય તુજને લાગશે, થાશે પશ્ચાત્તાપ;
માટે સમજી અંતરે, છોડી દે હઠ બાપ ! ૬૫

બોલે શ્રીગુરુ એહવું, તોએ સોની એહ
દુરાગ્રહે ગુરુવચન પર આપે ધ્યાન ન તેહ. ૬૬

કર્મ વેદોક્ત પૂર્વવત્ હઠે આચરે તેમ;
જતાં દિવસ કંઇ એમ ત્યાં, બન્યું એક દિન કેમ ? ૬૭

ઘરમાં એ મહાજન તણા ચોરીનો કંઇ માલ
હોય, એવી શંકા થકી રાજદૂત નિર્ધાર. ૬૮

ઓચિંતા આવી કરે બદ્ધ એહને જાણ;
લઇ જાય ચોકી વિષે ધમકાવીને માન. ૬૯

વચન શ્રીગુરુનાં તિહાં સ્મરે અંતરે એહ;
પશ્ચાત્તાપ કરી હૃદે, રાજદૂતને તેહ ૭૦

દેખાડી ધનલાલસા કહેઃ-મને નિર્ધાર
માણગ્રામે દત્તમંદિર માંહે તત્કાળ ૭૧

શાસ્ત્રીબુવાને દર્શને પ્રથમ લઇ જઇ તેમ,
પછી ભલે ફાવે તિહાં ખેંચી જાઓ એમ. ૭૨
એમ કહી કરગરી પડે ! સૂણી વચન એ જાણ,
રાજદૂતને ચિત્તમાં આવી કરુણા માન. ૭૩
માણગાંવમાં એહને લઇ જઇ તત્કાળ
દત્તમંદિરસંનિધે કરે ખડો નિર્ધાર. ૭૪
શાસ્ત્રીબુવાને જોઇને, મહાજનના એ ત્યાંય
આવ્યાં આંસુ નેત્રમાં દુઃખ થકી ક્ષણ માંહ્ય. ૭૫
કરી દંડવત્ પ્રાર્થના કરે દીન થઇ એમઃ-
અપરાધી હું હે પ્રભો ! માગું માફી તેમ. ૭૬
લો શરણે આ દાસને, ભૂલી દોષ સકળ !
સૂણી વચન સુદીન એ, વાસુદેવ ગુરુવર ૭૭

કહેઃ-થયો તુજને અરે સાચો પશ્ચાત્તાપ;
કરશે ઈશ કૃપા નકી, હરશે સઘળો તાપ. ૭૮

જા સ્મરણ કર દત્તનું ! સૂણી વચન એ ત્યાંય,
સાષ્ટાંગ પ્રણતિ કરી રાજદૂત સહ જાય. ૭૯

આવ્યો ચોકી પર જિહાં, લઈ જામીન તત્કાળ
છોડ્યો એને ઉપરીએ ! ત્યાંથી એ નિર્ધાર ૮૦

આવી કોલ્હાપુર મહીં કરી દેવીદર્શન,
રામકૃષ્ણદત્તાદિની સાલંકૃત તત્ક્ષણ ૮૧

નીર્મી ધાતુમય મૂર્તિઓ આવ્યો માણગ્રામ;
વંદી ગુરુપદ ભાવથી દેવમૂર્તિઓ આમ ૮૨

મૂકી શાસ્ત્રીબુવા કને, કરે પ્રાર્થના ત્યાંયઃ-
આણી મેં આ મૂર્તિઓ આપ માટે જ આંહ્ય. ૮૩

માટે એમાંથી કરી પસંદ, જે જે તેમ
લાગે ઉત્તમ, તે બધી સ્વીકારો પ્રભુ એમ. ૮૪

કહે શ્રીગુરુઃ- ના મને ખપ એકેનો જાણ;
વદે દત્ત કર્ણે તિહાંઃ- મારી મૂર્તિ માન ૮૫

લે આમાંથી તું નકી; પ્રવાસ માટે એહ
પૂજનાર્થ ખપ લાગશે, મા કર ઉર સંદેહ. ૮૬

બોલે શ્રીગુરુઃ- હે પ્રભો ! કૃપામૂર્તિ દાતાર,
પ્રવાસ માટે આપ આ દો આજ્ઞા નિર્ધાર. ૮૭

યથાયોગ્ય ઉપચાર ના મળશે પ્રવાસ માંહ્ય;.
ક્યાંથી પૂજા આપની યથાસાંગ ત્યાં થાય ? ૮૮

સૂણી વચન શ્રીદત્ત એ કહેઃ-સ્નાન કરી જેમ
કરે નિજાંગે ભસ્મ તું; મને પ્રવાસે તેમ ૮૯

ન્હવડાવી ભાવે સદા, ભસ્મવિલેપન આમ
કરતાં માનીશ હું બધું; ના સાધનનું કામ ! ૯૦

દત્તવચન એ સાંભળી, સોની પાસથી એહ
દત્તમૂર્તિ હર્ષે તિહાં રાખે શ્રીગુરુ તેહ. ૯૧

થતાં કૃપા ગુરુદેવની, ઠરી નિર્દોષ પૂર્ણ,
છુટ્યો સોની એ તદા સંકટમાંથી તૂર્ણ. ૯૨

પુરાણોક્ત કર્મો કરી થયો સુખી એ જાણ;
માની આજ્ઞા સાધુની એમ વર્તતાં માન ૯૩

મુક્તિ કરતલ નિશ્ચયે ! લીલા અદ્‌ભુત એમ
કરી શ્રીગુરુ લોકને દે શિક્ષણ સપ્રેમ ! ! ૯૪

આગળ રસ ભરપૂર એ, ઊઠાડે મૃત બાળ;
સ્વયં ત્રીશ અવતાર જે, **રંગ** કોણ ત્યાં કાળ ? ૯૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે નાસ્તિકશિક્ષણં નામ ષોડશાધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૧૬ ॥ દોહરા ૯૫ સ્તોત્ર ૧.

## અધ્યાય ૧૧૭

વદે નિરંજન એ નમીઃ-ઉઠાડ્યો મૃત બાળ
સૂણી ચિત્ત દોડે તિહાં; કથો એહ વિસ્તાર. ૧

શિષ્યચાતકપ્રશ્ન એ સૂણી અલખ દયાળ
વળ્યા મેઘ સમ ત્યાં અહા, વરસે અમૃતધાર. ૨

કરતાં પ્રાશન એ નકી શમે ભવરોગ સર્વ !
નૃસિંહવાટિકામાં કહી બાઈ જેહ અગર્વ ૩

ભક્ત મીરાં સમ વસે દુર્ગામાશી નામ;
બંધુ તેમનો એક, જે કોનકર ઉપનામ. ૪

નામ વિનાયક તેહનું; માણગ્રામે એહ
કરે વાસ; શ્રીગુરુ તણા પિતૃવ્યમાતુલ તેહ. ૫

દોઢ વરસનો એમનો હતો એક સુત જાણ;
અકસ્માત દિન એક એ પડ્યો બિમાર માન. ૬

ચિંતાગ્રસ્ત થયાં સહુ જોઈ એને એમ;
લઈ કુંડલી એહની પિતા વિનાયક તેમ, ૭

આવી શાસ્ત્રીબુવા કને દેખાડે એ ત્યાંય;
જોઈ શ્રીગુરુ ઓચરેઃ- જીવભીતિ ના આંહ્ય. ૮

સૂણી વચન એ ગુરુ તણાં, આનંદે દ્વિજ એહ
આવી નિજ સદને કહે વૃત્ત સર્વને તેહઃ- ૯

કહ્યું મને યોગીશ્વરે, ભીતિ ન એને લેશ;
માટે ચિંતા છોડીને, ભજો સુખે પરમેશ ! ૧૦

વચન એહનાં એ સૂણી, સર્વ જણાને ત્યાંય
થયો આનંદ ચિત્તમાં ! દૈવવશે શું થાય ? ૧૧

જતાં દિવસ કંઈ, પુત્ર એ પામ્યો મૃત્યુ જાણ;
આવ્યા વિપ્રો ગામના શવદહનાર્થે માન. ૧૨

માતા એ સુતની તદા, પિતામહી[1] પણ તેમ
આપે પ્રેત ન બાળવા ! કરી [2]આક્રોશ એમ, ૧૩

કહેઃ પ્રત્યક્ષ દત્ત જે શાસ્ત્રીબુવા નિર્ધાર,
કહ્યું એમણે ના કદિ મરશે જાણો બાળ ! ૧૪

૧. બાપની મા. ૨. કલ્પાંત; રોકકળ

વચન ફરે ના એમનું ! માટે આજ્ઞા વિણ,
દેશું પ્રેત ન બાળવા ભલે થાય દશ દિન !! ૧૫

નિશ્ચયવાણી એહવી સૂણી એક દ્વિજ તેમ,
દોડી શાસ્ત્રીબુવા કને, કથી વૃત્ત સહુ એમ; ૧૬

કહેઃ-પધારો આપ ત્યાં ! વચન સાંભળી એહ,
આવી સત્વર શ્રીગુરુ વદે સ્ત્રીઓને તેહઃ- ૧૭

થયો કાળ બહુ એહને મરી ગયાને આંહ્ય;
લઇ જવા દો પ્રેતને સંસ્કારાર્થે ત્યાંય ૧૮

વરસ સુધી પણ એહની રોશો બેસી પાસ,
તોય સજીવ એ ન થશે; માનો મારૂં ખાસ. ૧૯

રડતાં તમને દેખીને, રડે ન એહ લગાર;
કરો દુઃખ આ વ્યર્થ કાં ? જીવનમાત્ર અસાર ! ૨૦

પરાપૂર્વથી ચાલ્યું એ; ઋણાનુબંધે તેમ
જન્મે પ્રાણી જગતમાં; થતાં પૂર્ણ ઋણ એમ, ૨૧

જાય સર્વને છોડીને દેખો નજરે એહ;
વૃથા મોહમાં કાં પડી રડો વ્યર્થ કરી સ્નેહ ? ૨૨

બીજું અચરજ એક ત્યાંઃ મરે હજારો આંહ્ય !
જુએ દૃષ્ટિએ તોય નર સ્વયં અમરતા ચ્હાય !! ૨૩

આના જેવું અન્ય શું કહો અજ્ઞાન આંહ્ય;
જે જે વસ્તુ જગતમાં એમ ઉત્પન્ન થાય, ૨૪

નાશ તેહનો નિશ્ચયે કોઇ ન કોઇ દિવસ;
માયામય જગ આ બધું, ક્ષણભંગુર નીરસ. ૨૫

જાણ્યા છતાંય તત્ત્વ આ, કરો વ્યર્થ કાં શોક ?
આપો મડદું બાળવા; જુએ રાહ આ લોક. ૨૬

વિવેકવાણી એહવી શાસ્ત્રીબુવાની ત્યાંય
સૂણી, પિતામહી પુત્રની જોડી કર નતકાય ૨૭

કહેઃ-વાક્ય ના આપનું ફરે કદાપિ તેહ;
દત્તાવતાર તમે નકી; ના મુજને સંદેહ. ૨૮

પૂર્વાવતારમાં યથા ચોરોએ એ વિપ્ર
વધતાં[1], તત્ક્ષણ દોડીને કર્યો સજીવન ક્ષિપ્ર; ૨૯

મરતાં પતિ સતીનો વળી, ફરી ઉઠાડ્યો જેમ;
જતાં મૃત્યુ પંથે તથા વિપ્રપુત્ર પણ તેમ, ૩૦

જીવાડ્યો કરુણા કરી, રાખી નિજનો કોલ;
તેમ આ સમે પણ કરી, કરો સત્ય નિજ બોલ. ૩૧

જીવાડો મૃત પુત્ર આ કૃપાંબુધિ ગુરુદેવ,
વિનંતિ આ દાસી તણી કરી માન્ય તતખેવ. ૩૨

આપ વિના કોઇ નહીં સમર્થ બીજું અત્ર;
ભક્તવત્સલા સત્ય એ કરો વદ્યા જે તત્ર ! ૩૩

બોલે શ્રીગુરુઃ-મામી હે ! મરશે નહિ આ બાળ,
વદ્યો એવું હું તે સમે જ્યોતિષશાસ્ત્રાધાર. ૩૪

તોએ યમધામે ગયો પુત્ર એહ જો એમ,
સંસ્કારાર્થે પ્રેતને લઇ જાવા દો તેમ. ૩૫

એમ વિવિધ રીતે તિહાં બોધે શ્રીગુરુ જાણ;
તોએ એ બેઉ જણી ત્યજે ન નિશ્ચય માન. ૩૬

આળોટે શ્રીગુરુપદે; કહેઃ-જીવાડો બાળ;
કરો સત્ય નિજ વચન એ વાસુદેવ દયાળ ! ૩૭

કરુણ વચન એ સાંભળી, શ્રીગુરુ કરે વિચાર;
કહેઃ-દત્તપ્રભુ આવ્યું આ સંકટ દુસ્તર, તાર !! ૩૮

કરી પ્રાર્થના એહવી દત્તદેવની જાણ,
અમૃતદૃષ્ટિથી જુએ મૃત બાળક ગમ માન. ૩૯

આવ્યો પ્રાણ ફરી તિહાં પ્રેતે ક્ષણમાં દેખ;
શ્વાસોચ્છ્વાસ શરૂ થયા ! રાખી પ્રભુએ ટેક ! ૪૦

સાવધ થઇ ક્ષણમાં કરે બાળ માતૃસ્તનપાન;
જોઇ અદ્ભુત એ કૃતિ આશ્ચર્યે સહુ જાણ ૪૧

થઇ ચકિત, આનંદથી શ્રીગુરુજયજયકાર
કરી પ્રેમભાવે તિહાં વંદે વારંવાર ! ૪૨

કહેઃ-પ્રત્યક્ષ દત્ત આ થયા અવતીર્ણ એમ
ભક્તાર્થે ભૂતલ વિષે; ભાસે નરવત્ તેમ. ૪૩

ચમત્કાર સહુ એમના, પૂર્વાવતાર જેહ
શ્રીપાદવલ્લભ અને નૃસિંહસરસ્વતી તેહ ૪૪

તત્સમ અદ્ભુત નિશ્ચયે, ના એમાં સંદેહ;
દત્તાવતાર આ નકી ! એમ પરસ્પર તેહ ૪૫

કરતા વાતો મોદથી ગયા ઘેર સહુ જાણ,
વંદી પદાંબુજ ભાવથી શ્રીગુરુનાં ત્યાં માન. ૪૬

પુત્ર વિનાયકભટ્ટનો નામે શાન્તારામ,
થયો એહ ધાર્મિક અને પ્રસિદ્ધ આગળ આમ ૪૭

ગુરુકૃપાથી નિશ્ચયે ! એવા અપાર જાણ
ચમત્કાર શ્રીગુરુ તણા; કોણ વર્ણવે [2]માન ? ૪૮

આવે ટોળાં દર્શને, પ્રશ્નો કરે અનેક;
સમાધાન પ્રેમે કરે શ્રીગુરુ સહુનું દેખ. ૪૯

વિદ્વજ્જન ત્યાં એકદા મળી મહાન મહાન
પૂછે કરઃ- જોડી પ્રભો ! શંકા એક મહાન. ૫૦

૧. વધ કરતાં. ૨. પ્રમાણ; માપ.

કેટલાક જન ભાવથી જઇ સંતને શરણ,
શ્રદ્ધાથી સેવા કરે અર્પી તન મન ધન. ૫૧

સંતોનો ઉપદેશ જે વર્તે તત્સમ તેહ;
ઉપાસના કર્માદિ સહુ કરે યથાવિધિ એહ. ૫૨

તોએ ફળ ના તેમને મળે શાસ્ત્રોક્ત તેમ;
અનુભવ એમ અનેકનો ! બને એમ પ્રભુ કેમ ? ૫૩

યોગીશ્વર અમને કહો કૃપા કરીને એહ;
આપ સર્વવિદ્ નિશ્ચયે; ટાળો શંકા તેહ. ૫૪

સૂણી યોગીવર એ વદેઃ-ગુર્વાજ્ઞા સમ તેમ
કરે કર્મ જે નારી કે નર વિધિવત્ સપ્રેમ, ૫૫

શાસ્ત્રલિખિત ફળ તેહને મળે નિશ્ચયે આંહ્ય;
શંકા એમાં ના કશી ! કદિ કોઇને ત્યાંય ૫૬

પૂર્વજન્મ પ્રારબ્ધ જો આવે આડું તેમ,
તોજ આ ભવે ફળ મહીં થાએ વિલંબ એમ. ૫૭

ફળે અન્ય જન્મે તથા કર્મ યત્ન વિણ એહ;
જાય વ્યર્થ ના સર્વથા કર્મ કરેલું તેહ. ૫૮

કહું એક દૃષ્ટાંત ત્યાં, શંકા રહે ન જેમ;
એમ કહી ગુરુ ઓચરે, આગળ વર્ણન કેમ ! ૫૯

ગુરુવાણીપીયૂષ એ ભવભયહારક જાણ;
પીએ **રંગ** સુભાગી જે, રૂએ અભાગી માન !! ૬૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે મૃતપુત્રોજ્જીવનં નામ સપ્તદશાધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૧૭ ॥ દોહરા ૬૦

## અધ્યાય ૧૧૮

શ્રીગુરુ બોલે, સાંભળોઃ-થોડાં વરસ ઉપર,
એક સોહિરોબા કરી સારસ્વત દ્વિજવર; ૧

આંબે ઉપનામે તિહાં સાવંતવાડી પાસ
બાંદે નામે ગામમાં કરે વાસ્તવ્ય ખાસ. ૨

કરે રાજમાં નોકરી વસુલાતની એહ;
પૂર્વજન્મસંસ્કારથી હતો સત્ત્વગુણી તેહ. ૩

અનેક ગુણ એમાં હતા પ્રાક્‌સંસ્કારે એમ;
હતી લોકની ચાહના ઠીક એહ પર તેમ; ૪

એક વખત વસુલાતનું કરી કામ સંપૂર્ણ
ભરણું ભરવા રાજમાં ઢેડાઓને તૂર્ણ ૫

આપી ચિઠ્ઠી મોકલે એહ દ્રવ્ય સંગાત;
જતાં માર્ગમાં એમને મળ્યા ચોર કુજાત. ૬

અકસ્માત હલ્લો કરી દ્રવ્ય કપટથી એહ
હરી સર્વ એ ભામટા નાઠા દઇને છેહ. ૭

રહી ચિઠ્ઠી તે લઇ તદા, ઢેડ બિચારા તેમ
આવી કચેરીમાં કરે દે કારકુનના એમ. ૮

વાંચી કાગળ કારકુન વદેઃ-દ્રવ્ય છે ક્યાંય ?
લાવો જમે કરૂં અહીં ! બોલે અંત્યજ ત્યાંયઃ- ૯

દ્રવ્યવિગત ના જાણીએ, આપ્યો કાગળ એહ;
આપ્યું જે તે એજ છે; લો સંભાળી તેહ. ૧૦

દ્રવ્યબવ્ય માબાપ ના આપ્યું અમને આંહ્ય !
સત્ય કોઇ ના માનશે એમ માનીને ત્યાંય, ૧૧
ઠોકી દીધું જૂઠડું મહારલોકે એમ !!
સૂણી કારકુન કારભારીની પાસે તેમ ૧૨

જઇ નિવેદન સર્વ એ કરે વૃત્તાંત ત્યાંય;
વદે કારભારીઃ- અરે ! લાવો એને આંહ્ય. ૧૩

દૂત મોકલી તત્ક્ષણે સોહિરોબા પાસ,
પકડી આણી એહને કચેરીમાં ત્યાં ખાસ; ૧૪

કારભારી પૂછે તદાઃ- ક્યાં છે પૈસા એહ ?
શો પ્રકાર છે બોલ આ સાચું સત્વર તેહ. ૧૫

વદે સોહિરોબા તદાઃ-રાજદ્રવ્ય મેં સર્વ
ઢેડાઓને નિજ કરે આપ્યું, સાક્ષી શર્વ ! ૧૬

થયું પછી શું એહનું, જાણું કાંઇ ન તેમ !
કારભારી મનમાં કહે, નહિ માને એ એમ. ૧૭

એમ વિચારી તત્ક્ષણે કોટવાળને ત્યાંય
બોલાવીને, એહને સોંપે તત્કર માંહ્ય. ૧૮

કોટવાળ નિજ દૂતને કરે સ્વાધીન તેમ,
કહેઃ-એહને કેદમાં નાંખો સત્વર એમ. ૧૯

અંધારી કોટડી મહીં નાંખી દેખો ત્યાંય,
જો માને તો ઠીક છે; નહિ તો છો કો'વાય ! ૨૦

સૂણી રાજદૂતો તથા ડરાવતા જ્યાં તેમ
લઇ જાય એને તિહાં સોહિરોબા એમ ૨૧

સ્વગત વિચારેઃ-કે અરે નીચ જનોને હાથ
સ્હેવા કરતાં જાુલમ આ મોત ભલું સાક્ષાત્ ! ૨૨

માટે વેચીને ભરૂં રાજદ્રવ્ય ઘરબાર,
એજ માર્ગ ઉત્તમ અહીં; કારણ હોત વિચાર ૨૩
અધિકારીઓને યદિ, લેત ન શંકા એમ
ખોટી મુજ પર નિશ્ચયે ! હશે, દેવને જેમ ૨૪

ગમ્યું તેમ ખરૂં અહીં ! ! લખ્યું લલાટે જેહ
બન્યે જાય તેવું નકી; ચિંતા નિરર્થ એહ ! ૨૫

ફાવે તેમ કરી ભરી રાજદ્રવ્ય એ તેમ,
છોડી નોકરી ઇશનું કરૂં ભજન સપ્રેમ !! ૨૬

એમ વિચારી તે સમે, વદે દૂતને ત્યાંયઃ-
કેમ ત્રાસ આપો મને વૃથા ગોંધીને આંહ્ય ? ૨૭

હુંજ ચોર જો એહવું લાગે તમને એમ;
છોડો મુજને દ્રવ્ય એ આપું સમગ્ર તેમ. ૨૮

સૂણી વચન એનાં તદા, કારભારીની પાસ
લઇ દૂત એ એહને જાય તત્ક્ષણે ખાસ. ૨૯

વાત સર્વ ત્યાં સાંભળી, અધિકારી એ તેમ
કરારનામું લે લખાવી તત્કરથી એમઃ- ૩૦

અમુક દિવસમાં દ્રવ્ય એ સર્વ કચેરી માંહ્ય,
ભરી જઇશ હું નિશ્ચયે; આપું જામીન ત્યાંય. ૩૧

એમ સોહિરોબા તિહાં આપી જામીન એહ,
છૂટી સત્વર સ્વગૃહે આવ્યો સચિંત તેહ. ૩૨

જાણ્યું એ મિત્રાદિએ એના જ્યારે તેમ,
વદે એહઃ- કાં વ્યર્થ આ વેચી ગૃહાદિ એમ ૩૩

ભરે દ્રવ્ય તું રાજનું જૂઠ આરોપ માટ ?
કહીએ યુક્તિ, જા જઇ મળ નૃપને સાક્ષાત્. ૩૪

સત્ય વાત કે'તાં તહીં, ટળશે સંકટ જાણ;
ના મૂરખ અધિકારી સમ ભૂપ નિશ્ચયે માન. ૩૫

રાજમિત્રનો પત્ર ત્યાં ભલામણાર્થે તેમ
લાવી દઇએ, જે થકી થાશે દર્શન એમ. ૩૬

મિત્ર સોહિરોબા તણા એમ કહીને ત્યાંય,
લેવા ચિઠ્ઠી ભૂપ પર તત્સ્નેહીઘર જાય. ૩૭

લાવી કાગળ એહને આપે તત્ક્ષણ તેમ;
લઇ સોહિરોબા તદા મળવા નૃપને એમ ૩૮

કરે વિચાર તિહાં થયું સ્મરણ [1]શાસ્ત્રનું ખાસ,
ખાલી હસ્તે ના જવું કદિ ભૂપની પાસ. ૩૯

એમ વિચારી હાટથી આણી ફળ સુંદર,
માર્ગે સાવંતવાડીના પડે એહ સત્વર. ૪૦

પંથ કાપતાં તાપમાં લાગ્યો અતિશે થાક;
છાયામાં બેસી કંઇ લઉં વિશ્રાંતિ દ્રાક્, ૪૧

એમ વિચારી વૃક્ષની છાયા માંહે ત્યાંય
ઝરણા પાસે બેસીને લે વિશ્રાંતિ જ્યાંય. ૪૨

કરે એહ એકાંતમાં સ્વપ્રારબ્ધવિચાર;
થઇ અનુતપ્ત અંતરે પાડે આંસુ ચાર ! ૪૩

ત્યાં તો ઓચિંતી તિહાં મૂર્તિ દિગંબર એક
થઇ પ્રગટ એને તદા બોલેઃ- બચ્ચા દેખ ! ૪૪

ભૂખ બહુ લાગી મને; ખાવાનું કંઇ પાસ
હોય તાહરી તો મને આપ વેગથી ખાસ. ૪૫

વચન એહ એ સાધુનાં સૂણી તત્ક્ષણ તેમ,
સોહિરોબાએ ફળો જેહ નૃપાર્થે એમ ૪૬

આણ્યાં'તાં તે એહની મૂક્યાં સાદર પાસ;
ખાઇ એ સંતુષ્ટ થઇ વદે યોગિવરઃ- પ્યાસ ૪૭

લાગી છે બચ્ચા મને; આપ [2]ઉદક [3]પાનાર્થ !
સોહિરોબા તત્ક્ષણે વસ્ત્રપૂત યથાર્થ ૪૮

શીતલ વારિ આણીને મૂકે એની પાસ;
પીઇ દિગંબર અંતરે થઇ સંતુષ્ટ ખાસ, ૪૯

વદે પ્રેમથીઃ-બાળ હે ! આવી ઉપાધિ માંહ્ય
રે'વા ઇચ્છે ક્યાં સુધી ? એમ કહીને ત્યાંય, ૫૦

મસ્તક સોહિરોબા તણું ઝાલી હાથથી તેમ
નાળિયેર સમ જોરથી ખૂબ હલાવી એમ, ૫૧

થયા અદૃશ્ય તત્ક્ષણે ! સોહિરોબા ત્યાંય
લીન થઇ સ્વસ્વરૂપમાં સમાધિસ્થ એ થાય !! ૫૨

દેહભાન રહ્યું નહીં, લાગી તંદ્રા તેમ;
તૃતીય દિને સમાધિ જ્યાં ઉતરી જ્યારે એમ, ૫૩

જુએ પાસ તો મૂર્તિ એ દિસે ન નજરે ક્યાંય;
વ્યાકુળ થઇ મનમાં કહે સોહિરોબાઃ- હાય ! ૫૪

દયાસિંધુ ગુરુનાથ હે ગેબીનાથ દયાળ
છોડી મુજને આમ ક્યાં થયા ગુપ્ત નિર્ધાર ? ૫૫

પૂર્વજન્મના માહરા હે સદ્ગુરુ યતિરાય !
ડૂબાડી મુજને અહીં આનંદાર્ણવ[4] માંહ્ય, ૫૬

ગયા ત્યજી કાં એકલો ? ક્યારે મળશો નાથ ?
એમ કહી ગદ્ગદ્સ્વરે કરે રુદન વરજાત. ૫૭

છોડી નોકરી તત્ક્ષણે થયા વિરક્ત એહ;
મહાન સાધુ સોહિરોબા સુપ્રસિદ્ધ તેહ ! ૫૮

અભંગાદિ જે એમના વાંચે આજે લોક;
સ્વાનુભવામૃતથી ભર્યા, શ્રવણે રહે ન શોક !! ૫૯

વિદ્વજ્જન ! સારાંશ કે થાય ન કર્મવિનાશ;
યોગ્ય સમે ફળ નિશ્ચયે મળે તેહનું ખાસ. ૬૦

૧. रिक्तपाणिर्न पश्येत राजानं देवतां गुरुम् । दैवज्ञं भिषजं मित्रं फलेन फलमादिशेत् ॥ એ શાસ્ત્રવચન. ૨. પાણી. ૩. પીવા માટે. ૪. આનંદનો સાગર.

[1]જીવન્મુક્તિવિવેકનું પ્રમાણ યથાર્થ ત્યાંય;
ઈશપ્રાપ્ત્યર્થે કર્યા શ્રમ તે વ્યર્થ ન ક્યાંય. ૬૧

નાના યત્ન કરે જનો દ્રવ્યપ્રાપ્ત્યર્થ જેમ,
ઈશપ્રાપ્ત્યર્થે યદિ કરે, તરે ન કેમ ? ૬૨

કર્યા યત્ન દ્રવ્યાર્થ જે, જાય કદાપિ વ્યર્થ;
આવે ઊલટું દૈન્ય ને ખુએ મૂળનું ગર્થ. ૬૩

ઈશપ્રાપ્તિના યત્નમાં થાય ન હાનિ તેમ;
માટે સ્ત્રીપુરુષે સદા કરવો પ્રયત્ન એમ. ૬૪

સુણી વચન શ્રીગુરુતણાં થયા સર્વ સંતુષ્ટ;
લીલામાં એવી કરે કાલક્રમણ ગુરુ હૃષ્ટ. ૬૫

સાત વરસ પૂરાં થતાં એવી લીલા માંહ્ય,
શ્રીમદ્દત્ત વદે તદા વાસુદેવને ત્યાંયઃ- ૬૬

યાત્રાર્થે નીકળી હવે વિચરો સઘળે એમ;
આવે શરણે તેમને કરી સદ્બોધ તેમ, ૬૭

સન્માર્ગે સહુને ચઢાવી, બંધનથી આંહ્ય
કરો મુક્ત, જેથી રહે અહંભાવ ના ક્યાંય. ૬૮

રૂપ અદ્વૈત માહરૂં, થશે તદનુભવ તેમ;
જીવન્મુક્ત થઈ સુખે વિદેહમુક્તિ એમ ૬૯

થશે પ્રાપ્ત અન્તે નકી ! બાહ્ય પ્રપંચ આમ
ત્યાગ્યા વિણ નર ના કદિ થાય પૂર્ણ નિષ્કામ. ૭૦

માટે પ્રપંચ છોડીને, કરી યાત્રા નિમિત્ત;
વિચરો સઘળે દેશમાં અનિકેત યતચિત્ત. ૭૧

પૂજનનૈવેદ્યાદિની મંદિરની આ તેમ
કરી વ્યવસ્થા, કોઈને સોંપી સઘળું એમ; ૭૨

લઈ મૂર્તિ મમ સાથ આ, નૃસિંહવાડીમાં તર્ત
જાઓ ! આજ્ઞા એહવી કરે ત્યાં શ્રીદત્ત. ૭૩

વંદન કરી શ્રીદત્તને વાસુદેવ તત્કાળ,
'અવશ્ય' કહી નિજ ચિત્તમાં કરે એમ વિચારઃ- ૭૪

દેવ તણી પૂજાદિ આ જોઈ ભક્ત કો એમ,
સોંપું એને નિશ્ચયે ! ત્યાં તો ભાવિક તેમ. ૭૫

વાસી સાવંતવાડીના ગૃહસ્થ એક સુજાણ
અટક ઉકિડવે જેમની નારાયણ [2]અભિધાન, ૭૬

બોલે કર જોડીઃ-પ્રભો ! કદિ આજ લગ આંહ્ય,
કાર્ય કોઈને ના કહ્યું આપે સ્વમુખે ક્યાંય. ૭૭

માટે આ સમયે અહીં દ્રવ્ય સંબંધી વાત
કરતાં કોઈને તથા, દુર્જન જેહ કુજાત ૭૮

કરશે નિંદા નિશ્ચયે મળતાં સંધિ એમ;
થઈ રહેશે એ સહુ આપ કૃપાથી તેમ. ૭૯

વચન ઉકિડવેનાં સુણી બોલે શ્રીગુરુરાયઃ-
દેવ અને પોતે તમે સંભાળો સહુ આંહ્ય. ૮૦

કરી વ્યવસ્થા એમ ત્યાં, તીર્થયાત્રાર્થ જાણ
લેવા આજ્ઞા મા તણી આવ્યા; એ સંધાન ૮૧

આગળ રસમય, શિષ્ય હે ! વદે અલખમુનિ એમ;
સુણતાં શ્રદ્ધાભક્તિથી તરે **રંગ** ના કેમ ? ૮૨

ઈતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે સોહિરોબાવૃત્તકથનં નામ અષ્ટાદશાધિકશતતમોऽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૧૮ ॥ દોહરા ૮૨

## અધ્યાય ૧૧૯

અલખ કહેઃ- માતુશ્રીને કરી સાષ્ટાંગ નમન,
બોલે શ્રીગુરુઃ- માહરે કરવું તીર્થભ્રમણ; ૧

માટે આજ્ઞા, માત હે ! દો મુજને સત્વર.
સુણી વચન માતા થઈ શોકાકુલ ભૂ પર ૨

પડે સુમૂર્છિત તત્ક્ષણે ! જોઈ શ્રીગુરુ એહ,
બેસાડી સાવધ કરી બોલે ત્યાં સસ્નેહઃ- ૩

અંબે નિષ્કારણ અહા, કરો શોક આ કેમ ?
દૈવાધીન બધું અહીં, વ્યર્થ દુઃખ આ તેમ ! ૪

માટે શોક ત્યજી કહો, શી ઈચ્છા ઉર માંહ્ય ?
રમાબાઈ વદેઃ- અરે ! શું પૂછે સુત આંહ્ય ? ૫

ગમનવાત[3] તારી સુણી પડે ન ચેન લગાર;
શોકાનલમાં[4] ના મને આમ ધકેલી બ્હાર ૬

જાવું તુજને રે ઘટે ! દત્તપ્રભુએ એમ
લઈ જન્મ મદ્ગેહમાં, આજસુધી આ જેમ; ૭

રાખી આનંદાર્ણવે મને અહર્નિશ જાણ;
આગળ તે રીતેજ તું રાખ સુપુત્રનિધાન. ૮

ભરતી આ આનંદની કદિ ન ઓસરે આંહ્ય;
એજ એક ઈચ્છા ઉરે ! રડે એમ કહી ત્યાંય. ૯

કુલદીપક તું, પુત્ર હે ! કેમ વિસારૂં પ્રેમ ?
હાય દૈવરેખા અહીં આવી આડી કેમ ? ૧૦

૧. विचारयन्नामरणं नैवात्मानं लभेत चेत् । जन्मांतरे लभेच्चैव प्रतिबंधक्षये सति ॥ એ અને બીજાં અનેક શાસ્ત્રવચન ટાંકી શકાય. ૨. નામ. ૩. જવાની વાત. ૪. શોકરૂપી અગ્નિમાં.

મા અળગો થા, પુત્ર હે ! તુજ વિણ જીવન વ્યર્થ;
હાય હાય કહી એમ ત્યાં રડે રમામા આર્ત !! ૧૧

શોકમગ્ન એવાં સૂણી માતૃવચન ત્યાં જાણ;
વાસુદેવ નિજ ચિત્તમાં કરે વિચાર સુજાણઃ- ૧૨

માતા માયાજાળમાં છેક ગુંથાયા એમ;
બ્રહ્મજ્ઞાન વિના ન એ અન્ય ઉપાયે તેમ ૧૩

મોહ દૂર થાશે કદિ ! એમ વિચારી એહ,
કહે મંદસ્મિતથી તિહાંઃ-માતુશ્રી સંદેહ ૧૪

કરો કેમ ? સંસારમાં અચલ કાંઈ ના આંહ્ય,
એક ઈશ વિણ નિશ્ચયે ! તત્પ્રાપ્તિ વિણ ક્યાંય ૧૫

શાશ્વત સુખ સ્વપ્ને નહીં; દારુણ માયાપાશ
તૂટ્યા વિણ, શાંતિ તણી છેક નિરર્થક આશ. ૧૬

કહું એહ સંબંધમાં, ગહન ઉપદેશ જેહ
આપ્યો દત્ત દયાઘને યદુરાજાને તેહ. ૧૭

એમ કહી, [1]પૂર્વે કહ્યો અપૂર્વ જે સંવાદ
યદુ અને અવધૂતનો, પ્રેમે તે ગુરુનાથ ૧૮

કહે રમામાને તદા ! સૂણી શુદ્ધ એ જ્ઞાન,
રમામાત ગતમોહ ત્યાં પૂછે પ્રશ્ન સુજાણઃ- ૧૯

આપ્યો મુજને બોધ જે તેમ વર્તતાં આંહ્ય,
ચિત્તે સાધકના કદિ વિષયવાસના ત્યાંય ૨૦

ઊઠે દૈવવશે કરી, થાય વિકારી મન,
ઉપાય શો કરવો તિહાં ? સૂણી એહ વચન, ૨૧

બોલે શ્રીગુરુઃ-માત હે ! એવા લોકે આંહ્ય
કરી ત્યાગ સર્વસ્વનો, એકાંત સ્થળ માંહ્ય ૨૨

સાધી આસન નિયમથી બેસી સતતાભ્યાસ
કરવો, સ્વલ્પાહાર લઈ, સાત્ત્વિક તે પણ ખાસ. ૨૩

જેમ જેમ અભ્યાસ એ થાશે સુદૃઢ આંહ્ય,
તેમ તેમ ધ્યાને થઈ વૃત્તિ તન્મય ત્યાંય ૨૪

ઈશ્વરરૂપ મુમુક્ષુ એ થાશે નિઃસંદેહ;
સાવધાન તત્ક્ષણ થયાં સૂણી રમામા તેહ. ૨૫

જોઈ એવું શ્રીગુરુ, કરી દંડવત્ ત્યાંય
કહેઃ-માત ! તીર્થાટને જાવા આજ્ઞા આંહ્ય ૨૬

દો સત્વર મુજને હવે; ન્હાના ભાઈ એહ
બંને તમ સેવા મહીં રે'શે તત્પર તેહ. ૨૭

નિશ્ચયવાણી એહવી સૂણી રમામા તેમ
આપે આજ્ઞા તે ક્ષણે ! શાસ્ત્રીબુવા સપ્રેમ ૨૮

વંદન માતૃપદે કરી આવ્યા પત્ની પાસ;
કહેઃ-જવું તીર્થાટને, સૂણ પ્રિયે તું ખાસ. ૨૯

રહી ગૃહે તારે સદા, મમ માતાની જાણ
સેવા કરી આનંદથી વર્તન કરવું માન. ૩૦

સૂણી અન્નપૂર્ણા સતી, વંદી કંથચરણ
કહેઃ-પ્રાણજીવન અહા ! કરો ક્રૂર કાં મન ? ૩૧

વચન આપનું આજ લગ ઉલ્લંઘીને આંહ્ય,
કર્યું સ્વૈર વર્તન કંઈ દેખ્યું એવું ક્યાંય ? ૩૨

ત્યજી દીન અબળા તથા તીર્થાટનાર્થ તેમ
જાઓ એકાકી પ્રભો ? ગમે ન મુજને એમ. ૩૩

સ્ત્રીએ પણ તીર્થાટને જાવું પતિની સાથ,
સકળ શાસ્ત્ર એવું કથે; માટે લો સંગાત ૩૪

દાસીને આ, નાથ હે ! કરી દયા સપ્રેમ;
ત્યજી જતાં નિર્દોષ આ અબળા ગરીબ એમ, ૩૫

ત્યજીશ પ્રાણ હું નિશ્ચયે, જતાં આપ ઘરબ્હાર !
દીન પ્રાર્થના એહવી સૂણી ત્યાં નિર્ધાર, ૩૬

થઈ તુષ્ટ શાસ્ત્રીબુવા લે સતીને સંગાત.
કરવા સેવા મા તણી બંધુદ્વયને વાત ૩૭

કરી, દત્તમંદિર વિષે આવી સત્વર તેમ,
સાષ્ટાંગ પ્રણતિ કરી, કરે પ્રાર્થના એમ ૩૮

જોડી કર સદ્ભાવથી વારંવાર સુજાણઃ-
આજ્ઞા સમ પ્રભુ આપની કરીએ આ પ્રસ્થાન ! ૩૯

એમ કહી અંગુષ્ઠમિત[2] મૂર્તિ સાથે તેમ,
સ્વસ્થાપિત શ્રીદત્તની મૂર્તિ લે સપ્રેમ. ૪૦

દત્તપાદુકા પણ તથા લઈ સાથ તત્કાળ,
વંદન કરી માતુશ્રીને, પત્ની સહ નિર્ધાર ૪૧

નીકળ્યા શાસ્ત્રીબુવા તદા જવા વાડીમાં તેમ !
છોડી ગોકુળ કૃષ્ણજી મથુરાંમાર્ગે જેમ ૪૨

જાતાં, વ્રજભામિની[3] અને પશુપક્ષ્યાદિક[4] ત્યાંય
કરે શોક ત્યમ માણગ્રામસ્થ જનોએ આંહ્ય ૪૩

માંડ્યો શોક મહાન હા થઈ દુઃખથી વ્યાપ્ત;
પશુપંખી વૃક્ષાદિ પણ રડે હોય જ્યમ આપ્ત ! ૪૪

દુઃખમગ્ન[5] સઘળાં દિસે, રહ્યો આનંદ ન ક્યાંય;
શ્રીગુરુ માણગ્રામમાં હતા જ્યાહરે ત્યાંય ૪૫

ભાસે સ્વર્ગસમાન જે, સ્મશાનવત્ તે એમ
લાગે તત્ક્ષણ શ્રીગુરુ બ્હાર નીકળતાં તેમ !! ૪૬

૧. અ. ૫૨-૫૫ જ્ઞાનકાંડ. ૨. અંગૂઠા જેવડી. ૩. વ્રજની સ્ત્રીઓ, ગોપીઓ. ૪. પશુપંખી વગેરે. ૫. દુઃખમાં ડૂબેલાં

ચાલે આગળ શ્રીગુરુ; પાછળ સઘળા લોક
સાથે સાથે જાય એ કરતા વિયોગશોક. ૪૭

જોઇ એવું શ્રીગુરુ, વદે સર્વને ત્યાંયઃ-
જાઓ પાછા ગામમાં, કરો દુઃખ ના આંહ્ય. ૪૮

કરો ભજન શ્રીદત્તનું, રાખી શ્રદ્ધા પૂર્ણ;
વસે એહ સંનિધ સદા; દેશે દર્શન તૂર્ણ ૪૯

ના કારણ અહીં વિરહનું[1] ! કહી સર્વને એમ,
વદે બંધુ સહ માતને સ્નેહે ગુરુવર તેમઃ- ૫૦

પ્રાણિમાત્રસંબંધ આ પૂર્વકર્માનુસાર
થાય પરસ્પરનો અહીં; ટકે ન એ નિર્ધાર ૫૧

સદા એકધારો કદિ; થાય ઉત્પન્ન દેહ,
તેમ નાશ પામે સહુ થતાં કર્મક્ષય તેહ. ૫૨

એક સમે ભેગાં કદિ થાય ન સઘળાં આંહ્ય;
રહે ન સાથે સર્વદા ! શું અચરજ છે ત્યાંય ? ૫૩

જેમ વૃક્ષને પાંદડાં આવે નૂતન એમ
પડે પક્વ થઇ પ્રથમનાં, આ સઘળું પણ તેમ. ૫૪

પૂર્વયોગ પૂરો થઇ થાય નવા સંબંધ;
તૂટી એ બીજા વળી, એવો ઇશપ્રબંધ. ૫૫

માટે [2]જનની બંધુ સહ જાઓ પાછાં ઘેર !
સૂણી વાક્ય શ્રીગુરુ તણાં, રમામાત [3]શિશુપેર ૫૬

હૈયું ભરાઇ દુઃખથી કરે રુદન ત્યાં જાણ;
વળે ન ડૂમો દુઃખનો ! પુત્રસ્નેહ મહાન !! ૫૭

નાના રીતે વાળતાં વળે ન પાછું મન;
જોઇ શાસ્ત્રીબુવા વદેઃ- માતા ! બોધ ગહન ૫૮

આપ્યો જે મેં તેહનું કરી સ્મરણ નિર્ધાર,
ભૂલી જાઓ દુઃખને; યોગ વિયોગ અસાર ! ૫૯

કરશો સુસિદ્ધ અંતરે યદા દત્તનું ધ્યાન
વસું સંનિધે હું સદા, થશે એહવું ભાન. ૬૦

એમ કહી નિજ માતને, કરે શાન્ત તત્કાળ;
ત્યાં તો ગ્રામજનો સહુ વંદી વારંવાર ૬૧
કરે પ્રાર્થના પ્રેમથી જોડી બેઉ હાથઃ-
કૃપાદૃષ્ટિ અમ પર સદા રે'જો હે ગુરુનાથ ! ૬૨

**પ્રાર્થના**

સદા સર્વદા યોગ તૂઝા ઘડાવા
તુઝે કારણીં દેહ માઝા પડાવા ।
ઉપેક્ષું નકો ગુણવંતા અનંતા
ગુરુનાયકા માગણેં હેંચિ આતાં ॥ ૧ ॥

કરી સ્તવન ત્યાં એહવું, કરે દંડવત્ જાણ;
આપી આશિષ શ્રીગુરુ પ્રેમે સહુને માન ૬૩

પાછા ત્યાંથી મોકલે ! સ્વયં પત્ની સહ તેમ,
ક્રમે માર્ગ આનંદથી દત્તચિંતને એમ. ૬૪

પડે દૃષ્ટિએ જ્યાંસુધી ગુરુવર માર્ગે ત્યાંય,
રહી ખડા જન ત્યાંજ સહુ, આખર પાછા જાય ! ૬૫

વિયોગ શ્રીગુરુનો અહા લાગે અસહ્ય તેમ;
પુનઃ પુનઃ પાછું જુએ દુઃખમગ્ન જન એમ !! ૬૬

આવ્યા માણગ્રામમાં સ્મરતા લીલા એહ,
કરી ગુરુવરે જે તિહાં ! આ ગમ શ્રીગુરુ તેહ ૬૭

માર્ગ કાપતા વેગથી, સાવંતવાડી માંહ્ય
આવી પત્ની સહ તદા દત્તમંદિરે ત્યાંય ૬૮

કરે મુકામ તે દિને; ફેલાઇ એ વાત
નગર સર્વમાં તત્ક્ષણે, શાસ્ત્રીબુવા સાક્ષાત્ ૬૯

ત્રિમૂર્તિનો અવતાર જે આવ્યા અહિંયાં એમ;
દોડ્યાં ટોળાં દર્શને નરનારીનાં તેમ. ૭૦

થઇ ગિરદી અપાર ત્યાં; ધક્કાધક્કી જાણ
કરી, મુષ્ટિપ્રહારથી એકમેકને માન ૭૧

કાઢી પાછા અન્યને જે તે આગળ થાય,
કરવા દર્શન પ્રેમથી ! ગિરદીમાં એ ત્યાંય, ૭૨

પડ્યો એક નર ભૂમિ પર અથડાઇને તેમ;
વાગી પથ્થર મસ્તકે પડ્યો તીવ્ર ઘા એમ. ૭૩
જોઇ એવું શ્રીગુરુ કરે વિચાર ત્યાંય;-
ઓળખાણ પ્રત્યક્ષ જે હોય નગરની માંહ્ય, ૭૪
ના જાવું ત્યાં નિશ્ચયે; જવું પડે જો તોય
ગુપ્તપણે છટકી જવું, જેથી ઉપાધિ ન હોય. ૭૫
એમ વિચારી તે દિને રહ્યા ત્યાંજ ગુરુનાથ;
અન્ય દિને આગળ જવા નીકળ્યા જ્યાં સાક્ષાત્, ૭૬
હતા દત્તગણ સાથ જે ચાલે આગળ એહ;
સ્હામેથી ત્યાં આવતું જુએ ડમણિયું તેહ. ૭૭
વદે એહ ગાડી તણા માલિકને તત્કાળ;
માર્ગે જો આવે અહીં મહારાજ નિર્ધાર, ૭૮
યોગિરાજ વરેણ્ય[4] એ ગુરુ અમારા જાણ;
માટે રસ્તે ડમણિયું રાખ ખડું ક્ષણ માન. ૭૯
ગાડીવાન માને નહીં, જોઇ એવું એહ
બળદ સાથે ડમણું તદા નાંખે ઊંધું તેહ ! ૮૦
માણસ જે બેઠાં મહીં ચગદાયાં તે એમ;
ભાંગી ગઇ [5]શકટી અને થયાં દુઃખી સહુ તેમ !! ૮૧

૧. વિયોગનું દુઃખ. ૨. માતા. ૩. બાળક પેઠે. ૪. શ્રેષ્ઠ. ૫. ગાડી.

જોઇ એવું શ્રીગુરુ મનમાં કરે વિચારઃ-
તીર્થયાત્રામાં જતાં ઉપાધિ આ નિર્ધાર ૮૨

દેવગણોની ઠીક ના સાથે; માટે એમ
પ્હોંચતાંજ વાડી મહીં, પ્રાર્થી દત્તને તેમ ૮૩

રાખીશું ગણ ત્યાંજ આ; એવી યોજના ત્યાંય
કરી, પત્ની સહ ચાલતા આવ્યા વાડી માંહ્ય. ૮૪

આવી દત્તભગવાનને કરી પ્રાર્થના તેમ,
સાષ્ટાંગ પ્રણતિ કરી, સોંપે ગણ સહુ એમ. ૮૫

સતી અન્નપૂર્ણા તથા વંદન વારંવાર
કરે દત્તચરણે તિહાં હર્ષભેર નિર્ધાર. ૮૬

પૂર્વે નારાયણ યતિ રે'તા'તા જે સ્થાન
કરે વાસ ત્યાં શ્રીગુરુ ! દુર્ગાબાઇ સુજાણ ૮૭

માશીબા પણ તે સ્થળે હતાં તે સમે તેમ;
કરી સ્વાધીન તેમને પત્નીને સપ્રેમ, ૮૮

આવ્યા પોતે હર્ષથી મૌનીસ્વામી પાસ;
તેમ તપોરાશિ યતિ ગોવિંદસ્વામી ખાસ, ૮૯

આવી સંનિધ તેમની, કરી સાષ્ટાંગ નમન,
કહે વૃત્ત પોતા તણું વિસ્તારે તત્ક્ષણ. ૯૦

જાણી લીલા દેવની, થયા બેઉ જણ હૃષ્ટ;
રહ્યા વાડીમાં શ્રીગુરુ એમ વરસ સંતુષ્ટ. ૯૧

સતી અન્નપૂર્ણા તિહાં પ્રસવે પુત્ર સુજાણ;
અલ્પકાળમાં કિન્તુ એ પામ્યો પંચત્વ[1] જાણ. ૯૨

રડે અન્નપૂર્ણા સતી શોકસંવિગ્ન[2] એમ;
બોલે શ્રીગુરુઃ-મૂઢવત્ કરે શોક આ કેમ ? ૯૩

વિચાર કરી નિજ ચિત્તથી, ત્યજી દુઃખ અસાર,
થઇ મુક્ત સંસારથી, વર અક્ષય પદ સાર. ૯૪

વદે અન્નપૂર્ણા તદાઃ-પ્રાણનાથ હે કેમ
કરૂં શાન્ત સુતશોક આ ? કહો મને સપ્રેમ. ૯૫

બોલે શ્રીગુરુઃ-હે પ્રિયે ! ગંગા નામે એક
વિપ્રકન્યકાનો પતિ મરણ પામતાં દેખ, ૯૬

થઇ સુદુઃખિત ગુરુપદે જઇ શરણ તતખેવ
વિનવે એ કર જોડીનેઃ-દયાંબુધિ હે દેવ ! ૯૭

પતિ પંચત્વ પામતાં, હીન દીન હું તેમ
પરાધીન થઇ આથડું ઘરધંધામાં એમ. ૯૮

સુખ સ્વપ્ને દેખ્યું નહીં જીવતાં પતિ પણ ક્યાંય;
સાસુનણદીનાં સહ્યાં મ્હેણાંટોણાં ત્યાંય. ૯૯

કાન્તપદે[3] ચિત્ત રાખીને કાઢતી'તી દિન એમ
જેમ તેમ કરી, ત્યાં થયો ઘાત કંથનો તેમ. ૧૦૦

આગળ સુખ થાશે હતી આશા એવી જેહ,
થઇ નષ્ટ તે તત્ક્ષણે ! સળગી દુઃખની ચેહ ૧૦૧

ચારેપાસ, થતાં તથા મોત પતિનું હાય !
બળું દીન હું એ મહીં ! તારો હે ગુરુરાય !! ૧૦૨

દેખ્યા ચરણો આપના થયા તાપત્રય નષ્ટ;
ગયું દુઃખ સઘળું હવે, થયું ચિત્ત આ હૃષ્ટ. ૧૦૩

જન્મ સફળ મારો થયો, દેખ્યા પદ આ ધન્ય;
કરો કૃતાર્થ હવે પ્રભો ! પ્રાર્થે એમ અનન્ય. ૧૦૪

દેખી શ્રદ્ધા એહની, વદે એહ ગુરુ જેહ
આગળ અનુસંધાન એ હરે **રંગ**સંદેહ. ૧૦૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે તીર્થયાત્રાપ્રયાણં નામ એકોનવિંશત્યધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૧૯ ॥ દોહરા ૧૦૫. શ્લોક ૧ (ખંડ પારાયણ ૨ જો દિવસ)

## અધ્યાય ૧૨૦

અલખ નિરંજનને કહે, દ્વિજકન્યાનાં એમ
સૂણી વચન ગુરુ ઓચરેઃ-કોણ કહે તું તેમ. ૧

પરમાનંદપ્રાપ્તિનું સાધન ત્વત્પતિ જેહ,
થયો વિરહ જેનો, કહે કોણ સવિસ્તર તેહ. ૨

બોલે કન્યાઃ-હે ગુરો ! દેવદત્ત યન્નામ,
કાશ્યપગોત્રી વિપ્ર એ પિતા માહરા આમ ૩

તત્કન્યા હું નિશ્ચયે, ગંગા નામ સુહાય;
વિષ્ણુદત્ત નામે હતા પ્રાણનાથ મુજ આંહ્ય. ૪

દુઃખાર્ણવ માંહે ત્યજી મને એકલી એમ,
ગયા એહ પરલોકમાં; ઝૂરૂં વિરહે તેમ. ૫

સ્મરણ એમનું જ્યાહરે થાએ અંતર માંહ્ય,
દુઃખાગ્નિથી શ્રીગુરો બળે હૃદય આ હાય ! ૬

કરૂં કેમ ? જાઉં કહાં ? થયું સૌખ્ય સહુ નષ્ટ;
બોલે સદ્ગુરુઃ-કન્યકા ! થાય વ્યર્થ કાં ત્રસ્ત ? ૭

સાંભળ સાવધ જે કહું, થશે સ્વાનંદ પ્રાપ્ત.
વિનવે કન્યાઃ- હે પ્રભો ! તમ વિણ કોઇ ન આપ્ત. ૮

૧. મરણ. ૨. શોકથી ઘેરાયેલાં. ૩. પતિના ચરણમાં.

દીન દાસી પર આ યદિ કરશો કૃપા દયાળ,
પાદકમળ ચિંતી સદા સેવારત નિર્ધાર ૯

રહીશ દયાબ્ધે નિશ્ચયે ! સ્વાનંદાપ્તિ એહ
થાય પ્રાપ્ત એવો કરો બોધ; એમ કહી તેહ ૧૦

ગ્રહે ચરણ સદ્‌ભાવથી !! બોલે શ્રીગુરુ ત્યાંયઃ-
રાખી હાથ જે હૃદય પર કરે શોક તું આંહ્ય, ૧૧

તે જ હૃદય આનંદનું સ્થાન નિશ્ચયે જાણ;
આત્મજ્ઞાન વસે તિહાં સચ્ચિત્સુખમય માન. ૧૨

નથી જ્ઞાન એનું તને, રડે દુઃખથી એમ !
પ્રાર્થે કન્યા સર્વ એ સમજાવો પ્રભુ તેમ. ૧૩

વદે શ્રીગુરુઃ-સૂણ સુધી ! હું હું બોલી જાણ;
શિરનેત્રાદિ સ્થાન પર દેહ તણા આ માન ૧૪

ના મૂકે કર કોઈએ; સ્થાપે હૃદયે તેહ
મૂક્યો તેં જે રીતથી; માટે નિઃસંદેહ, ૧૫

પરમાત્મા વ્યાપક અહીં ચરાચરે જે જાણ
નિવાસ તેનો હૃદય આ પ્રાણિમાત્રનું માન. ૧૬

શાસ્ત્ર સકળ એવું કથે, વદે અનુભવી તેમ;
જીવાત્મા જેને કહે એજ ઈશ છે એમ. ૧૭

એવું સમ્યક્ જ્ઞાન જો શાસ્ત્રગુરુથી પ્રાપ્ત
અથવા સ્વાનુભવે કરી થયું હોત પર્યાપ્ત, ૧૮

કારણ આજે દુઃખનું રહ્યું હોત ના જાણ;
જડચેતનનો પણ તને નથી વિવેક સુજાણ ! ૧૯

નામરૂપકુલજાતિ ને ગોત્રાદિકની એમ
કરી કલ્પના જડ વિષે નિરાધાર આ તેમ, ૨૦

કહે ક્ષણિક જડ દેહને હું હું નિરર્થ જાણ;
સંબંધીને દેહનાં મારાં તેજ પ્રમાણ. ૨૧

આત્માને પણ એ કશું ના સ્પર્શે કદિ આંહ્ય;
નિર્વિકાર એ તો સદા નિરુપાધિક સોહાય. ૨૨
નિર્વિકલ્પ નિશ્ચલ અને સદા નિરંજન એહ;
નાશ ન પામે, ના કદિ થાય ક્ષીણ પણ તેહ. ૨૩
વધે ઘટે ના સર્વથા, કેવલ ચિન્મય જાણ;
અનાદ્યનંત સંપૂર્ણ એ શુદ્ધ સનાતન માન. ૨૪
સારાનરસાથી રહે અળગો અલિપ્ત તેમ;
સુખદુઃખાદિક દુન્યવી અડે ન એને એમ. ૨૫
કર જોડી કન્યા વદેઃ-જડચેતનનો ભેદ
કહો મને કરુણાનિધે ! ટળે જે થકી ખેદ. ૨૬
બોલે સદ્‌ગુરુ, સૂણ એઃ-પોતાને ના જેહ
લહે, તેમ ના અન્યને જાણે, જડ સહુ તેહ. ૨૭

જાણી પોતાને લહે જેહ અન્યને તેમ,
તે જ ચૈતન્ય જાણ તું શાસ્ત્રાનુભવે એમ. ૨૮

નિર્વિકાર સાક્ષી સ્વયંપ્રકાશ જે કૂટસ્થ
અજરામર ચૈતન્ય એ પ્રત્યગાત્મા તટસ્થ. ૨૯

બોલે કન્યાઃ-શું કહ્યું ખોટું મેં તો આંહ્ય ?
વાગે કાંટો પગ મહીં, જાણ દેહને થાય ! ૩૦

મારી સણકો એકદમ પ્હોંચે શિર પર્યંત;
માખ મગતરૂં બેસતાં થાય સહન ના હન્ત !! ૩૧

માટે એવા દેહને જડ તે ક્યમ કહેવાય ?
વદે ગુરુઃ-સૂણ કન્યકા ! સમજી ઊલટું આંહ્ય. ૩૨

દેહજ ચેતનરૂપ જો હોત નિશ્ચયે એમ;
ફાવે ત્યાં રહી સર્વને જોઈ શકત એ તેમ. ૩૩

શબ્દાદિક વિષયો તણું થાત એહને જ્ઞાન;
ફાવે ત્યાં રહી સર્વથા વિણ ઇંદ્રિય તું માન. ૩૪

ચેતનને નેત્રાદિની દર્શનાદિને માટ
ના આવશ્યકતા કદિ, પ્રકાશ જે સાક્ષાત્. ૩૫

દેહનેજ એ સર્વની પડે જરૂર તું જાણ;
વિણ નેત્રે દેખે નહીં; સૂણે શબ્દ ન માન ૩૬

શ્રવણ વિના કદિ દેહ આ ! ના માટે ચૈતન્ય
દેહ કદાપિ જાણ તું; જાણનાર ત્યાં અન્ય ! ૩૭

અહંકાર આત્મા તણા તાદાત્મ્યે તનુ એહ
જડ છતાં ચેતનસમી ભાસે નિઃસંદેહ. ૩૮

આપાદતલમસ્તકે અહંકાર એ જાણ,
ઓતપ્રોત સઘળે રહ્યો શરીર માંહે માન. ૩૯

ભિન્ન ભિન્ન આ દેહને થાય અવસ્થા એહ
પ્રાપ્ત તેથીજ નિશ્ચયે; ના એમાં સંદેહ. ૪૦

પૂર્ણ વિકાસિત હોય એ અહંકાર જ્યાં એમ,
જાગ્રદવસ્થા જાણ તું પ્રાણિમાત્રને તેમ. ૪૧
અર્ધોન્મીલિત એ થતાં સ્વપ્નાવસ્થા જાણ;
નિદ્રાવસ્થામાં રહે અવિકસિત એ માન. ૪૨
એમ અહંકારે કરી અવસ્થાત્રય આંહ્ય;
નિદ્રાવસ્થામાં થતાં અહંકારલય ત્યાંય, ૪૩
થોભે વ્યવહારો બધા લોકસર્વના તેમ;
મોહશોકદુઃખાદિનું રહે ભાન ના એમ. ૪૪
માટે ચેતન દેહને કહી ન શકીએ જાણ;
જન્મમરણ ચૈતન્યને ના કલ્પાંતે માન. ૪૫
દેહ વિકારી જાણ આ, સર્વ અનુભવે એહ;
કોશ અન્નમય એ કહ્યો ! શરીરદ્વારે તેહ ૪૬

કર્મ શુભાશુભ થાય આ જીવાત્માને જાણ;
પૂર્વદેહમાં જે કર્યાં, તત્સમ આ તનુ માન ૪૭

કર્મભોગકારણ પડે કરવી ધારણ આંહ્ય,
માટે જ્ઞાને મુક્તિ જો પ્રાપ્ત ન અહિંયાં થાય, ૪૮

જન્મમરણ ચૂકે નહીં; દેહ નિરંતર તેમ
ધરી, ભ્રમણ સંસારમાં કરે જીવ આ એમ ! ૪૯

જોતાં, દેહનિદાન શું ? માતપિતા જે અન્ન
ખાય, તેહનો રસ થઈ થતાં એહ રસ ઘન ૫૦

રક્તરેત બની એ તણું, રક્તરેતથી એહ
થાય દેહ નિર્માણ આ; વધે અન્નથી તેહ. ૫૧

અન્નાભાવે ક્ષીણ થાએ અંતે ભૂ માંહ્ય
મળી જાય રખ્યા થઈ, અન્નકોશ એ આંહ્ય. ૫૨

વિકારી જડ એવો નકી દૃશ્યરૂપ નિર્ધાર;
શી રીતે ચૈતન્ય એ ? બોલ, વિચારી સાર. ૫૩

જુએ વસ્તુને જે તથા જોનારો તે અન્ય;
દ્રષ્ટા દૃશ્ય ન એ કદિ એકરૂપ અનન્ય. ૫૪

એજ ન્યાયથી દેહનો દ્રષ્ટા બીજો જાણ,
દેહ થકી [1]વ્યતિરિક્ત જે; દેહ ન એ કદિ માન. ૫૫

દેખાએ તે નાશવાન્ વેદસિદ્ધાંત એહ;
દૃશ્યમાત્ર નશ્વર બધું; તેમ પ્રત્યક્ષ દેહ ૫૬

જડ વિકારમય મલિન આ, ચેતન કેમ જ થાય ?
રક્તરેત માબાપનું ભળે અમંગલ ત્યાંય; ૫૭

અસ્થિ મજ્જા સ્નાયુ એ પિતૃરેતથી તેમ,
માંસ રુધિર ત્વચા બને માતૃરક્તથી એમ. ૫૮

કફ વાત ને પિત્તથી થાય ઘટ્ટ એ જાણ,
રજસ્વલાના મેલથી નવ માસ લગ માન ૫૯

થાય વૃદ્ધિંગત તથા દેહ વિકારી એહ;
છ માસ અંદર કદિ પડે ગર્ભ જો તેહ, ૬૦

માંસપિંડ સમ જડ નકી દેખાએ એ એમ;
સપ્તમ માસે તાલુનું સ્થાન ભેદીને તેમ, ૬૧

કરે પ્રવેશ ગર્ભમાં ઈશચૈતન્ય જાણ;
ચલનવલન આદિક ક્રિયા કરે ગર્ભ ત્યાં માન. ૬૨

પુણ્યપાપ જે પૂર્વનાં સ્મરી અંતરે ત્યાંય,
ગર્ભકષ્ટ જોઇ તથા દુઃખિત અતિશય થાય. ૬૩

સોહં શબ્દોચ્ચારથી ઈશપ્રાર્થના તેમ
કરી કહે, આ દુઃખથી છૂટતાંજ હું એમ ૬૪

સોહંશબ્દે ઈશનું કરીશ અનન્ય ભજન;
અભેદભાવે નિશ્ચયે કરીશ તચ્ચિંતન. ૬૫

એમ યાતના ગર્ભમાં, ભોગવી દુઃસહ જાણ,
મરણતોલ દુઃખ માતને આપી અંતે માન; ૬૬

નવ માસ પૂરા થતાં, યોનિદ્વારે એહ
મલમૂત્રાદિક મેલ સહ પડે કીટસમ તેહ. ૬૭

અથવા આડો હોય તો, માતૃપ્રાણને તેમ
ઘાતક સમજી એહને કાપી કાઢે તેમ ! ૬૮

ગર્ભાવસ્થા એહવી દુઃખદ નિશ્ચય આંહ્ય;
જન્મ્યે ઉત્સવ કો કરે, મર્યે શોક વા ત્યાંય ? ૬૯

જન્મ પામતાં, ગર્ભમાં કીધો સંકલ્પ જેહ,
આજન્મ હરિભજનનો, ભૂલે સત્વર તેહ. ૭૦

બાલ્યાવસ્થા ખેલમાં ખુએ જુવાની તેમ
વિષયભોગમાં; ઘડપણ પુત્રાપૌત્રાની એમ ૭૧

ચિંતામાં દિન નિર્ગમી આયુષ એળે ખોય;
મરણ આવતાં આખરે પશ્ચાત્તાપે રોય ! ૭૨

સહસ્રાવધિ વીંછીઓ એકજ સમયે જાણ
કરડતાં જે વેદના થાય, તેહવી માન ૭૩

અસહ્ય પીડા ભોગવી ત્યાગે શરીર તેમ;
શ્વાન સૂકર[2] વૃક્ષ વા દેવ મનુષ્ય એમ ૭૪

પશ્વાદિકની[3] યોનિમાં ગ્રહે જન્મ વા જાણ;
ઉચ્ચનીચ થઈ અવતરે કર્માનુસાર માન. ૭૫

મરણ સમે સાથે કશું ના આવે તલપૂર;
કર્મ સાથ જીવ જાય આ; રહે આપ્તજન[4] દૂર ! ૭૬

વાડીવજીફા બંગલા ધન પશ્વાદિક જેહ
ન્યાયાન્યાયે મેળવ્યાં, કામ ન આવે તેહ. ૭૭

જેને માટે મૂઢધી કરે પાપ [5]અનિવાર,
રહે જ્યાંયનો ત્યાંય એ પડી દેહ નિર્ધાર. ૭૮

દેખે જન પ્રત્યક્ષ આ ! સમજે તોય ન કેમ ?
ભિન્ન જીવ જડ દેહથી, કર નિશ્ચય તું તેમ. ૭૯

જીવ તણા સંબંધથી ચલનવલન વ્યવસાય
કરે દેહ સ્વતંત્ર ના, જોતાં યથાર્થ આંહ્ય. ૮૦

થતાં જીવ એ વેગળો, થાય અચેતન દેહ;
કહે મૃત્યુ જન એહને ! કોણ ન જાણે એહ ? ૮૧

સ્પર્શે મોત ન જીવને, અજર અમર એ જાણ;
રહે દેહમાં જ્યાં લગી જીવ એહ તું માન, ૮૨

૧. જુદો. ૨. ભુંડ. ૩. પશુ વગેરે ૪. સગાંવહાલાં. ૫. બેહદ.

રાખે પ્રીતિ એહ પર સગાંસંબંધી તેમ;
થતાં વેગળો જીવ એ, ડરે સ્પર્શથી એમ. ૮૩

થતાં લેશ અપમાન જે કરતો સહન ન આંહ્ય,
બૂમો પાડી ઊઠતો અલ્પ દુઃખથી ત્યાંય, ૮૪

લઈ જઈ સમશાનમાં બાળે તેને તેમ;
લહે ન સુખદુઃખાદિ ત્યાં, કરે ન ચૂંચાં કેમ ? ૮૫

દીવા જેવું સ્પષ્ટ આ ! રાખી મમતા એહ
વ્યર્થ દેહની કો રડે ? સૂણી કન્યકા તેહ ૮૬

બોલે કર જોડીઃ-પ્રભો ! બોલો યથાર્થ આપ;
તોએ દુઃખ ન આ શમે ! સરશે કયારે પાપ ? ૮૭

લખ્યો જન્મ જે સ્ત્રી તણો વિધિએ લલાટ માંહ્ય,
પુનઃ પુનઃ શું એ ગ્રહી સર્વ જીંદગી આંહ્ય ૮૮

ચૂલાચક્કીમાં કરી પૂરી, મરવું એમ ?
ગધાવૈતરા વિણ ન શું અન્ય દૈવમાં[1] તેમ ૮૯

કર્યું નિર્માણ સ્ત્રી તણા, [2]વિરિંચિએ હા હન્ત ?
માત્ર પુરુષને માટ શું જ્ઞાનમુક્તિનો પંથ ? ૯૦

સૂણી શ્રીગુરુ ઓચરેઃ- મા ધીરજ ખો એમ;
કથન ન મારૂં એહવું; માને ભળતું કેમ ? ૯૧

સ્ત્રીપુરુષાદિક ભેદ ના કદિ જીવની માંહ્ય;
કર્માનુસાર દેહ સહુ પામે નિશ્ચય આંહ્ય. ૯૨

પાપપુણ્ય જે જેહનું તે સમ તે તે દેહ,
સ્ત્રીપુરુષાદિકનો અહીં ધરે પ્રાણીઓ તેહ. ૯૩

અભિન્ન ચેતન એહમાં, ના એમાં કંઈ ભેદ;
સ્ત્રીપુરુષનપુંસકાદિકનો ના ત્યાં ખેદ. ૯૪

પાંચ જ્ઞાનેંદ્રિય અને પંચ કર્મેંદ્રિય જાણ,
પંચ પ્રાણ, મન બુદ્ધિ ને ચિત્તાહંકાર માન; ૯૫

ઓગણીસ એ તત્ત્વનો લિંગસંજ્ઞક[3] જેહ
સૂક્ષ્મદેહ, તેમાં પડે ચૈતન્યજ્યોતિ જેહ ૯૬

તે જ જીવ, બીજો નહીં ! ચેતનમાં એ આંહ્ય
સ્ત્રીપુરુષાદિક ભેદનું નામનિશાન ન ક્યાંય. ૯૭

થતાં મોત નરનારીનું, જીવ ગયો કે' એમ;
સ્ત્રીપુંવાચક શબ્દ ના કોઈ લગાડે તેમ. ૯૮

તેમ જન્મ સ્ત્રીનો થતાં પ્રાપ્ત એકદા જાણ,
એનો એજ ફરી ફરી લેવો ન પડે માન. ૯૯

કર્માનુસાર બધું બને; ન્યૂન અધિક વા જેમ
પાપપુણ્ય નર આચરે, દેહ તે તે તેમ ૧૦૦

સ્ત્રીપુરુષાદિક બ્રહ્મવિટ્ક્ષત્રશૂદ્રનો[4] જાણ
મૂક અંધ [5]પંગ્વાદિ ને સુજ્ઞ મૂર્ખ વા માન ૧૦૧

થાય પ્રાપ્ત સહુ કર્મથી, ના એમાં સંદેહ;
અંતે મતિ જેવી રહે તેવી ગતિ ને દેહ ! ૧૦૨

મુક્તિ જ્ઞાને સર્વને, સ્ત્રીપુંભેદ ન ત્યાંય;
દેહાત્મ્યૈકયે મૂઢધી પડે દુઃખમાં આંહ્ય ! ૧૦૩

સૂણી એહ ગંગા વદેઃ-દયાસિંધુ ગુરુનાથ !
આપ જ મારા આપ્ત ને આપ માત ને તાત. ૧૦૪

કર્યો ઉપદેશ જે મને માન્ય સર્વથા તેહ;
શંકા એકજ થાય ત્યાં, કરો દૂર પ્રભુ એહ. ૧૦૫

શરીર આ જડ નિશ્ચયે, જીવ અસંગ ઉદાસ;
માટે સુખદુઃખાદિ આ થાય પ્રાણને ખાસ. ૧૦૬

કારણ તેનું સ્પષ્ટ છે; ભિન્ન દેહથી પ્રાણ,
દેહે વસી જડ દેહને આપે શક્તિ પ્રમાણ. ૧૦૭

તે તે ઇન્દ્રિયદ્વારથી તે જ કરાવે કામ;
ચલનવલનઆદિક ક્રિયા દેહાદિની તમામ ૧૦૮

થાય પ્રાણની મદદથી; ક્ષુધાતૃષા પણ તેમ
પ્રાણનેજ લાગે નકી; લેવું દેવું એમ ૧૦૯

કરે પ્રાણ એ સર્વથા; ગાઢ ઊંઘમાં આંહ્ય;
શ્વાસોચ્છ્વાસરૂપે રહી જાગ્રત્ એહ સદાય, ૧૧૦

શ્વાનજંબુકાદિક[6] થકી રક્ષે શરીર એહ;
સર્વ ક્રિયા પ્રાણે બને; એ વિણ મડદું દેહ. ૧૧૧

શ્વાસોચ્છ્વાસ રહી જતાં, મરી ગયો કે' લોક;
માની અમંગલ એહને, બાળે મૂકી પોક ! ૧૧૨

વસે પ્રાણ આ દેહમાં જ્યાં લગ જાગ્રત્ એમ,
કઠણ શબ્દ પણ બોલતાં પત્યાદિકને તેમ, ૧૧૩

અશસ્ત્રવધસમ એહને કહે સકળ જન આંહ્ય;
જતાં પ્રાણ પ્રત્યક્ષ એને બાળી દે ત્યાંય, ૧૧૪

તોય દહન કરનાર પર હત્યારોપ ન કોય
કરે સર્વથા; એ થકી એજ સિદ્ધિ અહીં હોયઃ- ૧૧૫

માતપિતા પતિ સુત બધાં આપ્તેષ્ટાદિક આંહ્ય
પ્રાણસ્વરૂપ નિશ્ચયે; શંકા લેશ ન ત્યાંય. ૧૧૬

પ્રાણ ચૈતન્યયુક્ત એ; ઊંઘ મહીં પણ તેમ
મચ્છર માખી બેસતાં, ઝટ ઊડાડે એમ. ૧૧૭

આઘુંપાછું વસ્ત્ર પણ એ કરે વ્યવસ્થિત એહ,
માટે આત્મા પ્રાણ એ; ના એમાં સંદેહ ! ૧૧૮

૧. નસીબમાં. ૨. વિધાતાએ; બ્રહ્માએ. ૩. લિંગનામેં. ૪. બ્રાહ્મણ વૈશ્ય, ક્ષત્રિય, શૂદ્ર. ૫. પાંગળો વગેરે. ૬. કૂતરાં, શિયાળવાં વગેરે.

જાણ્યું મેં એ નિશ્ચયે, વદે કન્યકા એમ;
સૂણી તુષ્ટ ગુરુ ઓચરે, વર્ણન આગળ કેમ !! ૧૧૯

વદે પત્નીને શ્રીગુરુ, **રંગ** અલૌકિક એહ;
નિમિત્ત પત્ની; પણ બધી લીલા પરાર્થ તેહ !! ૧૨૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે ગુરુદ્વિજકન્યાસંવાદકથનં નામ વિંશત્યધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૨૦ ॥ દોહરા ૧૨૦

## અધ્યાય ૧૨૧

બોલે ગુરુઃ-હે કન્યકા ! ધન્ય મતિ તુજ જાણ;
તોએ આત્મા કોણ તે ના જાણ્યું તેં માન. ૧

જડ તનુ આ આત્મા નહીં, લહ્યો એટલો સાર;
પતિપુત્રાદિક પ્રાણ છે કરી એહ નિર્ધાર, ૨

ઉપાસના એ પ્રાણની કરતાં અનન્ય એમ,
હિરણ્યગર્ભોપાસકો પ્રાણલોકમાં જેમ ૩

જાય, તેમ તલ્લોકની થાએ પ્રાપ્તિ જાણ;
જન્મમરણ ચૂકે નહીં ! કારણ નિશ્ચય પ્રાણ ૪

ના આત્મા કદિએ અરે; વાયુરૂપ એ જડ
અન્ય વાયુ સમ જાણ તું; મા સંશયમાં પડ. ૫

નિદ્રાદિકમાં વસ્ત્ર એ કરે વ્યવસ્થિત જેહ,
નિત્યાભ્યાસે એ બને; ના એમાં સંદેહ. ૬

હોય ચૈતન્યરૂપ જો પ્રાણ નિશ્ચયે એમ,
થતાં પ્રાપ્ત નિદ્રા અહીં, વસ્તુ કોઈની તેમ ૭

ચોરી શક્ત ન કોઈએ, દેખ વિચારી આંહ્ય;
ભૂખ તરસ લાગી કહી બોલે જેહ સદાય, ૮

પ્રાણ તણો પણ પ્રાણ એ, અન્ય પ્રાણથી જાણ;
આપી ચેતન દેહને એજ ચલાવે માન. ૯

પ્રાણ એકલો ના કરી શકે ચલનાદિ એહ;
અંતર્યામી પ્રાણનો વસે કોઇ જે તેહ ૧૦

આપી બળ આ પ્રાણને રહી અંતરે તેમ,
ચલનવલનાદિક ક્રિયા એજ કરાવે એમ. ૧૧

ભક્ષ્યપેયાદિ આપીને જઠરે અન્ન પચન
પ્રાણાદિદ્વારે કરાવે એહજ ચિદ્ઘન. ૧૨

કર્તા કારયિતા છતાં એવો આત્મા એહ,
જાણ નિર્લેપ સર્વથા ! પ્રાણ સમાન ન તેહ ૧૩

જડ અચેતન જાણ તું; સારૂં નરસું તેમ
થાએ નિજ સાંનિધ્યથી તોય અકર્તા એમ, ૧૪

પરાધીન સઘળાં તમે ! જાણો કેમ ન એહ ?
શક્તિ ન આંખ ઊઘાડવા, જાુઓ પ્રત્યક્ષ તેહ. ૧૫
અહંપણું રાખી વૃથા મરો કેમ નાદાન ?
પરાધીનત્વ ઓળખી ત્યજો અહં-અભિમાન. ૧૬

કર્તૃત્વાદ્યભિમાનથી રહે દૂર જે એમ,
સારૂં નરસું એહને નડે ન કદિએ તેમ. ૧૭

હેમ લોહ બંનેયની સાંકળ સમાન આંહ્ય
બંધનકારક પ્રાણીને; શંકા લેશ ન ત્યાંય. ૧૮

એમ મોક્ષપ્રાપ્તિ મહીં પાપ ઘણેરાં જેહ
તેમ પુણ્ય પણ નિશ્ચયે પ્રતિબંધક સહુ તેહ. ૧૯

નરકપ્રાપ્તિ પાપથી, સ્વર્ગ પુણ્યથી જાણ;
જન્મમૃત્યુનું દુઃખ પણ ટળે ન એથી માન. ૨૦

પુણ્ય સંગ્રહે જ્યાંસુધી ત્યાં લગ સ્વર્ગે વાસ;
થતાં પુણ્યક્ષય, પાપથી પુનઃ નરકની ખાસ ૨૧

થાએ પ્રાપ્તિ પ્રાણીને; જન્મમરણદુઃખ એમ
ટળે ન કલ્પે પણ નકી, આત્મજ્ઞાન વિણ તેમ. ૨૨

માટે ફલકાંક્ષા ત્યજી પુણ્યકર્મ નર આંહ્ય
કરે ઈશપ્રીત્યર્થ જો, શુદ્ધ ચિત્ત તો થાય. ૨૩

ઈશકૃપાથી બુદ્ધિમાં પડે શુદ્ધ પ્રકાશ;
સત્ય જ્ઞાન થઇ મોક્ષ પદ પામે સત્વર ખાસ. ૨૪

ગત જન્મે સત્કર્મનું કરે આચરણ જેહ,
આ જન્મે સદસદ્વિચારે અયત્ને તેહ. ૨૫

શુદ્ધબુદ્ધિ થઇ જન્મતઃ, ઈશકૃપાથી જાણ
યોગ્ય સદ્ગુરુ મેળવી પામે આત્મજ્ઞાન. ૨૬

તોડી માયાપાશ એ સદ્ગુરુબોધે એમ,
જીવન્મુક્તિસૌખ્યનો કરે ઉપભોગ તેમ. ૨૭

પ્રાણસંબંધમાં કર્યો તેં જે વ્યક્ત વિચાર;
જાણ પ્રાણમય કોશ એ લિંગદેહનો સાર. ૨૮

આત્મા વિભિન્ન એ થકી સચ્ચિત્સુખમય જાણ !
બોલે કન્યાઃ-હે ગુરો ! આવ્યું મુજને ભાન. ૨૯

સમજી હું સઘળું હવે; બોલુંચાલું જેહ
તેમ અન્ય વ્યવહાર જે થાય દેહના તેહ ૩૦

થાએ ઈન્દ્રિયદ્વારથી; માટે ઈન્દ્રિય આંહ્ય
આત્મા ચાલક નિશ્ચયે; અથવા ઈન્દ્રિય માંહ્ય ૩૧
રાજા મન એ સર્વનો, સર્વનિયામક તેમ;
માટે મન આત્મા નકી, બંધમોક્ષપ્રદ એમ. ૩૨

અહંભાવ દેહે સદા રાખે મન એ આંહ્ય;
ગૃહદારાક્ષેત્રાદિ પર મમતા તેમ સદાય. ૩૩

સ્વયં નિર્લેપ સર્વદા; [1]કાર્યાંતરમાં એહ
હોય તલ્લીન જ્યાહરે, તદા મહાધ્વનિ તેહ ૩૪

થાય નિકટ તોએ કદિ લહે ન કંઇએ એમ;
માટે મન આત્મા નકી, નિર્વિકાર જે તેમ. ૩૫

સૂણી વચન એનાં વદે સદ્ગુરુઃ-ગંગા દેખ !
એકજ રાજ્યે ના કદિ રાજા હોય અનેક. ૩૬

એજ ન્યાયથી ઇન્દ્રિયો આત્મરાજ ના જાણ;
ભૌતિક જડ એ ઇન્દ્રિયો આત્મા કેમ મહાન ? ૩૭

મનોવૃત્તિ વિણ કામ ના કરે એહ નિઃશંક;
હોતાં મન અન્યત્ર, ના સૂણે કાન જો શંખ ! ૩૮

એમજ સઘળે જાણવું; ઇંદ્રિય આત્મા કેમ
પરાધીન જે સર્વથા ? ના મન આત્મા તેમ. ૩૯

ભૂતરજોગુણથી યથા થાય પ્રાણ નિર્માણ,
સત્ત્વગુણાત્મક મન તથા અન્નતત્ત્વથી માન. ૪૦

સંકલ્પવિકલ્પરૂપ એ ચંચલ અતિશય જેહ,
થતાં પ્રાપ્ત ત્રૈલોક્ય પણ થાય તૃપ્ત ના તેહ ! ૪૧

દુષ્ટવાસનાયુક્ત એ થાય કદાપિ એમ,
ભૂતપ્રેતાદિયોનિમાં લઇ જાય જો તેમ ! ૪૨

આત્મા વ્યાપક સર્વથા નિષ્કલંક નિર્મલ,
નિત્યતૃપ્ત નિશ્ચલ સદા ! મન વિકારી ખલ. ૪૩

[2]પરિચ્છિન્ન ભમતું રહે; સાંભળ એહ પ્રમાણઃ-
ગયું હતું મન માહરૂં [3]હવાં અન્યત્ર જાણ. ૪૪

આવ્યું પાછું અબ ઘડી, કહે લોક સહુ એમ;
થાય સિદ્ધ એથી નકી પરિચ્છિન્ન મન તેમ. ૪૫

હોય ન એ પરિચ્છિન્ન જો, ગમન આગમન આંહ્ય
કરી શકત ના નિશ્ચયે ! સાંભળ બીજું ત્યાંયઃ- ૪૬

અંતે જે વિષયે ઠરી તદાકાર મન એહ
થાએ, તે યોનિ મહીં જન્મ પ્રાણી લે તેહ. ૪૭

જાણે જે જે વસ્તુને અન્ય તેથી તે જાણ,
ઘટજ્ઞાતા ઘટથી અહીં ભિન્ન જેમ સુજાણ. ૪૮

તેમ મન તણું જે લહે ગમન આગમન આંહ્ય
ભિન્ન એહ મનથી નકી, જાણે સર્વ સદાય. ૪૯

માટે મન આત્મા નહીં; સ્વપ્નજાગ્રતે એમ
જાણે સહુ કો સ્પષ્ટ એ ! પડે સંશયે કેમ ? ૫૦

સ્વપ્ન મહીં ઇન્દ્રિય તણું ચલનવલન ના જાણ
તોયે ઇન્દ્રિયરૂપથી મન સર્વમય માન ૫૧

આત્માના સાન્નિધ્યથી કરે સર્વ વ્યવહાર;
આત્મા સ્વયંપ્રકાશ એ માટે નિશ્ચય સાર. ૫૨

મન પરવશ જડ શું લહે ? કારણજ્યોતિ દેખ
સૂર્યચંદ્રાદિ સ્વપ્નમાં તેમ નેત્રાદ્યનેક ૫૩

કાર્યજ્યોતિ જે ઇન્દ્રિયો, દેહ સાથ સહુ એહ
કરે સર્વથા કાંઇ ના; ત્યારે મન જડ તેહ ૫૪

આત્મચૈતન્યે થઇ તત્તદ્રૂપે જાણ
જોઇ તે તે હર્ષ કે પડે શોકમાં માન. ૫૫

સાક્ષિભૂત એ સર્વનો આત્મા કેવળ એક,
નિર્વિકાર નિશ્ચલ સદા સચ્ચિત્સુખમય છેક. ૫૬

સર્વ જ્યોતિની જ્યોતિ એ યત્પ્રકાશે જાણ
મન ઇન્દ્રિય દેખે બધું, મા કર તું અનુમાન. ૫૭

ચેષ્ટાશૂન્ય રહે સદા મન નિષ્ક્રિય નિશ્ચલ,
સત્ય જ્ઞાન એ આત્મનું થાય તદા નિર્મલ. ૫૮

કોશ મનોમય આ નકી લિંગદેહમાં જાણ;
આત્મોપાધિભૂત એ મનજ્ઞાનેંદ્રિય માન. ૫૯

તેથી મનોવ્યાપારમાં પામે ન બંધન આંહ્ય;
કરતાં નિગ્રહ પણ યદિ મન એકાગ્ર ન થાય, ૬૦

સગુણ મૂર્તિ ઇશ્વર તણી સ્વાધિકાર સમ જાણ
કરી, એકભાવે સદા કરવું પૂજન માન. ૬૧

બેસી સુસ્થિર આસને, ધ્યાન સુમંગલ તેમ
કરવું પગથી શિર સુધી નખશિખાંત[4] સપ્રેમ. ૬૨

નિજ હૃત્કમલે[5] ધ્યેયમૂર્તિ કરી સુસ્થિર એહ,
ધ્યેયાકારે મન સદા કરવું નિશ્ચલ તેહ. ૬૩

તૂટે અનુસંધાન તો, યત્ન ફરી ફરી તેમ
કરી એજ અભ્યાસમાં રહેવું મંડ્યા એમ. ૬૪

માસે છ માસે યદિ અથવા વર્ષે જાણ
કરતાં મહત્પ્રયાસ પણ થાય ન મન સ્થિર માન; ૬૫

તોએ ધૈર્ય ન છોડવું, કરવો સતતાભ્યાસ
કંટાળ્યા વિણ અંતરે; થશે સ્થિરતા ખાસ ૬૬

તેથી મનની નિશ્ચયે; ધ્યાનયોગથી એમ
પૂર્વજન્મકૃત પાપનો સંચય સુનષ્ટ તેમ ૬૭

થઇ, વ્યાપાર[6] મન તણા સ્વયં થંભશે જાણ;
થશે ચિત્ત સ્વાધીન ને થશે સિદ્ધ પ્રભુધ્યાન. ૬૮

૧. બીજા કામમાં. ૨. મર્યાદાબદ્ધ. ૩. હમણાં. ૪. પગથી માથા સુધી. ૫. હૃદયકમળમાં. ૬. ચેષ્ટા, દોડધામ.

સૂણી વચન એ ગુરુ તણાં બોલે કન્યા એમઃ-
કહો આપ યથાર્થ પણ પ્રેરે બુદ્ધિ જેમ, ૬૯

વર્તે મન તેવું જ આ; માટે આત્મા એહ
કે'તાં બુદ્ધિને અહીં બાધ ન નિઃસંદેહ. ૭૦

બુદ્ધિ સ્વતંત્ર નિશ્ચયે; એ વિણ પ્રત્યક્ષ આંહ્ય;
અનુમાનાદિક પક્ષનો કદિ સ્વીકાર ન થાય. ૭૧

જ્ઞાન ન બુદ્ધિ વિણ નકી; બુદ્ધિકર્તૃત્વ એમ
થાએ દગ્ગોચર બધે કરતાં વિચાર તેમ. ૭૨

માટે બુદ્ધિ જ આત્મ એ, થાય એમ અનુમાન !
સૂણી દયાઘન ગુરુ વદેઃ- ધન્ય તર્ક તુજ જાણ. ૭૩

તોએ ના સમજી હજી સત્ય તત્ત્વ તું આંહ્ય;
સૂણ, ભૂતસત્ત્વાંશથી બુદ્ધ્યુત્પત્તિ થાય. ૭૪

અંતઃકરણ તણો નકી ભેદ બુદ્ધિ એ એક;
સત્ત્વ રજસ્ તમસે કરી ત્રિગુણાત્મક એ છેક. ૭૫

બુદ્ધિ સ્વતંત્ર કહો યદિ, જાણે એવું જેહ
હોવી જોઇએ અન્ય કો બુદ્ધિ દ્રષ્ટા તેહ. ૭૬

વિચાર કરતાં એહવી દિસે બુદ્ધિ ના ક્યાંય;
ભાસે વધઘટ બુદ્ધિમાં ! કેમ આત્મ એ થાય ? ૭૭

અગ્નિ તણા સાન્નિધ્યથી બાળે લોઢું જેમ,
આત્માના સાન્નિધ્યથી બુદ્ધિ પ્રકાશે તેમ. ૭૮

થાય લીન નિદ્રા મહીં બુદ્ધિ પ્રત્યક્ષ જાણ;
આત્મા એને કો કહે ? રવિ ખદ્યોત[1] ન માન. ૭૯

તેમ કર્તૃત્વ બુદ્ધિમાં સિદ્ધ ન થાએ દેખ;
પાપપુણ્ય જો એ કરે સ્વર્ગનરકાદ્યનેક[2] ૮૦

એજ ભોગવે યોગ્ય એ ! થાય જીવ શેં બદ્ધ ?
કોક કરે કો ભોગવે એ તો સાવ વિરુદ્ધ ! ૮૧

બદ્ધદશા માટે અહીં હોય જ્યાંલગી જાણ,
આધ્યાસિક કર્તૃત્વ ત્યાં લગી જીવને માન. ૮૨

શાસ્ત્રાનુભવે સિદ્ધ એ; માટે આ સારાંશઃ-
લિંગદેહમાં બુદ્ધિ વિજ્ઞાનમય કોશ ખાસ. ૮૩

અન્ય કોશ સમ કોશ એ, ના એમાં સંદેહ;
બૌદ્ધમતાનુયાયીઓ માને આત્મા તેહ ! ૮૪

ભૂલ એમની એ નકી, બુદ્ધિ વિકારી જાણ;
નિર્વિકાર આત્મા સ્વયંપ્રકાશ ચેતનખાણ. ૮૫

બુદ્ધિ થકી જુદો નકી, બુદ્ધિસાક્ષી અમેય;
જાણ વિચારી નિજ હૃદે, તત્ત્વ એહ [3]અખ્યેય ! ૮૬

સૂણી વચન કન્યા વદે જોડી કરદ્વય ત્યાંયઃ-
કહ્યું પ્રથમ આપે પ્રભો, અહંકારલય થાય ૮૭

તેજ સ્થિતિ નિદ્રા તણી; કહો હવે વિપરીતઃ-
થતાં લીન બુદ્ધિ અહીં, નિદ્રા એ નિશ્ચિત ! ૮૮

સાચું શું અહિંયાં પ્રભો ? થાય મુને સંદેહ;
બોલે ગુરુ, સાવધ થઇ સાંભળ યથાર્થ તેહઃ- ૮૯

અંતઃકરણ તણા વદે ભેદ ચાર કો આંહ્ય;
માને બીજા બે; તહીં ચિત્ત તણો મન માંહ્ય ૯૦

સમાવેશ કરી, બુદ્ધિનો અહંકારમાં તેમ
અંતર્ભાવ કરી વદે સ્વાંત દ્વિવિધ એ એમ. ૯૧

જે સમયે બુદ્ધિ અને અહંકારલય થાય,
નિદ્રાવસ્થા જાણ એ કોશ આનંદમય આંહ્ય. ૯૨

દેહનેજ આત્મા કહી ચાર્વાકો નિઃશંક,
અહંપણું રાખી તહીં ચૂંથે નિરર્થ [4]પંક. ૯૩

અસત્ય એ જાણે સુધી ! મીમાંસક પણ એમ
માની આત્મા જીવને, અહંપણું ત્યાં તેમ ૯૪

ચિદાભાસમાં રાખીને સ્થાપે નિજ સિદ્ધાંત;
એ પણ ગૌણજ જાણ તું; કથે સત્ય વેદાંતઃ- ૯૫

કર્તૃત્વભોક્તૃત્વહીન એ ગમનાગમનવિહીન,
અહંબ્રહ્મ લક્ષ્યાર્થ છે પ્રત્યગાત્મા અભિન્ન. ૯૬

અહંકારલક્ષ્યાર્થ જે નિર્વિકાર કૂટસ્થ,
શુદ્ધ બુદ્ધ ચૈતન્ય જે નિત્ય બ્રહ્મ સર્વસ્થ; ૯૭

સમાનાધિકરણે કરી ઐક્ય બેઉનું એમ,
અહંકારલક્ષ્યાર્થને કથે આત્મતા તેમ. ૯૮

અહંકારવાચ્યાર્થ તો કેવળ જડ પરતંત્ર
દષ્ટનષ્ટ બુદ્ધિસમો, બાંધે અત્ર પરત્ર. ૯૯

અહંકારનો નાશ એ થાય ન જ્યાં લગ જાણ;
ભલે વિરંચિસંનિધે રહે કલ્પ લગ માન, ૧૦૦

છૂટે તોય ન પ્રાણી એ જન્મમરણથી આંહ્ય !
સૂણી વચન એ કન્યકા વદે વિનતશિર[5] ત્યાંયઃ- ૧૦૧

ભો ગુરુવર ! આ દેહથી અહંકારપર્યંત
જોતાં, આત્મા કોઇને કહી ન શકીએ હન્ત ! ૧૦૨

અહંકાર આગળ પછી રહે ન કાંઇ તેમ !
શૂન્યને જ શું તો ગુરો કે'વો આત્મા એમ ? ૧૦૩

સૂણી વચન ગુરુ ઓચરેઃ- આત્મા શૂન્ય ન જાણ;
સર્વસાક્ષી એ નિશ્ચયે સચ્ચિત્સુખમય માન. ૧૦૪

૧. આગિયો. ૨. સ્વર્ગ નરક વગેરે ઘણું. ૩. વર્ણન ન કરી શકાય એવું. ૪. કાદવ. ૫. માથું નમાવીને.

વદે કન્યકાઃ-શ્રીગુરો ! જાગ્રદાદિમાં આંહ્ય
બને જેહ વ્યવહાર તે લીન ઊંઘમાં થાય. ૧૦૫

પરમાનંદ રહે તિહાં થતાં લીન સહુ એમ;
આનંદરૂપી શૂન્ય એ આત્મા કેમ ન તેમ ? ૧૦૬

બોલે શ્રીગુરુઃ-ધન્ય તું ! સાંભળ યથાર્થ આંહ્યઃ-
ચેતનનું પ્રતિબિંબ જે પડે બુદ્ધિની માંહ્ય, ૧૦૭

જીવ તે જ તું જાણ એ; બુદ્ધિયોગથી એહ
સ્થૂલ દેહથી જીવડો પામ્યો તાદાત્મ્ય તેહ. ૧૦૮

જાગ્રદવસ્થામાં રહી સ્થૂલ ભોગનો આંહ્ય
લે અનુભવ એ; વિશ્વ નામે ઓળખાય ત્યાંય. ૧૦૯

લિંગદેહથી જ્યાહરે પામે તાદાત્મ્ય તેહ,
પ્રવિવિક્તભોગે[1] રમે તૈજસ નામે એહ. ૧૧૦

સ્વપ્નાવસ્થા ત્યાહરે કહે એહને આંહ્ય !
એજ જીવ હૃદયે યદા પૂરિત નાડી માંહ્ય ૧૧૧

મનબુદ્ધયાદિક સર્વને કરી પ્રાણમાં લીન,
પ્રાજ્ઞ નામથી ભોગવે પરમાનંદ અખિન્ન; ૧૧૨

નિદ્રાવસ્થા એહને કહે લોક સહુ જાણ !
કોશ આનંદમય કહ્યો એને બીજે માન !! ૧૧૩

હૃદયે પૂરિતનાડીમાં પરમાનંદે એમ
રહે જીવ, પણ બ્રહ્મમાં થાય ન સમરસ તેમ. ૧૧૪

જળમાં જળબિંદુ પડી એકરૂપ થઇ જાણ,
તેમ જીવ ના બ્રહ્મમાં થાય તદ્રૂપ આંહ્ય. ૧૧૫

જેમ ઘડામાં જળ ભરી કરી બંધ મુખ છેક
નાંખે મહાસાગર મહીં, ડૂબાડી દે દેખ; ૧૧૬

તોય ઘટોદક એ કદિ મહાસાગરજળ માંહ્ય
થાય ન સમરસ; તેમ આ જીવ નિંદમાં આંહ્ય ૧૧૭

અનિર્વાચ્ય અજ્ઞાનથી હોવાથી આવૃત,
પરમાનંદે મગ્ન પણ થાય ન સમરસ મુક્ત. ૧૧૮

ભોગાર્થે પ્રારબ્ધના થઇ જાગ્રત ક્ષણ માંહ્ય,
સ્મરી પૂર્વ કૃત્યો ફરી, ઇચ્છા તત્સમ આંહ્ય ૧૧૯

કરે કાર્ય કરવા તણી; પડે બંધને તેમ !
બ્રહ્મજ્ઞાન તણી થઇ પ્રાપ્તિ ન જ્યાંલગ એમ, ૧૨૦

ઉપાધિભૂત અજ્ઞાન એ થાય નષ્ટ ના જાણ;
બ્રહ્મરૂપમાં જીવ એ ભળે ન ત્યાંલગ માન. ૧૨૧

એવું જુદું સર્વથી શૂન્ય કથે તું જેહ,
તેને પણ જે જાણનાર આત્મા ન્યારો તેહ. ૧૨૨

શૂન્ય એહને કો કહે ? બોલ કરી સુવિચાર;
જ્ઞાતા જે સર્વેયનો, આત્મા એ નિર્ધાર. ૧૨૩

સર્વસાક્ષી સર્વજ્ઞ એ ! હોય કાંઇ ન ત્યાંય,
કોણ લહે એ કે' મને; આત્મા એજ અકાય. ૧૨૪

સાક્ષી ચૈતન્ય એ નકી, લહે શૂન્ય જે એમ;
આત્મા વા બીજું ભલે પાડો સુનામ તેમ. ૧૨૫

સૂણી વચન કન્યા વદેઃ-ગાઢ નિંદમાં આંહ્ય
વસે કોણ સાક્ષિત્વથી ? કહો મને ગુરુરાય. ૧૨૬

શી રીતે એ રે' તહીં ? થાતાં જાગ્રત એહ
ઓળખવો શી રીતથી ? કરો દૂર સંદેહ. ૧૨૭

બોલે ગુરુઃ-સૂણ કન્યકા ! થતાં ગ્રહણ જો આંહ્ય
સૂર્યચંદ્રમંડલ તદા સ્પષ્ટ ન એ દેખાય. ૧૨૮

નથી એમ એ કો વદે ? બને ન એવું જાણ;
તેમ જીવ સાક્ષી થઇ રહે નિંદમાં માન. ૧૨૯

થાતાં જાગ્રત સર્વને વદે સ્વાનુભવ મસ્તઃ-
ઊંઘ્યો'તો હું સ્વસ્થ આટલો વખત [2]નિસ્ત્રસ્ત. ૧૩૦

જાણ્યું ના મેં કાંઇએ; સ્મરણ કરીને એમ
વારંવાર વદે; બને અનુભવ વિણ ના તેમ. ૧૩૧

એજ શૂન્યસાક્ષી તણું પ્રમાણ નિશ્ચય જાણ;
જીવ બ્રહ્મથી ભિન્ન ના, શાસ્ત્રાનુભવ પ્રમાણ. ૧૩૨

તોએ દેહાદિક મહીં અહંભાવથી એહ.
કરે વ્યવહાર જ્યાં લગી, જીવ જ ત્યાં લગ તેહ. ૧૩૩

સચ્ચિત્સુખમય જીવ આ; તોય અભિમાનગ્રસ્ત
મોહિત થઇ માયા થકી, થાય વિષયાર્થ [3]ત્રસ્ત. ૧૩૪

સત્ય માર્ગ ભૂલી ભમે બ્હાર સુખાર્થે એમ;
પ્રિયસંબંધો બાંધીને થાએ દુઃખી તેમ ! ૧૩૫

સુખસ્વરૂપ પોતે છતાં, ના જાણીને તેહ,
દેહબુદ્ધિમનશૂન્યમાં આત્મભ્રાંતિથી એહ ૧૩૬

મારે તરફડિયાં વૃથા સુખ માટે નિજ બ્હાર;
ભરી હવામાં બાચકા, અંતે થાય ખુવાર ! ૧૩૭

શૂન્યસાક્ષી આત્મા નકી ધર્માધર્માતીત;
કાર્યકારણભાવથી સદૈવ જે [4]વર્જિત. ૧૩૮

જાણ [5]ષડ્ભાવવિકારથી રહિત સનાતન એહ;
દેશવસ્તુકાલાદિથી [6]અપરિચ્છિન્ન તેહ. ૧૩૯

શુદ્ધ બુદ્ધ વિમુક્ત એ નિત્ય સત્ય સુજાણ;
પરમાનંદાદ્વૈત એ વેદગેય ચિત્ખાણ ! ૧૪૦

૧. સ્થૂલથી વિભિન્ન; સૂક્ષ્મ. ૨. ત્રાસ વગર, સુખથી. ૩. દુઃખી. ૪. મુક્ત. ૫. છે, જન્મે છે વગેરે અવસ્થાઓ. ૬. અમર્યાદિત.

એવા એ આત્મા તણી જાણ સુલભ ના આંહ્ય,
તોએ જ્ઞાન અશક્ય ના થવું જાગૃતિ માંહ્ય. ૧૪૧

સર્વ સંકલ્પને કરી દૂર, આત્મસ્વરૂપ
હુંજ, એમ નિશ્ચય થકી ધ્યાતાં થાય તદ્રૂપ. ૧૪૨

જેમ વાયુયોગે જળે [1]તરંગાદિ ઉત્પન્ન
થાય વિવિધ, તોએ ન એ વિચારતાં જલભિન્ન. ૧૪૩

થાતાં સ્તંભન વાયુનું, શમે સર્વ એ જાણ;
ભિન્નપણે દેખાય ના, થાય જલરૂપ માન. ૧૪૪

તેમ ભૂતભૌતિક બધું, નામરૂપગુણભેદ
ભાસે અનેકવિધ છતાં, આત્મા એક અભેદ. ૧૪૫

સર્વ એહ, હે કન્યકા ! સચ્ચિત્સુખમય જાણ;
નામરૂપ સહુ માંહ્યથી છોડી સર્વત્ર માન, ૧૪૬

સચ્ચિદ્આનંદરૂપ આ જોવું સઘળું આંહ્ય;
જેથી કોઇનું કોઇએ પ્રિય અપ્રિય ના ત્યાંય. ૧૪૭

સાધુ અસાધુ, મિત્ર વા શત્રુ, કોઇ ના તેમ;
યોગિવિયોગીત્યાદિ ના ભાસે ભેદો એમ. ૧૪૮

સૂણી વચન એ કન્યકા, વદે જોડી કર ત્યાંયઃ-
સર્વ યથાર્થ વદો પ્રભો ! તોય જગત્ આ આંહ્ય ૧૪૯

દિસે પ્રત્યક્ષ ભિન્ન ત્યાં નાનારૂપ અનેક,
શી રીતે સ્વામી કહી શકાય સઘળું એક ? ૧૫૦

સૂણી પ્રશ્ન ગુરુ ઓચરે, આગળ એ સંધાન;
વદે પત્નીને શ્રીગુરુ દીનદયાળુ માન. ૧૫૧

અલખ નિરંજનને કહે, વરસે અમૃતનીર;
પીએ સશ્રદ્ધ **રંગ** કો ચાતક વિરલું ધીર !! ૧૫૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે ગુરુદ્વિજકન્યાસંવાદકથનં નામ એકવિંશત્યધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૨૧ ॥ દોહરા ૧૫૨

## અધ્યાય ૧૨૨

વળતી અલખ વદે સુધીઃ-સૂણી પ્રશ્ન એ જાણ,
બોલે ગુરુઃ- હે કન્યકા, સાંભળ સદ્ગુણખાણ ! ૧

પડે કરા [2]પર્જન્યના જલરૂપી જો આંહ્ય;
કઠણ દૃષદ[3] સમ એ નકી; પડતાં પાણી માંહ્ય; ૨

દિસે ભિન્ન જલથી અહા ! તોએ જલમય એહ;
જાણે મોટેરાં બધાં, છેતરાય [4]શિશુ જેહ. ૩

અલ્પ કાળમાં ઓગળી થાતાં જલમય જાણ,
જાય ભ્રાંતિ પથ્થર તણી બાળકની પણ માન. ૪

નામરૂપાત્મક બધું ભાસે જગ આ તેમ;
છોડી ભેદ વિવેકથી જોતાં બ્રહ્મ જ એમ. ૫

ઊંધું ના સમજીશ ત્યાં; નામરૂપ ઘટ જેહ
રહે નામ ના તેહનું ફોડી નાંખતાં તેહ; ૬

કરવો તેમ અશેષ ના બને જગતનો નાશ,
કરે[5] કર્યું તે મન થકી ના ભેદાએ ખાસ. ૭

કર્યું મને તે કર થકી ભંગ ન પામે તેમ;
નામરૂપ સૃષ્ટિ બધી થાય નષ્ટ ના એમ. ૮

બ્રહ્મસ્થિતિ થાતાં અહીં ફરે દૃષ્ટિ સાક્ષાત્;
જે જે દેખે તે બધું દિસે બ્રહ્મમય [6]કાન્ત. ૯

ફૂટ્યા વિણ ઘટ [7]મૃત્તિકા દિસે જેમ ઘટ માંહ્ય,
નામરૂપમૂલે તથા ભાસે બ્રહ્મ અકાય. ૧૦

વદે કન્યકાઃ-ના ગુરો થાએ નિશ્ચય તેમ !
બોલે ગુરુઃ-જો ઉર તણી જાય ન શંકા એમ; ૧૧

કર વિચાર સુસ્થિર થઇ, રે'શે ના સંદેહ;
કહે કન્યકાઃ-શું કરૂં ? મન એકાગ્ર ન એહ ૧૨

થાય શ્રીગુરો થાકી હું ! બોલે ગુરુઃ-કર ધ્યાન
રાતદિવસ તું ખંતથી, થશે કાર્ય તુજ માન. ૧૩

બોલે કન્યાઃ-હે ગુરો ! નિષ્ફળ વાતો માંહ્ય
જાય કાળ, પણ ના મળે વખત ધ્યાનાર્થ હાય ! ૧૪

વૃત્તિ બ્રહ્માકાર જ્યાં જઇએ કરવા એમ,
ઓચિંતું આવી ખડું રહે વિઘ્ન ત્યાં તેમ. ૧૫

દોડે મન વિષયો મહીં, કરવા છતાંય યત્ન;
પડે કષ્ટ, ફળ ના દિસે અલ્પ, ભલે ના [8]કૃત્સ્ન ! ૧૬

બોલે ગુરુઃ-તુજ પર ન દેખાએ ઈશપ્રસાદ;
ઈશાનુગ્રહ વિણ બધું શ્રવણ વ્યર્થ સાક્ષાત્ !! ૧૭

ફૂંકે સોની ભૂંગળી, પવન આમથી તેમ
જાય નીકળી; તેહવું શ્રવણ સર્વથા એમ. ૧૮

યદા કદા સ્વલ્પાલ્પ પણ ઠસે ચિત્તમાં જાણ,
કા કા કરતો જગ મહીં ભટકે કાક સમાન. ૧૯

શાબ્દિક જ્ઞાને એ નહીં સરે કાર્ય કદિ એમ;
જન્મમરણ છૂટે નહીં, વધે અહંતા તેમ. ૨૦

૧. મોજાં વગેરે. ૨. વરસાદના. ૩. પથ્થર. ૪. બાળક. ૫. હાથથી. ૬. સુંદર. ૭. માટી. ૮. આખું; પૂરેપૂરૂં

પ્રાર્થે કન્યા એ સૂણીઃ-શ્રવણ એહવું આંહ્ય
કરવું કે ના સર્વથા, કહો એક ગુરુરાય. ૨૧

બોલે ગુરુઃ-હે કન્યકા ! કર્યું શ્રવણ બહુ એમ
કે'વડાવવા લોકમાં ના કરવું કદિ તેમ. ૨૨

તમે લોક પુરાણીને આપી દક્ષિણા આંહ્ય,
માનો મોક્ષ થયો તથા સૂણી કથાઓ ત્યાંય ! ૨૩

સૂંઘી છીંકણી રોફમાં દોડો પટપટ કેમ,
મૂકી રડતાં છોકરાં વૃથા કથામાં એમ ? ૨૪

સૂણી કથા બ્હેરા ભલે કાન એમ કદિ હોય,
તોએ બ્રહ્મજ્ઞાન ના પામે એથી કોય ! ૨૫

ઊલટું અભિમાને મરે ડોળ વધારી એમ !
વદે કન્યકાઃ-હે ગુરો ! કરો મશ્કરી કેમ ? ૨૬

બોલે ગુરુઃ-હું તો રહ્યો સ્વયં [1]મસ્કરી આમ;
કરૂં મશ્કરી કેમ ના ? એજ માહરૂં કામ ! ૨૭

તોએ કન્યા કહું તને, એકજ મનથી આંહ્ય
કાર્ય સાથ બે થાય ના, સત્ય માન ઉર માંહ્ય. ૨૮

વખત કોઇને ના મળે પ્રથમ શ્રવણનો જાણ;
યદા કદાચિત્ જો મળે વ્યર્થ ન ખોવો માન. ૨૯

શ્રવણ વિના જે સ્વાત્મસુખ થાય પ્રાપ્ત તે કેમ ?
માટે કરવું નિયમથી શ્રવણ ભાવથી તેમ. ૩૦

કરી મનન એ શ્રવણનું વર્તે તત્સમ જેહ,
સ્વાત્મપ્રાપ્તિમાં એહને વાર ન નિઃસંદેહ. ૩૧

શ્રવણ સમું ના વર્તતાં વ્યર્થ શ્રવણ એ જાણ;
લાભ ન થાતાં એ થકી થાય સદા નુકસાન. ૩૨

વદે કન્યકાઃ-હે ગુરો ! અલ્પ શ્રવણ જે થાય,
થઇ મનન તેનું સુખે ધ્યાનાદિક પણ આંહ્ય ૩૩

થાએ તત્સમ જે થકી, કૃપા ઈશની તેમ
થાય યથા તેવું કહો સાધન કાંઇ એમ. ૩૪

સૂણી વચન ગુરુ ઓચરેઃ-સાંભળ ગંગા એક;
પ્રાણિમાત્રને આ બધા પોતાનો જે દેખ ૩૫

દેહ તે જ પ્રિય અંતરે; માટે સુખદુઃખ જેમ
થાએ પોતાને અહીં બીજાને પણ તેમ ૩૬

થાય એમ માની સદા, દેવાલય નિજ દેહ
કલ્પી, એમાં જે વસે જીવ નિરામય તેહ ૩૭

સ્વયંપ્રકાશ શિવ અંતરે માની નિશ્ચય આંહ્ય,
સોહંભાવે પૂજવો; પુષ્પ અહિંસા ત્યાંય ૩૮

હિંસાશબ્દે પ્રાણનો કેવળ ઘાત ન જાણ;
દુખવવું મન કોઇનું તે પણ હિંસા માન. ૩૯

માટે મન ના કોઇનું, દુખવવું કદિ તેમ;
કાયા વાચા મન થકી જે જે કૃત્યો એમ ૪૦

કર્યાં તેહ સહુ ભાવથી કરવાં ઈશાર્પણ;
નિર્મલ બુદ્ધિ રાખીને કરવું સરલ વર્તન. ૪૧

અસત્ય ના કદિ બોલવું; ક્રોધરૂપ ચંડાલ,
સ્પર્શ ન કરવો તેહનો; થતાં સ્પર્શ તત્કાળ ૪૨

કરવું સ્નાન [2]સચૈલ ત્યાં; નિંદે જો કો તેમ,
તોએ શાન્તિ ન છોડવી; વદવું ના કટુ એમ. ૪૩

ના ઈંદ્રિય બ્હેકાવવી, સ્વવશ રાખવી જાણ;
મધુર બોલવું સર્વથી, સત્ય ન ત્યજવું માન. ૪૪

દુષ્ટ કર્મ કરવા કદિ થાવું ઉદિત ન તેમ;
આપ્તવિયોગે દુઃખ ના કરવું મનમાં એમ. ૪૫

અહંકારને ત્યાગવો, શૌચ[3] પાળવું આંહ્ય;
સત્સંગે રમવું સદા, રે'વું તુષ્ટ સદાય. ૪૬

નિયમે સચ્છાસ્ત્રો તણું કરવું શ્રવણ સપ્રેમ;
થાય શિવાનુગ્રહ નકી સદા વર્તતાં એમ. ૪૭

બોલે કન્યાઃ-શ્રીગુરો ! સોહંભાવે એહ
સામ્બ સદાશિવ પૂજવો શી રીતે પણ તેહ ? ૪૮

સૂણી વચન ગુરુ ઓચરે, કહું પૂજાપ્રકારઃ-
સઃ એટલે દૂર જે પરોક્ષ પર નિર્ધાર. ૪૯

અહં શબ્દથી હું નકી અપરોક્ષ જે એમ;
સઃ શબ્દે શિવ, જીવ આ અહં શબ્દથી તેમ. ૫૦

સોહં શબ્દે એમ આ બે પદ નિઃસંદેહઃ
દરેક પદના અર્થ બે, સાંભળ સાવધ તેહ. ૫૧

એક વાચ્યાર્થ, દૂસરો જાણ લક્ષ્યાર્થ ત્યાંય;
પ્રથમ અહંપદના કહું અર્થદ્વય એ ત્યાંય. ૫૨

પ્હેલો ભૌતિક દેહ આ, બીજું લિંગ શરીર,
કારણ જડ અજ્ઞાન જે ત્રીજો દેહ અસ્થિર, ૫૩

તદ્વેષ્ટિત[4] ચૈતન્યનું જે પ્રતિબિંબ સુહાય
જીવ શબ્દથી જે સહુ જાણે જન આ આંહ્ય, ૫૪

અહં-વાચ્યાર્થ એ નકી; સાક્ષી કૂટસ્થ જેહ
અહંલક્ષ્યાર્થ નિશ્ચયે, ઓળખ યથાર્થ તેહ. ૫૫

અર્થદ્વય સઃ શબ્દના સાંભળ સાવધ તેમ;
દેહત્રય બ્રહ્માંડના, પ્રથમ વિરાટ ત્યાં એમ; ૫૬

૧. દંડી સંન્યાસી. ૨. સવસ્ત્ર માથાબોળ. ૩. બાહ્યાંતર પવિત્રતા ૪. તેનાથી વીંટળાયેલું.

બીજો હિરણ્યગર્ભ જે લિંગદેહ સુવૃત્ત,
ત્રીજો કારણદેહ ત્યાં, જેને [1]અવ્યાકૃત્ ૫૭

માયા લોકોમાં કહે; દેહત્રયથી એહ
વેષ્ટિત બ્રહ્મચૈતન્ય જે માયાબિંબિત તેહ, ૫૮

ઈશ્વર નામે જેહને લોક ઓળખે આંહ્ય,
સઃ પદનો વાચ્યાર્થ એ જાણ નિશ્ચયે ત્યાંય. ૫૯

સત્ય જ્ઞાનાનંદ જે શુદ્ધ બ્રહ્મ ચૈતન્ય,
સઃ પદનો લક્ષ્યાર્થ એ તેમ કન્યકા ધન્ય ! ૬૦

વિરોધ વાચ્યાર્થે તિહાં; માટે છોડી એહ,
લક્ષ્યાર્થે મતિ રાખીને રે'વું નિઃસંદેહ. ૬૧

વિરાટ સૂત્રાત્મા અને અવ્યાકૃતથી પર,
બ્રહ્મ સનાતન જે સ્વયં શુદ્ધ બુદ્ધ અચલ; ૬૨

સત્ય જ્ઞાન અનંત જે કેવળ સુખની ખાણ,
ઉત્પત્તિ સ્થિતિ પ્રલયનો સાક્ષી જે [2]નિર્વાણ; ૬૩

તે જ સચ્ચિદાનંદ હું પ્રત્યગાત્મા સદાય
દેહત્રયસાક્ષી સ્વયં નિત્ય કૂટસ્થ આંહ્ય ! ૬૪

અખંડ તૈલધારા સમું કરવું ચિંતન એહ;
ધ્યાન નિદિધ્યાસન કહ્યું એજ નિઃસંદેહ. ૬૫

શિવરૂપ જીવ નિશ્ચયે કરવો એ નિર્ધાર,
એ જ શ્રવણ તારક અહીં, બીજું સર્વ અસાર. ૬૬

એ જ વિચારે સર્વદા રે'વું નિમગ્ન આંહ્ય;
જીવશિવની એકતાનો નિશ્ચય દૃઢ થાય, ૬૭

તે જ મનન ગંગા નકી; કરવો એ અભ્યાસ,
એજ ધ્યાન છે નિશ્ચયે; અન્ય [3]વિડંબન ખાસ ! ૬૮

જેમ 'હું' કહો દેહને, તેમ પરાત્પર જેહ
શિવ સર્વેશ્વર તે જ હું; એમાં ના સંદેહ. ૬૯

એવી સુદૃઢ ભાવના થાય અંતરે આંહ્ય;
જેમ વ્યવહાર જન સહુ ભૂલે ઊંઘની માંહ્ય, ૭૦

આત્મસ્વરૂપાકાર તેવી વૃત્તિથી દેખ
આનંદે દેહાદિનું થાય વિસ્મરણ છેક, ૭૧

એ જ ઉપરતિ; નિર્વિકલ્પ સમાધિ એને જાણ
કહે સર્વજ્ઞ ઋષિવરો, મા કર તું અનુમાન. ૭૨

થાય કૃતકૃત્ય એ થકી મનુષ્ય નિશ્ચય આંહ્ય;
જન્મમરણ એને નહીં, મુક્ત એહ સદાય ! ૭૩

વ્યવહારદૃષ્ટિથી કદિ મુક્તજનોનો દેહ
રહી જીવતો ભૂ વિષે વિચરે તોયે તેહ, ૭૪

હાનિ ન કિંચિત્ એમને; થતાં એકદા ભંગ
જ્ઞાન થકી આવરણનો, જીવન્મુક્ત અસંગ !! ૭૫

દેહાદિકનું એમને ના તાદાત્મ્ય જરાય;
ધન્ય બોધવૈભવ[4] અહા ! અભ્યાસે જે આંહ્ય. ૭૬

બોધગ્રહણે નિશ્ચયે મનોભંગ કરી જેહ
કરે વાસનાક્ષય અહીં, જીવન્મુક્ત નર તેહ ! ૭૭

એક વખત આત્મા તણો થાતાં સાક્ષાત્કાર,
થાય નષ્ટ શોકાદિ ને સંશય ટળે અસાર. ૭૮

નાશ હૃદયગ્રંથી[5] તણો થઈ એમ તત્ક્ષણ,
જન્મમરણપ્રદ કર્મનો થાએ વિલય ગહન !! ૭૯

તૂટે માયાપાશ ને કર્તૃત્વાદિક તેમ
શમે સર્વથા, ના રહે પાપપુણ્ય પણ એમ. ૮૦

આવા જ્ઞાનીનો ભલે પકવ પત્ર સમ દેહ
પડે ગમે તે સ્થાનમાં, તોએ નિઃસંદેહ ૮૧

પ્રાણોત્ક્રમણ[6] ન એહનું થાય કદાપિ જાણ;
તપ્ત પાષાણે પડી જલબિંદુ જ્યમ માન ૮૨

થાય લીન તેમાં જ એ, તેમ જ્ઞાનીની આંહ્ય
પ્રાણાદિક સઘળી કલા લીન સ્વરૂપે થાય. ૮૩

સ્વયં બ્રહ્મ જ્ઞાની તથા થાય નિશ્ચયે એહ;
સારભૂત વેદાંતનું તત્ત્વ કન્યકા તેહ ૮૪

કહ્યું સાદ્યંત આ તને; હવે શ્રવણનું કામ
રહ્યું સર્વથા ના તને ! કહી ગુરુ એ આમ, ૮૫

રહ્યા સ્તબ્ધ નિઃશબ્દ ત્યાં; દ્વિજકન્યા એ તેમ
કરી મનન એ શ્રવણનું, નિદિધ્યાસ સપ્રેમ ૮૬

કરી મનનનો અંતરે, સ્વાત્માનંદે ત્યાંય
બ્રહ્મરૂપ થઈ આખરે વિદેહમુક્તિ આંહ્ય ૮૭

કરી પ્રાપ્ત, છૂટી અહા જન્મમરણથી એહ;
ધન્ય માતપિતા નકી એનાં નિઃસંદેહ ! ૮૮

ગુરુમૂર્તિ નિજ પત્નીને કહે તે સમે, એમ
પુત્રશોક ત્યજી હે પ્રિયે થા સાવધ તું તેમ. ૮૯

દેહાભિમાન છોડી આ, મમોપદેશ વિચાર
કરી નિરંતર જો તથા વર્તીશ તું નિર્ધાર, ૯૦

પરમાનંદ તણી થશે પ્રાપ્તિ તુજને જાણ !
વદે અન્નપૂર્ણા સતીઃ-ચિત્તે મમ આ જ્ઞાન ૯૧

આપ તણી આશિષ વિના રે'શે ના સ્થિર તેમ;
પતિસ્વરૂપ પ્રભુ તમ પદે થઈ લીન સપ્રેમ, ૯૨

**૧. અવ્યક્ત. ૨. ચોક્કસ. ૩. ફજેતી. ૪. જ્ઞાનસંપત્તિ. ૫. ચિત્અચિત્ની એકતાના અજ્ઞાનરૂપી ગાંઠો. ૬. પ્રાણનું અન્યત્ર જવું.**

અબલા દાસી આપની માગું કૃપાપ્રસાદ !
બોલે શ્રીગુરુ ! હે પ્રિયે ! આજ સુધી સાક્ષાત્ ૯૩

પાતિવ્રત્યે માહરી કીધી સેવા જાણ;
અભેદબુદ્ધિથી તથા દત્ત તણી પણ માન ૯૪

કીધી સેવા જે અહીં, જાણ ન નિષ્ફળ તેહ;
થઇ કૃપા શ્રીદત્તની તુજ પર નિઃસંદેહ. ૯૫

પુત્રમૃત્યુનિમિત્તથી પામી આ સદ્બોધ;
આશિષ મારી પણ તને; સ્વાન્તે જ્ઞાનજ્યોત ૯૬

થશે પ્રગટ તારા નકી, મા કર શંકા દેખ;
તૂટી અજ્ઞાનબંધનો તારાં સત્વર છેક, ૯૭

ના ભીતી કલિકાલની રે'શે તુજને જાણ;
ન બાધશે સ્વપ્રેય એ તને ફરી અજ્ઞાન. ૯૮

બ્રહ્મપ્રકાશ અંતરે પડી અબઘડી આંહ્ય,
પરમાનંદ તણી તને થાશે પ્રાપ્તિ સદાય. ૯૯

વિદેહમુક્તિ આખરે પામીશ નિઃસંદેહ !
એમ કહી શ્રીગુરુ તિહાં સુધાદૃષ્ટિથી તેહ ૧૦૦

દેખે નિજ કાન્તા ભણી; તેથી એકાએક
સતી અન્નપૂર્ણા તણું માયિકાવરણ છેક ૧૦૧

થાય નષ્ટ તત્ક્ષણ અહા ! પતિ સહ જગ સંપૂર્ણ
દેખાવા લાગ્યું તિહાં દત્તસ્વરૂપ તૂર્ણ !! ૧૦૨

બ્રહ્માકાર થતાં તથા; પરમાનંદે એમ સ્વાનુભવામૃતપૂર્ણ એ ગાય ગીત સપ્રેમઃ- ૧૦૩

## અંજની ગીત*

મી ગેલેં ચમકૂન હોતાં જ્ઞાન- ધ્રુ૦
નરનારી નગર વિચિત્ર, સ્થાવર જંગમ જેં સર્વત્ર,
પહાત હોતે તે હે નેત્ર, ગેલેં ભૂલોન. -મી ગેલેં૦ ૧
અહો મી ઝાલેં સૈરાવૈરા, આતાં કૈંચ્યાં યેરઝારા,
અંજુલી દિધલી મ્યાં સંસારા, સાર ઘેઊન. -મી ગેલેં૦ ૨
દેહીં અસતાં વિદેહ સ્થિતીનેં, જિતેપણીં મી મરૂન ગુરૂનેં,
કથિત જ્ઞાનાગ્નિજ્વાલેનેં, મોહ જાળૂન.-મી ગેલેં૦ ૩
પૂર્વ ઘરાલા ટાળા ખોંવિલા, સ્વાનંદાને ખોંપા ભરિલા,
અંજુલી દિધલી કુલશીલાલા, આજીચા સુદિન.-મી ગેલેં૦ ૪
આતાં નિઃસંગચિ હોઊન, જનલજ્જેલાહી દવડૂન,
પરપુરુષાલા આલિંગૂન, ધિંગાડા ઘાલીન.-મી ગેલેં૦ ૫
કોણી મ્હણોત મજલા વેડી, પરી મી આવૃત્તિ સાડી ફેડીં,
ભર લોકાં મધ્યે નાગડી ઉઘડી, ફુગડી ઘાલીન. -મી ગેલેં૦ ૬
પૂર્ણાનંદાચી **ઘાગર,** હાતીં ઘેઊની હુંકાર,
કરીં કાઢુની ઉંચ સ્વર, ફુગડી ઘાલૂન. -મી ગેલેં૦ ૭
મીચ જગાચી ઉત્પાદક, મી સર્વાંચ્યા પૂર્વીલ એક,
મી અન્નચિ મી અન્નભક્ષક, એક હોઊન.-મી ગેલેં૦ ૮

એમ અન્નપૂર્ણા સતી સ્વાનુભવામૃતગીત
ગાઇ બ્રહ્માનંદથી ડોલે ત્યાં નિશ્ચિત. ૧૦૪

દેખી એમની એ સ્થિતિ, બોલે શ્રીગુરુ ત્યાંયઃ-
હવે તું અને હું પ્રિયે, રહ્યાં ભિન્ન ના આંહ્ય ! ૧૦૫

તોએ મહત્વ અર્ણવે હોવા છતાંય જેમ
મર્યાદા એ ના ત્યજે; સંસારે આ તેમ ૧૦૬

પાળી મર્યાદા સદા વર્તન કરવું જાણ,
સશાસ્ત્ર સ્ત્રીજાતિ તણા ધર્મ પ્રમાણે માન. ૧૦૭

માતા અનસૂયા અને મદાલસાદિક તેમ
પુણ્યસ્ત્રીઓએ ધર્મમર્યાદા પાળી જેમ, ૧૦૮

નામ અમર નિજનું કર્યું; તેમ ભૂ વિષે આંહ્ય
વર્તી પોતે હે પ્રિયે ! થઇ કૃતાર્થ સદાય, ૧૦૯

અન્ય સ્ત્રીઓને ધર્મમર્યાદાપાલન તેમ.
કરતાં શિખવવું અહીં [1]સ્વોદાહરણે એમ. ૧૧૦

દેહભાવથી પતિ તણી દાસી હું પદનિષ્ઠ;
જીવભાવથી પતિ તણો અંશ તેમ સન્નિષ્ઠ; ૧૧૧

આત્મભાવથી હું અને એકરૂપ પતિ તેમ;
રાખી ભાવના એહવી જલતરંગવત્ એમ, ૧૧૨

બ્રહ્માનંદે મગ્ન તું રહી સર્વ વ્યવહાર
બાહ્યદૃષ્ટિથી દેહ સમ કર હવે નિર્ધાર ! ૧૧૩

★ ભાવાર્થ માટે જુઓ પરિશિષ્ટ ૧. ૧. પોતાના દૃષ્ટાંતથી.

વદી એમ શ્રીગુરુ તિહાં રહ્યા મૂક [1]સ્મિતવક્ત્ર;
સતી અન્નપૂર્ણા કરે નમન સાષ્ટાંગ તત્ર. ૧૧૪

રહે સમાધાને તથા બ્રહ્મજ્ઞાને તેમ !!
નરસોબાની વાડીમાં પત્ની સહ શ્રી એમ ૧૧૫

રે'તાં પરમાનંદથી, ગોવિંદ યતિવર ત્યાંય
કહે એકદાઃ-મનન[2] સાંભળવા ઇચ્છું આંહ્ય. ૧૧૬

સંભળાવશો એ શું તમે ? સૂણી એહ તત્કાળ,
લઇ પોથી શ્રીગુરુ તિહાં શ્રવણ કરાવે સાર. ૧૧૭

થઇ તુષ્ટ એ શ્રવણથી ગોવિંદ યતિવર એહ,
કથી નિજ મુખે મનનનું રહસ્ય નિર્મલ તેહ; ૧૧૮

આપી આશિષ ત્યાં વદેઃ-અલ્પ કાળમાં આંહ્ય,
મનનરૂપ થશો તમે શાસ્ત્રીબુવા જગ માંહ્ય ! ૧૧૯

આશીર્વચન સૂણી તથા, કરે શ્રીગુરુ વંદન;
જતાં એમ આનંદમાં કેટલાક ત્યાં દન, ૧૨૦

ત્યાગી જડ તનુ દત્તરૂપે ગોવિંદયતિ એહ
થયા લીન સ્વેચ્છા થકી ! લૌકિક રીતે તેહ; ૧૨૧

કારણકે જનદષ્ટિથી ત્યાગે સિદ્ધ શરીર,
તોએ [3]સર્વાન્તર વિષે રહે નિત્ય એ ધીર !! ૧૨૨

કેટલાક દિવસે પછી, ગુરુમૂર્તિને ત્યાંય
થયો દત્તદષ્ટાંત કે ઉત્તરાખંડ માંહ્ય ૧૨૩

કરો સંચાર હવે તમે ! દત્તાજ્ઞા એ તેમ
સૂણી શાસ્ત્રીબુવા તદા, પત્ની સહ સપ્રેમ ૧૨૪

વંદી મૌનીસ્વામીને, આજ્ઞા લઇ તત્કાળ
દત્તપાદુકાસંનિધે આવી, વારંવાર ૧૨૫

સાષ્ટાંગ પ્રણતિ કરી, પ્રસ્થાનાર્થે એહ
લઇ અનુજ્ઞા દેવની, હતા દેવગણ જેહ ૧૨૬

પાસે તે રાખી તિહાં દેવસંનિધે તેમ,
છોડી નૃસિંહવાટિકા પત્નીસહ સપ્રેમ, ૧૨૭
આવી કોલ્હાપુર મહીં કરે દેવીદર્શન;
થયાં વરસ છત્રીસ ત્યાં શ્રીગુરુને તે ક્ષણ. ૧૨૮
ત્યાંથી પંઢરપુર વિષે આવી દર્શન ત્યાંય
વિઠ્ઠલનાથ તણું કરે; ચમત્કાર ત્યાં થાયઃ- ૧૨૯
પાંડુરંગદર્શન કરી મંદિરમાંથી જ્યાંય
ચંદ્રભાગાતટ વિષે વેગે શ્રીગુરુ જાય; ૧૩૦

આવી પંઢરીનાથ ત્યાં દ્વિજવેષે સાક્ષાત્,
શૂદ્રે શેકેલા ચણા આપે સ્વયં પ્રસાદ ! ૧૩૧

જાણી બજારનો તદા ખાય ન શ્રીગુરુ એહ;
રાખે વસ્ત્રે બાંધીને લઇ પ્રેમથી તેહ !! ૧૩૨

રાતે સ્વપ્ને રુક્મિણીપતિ પ્રગટ થઇ ત્યાંય,
કહેઃ-પ્રસાદ કેમ તેં ના ભક્ષ્યો કે' આંહ્ય ૧૩૩

સૂણી શ્રીગુરુ ઓચરેઃ-બજારભર્જિત[4] એહ
માની ના ભક્ષ્યો પ્રભો ! નિયમ માહરો તેહ. ૧૩૪

બોલે શ્રીગોવિંદ ત્યાંઃ-આપ્યો પ્રસાદ જેહ
મેં પોતે તે ખાય ના કરી એમ સંદેહ ? ૧૩૫

એમ કહી શ્રીગુરુ તણા ઉપવસ્ત્રે જે ત્યાંય
હતા ચણા તે પોટલી છોડી લઇ, વરકાય ૧૩૬

થયા ગુપ્ત તત્ક્ષણ પ્રભુ ! વાસુદેવગુરુ એહ
દેખે જાગ્રત્ જ્યાં થઇ, દિસે ચણક ના તેહ ! ૧૩૭

કરે પ્રાર્થના દેવની ગભરાઇને તેમઃ-
હે વિશ્વેશ રમાપતે દત્ત દયાબ્ધે એમ ૧૩૮

ભક્તવત્સલા વિઠ્ઠલા ! મમ [5]નિગ્રહની આંહ્ય;
કરો પરીક્ષા આમ શું ? હું તો દાસ સદાય !! ૧૩૯

ગરુડધ્વજ ગોવિંદ હે ! ના મમ નિગ્રહ એહ;
કરાવનાર તમે સ્વયં, સર્વસાક્ષી પ્રભુ તેહ. ૧૪૦

લાજ તમારે હાથ છે, રાખો ટેક દયાળ;
કર્તા કરાવતા તમે, હું તો અનાથ બાળ ! ૧૪૧

શી ચિંતા મુજને પછી ? તમ સત્તાએ સર્વ;
નાચું નચાવો તેમ હું, પાંડુરંગ હે શર્વ !! ૧૪૨

કરી પ્રાર્થના એહવી, વંદી શ્રીવિઠ્ઠલ;
કરતા મુકામ શનૈઃ શનૈઃ, પત્ની સહ સત્વર ૧૪૩

આવ્યા બારસીક્ષેત્રમાં; કરી ભગવદ્દર્શન
પરળી-વૈજનાથે કર્યું ચાતુર્માસ્યગમન. ૧૪૪
ત્યાંથી ગંગાખેડમાં આવ્યા સત્વર જાણ,
પતિતપાવની ગૌતમીગંગાતટ પર માન. ૧૪૫
કિંચિત્કાળ રહે તિહાં પત્ની સહ સપ્રેમ;
સુખસંવાદે કાળ ત્યાં કરી નિર્ગમન એમ, ૧૪૬
લે [6]તુર્યાશ્રમ શ્રીગુરુ ! સૂણી નિરંજન એહ,
પૂછે કર જોડી તદા, આગળ વર્ણન તેહ. ૧૪૭

કરી કૃતાર્થ પત્નીને, લોકોદ્ધારે આંહ્ય ફરે કેમ, પ્રભુ તે કહ્યું; સૂણ્યે **'રંગ'** ભય જાય !! ૧૪૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
પત્ન્યુદ્ધરણંનામ દ્વાવિંશત્યધિકશતતમોऽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૨૨ ॥ દોહરા ૧૪૮. ગીત ૧.

**૧. હસતું મુખ છે જેનું તે. ૨. ઉપનિષદોનું રહસ્ય. ૩. બધાનાં હૃદય. ૪. ભુંજેલા; શેકેલા. ૫. સંયમ ૬. ચોથો આશ્રમ, સંન્યાસ**

## અધ્યાય ૧૨૩

બોલે કર જોડી તદા, શિષ્ય નિરંજન એહઃ-
ધન્ય અલખ યોગિવરા ! ચરણે અર્પું દેહ. ૧

આવ્યા ગંગાખેડમાં શ્રીગુરુ પત્ની સાથ;
લીધો તુર્યાશ્રમ તિહાં; કહ્યું એમ જે તાત ! ૨

સર્વ સવિસ્તર એ કહો, જેથી ચિત્ત ધરાય.
વદે અલખઃ-ગુરુગુણ તણો આવે પાર ન આંહ્ય ! ૩

કહું અલ્પ આ સંગ્રહી, સાંભળ સાવધ તેમ;
આવી ગંગાખેડમાં ગોદાતીરે એમ, ૪

પૂજન શ્રીગંગા તણું કરી ભાવથી ત્યાંય,
કરી પ્રાર્થના પત્ની સહ, રહ્યા એમ ગુરુરાય. ૫

પરમાનંદે મગ્ન ત્યાં કરતાં કાલક્રમણ,
સતી અન્નપૂર્ણા તિહાં કરે એકદા પ્રશ્નઃ- ૬

પ્રાણનાથ મુજને કહો, દૈવયોગથી આંહ્ય
ઉચ્ચવર્ણ સ્ત્રીનું કદિ લગ્ન નીચથી થાય, ૭

શી રીતે નિજ શીલ ત્યાં રક્ષે કન્યા એહ ?
ભૂલ જાણતાં શું કરે ? કહો કૃપા કરી તેહ. ૮

સૂણી શ્રીગુરુ ઓચરેઃ-પ્રિયે ! બરાબર એમ
વાત એક પૂર્વે બની; સાંભળ એ તું તેમ. ૯

ગત દ્વાપરયુગમાં અહીં અંત્યજ કુજાત એક
કાંચી નામે નગરમાં જાત છુપાવી છેક, ૧૦

વિપ્રવેષ લઇ દ્વિજગૃહે રહ્યો એક શ્રીમંત;
બ્રાહ્મણ સમ વર્તે તિહાં બાહ્યદૃષ્ટિથી હન્ત ! ૧૧

પરણ્યો એ દૈવે તિહાં વિપ્રકન્યકા સાથ;
સ્ત્રીપુરુષ ગાર્હસ્થ્યથી રે'તાં બે સંગાત ૧૨

થયો એક સુત એમને; ન્હાની વયમાં એમ
અન્ય છોકરાં સહ જતાં રમવા બહાર તેહ, ૧૩

કરી એકઠાં હાડકાં આણે ઘરમાં બાળ !
જોઇ કૃત્ય એ એહનું, પૂછે પતિને નારઃ- ૧૪
પાતિવ્રત્યે હું રહું, ભજું ન સ્વપ્ને અન્ય;
થયો પુત્ર આ તમ થકી ! પાક્યો કેમ [1]જઘન્ય ! ૧૫
નીચકર્મરત[2] શેં થયો ? ટાળો એ સંદેહ.
બોલે ભંગી ના કશું; સૂણી પ્રશ્ન ત્યાં એહ, ૧૬
રહે અધોમુખ[3] સર્વદા ! જતાં દિવસ કાંઇ એમ,
અંત્યજ એ નિજ ગામમાં જવા નીસરે તેમ. ૧૭
જોઇ પત્ની એ વદેઃ-આવું હુંએ નાથ !
લઇ સાથ સ્ત્રીને તથા ચાલ્યો એહ કુજાત. ૧૮

જતાં માર્ગમાં એહને પડે ન ચેન લગાર;
સ્વગત વિચારે એ તદાઃ- લઇ સાથ જો નાર ૧૯

જઉં કદાચિત્ ગામમાં કપટ માહરૂં ત્યાંય
પડી ઉઘાડું ક્ષણ મહીં થશે ફજેતી હાય ! ૨૦

રાજ્યદંડ ના ચૂકશે, થાશે શિક્ષા તેમ;
સ્વગત વિચારી એહવું, કરે યુક્તિ ત્યાં એમઃ- ૨૧

જોઇ કૂવો વાટમાં મારી ધક્કો એહ
દે હડસેલી પત્નીને કૂવામાંહે તેહ ! ૨૨

ક્યાંથી વિવેક અંતરે ? જાત ભંગીની જાણ;
કરી કર્મ કાળું તથા, ચાલ્યો આગળ માન. ૨૩

દૈવે જાતાં માર્ગમાં ભલા પાંથિકે[4] એક
જતાં જલાર્થે કૂપમાં દેખી સ્ત્રી એ દેખ ! ૨૪

કાઢી એને તત્ક્ષણે, કીધી સાવધ જાણ;
આવી એ કાંચી મહીં પુનઃતાતગૃહ માન !! ૨૫

રહે બાપને ઘેર એ, કહે ન કાંઇ વાત;
જુએ ન પતિનો દોષ પણ પતિવ્રતા [5]વરજાત ! ૨૬

ગયા દિવસ કંઇ એમ ત્યાં, કાંચી નગરે એહ
આવ્યો અંત્યજ એ ફરી; જોઇ સતી સસ્નેહ, ૨૭

દોડી સ્હામે વિનયથી પ્રાર્થી એને જાણ
આણી ઘરમાં પૂર્વવત્ સેવા કરે મહાન. ૨૮

એકનિષ્ઠતા એહની જોઇ અંત્યજ એહ,
નિશ્ચય અંતરમાં કરેઃ-લાંછનાસ્પદ[6] જેહ ૨૯

વાત માહરી જાતિની કે'તાં આને આંહ્ય,
કે'શે ના એ કોઇને; શંકા લેશ ન ત્યાંય. ૩૦

એમ વિચારી અંતરે, વદે સતીને એહઃ-
જાત ભંગીની માહરી, જાણ પ્રિયે તું તેહ. ૩૧

માટે એ રીતે નકી વર્તે સંતતિ જાણ;
થયો પુત્ર જે આ તને નીચકર્મરત માન ! ૩૨
આણે ઘરમાં હાડકાં મત્સંસ્કારે એમ !
સૂણી વચન એ પતિતણાં, પતિવ્રતા ત્યાં તેમ ૩૩
થઇ સુદુઃખિત અંતરે, હાય કહીને ત્યાંય
છોડી શ્વાસ કહેઃ-હરે ! હે પરમેશ્વર આંહ્ય ૩૪
દયાસાગરા કાં કર્યો કન્યા પર નિજ એમ
કોપ સુદારુણ આટલો ? ધારૂં ધીરજ કેમ ? ૩૫
કહી એમ પતિશયનનો[7] કરી ત્યાગ તત્ક્ષણ,
કરે પ્રાર્થના ઇશની ! ભર્યું દુઃખથી મન !! ૩૬

૧. નીચ. ૨. મગશુલ. ૩. નીચું મોઢું રાખીને. ૪. મુસાફરે. ૫. ઉત્તમ કોટિની. ૬. કલંકવાળી. ૭. પતિની પથારીનો

કહેઃ-ચક્રપાણિ અહા ! ભક્તપ્રિય તું એમ
થયો ક્રૂર કાં અંતરે ? આવી દયા ન કેમ ૩૭

અબલાની આ લેશ પણ ? કેવું નસીબ હાય ?
પ્રગટે વડવાનલ યથા પ્રચંડ અર્ણવ માંહ્ય. ૩૮

એકાએક થયું તથા ! દ્વિજકન્યા હું હન્ત;
કર્યું કૃત્ય ઊલટું અહા કેમ આમ ભગવન્ત ? ૩૯

દારુણ સંકટમાં મને નાંખી અનાથ હાય !
જવું શરણ કોને હવે, રૂઠ્યો જ્યાં શિવ ત્યાંય ? ૪૦

બચાવશે કો દુઃખથી ? દેવાધિદેવ એમ
વિનાપરાધે કાં કર્યો કોપ સુદારુણ તેમ ? ૪૧

કરૂં શું હવે ? જાઉં ક્યાં ? મુખ કાળું આ હાય
કેમ બતાવું જગ મહીં ? જીવું શેં અસહાય ? ૪૨

એમ રાત આખી કરે વિલાપ દારુણ એહ;
પ્રાતઃકાલે ઊઠીને પિતાસંનિધે તેહ ૪૩

આવી, કર જોડી વદેઃ-થાતાં પાત્ર અશુદ્ધ,
થાય શુદ્ધ એ શેં ફરી ? કહો પિતાજી બુદ્ધ. ૪૪

વદે તાતઃ-હે કન્યકા ! થતાં અગ્નિસંસ્કાર
થાય પાત્રશુદ્ધિ અહીં; પિતૃવચન એ સાર ૪૫

પતિવ્રતાએ સાંભળી કર્યો સુનિશ્ચય એમઃ-
જઇ તીર્થસ્થળમાં કરૂં અગ્નિપ્રવેશ તેમ. ૪૬

તોએ [1]ભંગ્યો જો જગે રે'શે જીવતો એહ,
કરશે અનર્થ આહવો ફરી નિઃશંક તેહ. ૪૭

કપટી પૂરો એ નકી પાપી દુષ્ટ મહાન;
કરશે કોઇ બીજીને ભ્રષ્ટ નિશ્ચયે માન. ૪૮

માટે એને જીવતો રાખવો ન કદિ આંહ્ય !
વિચાર દૃઢ એવો કરી, વિપ્રસુતા એ ત્યાંય, ૪૯

થતાં ભંગી નિદ્રસ્થ એ, આગ લગાડી તેમ
કરે ભસ્મ ગૃહ રાતરે જાણે કોઇ ન એમ ! ૫૦

થયું દગ્ધ ગૃહ તત્ક્ષણે અંત્યજ સહ એ ત્યાંય;
પતિવ્રતા સુત સહ તિહાં ચાલી મધુવન માંહ્ય. ૫૧

પવિત્ર યમુનાતટ વિષે પુણ્ય મધુવને એમ,
આવી સુત સહ વેગથી રચી ચિતા સપ્રેમ; ૫૨

કરી ધ્યાન અંતર મહીં પરમેશ્વરનું જાણ,
અગ્નિપ્રવેશ કરે તિહાં સુત સહ સત્વર માન ! ૫૩

થઇ ધન્ય જગમાં અહા ! યત્સ્થાને એ એમ
માતા સુત સહ દેહને કરે ભસ્મ સપ્રેમ, ૫૪

તત્સ્થાને કાળે કરી [2]વંશવૃક્ષ બે જાણ
ઊગ્યાં; તેમાંથી પ્રિયે આગળ પ્રભુએ માન ૫૫

પતિવ્રતાને પુત્ર સહ દેવા મુક્તિ આંહ્ય;
વાંસ એક કાઢી તિહાં કૃષ્ણાવતાર માંહ્ય ૫૬

કરી મોરલી એહની; શ્રીકૃષ્ણે સપ્રેમ
ધારી કરમાં, નિજ મુખે એહ વગાડી તેમ ૫૭

આપી સતીને મુક્તિ એ ! તેમ પુત્રના જાણ
ભોથામાંથી વાંસને કાઢી શ્રીભગવાન, ૫૮

કરી લાકડી એહની વાળે ગાયો એહ;
એમ મુક્તિ ગોવિંદ ત્યાં આપે સુતને તેહ ! ૫૯

ભક્તત્રાતા શ્રીપ્રભુ, લીલા એની અગાધ;
રક્ષે ભક્તોને સદા !! વદે એમ ગુરુનાથ ૬૦

પ્રેમે પત્નીને તિહાં; કહી એહ વૃત્તાંત,
કહેઃ-પ્રિયે ! દૈવે યદિ નીચ પુરુષ સંગાત ૬૧

ઉચ્ચવર્ણ સ્ત્રીનો તથા થાએ [3]વિવાહ આંહ્ય;
ભૂલ જણાતાં કંથનો કરી ત્યાગ એ ત્યાંય, ૬૨

પતિવ્રતા સમ આ અહીં કરવું વર્તન જાણ;
તેમ એક ગોત્રે કદિ લગ્ન ભૂલથી માન ૬૩

થાય, તોય એ નારીએ સદા પુરુષથી એહ
નિજ ભાઇ સમ વર્તવું; સાંભળ નિઃસંદેહ. ૬૪

થાય ભ્રષ્ટ પતિ જો કદિ, લે ના પ્રાયશ્ચિત્ત
ત્યાગી ત્યાં લગ એહને, ઈશ્વર માંહે ચિત્ત ૬૫

રાખી, ભજને રત સદા રે'વું નિશ્ચય એમ;
દે મુક્તિ એને પ્રભુ જાણ સતી સમ તેમ. ૬૬

સૂણી શ્રીગુરુવેણ એ, થયાં તુષ્ટ મન માંહ્ય
માત અન્નપૂર્ણા તદા ! દિવસ એમ કંઇ જાય. ૬૭

એક દિવસ દૃષ્ટાંત ત્યાં પતિપત્નીને એહ
થાય સ્વપ્નમાં, કે હવે પડશે નિશ્ચય દેહ. ૬૮

ચોથે દિવસે આજથી લેવા માટે તેમ
આવીશું તમને અમે; થાઓ સાવધ એમ. ૬૯

દેવવાણી એવી સૂણી, બોલે શ્રીગુરુ ત્યાંયઃ-
લીધા વિણ સંન્યાસ હું, દેવ ! ન આવીશ ક્યાંય. ૭૦

ના ફરશે સંકલ્પ એ ! માટે પત્ની એહ
જો ઇચ્છા તો છો લઇ જાઓ નિઃસંદેહ. ૭૧

સૂણી વચન દેવો વદેઃ-અવશ્ય કરશું એમ;
લઇ વિમાન ચોથે દિને આવ્યા દેવો તેમ. ૭૨

**૧. ભંગીઓ. ૨. વાંસ. ૩. લગ્ન.**

અન્નપૂર્ણામાતને એજ રાતરે જાણ
આવ્યો'તો જ્વર સ્વલ્પ ત્યાં; જોઇ એહ વિમાન ૭૩

બોલે પતિને એ તદાઃ- આજે મારો દેહ
પડશે નિશ્ચય; આ જુઓ આવ્યા દેવો તેહ ૭૪

લઇ વિમાન લેવા મને ! સૂણી વચન એ ત્યાંય,
વેગે ગંગાજળ અને ગોમય શ્રીગુરુરાય ૭૫

મંગાવે નિર્મલ તદા; ગંગાજળથી એહ
સતી અન્નપૂર્ણા મુદા[1] કરી સ્નાન ત્યાં તેહ; ૭૬

લીંપી ભૂમિ છાણથી, દર્ભ પાથરી ત્યાંય,
કરી સ્નાન ગંગાજળે પુનઃ શીઘ્ર વરકાય, ૭૭

ધૌત વસ્ત્ર પ્હેરી તિહાં, હળદર કુંકુમ તૂર્ણ
ચર્ચી ભાલે મોદથી, વિપ્રસ્ત્રીઓને પૂર્ણ ૭૮

ઉત્સાહે બોલાવીને, હળદરકંકુ તેમ
આપી વસ્ત્રાભૂષણો આપે સહુ સપ્રેમ. ૭૯

બેસી સાવધ દર્ભની શય્યા પર તત્ક્ષણ,
જોડી કર, પરલોકમાં કરવા શીઘ્ર ગમન ૮૦

માગે આજ્ઞા પતિ તણી પ્રફુલ્લ મુખથી ત્યાંય;
કહેઃ-અહો પ્રાણેશ્વરા ! આપ જ એક સદાય ૮૧

ઇષ્ટદૈવત માહરૂં સદ્‌ગુરુ સ્વામી તેમ
આપ સર્વ મારા તમે; આજ સુધી મેં એમ ૮૨

કર્યાં શુભાશુભ કર્મ જે, સારૂં નરસું જેહ
કર્યું તે બધું આપના અર્પ્યું પદમાં એહ. ૮૩

પતિતપાવના માહરૂં પાતક સઘળું આંહ્ય
કરી દહન સર્વેશ હે ! [2]દેવયાનની માંહ્ય ૮૪

આરોહણ કરવા તણો માર્ગ બતાવો સ્પષ્ટ;
જન્મમરણથી હું હવે થઇ છું છેક જ ત્રસ્ત. ૮૫

દેહયોગ હવે કદિ થાય ન કલ્પે જેમ,
કરો કૃપા તેવી પ્રભો ! ઇચ્છા અન્ય ન એમ. ૮૬

અગ્નિરૂપ પરમેશ હે ! ભૂતાત્મક આ દેહ
કરો ભસ્મ સત્વર વિભો ! દીનોદ્ધારક, એહ ૮૭

પ્રાણ વાયુમાં મેળવી, બ્રહ્મસ્વરૂપે આંહ્ય
કરો લીન આ જીવને; લાગું અંતિમ પાય. ૮૮

હવે જન્મ ના દો પ્રભો, વંદું વારંવાર;
સ્મરણ દાસીનું રાખજો પ્રાણનાથ નિર્ધાર ! ૮૯

સત્ય રૂપ એ આપનું દેખાડો નિર્મળ !!
એમ કહી શિર પતિપદે, મૂકે ત્યાં સત્વર. ૯૦

સૂણી પ્રાર્થના પત્નીની, વાસુદેવ સસ્નેહ
આપી આશિષ ત્યાં વદેઃ-પ્રિયે ! ન કર સંદેહ; ૯૧

પૂર્ણકામના તાહરી થાશે નિશ્ચય જાણ !
આશિષ એવી સાંભળી અન્નપૂર્ણા સુજાણ ૯૨

મૂકી મસ્તક પતિપદે, કરી ધ્યાન નિશ્ચલ;
'શ્રીગુરુદેવ દત્ત' કહી ત્યજે પ્રાણ સત્વર ! ૯૩

બેસાડી સુરયાનમાં વાદ્યઘોષ સહ ત્યાંય,
બ્રહ્મલોકમાં [3]આદરે દેવગણો લઇ જાય. ૯૪

યોગીઓને પણ અહીં સ્થાન સુદુર્લભ જેહ,
પતિસેવાથી અન્નપૂર્ણામાતા શુભ તેહ ૯૫

પામ્યાં પાતિવ્રત્યથી ! હતો વૈશાખ માસ,
શુક્લપક્ષ ચતુર્દશી ત્યારે મંગલ ખાસ. ૯૬

નૃસિંહજયંતી જેહને વદે સર્વજન આંહ્ય;
કરે [4]નિર્યાણ તે દિને સાધ્વી એ વરકાય ! ૯૭

ઔર્ધ્વદૈહિક એમનું કરી યથાવિધિ જાણ,
વાસુદેવ શ્રીદત્તની આજ્ઞા સમ એ માન; ૯૮

પત્નીના નિર્યાણથી ચૌદમે દિન તેમ
યથાશાસ્ત્ર સંન્યાસનો કરે પ્રારંભ એમઃ- ૯૯

પ્રાયશ્ચિત્ત યથાવિધિ લઇ પ્રથમ સહુ એહ,
દેહશુદ્ધિ કરી થયા પ્રૈષોન્મુખ જ્યાં તેહ; ૧૦૦

વદે બ્રાહ્મણોઃ- આ સમે કરવા પ્રૈષોચ્ચાર
હોત કોઇ યતિ જો અહીં, થાત ઠીક નિર્ધાર. ૧૦૧

બોલે શ્રીગુરુ ત્યાંઃ- અરે ! સમર્થ દત્ત દયાળ;
વસે સર્વ સ્થળમાં નકી વ્યાપક એ નિર્ધાર. ૧૦૨

ઇચ્છા એની જેહવી હશે, થશે સહુ તેમ;
વદી એમ તત્કાળ એ વિપ્રો સહ સપ્રેમ ૧૦૩

આવી ગંગાતટ વિષે પ્રૈષકારણે જાણ,
પ્રવેશ જળમાં જ્યાં કરે, સ્મર્તૃગામી ભગવાન ૧૦૪

દત્ત દયાનિધિ તત્ક્ષણે થઇ પ્રગટ ત્યાં ખાસ,
ગોવિંદસ્વામીરૂપથી આવ્યા સત્વર પાસ ! ૧૦૫

પ્રાર્થે શ્રીગુરુ એમને; ઠીક કહીને એહ
પ્રૈષોચ્ચાર કરી સ્વયં, યોગપટ્ટ[5] શુભ તેહ ૧૦૬

વાસુદેવાનંદસરસ્વતી આપી ત્યાંય;
કહેઃ- મધુકરી વૃત્તિથી રે'વું આજથી આંહ્ય. ૧૦૭

ક્ષેત્ર ઉજ્જયિની મહીં દત્તમંદિરે જેહ
નારાયણસ્વામી કરી વસે યતીશ્વર તેહ, ૧૦૮

૧. આનંદથી ૨. સ્વર્ગનું વિમાન ૩. માનપૂર્વક. ૪. પરલોકગમન, દેહત્યાગ. ૫. નામ (સંન્યાસી વગેરેનું.)

મત્સ્વરૂપ એ નિશ્ચયે ! જઇ તેમની પાસ
લેવો દંડ; અવંતિકા[1] મોક્ષદાયિની ખાસ. ૧૦૯

વદી એમ તત્ક્ષણ તિહાં, દત્તરૂપ એ જાણ
થયું ગુપ્ત ત્યાંને જ ત્યાં ! જોઇ લોક સહુ માન ૧૧૦

ચમત્કાર એ અંતરે થયા સુવિસ્મિત તેમ;
પૂછે શ્રીગુરુનેઃ- પ્રભો ! કોણ રૂપ એ ? કેમ ૧૧૧

જોતજોતામાં થયું ગુપ્ત ત્યાંયને ત્યાંય !
હતા દેવ એ નિશ્ચયે; કહો કોણ ગુરુરાય. ૧૧૨

બોલે ગુરુમૂર્તિ તદાઃ- તમે અમે સંગાત
હતા, એકદમ ત્યાં યતિ આવ્યા કો એ શાન્ત ૧૧૩

ખબર તેહની શી મને ? તમે કોઇએ કેમ
ભિક્ષાર્થે ના એમની કરી પ્રાર્થના તેમ ? ૧૧૪

સૂણી સર્વ જન એ વદેઃ- આપ સાથ યતિ એહ
ગામ મહીં આવ્યા પછી ભિક્ષાવંદન તેહ ૧૧૫

કરશું, એવું માનીને રહ્યા ગફલતે એમ !
થઇ ભૂલ અનિવાર્ય એ; નડ્યું પ્રારબ્ધ તેમ !! ૧૧૬

બોલે શ્રીગુરુ એમને આપી ત્યાં સાંત્વનઃ-
ધન્ય તમારાં ભાગ્ય જે થયાં એમ દર્શન. ૧૧૭

એમ લઇ સંન્યાસ ત્યાં ગંગાખેડે એહ,
ત્યાંથી ઉજ્જન આવવા નીકળ્યા સમર્થ તેહ. ૧૧૮

ચાલે પગપાળા સદા વેગે વાયુ સમાન;
વચ્ચે વાસીમ ગામની પાસ આવતાં જાણ, ૧૧૯

બન્યું એક કૌતુક તિહાં ! આગળ એહ પ્રસંગ;
શ્રવણે ભવભય ના રહે, થાય **રંગ** નિઃસંગ ! ૧૨૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે સંન્યાસગ્રહણં નામ ત્રયોવિંશત્યધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૨૩ ॥ દોહરા ૧૨૦

## અધ્યાય ૧૨૪

વદે નિરંજન એ ફરી, જોડી કરદ્વય ત્યાંયઃ-
વાસીમ પાસે આવતાં માર્ગે શ્રીગુરુરાય ૧

બન્યું એક કૌતુક કહો, થાએ ચિત્ત અધીર;
કથો સકળ વિસ્તાર એ, અલખ યોગિવર ધીર ! ૨

એમ કહી વંદન કરે !! બોલે અલખ દયાળઃ-
ગુરુલીલાનો પાર ના, તોએ સાંભળ બાળ ! ૩

વાસીમ પાસે માર્ગ પર પોલીસચોકી એક
હતી; માર્ગથી એ જતાં ગુરુમૂર્તિને દેખ, ૪

બોલે પોલીસ એ તિહાંઃ- બેસો અહિંયાં એમ;
આગળ તમને ના અમે જાવા દઇશું તેમ ૫

સૂણી રાજદૂતો તણાં વચન શ્રીગુરુ ત્યાંય
કહેઃ- નિયમ સમ માહરૂં નામ લખી લો આંહ્ય. ૬

તોએ એ માને નહીં [2]સત્તામત્ત સુદુષ્ટ;
વદેઃ-બૈઠ જાઓ અહીં, છોડી બકબક ધૃષ્ટ ! ૭

જ્યારે મનમાં આવશે ત્યારે આગળ તેમ
જાવા દેશું, ત્યાં સુધી ના છોડીશું એમ !! ૮

એમ કહી એ દુર્મતિ, સ્હવારથી તે છેક
બેસાડી મૂકે તિહાં ગુરુમૂર્તિને દેખ ૯

સ્હાંજ પર્યંત ચોકીએ ! તોએ થાય ન શાન્ત;
કરી મશ્કરી **શ્રી** તણી, કાઢે ખિલખિલ દાંત ! ૧૦

કરે સ્પર્શ વાર્યા છતાં કરી કુચેષ્ટા તેમ;
તોએ શ્રીગુરુ ના વદે શબ્દ એક પણ એમ. ૧૧

વિચાર કરી પ્રારબ્ધનો, રહ્યા બેસી ત્યાં શાન્ત;
રહ્યો અલ્પ દિન શેષ જ્યાં, બોલે સ્પષ્ટ નિતાંતઃ- ૧૨

નામ લખી દઇ માહરૂં હવે જવા દો એમ;
આજે ચંદ્રગ્રહણ છે, કરો ન ખોટી તેમ ! ૧૩

તેમ છતાંય ન જો હવે તમે માનશો આંહ્ય,
જશે તમારી નોકરી; રડશો બેસી ત્યાંય !! ૧૪

કહું સ્પષ્ટ છેલ્લું અહીં, વદે એમ ગુરુનાથ;
તોએ ના ઉન્મત્ત એ સૂણે દુષ્ટ કુજાત !! ૧૫

અમલદાર પોલીસ તણો વરિષ્ઠ ત્યાં તો એક
આવ્યો સત્વર એટલામાં ત્યાં એકાએક. ૧૬

જોતાંવેંત જ સ્વામીને, કરી દંડવત્ ત્યાંય
વદેઃ- પધાર્યા કયાહરે ? બોલે શ્રીગુરુરાયઃ- ૧૭

આવ્યો આજ સ્હવારથી; તમ દૂતોએ એમ
બેસાડી મૂકયો અહીં ! કરવું મારે કેમ ? ૧૮

સૂણી વચન અધિકારી એ થયો ક્રોધથી લાલ;
રાજમુદ્રાંકિત તિહાં પટ્ટાઓ નિર્ધાર ૧૯

રાજદૂતના તત્ક્ષણે લઇ ખૂંચવી તેહ,
પૂછેઃ-યતિવરને અહીં કાં બેસાડ્યા એહ ? ૨૦

૧. ઉજ્જન. ૨. સત્તાથી છકેલા.

કરો ખુલાસો એહનો; નહિ તો કારાવાસ
ભોગવવો પડશે તમોને માનો એ ખાસ ! ૨૧

વદી એમ અધિકારી ત્યાં, કરવા શિક્ષા એમ
કરે ઉપક્રમ; જોઇ એ રાજદૂત સહુ તેમ ૨૨

કંપે થરથર બીકથી ! જઇ નોકરી આંહ્ય;
સડવું પડશે કેદમાં, એહ વિચારે ત્યાંય ૨૩

કરી રુદન, ગુરુનાથને પ્રાર્થે જોડી કર;
વારંવાર નમી કહેઃ- કરો ક્ષમા ગુરુવર ! ૨૪

નકી મરણ આવ્યું હવે, રક્ષો દીનાનાથ;
સ્ત્રીપુત્રાદિક અન્ન વિણ પ્રાણ છોડશે તાત !! ૨૫

કૃપા કરી આ દુઃખથી કરો મુક્ત પ્રભુ આંહ્ય;
અમે દુષ્ટ પાપી અતિ ! કરો ક્ષમા યતિરાય !! ૨૬

સૂણી શ્રીગુરુ ઓચરેઃ- પ્રથમથીજ મેં એમ
કહ્યું હતું તમને ! તમે ના સૂણ્યું એ કેમ ? ૨૭

તેનું ફળ આ ઈશ્વરે આપ્યું તમને આંહ્ય;
વદી એમ શ્રીગુરુ કરે મનમાં વિચાર ત્યાંયઃ- ૨૮

અપકારી પર આ નકી કરવો કંઇ ઉપકાર !
એમ વિચારી અંતરે, વરિષ્ઠને નિર્ધાર ૨૯

પૂછેઃ-પગાર કેટલો મળે તમોને આંહ્ય ?
બોલે વરિષ્ઠઃ- દોઢસો રુપિયા મહિને ત્યાંય. ૩૦

વળતી શ્રીગુરુ ઓચરેઃ-દૂતોને આ તેમ ?
આઠ આઠ રૂપિયા, વદે વરિષ્ઠ, માસે એમ. ૩૧

સૂણી વચન શ્રીગુરુ વદે અધિકારીને એહઃ-
પગાર સમ આ એમની બુદ્ધિ નિઃસંદેહ. ૩૨

ક્ષુદ્રવૃત્તિ આ લોકમાં હોત બુદ્ધિ જો એમ,
પગાર પણ તમ સમ અહીં મળત એમને તેમ. ૩૩

પાપસંચય પૂર્વનો હોવાથી પણ એહ
ચાલે ઊંધી બુદ્ધિથી, ના એમાં સંદેહ. ૩૪
બોલે અધિકારી તિહાંઃ-રાજનિયમ જે આંહ્ય
પ્રજાસુખાર્થે એ નકી ! તોયે આ હતકાય ૩૫
દુરુપયોગ કરી નિયમનો, કરે વ્યર્થ બદનામ
ભૂપ તણું જગમાં અહીં કરી આહવાં કામ ! ૩૬
ચોરાદિક બદમાસ જે કરી કારમાં કૃત્ય
કરે પલાયન તેમના શોધાર્થે આ રીત્ય ૩૭
સ્થાપી પોલીસચોકીઓ; મુસાફરોનાં તેમ
નામાદિક લખવા તણો નિયમ રાજનો એમ. ૩૮
વ્યર્થ પીડવા કોઇને કર્યા નિયમ ના તેહ !
પૂજ્ય આપ સમ સાધુ જે તેમને પણ જેહ ૩૯

કરે ઉપાધિ વ્યર્થ આ, શિક્ષા માટે એમ
કરવી દુષ્ટોને ઘટે; થાય પાંશરા તેમ !! ૪૦

સૂણી વચન વરિષ્ઠનાં, નાના રીતે ત્યાંય
આપી સુબોધ એહને દયાંબુધિ ગુરુરાય, ૪૧

રાજપટ્ટ પાછાં અપાવી દે ત્યાં સપ્રેમ
જેનાં તેને તત્ક્ષણે ! જોઇ પોલીસ એમ, ૪૨

લજ્જિત થઇ મનમાં અતિ, પ્રાર્થી નાના રીત;
માગી ક્ષમા અપરાધની વંદન કરે ત્વરિત ! ૪૩

લીલામાનુષવેષ એ શ્રીગુરુ લક્ષણ એમ
ક્ષમાતિતિક્ષાનું જગે પૂર્ણ બતાવે તેમ !! ૪૪

આવ્યા વાસીમગામમાં ત્યાંથી સત્વર જાણ;
ચંદ્રગ્રહણ કરી તિહાં, માહૂરગઢમાં માન ૪૫

આવી માતૃતીર્થે કરે સ્નાન પ્રેમથી તેમ;
અન્ય સર્વ તીર્થો મહીં ન્હાઇને ત્યાં એમ, ૪૬

અત્ર્યનસૂયાનું કરી દર્શન સત્વર ત્યાંય,
ઈષ્ટદેવ શ્રીદત્તનાં દર્શન માટે જાય. ૪૭

સાષ્ટાંગ પ્રણતિ કરી, કરે પ્રાર્થના એમઃ-

**શ્લોક :** માલાકમંડલુરધઃકરપદ્મયુગ્મે
મધ્યસ્થપાણિયુગલે ડમરુત્રિશૂલે ।
યસ્ય સ્ત ઊર્ધ્વકરયોઃ શુભશંખચક્રે
વન્દે તમત્રિવરદં ભુજષટ્કયુક્તમ્ ॥

એકવીરા રેણુકાનું દર્શન કરી તેમ, ૪૮

આવ્યા ગુરુવર વેગથી ઉજ્જયિનીમાં જાણ;
જઇ દત્તમંદિર મહીં કરી દંડવત્ માન, ૪૯

નારાયણસ્વામી તણા પદે ભાવથી એહ
કથે સકળ વૃત્તાંત ત્યાં પોતાનો સસ્નેહ. ૫૦

વદે યતીશ્વર એ સૂણીઃ-ગુરુ અમારા આંહ્ય
શ્રીઅનિરુદ્ધસ્વામી કરી વસે પરમ વરકાય. ૫૧

આજ્ઞા વિણ ના એમની દંડ આપીએ એમ !
સૂણી વચન ગુરુમૂર્તિ એ સત્વર ત્યાં સપ્રેમ ૫૨

જઇ અનિરુદ્ધસ્વામી કને, કરી દંડવત્ ત્યાંય,
કથે હકીકત સર્વ એ સાદ્યંત વરકાય. ૫૩

કરી શ્રવણ યતિવર વદે બોલાવીને પાસ
નારાયણયતિને તદા, દંડ આપવા ખાસ. ૫૪
જ્યેષ્ઠ વદ્ય બીજે તથા ગુર્વાજ્ઞાથી એહ
નારાયણસ્વામી તિહાં ગુરુમૂર્તિને તેહ ૫૫
આપી દંડ યથાવિધિ, યોગપટ્ટ સપ્રેમ
વાસુદેવાનંદસરસ્વતી રાખે તેમ. ૫૬

સપ્તત્રિંશ વરસે થયા શ્રીગુરુમૂર્તિ જાણ
પ્રસિદ્ધ એ નામે બધે, વંદ્ય સર્વત્ર માન. ૫૭

ગ્રામજનોએ તે દિને સહુ યતિઓને ત્યાંય
આપી મઠભિક્ષા; તદા તપોરાશિ ગુરુરાય ૫૮

જવા મધુકરી માગવા નિત્યનિયમ સમ એહ,
લેવા આજ્ઞા ગુરુ તણી ગયા સન્નિધે તેહ ૫૯

નારાયણસ્વામી તણી; બોલે યતિવર ત્યાંયઃ-
સર્વ સાથ લેજો તમે ભિક્ષા આજે આંહ્ય. ૬૦

સૂણી વચન શ્રીગુરુ ગયા ના ભિક્ષાર્થે તેમ;
સકલ સ્વામી સહ મઠ મહીં લે ભિક્ષા સપ્રેમ. ૬૧

દત્તપ્રભુને ના ગમ્યું મનમાં પણ એ હાય !
તેથી **શ્રી** ગુરુને થવા લાગી વાંતિઓ ત્યાંય !! ૬૨

કેમે કરી એ ના રહે ! જોઇ દુઃસ્થિતિ એહ
નારાયણસ્વામી તિહાં ગભરાયા બહુ તેહ. ૬૩

જાણ્યું ચિત્તે તેમણેઃ- દત્તપ્રભુની તેમ
આજ્ઞા ઉલ્લંઘન થઇ, બન્યું જે થકી એમ. ૬૪

દત્તપદાંબુજમાં કરી વંદન તત્ક્ષણ ત્યાંય,
પ્રાર્થે યતિવર ભક્તવત્સલ પ્રભુને નતકાયઃ- ૬૫

શિષ્ય એહ જ્યમ આપનો, હું પણ તેવો નાથ
આપનોજ કિંકર અહીં ! મમાપરાધે તાત, ૬૬

શિક્ષા ઘોર ન એહવી થવી જોઇએ તેમ !
વાસુદેવને આ પ્રભો ! યાચ્યું અનન્ય એમ. ૬૭

માગું ક્ષમા અપરાધની વંદી વારંવાર;
કરો સારૂં નિજ શિષ્યને; હવે પછી નિર્ધાર ૬૮

આજ્ઞા વિરુદ્ધ આપની, એને કદિએ એમ
કોઇ કાર્ય કહીશ ના, કરૂં પ્રતિજ્ઞા તેમ ! ૬૯

કરતાં એવી પ્રાર્થના, ગુરુમૂર્તિને જાણ
થઇ બંધ વાંતિ તિહાં થયો આરામ માન !! ૭૦

કેટલાક દિન ત્યાં રહી ગુર્વાજ્ઞાથી એહ,
છોડી ઉજ્જન ચાલતા શ્રીગુરુમૂર્તિ તેહ ૭૧

આવ્યા સારંગપુર મહીં, આગળ એ સંધાન;
**રંગ** એહનો કો લહે, જે સ્વયં ભગવાન ? ૭૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે દંડગ્રહણં નામ ચતુર્વિંશત્યધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૨૪ ॥ દોહરા ૭૨ શ્લોક ૧

## અધ્યાય ૧૨૫

અલખ કહેઃ-સૂણ શિષ્ય હે ! દેવા શિક્ષણ એમ
લોકોને, સંતો ફરે સ્વયં નિષ્કામ તેમ. ૧

વર્તી સશાસ્ત્ર, ધર્મની કરે સ્થાપના જાણ;
તેમ સારંગપુર મહીં આવ્યા શ્રીગુરુ માન. ૨

મળી વિપ્રજન ત્યાંયના કરે પ્રાર્થના ત્યાંયઃ-
કેટલાક દિન આ સ્થળે કરી વાસ ગુરુરાય ૩

કરો કૃતાર્થ ગામને ! સૂણી વિનંતી એહ,
સારંગપુરમાં શ્રીગુરુ રહ્યા કંઇક દિન તેહ. ૪

વાળી દ્વિજજનને તિહાં કર્મમાર્ગમાં તેમ,
ધર્મનીતિની સ્થાપના કરે સનાતન એમ. ૫

કેશવરાવ કરી હતો વૈદ્ય એક ત્યાં જાણ;
મિથ્યાભિમાની સર્વથા નાસ્તિક એ બહુ માન. ૬

શ્રીગુરુને એ એકદા મધુકરી નિજ ઘેર
લેવા, કરવા પ્રાર્થના આવ્યો બીજા પેર. ૭

વિપ્રલક્ષણ એક ના દેખી એના માંહ્ય,
જોતાંવેંત જ એહને બોલે શ્રીગુરુ ત્યાંયઃ- ૮

વિપ્ર હોઉં તું એમ ના લાગે મુજને દેખ;
સંધ્યાદિક નિજ કર્મ તું કરે કે નહીં છેક ? ૯

વૈશ્વદેવ સંધ્યાદિ જે કરે બ્રાહ્મણો આંહ્ય
સ્વધર્મમર્યાદા તણો કરે ન ભંગ કદાય, ૧૦

તેમના જ સદને સદા જઉં ભિક્ષાર્થ એમ;
નાસ્તિકમતિના ગૃહ વિષે જઉં ન સ્વપ્ને તેમ ! ૧૧

કેશવરાવ વદે તિહાંઃ-પૂનાનો રે'નાર,
પ્રભો ! કહ્રાડે જાતિનો બ્રાહ્મણ હું નિર્ધાર. ૧૨

વૈશ્વદેવાદિક કદિ કરૂં ન તોએ, દેવ !
માની આજ્ઞા આપની આજ માટ તતખેવ, ૧૩

વૈશ્વદેવાદિક કરાવીશ અન્યની પાસ;
મા અનુમાન કરો, પધારો ભિક્ષાર્થે ખાસ. ૧૪

સૂણી શ્રીગુરુ ઓચરેઃ- ત્વત્સમ નાસ્તિક આંહ્ય
સ્વધર્મત્યાગી ભ્રષ્ટ જે, સ્વપ્ને પણ ના ક્યાંય ૧૫

જોવું મોંઢું તેમનું યોગ્ય નિશ્ચયે જાણ;
અન્નગ્રહણની વાત ત્યાં રહી કહાં નાદાન ? ૧૬

તમ કરતાં ચાંડાલ જે હીન જાતિના તેમ
લેવું અન્ન તદ્‌ગેહ છે અત્યુત્તમ, પણ એમ ૧૭

તમ સરખાના અન્નનો સ્પર્શે દૂષિત આંહ્ય !
કેશવરાવ સૂણી તથા અધોવદન ગૃહ જાય. ૧૮

કહે સકળ વૃત્તાંત ત્યાં નિજ માતાને તેમ;
સૂણી વૃદ્ધ માતા વદેઃ- જો યતિવર ના એમ ૧૯

આવે ભિક્ષાર્થે અહીં ઘેર આપણે જાણ,
શાના બ્રાહ્મણ આપણે ? વદ્યા જેહ ભગવાન ૨૦

અસત્ય તે શું ? સર્વ એ યથાર્થ નિશ્ચલ આંહ્ય !
માતૃવચન એ સાંભળી કેશવરાવે ત્યાંય ૨૧

કર્યો સુનિશ્ચય અંતરે, કે ફાવે તે થાય
લઇ આવવા સ્વામીને ભિક્ષા માટે આંહ્ય. ૨૨

એવો નિશ્ચય દૃઢ કરી ગુરુમૂર્તિની પાસ
આવી, વંદન ભાવથી કરી સાષ્ટાંગ ખાસ; ૨૩

કહેઃ-દયાલો ! હું નકી અધમ પાતકી એમ;
કરો ક્ષમા અપરાધ એ, જાણું કાંઇ ન તેમ. ૨૪

કૃપાદૃષ્ટિ મુજ પર પ્રભો રાખો તોએ આંહ્ય !
પ્રાર્થે એમ વિવેકથી, આવી માતા ત્યાંય. ૨૫

કરી દંડવત્ એય ત્યાં પ્રાર્થે દીનવચનઃ-
કૃપાંબુધિ ગુરુનાથ હે ! કરો મત્સુત પાવન. ૨૬

બ્રહ્મકર્મ એને બધું પ્રભો શીખવી તેમ,
સન્માર્ગે વાળી, સ્વયં વૈશ્વદેવ એ એમ ૨૭

કરે ત્યાહરે અમ ગૃહે લઇ મધુકરી ખાસ,
કરો પતિતને અહીં પાવન તેડી પાસ. ૨૮

બોલે શ્રીગુરુઃ-પુત્ર આ શીખી દ્વિજકર્મ એમ
બ્રાહ્મણધર્મે વર્તતાં, આવીશ હું સપ્રેમ ૨૯

લેવા ભિક્ષા તમ ગૃહે ! સૂણી વચન એ ત્યાંય,
માતા સુત બંને ગયાં થઇ હૃષ્ટ મન માંહ્ય. ૩૦

થોડા દિવસોમાં તથા કેશવરાવ ત્વરિત
બ્રહ્મકર્મ શીખી સ્વયં વૈશ્વદેવ સુરીત ૩૧

કરતાં, શ્રીગુરુ એહને જઇ ઘેર તત્કાળ
કરે ગ્રહણ ત્યાં મધુકરી ! સાધુપુરુષ નિર્ધાર ૩૨

એવી રીતે દુષ્ટને વાળે સત્પથ માંહ્ય !
આગળ કેશવરાવ એ અતીવ ધાર્મિક થાય. ૩૩

કીધા વિણ [1]ષટ્કર્મ ના પીએ પાણી એહ !
એવી લીલા ગુરુ તણી ! લહે સર્વ કો તેહ ? ૩૪

લોકોદ્ધારાર્થે ફરે, બાકી સ્વયં નિષ્કામ;
દેવા શિક્ષણ લોકને કરે ચમત્કૃતિ આમ. ૩૫

સારંગપુરમાં શ્રીગુરુ હતા જ્યાહરે એમ,
મહિમા અપરંપાર ત્યાં વધવા લાગ્યો તેમ. ૩૬

નરનારીઓ દર્શને આવે ટોળાબંધ;
પામી સકલાભીષ્ટ સહુ કરે સદા આનંદ. ૩૭

દત્તમૂર્તિ જે મોહટી હતી શ્રીગુરુ પાસ,
કરે સ્થાપના એહની એજ ગામમાં ખાસ. ૩૮

બીજી ન્હાની મૂર્તિ જે બ્રહ્મચારી તે એક
વ્યંકટચૈતન્ય નામથી નર્મદાતટે દેખ ૩૯

લઇ ગયો આગ્રહ કરી; તેમ પાદુકા જેહ
હતી, જાલવણગામમાં મૂકી શ્રીગુરુ તેહ, ૪૦

છોડી સારંગપુર, જવા બજરંગગઢમાં જાણ
નીકળતાં, માર્ગે થઇ વૃષ્ટિ અતિશય માન. ૪૧

લેવા આશ્રય એ તથા ગયા ગામમાં એક
અગ્નિહોત્રીના ગૃહ વિષે, ભીંજાઇને છેક ! ૪૨

ન્હોતા શ્રોત્રિય એ ગૃહે, હતો ઘેર સુત જાણ;
વદે એહને શ્રીગુરુઃ- આજ [2]પર્જન્ય માન ૪૩

ધોધમાર પડે બધે; માટે નિવાસ માટ
રાત આજની દે અહીં જગ્યા થોડી સુજાત ! ૪૪

સૂણી વચન શ્રોત્રિય તણો વદે છોકરો એહ
થઇ ક્રોધથી લાલ ત્યાંઃ-જાણ્યો કો તું તેહ. ૪૫

આવી અમ ગેહે[3] વૃથા, કરે ઉપાધિ કેમ ?
સંન્યાસી ત્વત્સમ બહુ ફરે ભામટા એમ ! ૪૬

બેસીશ જો આ ઓટલે, મારી ધક્કો બ્હાર
કાઢી મૂકીશ હું નકી; ફેંકી દઇશ નિર્ધાર ૪૭

દંડકમંડલુ તાહરાં; જા સીધો મર તેમ !
ન્યૂનાધિક[4] એવાં વદે વચન મૂર્ખ એ એમ. ૪૮

બોલે શ્રીગુરુ એહનેઃ-વ્યર્થ કોપ મા દેખ;
રજા વિના તારી અહીં રહીશ ન હું પળ એક. ૪૯

વદી એમ ઘર એહનું છોડી એ તત્કાળ,
બેસી ઝાડ તળે બધી કરે રાત પસાર; ૫૦

પ્રાતઃકાલે ઊઠીને ચાલે આગળ જાણ !
આ તરફ રાતે જિહાં શ્રોત્રિય પેલો માન ૫૧

આવે સ્વગૃહે પુત્ર ત્યાં ભ્રમિષ્ઠ જેવો એહ
ગાંડા સમ ચેષ્ટા કરે ! જોઇ બ્રાહ્મણ તેહ, ૫૨

પૂછે પત્નીનેઃ-અરે ! કરે પુત્ર કાં એમ ?
બોલે પત્નીઃ-કંથ હે ! આજ સ્હાંજરે તેમ ૫૩

મુશળધાર વરસાદ જ્યાં હતો વરસતો આંહ્ય,
ઘેર આપણે ત્યાહરે દંડધારી યતિરાય ૫૪

૧. સ્નાન, સંધ્યા, પૂજા, બ્રહ્મયજ્ઞ, તર્પણ ને વૈશ્વદેવ-એ છ. ૨. વરસાદ. ૩. ઘેર. ૪. ઓછાવત્તાં.

આવી એક નિવાસને માટે જગ્યા ખાસ
માગે થોડી રાતભર એહ પુત્રની પાસ. ૫૫

ના આપી એ એહણે; થઇ ક્રોધથી લાલ
નિષ્ઠુર વચને સ્વામીને કાઢી મૂક્યા બ્હાર. ૫૬

ત્યારથીજ સુત એ કરે ચેષ્ટા આવી આંહ્ય;
વર્તે ગાંડા સમ કુધી ! પત્નીવચન એ ત્યાંય ૫૭

સૂણી અગ્નિહોત્રી થયો ખિન્ન અતિશય એહ;
ફરે શોધમાં ગુરુ તણી દોઢ વરસ લગ તેહ !! ૫૮

ત્યારે શ્રીગુરુપદ પડ્યા દૈવે નજરે આંહ્ય;
કરી દંડવત્ પ્રાર્થના કરે વિપ્ર એ ત્યાંય !! ૫૯

કહે:-ભક્તવત્સલ પ્રભો ! કરો ક્ષમા અપરાધ;
સારંગપુરના લોકનો પત્ર મને સાક્ષાત્ ૬૦

આવ્યો'તો કે આ પથે જશો આપ તત્કાળ;
માર્ગપ્રતીક્ષા હું તથા કરતો'તો નિર્ધાર. ૬૧

તોએ જ્યારે બારણે આવ્યા શ્રીભગવાન,
ન્હોતો દુર્દૈવે તદા હું ઘેરે નાદાન ! ૬૨

જાણ્યા વિણ સામર્થ્યને આપ તણા સુત એહ,
બોલ્યો નિષ્ઠુર જે પ્રભો કરો ક્ષમા સહુ તેહ. ૬૩

એમ વદી સુતની કહી વાત સવિસ્તર ત્યાંય;
કહે:-કૃપાલો ! મા કરો સાવ ઉપેક્ષા આંહ્ય !! ૬૪

બોલે શ્રીગુરુ:- તમ સમા ગૃહસ્થલોકે ઘેર
અતિથ્યભ્યાગત આવતાં, લગાડતાં ના દેર ૬૫

યોગ્ય સત્કાર એમનો કરવો એ તમ ધર્મ;
ના તમ ઘેરે દૃષ્ટિએ પડ્યો એહ નિયમ. ૬૬

ના ઓળખ્યો મને કહો, બ્હાનું છે એ ખાસ !
સ્વાર્થ સિદ્ધ થાએ તમારો જેથી મમ પાસ, ૬૭

તેથી સેવા માહરી કરી, અન્યને તેમ
દુષ્ટ વચન શું બોલવાં ? શોભે તમને એમ ? ૬૮
તમ જેવા દુર્જન તણું ગમે ન જોવું વદન !
જાઓ ! જાણું ન કાંઇ હું !! મેં એ ન ગાંડપણ ૬૯
શ્રોત્રિય હે, તમ પુત્રને લગાડ્યું નિશ્ચય આંહ્ય !!
સૂણી વચન શ્રીગુરુ તણાં વદે વિપ્ર એ ત્યાંય, ૭૦
વંદન વારંવાર આચરી દંડવત્ તેમ:-
તમ વિણ કોને શરણ હું જાઉં કૃપાલો એમ ? ૭૧
કરો ક્ષમા અપરાધની, શરણાગત હું નાથ;
એમ કહી પગમાં તિહાં આળોટે સાક્ષાત્ ! ૭૨
જોઇ અનુતપ્ત એહને દ્રવ્યા શ્રીગુરુ એમ;
કહી ઉપાય સુતને કર્યો સારો સત્વર તેમ. ૭૩

થયો આનંદ સર્વને ! વંદી ગુરુપદ એહ,
ગયો વિપ્ર નિજ ગામ એ ગાતો ગુરુયશ તેહ !! ૭૪

અગમ્ય લીલા ગુરુ તણી ! કોણ વર્ણવે સર્વ ?
અલ્પ નિરંજન આ કહું ! ગાતાં થાકે શર્વ !! ૭૫

ફરતા ત્યાંથી શ્રીગુરુ, ગામ પિછોરા માંહ્ય
આવી સ્વેચ્છાએ રહે કેટલાક દિન ત્યાંય. ૭૬

ત્યાંના કમાવિસદારનો ભાઇ ભાસ્કર જાણ,
અપસ્મારરોગે હતો પીડિત અતિશે માન. ૭૭

ઘણા દિવસથી રોગથી પીડાતો'તો એહ;
નાના ઉપાય કર્યા છતાં શમે ન વ્યાધિ તેહ. ૭૮

એક દિવસ ગુરુમૂર્તિની સ્હામે એ ભાસ્કર
બેઠો'તો ત્યાં એહના શરીરમાં સત્વર ૭૯

કરી પ્રવેશ પિશાચ બોલે શ્રીગુરુને એહ:-
નિવાસસ્થાન માહરૂં વૃક્ષ અશ્વત્થ જેહ ૮૦

તેની નીચે બેસીને કરી લઘુશંકા ત્યાંય,
સ્થાન અપવિત્ર માહરૂં કર્યું એહણે આંહ્ય. ૮૧

તે દિનથી હું એહને પીડું રાતદિવસ !
સૂણી વચન એ શ્રીગુરુ કહે:-અહીંથી ખસ. ૮૨

અલ્પ એહ અપરાધની શિક્ષા એવી મહાન
કરવી યોગ્ય ન નિશ્ચયે; હરામખોર તું માન. ૮૩

છોડી એને જા તથા, નહિ તો શિક્ષા આંહ્ય
કરીશ હું તુજને નકી ! પિશાચ અંતર માંહ્ય. ૮૪

સૂણી વચન ગભરાઇ એ વદે:-કૃપાનિધાન !
બ્રાહ્મણ હું, મમ વંશમાં ના કોઇ સંતાન. ૮૫

ઉત્તરક્રિયાદિ માહરાં શ્રાદ્ધાદિક પણ તેમ
કરવા ના કોઇ અહીં; તેથી પ્રેતત્વ એમ ૮૬

થયું પ્રાપ્ત મુજને પ્રભો ! માટે ધનાઢ્ય આંહ્ય
દેખી આ દ્વિજ, દેહમાં કીધો પ્રવેશ ત્યાંય. ૮૭
હતી આશ મુજને બહુ, શ્રાદ્ધાદિક એ એમ
કરાવશે, જેથી મને મળશે સદ્‌ગતિ તેમ. ૮૮
માટે નારાયણબલિ ભાસ્કરની એ પાસ
આજ્ઞા આપીને કરાવો ગુરુવર હે ખાસ. ૮૯
તેથી મુક્તિ માહરી થઇ યોનિથી એહ,
થશે નીરોગ વિપ્ર એ ! પિશાચવિનતિ તેહ ૯૦
સૂણી, શ્રીગુરુએ તદા કરાવી ભાસ્કર પાસ
નારાયણબલિ, ભૂતને દીધી મુક્તિ ખાસ. ૯૧
વ્યાધિરહિત ભાસ્કર થયો ક્ષણમાત્રે તત્કાળ;
લીલા એવી ગુરુ તણી, ગાતાં નાવે પાર. ૯૨

વટાશ્વત્થ ઔદુંબરાદિક નીચે કદિ એમ
મલમૂત્રાદિક ગંદકી કરે ન સુજ્ઞો તેમ. ૯૩

છોડી પિછોરા શ્રીગુરુ ગામ ખરેરા જાય;
ચિટનીસ એક હતા તિહાં, તત્પત્નીએ ત્યાંય ૯૪

દત્તમૂર્તિ સુંદર તદા દેખી શ્રીગુરુ પાસ;
પૂજા એની યથાવિધિ કરવા માટે ખાસ, ૯૫

પૂજાનું સાહિત્ય ત્યાં લઇ સર્વ સંગાત,
જઇ શ્રીગુરુસ્થાનમાં કરે આરંભ શાન્ત ૯૬

પૂજાનો એ સુંદરી, ત્યાં તો એકાએક
અર્પે ભાવે ધૂપ જ્યાં, લાગી ધૂણવા દેખ ! ૯૭

પાડી બૂમો જોરથી ધૂણે મચડી કાય;
સૂણી શબ્દ જન ગામના થયા એકઠા ત્યાંય !! ૯૮

કરે પ્રશ્ન ત્યાં શ્રીગુરુઃ- કોણ અરે તું એમ
દેહે આ સ્ત્રીના વસે ? બોલ સકારણ તેમ. ૯૯

વદે ભૂત દેહસ્થ એ, પ્રભો ! જિંદ હું ખાસ
વસું એહના દેહમાં; મમ મસજીદની પાસ ૧૦૦

લઘુશંકા એણે કરી, તેથી દેહમાં એમ
પેસી પીડું એહને; ગર્ભપાત પણ તેમ ૧૦૧

કરૂં એહનો નિશ્ચયે ! સૂણી શ્રીગુરુ ત્યાંય
વદેઃ-જાય છે કે નહીં ? બોલ સત્ય તું આંહ્ય. ૧૦૨

બોલે જિંદઃ-વિનંતિ છે પ્રભુપદ પાસે એક;
થઇ છે મસજીદ માહરી જીર્ણ ગુરુવરા છેક. ૧૦૩

ધનાઢ્ય છે આનો પતિ, નૃપાધિકારી એમ;
જીર્ણોદ્ધાર મસીદનો કહી કરાવો તેમ. ૧૦૪

છોડી આ સ્ત્રીને તથા જઇશ સત્ય સત્વર !
સૂણી વચન એ જિંદના બોલે ત્યાં ગુરુવરઃ- ૧૦૫

હરામખોર તુજને નકી કરીશ શિક્ષા જાણ;
ત્રણ ગર્ભ તેં એહના હર્યા લહું હું માન. ૧૦૬

જીર્ણોદ્ધાર મસીદનો કરવા માટે તેમ
કહીશ કદિ ના દુષ્ટ હે ! સૂણી જિંદ ત્યાં એમ, ૧૦૭

કાલાવાલા બહુ કરી કહેઃ-દયાલો એહ
કરો પૂર્ણ ઇચ્છા; નહીં ભૂલું ગુણ હું તેહ ! ૧૦૮

પરમ કૃપાળુ શ્રીગુરુ ચિટનીસને એ એમ
જીર્ણોદ્ધાર મસીદનો કે' કરવાને તેમ. ૧૦૯

તદનુસાર એણે તદા કરતાં એ તત્કાળ,
છોડી સ્ત્રીને જિંદ એ ગયો તરત નિર્ધાર. ૧૧૦

થઇ સંતતિ નારીને કાળે કરીને એહ !
એમ ભક્તજન તારવા વિચરે શ્રીગુરુ તેહ. ૧૧૧

કરી કૌતુકો અવનવાં, કરે ધર્મસ્થાપન;
લીલા એની કો લહે, **રંગ** જેહ ચિદ્‌ઘન ? ૧૧૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે નાસ્તિકશિક્ષણં નામ પંચવિંશત્યધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૨૫ ॥ દોહરા ૧૧૨ (ખંડ પારાયણ ૩જો દિવસ)

## અધ્યાય ૧૨૬

બોલે કર જોડી ફરી શિષ્ય નિરંજન એહઃ-
આગળ લીલા ગુરુ તણી કહો કૃપા કરી તેહ. ૧

વદે અલખઃ-શ્રીગુરુ કરે આગળ જ્યાં સંચાર
કાશ્યાદિક ક્ષેત્રો મહીં જવા, તિહાં નિર્ધાર ૨

માર્ગે ઘોર અરણ્ય ત્યાં લાગ્યું ઘાડું એક;
વદે લોક શ્રીને તદાઃ- હવડ માર્ગ આ છેક. ૩

આગગાડી થયા પછી, પગે કોઇ ન જાય;
કઠણ માર્ગ અત્યંત એ થયો તે થકી આંહ્ય. ૪

બે દિવસ સુધી ચાલતાં, નિવાસ માટે સ્થાન
ગામ નગર વા માર્ગમાં મળશે નહીં સુજાણ ! ૫

શું કરશો પ્રભુ આપ ત્યાં ? શ્રીગુરુ વદે દયાળઃ-
ઇચ્છા સમ શ્રીદત્તની બનશે સહુ નિર્ધાર. ૬

વદી એમ જનને, કરે માર્ગક્રમણ સપ્રેમ;
ગયા દૂર કિંચિત્ જિહાં, દત્ત કૃપાબ્ધિ તેમ ૭

ભિલ્લરૂપ ધારણ કરી મળ્યા માર્ગમાં ત્યાંય !
કહેઃ-કાશીમાં આપ જો જાઓ તો હું આંહ્ય ૮

સારે રસ્તે લઇ જઉં; મારી પાછળ એમ
ચાલો, એમ કહી સ્વયં ચાલે આગળ તેમ. ૯

રસ્તે નાનો ડુંગરો એક ઉતરતાં એહ
કહે ભિલ્લઃ- આ સંનિધે દિસે ગામડું જેહ, ૧૦

તેની પાસેથી થઇ રસ્તો સીધો દેવ
છે, ચાલો નિઃશંક ત્યાં ! કહી એમ તતખેવ, ૧૧

ભિલ્લરૂપ શ્રીદત્ત એ થયા ગુપ્ત તત્કાળ !!
આવી ગામમાં પૂછતાં શ્રીગુરુ ત્યાં નિર્ધાર, ૧૨

પડી ખબર કે આવતાં લાગે દિનદ્વય જ્યાંય,
આવ્યો હું તે ગામમાં એક જ કલાક માંહ્ય ! ૧૩

સૂણી વૃત્ત એ ગ્રામજન થયા સુવિસ્મિત એહ;
વંદન સદ્‌ભાવે કરે ગુરુમૂર્તિને તેહ. ૧૪

લીલાવતારી શ્રીગુરુ લીલા પ્રભુની એમ
સ્મરી હાસ્ય મનમાં કરે ! ત્યાંથી આગળ તેમ ૧૫

ફરતા ફરતા જાલવણપુરે આવી મુકામ
કરે લોકના આગ્રહે કંઇક દિવસ અભિરામ. ૧૬

બ્રાહ્મણ ત્યાંના ભાવથી કરે વિનંતિ ત્યાંયઃ-
ગુરો ! છંદ ઋષિ સંહિતાના કૃપા કરી આંહ્ય ૧૭

સર્વ અમોને શીખવો ! જોઇ આગ્રહ તેમ,
નિત્યકર્મ થયા પછી શ્રીગુરુ ત્યાં સપ્રેમ ૧૮

ઋષિછંદાદિક તેમને નિત્ય શીખવે જાણ;
શ્રવણ ઉપનિષદ્ભાષ્યનું પછી કરાવે માન. ૧૯

સંભળાવે રાતે તથા પુરાણ ભાવે એહ;
કાલક્રમણ એવું થતાં શ્રીસહવાસે તેહ ૨૦

થયા હૃષ્ટ જન ત્યાંયના ! જતાં દિવસ કંઇ તેમ,
માઘ વદ્ય નવમી તિહાં આવી મંગલ એમ. ૨૧

રામદાસસ્વામી તણી પુણ્યતિથિ એ જાણ;
દાસનવમી જેને કહે મહારાષ્ટ્રમાં માન. ૨૨

તે દિવસે શ્રીગુરુ વદેઃ-સમર્થવાણી જેહ
દાસબોધ તે વાંચીશું આજે નિઃસંદેહ. ૨૩

હતા એક શાસ્ત્રી તિહાં ગામ મહીં એ જાણ;
ગમી વાત ના એમને શ્રીગુરુની એ માન. ૨૪

કહે સર્વને એ તદાઃ-શું છે મોટું ત્યાંય
દાસબોધગ્રંથે અરે ? જે સંસ્કૃત ના આંહ્ય ૨૫

જાણે તે પ્રાકૃત ભલે વાંચે એવા ગ્રંથ,
શ્રવણ પઠન લેખન કરે ! અમને એહ નિરર્થ. ૨૬

વચન શાસ્ત્રીનાં શ્રીગુરુએ જાણી નિર્ધાર,
દાસબોધ સમજાવતાં રાતે ત્યાં તત્કાળ; ૨૭

દાસબોધની ઓંવીઓ વાંચી પ્રથમ સુજાણ
સમાનાર્થ શ્રુતિભાષ્યનાં વચન સૂણાવી જાણ, ૨૮
દાસબોધ શ્રુતિગર્ભ એ એવું યથાર્થ ત્યાંય
કરે સિદ્ધ અનેકધા ! કથા પૂર્ણ જ્યાં થાય, ૨૯
પૂછે શ્રીગુરુ શાસ્ત્રીનેઃ- દાસબોધ સંસ્કૃત
અથવા પ્રાકૃત છે ? કહો સ્વયં વિચારી તૂર્ત. ૩૦
સૂણી વચન લજ્જિત થઇ શાસ્ત્રી મનમાં એહ,
કરી દંડવત્ ગુરુપદે માગે માફી તેહ ! ૩૧
બોલે શ્રીગુરુઃ-શાસ્ત્રીજી ! સ્વપ્ને પણ ના એમ
કદિ માનશો કે સમર્થ રામદાસને તેમ ૩૨
ન્હોતું જ્ઞાન સંસ્કૃત તણું, અરે જેહની પાસ
સર્વ સિદ્ધિઓ હાથ જોડીને રે'તી ખાસ, ૩૩

હનુમાનના જે તથા હતા ધન્ય અવતાર
લહે ન સંસ્કૃત કેમ એ ? તોય અહીં નિર્ધાર ૩૪

કલિમાં સંસ્કૃત કોઇને આવડશે ના તેમ
જાણી, રામાજ્ઞા થકી પ્રાકૃત આ સપ્રેમ ૩૫

દાસબોધ રચી કથ્યો વેદાંત ત્યાં સંપૂર્ણ;
સંસ્કૃતથી ના કોઇ રીતે એ તેથી ન્યૂન ! ૩૬

શ્રદ્ધાભક્તિથી તથા શ્રવણ પઠન જે એહ
કરશે, તેની કામના સ્વયં રઘુવીર તેહ ૩૭

કરશે પૂરી, એહવું છે સમર્થવરદાન !!
માટે સંસ્કૃતનું અહીં ત્યજી મિથ્યાભિમાન, ૩૮

પ્રાકૃત ગ્રંથો જે રચ્યા સત્પુરુષોએ એમ
પઠન તેમનું નિત્ય કરતાં શ્રદ્ધાથી તેમ, ૩૯

કાર્યસિધ્ધિ નિશ્ચય થશે ! પરચો એનો આંહ્ય
હોય દેખવો તો કરો કામ એક વરકાયઃ- ૪૦

કરો નિત્ય વેદો તણું પઠન નિત્ય ઘર માંહ્ય,
તોએ ઘરમાં જે રહે બ્રહ્મરાક્ષસ ત્યાંય ૪૧

ખસે ન એ અદ્યાપિ ભો ! માની મારૂં તેમ,
હોય ગતિ જો આપવી એને, તો સપ્રેમ ૪૨

પ્રાકૃત ગુરુચરિત્રની કરો સપ્તાહ આંહ્ય;
બ્રહ્મરાક્ષસ એ થકી ઘરમાંથી એ જાય ૪૩

છે કે ના તે જોઇ લો ! શ્રીગુરુવાણી એહ
સૂણી, શાસ્ત્રી વંદન કરી, ત્યજી સર્વ સંદેહ, ૪૪

આજ્ઞાસમ ગુરુચરિત્રની કરે સપ્તાહ જાણ;
બ્રહ્મરાક્ષસ તત્ક્ષણે ગયો ઘેરથી માન. ૪૫

એવો પરચો દેખીને થઇ સુવિસ્મિત તેહ,
નિત્ય નિયમથી શાસ્ત્રીજી ગુરુચરિત્ર સસ્નેહ ૪૬

વાંચે પ્રાકૃત સર્વદા; અન્ય ગ્રંથ પણ તેમ
દાસબોધાદિક જુએ યથાવકાશે એમ !! ૪૭
એવી લીલાઓ કરી આપે શિક્ષણ જાણ
શ્રીગુરુ લોકસમૂહને, છોડાવી અભિમાન. ૪૮
કેટલાક દિન ત્યાં રહી જાલવણે શ્રી તેમ,
ગોકુળમથુરામાં પધાર્યા યમુનાતટ એમ. ૪૯
ત્યાંથી કુરુક્ષેત્રાદિમાં કરી યથેષ્ટ ગમન,
હરિદ્વારમાં વેગથી આવ્યા પતિતપાવન. ૫૦
હતો મુકામ તિહાં તદા શારદાપીઠસ્થ
શંકરાચાર્ય શ્રીરાજરાજેશ્વરનો ઉત્કૃષ્ટ. ૫૧
અત્યાગ્રહ કરી તેમણે ગુરુમૂર્તિને જાણ,
ચાતુર્માસ્યાર્થે તિહાં રાખ્યા આપી માન. ૫૨

ચોમાસું પૂરૂં થતાં, ત્યાંથી શ્રીગુરુદેવ
બદરિનારાયણ જવા નીકળ્યા ત્યાં તતખેવ. ૫૩

મળ્યા માર્ગમાં એમને નર્મદાતીરસ્થ
ગામ ભાલોદના જનો; જોઇ સાથ ઉત્કૃષ્ટ, ૫૪

ચાલ્યા શ્રીગુરુ સાથ એ દર્શન માટે તેમ
નારાયણના ભાવથી; જતાં યાત્રાર્થ એમ, ૫૫

ભાલોદના એ લોકમાં બળવંત નામે એક
હતો ગૃહસ્થ, તેને તિહાં માર્ગે એકાએક ૫૬

ટાઢ ભરાઇ દેહમાં, કંપે અતિશે એહ;
ગભરાયો એથી અતિ બળવંતરાવ તેહ. ૫૭

દેખાડી નિજ પ્રકૃતિ દાક્તરને એ એમ,
માગે ઓસડ શીતનું; સોમલગુટિકા તેમ ૫૮

આપી દાક્તર ત્યાં વદેઃ- સેવન કરતાં એહ
શીત કદાપિ ન બાધશે તુજને નિઃસંદેહ. ૫૯

બળવંતે ખાધી તદા ગોળી એ સત્વર;
બેસી ડોળીમાં, ગુરુતણી જાય શીઘ્ર પાછળ. ૬૦

એટલામાં ઉષ્ણતા સોમલની એ ત્યાંય
વ્યાપી એના દેહમાં, ઝાડા અતિશય થાય. ૬૧

લાગી અગન બળવા બધે, સૂઝે કાંઇ ન તેમ;
સહન દાહ ના થાય એ; ઝરો પાણીનો એમ ૬૨

દેખી, બેસાડો કહે મને એ તળે આંહ્ય
ઉંચકનાર એ ડોળીના વગર વિચારે ત્યાંય, ૬૩

પડે ધોધવો પાણીનો ગિરિ પરથી જે તેમ
તેની નીચે એહને બેસાડે સહુ એમ. ૬૪

તેથી તબિયત એહની બગડી અધિક જ જાણ;
ડોળીવાહક એહવું જોઇ, પલાયમાન ૬૫

થયા એહને છોડી ત્યાં ! શ્રીગુરુએ એ વાત
જાણી, તત્ક્ષણે તત્સ્થળે પાછા વળી સુજાત, ૬૬

પોલીસચોકીએ કરી ખબર એહ તત્કાળ,
પકડી આણ્યા ડોળીવાહકો તિહાં નિર્ધાર. ૬૭

આવી શ્રીગુરુ એમની સાથ બળવંત પાસ,
પૂછે એનેઃ-શેં થઇ સ્થિતિ તારી આ ખાસ ? ૬૮
ખાધું ઓસડ કાંઇ તેં ! એવું વદતાં એહ,
બોલે બળવંત કાંઇ ના; ઉષ્ણતા થકી તેહ ૬૯
સૂજી કંઠ ગયો તિહાં, ન બોલાય કંઇ એમ;
સંકેતે ઓસડપડીકી દેખાડે તેમ. ૭૦

ખોલી જોતાં એ તદા, સોમલ ચિત્તે એહ
શ્રીગુરુએ ત્યાં ઓળખી કહેઃ- નહીં સંદેહ; ૭૧

આ જ ઔષધિ એહણે કીધી સેવન આંહ્ય,
સૂજ્યો તેથી કંઠ આ; મુખે ન કાંઇ બોલાય, ૭૨

અન્ય વસ્તુ ઘી વિણ ગળાશે ના એથી એમ;
ઉતાર પણ ઘી વિણ નહીં સોમલનો કંઇ તેમ. ૭૩

એમ વિચારી ઘી તણી કરે શોધ ગુરુ ત્યાંય;
દુર્દૈવે બળવંતના મળે આજ્ય[1] ના ક્યાંય; ૭૪

તેથી ઉપાય ના રહ્યો ! છેવટ ડોળી માંહ્ય
બેસાડી બળવંતને મુકામસ્થાને ત્યાંય ૭૫

આણ્યો એજ સ્થિતિ મહીં; એ સમયમાં એહ
થયો બેશુદ્ધ સર્વથા; સમય રાતનો તેહ. ૭૬

હતા એકલા શ્રીગુરુ, આવે કોઇ ન પાસ;
ઠંડી કડકડતી પડે હિમપ્રદેશ એ ખાસ ! ૭૭

એવી સ્થિતિમાં રાતભર રહ્યા બેસી ગુરુ ત્યાંય;
દુર્ધર[2] વિષ સોમલ તણું; તેથી જુલાબ થાય ૭૮

વારંવાર બળવંતને, બગડે વસ્ત્રો એમ;
સ્વયં શ્રીગુરુ સર્વ એ આણે ધોઇ તેમ !! ૭૯

પ્હેરાવી બીજાં તથા સ્વચ્છ સ્થાને જાણ
સૂવડાવી રાત્રિ બધી જાગે સાવધ માન. ૮૦

ત્રણ પ્રહર રાત્રિ જતાં, સ્વલ્પ શુદ્ધિમાં એહ
આવી બળવંત તે સમે માગે ખાવા તેહ. ૮૧

પાસે કાંઇ ના મળે; કંદોઇને તેમ
જઇ દુકાને એટલી રાતે શ્રીગુરુ એમ, ૮૨

પાડી બૂમો જોરથી ઊઠાડી ત્યાં એહ
કહેઃ-ભલા કંદોઇ રે ! પથિક[3] એક દ્વિજદેહ ૮૩

મરણોન્મુખ[4] છે ત્યાં પડ્યો; આવે કોઇ ન પાસ !
થઇ ક્ષુધિત[5] એ આ સમે માગે ખાવા ખાસ. ૮૪

માટે બરફી થોડી તું આપ કૃપા કરી આંહ્ય;
કિંમત એની હું તને આપીશ સ્હવાર માંહ્ય. ૮૫

પૂછે કંદોઇઃ-તમે કોણ એહના તેમ ?
બોલે શ્રીગુરુઃ-લેશ ના જાણ સંબંધ એમ ૮૬
મારો ને એનો અહીં; આવે કોઇ ને પાસ
આપ્તાદિક[6] એનાં તથા જોઇ દુઃખ હું ખાસ, ૮૭
આવ્યો દોડી માગવા ! સૂણી દુકાનદાર
આપી સ્વલ્પ મીઠાઇ ત્યાં કહેઃ-તમે [7]નિર્ધાર ૮૮

૧. ઘી. ૨. ન જીરવી શકાય તેવું. ૩. મુસાફર. ૪. મરી જાય એવી હાલતમાં. ૫. ભૂખ્યો. ૬. સગાંવ્હાલાં વગેરે. ૭. નક્કી.

સંન્યાસી ત્યાગી દિસો; બ્રાહ્મણ અનાથ એહ !
દોડ્યા વ્હારે એહની તમે, ન ત્યાં સંદેહ !! ૮૯

માટે સ્વલ્પ મીઠાઇ આ આપી જે મેં આંહ્ય,
તેની કિંમત ના કદિ લઇશ હું યતિરાય ! ૯૦

જાઓ લઇ નિઃશંક એ !! સૂણી શ્રીગુરુ એહ,
આવી બળવંત સંનિધે, થોડી થોડી તેહ ૯૧

મીઠાઇ એના મુખે નાંખે સ્વકરે તેમ;
ઉપર પાણી પણ તથા પીવાડે સપ્રેમ. ૯૨

પ્રાતઃકાલ થતાં મહીં ઘણોજ શુદ્ધિ માંહ્ય
આવે બળવંત એમ એ ! પૂછી એને ત્યાંય, ૯૩

કરી તાર તત્પુત્રને આપી ખબર તત્કાળ,
બોલાવી લે એહને વેગે ત્યાં નિર્ધાર. ૯૪

આવતાં જ એ તત્કરે સોંપી બળવંત તેમ
વસ્તુઓ એની બધી આપે સુતને એમ. ૯૫

એજ દિને બળવંત એ ત્યાગે શરીર ત્યાંય;
શ્રીગુરુકૃપા થકી તથા થયો મુક્ત વરકાય. ૯૬

તે દિનથી ગુરુમૂર્તિએ પ્રવાસ માંહે એમ,
કરવો સાથ ન કોઇનો કર્યો સુનિશ્ચય તેમ. ૯૭

ત્યાંથી શ્રીગુરુ એકલા બદરિકાશ્રમે એહ
જઇ, નરનારાયણ તણાં દર્શન કરે સનેહ. ૯૮

હિમકેદારેશ્વર વગેરે તીર્થોમાં તેમ
ફરી, ઉત્તરાખંડની યાત્રા કરી સપ્રેમ ૯૯

આવે બ્રહ્માવર્તમાં; આગળ એહ પ્રસંગ,
સૂણતાં શ્રદ્ધાભક્તિથી રહે **રંગ** ના સંગ !! ૧૦૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
સેવાધર્મકથનાદિ નામ ષડ્વિંશત્યધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૨૬ ॥ દોહરા ૧૦૦

## અધ્યાય ૧૨૭

અલખ કહેઃ- સૂણ શિષ્ય હે ! બ્રહ્માવર્તે એમ
ફરતા ફરતા શ્રીગુરુ આવ્યા કાળે તેમ. ૧

સત્તાવનની સાલમાં થયું બંડ જે જાણ,
તે સમયે ગણપતિબુવા કરી એમ મહાન ૨

થઇ ગયા સાધુ તિહાં; જ્યારે શ્રીગુરુ દેખ
આવ્યા બ્રહ્માવર્તમાં તદા ભત્રીજો એક ૩

સાધુ તણો એ ભ્રષ્ટ થઇ યવન થયો'તો જેહ
નિજ પત્નીને તેડવા આવ્યો કુજાત તેહ. ૪

પત્ની એની ત્યાહરે આવી શ્રીગુરુ પાસ,
કરી દંડવત્ ગુરુપદે, સ્વવૃત્તાંત ત્યાં ખાસ ૫

કથી, વિનયથી હસ્ત બે જોડી પૂછે એમઃ-
જઉં કંથ સંગે પ્રભો અથવા ના હું તેમ ? ૬

બોલે શ્રીગુરુઃ- સ્ત્રી તણો કંથ ભ્રષ્ટ જે થાય,
પ્રાયશ્ચિત્ત ન જ્યાં સુધી લે એ ત્યાં લગ આંહ્ય ૭

ત્યજવો એને; શાસ્ત્રનું છે એવું ફરમાન !
સૂણી વચન શ્રીગુરુ તણાં, સ્ત્રી એ સુપાત્ર જાણ ૮

પતિસંગે ન જતાં તદા, બ્રહ્માવર્તની માંહ્ય
ઇશ્વરભજને રત રહી કાળ નિર્ગમે ત્યાંય. ૯

પુત્ર એક એ સ્ત્રી તણો પાંચ વરસનો જેહ,
દૈવવશે ત્યાં એકદા પિશાચપીડિત તેહ ૧૦

થઇ એકદમ ભૂ વિષે પડ્યો અચેતન જાણ;
જાણી વાત એ જ્યાહરે સકળ ગુરુવરે માન, ૧૧

તદા ભૂર્જપત્રે લખી આપ્યું યંત્ર ગહન;
બાળકરે એ બાંધતાં પિશાચ એ તત્ક્ષણ ૧૨

થઇ દૂર એને કદિ કરે ન પીડા તેમ;
થઇ અસ્પૃશ્ય માત ત્યાં જતાં દિવસ કંઇ એમ. ૧૩

દૈવે, બાળક હઠ કરે જવા માતની પાસ;
આક્રંદન કરી જોરથી કહે 'લે મને' ખાસ. ૧૪

તેથી તાવીજ હાથનું છોડાવીને એહ,
લે બાળકને મા તદા ખોળે એ સસ્નેહ. ૧૫

હતું ભૂત એ દેખતું; જોઇ તત્ક્ષણ તેમ,
મંત્રાતાવીજ એ હરે જાણે કોઇ ન જેમ, ૧૬

ગયા દિવસ કંઇ એમ ત્યાં, આવી હોળી ત્યાંય
લઇ ભાઇ એ બાળનો એને રમવા જાય. ૧૭

માર્ગે યવનોનું હતું કબરસ્થાન સુઘોર;
થઇ પ્રગટ એ ભૂત ત્યાં, કરી ભયંકર શોર, ૧૮

ગળું એહ બાળક તણું મચકોડે તત્કાળ;
થઇ બેભાન ત્યાં પડે બાળક એ નિર્ધાર ! ૧૯

ભાઇએ એને તદા આણી ઘેરે તેમ,
કહે માતનેઃ- જો થયું આને શું આ એમ !! ૨૦

પ્રાણાંતાવસ્થા તથા જોઇ એની ત્યાંય,
રુદન કરી મા વેગથી પ્રાર્થે શ્રીગણરાય. ૨૧

કહેઃ-રક્ષ આ બાળને દેવ વિનાયક એમ !
પિશાચ એ શિશુદેહમાં કરી સંચાર તેમ, ૨૨

વદે એહ સ્ત્રીને તદાઃ- હવે ગજાનન પાસ
કર્યે પ્રાર્થના શું વળે ? કરૂં નિર્વંશ ખાસ ૨૩

તને દેખ હું ! એમ ત્યાં વદી ભૂત તત્કાળ
રહ્યું સ્તબ્ધ એ; અન્ય દિવસે જ પુત્ર નિર્ધાર ૨૪

પામ્યો મૃત્યુ એહનો ! વર્ત્યો હાહાકાર !!
લઇ રૂપ એ યવનનું પિશાચ વારંવાર, ૨૫

ફરી એહ સ્ત્રીના ગૃહે બ્હીવડાવે એ એમ;
મતિ ભમાવી કંથની સ્ત્રીના એણે જ તેમ ૨૬

યવન કરાવ્યો એહને; તેમજ કર્યો વિનાશ
કંઇક ગર્ભ તણો નકી સાધ્વીના એ ખાસ. ૨૭

જ્યેષ્ઠ પુત્રને ગાંડપણ વળગાડીને તેમ,
પંચ વર્ષનો પુત્ર આ વધ્યો એણે જ એમ ! ૨૮

થયો પુત્ર મૃત જે દિને પૂર્વદિને તે જાણ,
થઇ પ્રગટ સ્વપ્ને વદે પિશાચ સ્ત્રીને માનઃ- ૨૯

ગયા જન્મનું માગતું દોઢ રૂપિયો ખાસ
છે અભાગણી જાણ તું મારૂં તારી પાસ. ૩૦

તે માટે ઠરવા કદિ દઇશ તને ના ક્યાંય;
કરીશ નિર્વંશ છેવટે, જાણ નિશ્ચયે આંહ્ય !! ૩૧

અલખ નિરંજનને કહેઃ- માટે સુજ્ઞે જાણ
રાખવું ન ઋણ કોઇનું જરીએ બાકી માન; ૩૨

નહિ તો ભોગવવું પડે દુઃખ આખરે એમ
જન્મે વા જન્માંતરે; છૂટે કર્મ ન તેમ ! ૩૩

બ્રહ્માવર્તે શ્રીગુરુ કરતાં એમ નિવાસ,
વિચાર મનમાં નર્મદા કરે શિષ્ય ત્યાં ખાસઃ- ૩૪

મારા તટ પર દત્તમૂર્તિ એ શ્રીગુરુરાય
વિચરે ક્યારે ? એહવો કરી સુવિચાર ત્યાંય, ૩૫

આપે દૃષ્ટાંત તત્ક્ષણે શ્રીગુરુને એ એમ;
ખસે ન તોએ શ્રીગુરુ ગંગાતટથી તેમ. ૩૬

કૌતુક એક બન્યું તિહાં ! બ્રાહ્મણને કો એક
વિસ્ફોટકનો રોગ ત્યાં થયો હતો તું દેખ. ૩૭

પીડાએ એ દુઃખથી બ્રાહ્મણ અતિશય ત્યાંય;
કહ્યું એહને કોઇએ ગુરુપાદોદક[1] આંહ્ય ૩૮

લઇશ તું યદિ ભાવથી થશે રોગ તુજ નષ્ટ;
સૂણી ઉપાય એ થયો અંતરમાં અતિ હૃષ્ટ. ૩૯

એક દિવસ શ્રીગુરુ તણી દૃષ્ટિ ચૂકાવી એહ
નાંખી પાણી ગુરુપદે લે તીર્થોદક તેહ. ૪૦

પૂછે શ્રીગુરુ એહનેઃ-કર્યું કેમ રે એમ ?
વદે વિપ્ર કર જોડી ત્યાં સર્વ સવિસ્તર તેમ. ૪૧

સૂણી વચન ગુરુમૂર્તિ એ, જઇ ગંગા પર સ્નાન
કરે તત્ક્ષણે; તોય એમને ચિત્તમાં જાણ ૪૨

લાગ્યું કે આ દેહ પર વિઘ્ન આવશે ખાસ;
ત્યાં તો તે રાતે જ ત્યાં નિદ્રા માંહે પાસ ૪૩

આવી ચમારણ સ્વપ્નમાં, કરે સ્પર્શ હતજાત
શ્રીગુરુને સાક્ષાત્ એ ! થતાં એમ દૃષ્ટાંત, ૪૪

જાગી ઊઠ્યા શ્રીગુરુ; દત્તસ્મરણ કરી ત્યાંય
કરે વિચાર નિજાંતરેઃ-નકી દેહ પર આંહ્ય ૪૫

ઉપાધિ કાંઇક આવશે, થશે રોગ ગંભીર;
લાગી એવું ચિત્તમાં સૂએ પુનઃ સુધીર. ૪૬

પ્રાતઃકાલે ઊઠીને દેખે દેહે જ્યાંય
વિસ્ફોટક સર્વાંગ પર દેખે પોતે ત્યાંય ! ૪૭

જોઇ એમ સર્વજ્ઞ એ કરે પ્રાર્થના એમ
ગંગાજીની ભાવથી; સાંભળ સુશિષ્ય કેમઃ- ૪૮

### ગીત★

અયિ ભૂષિતભર્ગવરાંગે ॥ મયિ કરુણા કરીં બરી ગંગે ॥ ધ્રુ૦॥
તૂં પાહતા કરુણાપાંગેં ॥ જેં ન મિળે યોગેં યાગેં ॥
તેં મિળે તવ પદસંગેં ॥ યાસ્તવ મી સાંગે ગંગે ॥
એક વેળ કરુણાપાંગે ॥ અવલોકીં મજ ભયભુજંગેં ॥
ચાલ૦ દંર્શિલેં આતાં સુભગે ॥ અનુરાગેં સ્પર્શીં મદંગેં ॥ અયિ૦ ॥ ૧ ॥

પ્રાર્થિતાં કવિમાતંગેં ॥ ત્યાં તૂં ગે સ્વીય તરંગેં॥
તારિલા સ્પર્શુની વેગેં ॥ તી તૂં અજિ ગંગે યે ગે ॥
દર્શન દે કલિમલભંગે ॥ દુઃસંગે ફસલોં રાગેં ॥
ચાલ૦ ત્રાસલોં યા ભવરોગેં ॥ સ્વજલૌષધ પાજીં નિજાંગેં ॥ અયિ૦ ॥ ૨ ॥

ઇચ્છિતાં ચિત્તતુરંગેં ॥ બાહ્યાર્થા આજિ અનંગેં ॥
વ્યાપિલેં અયિ [2]ઉપરાગેં ॥ જેવીં ચંદ્રા મગ તદ્યોગેં ॥

૧. ગુરુનું ચરણામૃત. ૨. ગ્રહણે. ★ ભાવાર્થ માટે જુઓ પરિશિષ્ટ ૨.

न સુચે મજ કાંહીં અપાંગેં ॥ પાહતાં તૂં એકદા ગંગે ॥
ચાલ૦ યોગ યાગ મજ મગ ન લગે ॥ ભવદવા શમવીં વિરાગેં ॥અયિ૦॥ ૩॥

ગવયા વરી જેવીં કુરંગેં ॥ હસ્તિની વરી માતંગેં ॥
દીપા વરી જેવીં પતંગેં ॥ કમલા વરી જેવીં ભૃંગેં ॥
બડિશા વરી મત્સ્યેં રાગેં ॥ ત્યાં પરી જન વિષયીં નિજાંગેં ॥
ચાલ૦ ટાકિતી ત્યાં વળવીં વિરાગેં ॥ તુજ જડ હેં નોહે ગંગે ॥ અયિ૦ ॥ ૪॥

જી ભગીરથસૂદ્યોગેં ॥ યે ભૂમી વરી પરિવેગેં ॥
સગરાતેં તારી નિજાંગેં ॥ તે તારક જગીં તૂં ગંગે ॥
તુજ પાશીં પ્રાર્થુની માગેં ॥ એવઢેં દે શંભુવરાંગે ॥
ચાલ૦ સત્સંગે વાગવીં ગંગે ॥ નિજ રંગેં રંગવીં ગંગે ॥ અયિ૦ ॥ ૫॥

કરી પ્રાર્થના એહવી, કરે દંડવત્ ત્યાંય
ગંગાને ભાવે તદા ! અન્ય દૃષ્ટાંત થાય ૪૯

તે જ રાતરે તેમનેઃ-જઇ નર્મદાતીર,
કરતાં ત્રિદિન સ્નાન ત્યાં જશે રોગ આ ધીર ! ૫૦

તત્ક્ષણ શ્રીગંગા તણી લઇ આજ્ઞા સપ્રેમ
છોડી બ્રહ્માવર્તને રેવાતીરે એમ ૫૧

કરવા ગમન પ્રભુ નીકળ્યા; જતાં માર્ગમાં તેમ,
ગામ નિમાવર સંનિધે હરણગાંવમાં એમ ૫૨

આવ્યા વેગે શ્રી તથા, જુએ દગ્ધ એ ગામ;
જોઇ એવું લોકને પૂછેઃ-થયું શેં આમ ? ૫૩

ગામ દગ્ધ સઘળું દિસે ! વચ્ચે અદગ્ધ એક
રહ્યું કેમ ઘર આગમાં ? લાગે આશ્ચર્ય છેક !! ૫૪

વદે લોકઃ-શ્રીગુરુવરા ! ભિક્ષા માટે આંહ્ય
સાધુપુરુષ કો એકદા આવ્યો મધ્યાહ્ન માંહ્ય. ૫૫

ભિક્ષા એને કોઇએ ના આપી ત્યાં દેવ;
થઇ ખિન્ન એ ગામ છોડી ચાલ્યો તતખેવ. ૫૬

માર્ગે એને વિપ્ર આ મળ્યા દૈવથી ત્યાંય;
પૂછયું તેમણેઃ-કોણ ભો તમે તાપસી આંહ્ય ? ૫૭

આવ્યા ક્યાંથી ? શીદ જશો ? વદે તપસ્વી એહ;
આવ્યો પેલા ગામથી લાગી આગ જ્યાં તેહ. ૫૮

સૂણી વચન બ્રાહ્મણ વદેઃ-ના સમજ્યો હું કાંઇ !
વદ્યા તમે શું તે કહો !! વદે સાધુઃ- હે ભાઇ ૫૯

ભૂખ્યો હું ત્રણ દિવસથી લાગી પેટમાં આગ,
માટે બોલ્યો એમ હું - બોલે બ્રાહ્મણ દ્રાગ્ઃ- ૬૦

બેસો આપ અહીં પ્રભો ! લાવી ભિક્ષા ઝટ
આપું છું હું આપને; કહી એમ ગૃહસ્થ ૬૧

ગયો એહ જ્યાં ગામમાં, આગ તિહાં ચોપાસ
લાગી ગામ થયું બધું દગ્ધ દેખાય ખાસ. ૬૨

મધ્ય મહીં ઘર એહનું બચ્યું તોય એ એમ !
માની પા'ડ ઈશ્વર તણો બ્રાહ્મણ ત્યાં આ તેમ; ૬૩

જઇ ઘેર ભિક્ષા લઇ આવ્યો પાછો એહ;
વંદન કરી એ સાધુને અર્પે ભિક્ષા તેહ. ૬૪

ખાઇ એહ એ તાપસી, થઇ તૃપ્ત તત્કાળ
ગયો સ્વમાર્ગે, હે ગુરો ! સૂણી એહ નિર્ધાર, ૬૫

બોલે શ્રીગુરુ લોકનેઃ-ગૃહસ્થાશ્રમી એમ
તમે સર્વ ! દ્વારે તથા અતિથિ આવતાં તેમ ૬૬

અર્પો ના ભિક્ષા યદિ, કેવો આશ્રમ એહ ?
એમ બારણે આવતાં ક્ષુધાર્ત નિઃસંદેહ; ૬૭

ન્યાતગોત પૂછયા વિના કરી યોગ્ય સત્કાર,
દેવું અન્ન એને સદા યથાશક્તિ તત્કાળ. ૬૮

કરવો વિલંબ ના કદિ દેતાં ભિક્ષા એમ,
કરતાં શાન્ત ક્ષુધાર્તને રીઝે દેવો તેમ. ૬૯

એજ ધર્મ ગૃહસ્થનો; એમ વર્તતાં આંહ્ય
વિઘ્ન ભયંકર આહવું નકી ન આવે ક્યાંય !! ૭૦

ભાષણ એ શ્રીગુરુ તણું સૂણી ગ્રામસ્થજન,
લજ્જિત થઇ નિજ અંતરે વદે વિનત તત્ક્ષણઃ- ૭૧

પ્રમાણમાં એ ભૂલના, શિક્ષા અતિશય એમ
થઇ ભયંકર દેવ હે ! હવે પ્રમાદે તેમ ૭૨

કદિ ન પડશું આજથી; કરશું ના અપમાન
ઘેર આવતાં કોઇનું; શિક્ષા થઇ મહાન. ૭૩

એમ કહી વંદન કરે શ્રીગુરુપદમાં એહ !
આવ્યા ત્યાંથી શ્રીગુરુ નર્મદાતટે તેહ. ૭૪

પતિતપાવની નર્મદા વંદી ભાવે ત્યાંય,
થઇ ગળગળા સ્તવન ત્યાં કરે એમ ગુરુરાયઃ- ૭૫

વધારવા મા તાહરો મહિમા કોઇ તેમ
મળ્યું અન્ય શું ના; મને બોલાવ્યો જે એમ ? ૭૬

એમ કહી નિજ ભૂલની માગી માફી એહ,
કરી દંડવત્ ભાવથી રહ્યા ત્રિદિન ત્યાં તેહ. ૭૭

કરે પ્રાર્થના પ્રેમથી રચી સુનૂતન ત્યાંય
પદ્યાત્મક શ્રીનર્મદાલહરી શ્રીગુરુરાય. ૭૮

કરી વાસ તટ પર તથા કરતાં ત્રિકાળ સ્નાન,
વિસ્ફોટકનો એમના થયો નાશ તું જાણ. ૭૯

ચમત્કાર એવો તિહાં જોઇ તત્ક્ષણ એહ,
પૂજન કરી સદ્ભાવથી કરે આરતી તેહ ૮૦

જલમય રેવાજી તણી ! સાંભળ શિષ્ય સુધન્ય; ગાતાં પ્રેમે જે સદા, નાસે પાપ જઘન્યઃ- ૮૧

### આરતી

જય જય નર્મદ ઇશ્વરિ મેકલસંજાતે।
નીરાજયામિ નાશિતતાપત્રયજાતે॥
જય જય જય જય જય॥ ધ્રુ૦॥
**વા**રિતસંસૃતિભીતે સુરવરમુનિગીતે
**સુ**ખદે પાવનકીર્તે શંકરતનુજાતે।
**દે**વાપગાધિતીર્થે દત્તાગ્ર્યપુમર્થે
**વા**ચામગમ્યકીર્તે જલમયસન્મૂર્તે॥ જય૦॥ ૧॥

**નં**દનવનસમતીરે સ્વાદુસુધાનીરે
**દ**ર્શિતભવપરતીરે દમિતાંતકસારે।
**સ**કલક્ષેમાધારે વૃતપારાવારે
**ર**ક્ષાસ્માનતિઘોરે મગ્નાન્ સંસારે॥ જય૦॥ ૨॥
**સ્વ**યશઃપાવિતજીવે મામુદ્ધર રેવે
**તી**રં તે ખલુ સેવે ત્વયિ નિશ્ચિતભાવે।
**કૃ**તદુષ્કૃતદવદાવે ત્વત્પદરાજીવે
**તા**રક ઇહ મેઽતિજવે ભકત્યા તે સેવે॥ જય૦॥ ૩॥

કરી પ્રેમથી આરતી કરે દંડવત્ તેમ;
ગદ્ગદવાણીથી કરે પુનઃ પ્રાર્થના એમઃ- ૮૨

**શ્લોક :-** ભવાન્તકેઽભયં દેહિ તાપં મે હર નર્મદે ।
ભવાત્મકે નયં દેહિ પાપં મે હર નર્મદે ॥

સ્તવન એહવું ત્યાં કરી વંદી રેવા માત,
આવી પોતે વેગથી રહ્યા બ્રહ્માણીઘાટ. ૮૩

ચસક ભરાતાં કેડમાં સ્વયં નર્મદા ત્યાંય
પ્રગટે ! આગળ એ કથા, શ્રવણે પાતક જાય ! ૮૪

વર્તે માનુષવેષ સમ, બાકી સ્વયં નિર્લેપ, ગુરુવર ત્રિમૂર્તિ **'રંગ'** એ, વ્યર્થ મર્ત્ય આક્ષેપ !! ૮૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે નર્મદાતટાગમનં નામ સપ્તવિંશત્યધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૨૭ ॥ દોહરા ૮૫. ગીત. ૧. આરતી ૧. શ્લોક-૧ (સપ્તાહપારાયણ ૬)

## અધ્યાય ૧૨૮

વદે નિરંજન એ ફરી જોડી કરદ્વય ત્યાંયઃ-
બ્રહ્માણીઘાટે તથા આવ્યા શ્રીગુરુરાય. ૧

ચસક ભરાઇ કેડમાં, કથો સવિસ્તર એહ;
વધે પિપાસા ગુરુકથામૃત પીતાં બહુ તેહ. ૨

અલખ કહેઃ-સૂણ બાળ હે ! રેવાતીરે ત્યાંય,
એક દિવસ ચઢતાં પ્રભુ ઘાટ લપસણું થાય. ૩

લપસી પગ, કેડે તદા ચસક ભરાઇ તેમ;
મધુકરી માટે જવાનું ના બન્યું જ એમ. ૪

થાય કષ્ટ બહુ કેડમાં, પડી રહ્યા એ સ્વસ્થ,
કંઇક કાલ પર્યંત **શ્રી** ત્યાંજ એમ ધ્યાનસ્થ, ૫

જોઇ એવું નર્મદામાત તત્ક્ષણ ત્યાંય,
કુમારિકા દસ વરસની થઇ પ્રગટ એ થાય. ૬

એવે રૂપે ત્યાં તદા આપી દર્શન તેહ,
વદેઃ-વખત ભિક્ષા તણો થયો, શયન કાં એહ ૭

કર્યું સ્વસ્થ આપે પ્રભો ? ચસક કેડની આંહ્ય
કરૂં શાન્ત તત્કાળ હું ! કહી એમ, કર માંહ્ય ૮

લઇ ભસ્મ નિજ મંતરી કટિપ્રદેશે તેમ
ચોળી શ્રીગુરુના, કહેઃ-ઠોકો પગ આ એમ. ૯

કરતાં એમ પ્રભુ તિહાં, થયું બંધ તત્કાળ
દરદ ચસકનું એ નકી ! જોઇ એહ નિર્ધાર, ૧૦

કન્યારૂપી નર્મદા થયાં ગુપ્ત ત્યાં એહ !
જોઇ ગુરુવર એ હસે; કહેઃ-વૃથા સંદેહ. ૧૧

જેવી જેની ભાવના તેવું ફળ તે આંહ્ય
પામે ! એમ કહી તદા લાવે ભિક્ષા ત્યાંય. ૧૨

વિપ્ર એક પૂના તણો નિજ કન્યાનું દેખ
કરી લગ્ન ત્યાં એકદા, દ્રવ્યલોભથી છેક ૧૩

પરણાવે બીજે તથા જીવતાંજ પતિ એહ;
ત્રીજી વાર પુનઃ વળી ખોળી અન્ય વર તેહ, ૧૪

બ્રહ્માણીઘાટે કરે લગ્ન સુતાનું જાણ
એની સાથે, દ્રવ્યના લોભે કેવળ માન. ૧૫

દૈવયોગથી કંથ એ પામ્યો ત્યાં જ મરણઃ
કેશવપન સસરો કરાવે વહુનું તત્ક્ષણ. ૧૬

વિધવા માફક એ રહે ! વાર્તા સઘળી એહ
જાણી પ્રથમના બેઉએ પતિએ સત્વર તેહ. ૧૭

આવ્યા એ બ્રહ્માણીમાં લેવા સ્વસ્ત્રી તેમ !
એટલામાં તો અહીં બન્યું શિષ્ય જો કેમઃ- ૧૮

ગણૂભય્યા નામે હતો ટોળ ત્યાંનોજ એક;
તેને ને એ શ્વશુરને હતું વેર ત્યાં છેક. ૧૯

આણી એણે નિજ ગૃહે કન્યા એ તોફાન
કરી, વાળ પણ તચ્છિરે રાખ્યા ફરીથી જાણ. ૨૦

તાર કરીને એહના પ્રથમ પતિને તેમ
બોલાવી એણે તદા સોંપી એને એમ. ૨૧

વાત સર્વ એ ગુરુવરે જાણી ત્યારે ત્યાંય;
બોલાવી એ સર્વને બોલે શ્રીગુરુરાયઃ- ૨૨

કન્યા આ ના કોઈને રહી ઉપયોગી આંહ્ય;
છેક પતિત એ નિશ્ચયે, માતપિતા સહ ત્યાંય. ૨૩

માટે એને ન્યાતની મૂકો સત્વર બ્હાર !
તોય લોક એ ના કરે એમ તદા નિર્ધાર. ૨૪

ખરી બપોરે તેમ શ્રીગુરુવર વેગે જાણ
લીધા વિણ ભિક્ષા તદા ચાલ્યા ત્યાંથી માન. ૨૫

રેવાતીરે વૃક્ષની નીચે માર્ગે તેહ
લેવા વિશ્રાંતિ પ્રભુ બેઠા વચ્ચે એહ. ૨૬

બાર વરસની કન્યકારૂપે ત્યાં તો ખાસ
થઈ પ્રગટ શ્રીનર્મદા, વદે આવી ગુરુ પાસઃ- ૨૭

બ્રહ્માણીમાં ના પ્રભો લીધી ભિક્ષા કેમ ?
સૂણી પ્રશ્ન, શ્રીગુરુ વદેઃ-સાંભળ બ્હેની એમઃ- ૨૮

એવી રીતે ભ્રષ્ટ જે બ્રાહ્મણ તદ્‌ગૃહ જાણ
લેવા કરતાં અન્ન, આ નર્મદાજલ માન ૨૯

પ્રાશન કરી, આ દેહનો કરવો ત્યાગ ઉત્તમ !
સૂણી વચન એ નર્મદા વદે પુનઃ સત્તમઃ- ૩૦
સ્વામી મુજ ગામે પધારી ભિક્ષા લો ત્યાંય
નિત્ય માહરે ઘેર તો એમ ઉપાધિ ન થાય. ૩૧
વળતી શ્રીગુરુ ઓચરેઃ-એકજ ઘેરે એમ
ભિક્ષા હું લેતો નથી ! વદે નર્મદા તેમઃ- ૩૨
સત્તર ઘર છે દક્ષિણી બ્રાહ્મણનાં મુજ ગામ;
માટે ચાલો હે પ્રભો ! વદી સ્નેહાર્દ્ર આમ, ૩૩
થયાં ગુપ્ત ત્યાં નર્મદા !! શ્રીગુરુ સત્વર ખાસ
આવ્યા ગામ નિમાવરે હતું તદન જે પાસ. ૩૪
પૂછી જોતાં ગામના તદા વિપ્રને એક,
જાણ્યું શ્રીએ કે હતાં ઘરો બરાબર છેક ૩૫

તિહાં દક્ષિણી વિપ્રનાં સત્તર ! ચોકસ એહ;
કરી માન્ય શ્રીનર્મદાની આજ્ઞા સસ્નેહ, ૩૬

રહ્યા નિમાવરમાં પ્રભુ કંઈક કાળ એ જાણ;
સન્માર્ગે દ્વિજલોકને પ્રેરી શાસ્ત્રપ્રમાણ, ૩૭

સિદ્ધનાથદર્શન કરી ઝાડીમાર્ગે એહ
યોનિસ્થાને નર્મદાના આવ્યા વરદેહ. ૩૮

નામ ધાવિડીકુંડથી જેહ બધે વિખ્યાત;
મહાદેવનાં બાણ જ્યાં નીકળે સુંદર તાત ! ૩૯

કરી સ્નાન ત્યાં ભક્તને દેવા પ્રસાદ એમ,
બાણ સુશોભિત જોઈને કેટલાંક લે તેમ. ૪૦

જોઈ એવું ભિલ્લરૂપે શ્રીશંકર ત્યાંય
થઈ પ્રગટ, સત્વર વદેઃ-સૂણો ધન્ય યતિરાય ! ૪૧

બાણ એહ જો આપને સ્વયં પૂજવા તેમ
હોય જોઈતાં તો ભલે લઈ જાઓ એ એમ. ૪૨

બોલે શ્રીગુરુઃ-તોડવાની છે મનાઈ જાણ
બિલ્વપુષ્પાદિક અહીં યતિને શાસ્ત્રપ્રમાણ. ૪૩

માટે પૂજન બાણનું થશે ન મુજથી તેમ !
ભિલ્લરૂપ શંકર વદેઃ-ના લઈ જા તો એમ. ૪૪

સૂણી વચન એ શ્રીગુરુ, સર્વ બાણ તત્કાળ
ફેંકી દે કુંડે ફરી ! જોઈ ભિલ્લ નિર્ધાર ૪૫

થયો ત્યાંજ અદશ્ય એ !! દેખી શ્રીગુરુ તેમ,
કરે હાસ્ય સ્વાનંદથી ! દેવભક્તવત્ એમ ૪૬

લીલા દેખાડી જગે ફરતા ફરતા જાણ,
ત્યાંથી ૐકારેશ્વરે આવ્યા તત્ક્ષણ માન. ૪૭

જ્યોતિર્લિંગ પ્રસિદ્ધ એ ૐકારમમલેશ,
વંદન કરી પ્રીતે રહ્યા હરતા ભક્તકલેશ. ૪૮

કારભારી જે ભૂપનો બળવંત નામે ત્યાંય,
બ્રહ્મકર્મ તેને મુદા શિખવાડી ગુરુરાય; ૪૯
તેતરીસ દિન ત્યાં રહી સ્વેચ્છાએ સ્થિતપ્રજ્ઞ
પ્રેરે જનને સત્પથે ! લોક એમ જે અજ્ઞ ૫૦
ઉદ્ધરવા એ નર્મદાતટે ફરે નિર્ધાર;
મહેશ્વરાદિક સ્થાનમાં ફરી એમ તત્કાળ ૫૧
આવ્યા ચિખલદા ગામમાં લોકોદ્ધારક એહ;
રહ્યા કંઈક દિન ત્યાં તથા દત્તાજ્ઞાથી તેહ. ૫૨
વ્યંકટેશ નામે તિહાં બ્રાહ્મણ સુપાત્ર એક
પત્ની મૃત્યુ પામતાં ઉદાસીન થઈ છેક, ૫૩
છોડી ધંધો નોકરી આવી કોટેશ્વર
રહ્યો હતો શ્રીનર્મદા તણા રમ્ય તટ પર. ૫૪

આવ્યા ગુરુવર ત્યાં ચિખલદા ગામે સૂણી એહ
આવી શરણ વંદન કરે અનન્ય ભાવે તેહ. ૫૫

સૂણી પ્રાર્થના એહની, જોઇ ભાવ વિશુદ્ધ,
પ્રાણાયામાદિ ક્રિયા એને ગુરુવર બુદ્ધ. ૫૬

શિખવાડી પ્રેમે, લગાડે સન્માર્ગે તેમ;
આવી દીવાળી તિહાં કરતાં નિવાસ એમ. ૫૭

નરકચતુર્દશીને દિને ગુરુમૂર્તિને જાણ
વદે દત્તઃ- આજે મને કરાવ મંગલસ્નાન. ૫૮

બોલે શ્રીગુરુ દેવ હે ! જ્યારે મૂર્તિ સાથ
રાખી મેં આ આપની, તદા આપ સાક્ષાત્ ૫૯

વદ્યા હતા કે ભસ્મપૂજાથી હું સંતુષ્ટ
રહીશ નિત્ય ! પૂજા તથા કરીશ આજ હું હૃષ્ટ. ૬૦

મંગલ દ્રવ્યોની ન હું માગીશ ભીખ કદાય !!
દત્તમૂર્તિ એ સાંભળી જઇ નર્મદા માંહ્ય, ૬૧

થઇ ગુપ્ત તત્ક્ષણ તિહાં ! લહે ન શ્રીગુરુ એહ;
નિત્ય નિયમ સમ એમણે થતાં મધ્યાહ્ન તેહ, ૬૨

માગી આણી મધુકરી; ધોઇ હાથપગ ત્યાંય,
કરી આચમન દેવને અર્પે નિવેદ જ્યાંય, ૬૩

થયા શબ્દ તોપો સમા ! વદે શ્રીદત્તઃ-સ્નાન
મંગલ દ્રવ્યોથી ન તેં આજ કરાવ્યું જાણ; ૬૪

અર્પે નિવેદ તોય આ ? કરૂં ગ્રહણ ના તેમ !
છોડી તુજને જો અહીં બેઠો જળમાં એમ !! ૬૫

દત્તવચન એ સાંભળી, ગભરાયા ગુરુરાય;
બોલાવી ગ્રામસ્થ લોકોને વેગે ત્યાંય, ૬૬

ધરી ધ્યાન શ્રીદત્તમૂર્તિનું પ્રેમે તેમ,
જોડી કરદ્વય પ્રાર્થના કરે ગળગળા એમઃ- ૬૭

**અભંગ★**

મિત્ર મિત્ર જરી ભાંડતી ॥ તરી પુન્હાં એક હોતી ॥ ૧ ॥
દંપતીચા હો કલહ ॥ લવમાત્ર ન તૂટે સ્નેહ ॥ ૨ ॥
દેવભક્તાચેં ભાંડણેં ॥ પરાભક્તીચેં તેં ઠાણેં ॥ ૩ ॥
**વાસુ** મ્હણે હા વિનોદ ॥ દેતો દત્તા પરમાનંદ ॥ ૪ ॥

કરે પ્રાર્થના એહવી, કરી દંડવત્ ત્યાંય,
મારી ડૂબકી શ્રીગુરુવરે નર્મદા માંહ્ય. ૬૮

હાથ લાગતાં દત્તમૂર્તિ, આનંદે એહ
લઇ કરે નિજ સ્થાનમાં આવ્યા વેગે તેહ. ૬૯

અત્તર ગુલાબ કેવડા મોગરાદિનું તેમ
નાના પરિમલ દ્રવ્ય ને કપૂરમિશ્રિત એમ, ૭૦

ઉષ્ણોદક સાથે બધું પૂજાસાહિત્ય ત્યાંય
પંચામૃતપૂજા તણું મંગાવી ક્ષણ માંહ્ય; ૭૧

ચોળી સુગંધ તૈલ ત્યાં મૂર્તિને તત્કાળ,
સ્નાન અભ્યંગ નિજ કરે કરાવી નિર્ધાર; ૭૨

યથાપ્રકારે શ્રીગુરુ પંચામૃતપૂજન
ગંધપુષ્પવસ્ત્રાદિથી કરે જાણ તત્ક્ષણ. ૭૩

ઉત્તરપૂજા ભાવથી કરી યથાવિધિ તેમ,
અર્પી નિવેદ આરતી ગાયનાદિક એમ; ૭૪

યથાસાંગ સંપૂર્ણ ત્યાં કરી સ્તવનપૂર્વક,
નમસ્કાર પ્રેમે કરી શ્રીગુરુ [૧]નતરક્ષક ૭૫

લે ભિક્ષા તે દિન તદા ! એવી લીલા જાણ
સગુણ ભક્તિ ફેલાવવા કરે સ્વયં ભગવાન. ૭૬

ચમત્કાર સાદ્યંત એ જોઇ જન ગ્રામસ્થ
થયા ચકિત આશ્ચર્યથી; સૂણ નિરંજન મસ્ત ! ૭૭

સગુણ ભક્તિ કરવી તથા રાખી શ્રદ્ધા પૂર્ણ;
ધ્યાન સગુણ ઈશ્વર તણું થતાં સંસિદ્ધ, તૂર્ણ ૭૮

સાક્ષાત્કાર પ્રભુ તણો થાય નિશ્ચયે જાણ;
થતાં કૃપા સર્વેશની થાએ યથાર્થ જ્ઞાન. ૭૯

ઉપાસનાસિદ્ધિ વિના અનુભવજ્ઞાન ન ક્યાંય;
સત્ય જ્ઞાન વિણ મોક્ષ ના કલ્પે પણ કદિ થાય. ૮૦

નિજ સિક્કાનું ભૂપને છે જેમ અભિમાન,
તેમ મૂર્તિનું ઈશને છે જાણ અભિમાન, ૮૧

સિક્કામાં પ્રત્યક્ષ ના દિસે ભૂપ કદિ આંહ્ય;
ચિહ્નમાત્ર નૃપનું તિહાં ! તોએ કોઇ ત્યાંય ૮૨

નથી ભૂપ કહી ના કરે કદિ અનાદર તેમ;
હોય મહીં નૃપ જો ન તો ચાલે સિક્કો કેમ ? ૮૩

સિક્કાથી નૃપની અહીં મહત્ત્વસત્તા જાણ
થાય સિદ્ધ ! જડત્વ કે પરિચ્છિન્નતા માન ૮૪

ના આવે નૃપને કદિ એથી નિશ્ચય જેમ,
જાણ દેવમૂર્તિ તથા ઈશનિદર્શક એમ. ૮૫

મહત્ત્વ ને સત્તા તણું ઈશમૂર્તિથી ભાન
થાય તેમ અહીં નકી; મા કર તું અનુમાન. ૮૬

રાજાજ્ઞાપાલન થકી રીઝે રાજા જેમ,
વેદાજ્ઞાપાલન થકી ઈશ નિશ્ચયે એમ. ૮૭

માટે સગુણ ઉપાસના કરવી ભાવે આંહ્ય;
રહસ્ય એવું પ્રગટ ત્યાં કરી એમ ગુરુરાય ૮૮

★ ભાવાર્થ માટે જુઓ પરિશિષ્ટ. ૩ ૧. ભક્તને રક્ષનાર.

કેટલાક દિન ચિખલદા ગામે કરી નિવાસ,
આવ્યા ગુર્જરદેશમાં રેવાતીરે ખાસ. ૮૯

તિલકવાડામાં રહ્યા કેટલાક દિન એમ;
ચાતુર્માસ્ય કર્યું તિહાં તે વરસનું તેમ. ૯૦

મહિમા અપરંપાર ત્યાં વધ્યો તેમનો જાણ;
આવે ટોળાં દર્શને નરનારીનાં માન. ૯૧

કેટલાક દ્વિજ ગામના કરે એકદા પ્રશ્ન
પુત્રકામનાથી તિહાં ! બોલે શ્રીગુરુઃ-કૃત્સ્ન ૯૨

મંડળીમાંથી આ અહીં મણિશંકરને એક
થશે પુત્ર નિઃસંશયે; માનો યથાર્થ છેક. ૯૩

તોએ એણે પૂર્વજન્મે માર્યો છે સાપ;
થશે મુક્ત ના દોષથી એ જ્યાં લગ નિષ્પાપ, ૯૪

ત્યાં લગ પુત્ર ન દેખશે ! વચન સાંભળી એહ,
મણિશંકર વંદન કરી વદે જોડી કર તેહઃ- ૯૫

દોષ તણો પરિહાર એ થશે કેમ ગુરુરાય ?
કે'શો જેહ કરીશ હું નિશ્ચય તેહ ઉપાય. ૯૬

પંચમીવ્રત એહને નાગબલિ પણ તેમ
કરવાની આજ્ઞા કરે તત્ક્ષણ ગુરુવર એમ. ૯૭

કરતાં આજ્ઞા સમ તથા મણિશંકરને એહ
થયો પુત્ર કાળે કરી ! એવા અનેક તેહ ૯૮

ચમત્કાર લોકાર્થ **શ્રી** બતાડતા ભૂ પર
વિચરે માનુષવેશથી સ્વયં વિષ્ણુવિધિહર !! ૯૯

તિલકવાડાથી તદા નર્મદાતટે એમ
ફરતા ફરતા શ્રીગુરુ અનુસૂયાશ્રમે તેમ, ૧૦૦

વ્યાસેશ્વર સંનિધ તથા આવ્યા વેગે એહ; અનસૂયામાતા તણી કરે પ્રાર્થના તેહઃ- ૧૦૧

**સ્તોત્ર**

પતિવ્રતાશિરોરત્નભૂતા સુંદરવિગ્રહા ।
સુચરિત્રા દિવ્યતેજાઃ સર્વલોકનમસ્કૃતા ॥ ૧ ॥

વિષ્ણુપ્રપૌત્રી કપૌત્રી સતી કર્દમપુત્રિકા ।
દેવહૂતિસમુત્પન્ના સુમુખી કપિલસ્વસા ॥ ૨ ॥

અત્રિપત્ની મહાભાગા દયાક્ષાંત્યાદિભૂષિતા ।
અનસૂયા વેદગેયા નિજધર્મજિતાખિલા ॥ ૩ ॥

શ્રીદત્તાત્રેયજનની ચંદ્રમાતા મનસ્વિની ।
દુર્વાસોજનયિત્રીશા જગત્સંકટવારિણી ॥ ૪ ॥

ચતુર્વિંશતિનામાનિ મંગલાનિ પરાણિ ચ ।
પાવનાન્યનસૂયાયા દત્તમાતુઃ પઠેન્નરઃ ॥ ૫ ॥

ત્રિકાલમેકકાલં વા શ્રદ્ધાભક્તિસમન્વિતઃ ।
તસ્ય ધર્મે રુચિર્દત્તભક્તિર્મુક્તિઃ ક્રમાદ્ ભવેત્ ॥ ૬ ॥

કરી પ્રાર્થના એહવી; વંદી અનસૂયા માત; આવ્યા સીનોર ગામમાં ત્રિમૂર્તિ એ સાક્ષાત્. ૧૦૨

માર્કંડેશ્વર મંદિરે રહ્યા કંઈક દિન દેખ !
ભવત્રાસે ત્રાસી તિહાં ગુર્જર બ્રાહ્મણ એક, ૧૦૩

તલંગપુરનો વાસી જે ગાંડો નામે જાણ;
આવ્યો શરણે શ્રી તણા અનન્યભાવે માન. ૧૦૪

સાથ નિકોરા ગામમાં ત્યાંથી બેઉ જાય;
દીક્ષા યોગાભ્યાસની આપી એને ત્યાંય, ૧૦૫

ઝાડેશ્વર થઈ શ્રીગુરુ કરતાં તીર્થભ્રમણ,
આવ્યા ગિરિ ગિરનાર આ વેગે સચ્ચિદ્ઘન. ૧૦૬

દત્તપાદુકાને કરી વંદન ભાવે આંહ્ય,
ગયા સોરઠી સોમનાથ જાણ એમ ગુરુરાય. ૧૦૭

બાળંભટ્ટ પૂજારીની પ્રાર્થનાથી એહ,
રહ્યા કંઈક દિન ત્યાં પ્રભુ લોકોદ્ધારક તેહ. ૧૦૮

વડોદરાના દેશપાંડે સૂબાદિક ત્યાંય
બડાબડા અધિકારી ત્યાં સ્વામીદર્શને જાય. ૧૦૯

ગુરુદર્શનથી એમની થઈ નાસ્તિકતા નષ્ટ;
થયા સનાતન ધર્મના અનુયાયી એ સ્પષ્ટ. ૧૧૦

પ્રભાસથી ગુરુવર તદા પ્રાચી સરસ્વતી જેહ,
પાવનતમ સુક્ષેત્ર જ્યાં ત્યજે શ્રીકૃષ્ણ દેહ; ૧૧૧

જઈ તિહાં શ્રીકૃષ્ણનું કરી સ્તવન સપ્રેમ,
નમન કરી સદ્ભાવથી ચાલ્યા આગળ એમ. ૧૧૨

આવ્યા સુદામાપુરી, વદે જેહને લોક
પોરબંદર આ સમે; ત્યાંથી પુણ્યશ્લોક ૧૧૩

જાય દ્વારકામાં તદા; પ્રાર્થી શ્રીકૃષ્ણ ત્યાંય
વંદન કરી સદ્ભાવથી આચાર્યમઠે જાય. ૧૧૪

ચોમાસું એ સાલનું આચાર્યમઠે એહ
કરી શ્રીગુરુ પ્રેમથી, છપ્પનિયામાં તેહ; ૧૧૫

થઈ અવર્ષણ[1] મોહટો પડ્યો દુકાળ જ્યાંય,
આગાહી પૂર્વેજ એ કરી'તી શ્રીએ ત્યાંય. ૧૧૬

સમશ્લોકી ગુરુચરિતની ટીકા ત્યાં સંસ્કૃત
રચે દ્વારકામાં તદા, અતીવ જે ઉત્કૃષ્ટ. ૧૧૭

ચોમાસું પૂરૂં કરી, ફરતા તીર્થે એમ
ગાંડા સાથે શ્રીગુરુ રાજકોટાદિ તેમ ૧૧૮

૧. વરસાદનું ન પડવું.

માર્ગે થઇ વેગે પધાર્યા સિદ્ધપુર માંહ્ય;
માતૃગયા જેને કહે, રહ્યા આવીને ત્યાંય; ૧૧૯

વહે સરસ્વતી નિર્મલા, પાવન જ્યાં આગળ;
મહિમા એનો જાણીને રહ્યા એમ ગુરુવર. ૧૨૦

સૂણી વચન એ પ્રશ્ન ત્યાં કરે નિરંજન એહઃ-
ક્ષેત્રોત્પત્તિ શેં થઇ ? કહો કૃપા કરી તેહ. ૧૨૧

માતૃગયા શાથી કહે લોકો એને આંહ્ય ?
શિષ્યપ્રશ્ન એ સાંભળી વદે અલખ જે ત્યાંય; ૧૨૨

આગળ અનુસંધાન એ કેવળ રસની ખાણ,
સૂણતાં શ્રદ્ધાભક્તિથી રહે ન બીજાું ભાન ! ૧૨૩

પાર ન ગુરુલીલા તણો, ગાતાં થાકે શેષ;
કોણ **રંગ** ત્યાં બાપડો ? વૃથા અહંતાકલેશ !! ૧૨૪

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે સગુણભક્તિરહસ્યકથનાદિ નામ અષ્ટાવિંશત્યધિકશતતમોऽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૨૮ ॥ દોહરા ૧૨૪. અભંગ ૧. સ્તોત્ર ૧

## અધ્યાય ૧૨૯

અલખ કહેઃ-સૂણ બાળ હે ! ક્ષેત્ર સિદ્ધપુર જેહ,
ઉત્પત્તિ તેની કહું; સર્વદોષહર તેહ. ૧

સપ્ત પ્રજાપતિ માંહ્ય જે કર્દમ નામે જાણ
માનસપુત્ર વિરિંચિનો તાતાજ્ઞાથી માન ૨

આવી સરસ્વતીને તટે, કરે તપસ્યા એહ
દશ સહસ્ર વરસો સુધી; થઇ કાષ્ઠવત્ દેહ ! ૩

રીઝ્યા વિશ્વભંર તદા શેષશયન ભગવાન,
થઇ તુષ્ટ તપથી તિહાં થયા પ્રગટ તું જાણ; ૪

અનંત રવિ સમ તેજથી ભાસે ઉજ્જવલ જેહ,
શંખ ચક્ર ગદા અને પદ્મ ગ્રહી કર તેહ. ૫

શેષછત્ર શિર પર લસે, સુંદર મુકુટ સુહાય;
હૃદયે કૌસ્તુભ, કંઠમાં વનમાલા છે ત્યાંય. ૬

લક્ષ્મીજી સહ ગરુડ પર બેસી પ્રગટ્યા તેમ;
જોઇ કર્દમ રૂપ એ કરે સ્તવન સપ્રેમઃ- ૭

હે ગોવિંદ દયાનિધે દૈત્યાંતક વિભુ નાથ !
ભક્તવત્સલા હે હરે ! પ્રણમું જોડી હાથ. ૮

અનંત જન્મો તપ કરી ત્વદ્દર્શનમિષ આંહ્ય
કરે કષ્ટ યોગિજનો ! તે ત્વત્પદમાં કાય ૯

અર્પું આ વિશ્વેશ હે ! ત્વન્માયાથી તેમ,
ઉત્પત્તિ સ્થિતિ લય કરે તુંજ જગત્પ્રભુ એમ. ૧૦

ભક્તોનો આધાર તું, પાપતાપહર એક;
તે તુજને પ્રણમું પ્રભો; [૧]દૈન્યાંતક વિભુ છેક !! ૧૧

જોઇ તપ ઋષિવર તણું, સૂણી પ્રાર્થના તેમ,
આનંદે શ્રીહરિ તણા નીર નેત્રાથી એમ ૧૨

સ્રવ્યું[૨] ભૂતલે; હર્ષબિંદુઓ એ જે સ્થાન
પડ્યાં, તે જ થયું જગે બિંદુસરોવર જાણ. ૧૩

જઇ સિદ્ધપુરમાં અહીં, બિંદુસરોવર માંહ્ય
કરે સ્નાન તે પતિત પણ પાવન નિશ્ચય થાય. ૧૪

વદે ગરુડવાહન તદા કર્દમમુનિને એહઃ-
સ્વાયંભૂમનુની મુને શતરૂપા સ્ત્રી જેહ, ૧૫

દેવહૂતિ તત્કન્યકા જાણ લાવણ્યખાણ;
કરી લગ્ન તે સાથ રે' ગૃહસ્થાશ્રમે માન. ૧૬

કન્યા નવ થાશે તને દેવહૂતિથી એહ;
બ્રહ્મજ્ઞાની સુત પછી અંશ માહરો જેહ. ૧૭

વદી એમ કમલાપતિ થયા ગુપ્ત તત્કાળ;
આવી નારદમુનિ વદે મનુને ત્યાં નિર્ધારઃ- ૧૮

દેવહૂતિને આ [૩]મનો ! કર્દમ ઋષિને આંહ્ય
આપ શીઘ્ર, કહી એમ ત્યાં નારદ તત્ક્ષણ જાય. ૧૯

બ્રહ્માવર્ત થકી તથા કન્યા રાણી સાથ
કર્દમ મુનિના આશ્રમે આવી મનુ સાક્ષાત્, ૨૦

વંદી ઋષિને પ્રાર્થના કરે જોડી કર ત્યાંયઃ-
દર્શનથી હું આપના થયો કૃતકૃત્ય આંહ્ય. ૨૧

ધન્ય તપસ્યા આપની ! થયો તુષ્ટ હું ખાસ;
કરૂં પ્રાર્થના એક આ ચરણકમળની પાસઃ- ૨૨

દેવહૂતિ મમ કન્યકા ઉંમરલાયક જેહ,
વરી ગૃહસ્થાશ્રમ તણો કરો સ્વીકાર તેહ. ૨૩

મનુપ્રાર્થના એ સૂણી વદે મુનીશ્વર ત્યાંયઃ-
સાંભળ આ મદ્વાક્યને; ત્વકન્યાને આંહ્ય ૨૪

થતાં પુત્ર હું નિશ્ચયે છોડી ગૃહસ્થાશ્રમ,
જઇશ વનમાં તત્ક્ષણે લઇ [૪]તુર્ય આશ્રમ. ૨૫

હોય માન્ય આ તો ભલે આપો કન્યાદાન !
'કબૂલ' કહી મનુ દેવહૂતિને યથાવિધાન ૨૬

૧. દૈન્ય, ગરીબાઇ હરનાર, ૨. ઝર્યું; નીકળ્યું. ૩. હે મનુ, ૪. ચોથો; સંન્યાસ

અર્પી કર્દમને તદા, લઇ ઋષ્યાજ્ઞા તેમ
આવી બ્રહ્માવર્તમાં રહ્યા પૂર્વવત્ એમ. ૨૭

મૃત્યુલોકમાં સૃષ્ટિના પ્રારંભે તું જાણ
લગ્ન આજ પ્હેલું થયું; તે કારણથી માન ૨૮

શ્રીક્ષેત્ર એને વદે થયું લગ્ન જ્યાં એહ;
ગુર્જરદેશે સિદ્ધપુર નામે પ્રસિદ્ધ તેહ. ૨૯

આવ્યું સરસ્વતીતટે, આબુ પાસે એમ;
દેવહૂતિ સહ ત્યાં રહ્યા કર્દમ મુનિવર તેમ. ૩૦

કાયા વાચા મન થકી સેવા અનન્ય એહ
દેવહૂતિ મનુકન્યકા કરે કંથની તેહ. ૩૧

રાતદિવસ સેવા મહીં રહે ખંતથી તેમ;
આવી કૃશતા દેહમાં કરતાં સેવા એમ. ૩૨

ગયો કાળ કંઇ એમ ત્યાં, થયા તુષ્ટ ઋષિરાય;
કહે એકદાઃ-હે પ્રિયે ! ત્યજી રાજ્યસુખ આંહ્ય ૩૩

એકનિષ્ઠ તેં માહરી કીધી સેવા જેહ,
પતિસેવાતપથી થઇ કૃશ અતિ આ તુજ દેહ. ૩૪

દિવ્ય દૃષ્ટિ આપું હવે, જેથી ભવભયનાશ
થઇ, દુઃખ રે'શે નહીં; પૂર્ણાનંદે ખાસ ૩૫

રહીશ મગ્ન તું સર્વદા, ના કર ઉર સંદેહ !
વંદે દેવહૂતિ સૂણી પતિવચન ત્યાં એહઃ- ૩૬

લગ્નપ્રસંગે જે કરી નાથ પ્રતિજ્ઞા આંહ્ય
થઇ પૂર્ણ ના તે હજી ! સૂણી એહ મુનિ ત્યાંય. ૩૭

અદ્‌ભુત એક વિમાન ત્યાં યોગપ્રભાવે જાણ
કરે ઉત્પન્ન ક્ષણ મહીં; પલકવારમાં માન ૩૮

જાય જેહ ઇચ્છિત સ્થળે; સ્વયંપૂર્ણ જે તેમ
દાસદાસી આદિક બધી સામગ્રીથી એમ. ૩૯

ન્યૂન એક વસ્તુ નહીં ખાદ્યપેય મુખવાસ;
ભર્યું હવાઉજાસથી, તેજે રવિ સમ ખાસ. ૪૦

જોઇ એહ વિસ્મિત થઇ દેવહૂતિ એ ત્યાંય,
પિતૃરાજ્યસંપત્તિને ભૂલી વદે મન માંહ્યઃ- ૪૧

અહો યોગસામર્થ્ય આ દેવલોકથી એમ
શ્રેષ્ઠ ઐશ્વર્ય યોગીનું, દીઠું પ્રત્યક્ષ તેમ !! ૪૨

વદે ઋષીશ્વર એહનેઃ-પ્રિયે કરીને સ્નાન,
વસ્ત્રાલંકારો બધા કરી શીઘ્ર [1]પરિધાન, ૪૩

દિવ્ય વિમાને બેસ આ દાસદાસી સહ એમ !
મુનિવચન એ સાંભળી દાસીજન સપ્રેમ ૪૪

સુગંધ દ્રવ્યો ચોળીને દેવહૂતિને જાણ,
તેલ નાંખીને વાળમાં ઓળી સુંદર માન; ૪૫

ઉષ્ણોદકથી સર્વ એ ન્હવડાવી તત્કાળ,
સ્નાનોત્તર [2]વપુને ફરી ઉત્તમ પરિમલ[3] સાર ૪૬

ચર્ચી, કંકુમાદિક કરી, દિવ્યાભૂષણ તેમ
પ્હેરાવી, સાડી જરિયન પ્હેરાવે એમ; ૪૭

ઝાલી હાથ સન્માનથી દિવ્ય મંદિરે ત્યાંય
રત્નજડિત પર્યંક પર બેસાડી વરકાય, ૪૮

લઇ [4]વ્યજન કરમાં સહુ નાંખે પંખો તેમ !
કર્દમ મુનિ પણ વેગથી આવી [5]મંચકે એમ ૪૯

બેસી યોગબળે તદા કરતાં આજ્ઞા ત્યાંય,
તેજઃપુંજ વિમાન એ ઊડે ક્ષણે નભ માંહ્ય, ૫૦

સરસ્વતીતટથી તથા ઊડી ક્ષણમાં એહ,
આવ્યું સુમેરુપર્વતે મનોવેગથી તેહ; ૫૧

ધો ધો શબ્દે જ્યાં પડે ગંગા પાવન જાણ,
કોણ મનુષ્ય બાપડા જાવા ત્યાંય પ્રમાણ ? ૫૨

શક્તિ અલૌકિક ઋષિ તણી ! ગયા ક્રીડાર્થ ત્યાંય,
વિહારસ્થાનો દેવનાં ઓપે અગણિત જ્યાંય. ૫૩

વૈશ્રંભક સુરસેન ને પુષ્પભદ્રક તેમ,
નંદન ચૈત્રરથાદિ જે દેવોદ્યાનો એમ, ૫૪

સર્વ બતાડ્યા દેવહૂતિને ઋષિએ તેહ;
રહ્યાં ક્રીડાર્થ ત્યાં સુખે પતિપત્ની બે એહ. ૫૫

આવ્યાં માનસરોવરે, કર્યું પ્રેમથી સ્નાન;
ભૂમંડલ ઘૂમ્યાં બધું, એમ વિમાને જાણ. ૫૬

સો વરસો વીત્યાં તથા ! વખત એટલા માંહ્ય,
દેવહૂતિને કન્યકા થઇ નવ ત્યાં વરકાય. ૫૭

ઋષિતેજે, સદ્‌ગુણ તણી ખાણ જેહ સંપૂર્ણ;
આવ્યાં સરસ્વતીતટે ફરી એમ બે તૂર્ણ. ૫૮

લેવા તૂર્યાશ્રમ કરે વિચાર મુનિવર ત્યાંય,
જોઇ દેવહૂતિ તદા પ્રાર્થે એ નતકાયઃ- ૫૯

કરી પ્રતિજ્ઞા જે સ્વયં નાથ વિચારો તેહ;
લો સંન્યાસ પછી ભલે ! પ્રથમ કન્યકા એહ ૬૦

પરણાવો નવ જોઇને [6]નવશા યોગ્ય સુજાણ;
પછી શોક મુજ જે હરે એવો પુત્ર પ્રમાણ ૬૧

બ્રહ્મજ્ઞાની દો મને; માગું એજ કૃપાળ !
સૂણી વચન એ ઋષિ વદેઃ- પ્રિયે પ્રથમ નિર્ધાર ૬૨

૧. પહેરવું તે. ૨. શરીરને. ૩. સુગંધી ૪. પંખો. ૫. પલંગ. ૬. વર.

નિર્ગુણધ્યાને ઈશનું કર ચિંતન સપ્રેમ;
કૃપાપ્રસાદે એહના બ્રહ્મજ્ઞાની તેમ ૬૩

થશે પુત્ર તુજને નકી, મા શંકા કર આન !
સૂણી દેવહૂતિ તથા પરમેશ્વરનું ધ્યાન ૬૪

ધરે એકનિષ્ઠા થકી; જોઈ તપસ્યા એહ
થયા ચક્રપાણિ તદા પ્રસન્ન [1]મધુરિપુ તેહ. ૬૫

કર્દમઋષિના તેજથી, દેવહૂતિના તેમ
કરે ગર્ભમાં તત્ક્ષણે પ્રવેશ શ્રીહરિ એમ. ૬૬

નવ માસ દશમે દિને થયા પ્રગટ ત્યાં જાણ
સાંખ્યશાસ્ત્રકર્તા તદા હૃષીકેશ ભગવાન ! ૬૭

વાગે દુંદુભિ સ્વર્ગમાં થાય [2]સુમનવર્ષાવ;
નાચે પ્રેમે અપ્સરા, ગાય ગંધર્વરાવ !! ૬૮

થાય મહોત્સવ સ્વર્ગમાં; સ્વપુત્રાશ્રમ તેમ
આવી [3]ચતુરાનન વદે કર્દમને સપ્રેમઃ- ૬૯

સાધન સેવા મુક્તિનું માતપિતાની આંહ્ય;
ચરણકમળ શ્રીગુરુ તણાં ભજતાં ભવભય જાય. ૭૦

કર્યું સાર્થક તેં દેહનું પાળી વચન મમ એમ;
મરીચ્યાદિ ઋષિને હવે અર્પી કન્યકા તેમ; ૭૧

કર વિસ્તાર સુવંશનો; મમ વચને વિશ્વાસ
રાખ્યો તેં તેથી સુધી ! પદ્મ[4] યત્પદે ખાસ. ૭૨

[5]મધુકૈટભારિ ત્વદ્‌ગૃહે આમ અવતર્યો જાણ;
મિથ્યાજ્ઞાન હરી બધું અનેક ઋષિને માન ૭૩

ઉદ્ધરશે એ ભૂતલે; સાંખ્ય વેદાંતમૂલ
સ્થાપન કરશે નિશ્ચયે સર્વપૂજ્ય એ શૂર. ૭૪

કપિલદેવ નામે થશે પ્રસિદ્ધ સઘળે એમ !
એમ કહી નારદ અને કુમારાદિ સહ તેમ ૭૫

જાય બ્રહ્મલોકે [6]વિધિ ! આજ્ઞા સમ કર્દમ
બ્રાહ્મવિવાહે કન્યકા અર્પે એ ઉત્તમ. ૭૬

આપી કલા મરીચિને, અત્રિઋષિને એમ
દીધી અનસૂયા તદા પતિવ્રતોત્તમ તેમ. ૭૭

શ્રદ્ધા નામે અંગિરાઋષિને આપી જાણ;
પુલસ્ત્યને દીધી તથા હવિર્ભૂ પ્રેમે માન. ૭૮

પુલહને ગતિ, સત્ક્રિયા આપી ક્રતુને તેમ;
ભૃગુને ખ્યાતિ, અરુંધતી વસિષ્ઠને સપ્રેમ; ૭૯

શાન્તિ અથર્વાને તથા ! એવું કન્યાદાન
થતાં, યથાવિધિ દેવહૂતિને લાગ્યું જાણઃ- ૮૦

પતિવિયોગ થશે હવે, થઇ પ્રતિજ્ઞા પૂર્ણ;
થયો પુત્ર મુજને, પતિ થશે સંન્યાસી તૂર્ણ. ૮૧

ના એમાં ભલીવાર કાંઇ મુજનો નિઃશંક;
કર્યા પરિશ્રમ જે અહીં વ્યર્થ તેહ બેશક. ૮૨

દૃશ્યમાન જે આ બધું, થાશે ક્ષણમાં નાશ;
ક્ષણભંગુર આ નિશ્ચયે સર્વ માયાવિલાસ ૮૩

ગયા દિવસ સહુ વ્યર્થ આ, વૃથા ભોગવ્યા ભોગ !
જીંદગાની એળે ગઇ !! અંતે શો ઉપયોગ ? ૮૪

માટે પ્રાર્થી કંથને માગું આત્મજ્ઞાન;
શુદ્ધ જ્ઞાને જે નડે શોકમોહ ના માન. ૮૫

એવો નિશ્ચય ઉર કરી દેવહૂતિ એ ત્યાંય,
પ્રાર્થે પતિને વિનયથી જોડી કર નતકાયઃ- ૮૬

પ્રાણનાથ જ્ઞાનેશ્વરા ! દાસી પર આ એમ
કૃપાદૃષ્ટિ ફેંકો અહીં, થાઉં કૃતાર્થ જેમ. ૮૭

પરમેશ્વર પ્રત્યક્ષ છો આપ કૃપાસાગર;
આપજ આ દાસી તણા ગુરુવર ચિંતાહર. ૮૮

જલ વિણ જેવું માછલું, વત્સ જેમ વિણ ગાય,
તેમ વિયોગે આપના રે'શે દાસી ક્યાંય ? ૮૯

હું દૂષિત અતિ, આપ તો ચિત્સ્વરૂપ નિર્દોષ;
આનંદાર્ણવ આપ છો, હું ભ્રાંતિનો કોશ ! ૯૦

પાસે છતાંય વૈદ્ય; ના પૂછે રોગી જેમ;
પીડાએ અતિ રોગથી ! થયું મને પણ તેમ. ૯૧

ભ્રાંતિરૂપ જગ આ બધું દિસે સ્વપ્નવત્ ખાસ,
સત્ય જ્ઞાન તણો કરો હૃદયે દેવ પ્રકાશ; ૯૨

જેથી ભવભય ના રહે ! ત્રિકાલદર્શી આપ;
કૃપા કરી તારો પ્રભો, કરી દૂર સંતાપ. ૯૩

ભમતાં આ [7]ભવકાનને, અહંકાર [8]અહિ દુષ્ટ
કરડી એકાએક જ્યમ આવે અંધત્વ તૂર્ત; ૯૪

થયું તેમ મુજને અહીં રમતાં વિષયે દેવ,
જ્ઞાનાંજનથી દિવ્ય દૃષ્ટિ આપો તતખેવ. ૯૫

પ્રાણનાથ ! સંસાર આ દુઃખરૂપ અસાર;
ગભરાએ મન સ્મરણથી કન્યા સુત પરિવાર. ૯૬

માટે મુક્ત કરો પ્રભો ભવભીતિથી એહ;
કલ્પવૃક્ષ સમ સંતજન, ના એમાં સંદેહ ! ૯૭

વચન દેવહૂતિ તણાં સૂણી મુનીશ્વર ત્યાંય
કહેઃ-પ્રિયે ! સુત જે થયો તને, વિષ્ણવંશ આંહ્ય. ૯૮

૧. મધુદૈત્યના શત્રુ. ૨. પુષ્પવૃષ્ટિ. ૩. બ્રહ્મા. ૪. કમળનું ચિહ્ન. ૫. મધુકૈટભનો શત્રુ ૬. બ્રહ્મા. ૭. સંસારરૂપી અરણ્ય ૮. સાપ.

સર્વ મનોરથ તાહરા કરશે પૂરણ એહ;
છે આશિષ મારી તને ! કહી એમ મુનિ તેહ, ૯૯
લેવા તુર્યાશ્રમ તદા પુત્રાજ્ઞાર્થે તેમ
આવી કપિલ ભગવાનને વદે વિનત સપ્રેમઃ- ૧૦૦
ઈશ ! તને સુત માહરો કહું કેમ હું આંહ્ય ?
કુલદૈવત તું માહરૂં આ ભવસાગર માંહ્ય. ૧૦૧
તુજ દર્શન કારણ મથે કરી ઉગ્ર તપ જેહ
વર્ષ હજારો યોગીઓ, તોયે દુર્લભ એહ ૧૦૨
દર્શન તારૂં તેમને ! તે તું ભક્તાધાર
થઇ પુત્ર મુજ ઘેર આ આવ્યો ભક્તકૃપાળ !! ૧૦૩
ભક્તજનોને તારવા, દુષ્ટ મર્દવા તેમ,
વચન પાળવા નિજ પ્રભો ધર્યો અવતાર એમ. ૧૦૪
સગુણરૂપ થઇ મદ્‌ગૃહે થયો પ્રગટ તું ધન્ય;
રિદ્ધિસિદ્ધિદાતા વિભો, પ્રણમું તને અનન્ય ! ૧૦૫
સિદ્ધોનો પણ સિદ્ધ તું, પરમેશ્વર સાક્ષાત્;
કરવા દીનોદ્ધાર આ ધર્યો અવતાર તાત ! ૧૦૬
દે લેવા સંન્યાસ ભો આજ્ઞા મુજને દેવ;
ત્યજી સંગ જાઉં સુખે વનમાં હું તતખેવ ! ૧૦૭
કરજે રક્ષા માતની, કરી મનોરથ પૂર્ણ;
દે આજ્ઞા જાઉં હવે, લઉં સંન્યાસ તૂર્ણ. ૧૦૮
વિનંતિ એ કર્દમ તણી સૂણી કપિલ ભગવાન
વદેઃ-ઋષીશ્વર ! આપની ભક્તિ શુદ્ધ સજ્ઞાન ૧૦૯
જોઇ, પૂર્ણ આધીન હું થયો આપને તેમ;
દેવહૂતિમાતા તણી કૂખે પ્રગટ્યો એમ. ૧૧૦
હું ભક્તોનો ભક્ત મારા નિઃસંશય આંહ્ય;
લો સંન્યાસ પિતા સુખે, રહો નિઃસંગ ત્યાંય. ૧૧૧
સત્ય પ્રતિજ્ઞા આપની કરીશ નિશ્ચયે તેમ;
મુક્તિમાર્ગ નિજ માતને શીઘ્ર બતાડી એમ, ૧૧૨
શોકરહિત જ્ઞાને તથા કરીશ નિશ્ચયે આંહ્ય !
પુત્રવચન એ સાંભળી કર્દમ મુનિ નતકાય. ૧૧૩
પરિક્રમાવંદન કરી ગયા અરણ્યે જાણ;
રહી સંન્યાસનિયમથી કરી સુસ્થિર જ્ઞાન, ૧૧૪
પામ્યા વિદેહમુક્તિ ત્યાં ! દેવહૂતિ મા હન્ત
આ ગમ કંથવિયોગથી થયાં ખિન્ન અત્યન્ત. ૧૧૫
કપિલદેવ જોઇ તથા, આપી સાંત્વન એહ;
બોધી સમ્યગ્ જ્ઞાન ત્યાં હરે સર્વ સંદેહ. ૧૧૬
ભાગવતાદિક ગ્રંથમાં કથ્યો એહ વિસ્તાર;
વર્ણન કરતાં સર્વ એ વધે ગ્રંથ અનિવાર. ૧૧૭
જ્ઞાન એક બીજાું નહીં, જ્ઞાનકાંડમાં તેહ
અર્જુનાદિક ભક્તને બોધ્યું પ્રભુએ જેહ. ૧૧૮
એજ દેવહૂતિ તદા સૂણી સુતમુખે જાણ,
દીર્ઘકાલ અભ્યાસ ત્યાં કરી નિરંતર માન; ૧૧૯
સ્વસ્વરૂપે જગ બધું જોવા લાગ્યાં તેમ,
ચિત્તનિરોધ કરી તથા પામ્યાં નિર્વાણ એમ. ૧૨૦
અંતે શરીર એમનું સરસ્વતીજલ માંહ્ય
એકરૂપ થયું અહીં; પાવનતમ યત્કાય ૧૨૧
ધન્ય દેવહૂતિ અહા જગજ્જનની એ તેમ;
દેહસમાપ્તિ એમની થઇ શ્રીસ્થલે એમ. ૧૨૨
સિદ્ધોના પણ સિદ્ધ જે કપિલમુનિ ભગવાન,
તત્પુર તેથી સિદ્ધપુર કે'વાયું એ માન. ૧૨૩
શેષાદિક પણ ના લહે મહિમા એનો તેમ;
ઔર્ધ્વદૈહિક દેવહૂતિનું ત્યાં સપ્રેમ, ૧૨૪
કરે કપિલ ભગવાન એ સાક્ષાત્ યથાવિધાન;
માતૃગયા નામે થયું પ્રસિદ્ધ ત્યારથી સ્થાન. ૧૨૫
આપ્યો વર કપિલે તદા જાણ સ્થાનને એહઃ-
આવી એ તીર્થે કરે સ્નાન ભક્તિથી જેહ ૧૨૬
બિંદુસરોવરમાં તથા સરસ્વતીજળ માંહ્ય,
તેમ શ્રાદ્ધ માતા તણું કરે યથાવિધિ ત્યાંય; ૧૨૭
માતૃત્રયી તેની જઇ બ્રહ્મલોકમાં જાણ,
પામે અક્ષય સુખ તિહાં પિતૃત્રય સહુ માન. ૧૨૮
સર્વ પિતૃઓ એહના પામે સદ્‌ગતિ તેમ;
માતૃગયા આ વિણ કર્યે યથાપ્રકારે એમ, ૧૨૯
નિજ માતાના ઋણ થકી થાએ મુક્ત ન જાણ !
એવો વર આપે સ્વયં તદા કપિલ ભગવાન. ૧૩૦
માતપિતાની મૂર્તિઓ કર્દમસુતની તેમ
મંત્રાભિષેકથી અહીં પૂજે જે સપ્રેમ, ૧૩૧
બ્રાહ્મણભોજન આદરે કરી સદક્ષિણ જાણ,
પામે અનંત પુણ્ય એ; ના શંકા ત્યાં માન. ૧૩૨
ક્ષેત્રે આ જપતપ કરે અનુષ્ઠાન વા તેમ,
પામે સત્વર સિદ્ધિ એ; ક્ષેત્રમાહાત્મ્ય એમ. ૧૩૩
એવા પવિત્ર ક્ષેત્રમાં સિદ્ધપુરે ગુરુનાથ
હાટકેશ્વરના શિવાલયમાં એહ સુજાત ૧૩૪
રહ્યા કંઇક દિન પ્રેમથી ! બ્રહ્મચારી ત્યાં એક
આવ્યો કર્ણાટક તણો તીર્થયાત્રાર્થ દેખ. ૧૩૫
દૈવે વ્યાધિગ્રસ્ત એ થયો તિહાં સુકુમારઃ
ખાનપાનાદિક તણી એના ત્યાં નિર્ધાર ૧૩૬

યોગ્ય વ્યવસ્થા રાખવા કહે શ્રીગુરુ તેમ;
સૂણે કોઇ ના તદા ! જોઇ દુર્દશા એમ, ૧૩૭

વદે કૃપાંબુધિ શ્રીગુરુ ગાંડાને તત્કાળઃ-
પંદર દિન આની બધી તુંજ વ્યવસ્થા બાળ ૧૩૮

રાખ ખાનપાનાદિની; દેખે કોઇ ન આંહ્ય !
સૂણી વચન ગાંડો કરે સર્વ વ્યવસ્થા ત્યાંય. ૧૩૯

થતાં દિવસ પંદર તથા, બ્રહ્મચારીનું એહ
દેહાવસાન જાણીને શ્રીગુરુ પોતે તેહ, ૧૪૦

સ્વસ્થાનેથી ઊઠીને આવી એની પાસ
કહેઃ-પ્રાણનું આ અરે થાય ઉત્ક્રમણ ખાસ. ૧૪૧

માટે ઈશ્વરનું હવે કર સાવધ તું ધ્યાન !
સૂણી વચન શ્રીગુરુ તણાં, બ્રહ્મચારી એ જાણ ૧૪૨

આનંદે હરિનામનો કરી ઘોષ સુસ્વસ્થ,
ઈશધ્યાનમાં પ્રાણનું કરે ઉત્ક્રમણ મસ્ત !! ૧૪૩

ધન્ય ભાગ્ય એનાં નકી; માટે સદ્‌ગુરુ એમ,
અંતકાળમાં સંનિધે આવ્યા ત્રિમૂર્તિ તેમ. ૧૪૪

ક્રમમુક્તિ એને તથા આપે ગુરુવર એહ;
રહી કંઇક દિન એમ એ સિદ્ધપુરે સસ્નેહ, ૧૪૫

આવ્યા ડાકોરે પ્રભુ; જિહાં રણછોડરાય
ભક્તોદ્ધારક એ વસે, દર્શનથી અઘ જાય. ૧૪૬

બોડાણાના ભાવથી સ્વયં દ્વારકાંનાથ
ત્યજી દ્વારકા કૃષ્ણજી આવ્યા જ્યાં સાક્ષાત્ ! ૧૪૭

સૂણી નિરંજન એ વદેઃ-કહો સવિસ્તર એહ;
ત્યજી દ્વારકાં કૃષ્ણ શેં આવ્યા ત્યાં સસ્નેહ ? ૧૪૮

બોડાણો એ કો વળી ? ધન્ય એહનું નામ !
કથો સર્વ કૃપા કરી એ આખ્યાન તમામ. ૧૪૯

શિષ્યવચન એ સાંભળી, વદે અલખ જે ત્યાંય;
આગળ અપૂર્વ **રંગ** એ, સૂણતાં ભવભય જાય !! ૧૫૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે માતૃગયાખ્યાનં નામ એકોનત્રિંશદધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૨૯ ॥ દોહરા ૧૫૦

## અધ્યાય ૧૩૦

અલખ કહેઃ સૂણ બાળ હે ! અદ્ય ડાકોર જ્યાંય,
પૂર્વે જંગલ ત્યાં હતું; વ્યાઘ્રાદિક જ્યાં ધાય ૧

ડંકઋષિ નામે હતા તિહાં તપસ્વી એક;
દેખી તપસ્યા એમની, થયા તુષ્ટ શિવ દેખ. ૨

શિવવરદાને તે સ્થળે વસ્યું ડાકોર એહ;
આજે પણ પ્રત્યક્ષ જ્યાં ડંકનાથ શિવ તેહ. ૩

વરસ સાતસો પર તિહાં ભક્ત એક મહાન
વિજયસિંહ નામે થયો જાતે રજપૂત જાણ. ૪

બોડાણો એને કહે, શાન્ત દાન્ત જે એમ;
વર્તે સન્માર્ગે સદા બાળાપણથી તેમ. ૫

અનન્ય ભક્તિ એહની જોઇ દ્વારકાધીશ,
આવ્યા ડાકોરે સ્વયં કૃષ્ણચંદ્ર જગદીશ. ૬

કહું કથાનક સર્વ એ, સાંભળ આપી ધ્યાનઃ-
જ્યારે બોડાણો હતો સોળ વરસનો જાણ; ૭
કૃષ્ણમંત્ર એને તદા ઉપદેશીને એક,
કહ્યું એક યતીશ્વરેઃ-રાખી નિષ્ઠા નેક, ૮
નિયમે જપ આ મંત્રનો કરી નિરંતર આંહ્ય,
તુલસીદલથી શ્રીપતિ પૂજ ભક્તિથી ત્યાંય ! ૯
સ્વતઃપ્રેરણાથી તદા જમણે હાથે એમ
વાવી તુળસી, માંજરો તિહાં આવતાં તેમ; ૧૦

બોડાણો પ્રતિવર્ષમાં બે વખત લઇ એહ,
જઇ દ્વારકામાં પગે, અર્પે ભાવે તેહ. ૧૧

કૃષ્ણમંત્રનો નિયમથી કરે જાપ પણ તેમ;
વાવી તુળસી હાથમાં અર્ચે હરિને એમ. ૧૨

સોળ વરસથી એહવી અનન્ય ભાવે જાણ
કરતાં ભક્તિ ભક્ત એ થયો વૃદ્ધ અતિ માન. ૧૩

રહી શક્તિ ના ચલનની, કંપે થરથર દેહ;
તોય બસેં ગાઉં તથા ચાલીને નિત એહ, ૧૪

બે વખત ડાકોરથી જાય દ્વારકાં તેમ;
નિયમ જેહ પ્રતિવર્ષનો ના ચૂકે કદિ એમ ! ૧૫

અનન્ય નિષ્ઠા એહની, ભક્તિ નિઃસીમ એહ,
જોઇ દ્વારકાધીશ ત્યાં સ્વગત વિચારે તેહઃ- ૧૬

થયો ભક્ત અતિ વૃદ્ધ આ; હરવા એનો ત્રાસ,
કરૂં યોજના કાંઇ હું વિના વિલંબે ખાસ. ૧૭
ત્યાં તો બોડાણો તથા નિત્ય નિયમ સહ એહ
વાવી તુળસી હાથમાં, ધીમે ધીમે તેહ ૧૮
માર્ગ કાપતો દ્વારકાં શરદ ઋતુમાં તેમ
આશ્વિન માસે મંદિરે આવી પ્હોંચ્યો એમ. ૧૯
અરપી તુળસી ભાવથી કૃષ્ણપદે તત્કાળ,
કરી દંડવત્ જ્યાં કરે વૃત્તિ સ્થિર નિર્ધાર; ૨૦

મૂર્તિ તિહાં પાષાણની કૃષ્ણચંદ્રની તેહ
વદે પ્રત્યક્ષઃ-ભક્ત હે ! સદ્‌ભક્તિથી એહ ૨૧

થયો તુષ્ટ હું તાહરી; આવું તારી સાથ
ચાલ ડાકોરમાં સુખે રહીએ બે સંગાત. ૨૨

વાહન મુજને બેસવા વિના વિલંબે તેમ
લઇ આવ જા શીઘ્ર તું ! વચન હરિનાં એમ ૨૩

સૂણી, ભક્ત વંદન કરી બોડાણો એ જાણ
આસપાસનાં ગામમાં ફરી પ્રયત્ને માન, ૨૪

માગી લાવ્યો કષ્ટથી ગાડું સુજીર્ણ એક;
બળદ જીર્ણતર[1] જેહના કેવળ દુર્બળ છેક ! ૨૫

અહોરાત્ર ચાલે છતાં જાય ન યોજન જેહ;
કાપે રસ્તો કષ્ટથી; મરવા જેવા તેહ !! ૨૬

ગરીબ બિચારો ભક્ત એ ! આપે કો ઉત્તમ
બળદ એહને ? શકટ[2] પણ એવું છેક અધમ. ૨૭

જાણી નિરુપયોગી તથા આપ્યું કોઇએ જાણ;
પડ્યું ખેન લઇ આવતાં એય ભક્તને માન ! ૨૮

મધ્યરાત્રિનો સમય એ; હાંકી ગાડું એહ
જેમ તેમ મંદિર તણી આવ્યો પાસે તેહ. ૨૯

શયનઆરતી દેવની કરી પૂજારીવૃંદ
તાળાંકૂંચીથી કરી મંદિર ચોકસ બંધ, ૩૦

ગયું હતું નિજ ઘેર એ; એવે સમયે એહ
આવ્યો બોડાણો તથા મંદિર પાસે તેહ. ૩૧

દેવાલયના દ્વારમાં જાય ભક્ત એ જ્યાંય;
અકસ્માત ત્યાં બારણું તત્ક્ષણ ઊઘડી જાય. ૩૨

દોડ્યો આનંદે તદા એહ મૂર્તિની પાસ;
વદે કૃષ્ણમૂર્તિ કરી મંદહાસ્ય ત્યાં ખાસઃ- ૩૩

ભક્તરાજ હે ! કર ત્વરા, ચાલ હવે ઝટપટ;
એમ કહી ભગવાનની મૂર્તિ એ ત્યાં ઝટ ૩૪

બોડાણાના હાથ પર બેઠી પ્રેમે જાણ;
લઇ ભક્ત એ હર્ષથી ગાડા પાસે માન ૩૫

આવી, એને શકટમાં બેસાડે તત્કાળ !
વદે પુનઃ હરિમૂર્તિ એઃ-ભક્તોત્તમ નિર્ધાર ૩૬
હાંક શકટ સત્વર હવે ! કારણ પ્રાતઃકાળ
થતાં પૂજારી વિપ્ર ઇત્યાદિ જન પ્રેમાળ ૩૭

જશે મંગળાઆરતી માટે મંદિર માંહ્ય;
ના જોતાં મમ મૂર્તિ ત્યાં ગભરાઇને ત્યાંય ૩૮

આમતેમ સહુ દોડશે શોધાર્થે જન એહ;
પકડાતાં એ મારશે તુજને નિઃસંદેહ. ૩૯

માટે હાંક કરી ત્વરા ! સૂણી ભક્ત એ જાણ
કરે સારથ્ય[3] ખંતથી; તોય બળદ એ માન ૪૦

પગ ન ઉપાડે જોરથી ! ભોળો ભાવિક એહ,
જેમ તેમ કરી મધ્યરાત્રિથી માંડી તેહ ૪૧

મરઘો બોલે ત્યાં સુધી માંડ દ્વારકાં બ્હાર
આણે શકટી[4] યત્નથી !! જાણી પ્રાતઃકાળ ૪૨

આવ્યો પાસે એમ ત્યાં વદે દ્વારકાંનાથઃ-
ભક્તરાજ, પાછળ હવે બેસ ઘડીક તું તાત ! ૪૩

કરૂં સારથ્ય હુંજ, જો ચાલે ગાડું કેમ
મુજથી; એમ કહી હરિ બેસી આગળ તેમ, ૪૪

લગામ ડાબા હાથમાં લઇ પ્રેમથી જાણ
ચાબુક [5]સવ્યકરે લઇ હાંકે વૃષભ સુજાણ ! ૪૫

કુરુક્ષેત્રના યુદ્ધમાં પૂર્વે હરિએ જેમ
બેસી અર્જુનરથ વિષે કર્યું સારથ્ય એમ; ૪૬

તેમ વૃદ્ધ વૃષભો તણી જીર્ણ શકટિકા આંહ્ય
હાંકે ભક્તપ્રેમથી ધન્ય રણછોડરાય !! ૪૭

બોડાણાનું ભાગ્ય એ કોણ વર્ણવે તેમ,
અર્જુન સમ જેના થયા કૃષ્ણ સારથિ એમ ? ૪૮

અર્જુનથી પણ એહનો જાણ અધિક અધિકાર;
કારણકે પ્રભુ એ સમે હરવા ભૂમિભાર, ૪૯

તેમ ભક્ત નિજ રક્ષવા મનુષ્યરૂપે તેમ
હતા અવતર્યા ભૂ વિષે ! આ તો અપૂર્વ તેમ ૫૦

મૂર્તિ જુઓ તો જડ સમી કેવળ જે પાષાણ;
બોડાણાની ભક્તિથી રીઝી, મનુજ સમાન ૫૧

વાતો કરી પ્રેમે કરે ભક્તસારથ્ય એમ !
સુધન્ય બોડાણો નકી અર્જુનથી પણ તેમ !! ૫૨

લીધી લગામ હાથમાં જિહાં હરિએ એહ,
વાયુવેગથી વૃષભ ત્યાં ચાલે તત્ક્ષણ તેહ ! ૫૩

જાગે જન ડાકોરના તે પહેલાં તો એમ,
આવ્યા વૈકુંઠનાથ એ હાંકી ગાડું તેમ !! ૫૪

રમ્ય સરોવર ગામની પાસે જેહ વિશાળ
આવી સંનિધ તેહની, શિવાલયે તત્કાળ ૫૫

કરી પ્રવેશ રમાપતિ કરે નમન સાક્ષાત્
ડંકનાથને પ્રેમથી ! ત્યાં તો ગણપતિતાત ૫૬

**૧. વધારે ઘસાઇ ગએલા. ૨. ગાડું ૩. હાંકવાનું કામ. ૪. ગાડું. ૫. જમણા હાથામાં.**

શિવ શંકર પ્રત્યક્ષ એ થાય પ્રગટ ત્યાં જાણ;
પ્રેમાલિંગન ઉભય એ કરી પરસ્પર માન, ૫૭
કરી સ્તવન અન્યોન્યનું અદ્વૈતાત્મત્વ એહ
કરી પ્રગટ ! કો વર્ણવે લીલા અગમ્ય તેહ ? ૫૮
તદનંતર મહાદેવ એ કૃષ્ણમૂર્તિને ત્યાંય
બેસાડે નિજ સંનિધે !! એમ રણછોડરાય ૫૯
બોડાણાની ભક્તિથી થઇ તુષ્ટ સપ્રેમ
આવ્યા ડાકોરે સ્વયં !! સૂણી નિરંજન તેમ ૬૦
કહેઃ-દ્વારકામાં પછી બન્યું ગુરો શું વૃત્ત,
કૃપા કરી મુજને કહો ! વદે અલખજી તૂર્તઃ- ૬૧
જતાં કૃષ્ણમૂર્તિ તથા મંદિરમાંથી એહ,
દ્વારકાંવાસી જનો ઉષઃકાલમાં તેહ ૬૨
પૂજારીઓ ભક્તાદિ જ્યાં આવ્યા નિત્ય સમાન,
ત્યાં તો ખૂલ્લું બારણું દિસે, મૂર્તિ ના માન. ૬૩
શોકાક્રાંત થઇ બધા તેથી બોલેઃ-હાય !
અઘટિત ઘટના શી બની એક રાતની માંહ્ય ? ૬૪
તાળાકૂંચીથી કર્યાં કમાડ ચોક્કસ બંધ;
પ્હેરો અખંડ બારણે ! તોય ચોર કો હન્ત ૬૫
ખોલી કમાડ મૂર્તિને ગયો ઉઠાવી એમ ?
કૂંચી સંનિધ આપણી ! ખોલ્યું તાળું કેમ ? ૬૬
દશ મણથી પણ વજનમાં મૂર્તિ ભારે એહ;
કોણ ઉપાડી એ શકે ? ના નરકરણી તેહ ! ૬૭
બન્યું કેમ ? કોણે કર્યું કૃત્ય એહ અનુચિત ?
એમ પૂજારી ભક્તજન કરે આક્રોશ ચિંત. ૬૮
થઇ બૂમ ક્ષણમાં બધે, દોડે લોકો તેમ;
દેખે તો મૂર્તિ નહીં, કરે દુઃખ સહુ એમ. ૬૯
કહેઃ- નકી રૂઠ્યો હરિ ! થયો અપરાધ મહાન;
નહીં તો આવું ના બને ! ના ચાલે અનુમાન !! ૭૦
ચિંતા એમ કરે બધા; જગદ્ગુરુએ તેમ
જાણી શંકરાચાર્ય એ સ્વગત વિચારે એમઃ- ૭૧
અઘટિત આવું શેં બન્યું ? માટે નિશ્ચય એહ
ભાવિક કોઇ હરિજને કૃષ્ણમૂર્તિ સસ્નેહ ૭૨
હરી હશે ! એવું કહી જીુએ ધરી જ્યાં ધ્યાન,
ત્યાં તો મૂર્તિ એ દિસે ડાકોર માંહ્ય જાણ; ૭૩
શિવાલયે સરવર કને ડંકનાથની પાસ,
બેઠો બોડાણો તથા ભક્ત સંનિધે ખાસ ! ૭૪
અઘટિત લીલા હરિ તણી જોઇ ધ્યાને તેમ,
વદે જગદ્ગુરુ લોકનેઃ-કરો ન ચિંતા એમ. ૭૫
બોડાણા સાથે જઇ દેવ ડાકોર માંહ્ય,
સરવર પાસે ડંકનાથે બેઠા છે ત્યાંય !! ૭૬
સૂણી ભક્તજન દ્વારકાંના સઘળાએ એહ
વિનવે સાથે આવવા જગદ્ગુરુને તેહ. ૭૭
ચાલ્યા સત્વર સર્વ એ ! થોડા દિવસે તેમ,
આવ્યા સંનિધ ગામની જાણ ડાકોર એમ. ૭૮
મૂર્તિ એ ઋણમોચની જાણી એ તત્કાળ,
ડંકનાથને ત્યાં વદેઃ-ઉમાકાન્ત નિર્ધાર ! ૭૯
શોધાર્થે મારી અહીં દ્વારકાંજન તેહ
જગદ્ગુરુ સહ બ્રાહ્મણો ગુગળી આવે એહ. ૮૦
માટે આ જળમાં જઇ બેસું સરોવર માંહ્ય;
એમ કહી તત્ક્ષણ પ્રભુ એહ રણછોડરાય ૮૧
પેસી ઊંડા જળ મહીં બેઠા જ્યાં સુસ્વસ્થ,
આવ્યા પેલા લોક ત્યાં દ્વારકાંનગરસ્થ ! ૮૨
દેખે મંદિરમાં યદા, દિસે મૂર્તિ ના ક્યાંય;
બોડાણાને એકલો જોઇ પૂછે ત્યાંયઃ- ૮૩
દ્વારકાંથી જે શ્રીહરિ આવ્યા તારી સાથ,
બોલ ગયા ક્યાં સત્ય તે; જો છુપાવી વાત, ૮૪
જાણ વાત તું તાહરી; થશે કાંઇ વિપરીત !
બોલે બોડાણો તદા જોડી હાથ વિનીતઃ- ૮૫
કરો ક્રોધ મા વિપ્ર હે ! આવી શ્રીહરિ એહ
મારી સાથે નિશ્ચયે બેઠા'તા અહીં તેહ ૮૬
સંનિધ આ શિવલિંગની સુધી આટલી વાર;
જોઇ તમને ક્યાં ગયા કો જાણે તત્કાળ ? ૮૭
જાણું ના હું લેશ એ ! સૂણી વચન જન એહ,
આસપાસ શોધી વળે; જડે ન મૂર્તિ તેહ. ૮૮
વદે અન્યોન્યને તદાઃ- નકી શ્રીરંગ પાસ
હશે આટલામાં કંઇ; જડે કેમ ના ખાસ ? ૮૯
કહે જગદ્ગુરુ ત્યાંઃ- અરે ! થાઓ નિરાશ કેમ ?
કરો શોધ આ જળ મહીં, ભાળ લાગશે તેમ. ૯૦
સૂણી જગદ્ગુરુવેણ એ, લઇ ભાલા કર માંહ્ય
ધસ્યા સરોવરમાં બધા; મારી ડૂબકીઓ ત્યાંય, ૯૧
શોધે યત્ને જળ મહીં ભાલોડાથી તેમ;
વાગ્યો ભાલો શ્રીહરિમૂર્તિને ત્યાં એમ ! ૯૨
છૂટી લોહીની ધાર ને થયું નીર સહુ લાલ !
જોઇ બ્રાહ્મણ એ વદે પાડી બૂમ તત્કાળઃ- ૯૩
લાવો વધાઇ, આ રહ્યા અહિંયાં શ્રીરણછોડ;
શોધી કાઢ્યા મેં નકી દેખો માખણચોર ! ૯૪

દોડ્યા સર્વે એ સૂણી, જુએ તપાસી ત્યાંય;
લાગે મૂર્તિ હાથ પણ ખસે ન કિંચિત્ હાય !! ૯૫

મથે લાવવા જળ તણી બહાર યત્ને એહ;
પાંચ પચીસ વળગ્યા તથા, હાલે તોય ન તેહ !! ૯૬

પરસેવાના ઝેબ ત્યાં વળી આખરે તેમ
થયા નિરાશ સર્વ એ; જોઇ જગદ્ગુરુ એમ, ૯૭

વદે લોકને એઃ-અરે ! હાથ તમારે બ્હાર
દેવ એહ ના આવશે; માટે જઇ તત્કાળ; ૯૮

પ્રાર્થો એ સદ્ભક્તને; કરશે કારજ એહ;
એ વિણ શ્રીહરિ ના કદિ બ્હાર આવશે તેહ. ૯૯

સૂણી સર્વ એ મંડળી, બોડાણાની પાસ
આવી પ્રાર્થે એહને જોડી કરદ્વય ખાસ. ૧૦૦

જોડ્યા હસ્તો બ્રાહ્મણે, જોઇ એવું એહ,
થઇ ગળગળો ભક્ત એ વદે નમન કરી તેહ. ૧૦૧

સર્વ વર્ણના ગુરુ તમે [1]ભૂદેવો સાક્ષાત્ !
અઘટિત એવું શું કરો ? જોડો મુજને હાથ !! ૧૦૨

થાઉં દૂષિત હું તથા; ગુરુસ્થાનમાં સર્વ
તમે પૂજ્ય છો દાસને, વધારશો ના ગર્વ !! ૧૦૩

તમ સેવાથી આ થઇ કૃપા ઇશની આંહ્ય;
પરમેશ્વરનું મુખ તમે, લાગું તમને પાય. ૧૦૪

મર્યાદા સદ્ધર્મની બતાડવાને એહ,
સર્જ્યા તમને ઈશ્વરે; ના મુજને સંદેહ. ૧૦૫

દાસ તમારો હું સદા; શી આજ્ઞા છે આંહ્ય ?
વચન નમ્ર એ સાંભળી, વદે સર્વજન ત્યાંયઃ- ૧૦૬

સરોવરે શ્રીહરિ અહીં બેઠા છે નિર્ધાર;
આવી અમ સાથે તહીં લાવ એમને બ્હાર. ૧૦૭

ના આવે એ તુજ વિના, ચાલ ત્વરા કરી તેમ !
બોડાણો એ સાંભળી, જઇ તિહાં સપ્રેમ. ૧૦૮

કહેઃ-પ્રભુ આવો કૃપા કરી પાણીની બ્હાર;
જુઓ અંત કાં ભક્તનો ? ભક્તવાક્ય એ સાર ૧૦૯

સૂણી મૂર્તિ ભગવાનની આવી બ્હાર ક્ષણ માંહ્ય
ડંકનાથને મંદિરે પૂર્વસ્થાને ત્યાંય ૧૧૦

બોડાણે શિવલિંગની મૂકી એને પાસ;
બોલે વનમાળી તદા કર્ણે એના ખાસઃ- ૧૧૧

કહે ભક્ત હે ! દ્વારકાંના લોકોને એમઃ-
પાછો હું કદિ દ્વારકાંમાં નહિ આવું તેમ. ૧૧૨

આજ થકી ડાકોરમાં રહીશ સર્વદા આંહ્ય;
દ્વારકાં સમ જાણવું આ ડાકોર સદાય. ૧૧૩

જેવું ગોમતીતીર્થ ત્યાં, તેવું સરોવર એહ;
થશે આજથી ગોમતીનામે પ્રસિદ્ધ તેહ. ૧૧૪

ભક્તરાજ હે ! એમને માટે વદ સત્વરઃ-
માગો ઇચ્છિત અન્ય કાંઇ હરિ વિણ સદ્વર ! ૧૧૫

સૂણી વચન ભગવાનનાં, વદે ભક્ત એ તેમ
દ્વારકાંના ગુગળીને !! સૂણી સકળજન એમ, ૧૧૬

એમ વિચારે અંતરેઃ-રૂઠ્યા હરિ સાક્ષાત્;
ના આવે કદિ દ્વારકાંમાં એ [2]કંદર્પતાત ! ૧૧૭

ગઇ જીવિકા[3] આપણી, માટે કરો ઉપાય;
સોનું બરાબર મૂર્તિની માગો સોટચ આંહ્ય. ૧૧૮

દશ મણથી પણ વજનમાં ભારે મૂર્તિ એહ;
ભક્ત દરિદ્રી એ નકી; ક્યાંથી આણશે તેહ ? ૧૧૯

દેવ દ્વારકાંમાં તથા નકી આવશે આમ;
અથવા સુવર્ણપ્રાપ્તિથી થશે આપણું કામ ! ૧૨૦

એમ વિચારી એ વદે બોડાણાને ત્યાંયઃ-
હોય દેવને રાખવા જો અહિંયાંજ સદાય, ૧૨૧

સમાન વજને મૂર્તિની આપ સોનું તત્કાળ;
નહિ તો મોકલ દેવને અમ સાથે નિર્ધાર. ૧૨૨

પડ્યા લોભમાં બ્રાહ્મણો ! દૈવી લીલા એહ
ના જાણી, સોનું તથા માગે મોહે તેહ !! ૧૨૩

બોડાણો એ દ્વારકાંવાસી જનનાં એમ
સૂણી વચન નિજ ચિત્તમાં ગભરાઇને તેમ, ૧૨૪

પ્રાર્થે પ્રભુને ભાવથીઃ-શ્રીહરિ જગન્નિવાસ !
મારી પાસે અલ્પ પણ મળે ન કાંચન ખાસ. ૧૨૫

તારી લીલા જાણ તું ! લાવું ક્યાંથી હેમ ?
લાજ તાહરે હાથ છે મુજ ગરીબની તેમ !! ૧૨૬

ભક્તપ્રાર્થના એહવી સૂણી વદે ભગવાન,
વહે જેહ નિજ ભક્તનું એમ સદા અભિમાનઃ- ૧૨૭

ભક્તોત્તમ હે, મન મહીં કેમ એમ ગભરાય ?
કહીશ એક યુક્તિ તને, કરજે એવું આંહ્ય. ૧૨૮

પત્નીના તુજ નાકમાં સવા વાલની જેહ
છે વાળી સોના તણી, મૂક [4]તુલામાં તેહ ૧૨૯

એક પાસ નિઃશંક તું, મૂર્તિ બીજી પાસ
મૂકી આ મમ, દેખજે કૌતુક બેસી ખાસ ! ૧૩૦

૧. બ્રાહ્મણ. ૨. કામદેવના પિતા ૩. ભરણપોષણનું સાધન ૪. ત્રાજવામાં.

વચન એહ ભગવાનનાં સૂણી હર્ષથી એહ,
સ્વસ્ત્રી ગંગાબાઈની સવા વાલની તેહ ૧૩૧

આણી નથણી એક બાજુએ મૂકે જ્યાંય,
બીજી પાસ તુલા તણી મૂર્તિ દેવની ત્યાંય; ૧૩૨

સવા વાલ સોના તણું પાસું [1]તળીએ એહ
બેઠું, ઊંચું મૂર્તિનું ગયું તત્ક્ષણે તેહ ! ૧૩૩

ચમત્કાર એવો તિહાં જોઈ અપૂર્વ જાણ,
દ્વારકાંની મંડળી રડે [2]અધોમુખ મ્લાન !! ૧૩૪

કૂટી છાતી નિજ કરે, કરે દુઃખ બહુ એમ;
ત્યાગી અન્નજળ આદરે મરણપથારી તેમ. ૧૩૫

જોઈ દુઃસ્થિતિ એમની તેમ અનુતપ્ત [3]સ્વાંત,
બોડાણાને અંતરે આવી દયા નિતાંત. ૧૩૬

કર જોડી ભગવાનની કરે પ્રાર્થના તેમઃ-
હે ગોવિંદ દયાનિધે જગજ્જીવના, જેમ ૧૩૭

દાસ આપનો હું અહીં તેમ વિપ્રજન એહ
દ્વારકાંવાસી બધા ભક્ત તાહરા તેહ. ૧૩૮

માટે [4]ઋણમોચન હરે ! કરી અનુગ્રહ ઝટ
મનોવૃત્તિ એ સર્વની કૃપાકટાક્ષે તર્ત ૧૩૯

કરો શાન્ત પ્રભુજી હવે ! ભક્તપ્રાર્થના એહ
સૂણી દ્વારકાંપતિ વદે બોડાણાને તેહઃ- ૧૪૦

કહે ભક્ત એ લોકને, મૂર્તિ મારી એક
છે સાવિત્રીવાવમાં દ્વારકાં કને છેક. ૧૪૧

કાઢી એને માહરા સ્થાને સ્થાપે ત્યાંય;
મહિમા એનો પૂર્વવત્ રે'શે એમ સદાય. ૧૪૨

તેમ ક્ષેત્ર ડાકોર આ દ્વારકાં સમ આંહ્ય
થાશે પ્રસિદ્ધ નિશ્ચયે, શંકા લેશ ન ત્યાંય. ૧૪૩

ભેદ ન કિંચિત્ બેઉમાં ! માટે જાઓ તેમ;
સેવાથી એ મૂર્તિની થાશો કૃતાર્થ એમ !! ૧૪૪

સંદેશો એ દેવનો, બોડાણો તત્કાળ
કહે દ્વારકાંવાસીને; સૂણી એહ [5]નિર્ધાર, ૧૪૫

ચરણકમળમાં પ્રભુ તણા કરી દંડવત્ એહ
પ્રાર્થે જોડી કર તદાઃ-હે માધવ વરદેહ ! ૧૪૬

ભક્તપ્રિય ગોવિંદ હે ! પતિતપાવના નાથ,
બાળક અજ્ઞાની અમે તારાં હે વિધિતાત !! ૧૪૭

આજ સુધી પાલન અમારૂં કીધું તેં જેમ,
તેમ જ સંરક્ષી હવે જોજે યોગક્ષેમ !! ૧૪૮

એમ કહી જન એ બધા જગદ્ગુરુ સહ જાણ
આવી વેગે દ્વારકાંમાં, સુમુહૂર્તે માન ૧૪૯

સાવિત્રીવાપી થકી કાઢી મૂર્તિ એહ,
સ્થાપે મૂળ સ્થાનમાં યથાવિધિ સહુ તેહ. ૧૫૦

એવી રીતે દ્વારકાંમાં વર્ત્યું[6] ત્યાં જાણ;
દ્વારકાંસમ ક્ષેત્ર આ એમ ડાકોર માન. ૧૫૧

દેવ એહ ઋણથી કરે મુક્ત ભક્તને આંહ્ય;
માટે એને પ્રીતથી કહે રણછોડરાય. ૧૫૨

શરદપૂનમે મૂર્તિ એ દ્વારકાંથી એમ
આવી ડાકોરે; તથા કાર્તિકમાસે તેમ ૧૫૩

પૌર્ણિમાને શુભદિને કરી સુસ્થાપન જાણ;
માટે યાત્રાપર્વણી બે પૂનમ એ માન ૧૫૪

આશ્વિનકાર્તિકની અહીં માની જન ઉભરાય;
પ્રતિમાસે પણ પૌર્ણિમાએ લોકો બહુ જાય. ૧૫૫

તાંબેકર કરી દક્ષિણી વિપ્રે આગળ એક,
બાંધી મંદિર દેવને પધરાવ્યા ત્યાં દેખ. ૧૫૬

શુદ્ધ ભાવના જેહની તેને પ્રત્યક્ષ એહ
આજે પણ કલિમાં અહીં ઈશ્વર નિઃસંદેહ. ૧૫૭

આવું અનુપમ સ્થાન આ જાણીને ગુરુરાય,
આવી વંદે પ્રીતથી એમ રણછોડરાય. ૧૫૮

લીલા ઈશ્વરભક્તની કો જાણે એ સર્વ
વદું વદાવે તેમ એ ! કરૂં ન મિથ્યા ગર્વ ! ૧૫૯

સૂણી નિરંજન એ વદે, આગળ અપૂર્વ **રંગ**;
સૂણતાં શ્રદ્ધાભક્તિથી નડે ન માયિક સંગ !! ૧૬૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે ડાકોરમાહાત્મ્યવર્ણનં નામ ત્રિંશદધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૩૦ ॥ દોહરા ૧૬૦

## અધ્યાય ૧૩૧

જોડી હાથ વદે ફરી શિષ્ય નિરંજન એહઃ-
આવ્યા શ્રીગુરુ એમ એ ક્ષેત્ર ડાકોર તેહ; ૧

થયું તે પછી શું પ્રભો ? સૂણવા તલસે મન,
હજીએ ચિત્ત ધરાય ના ! વદે અલખ તત્ક્ષણઃ- ૨

૧. નીચું. ૨. નીચું મોં રાખીને. ૩. અંતઃકરણ. ૪. દેવામાંથી મુક્ત કરાવનાર-રણછોડ. ૫. છેવટનો નિશ્ચાત્મક નિર્ણય. ૬. બન્યું.

ગુરુલીલાનો પાર ના !! કહું કેટલું એમ ?
સાંભળ તોએ શિષ્ય એ ! કંઇક કાળ સપ્રેમ ૩
રહી તથા ડાકોરમાં, ત્યાંથી ગુરુવર જાણ
આવી મહત્પુરમાં કરે ચાતુર્માસ્ય સુજાણ. ૪
દત્તાજ્ઞાથી ત્યાં રચે ગ્રંથો બે અદ્‌ભુત,
સંસ્કૃત દત્તપુરાણ ને દત્તમાહાત્મ્ય પ્રાકૃત. ૫
ગ્રંથો સર્વોત્કૃષ્ટ એ; શ્રવણપઠનથી આંહ્ય
ઇચ્છિત કાર્ય તણી નકી સિદ્ધિ તત્ક્ષણ થાય. ૬
ખેચરીમુદ્રાનો તદા કરવાને અભ્યાસ,
ગાંડા મહારાજને અહીંથી પ્રથમ ગુરુ ખાસ ૭
જિહ્વાછેદનકારણે વૈદ્ય તાટકે જેહ,
ગુણાછાવણીમાં વસે પાસ તેમની તેહ; ૮
શસ્ત્રવિદ્યાકુશલતા જાણી એમની તેમ,
મોકલી આપે અન્ય બે સાથે ત્યાં સપ્રેમ. ૯
પેલા વ્યંકટરાવ ને બીજો આપ્પા વિપ્ર
ગાંડા સાથે એમ એ જીભ કપાવે ક્ષિપ્ર. ૧૦
છેદન પૂર્ણ થતાં મહીં આવી શ્રીગુરુરાય,
આજ્ઞા હિતાર્થ સર્વને કરે એમ એ ત્યાંયઃ- ૧૧
જઇ શીઘ્ર રેવાતટે કરો ક્રમે અભ્યાસ;
કારણ, યોગાભ્યાસને નર્મદાતટ ખાસ ૧૨
હવાપાણીથી સર્વથા છે અનુકૂલ સદાય;
બીજું સ્થળ એવું નહીં જાણો અન્યત્ર ક્યાંય. ૧૩
ગુર્વાજ્ઞા સમ તત્ક્ષણે ભૃગુક્ષેત્રમાં એમ,
ગાંડા મા'રાજ એ જઇ કરે અભ્યાસ તેમ. ૧૪
ઉલ્લંઘી ગુરુવાક્યને આપ્પા ને વ્યંકટ
બ્રહ્માવર્તે શ્રીગુરુ પાસે દોડ્યા ઝટ. ૧૫
આપ્પા વ્યાધિગ્રસ્ત એ થયો દૈવથી ત્યાંય;
જશે પ્રાણ એના તદા જાણી એમ ગુરુરાય. ૧૬
જઇ પાસ એની વદેઃ- લે આતુરસંન્યાસ !
ગુર્વાજ્ઞાથી એ ગ્રહે આતુરદીક્ષા ખાસ. ૧૭
દેહાવસાન[1] એહનું પાસ આવતાં એમ,
સિદ્ધાસન પર બેસવા કહે દયાનિધિ તેમ. ૧૮
બેસાડીને એહને સ્વસ્થ એમ તત્કાળ,
પ્રણવોચ્ચાર કરાવીને પ્રાણોત્ક્રમણ કૃપાળ ૧૯
સ્વયં કરાવી શ્રીગુરુ દે ક્રમમુક્તિ તેમ;
અંતકાળમાં આવીને તારે સ્વભક્ત એમ ! ૨૦
બીજા વ્યંકટને થયો તિહાં તીવ્ર [2]અતિસાર;
તેથી કૃશ અત્યંત એ થયો વિપ્ર સુકુમાર. ૨૧

જોઇ એની એ દશા, બોલે ગુરુવર ત્યાંયઃ-
વ્યંકટ ! તુજને કોઇએ રોગી પરથી આંહ્ય ૨૨
અન્ન ઉતારી, ભક્ષવા આપ્યો એ ઉતાર;
માટે દારુણ આ વ્યથા થઇ તને નિર્ધાર. ૨૩
જઇ નર્મદાતટ વિષે કાલક્રમણ કર તેમ;
દૈવ બલી ! તું શું કરે ? સૂણી વ્યંકટે એમ, ૨૪
જઇ અન્યત્ર રોગને મટાડવાને એહ
કરી ખટપટો બહુ તિહાં; ગઇ ફોક પણ તેહ ! ૨૫
શ્વાસકાસ[3] આગળ થઇ એમાં એનો પ્રાણ
ગયો આખરે હન્ત હા ! ગુર્વાજ્ઞાના જાણ ૨૬
ઉલ્લંઘનથી વિપ્ર એ પડ્યો સંકટે તેમ;
દૂષિત અન્ને મોત એ પામ્યો વ્યંકટ એમ !! ૨૭
દોષો અનેક હોય છે એમ અન્નની માંહ્ય;
સૂક્ષ્મ વિચારે સેવવું શુદ્ધ અન્ન ત્યમ આંહ્ય. ૨૮
પ્રાણાંતે પણ ગુરુ તણું વચનોલ્લંઘન તેમ
કરવું ના સુધીએ કદિ, સદા વર્તવું એમ. ૨૯
સુબેદાર નામે વસે બ્રહ્માવર્તે એક
ગૃહસ્થ, જેના ઘર મહીં નિત્ય સદાવ્રત દેખ ૩૦
સાધુસંતને નિયમથી હતું અપાતું જાણ;
પાંચસાત બેરાગીઓ એક દિવસ ત્યાં માન ૩૧
આવી સદાવ્રતમાં તથા લઇ શુષ્કાન્ન તેમ
જતાં, રસોઇ કારણે કાષ્ઠ થોડાંક એમ. ૩૨
પૂછ્યા વિણ ત્યાં કોઇને લઇ ગયા તત્કાળ;
સુબેદાર એ જોઇને થયો કુપિત[4] નિર્ધાર. ૩૩
પોલીસચોકીમાં તદા કરી એહ ફરિયાદ,
નંખાવે બે ચારને કેદ મહીં સાક્ષાત્. ૩૪
એમાંના બે ત્રાણ રહ્યા શેષ સાધુઓ જેહ,
આવી તત્ક્ષણ એ સુબેદાર સંનિધે તેહ ૩૫
વદેઃ-દુષ્ટ તું નિશ્ચયે ! બ્રાહ્મણ છતાંય એમ,
સાધુવેષની ના તને, આવી લજ્જા કેમ ? ૩૬
અલ્પ કારણે આ કર્યો આમ અવિચાર છેક;
દુષ્ટ કૃત્યનું એ નકી ભોગવીશ ફળ દેખ ! ૩૭
સુબેદાર પર સંકટો સાધુશાપથી તેમ,
અલ્પકાળમાં આવવા લાગ્યાં અપાર એમ. ૩૮
ભાઇ જયેષ્ઠ મરી ગયો થોડા દિનમાં જાણ;
જતાં કંઇક દિન એકદા મધ્યરાત્રિએ માન, ૩૯
સદન[5] માંહ્યથી એમના દિવ્ય અંગના[6] એક
વસ્ત્રાભૂષણે ચમકતી વીજળી સમ છેક ૪૦

૧. મૃત્યુ, ૨. સંગ્રહણી. ૩. દમ અને ઉધરસ, ૪. ગુસ્સે. ૫. ઘર. ૬. સ્ત્રી.

કરતી આક્રંદન ગઇ તદા જાહ્નવીતીર !
રુદનસ્વર એનો સૂણી મનમાં ગુરુવર ધીર ૪૧

એમ વિચારેઃ- આ સમે દિવ્ય સ્ત્રી કો એહ
મધ્યરાત્રિએ ગૃહ થકી સુબેદારના તેહ ૪૨

જાય રુદન કરતી તહીં ? થઇ સાશંક એમ,
દેખે અંતર્દષ્ટિથી જ્યારે શ્રીગુરુ તેમ; ૪૩

જાણ્યું એમણે કે નકી લક્ષ્મી એ સાક્ષાત્
સુબેદારના ઘર થકી જાય રુષ્ટ[1] થઇ માત ! ૪૪

પરોઢિયે બીજે દિને દર્શન માટે ત્યાંય
સુબેદારનો ભત્રીજો માધવ નામે જાય. ૪૫

કરી દંડવત્ ગુરુપદે બેસે જ્યારે એહ,
વદે શ્રીગુરુ એહને સર્વ વૃત્તાંત તેહ. ૪૬

કહે દયાઘનઃ-રાતરે રડતી રડતી જાણ
લક્ષ્મી ઘરમાંથી જતાં જોઇ મેં તું માન. ૪૭

માટે આજ થકી તમે રે'જો દક્ષ[2] સદાય;
સંભાળીને વર્તજો સર્વ કાર્યમાં આંહ્ય. ૪૮

ત્યારપછી દિન એક ત્યાં જાણી એ ગુરુવર
પ્લેગ ગામમાં આ નકી ઉદ્‌ભવશે સત્વર, ૪૯

વદે સર્વ જનને તહીં બોલાવીને ખાસઃ-
પ્લેગભીતિ આ ગામમાં ઉદ્‌ભવશે ચોપાસ. ૫૦

અમુક ઘેર શરૂઆત એની થાશે સત્વર;
માટે ગામ ત્યજી બધા રહો અન્ય કો સ્થળ. ૫૧

માની આજ્ઞા ગુરુ તણી ગયા બ્હાર સહુ એહ;
સુબેદારનો ભત્રીજો તોએ માધવ તેહ ૫૨

આવી રાતે ગામમાં સૂએ ઘરમાંજ જાણ;
થયો પ્લેગ એને તથા મરી ગયો એ માન ! ૫૩

કાન્તા[3] વિધવા એહની અપુત્રિણી પણ એહ,
તેમજ કાકી [4]ગતધવા મોટી નિઃસુત[5] તેહ, ૫૪

સુબેદારની માલમિલ્કત માગે સમભાગ;
ચઢે રાજદરબારમાં કરી લાજનો ત્યાગ ! ૫૫

વાદ[6] મહીં એ દ્રવ્યનો સુબેદારના નાશ
થઇ વિપત્તિમાં પડ્યો એહ અત્યંત ખાસ !! ૫૬

નિયમ એહ ઈશ્વર તણોઃ-જ્યાંલગ કુટુંબ માંહ્ય
રહે એકતા, ઊર્જિતાવસ્થા ત્યાં લગ ત્યાંય. ૫૭

કલહ પરસ્પર પેસતાં ઘરમાં નિશ્ચય એમ,
વિપત્તિઓ દારુણ તિહાં પેસે નિર્ભય તેમ. ૫૮

સુબેદારની એ તથા સાધુશાપથી એહ
થઇ દુર્દશા એહવી, ના એમાં સંદેહ. ૫૯

માટે છળ ના સંતનો કરવો કદિએ જાણ;
કલહ કુટુંબે મા તથા થાવા દેવોમાન. ૬૦

સાંભળ આગળ ! પાલઘર કોંકણદેશે જેહ,
વિષ્ણુબુવા નામે હતો વિપ્ર ગામનો તેહ ૬૧

મરી જતાં સ્ત્રી એહની, માની સર્વ અસાર;
સ્મશાનવૈરાગ્યે ફરે ત્યાગી એ ઘરબાર. ૬૨

સ્વેચ્છાએ ફરતાં તથા બ્રહ્માવર્તે એહ
આવી પ્હોંચ્યો, શ્રીગુરુ હતા યદા ત્યાં તેહ. ૬૩

એક દિવસ નવયૌવના દેખી સુંદર એક,
થતાં વ્યાપ્ત કામે તદા એમ વિચારે દેખઃ- ૬૪

જોઇ મેં આ નયનથી નારી સુંદર એહ,
વ્યાપ્ત [7]પંચબાણે થયો તેથી નિઃસંદેહ. ૬૫

એવી આંખો અધમ આ, માટે શિક્ષા આંહ્ય
કરૂં સખત હું એમને ! એમ વિચારી ત્યાંય, ૬૬

દૂધ આકડાનું તદા ઘાલે નેત્રે એહ;
થયો આંધળો તત્ક્ષણે તેથી વિષ્ણુ તેહ ! ૬૭

ગુરુમૂર્તિએ જ્યાહરે જાણ્યો એ વૃત્તાંત
દ્રવ્યા દયાંબુધિ ચિત્તમાં ત્રિમૂર્તિ એહ [8]નિતાંત. ૬૮

બોલાવી એ વિપ્રને સ્વસ્થાને તત્કાળ,
વૈદ્યકરે તન્નેત્ર ત્યાં ધોવડાવી નિર્ધાર, ૬૯

અંજાવે દિવ્યૌષધી; જતાં નેત્રમાં એહ,
આંખો નિર્મળ પૂર્વવત્ થઇ તત્ક્ષણે તેહ ! ૭૦

આવી વંદન ગુરુપદે કરે વિષ્ણુ એ ત્યાંય !!
પૂર્વે એણે એકદા ક્ષેત્ર પંઢરી માંહ્ય ૭૧

થતાં કલહ કો સાથ જીહ્વા છેદી'તી એમ;
હતો બોલતો તોતડું થોડું દ્વિજ એ તેમ !! ૭૨

દુષ્ટ વૃત્તિ ના એહની થઇ તોય પણ શાન્ત;
જાણી સર્વ એ શ્રીગુરુ, સાધી તદન એકાન્ત, ૭૩

કરી બોધ એને કૃપાદષ્ટિથી સુસ્થિર
કરે એકદમ, શિષ્ય હે ! સાર વાતનો ધીર ૭૪

એજ અહીં કે જ્યાં લગી મન સ્વાધીન આંહ્ય
થાય ન સત્યજ્ઞાનથી ત્યાં લગ શિક્ષા ત્યાંય ૭૫

ફાવે તેમ કરો ભલે ઇંદ્રિયોને એમ,
થાય ફાયદો ના કદિ !! બ્રહ્માવર્તે તેમ ૭૬

૧. ગુસ્સે. ૨. સાવધ; જાગ્રત. ૩. સ્ત્રી. ૪. વિધવા. ૫. પુત્રવિનાની. ૬. કોરટની વઢવાડો. ૭. કામદેવ. ૮. અતિશય.

રે'તાં શ્રીગુરુ એકદમ દત્તાજ્ઞા ત્યાં થાય,
છોડી બ્રહ્માવર્તને જાવા વાડી માંહ્ય. ૭૭
ત્યજી જાહ્નવીતટ તથા વેગે ગુરુવર એહ,
આવી નૃસિંહવાડીમાં દત્તપાદુકા તેહ ૭૮
વંદી સદ્‌ભાવે કરે મઠમાં ત્યાંય નિવાસ;
બોલાવી તત્ક્ષણ પૂજારી લોકોને ખાસ ૭૯
કહેઃ-ન સેવા દેવની તમે પૂર્વજો જેમ
કરતા'તા તેવી કરો નિષ્કપટે સપ્રેમ. ૮૦
ઉચ્છૃંખળતાથી તમારી દત્તપ્રભુ એહ
કુપિત તમારી પર થયા છે એ નિઃસંદેહ. ૮૧
શિક્ષા તમને કારમી કરશે નિશ્ચય તેમ;
ચેતવવા હું દેવની આજ્ઞાથી આ એમ ૮૨
આવ્યો છું દોડી અહીં ! સૂણી પૂજારી તેહ
કરે પ્રાર્થના વિનયથીઃ- નિયમ આપશ્રી જેહ ૮૩
કરી આપશો તેહવું કરશું સહુ વર્તન;
શરણાગત સહુ આપને, કરો કૃપા ચિદ્‌ઘન !! ૮૪
સૂણી પ્રાર્થના એમની, પ્રેમે શ્રીગુરુરાય
નિયમ સ્પષ્ટ પૂજારીઓને કરી આપી ત્યાંય ૮૫
કહેઃ-નિયમ સમ દેવની કરતાં સેવા એહ,
થઇ તુષ્ટ એ સર્વને કરશે નિર્ભય તેહ. ૮૬
નિયમ દત્તસેવા તણા પરમ એહ ઉત્કૃષ્ટ
કેટલાક પૂજારીને ગમ્યા ન ત્યાં; જે દુષ્ટ ૮૭
તુકારામ બંડૂ વગેરે પૂજારી ખાસ
તિરસ્કાર કરી તેમનો, દત્તપાદુકા પાસ ૮૮
નિંદા શ્રીગુરુની કરી કરે વિતંડાવાદ;
રહ્યા શાન્ત ગુરુ સાંભળી ત્રિમૂર્તિ જે સાક્ષાત્ ! ૮૯
આગળ ઉપર સર્વ એ, થયા સુદુઃખિત તેમ;
આજે પણ ના એમની પાર વિપતનો એમ !! ૯૦
નારાયણ દીક્ષિત કરી વાડીમાં એ એક
હતો વિપ્ર પરિવાર સહ રે'તો ભાવિક નેક. ૯૧
એક દિવસ એના મને આવ્યો એમ વિચારઃ-
આજ લગી આ જીંદગી ગઇ વ્યર્થ નિર્ધાર ! ૯૨
ભરી શ્વાન સમ પેટ આ, વ્યર્થ ગુમાવ્યો કાળ;
થાઉં ના જાગ્રત હજી, પછાડશે તો કાળ !! ૯૩
માટે આગળ આજથી વિપ્રધર્મથી આંહ્ય
સદ્વર્તન કરી, આચરી ભિક્ષાવૃત્તિ સદાય ૯૪
ઈશભજનમાં સર્વથા કરવો કાળ ક્રમણ;
સાર્થક એ વિણ ના કદિ, ટળે ન જન્મમરણ. ૯૫
એવો નિશ્ચય ઉર કરી પત્રદ્વારે તેમ,
ગુરુમૂર્તિને તત્ક્ષણે લખી જણાવે એમ. ૯૬
વાંચી સઘળું એ તથા કૃપાંબુધિ ગુરુરાય,
દીક્ષિતને એ પત્રથી એમ જણાવે ત્યાંયઃ- ૯૭
શુભસ્ય શીઘ્રમ્ ! છે નકી ઉત્તમ વિચાર એહ;
તોએ સગાસંબંધીને ના ગમશે તમ તેહ. ૯૮
ભિક્ષાવૃત્તિ જોઇને કરશે નિંદા ત્યાંય
સર્વ તમારી નિશ્ચયે; થશો ખિન્ન મન માંહ્ય ૯૯
ત્યારે દીક્ષિત હે તમે ! માટે નિંદા તેમ
સહન પૂર્ણ કરવા તણી હોય શક્તિ જો એમ, ૧૦૦
તોજ વૃત્તિનો એ અહીં કરો એમ સ્વીકાર;
પહેલા છ મહિના સુધી ઉપાધિ એ નિર્ધાર ૧૦૧
થશે લોકનિંદા તણી અધિક અકલ્પિત એમ;
સ્હેતાં એ શાન્તિ થકી, ધીમે ધીમે તેમ ૧૦૨
ભજનપ્રતાપે કલેશનું થાશે સર્વ શમન;
જતાં વરસ વહી તથા, આપ્તેષ્ટાદિક જન ૧૦૩
સર્વ તમારી મુક્તકંઠે પ્રશંસા તેહ
કરશે; આશિષ માહરી છે ! ન કરો સંદેહ !! ૧૦૪
એવો કાગળ શ્રીગુરુ તણો વાંચી તત્કાળ,
નારાયણદીક્ષિત તદા સ્વસ્ત્રી સહ નિર્ધાર ૧૦૫
કૃષ્ણાવેણીઘાટ પર આવી વેગે તેમ,
રહે ધર્મશાળા મહીં કુટુંબ સહ સપ્રેમ. ૧૦૬
માગે ભિક્ષા [૧]કોડથી ઉદરપૂર્ત્યર્થ[૨] એહ;
જોઇ મોંઢા પર કરે નિંદા લોકો તેહ. ૧૦૭
તોએ દીક્ષિત ખેદ એ કરે ન મનમાં લેશ;
હસતે મોંઢે સર્વથા કરે સહન સહુ કલેશ. ૧૦૮
વીત્યા છ મહિના તથા ! જોઇ તપસ્યા એહ
ઈશ્વરભક્તિપ્રવણતા[૩] તેમ એમની તેહ, ૧૦૯
સકળ લોક સંતોષ ત્યાં કરે પ્રદર્શિત જાણ;
પ્રફુલ્લ વૃત્તિ એમની જોઇ આપે માન. ૧૧૦
વરસ એમ વીતી જતાં આપ્તેષ્ટાદિક તેમ
જોઇ સુદૃઢ વૃત્તિ એ, કરે પ્રશંસા એમ. ૧૧૧
સમાધાનવૃત્તિ મહીં ઈશચિંતને ત્યાંય
નારાયણદીક્ષિત તથા ક્રમતાં કાળ સદાય, ૧૧૨
કેટલાક દિવસો પછી પત્ની તેમ કુમાર
પામ્યાં પંચત્વ[૪] એમનાં; તોએ ખેદ લગાર ૧૧૩
કરે ન દીક્ષિત ચિત્તમાં ! ઈશકૃપા ગણી તેહ,
નિરુપાધિક થઇ સર્વથા ઈશભજનમાં એહ ૧૧૪

૧. હોંશથી. ૨. ભરણપોષણ માટે ૩. ઈશ્વરભક્તિમાં લીન થઇને રહેવું તે. ૪. મૃત્યુ

ક્રમે કાળ આનંદથી; ત્યાં તો પડ્યા બિમાર !
મૃત્યુ પાસે જાણીને, યથાશાસ્ત્ર નિર્ધાર ૧૧૫

લે આતુર સંન્યાસ એ; જતાં કંઈક દિન એમ,
દૈવે પ્રકૃતિ એમની થઇ સુસ્વસ્થ તેમ. ૧૧૬

આવ્યા તે અરસા મહીં વાડીમાં ગુરુરાય;
દત્તાજ્ઞાથી તે સમે દીક્ષિતને એ ત્યાંય ૧૧૭

આપી દંડ, શુભ યોગપટ નૃસિંહસરસ્વતી દેવ
રાખી આજ્ઞા તેમને કરે એમ તતખેવઃ- ૧૧૮

ઉત્સવમૂર્તિનું અહીં કરી વાડીમાં વાસ
કરવું પૂજન ભાવથી નિત્ય તમારે ખાસ. ૧૧૯

આત્માનાત્મવિચારમાં કરવો કાલક્ષેપ;
જીવન્મુક્ત થશો તથા એમ સદા નિર્લેપ. ૧૨૦

આજ્ઞા સમ એ વર્તીને નૃસિંહસરસ્વતી એહ,
થયા કૃતકૃત્ય સર્વથા કાળે કરીને તેહ. ૧૨૧

લોકોદ્ધારાર્થે ફરી સર્વ દેશમાં જાણ,
કરી ધર્મસંસ્થાપના પામ્યા પ્રસિદ્ધિ માન. ૧૨૨

પુરી અયોધ્યામાં જઇ સ્વેચ્છાએ ત્યાં એહ,
સમાધિસ્થ[1] અંતે થયા સરયૂતીરે તેહ !! ૧૨૩

વાડી માંહે શ્રીગુરુ કરતાં નિવાસ એમ,
બન્યાં કૌતુકો કંઇક ! કો કથે સર્વ એ કેમ ? ૧૨૪

સૂણી નિરંજન એ વદે, આગળ એ વર્ણન; **રંગ** ભાવથી સૂણતાં રીઝે સચ્ચિદ્ઘન !! ૧૨૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે નૃસિંહસરસ્વત્યુદ્ધારાદિવર્ણનં નામ એકત્રિંશદધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૩૧ ॥ દોહરા ૧૨૫ (ખંડપારાયણ ૪થો દિવસ)

## અધ્યાય ૧૩૨

બોલે બદ્ધાંજલિ ફરી શિષ્ય નિરંજન એહઃ-
રે'તા વાડીમાં તથા શ્રીગુરુ લીલા જેહ ૧

બની તેહ આગળ કહો; થાય અધીરૂં મન !
વદે અલખઃ- સાંભળ સુધી ! ગુરુ સાક્ષાત્ ચિદ્ઘન. ૨

પાર ન તલ્લીલા તણો !! કહું અલ્પ જો આમઃ-
રે'તાં શ્રીગુરુ વાડીમાં, કૌઠાગુલંદ ગામ ૩

તાત્યાસાહેબ નામથી ત્યાંનો જાગીરદાર
લઇ સાથ નિજ અંગના વાડીમાં નિર્ધાર ૪

આવ્યો શ્રીગુરુદર્શને; કરી દંડવત્ તેમ
કહેઃ-ગુરુવરા ! આપની આજ્ઞાથી મેં એમ ૫

કર્યું લગ્ન આ [2]ભામિની સાથે વિના વિચાર;
બેંતાળીસ વરસો થયાં સ્ત્રીને એ નિર્ધાર. ૬

તોએ સંતતિ એહને થઇ ન હજુ લગ દેવ !
એમ કહીને કુંડલી એની એ તતખેવ ૭

દેખાડે શ્રીને તદા; જોઇ કુંડલી એહ,
બોલે શ્રીગુરુઃ- નારી આ વંધ્યા નિઃસંદેહ; ૮

માટે સંતતિ થાય ના, કહે કુંડલી એમ !
સૂણી વચન તાત્યા વદેઃ-જાણીને તો કેમ ૯

વંધ્યાથી એ દાસને પરણાવ્યો ગુરુરાય ?
સૂણી વચન એનાં હસે શ્રીગુરુ ખડખડ ત્યાંય ! ૧૦
અનુષ્ઠાન એને કહી [3]પરિહારાર્થે એહ
વંધ્યાદોષ, પ્રસાદ ત્યાં નારિકેળનો તેહ ૧૧

આપે શ્રીગુરુ [4]મોદથી ! લઇ એહ તત્કાળ,
નમન કરી બન્ને જણાં ઊઠે એ નિર્ધાર. ૧૨

જતાં નિજ ગ્રામે તદા, માર્ગે બજાર માંહ્ય
દેખી વેચાતી છબીઓ શ્રીગુરુની ત્યાંય. ૧૩

[5]ઉપાધ્યાયને મોકલી છબી એક એ તેમ
મંગાવે બેઉ જણાં પૂજનાર્થ સપ્રેમ. ૧૪

જોતાં નયને ના ગમી સાદી એ તસબીર;
બદલાવીને આણવા માટે બીજી ધીર, ૧૫

પુનઃ ગોરને મોકલે પતિપત્ની એ ત્યાંય;
લઇ નૂતન[6] એ હર્ષથી ઘેર બેઉ જણ જાય. ૧૬

એજ રાતરે બેઉને થયો દૃષ્ટાંત એમઃ-
ગમ્યું રૂપ ના માહરૂં તમને પેલું કેમ ? ૧૭

ગમશે પ્રસાદ માહરો ? આપો પાછો એહ !
નાળિયેર પ્રસાદનાં બેઉ પાસથી તેહ, ૧૮

એમ કહી સ્વપ્ને તદા લે ખૂંચવી ગુરુદેવ;
જોઇ એહ પતિપત્ની ત્યાં થયાં ખિન્ન તતખેવ ! ૧૯

થાતાં જાગ્રત્ જ્યાં જુએ, દિસે પ્રસાદ ન તેહ;
કરે શોક બેઉ જણાં જોઇ કૌતુક એહ !! ૨૦

પ્રાતઃકાલ થતાં નવી છબી મોકલી તેમ,
પૂર્વનીજ પાછી ફરી મંગાવી સપ્રેમ; ૨૧
થઇ નિઃશંક અંતરે, આવી શ્રીગુરુ પાસ
તાત્યા એ સ્ત્રી સહ કરે પદે દંડવત્ ખાસ. ૨૨

૧. આશ્વિન વદ ૭, શકે ૧૮૪૯ (સં. ૧૯૮૩) ૨. સ્ત્રી. ૩. દૂર કરવા માટે. ૪. આનંદથી. ૫. ગોરને. ૬. નવી.

વારંવાર નમી કહે થયો દૃષ્ટાંત જેહ
પતિપત્નીને રાતરે શ્રીગુરુચરણે તેહ. ૨૩

માગી ક્ષમા અપરાધની કહે:-અમે અજ્ઞાન;
મા તરછોડો એમ, હે દયાંબુધિ ભગવાન ! ૨૪

કૃપા કરી આપો ફરી પ્રસાદ અમોઘ[1] એહ !!
સૂણી પ્રાર્થના એમની કરુણાસાગર તેહ ૨૫

શરણાગતને વજ્રપંજર સમ જે નિર્ધાર,
સ્મરણમાત્રથી ઈષ્ટફલ આપે જે તત્કાળ; ૨૬

શ્રદ્ધા અનન્ય બેઉની દેખી શ્રીગુરુ એહ
શૂદ્રદંપતીને ફરી આપે પ્રસાદ તેહ. ૨૭

કૃપાપ્રસાદે સ્ત્રી તણું ગયું વંધ્યત્વ તેમ;
થઇ ગર્ભિણી એ તદા ! પિસતાળીસમે એમ ૨૮

વરસે ઉંમરની થઇ કન્યા એને એક;
થયો પુત્ર આગળ તથા, શિષ્ય નિરંજન દેખ ! ૨૯

કન્યાસુત એ દંપતી લઇ હર્ષથી તેમ,
આવી શ્રીગુરુપદ મહીં આળોટે સપ્રેમ !! ૩૦

થઇ ખ્યાતિ સહુ લોકમાં, પ્રસવે વંધ્યા બાળ;
જોઇ વિસ્મયથી કરે સર્વ લોક જયકાર ! ૩૧

સ્વયં દત્ત અવતાર જે ગુરુવર એ સાક્ષાત્;
અઘટિત ઘટના એહની કોણ વર્ણવે તાત ? ૩૨

રહી કંઇક દિન એમ એ નૃસિંહવાડી માંહ્ય,
ભીમાઅમરજાસંગમે દેવાજ્ઞાથી જાય. ૩૩

આવી ગાણગાપુર મહીં સંગમસ્થાને તેમ,
કરે ધ્યાન શ્રીદત્તનું રહી ખડા સપ્રેમ. ૩૪

થઇ પ્રગટ ભગવાન ત્યાં દત્ત દયાઘન એહ,
આપે દર્શન મોદથી શ્રીગુરુને સસ્નેહ. ૩૫

વંદન શ્રીગુરુ તેમને કરે ભાવથી તેમ;
દેવભક્તપણે કરે વાતો બેઉ એમ. ૩૬

વદે દત્ત ગુરુમૂર્તિને, રહો ન અહિંયાં આપ !
એમ કહી તત્ક્ષણ થયા ગુપ્ત એહ જગબાપ. ૩૭

ત્યાંથી સત્વર નીકળી, ક્યાધૂતીરે તેમ
આવી નરસીગામમાં ભક્તપ્રિય ગુરુ એમ ૩૮

ચાતુર્માસ્ય કરે તિહાં ! આ ગમ વાડી માંહ્ય,
ઉત્સવમૂર્તિ દત્તની શનિવારે એ જ્યાંય ૩૯

બેસાડી શિબિકા[2] મહીં વાદ્યઘોષ સહ દેખ
નિત્ય નિયમ સમ ફેરવે, ત્યાં તો એકાએક ૪૦

ગિરદી માંહે લોકની પાલખીમાંથી જાણ
પડે ભૂમિ પર મૂર્તિ એ ! જોઇ પૂજારી માન ૪૧

ગભરાઇને અંતરે ગુરુમૂર્તિને તેમ
આવ્યા કષ્ટે શોધતા નરસીગામે એમ. ૪૨

જોઇ શ્રીગુરુને તિહાં, કરી નમન સાષ્ટાંગ
કથે સકળ વૃત્તાંત એ ! સૂણી કરુણાપાંગ[3], ૪૩

કરી સ્મરણ શ્રીદત્તનું પૂછે વિનયે એમઃ-
પાલખીમાંથી કાં પ્રભો કૂદ્યા નીચે તેમ ? ૪૪

ક્રોધ થકી સંતપ્ત ત્યાં દિસે દત્ત અત્યંત
ગ્રીષ્મ ઋતુના સૂર્ય સમ ! દેખી એમ ભગવંત, ૪૫

જોડી કરદ્વય પ્રાર્થના કરે શ્રીગુરુ એહ
કરુણાત્રિપદીથી તદા, થઇ ગળગળા તેહઃ- ૪૬

## કરુણાત્રિપદી★

### ૧

### (ઉદ્ધવા શાન્તવન૦-એ રાહ)

શાન્ત હો શ્રીગુરુદત્તા મમ ચિત્તા શમવીં આતાં ॥ ધ્રુ૦॥
તૂં કેવળ માતા જનિતા સર્વથા તૂં હિતકર્તા ॥
તૂં આપ્ત સ્વજન ભ્રાતા સર્વથા તૂંચિ ત્રાતા ॥
ભયકર્તા તૂં ભયહર્તા ॥ દંડધર્તા તૂં પરિપાતા ॥
ચાલ૦ તુજ વાંચુની ન દુજી વાર્તા ॥ તૂં આર્તા આશ્રય દત્તા ॥ શાન્ત૦ ॥ ૧ ॥

અપરાધાસ્તવ ગુરુનાથા જરી દંડા ધરિસી યથાર્થા ॥
તરી આમ્હીં ગાઉની ગાથા તવ ચરણીં નમવૂં માથા ॥
તું તથાપિ દંડિસી દેવા ॥ કોણાચા મગ કરૂં ધાંવા ॥
ચાલ૦ સોડવિતા દુસરા તેવ્હાં ॥ કોણ દત્તા આમ્હાં ત્રાતા ॥ શાન્ત૦ ॥ ૨ ॥

૧. નિષ્ફળ ન જાય એવો. ૨. પાલખી. ૩. દયાદૃષ્ટિ.

★ ત્રણે પદના ભાવાર્થ માટે પરિશિષ્ટ ૪-૫-૬ જુઓ.

તૂં નટસા હોઉની કોપી દંડિતાંહી આમ્હીં પાપી ॥
પુનરપિહી ચુકતાં તથાપિ આમ્હાં વરી નચ સંતાપીં ॥
ગચ્છતઃ સ્ખલનં ક્વાપિ ॥ અસેં માનુની નચ હો કોપી ॥
ચાલ૦ નિજ કૃપાલેશા ઓપીં ॥ આમ્હાં વરી તૂં ભગવંતા ॥ શાન્ત૦ ॥ ૩ ॥

તવ પદરીં અસતાં તાતા આડમાર્ગીં પાઊલ પડતાં ॥
સાંભાળુની માર્ગા વરતા આણિતા ન દૂજા ત્રાતા ॥
નિજ બિરુદા આણુની ચિત્તા ॥ તૂં પતિતપાવના દત્તા ॥
ચાલ૦ વળે આતાં આમ્હાં વરતા ॥ કરુણાઘન તૂં ગુરુનાથા ॥શાન્ત૦ ॥ ૪ ॥

સહ કુટુંબ સહ પરિવાર દાસ આમ્હીં હેં ઘરદાર ॥
તવ પદીં અર્પૂં અસાર સંસારાહિત હા ભાર ॥
પરિહરિસી કરુણાસિંધો ॥ તૂં દીનાનાથ સુબંધો ॥
ચાલ૦ આમ્હાં અઘલેશ ન બાધો ॥ **વાસુદેવ** પ્રાર્થીત દત્તા ॥ શાન્ત૦ ॥ ૫ ॥

## ૨

### (ઇસ તન ધનકી-એ રાહ)

શ્રીગુરુદત્તા જય ભગવંતા તેં મન નિષ્ઠુર ન કરી આતાં ॥ ધ્રુ૦॥
ચોરેં દ્વિજાસી મારિતાં મન જેં, કળકળલેં તેં કળકળો આતાં ॥ શ્રીગુરુ૦ ॥ ૧ ॥
પોટશૂળાને દ્વિજ તડફડતાં, કળકળલેં તેં કળકળો આતાં ॥ શ્રીગુરુ૦ ॥ ૨ ॥
દ્વિજસુત મરતાં વળલેં તેં મન, હોકીં ઉદાસીન ન વળે આતાં ॥ શ્રીગુરુ૦ ॥ ૩ ॥
સતીપતિ મરતાં કાકુળતી યેતાં, વળલેં તેં મન ન વળે કીં આતાં ॥ શ્રીગુરુ૦ ॥ ૪ ॥
શ્રીગુરુદત્તા ત્યજીં નિષ્ઠુરતા, કોમળ ચિત્તા વળવીં આતાં ॥ શ્રીગુરુ૦ ॥ ૫ ॥

## (૩)

જય કરુણાઘન નિજજનજીવન, અનસૂયાનંદન પાહિ જનાર્દન ॥ ધ્રુ૦ ॥
નિજ અપરાધેં ઉફરાટી દૃષ્ટિ, હોઊની પોટીં ભય ધરૂં પાવન ॥ જય૦ ॥ ૧ ॥
તૂં કરુણાકર કધીં આમ્હાં વર, રુસસી ન કિંકરવરદ કૃપાઘન ॥ જય૦ ॥ ૨ ॥
વારીં અપરાધ તૂં માયબાપ, તવ મનીં કોપ લેશ ન વામન ॥ જય૦ ॥ ૩ ॥
બાલકાપરાધાં ગણે જરી માતા, તરી કોણ ત્રાતા દેઈલ જીવન ॥ જય૦ ॥ ૪ ॥
પ્રાર્થી **વાસુદેવ** પદીં ઠેવી ભાવ, પદીં દેવો ઠાવ દેવ અત્રિનંદન ॥ જય૦ ॥ ૫ ॥

સૂણી સ્તવન એવું પ્રભુ ગુરુમૂર્તિનું ત્યાંય,
ત્યજી ક્રોધમુદ્રા વદે થઇ શાન્ત ક્ષણ માંહ્ય:- ૪૭

નિયમ પ્રમાણે આપના ના વર્તે તલ એહ
દુષ્ટ પૂજારી વાડીના ! એટલું જ નહિ, તેહ ૪૮

છોડી સદ્વર્તન કરે યથેચ્છ ભ્રષ્ટાચાર;
વસ્તુ અપવિત્ર પણ કરી અર્પણ એ નિર્ધાર ૪૯

પાદુકા પર માહરી વગર વિચારે તેમ,
નિંદા ઊલટી આપની કરે દુર્જનો એમ. ૫૦

માટે શિક્ષા એમને થવી જોઇએ આંહ્ય !
એમ કહી તત્ક્ષણ તિહાં ગુપ્ત દત્તપ્રભુ થાય. ૫૧

વદે પૂજારીને તદા શ્રીગુરુ એ સપ્રેમ:-
ખફા મરજી શ્રીદત્તની થઇ છે તમ પર એમ. ૫૨

નિયમ દેવસેવા તણા આપ્યા છે મેં જેહ
ઉલ્લંઘન કરી તેમનું, સ્વૈર વર્તને તેહ ૫૩

ચઢી ગયા છો જે તમે તેથી મૂર્તિ એમ
શિબિકામાંથી કૂદીને પડી ભૂતલે તેમ. ૫૪

માટે નિજ કલ્યાણની હોય સદિચ્છા આંહ્ય;
છોડી દુર્વર્તન બધું, કથ્યા નિયમ જે ત્યાંય ૫૫

સેવા ભાવે દત્તની કરશો જો સહુ તેમ,
તોજ સૌખ્યપ્રાપ્તિ થશે; નહિ તો રોશો એમ ! ૫૬

દેવ તમારો ને તમે કરો ગમે તે ત્યાંય;
વચમાં બોલું હું વૃથા શું કરવાને આંહ્ય ? ૫૭

સૂણી વચન શ્રીગુરુ તણાં જોડી બંને હાથ
બોલે પૂજારીઓ સહુ:-આપ દત્ત સાક્ષાત્ ! ૫૮

નિયમ આપના સમ નકી કરશું વર્તન ત્યાંય;
રહે કૃપા શ્રીદત્તની અમ પર એજ સદાય. ૫૯

કરીએ વિનંતિ આપના ચરણે પ્રણમી એહ !!
કરુણ વચન એ સાંભળી વદે યોગિવર તેહઃ- ૬૦

કૃતાપરાધ તણી ક્ષમા માગી દેવની પાસ,
કરુણાત્રિપદે આ કરો નિત્ય પ્રાર્થના ખાસ. ૬૧

નામમંત્રાથી આ કરો ભજન દેવનું તેમ;
થાશે દેવકૃપા તથા; કરો ન શંકા એમ. ૬૨

**મંત્ર**

**દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ દિગંબરા**

એ રીતે શ્રીદત્તને ભજતાં, નાવે પાસ
વિઘ્ન કદાપિ નિશ્ચયે; વચન માહરૂં ખાસ !! ૬૩

ગુરુવચન એ સાંભળી, કરી નમન સપ્રેમ
આવી વાડીમાં પૂજારી એ ત્યાંથી તેમ; ૬૪

આજ્ઞા સમ શ્રીગુરુ તણી રાખી સદ્વર્તન,
કરુણાત્રિપદીથી કરે નિત્ય દત્તસ્તવન. ૬૫

રાખી શ્રદ્ધા અંતરે અનન્ય ભાવે એહ,
અખિલ સૌખ્ય પામ્યા તથા ભક્ત પૂજારી તેહ. ૬૬

નરસીગામે એમ એ રે'તાં ગુરુવર જાણ,
જાય ક્યાધૂતટ વિષે કરવા નિત્ય સ્નાન. ૬૭

એકાંતે વિજન સ્થળે જતાં દૂર એ તેમ,
બાળસ્વરૂપે દત્ત ભગવાન તિહાં સપ્રેમ ૬૮

આવે હંમેશાં તદા ! લઇ એહને પાસ,
બેસાડી [1]અંકે ગુરુ કૌતુકથી એ ખાસ, ૬૯

નિત્ય રમાડે પ્રેમથી ચુંબી વારંવાર !
દેવ ભક્ત ખેલે સદા એમ તિહાં નિર્ધાર !! ૭૦

એક દિવસ એ એમની લીલા અતર્ક્ય દેખ,
નરસીગામ તણી જુએ ભોળી ભંગણી એક. ૭૧

લઇ અંક પર દત્તને બાળસ્વરૂપી એહ
રમાડતાં, ગુરુમૂર્તિ એ દત્તસ્વરૂપે તેહ ૭૨

થાએ તલ્લીન સર્વથા ! દૂર ભંગણી તેમ
જુએ ચકિત આશ્ચર્યથી, ના જાણે ગુરુ એમ !! ૭૩

કિંચિત્ કાળ જતાં તથા જ્યારે પાછળ એહ
દેખે ગુરુવર, ત્યાહરે દૂર ભંગણી તેહ ૭૪

જોઇ એમણે તત્ક્ષણે ! લીલા સઘળી આંહ્ય
દેખી એણે આપણી જાણી એમ ગુરુરાય, ૭૫

સ્વગત વિચારે કે નકી સદ્ભાગી આ નાર;
એમ વિચારી એહને વદે પ્રગટ તત્કાળઃ- ૭૬

રમાડતાં મેં બાળને જોયું જે તેં આંહ્ય,
કહીશ કદાપિ ન કોઇને વાત એહ હે માય ! ૭૭

કે'તાં બીજાને, જશે પુણ્ય તાહરૂં તેમ;
વદે ભંગણીઃ-ના પ્રભો કહીશ કોઇને એમ. ૭૮

બાળસ્વરૂપી દત્ત ત્યાં થયા ગુપ્ત તત્કાળ;
આવી ભંગણી ગામમાં દેખી એ ચમત્કાર. ૭૯

સ્ત્રીજાતિ એ ! પેટમાં વાત ગુપ્ત રે' કેમ ?
કર્યું પ્રગટ એણે બધે કે સ્વામી સપ્રેમ ૮૦

નદી માંહ્યથી બાળકો કાઢી ન્હાનાં ત્યાંય
રમે નિત્ય એ સાથ !! એ વાત ગામની માંહ્ય ૮૧

થતાં પ્રગટ ગુરુમૂર્તિ ના રહે ગામમાં એહ;
આવ્યા બ્રહ્માવર્તમાં છોડી નરસી તેહ. ૮૨

વિપ્ર એક સત્પાત્ર ત્યાં વસે કુશોબા નામ;
સ્વધર્મરત એ સર્વદા, સદાચારી પણ આમ. ૮૩

તોએ કર્મે પૂર્વના, હાથ એહનો એક
સળી ગયો દુર્ધર [2]વ્રણે ! પીડાથી એ છેક ૮૪

ત્રાસી જઇ અંતર મહીં કહેઃ-મોત ના કેમ
આવે મુજને હે પ્રભો ! એક દિને ત્યાં તેમ ૮૫

શેષપુણ્યથી એહના ભિક્ષાર્થે ગુરુરાય
ગયા એહને ઘેર એ; જોઇ એમને ત્યાંય ૮૬

કરે દુઃખ દ્વિજ એ અતિ; દેખી ગુરુવર એહ
આપી સાંત્વન એહને, કહેઃ-તાહરો દેહ ૮૭

પડશે સત્વર નિશ્ચયે, મા ગભરાઇશ એમ;
સ્મરણ અંતરે દત્તનું કર બ્રાહ્મણ સપ્રેમ. ૮૮

થશે દૃષ્ટાંત એ થકી; કરતાં તેવું જાણ,
દુઃખમુક્ત થઇશ તું; મા શંકા કર આન. ૮૯

કહી એમ ગુરુવર ગયા નિવાસસ્થાને એહ;
થાય કુશોબાવિપ્રને તે જ રાતરે તેહ ૯૦

દત્તદૃષ્ટાંત સ્વપ્નમાં, કે ગત જન્મે જાણ
કર્યું ગોવિંદભટ્ટનું દેવું તેં નાદાન ! ૯૧

તેમાંથી બાકી રહ્યા રૂપિયા સવ્યાજ ત્યાંય
પાંતરીસ દેવા નકી; માટે ધન એ આંહ્ય ૯૨

આપ જઇ સત્વર હવે ગોવિંદભટ્ટને તેહ;
તોજ [3]દુઃખનિવૃત્તિ આ થઇ છૂટશે દેહ !! ૯૩

૧. ખોળામાં. ૨. ઘાથી. ૩. દુઃખમાંથી છૂટકારો.

અન્ય દિને દ્વિજ એ તથા ગોવિંદભટને જાણ
બોલાવી ઋણમુક્તિનો મૂકી સંકલ્પ માન ૯૪

પાંતરીસ રૂપિયા તદા આપે સવ્યાજ તેમ;
થતાં ઋણમુક્ત વિપ્ર એ જાણ કુશોબા એમ, ૯૫

દુઃખમુક્ત થઇ શાન્તિથી પામ્યો પંચત્વ ત્યાંય !
માટે ઋણ આપ્યા વિના સ્વપ્ને મુક્તિ ન ક્યાંય !! ૯૬

બ્રહ્માવર્તે શ્રીગુરુ રે'તા એમ સુજાણ,
ગ્રંથ એક ગુરુસંહિતા નામે સુબોધ જાણ ૯૭

રચે [1]દેવભાષા મહીં જનશિક્ષાર્થે એહ;
કિંચિત્ કાળ રહી તિહાં દત્તાજ્ઞાથી તેહ, ૯૮

છોડી બ્રહ્માવર્તને ક્ષેત્ર પ્રયાગે જાય;
કરી સ્નાન ત્રિવેણીનું, ત્યાંથી કાશી માંહ્ય ૯૯

આવી તારકમઠ મહીં કરે વાસ સપ્રેમ;
આગળ **રંગ** અપૂર્વ એ કેવળ અકથ્ય[2] તેમ ! ૧૦૦

દત્તાવતાર જે તથા, લીલા તેની એહ
ગાતાં થાકે દેવ જ્યાં, કોણ માનવી તેહ ? ૧૦૧

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે વંધ્યાપુત્રપ્રદાનાદિવર્ણનં નામ દ્વાત્રિંશદધિકશતતમોऽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૩૨ ॥ દોહરા ૧૦૧

## અધ્યાય ૧૩૩

અલખ કહેઃ-સૂણ શિષ્ય હે ! આગળ કથા રસાળ;
આવ્યા તારકમઠ મહીં ગુરુવર એ નિર્ધાર. ૧

સ્વયંપ્રકાશ કરી વસે સ્વામી શ્રેષ્ઠ ત્યાં એક;
જોઇ એ ગુરુને થયા હર્ષે ગાંડા છેક. ૨

પૂજી આત્મૈક્યે તદા ગુરુવરને એ ખાસ,
પ્રેમે સ્વસંનિધે કરાવે મઠ માંહ્ય નિવાસ. ૩

અત્યાગ્રહથી લોકના પંચક્રોશીએ ત્યાંય
યાત્રાર્થે જન સહ જતાં શ્રીગુરુ રસ્તા માંહ્ય ૪

રામેશ્વર નામે જિહાં લિંગ એક છે તેમ
આવ્યા ત્યાં તો તેમને થયો દૃષ્ટાંત એમઃ- ૫

શ્રાદ્ધ અન્ન ખાવા અહીં આવ્યા છો શું ભ્રષ્ટ ?
દત્તશબ્દ એવા સૂણી થઇ ગુરુવર એ ત્રસ્ત, ૬

આશ્ચર્યે ભિક્ષાન્નનો શોધ કરાવે જ્યાંય;
જાણ્યું શ્રીએ કે જનો હતા સાથ જે ત્યાંય ૭

પંચક્રોશીમાં તે કરે વિચાર મનમાં એમઃ-
કરતાં શ્રાદ્ધ ન શ્રીગુરુ લેશે ભિક્ષા તેમ. ૮

એમ વિચારી લોક એ શ્રાદ્ધ કર્યા વિણ ત્યાંય
અર્પે ભિક્ષા એમને ! જાણી એ ગુરુરાય, ૯

ઇંતેજામ[3] ભિક્ષાન્નનો અલગ કરાવી તેમ,
માગી મધુકરી ભક્ષવા બેઠા જ્યાં સપ્રેમ; ૧૦

દત્તમૂર્તિ પાષાણની વદે તત્રસ્થ ત્યાંયઃ-
ગયા વિના મઠમાં હવે, અહીંથી વાડી માંહ્ય ૧૧

જાવાનો રસ્તો તમે પકડો સીધો એમ !
થતાં એમ આજ્ઞા ગુરુ ત્વરિત દંડ લઇ તેમ, ૧૨

ઊઠી તત્ક્ષણ વેગથી આવી પ્રયાગ માંહ્ય
રહ્યા ત્રિવેણીસંગમે ! મઠમાં ત્યાં યતિરાય ૧૩

જાણે સ્વયંપ્રકાશ એ કે ગુરુ બારોબાર
ગયા પ્રયાગે પંચક્રોશીમાંથી નિર્ધાર. ૧૪

સર્વ મંડળી સહ તદા આવી પ્રયાગ માંહ્ય,
યતિવર સ્વયંપ્રકાશ એ ભેટ્યા ગુરુને ત્યાંય. ૧૫

વદે સર્વ જન એ તિહાં જોડી કરદ્વય એમઃ-
પંચક્રોશી કરી મઠે આવું છું, કહી કેમ ૧૬

ના આવ્યા પાછા પ્રભો ? કરી અવકૃપા હન્ત !
સૂણી વચન શ્રીગુરુ વદેઃ-ન્યારો મારો પંથ; ૧૭

દત્તાજ્ઞા સમ ડગ ભરૂં ! થયો દૃષ્ટાંત એમ;
આવ્યો તેથી શીઘ્ર હું આ ક્ષેત્રે સપ્રેમ !! ૧૮

લોક સકળ એ સાંભળી વદે સ્વગત સાશ્ચર્યઃ-
નકી પ્રત્યક્ષ દત્ત આ ! લીલા એની અતર્ક્ય !! ૧૯

એમ કહી પાછા વળે કરી દંડવત્ તેહ;
પ્રયાગથી ગુરુમૂર્તિ એ નર્મદાતટે જેહ ૨૦

બડવાયા નામે કરી ગામ ઇંદોર પાસ,
આવી ચાતુર્માસ્ય ત્યાં કરે તે સમે ખાસ. ૨૧

ચોમાસામાં એ તદા દૂરદૂરના જાણ
આવ્યા'તા બહુ લોક ત્યાં રંક શ્રીમંત માન. ૨૨

શાસ્ત્રી પંડિત યતિવરો આવ્યા'તા બહુ દેખ;
તેમાં બ્રહ્માવર્તના નાનાશાસ્ત્રી એક ૨૩

હતા મહાવિદ્વાન પણ; થયો ઉપદ્રવ ત્યાંય
[4]મહામારીનો તેમને એ બડવાયા માંહ્ય. ૨૪

૧. સંસ્કૃત. ૨. કહ્યો ન જાય તેવો.; અવર્ણનીય. ૩. વ્યવસ્થા ૪. કોલેરા.

ભાદ્ર શુકલ એકાદશીને દિવસે એ તેમ
પછડાયા એ રોગથી; જાણી ગુરુવરે એમ ૨૫
કરી પ્રાર્થના દત્તની કે:- હે દીનદયાળ !
આવ્યાં તારાં આ બધાં દર્શન માટે બાળ. ૨૬
માટે નિજ નિજ ઘેર એ સુખથી સહુ પ્હોંચાડ;
થતાં પૌર્ણિમા હું અહીંથી નીકળીશ તત્કાળ. ૨૭
કરતાં વિનંતિ એહવી દત્તપદે ગુરુ એહ,
નાનાશાસ્ત્રીની વ્યથા થઇ દૂર ત્યાં તેહ ! ૨૮
રોગમુક્ત સંપૂર્ણ એ થયો જાણ સદ્વિપ્ર;
ચોમાસું પૂરૂં થતાં ગુરુમૂર્તિ એ ક્ષિપ્ર ૨૯
જવા વાડીમાં નીકળ્યા !! શાસ્ત્રી પણ એ તેમ
ફરતા ફરતા દોઢ માસે નિજ સદને એમ ૩૦
બ્રહ્માવર્તે આવતાં, પુનઃ ઉપદ્રવ એહ
શરૂ થઇ મહામારીનો પામ્યા મૃત્યુ તેહ !! ૩૧
એટલા દિન મોત એ ખાળ્યું ગુરુએ જાણ;
સૂણી વૃત્ત એ સર્વ જન કરે આશ્ચર્ય માન. ૩૨
કહે પરસ્પરઃ- દત્ત આ દીનોદ્ધારે તેમ
નકી અવતર્યો ભૂતલે શ્રીગુરુરૂપે એમ !! ૩૩
આશ્વિન માસે શ્રીગુરુ આવી વાડી માંહ્ય,
બ્રહ્માનંદસ્વામી તણા ઊતરે મઠમાં ત્યાંય. ૩૪
આસો વદ દશમે તદા પંચગંગાસ્નાન
કરી ઘાટ પર આવતાં, સ્વયં દત્ત ભગવાન ૩૫
આપી દર્શન ત્યાં વદેઃ- ઉત્સવ પહેલાં આંહ્ય
છોડી વાડી વેગથી રામેશ્વર ગમ ત્યાંય ૩૬
જવા નીકળો હે સુધી ! વદી એમ તત્કાળ,
દત્તમૂર્તિ અદશ્ય એ થાય તિહાં નિર્ધાર. ૩૭
જાણી વૃત્ત એ વિપ્રગણ ત્યાંના સઘળા જાણ
થઇ એકમત ખાળવા જાતાં ગુરુને માન, ૩૮
દત્તપાદુકા પર તદા સંતત ધારા એહ
મૂકી સંકલ્પ આરભે ! ત્યાં તો ગુરુવર તેહ ૩૯
પ્રાતઃકાલ થકીજ તે દિને સમાધિ માંહ્ય
બેઠા અસ્ત થતાં લગી નારાયણનો ત્યાંય. ૪૦
જાણે સહુકો વૃત્ત એ !! મધ્યાહ્ને દિન તેહ
અન્ય રૂપ ધારણ કરી ભિક્ષાર્થે ગુરુ એહ, ૪૧
ધોંડોપંત કરી તિહાં કાલકુંદરીકર
વિપ્ર એક વાડી મહીં બેલગામથી વર ૪૨
આવીને રે'તો હતો, આવ્યા ત્યાંય સુજાણ
ગોખલેની ચાલીમાં ઘેર એહના જાણ. ૪૩
ધોંડોપંતકરે તદા લઇ મધુકરી તેમ,
પાછા જાતાં બહુ જણે જોઇ એમને એમ; ૪૪
આશ્ચર્યે પાછળ જતાં એહ રૂપની જાણ,
તત્સ્થાનેથી મૂર્તિ એ ચાલી સવેગ માન. ૪૫
રામચંદ્રયોગી તણી જીવત્સમાધિ જેહ,
આવી તત્સ્થાને થયું ગુપ્ત સ્વરૂપ તેહ ! ૪૬
તે જ પ્રમાણે તે સમે ગામ તણી એ બ્હાર,
કેટલાકને અન્ય રૂપે દર્શન નિર્ધાર ૪૭
આપી પ્રસાદ પણ તથા આપ્યો શ્રીએ તેમ !!
સર્વ લોક એ ગામમાં આવ્યા જ્યારે એમ, ૪૮
જાણ્યું ત્યારે તેમણે કે સમાધિ માંહ્ય
છે ગુરુવર અદ્યાપિ એ !! જાણી એવું ત્યાંય, ૪૯
વદે ચકિત થઇઃ-કો લહે ગતિ યતિવરની તેહ ?
આપી દર્શન ગામની બહાર અમને એહ ૫૦
આપ્યો પ્રસાદ એમણે, જુઓ ! કહીને ત્યાંય
પ્રસાદ એ સહુ લોકને દેખાડે નતકાય. ૫૧
જોઇ એહ આશ્ચર્યથી થઇ ચકિત જન તેહ
કહેઃ-દત્ત પ્રત્યક્ષ આ ભક્તકારણે દેહ ૫૨
ધારણ કરી અવની વિષે થયો અવતીર્ણ આંહ્ય;
ના શંકા એમાં, ધર્યાં ત્રણ રૂપ જો ત્યાંય. ૫૩
એક રૂપથી ધ્યાનમાં બેઠા છે એ અત્ર;
ધોંડોપંતગૃહે ગ્રહે ભિક્ષા બીજે તત્ર; ૫૪
ત્રીજે રૂપે ગામની બહાર પણ દેખાય !
નકી ત્રિમૂર્તિ એ ગુરુ !! શંકા કેમ કરાય ? ૫૫
મનુષ્ય એને જે કહે જશે નરકમાં તેહ;
વદતા એમ જનો તિહાં જાય સ્હાંજરે ગેહ. ૫૬
તે રાતેજ પ્રભુ કરે આજ્ઞા ગુરુને ત્યાંયઃ-
આગ્રહ અતિશય છે પૂજારીઓનો રે'વા આંહ્ય. ૫૭
માટે આજ્ઞા માહરી થાય ફરીથી તેમ
ત્યાંલગ વાસ કરો અહીં, આગળ ઉપર એમ ૫૮
જજો સુખે રામેશ્વરે ! દત્તાજ્ઞા સમ એહ
રામેશ્વરમાં ના જતાં, રહ્યા તત્ર ગુરુ તેહ. ૫૯
સ્માર્ત ભાગવત એમ બે એકાદશીઓ ત્યાંય
હતી તે સમે; ભાગવત એકાદશીએ થાય ૬૦
ઉત્સવ શ્રીગુરુદ્વાદશી તણો સાલ તે તેમ;
શ્રીગુરુ વિચાર તે સમે કરે નિજ હૃદે એમઃ- ૬૧
બીજી અગીઆરસ કરૂં હું હંમેશાં આંહ્ય;
શ્રીપાદશ્રીવલ્લભ ગુરુવરની છે ત્યાંય ૬૨

તે દિવસે આરાધના ! લેવો પ્રસાદ કેમ ?
પ્રગટ થઇ પ્રત્યક્ષ ત્યાં વદે દત્ત પ્રભુ એમઃ- ૬૩

કાં શંકા મનમાં કરે ? બોલ, કોણ હું આંહ્ય ?
સ્માર્ત અથવા ભાગવત ? બોલે ત્યાં ગુરુરાયઃ- ૬૪

ઉભયસ્વરૂપી આપ તો ! સૂણી દત્ત ભગવાન
કહેઃ- ગમે તે એક અગીઆરસ કરીને જાણ ૬૫

લેવો પ્રસાદ માહરો, ત્યજી સર્વ સંદેહ !
એમ કહી શ્રીદત્ત ત્યાં થયા અદશ્ય તેહ. ૬૬

તે દિનથી ગુરુમૂર્તિ એ દત્તાજ્ઞાથી જાણ
છોડી બીજી એકાદશી, પ્હેલી કરે સુજાણ. ૬૭

કરી પારણાં અન્ય દિન લે પ્રસાદ સપ્રેમ;
આપે શિક્ષા લોકને સ્વયં નિર્લેપ તેમ !! ૬૮

ગુરુદ્વાદશીએ તદા ઓચ્છવને દિન તેહ,
પાક સિદ્ધ કરી ગામને જમાડવાને જેહ ૬૯

રાખ્યો'તો નોખો તહીં નૈવેદ્યાર્થે તેમ
દેવ તણા, તે માંહ્યથી એક વિપ્રસ્ત્રી એમ ૭૦

અન્નપૂર્ણામાતનું થયા વિના પૂજન
છાનીમાની ચોરીને જાય અન્ન તત્ક્ષણ. ૭૧

રામાસોનભટે તદા પકડી એને ત્યાંય,
મારી ધોલો ગાળ દઇ પોલીસચોકી માંહ્ય ૭૨

ખેંચી સ્વાધીન રાજદૂતોને કીધી એહ !
ગમ્યું કૃત્ય ના એહનું દત્તપ્રભુને તેહ. ૭૩

માટે દેવે બટુકનું લઇ રૂપ તત્કાળ,
માર્યો રામાસોનભટને સોટીથી માર ! ૭૪

મૂર્છિત થઇ એ ત્યાં પડ્યો તેમ ભૂમિ પર જાણ;
સર્વ મંડળીમાં યદા માર્યો એને માન, ૭૫

ત્યારે એ રામા વિના અન્ય કોઇની ત્યાંય
બટુકવેષ એ દષ્ટિએ પડ્યો ન ક્ષણ પણ ક્યાંય !! ૭૬

જ્યારે મૂર્છિત એ પડ્યો જનસમાજે એમ,
ત્યારે ઊંચકી એહને પૂજારીઓએ તેમ ૭૭

પ્હોંચાડ્યો તત્ક્ષણે ગૃહે ! વાત કોઇએ એહ
કરી ન શ્રીગુરુને તદા; ઘેર રામભટ તેહ ૭૮

એક દિવસ બેભાન ત્યાં પડી રહ્યો મૃતવત્;
સગાંસંબંધી એહનાં ગભરાઇને તર્ત, ૭૯

આવી રાતે ગુરુ કને કરી દંડવત્ તેમ
કથે સકળ વૃત્તાંત એ જોડી કર સપ્રેમ. ૮૦

વદે દયાંબુધિ શ્રીગુરુઃ- દત્તપાદુકા પાસ
માગી ક્ષમા અપરાધની, તીર્થ ભભૂતી ખાસ ૮૧

દેવ તણાં એ ભટ્ટને લગાડતાં તત્કાળ,
થશે સ્વસ્થ એ નિશ્ચયે ! ગુરુવચન નિર્ધાર ૮૨

સૂણી એહવું એ કરે; તેથી રામભટ એહ
સાજો થઇ શ્રીગુરુપદે નમે આવી સસ્નેહ. ૮૩

તોએ દંડપ્રહારના સોળ પીઠ પર સ્પષ્ટ
દેખાતા'તા એહની, માસ લગી એ નષ્ટ ૮૪

થયા નહીં કેમે કરી ! વાત બટુકની એહ
કહી રામભટે યદા, સુણી સર્વજન તેહ ૮૫

ચમત્કાર એ દત્તનો જાણી થયા વિસ્મિત;
એવી લીલા વાડીમાં થઇ તદા નિશ્ચિત !! ૮૬

નરકચતુર્દશીએ બધાંએ ગુરુને ત્યાં જાણ
સુગંધ દ્રવ્યો ચોળીને, સ્નિગ્ધ અભ્યંગસ્નાન ૮૭

કરાવીને પ્રેમે પછી ભક્તિપુરઃસર એમ
ષોડશોપચારે કરી પૂજન ભાવે તેમ; ૮૮

કરી દંડવત્ પ્રાર્થના કરી એમ નતકાય, વાદ્યઘોષ સહ આરતી કરી પછીથી ત્યાંયઃ- ૮૯

**સ્તોત્ર**

નમઃ શ્રીગુરો મેશધીશા દયાબ્ધે ભયાર્તિઘ્ન તે સ્વાત્મદો વાસુદેવ ।
યતીટ્સેવિતાનંદપાદાબ્જયુગ્મં સદા મે હૃદિ સ્યાત્સ્તુતં યાતુદેવ ॥ ૧ ॥
ભક્તિશ્રદ્ધે દેહિ મે તે દયાલો દાસો દીનો ભાવતાપેન તપ્તઃ ।
સર્વૈસ્ત્યક્તો દ્વારિ તેઽત્ર પ્રસંસ્થોઽહં માં માતઃ પાલયાદ્ય સ્વબાલમ્ ॥ ૨ ॥
આલોક્ય મામચ્યુત ઈશ્વરોઽપિ ભીતોઽગમત્સાગરસપ્તશૈલાન્ ।
સત્યં ચ તે હૃત્કમલે સ્થિતો યઃ શ્રાન્તં ચ માં દર્શય વાસુદેવ ॥ ૩ ॥
શ્રીસદ્ગુરું ચ યતિરૂપધરં હ્યનંતં સચ્ચિત્સુખં વિધિહરીશમયં દયાબ્ધિમ્ ।
ભક્તિપ્રિયં ભજકદુઃખહરં ત્ર્યધીશં શ્રીવાસુદેવગુરુદત્તમહં નમામિ ॥ ૪ ॥
પ્રસીદ મે સાગસમાર્તબંધો કારુણ્યસિંધોઽનુપમાસ્તબંધો ।
બંધો મૃષાઽપિ વ્યથયત્યયં માં સ્વપ્નોપમં છિંદ્ધિ હિ સર્વતો મામ્ ॥ ૫ ॥

### આરતી

જય જય શ્રીમદ્ ગુરુવર સ્વામિન્ પરમાત્મન્ હંસા ।
વાસુદેવાનંદસરસ્વતી આરતી તદ્હંસા ॥ ધ્રુવ ॥

સોહં હંસઃ પક્ષાભ્યાં સંચરસિ હ્યાકાશે ॥
વાસસ્તે ખલુ લોકે સત્યે ક્રીડા તવ માનસે ॥ જય૦ ॥ ॥ ૧ ॥

મુક્તાહારો બ્રહ્મવાહકો વૈરાડ્રૂપધર ।
ભક્તરાજહૃદ્ધ્વાંતતમોહૃત્ સ્વીકુરુ માં ચ હર ॥ જય૦ ॥ ॥ ૨ ॥

પક્ષસ્યૈકે વાતેનૈતે ભીતાઃ કાકાદ્યાઃ ।
પલાયિતાસ્તે દ્રુતં પ્રભાવાદ્ ભવન્તિ ચાદશ્યાઃ॥ જય૦ ॥ ॥ ૩ ॥

એવં સતિ ખલુ બાલસ્તેઽહં ગ્રસિતઃ કામાદ્યૈઃ ।
માતસ્ત્વરયા ચોદ્ધર કૃપયા પ્રેષિતશાન્ત્યાદ્યૈઃ ॥ જય૦ ॥ ॥ ૪ ॥

દાસસ્તે નરસિંહસરસ્વતી યાચે શ્રીચરણમ્ ।
ભક્તિશ્રદ્ધે વાસસ્તે હૃદિ સતતં મે શરણમ્ ॥ જય૦ ॥ ॥ ૫ ॥

તે જ દિને પૂજારીઓ પૂજાસમયે જાણ,
ઘણું ગરમ જળ પાદુકા ઉપર ચઢાવે માન. ૯૦

તેથી દત્ત જગત્પતિ વદે ગુરુને ત્યાંયઃ-
અતિ ઉષ્ણોદકથી પૂજારીજન મુજને આંહ્ય ૯૧

નિત્ય ન્હવાડે, તોય તું કહે ન કાંઇ કેમ ?
માટે ઉપાધિ દેહમાં કરૂં તાહરા એમ. ૯૨

કહી એમ શ્રીગુરુ તણા ઘોર ઉષ્ણતા ત્યાંય
કરે ઉત્પન્ન ઉદરમાં દત્ત એહ ક્ષણ માંહ્ય. ૯૩

તેથી મૂત્રદ્વારથી શ્રીગુરુને તત્કાળ
પડવા લાગ્યું લોહી ત્યાં ! જોઇ એહ નિર્ધાર, ૯૪

પૂછે વિનત પૂજારીઓ શ્રીગુરુને એ તેમઃ-
પડે લોહી આ શા થકી પ્રભો આપને એમ ? ૯૫

બોલે શ્રીગુરુઃ- શું કહું ? તમે પૂજારી બાળ
દત્તપાદુકા પર કરો અતિતપ્તોદકધાર ! ૯૬

તેથી દેવ ઉપાધિ આ મને કરે છે એમ !!
સૂણી પૂજારી પાદુકા કને જઇ સપ્રેમ, ૯૭

માગી ક્ષમા અપરાધની કરે પ્રાર્થના ત્યાંયઃ-
ભક્ત તણા પ્રતિપાળ હે ! અમે બાળકો આંહ્ય; ૯૮

ભૂલ સુધારીશું હવે, કર ક્ષમા અપરાધ;
એમ કહી વંદન કરે પકડી કાન બે હાથ !! ૯૯

કરતાં એમ પૂજારીઓ, ઉપાધિ એ તત્કાળ
થઇ દૂર શ્રીગુરુ તણી !! તે દિનથી નિર્ધાર, ૧૦૦

અતિતપ્તોદકથી કદિ ના ન્હવડાવે જાણ
દત્તપાદુકાને પૂજારીજન એહ સુજાણ. ૧૦૧

પોતે સહન કરી શકે તેવું ગરમ જળ ત્યાંય
નિત્ય વાપરે સ્નાનમાં દેવ તણા ! ગુરુરાય ૧૦૨

હતા વાડીમાં જ્યાહરે ત્યારે અનેક એમ
ચમત્કાર બન્યા તિહાં !! કથે સર્વ કો કેમ ? ૧૦૩

વૈજનાથનિમિત્તથી આઠ રુપિયા માંહ્ય
લોક હજારોને જમાડે ત્યાં શ્રીગુરુરાય !! ૧૦૪

કથે કોણ વિસ્તાર એ ? સૂણી નિરંજન એહ
કરે પ્રશ્ન, આગળ હવે **રંગ** અલૌકિક તેહ !!! ૧૦૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે રૂપત્રયધારણાદિકથનં નામ ત્રયસ્ત્રિંશદધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૩૩ ॥ દોહરા ૧૦૫ સ્તોત્ર ૧ આરતી ૧

## અધ્યાય ૧૩૪

વદે નિરંજનઃ-હે ગુરો ! વધે ગ્રંથવિસ્તાર,
તોએ મન આ ના રહે; શ્રીગુરુ ભક્તાધાર ૧

વૈજનાથનિમિત્તથી લીલા વાડી માંહ્ય
કરે તેહ મુજને કહો, જેથી શાન્તિ થાય. ૨

જેમ જેમ સૂણું કથા વધે પિપાસા તેમ;
તમ વિણ શાન્તિ કો કરે ? કહી એમ સપ્રેમ ૩

પુનઃ પુનઃ વંદન કરે !! જોઇ એહનો ભાવ;
વદે અલખઃ-સૂણ બાળ હે ! મટે જે થકી તાવ. ૪

વૈજનાથ નામે હતો વિપ્ર વાડીમાં એક;
શિષ્ય અક્કલકોટના સ્વામીનો જે દેખ. ૫
નિત્ય નિયમ એ એહનોઃ-થાતાં પ્રાતઃકાલ
ઊઠી, પંચગંગાતટે લઇ લોટો નિર્ધાર ૬
જઇ નિત્ય શૌચાદિથી થઇ નિવૃત્ત તેમ,
બે પહોર સુધી તિહાં વિચરે ઉન્મત્ત જેમ. ૭
વળતી માટી દેહ પર ચોળી કૃષ્ણા માંહ્ય,
કરી સ્નાન પુનઃ તથા ચોળે માટી ત્યાંય. ૮
કરે સ્નાન વળતી ફરી ! એવું વારંવાર
ન્હાવું ચોળી મૃત્તિકા એજ જાણ નિર્ધાર ૯
પૂજા સંધ્યાદિક બધું વૈજનાથનું એહ !!
દત્તપાદુકા પર કદિ આચમનીએ તેહ ૧૦
પાણી સ્વપ્ને પણ ચઢાવે ના વર્ષો માંહ્ય;
પૂછે એને કોઇ જો, વૈજનાથ તું આંહ્ય ૧૧
સંધ્યાપૂજાદિક કંઇ કરે કર્મ ના કેમ ?
ચોળી માટી ફરી ફરી ન્હાય માત્ર કાં એમ ? ૧૨
દત્તપાદુકા પર ચઢાવે ના જળ પણ હન્ત !
વદે લોકને એ તદાઃ-સૂઝે ન મને પંથ !! ૧૩
વળગ્યું છે મુજને અહીં ઝોડ કારમું એક,
સૂઝવા ન દે એ કંઇ; તેથી લાચાર છેક ૧૪
બની ગયો છું હું અરે, છેડો ન મને આંહ્ય !
વદે એમ એ સર્વદા સર્વ લોકને ત્યાંય. ૧૫
સાક્ષાત્કાર શ્રીદત્તનો હતો એહને જાણ;
તેથી ચેષ્ટા બાલવત્ કરે જાણીને માન. ૧૬
પંચ્યું ન્હાનું પહેરીને, હાથ જેટલું એહ
વસ્ત્ર ખભા પર લે સદા; એ વિણ કાંઇ તેહ ૧૭
અન્ય વસ્ત્ર અંગે કદિ કરે ન ધારણ જાણ;
ભિક્ષાર્થે જો એહને બોલાવે કો માન, ૧૮
તોજ કોઇને ઘેર એ જાય તદર્થે તેમ;
પૈસો ભોજનદક્ષિણા આપે કોઇ એમ, ૧૯
લે તો એ સંતોષથી એ વિણ બીજું ત્યાંય
રૌપ્યમુદ્રાદિક કદિ અન્ય દ્રવ્ય જો ક્યાંય ૨૦
આપે કોઇ તોય એ ના લે સ્વપ્ને તેમ;
દક્ષિણાનું દ્રવ્ય જે મળે અલ્પ એ એમ, ૨૧
વાડીની શાળા તણા શિક્ષક એક સુજાણ
નંદગાંવકર નામથી બ્રાહ્મણ જે વિદ્વાન ૨૨
તેની પાસે આપીને રાખે હિસાબ પાસ;
ફાટી જાતાં વસ્ત્ર તે દ્રવ્ય માંહ્યથી ખાસ ૨૩
દ્રવ્ય અલ્પ ખરચી સ્વયં અન્ય વસ્ત્ર લે એમ;
વસ્ત્ર વિના એ અન્યથા ખરચે પાઇ ન તેમ ! ૨૪
દ્રવ્યસંચય એહવો કરતાં એહ સુજાણ,
પચીસ વર્ષોમાં થયા આઠ રૂપિયા માન !! ૨૫
એક દિવસ ગાંડાબુવા વદે એહને ત્યાંયઃ-
વૈજનાથ ! વાડી મહીં પચીસ વરસથી આંહ્ય ૨૬
રે'વા છતાંય તેં કદિ દત્તપાદુકા પર
નથી ચઢાવ્યું કેમ રે આચમનીએ જળ ? ૨૭
મહાપૂજાદિક દેવની ના કીધી કદિ તેમ !!
વૈજનાથ બોલે તદાઃ-કરૂં હું અહીં કેમ ? ૨૮
ઝોડ ભયંકર છે મને વળગ્યું મૂળે આંહ્ય
સૂઝવા ન દે એ કંઇ ! છે લાચારી ત્યાંય !! ૨૯
ગાંડાબુવા વદે ફરીઃ- આઠ રૂપિયા જેહ
શેષ દત્તભંડારમાં છે તુજ પાસે તેહ ૩૦
આપ વેગથી, જે થકી કરીએ મહાપૂજન !
સુણી વચન બોલે તદા વૈજનાથ તત્ક્ષણઃ- ૩૧
મળવા મારે ભાઇને જાવું છે મુજ ખાસ;
વાટે ખરચી જોઇશે, માટે એ ધન પાસ ૩૨
રાખ્યું છે સંગ્રહ કરી ! આપી શકું ન એહ !!
સૂણી વચન જન પાસના વદે તત્ક્ષણે તેહઃ- ૩૩
જવું છે મળવા ભાઇને, વદે એમ એ આંહ્ય
કેટલાંક વર્ષો થયાં; તોય ન હજીએ જાય ! ૩૪
માટે વચને એહના ના રાખો વિશ્વાસ
બ્રહ્મચારીબુવા તમે !! લઇ દ્રવ્ય એ ખાસ ૩૫
દત્તપાદુકાનું કરાવો મહાપૂજન તેમ;
ઠીક યોજના આ તમે શોધી કાઢી એમ !! ૩૬
સૂણી વચન એ લોકનાં, વૈજનાથને તેહ
દ્રવ્ય આણવા એ કહે ગાંડાબુવા સનેહ. ૩૭
વૈજનાથ માને નહીં ! માટે શ્રીગુરુ પાસ
જઇ તત્ક્ષણ ગાંડાબુવા વદે જોડી કર ખાસઃ- ૩૮
વૈજનાથ આ વાડીમાં પચીસ વર્ષથી એમ
રે'વા છતાંય દત્ત પર આચમનીએ તેમ ૩૯
પાણી ન ચઢાવે કદિ; આઠ રૂપિયા પાસ
છે એની તે માગતાં મહાપૂજાર્થ ખાસ, ૪૦
કહે અમોને એ અહીંઃ- મળવા માટે ત્યાંય
જવું છે મારે ભાઇને; વાટે રસ્તા માંહ્ય ૪૧
ખરચી માટે દ્રવ્ય એ રાખ્યું છે મેં તેમ !
બ્હાનું કેવળ એ દિવસે !! સૂણી એહ સપ્રેમ ૪૨

બોલે ગુરુવરઃ-વચનનું રહસ્ય એના જેહ,
ના સમજાયું લેશ પણ ગાંડા તુજને તેહ. ૪૩

વૈજનાથને ઝોડ જે વળગ્યું છે દારુણ,
દત્ત દિગંબર એ નકી; ભર્યો બધે જે પૂર્ણ. ૪૪

એથી સદા સંલગ્ન એ ! માટે ઝોડગ્રસ્ત
છું હું, એવું ઓચરે વૈજનાથ એ મસ્ત !! ૪૫

'મળવા ભાઇને જવું' એનું રહસ્ય તેમ;
ત્યજી સ્થૂલ શરીર આ આત્મસ્વરૂપે એમ ૪૬

મળી જવું આખર, સુધી ! વિદેહમુક્તિ જેહ
કહી શાસ્ત્રમાં તેહને વરવું તે સસ્નેહ !! ૪૭

દેહવ્યવસ્થા આખરે કરવા માટે તેમ
પડે તકલીફ ન કોઇને, એજ વિચારે એમ ૪૮

દ્રવ્ય એટલું સંઘરી રાખે પાસે એહ !
સૂણી વચન ગાંડાબુવા વદે વિનયથી તેહઃ- ૪૯

ફાવે તેમ કરી પ્રભો વૈજનાથની પાસ
મહાપૂજા શ્રીદત્તની આપ કરાવો ખાસ. ૫૦

આઠ રૂપિયામાં યદિ થાય ન પૂરૂં તેમ,
ખરચ બાકીનું હું સ્વયં ભોગવીશ સપ્રેમ. ૫૧

વચન એહ ગાંડા તણાં સૂણી શ્રીગુરુ ખાસ,
વૈજનાથને એ વદે બોલાવીને પાસઃ- ૫૨

વૈજનાથ ! સાચું કહે ગાંડો નિઃસંદેહ;
માટે મહાપૂજન અહીં કરાવ માની તેહ. ૫૩

સૂણી વચન શ્રીગુરુ તણાં, જોડી કરદ્વય ત્યાંય
વૈજનાથ વદેઃ- ભલે ! આપું છું ધન આંહ્ય. ૫૪

આઠ રૂપિયા જે પડ્યા છે માસ્તરની પાસ,
લઇ સર્વ એથી કરાવો મહાપૂજન ખાસ. ૫૫

તોએ વિનંતિ માહરી એક સાંભળો આંહ્ય;
ઝોડગ્રસ્ત સદાય હું માટે મુજથી ત્યાંય ૫૬

બેસાશે ના પૂજને ! તેથી આપ દયાળ
મારા વતીથી સર્વ એ લેજો કરી નિર્ધાર !! ૫૭

કહે શ્રીગુરુ એહનેઃ-તારે અવશ્ય તેમ
પૂજા માટે આવવું પડશે માની એમ. ૫૮

બોલ એટલું માત્ર તું કે તવ પૂજા માટ
અમુક વાગતાં હે પ્રભો આવીશ હું સાક્ષાત્. ૫૯

ઝોડ તાહરૂં એટલે પૂજન માટે તેમ,
નકી આવવા મંદિર દેશે તુજને એમ. ૬૦

અનેક રીતે એહને કે'તાં એમ દયાળ,
વૈજનાથ એ આવવા થાય કબૂલ તત્કાળ. ૬૧

માર્ગશીર્ષ દિન દ્વાદશી શુકલપક્ષમાં તેમ,
મહાપૂજા શ્રીદત્તની કરે નક્કી સહુ એમ. ૬૨

તદનુસાર[1] દિન તે કરે યથાસાંગ પૂજન
વૈજનાથદ્વિજ હર્ષથી, કરી એકાગ્ર મન. ૬૩

આઠ રૂપિયા જે હતા એની પાસે ત્યાંય,
તેટલામાંજ વિપ્રથી આચાંડાલ[2] બધાય ૬૪

લોક વાડીના એ જમ્યા; ખૂટ્યું તોય ન અન્ન !
કૃષ્ણાના જીવન[3] મહીં પછી એહ તત્ક્ષણ ૬૫

નાંખી જલચરને કર્યાં તૃપ્ત સર્વ એ તેમ !!
વૈજનાથનિમિત્તથી લીલા ગુરુએ એમ ૬૬

કરી તદા વાડી મહીં ! આઠ રૂપિયા માંહ્ય
ત્રણ હજાર જમ્યા અહા, લોક સર્વ જશ ગાય !! ૬૭

સ્વયં દત્ત અવતાર જે, કરે ન શું શું એહ ?
અતર્ક્ય લીલા એહની ! કોણ વર્ણવે તેહ ? ૬૮

ગોઠસ નામે ગામમાં હતો સદ્વિપ્ર એક,
સીતારામબુવા તણો [4]ભાગિનેય જે દેખ. ૬૯

પિશાચબાધાથી થઇ ત્રસ્ત અતિશય એહ,
આવ્યો નૃસિંહવાડીમાં શ્રીગુરુસંનિધ તેહ. ૭૦

કરી દંડવત્ ગુરુપદે, કથે સ્વાત્મવૃત્તાંતઃ-
સદ્ગુરુવર્યા ! નિશ્ચયે છું હું દુઃખી નિતાંત. ૭૧

એક સમે અમ ઘેર ભો, એક અજાણ્યો વિપ્ર
આવ્યો મધ્યાહ્ને પ્રભો ! પિતામહે મમ ક્ષિપ્ર ૭૨

ગૃહસ્થાશ્રમધર્મવત્ કરી યોગ્ય સત્કાર,
આપ્યું ભોજન એહને; જતી વખત નિર્ધાર ૭૩

પોતાની પાસે હતા રૂપિયા બત્રીસ જેહ,
આપી સર્વ ધન એ વદે દાદાજીને તેહઃ- ૭૪

આવું પાછો ત્યાં સુધી રાખો આ ધન પાસ !
એમ કહી દાદાજીને આપી દ્રવ્ય એ ખાસ, ૭૫

ગયો વિપ્ર [5]ગ્રામાંતરે; કેટલાક દિન ત્યાંય
જતાં એમ દ્વિજ એ ફરી આવ્યો અમ ઘર માંહ્ય. ૭૬

કહે પિતામહ તે સમે એને એનું ધન
લઇ જાવા પાછું; સૂણી વદે એહ બ્રાહ્મણઃ- ૭૭

આજ પ્રાંતમાં માહરૂં થાવાનું છે લગ્ન;
એટલાજ ધનથી ન એ થશે કાર્ય સંપૂર્ણ. ૭૮

૧. તે પ્રમાણે. ૨. ચાંડાલ સુધીના. ૩. જળ. ૪. ભાણેજ. ૫. બીજે ગામ.

માટે બીજાું ખૂટતું લઇ આવી તત્કાળ,
તમ પાસેનું દ્રવ્ય આ લઇ જઇશ નિર્ધાર. ૭૯
કહી એમ દ્વિજ એ ગયો ! નામ ગામ વા ત્યાંય
એનું મમ દાદાજીએ ના પૂછ્યું ગુરુરાય !! ૮૦
દ્રવ્ય એમનું એમ એ રાખ્યું એનું પાસ;
વરસ કંઇક એ વાતને થઇ ગયાં ત્યાં ખાસ. ૮૧
તોએ નાવ્યો વિપ્ર એ ! દાદાજી મમ તેમ
પડી વિચારમાં વદે મમ પિતાને એમઃ- ૮૨
નામગ્રામાદિક કંઇ પૂછ્યા વિણ મેં આંહ્ય,
રાખ્યું ધન એ વિપ્રનું; ગયો કાળ બહુ ત્યાંય. ૮૩
તોએ દ્વિજ એ ના દિસે ! કરવું મારે કેમ ?
અંતકાળમાં, આખરે પિતામહ મમ એમ ૮૪
કહે પિતાજીનેઃ- અરે ! આવે જો એ વિપ્ર
અથવા એનું આપ્ત કો રૂપિયા બત્રીસ ક્ષિપ્ર ૮૫
આપી દેજે એહને; એમ કહી તત્કાળ
મૂક્યો દેહ પિતામહે !! દ્રવ્ય એહ નિર્ધાર ૮૬
દાદાજીના વચન સમ મત્પિતાએ તેમ
રાખી મૂક્યું'તું ગૃહે; જતાં કાળ કંઇ એમ, ૮૭
થઇ ભૂત દ્વિજ એ નકી પીડે નાના રીત
મમ પિતાજીને પ્રભો ! વદે ધૂણી નિશ્ચિતઃ- ૮૮
હતો વિપ્ર હું જે સમે, રુપિયા બત્રીસ જેહ
મૂક્યા'તા તમ પાસ તે સમયે; સઘળા તેહ ૮૯
આપો મુજને માહરા ! લઇ જાત હું તેમ;
પામ્યો વચ્ચે મરણ તેથી રહ્યા એ એમ ! ૯૦
વચન પ્રમાણે એહના, આપી દ્રવ્ય સહુ એહ
નારાયણબલિ મત્પિતાએ કરાવ્યો તેહ. ૯૧

તોએ પિશાચ એ સદા મમ પિતાને ત્યાંય
કરતું'તું પીડા બહુ; એટલું જ નહિ આંહ્ય; ૯૨
ઘરનાં કંઇક મનુષ્યને માર્યાં એણે તેમ;
તેથી પૂછ્યું એહનેઃ- કાં રે દુઃખ તું એમ ૯૩
આપે છે અમને ફરી ? બોલે પિશાચ ત્યાંયઃ-
કરવા નારાયણબલિ કોણ વધ્યું'તું આંહ્ય ? ૯૪
નારાયણબલિ એ તમે કર્યો ભલે, પણ એમ
મુક્તિ મુજને ના મળી માટે નિષ્ફળ તેમ ૯૫
ગઇ ક્રિયા તમ એ બધી ! કરો પુનઃ બલિ તેહ
છેડીશ ના તમને પછી, માનો યથાર્થ એહ. ૯૬
મમ પિતાજીએ ફરી નારાયણબલિ તેમ,
રુપિયા પચાસ વાપરી કર્યો યથાવિધિ એમ. ૯૭

તોયે પિશાચે એ પ્રભો આપી અતિશય ત્રાસ
માર્યો મારા તાતને ! અને પડ્યું છે ખાસ ૯૮
મારી પણ પાછળ ગુરો !! પીડે નિશદિન તેમ;
આવ્યો શરણે આપના, કરી કૃપા પ્રભુ એમ ૯૯
છોડાવો એ ત્રાસથી ભૂત તણા નિર્ધાર !
કહી જનાર્દન એમ એ ગ્રહે ચરણ તત્કાળ. ૧૦૦
સૂણી શ્રીગુરુ ભૂતને બોલાવીને તેહ,
પૂછેઃ-જૂઠું સત્ય વા વદે જનાર્દન એહ ? ૧૦૧
બોલે ભૂતઃ-કૃપાનિધે ! બોલે એહ યથાર્થ;
તોએ મુજને સદ્‌ગતિ મળી ન હે શ્રુતિતાત ! ૧૦૨
માટે આપ દયાનિધે રહી આ સમે પાસ,
નારાયણબલિ એહની પાસ કરાવો ખાસ. ૧૦૩
પીડીશ ના હું એહને પછી કોઇ દિન તેમ;
વંશે મારા દેવ હે રહ્યું ન કોઇ એમ ૧૦૪
આપે જે સદ્‌ગતિ મને ! માટે શરણે નાથ
આવી પ્રાર્થું આપને, આપો મુક્તિ તાત !! ૧૦૫
સૂણી વિનંતિ ભૂતની દ્રવ્યા તિહાં ગુરુરાય,
કરવા નારાયણબલિ બ્રાહ્મણને એ ત્યાંય ૧૦૬
આજ્ઞા વાડીમાં કરે; સૂણી જનાર્દન એહ,
કરવા બલિ સાહિત્યનો દેખે હિસાબ તેહ, ૧૦૭
ત્યાં તો બત્રીસ રુપિયા ખૂટે એની પાસ !
તે જ રાતરે ભૂત એ વાડીવાસી ખાસ ૧૦૮
શાળાશિક્ષક વિપ્ર જે નંદગાંવકર નામ
વદે જઇને સ્વપ્નમાં તેને સત્વર આમઃ- ૧૦૯
પૂર્વજન્મના માગતા છે મારા તુજ પાસ
બત્રીસ રૂપિયા, તે જઇ જનાર્દનને દે ખાસ. ૧૧૦

શિક્ષક સ્હવારમાંજ એ આવી ગુરુ કને ત્યાંય,
કહી વાત નિજ સ્વપ્નની કરી નમન નતકાય; ૧૧૧
પિશાચના કે'વા પ્રમાણે રુપિયા બત્રીસ
આપે જનાર્દનને ગુરુસંનિધ નામી શીષ !! ૧૧૨
આવી મળતાં ધન તથા, નારાયણબલિ એહ
કરે જનાર્દન તે જ દિન યથાવિધાને તેહ, ૧૧૩
પિશાચની પીડા થકી થયો મુક્ત દ્વિજ તેમ;
કરી દંડવત્ ગુરુપદે ગયો ગામ નિજ એમ. ૧૧૪
એમ વાડીમાં શ્રીગુરુ હતા જ્યાહરે જાણ,
ચમત્કાર બન્યાં કરે નિત્ય નવા તું માન. ૧૧૫
ગણેશવાડીકર કરી તાત્યા મહાબળ એક
હતો વિપ્ર શિરોળ ગામે રે'નારો દેખ. ૧૧૬

વગર વિચારે મૂરખાઓની સંગતે ત્યાંય
ચઢી, પરીક્ષા ગુરુ તણી કરવા વાડી માંહ્ય ૧૧૭

આવી, ગુરુસંનિધ જઇ પરીક્ષાર્થ એ તેમ,
ન્હોતો કરમાં રોગ તોએ અમસ્તો એમ ૧૧૮

હાથ હલાવી ત્યાં વદેઃ-કંપવાતથી આંહ્ય
કંપે કર આ હે પ્રભો ! કથો કાંઇ ઉપાય. ૧૧૯

સૂણી વચન શ્રીગુરુ વદેઃ-કર મુક ઓસડ;
આવી બ્હાર એ સર્વને કહે ? હસી ખડખડઃ- ૧૨૦

ના જાણે સ્વામી કશું; કેવળ ધતીંગ એહ
છે મચાવ્યું એમણે અહિંયાં નિઃસંદેહ ! ૧૨૧

શતમૂરખ આ લોક પણ પડે ફંદમાં વ્યર્થ;
એમ અનેક પ્રકારથી નિંદે ગુરુને તર્ત !! ૧૨૨

થોડા દિનમાં એ પછી થાય ચમત્કૃતિ એમ;
તાત્યાએ નિજ હાથ જે ગુરુમૂર્તિને તેમ ૧૨૩

દેખાડ્યો'તો તે કરે ગલત્કુષ્ઠ દુર્ધર
થઇ, શનૈઃ શનૈઃ બધે વ્યાપ્યો એહ પ્રખર. ૧૨૪

થોડા દિનમાં એ થકી તાત્યાના એ જાણ
ગળી ગયા કરચરણ ને સર્વાંગે તું માન ૧૨૫

પડી જીવ સળી સળી પામી દુઃસહ ત્રાસ
મરી ગયો એ આખરે !! માટે પરચો ખાસ ૧૨૬

જોવાનો સંતો તણો કરવો યત્ન ન તેમ;
નિંદા તેમ ન સંતની કરવી કદિએ એમ. ૧૨૭

નહિં તો આવી આપદા ઈશ્વર એને આંહ્ય
પાડી, અંતે નરકમાં નાંખે નિશ્ચય ત્યાંય. ૧૨૮

કંઇક દૃષ્ટાંત એહવા પૂર્વે બન્યા સુજાણ !
કે'તાં આવે પાર ના !! ગુરુ ત્રીશ ભગવાન. ૧૨૯

કંઇક દિવસ વાડી મહીં રહી એમ સુસ્થિર,
દત્તાજ્ઞાથી નીસરે જવા દક્ષિણે ધીર. ૧૩૦

સ્વેચ્છાએ ફરતા તથા કર્ણાટકમાં એહ,
ગામ ગુર્લાહસોરની પાસે ગિરિ પર જેહ ૧૩૧

સ્થાન રેણુકામાતનું એલંમા અભિધાન
જન્મ્યાં પૂર્વે રેણુકા જેહ સુસ્થળે જાણ. ૧૩૨

જઇ તિહાં સદ્‌ભાવથી કરી દેવીદર્શન
ત્યાંથી કિષ્કિંધા મહીં આવ્યા એ તત્ક્ષણ ૧૩૩

કરી સ્નાન પંપાસરોવરે તિહાં સપ્રેમ,
ત્યાંથી શેષાચલ વિષે આવે શ્રીગુરુ એમ. ૧૩૪

કાર્તિકસ્વામીનાં કરી દર્શન દીનદયાળ,
રહી દિનત્રાય ત્યાં રચે એક ગ્રંથ રસાળ. ૧૩૫

કુમારશિક્ષા નામથી પ્રસિદ્ધ સઘળે એહ,
અજ્ઞ જનોને બોધવા રચ્યો અનુત્તમ તેહ. ૧૩૬

અહો ભક્તકારુણ્ય એ, કોણ વર્ણવે તેમ ?
ભક્તજનોને તારવા મથે નિરંતર એમ !! ૧૩૭

શેષાચલથી નીકળી વ્યંકટેશદર્શન
કરી, કાલહસ્તી અને શિવકાંચિ તત્ક્ષણ ૧૩૮

જઈ, પક્ષિતીર્થે થઇ શ્રીચિદંબર સ્થાન
આવી કંઇક દિનો તિહાં રહ્યા પ્રેમથી જાણ. ૧૩૯

આગળ **રંગ** અપૂર્વ એ, કેવળ અકથ્ય તેમ !
લીલા એની કો લહે, સ્વયં ત્રીશ જે એમ ? ૧૪૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
વૈજનાથોપાખ્યાનાદિવર્ણનં નામ ચતુસ્ત્રિંશદધિકશતતમોऽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૩૪ ॥ દોહરા ૧૪૦

## અધ્યાય ૧૩૫

અલખ કહેઃ-ચિદંબરે આવ્યા ગુરુવર દેખ;
સુંદરશાસ્ત્રી નામથી હતા વિપ્ર ત્યાં એક. ૧

વિદ્વત્સંન્યાસી તથા જોઇ એમણે જાણ,
આણ્યા શ્રીગુરુને ગૃહે આપી અતિશય માન. ૨

હતા તે સ્થળે શ્રીગુરુ જ્યારે દીનદયાળ,
વાત કોઇ મૂર્ખે તદા ફેલાવી નિર્ધાર ૩

કેવળ જૂઠી કે સમાધિસ્થ થયા શ્રી એમ !
વાડીક્ષેત્રે વૃત્ત એ કર્ણોપકર્ણે તેમ ૪

જ્યારે પ્હોંચ્યું ત્યાહરે શ્રદ્ધાળુ જન એહ
થઇ સુદુઃખિત અંતરે ગભરાયા બહુ તેહ. ૫

આજ્ઞા નૃસિંહસરસ્વતીની લઇ વેગે તેમ,
ગુરુશોધાર્થે નીકળ્યા કેટલાક જન એમ. ૬

માર્ગે રામેશ્વર તણા લોક વાડીના એહ,
કરી તપાસ દરેક તીર્થે રામેશ્વર તેહ ૭

આવી શોધ કરે તિહાં સત્વર ચારે પાસ;
લાગે પત્તો ના તથાપિ ગુરુનો કંઇ ખાસ. ૮

આવ્યા તંજાવર તથા; ત્યાંયે ભાળ ન ક્યાંય
લાગી શ્રીગુરુની યદા, ચિંતાક્રાંત બધાય. ૯

કરે વિચાર કે હવે મળે ન જો ગુરુરાય,
ત્યજવા પ્રાણ અહીં જ પણ જવું ન પાછું ત્યાંય. ૧૦

અંતર્દષ્ટિએ તદા જાણી શ્રીગુરુ તેહ,
સુંદરશાસ્ત્રીને કહેઃ-મળવા મુજને એહ ૧૧

લોકો નૃસિંહવાડીના કેટલાક આ પાસ
આવ્યા છે, માટે અહીં રહી શકાય ન ખાસ. ૧૨

સ્હામે જઈને એમનું સમાધાન હું ઝટ
કરૂં, એમ કહી શાસ્ત્રીને, ઊઠ્યા ગુરુવર તર્ત. ૧૩

ભક્તોના માબાપ એ મનોવેગથી તેમ
માયાવરં તણા બજારમાં આવ્યા સપ્રેમ. ૧૪

વાડીના જન પણ તિહાં આવ્યા’તા એ જાણ;
જોઇ એમને શ્રીગુરુ, અંતોબાને માન ૧૫

પાડી બૂમ વદેઃ-અરે ! આવ્યા ક્યારે આંહ્ય ?
સાદ ઓળખી, વાડીના લોક સર્વ એ ત્યાંય ૧૬

દોડી એકદમ શ્રીગુરુને જોઇ સપ્રેમ,
થઇ ગળગળા હર્ષથી કરે દંડવત્ તેમ ! ૧૭

પુનઃ પુનઃ વંદન કરી, કહે સ્તવન કરી ત્યાંયઃ-
થયા ધન્ય દર્શન થકી અમે આજ ગુરુરાય !! ૧૮

પૂછે ગુરુવર એમને, આવ્યા ક્યાંથી આમ ?
સૂણી વાડીના લોક એ કથે [1]વૃત્ત તમામ. ૧૯

સર્વ સાંભળી એ વદે દીનદયાળુ એહઃ-
વાતો અસત્ય આહવી ભળતી ફાવે તેહ ૨૦

કોઇ ઊડાડે તોય પણ કરવો ના વિશ્વાસ
હવે પછીથી કોઇ દિન ! યદા દેહ આ ખાસ ૨૧

પડશે ત્યારે સર્વને મળે ખબર સત્વર
એહવાજ સ્થળમાં નકી પડશે એ આખર !! ૨૨

એમ કહી વાડી તણા લઇ લોકને એહ,
કાવેરીતટ પર કરે નિવાસ તે દિન તેહ. ૨૩

આપી શાન્તિ એમને, અન્ય દિને નિર્ધાર;
પાછા ફરવા વાડીમાં કહે ત્યાંથી તત્કાળ. ૨૪

થઇ ગળગળા સર્વ જન, વંદી ગુરુપદ તેમ;
જવા વાડીમાં નીકળ્યા કરી સ્તવન સપ્રેમ. ૨૫

શ્રીગુરુ ત્યાંથી ચાલતા આવ્યા શ્વેતારણ્ય;
અસ્તાચલ ઉદયાચલે થઇ એમ સુધન્ય, ૨૬

કુંભકોણમાં આવીને શ્રીરંગાદિક તેમ
મદુરા મીનાક્ષી અને નવપાષાણ[2] સપ્રેમ, ૨૭

આવી રામેશ્વર વિષે આવ્યા સત્વર જાણ;
કરી સેતુદર્શન યથાવિધિ આચરે સ્નાન ૨૮

દક્ષિણસાગરનું તિહાં; વંદી રામેશ્વર,
આવે કાવેરીતટે એમ એહ સત્વર. ૨૯

સંધ્યામંડપં કરી ગ્રામે કરે નિવાસ;
ચોમાસું તે સાલનું કરે ત્યાંજ એ ખાસ. ૩૦

પ્રાકૃત ઓંવીબદ્ધ જે ગુરુચરિત્ર રસાળ
સમશ્લોકાત્મક તેહનું સંસ્કૃત ત્યાં નિર્ધાર ૩૧

કરી, ચૂર્ણિકા પણ કરે દત્તાજ્ઞાથી તેમ;
ગ્રંથ અનુત્તમ ને અતિ સુબોધ પણ છે એમ. ૩૨

ન્યૂનાધિક જે જે અહીં દત્તાજ્ઞાથી તેમ;
કર્યું સ્વયં શ્રીગુરુવરે, માટે અનુપમ એહ. ૩૩

તંજાવર ગામે હતી વિધવા એક સુજાણ,
જાતે દેશસ્થ બ્રાહ્મણી અતિ ધાર્મિક એ માન. ૩૪

[3]શ્વાસકાસની એહને દૈવયોગથી ત્યાંય
થઇ વ્યથા દારુણ અતિ, રાતદિવસ સદાય ૩૫

એકવીસ વર્ષો થયાં દુઃખે ભોગવે તેમ;
[4]ઉપશમનાર્થે વ્યાધિના ઉપાય કંઇ કંઇ એમ ૩૬

ઔષધાદિક એહણે કર્યા વિવિધ ત્યાં જાણ;
તોએ રોગ ન એ શમે, પીડા કરે મહાન. ૩૭

કાયા વાચા મન થકી ઈશ્વરસેવા એહ
કરી દિવસ કાઢે તથા ! ત્યાં તો ગુરુવર તેહ ૩૮

આવ્યા સંધ્યામંડપં ગામે સૂણી તત્કાળ,
ગુરુપૌર્ણિમાએ દર્શને આવી એ નિર્ધાર. ૩૯

ભાવ એહનો જોઇને ગાંડો શિષ્ય સુજાણ
આપે એને ગુરુ તણું પાદતીર્થ ત્યાં જાણ. ૪૦

સદ્ભાવે તત્કાળ એ સેવે એને ત્યાંય;
ભેષજ[5] એને એ થયું ! કરી દંડવત્ જ્યાંય ૪૧

શ્રીગુરુપદમાં પ્રેમથી જાય ઘેર એ તેમ,
થઇ વાન્તિ[6] ત્યાં કફ બધો પડ્યો મુખ થકી એમ !! ૪૨

શ્વાસકાસનું નામ ના રહ્યું તત્ક્ષણે જાણ;
દેખી શ્રદ્ધા શ્રીગુરુ દે ફળ એમ સુજાણ !!! ૪૩

ચોમાસું પૂરૂં થતાં સંધ્યામંડપં ગામ
છોડી, જંબુકેશ્વર થઇ જાય શ્રીરંગ આમ. ૪૪

ત્યાંથી કાવેરીતટે ફરતા ફરતા તેમ,
ઈરોળ ગામની સંનિધે હતો મુકામ એમ ૪૫

શૃંગેરીમઠના તદા શંકારાચાર્ય જેહ
જગદ્ગુરુ શ્રીસચ્ચિદાનંદ શિવાભિનવ તેહ ૪૬

૧. હકીકત, સમાચાર. ૨. સેતુ બાંધતી વખતે રામચંદ્રજીએ નવ ગ્રહની પ્રથમ સ્થાપના કરી હતી તે સ્થાન; આ સ્થાનથી જ સેતુના પ્રથમ પથ્થરની શરૂઆત થઈ. ૩. દમ. ૪. મટવા માટે. ૫. ઔષધ. ૬. ઊલટી.

શ્રીમન્નૃસિંહભારતી નામ જેમનું જાણ
સ્વારી સહ જ્યાં તેમનો, આવ્યા તત્ર સુજાણ. ૪૭
મળી જગદ્ગુરુને તિહાં, વંદે તત્પદ તેમ;
જોઇ આચાર્ય એમને પરમાનંદે એમ ૪૮
જાણી દત્ત અવતાર એ કરી હાસ્ય સસ્નેહ,
બેસાડે સન્માનથી ગુરુમૂર્તિને તેહ ૪૯
આપી આસન સંનિધે ! સર્વ વ્યવસ્થા તેમ
કરે મધુકરીની સ્વયં; થાતાં ભિક્ષા એમ, ૫૦
વદે જગદ્ગુરુ એ તદા સર્વ લોકને ત્યાંયઃ-
વાસુદેવાનંદ સરસ્વતી સ્વામીરાય ૫૧
દુર્લભ દર્શન જેમનું તે જ પધાર્યા એહ;
જાણો ભક્ત ન હે તમે સ્વરૂપ એમનું તેહ. ૫૨
અનંત કોટિ જન્મો તણાં સુકૃત ફળિયાં આંહ્ય
માતપિતાનાં એમના, માટે તદ્ગૃહ માંહ્ય ૫૩
દત્તદેવ આ રૂપથી જગદુદ્ધારે એમ
સ્વયં અવતર્યા નિશ્ચયે ! સર્વ જગત્ પર તેમ ૫૪
માતપિતાના એમના છે ઉપકાર મહાન !!
સ્વામિરાજ પ્રત્યક્ષ આ, જાણો ભક્ત સુજાણ ૫૫
આદ્ય શંકરાચાર્ય જે તત્સમ નિશ્ચય આંહ્ય;
કરી ગયા આચાર્ય એ ધર્મસ્થાપના ત્યાંય ૫૬
પ્રગટપણે ભૂમંડલે; તેમ યતીશ્વર એહ
કરે ધર્મસંસ્થાપના ગુપ્ત રીતથી તેહ !! ૫૭
કરે સંન્યાસધર્મનું પાલન વિધિવત્ તેમ
ઘોર કલિમાં પણ અહીં; કોઇ ન બીજો એમ ! ૫૮
જાય શરણ જે એમને કરી તેમને બોધ
પ્રેરી સન્માર્ગે સદા, રાખે અખંડ જ્યોત ૫૯
આ કાળે આચાર્યની પ્રણાલિકાની તેમ;
સુધર્યા યદ્દર્શન થકી કંઇક નાસ્તિકો એમ !! ૬૦
ભક્તકામના પૂર્ણ એ કરે દર્શને આંહ્ય;
શાસ્ત્રાનુષ્ઠાને હરે દુઃખિતદુઃખ સદાય. ૬૧
એટલું જ નહિ ભક્ત હે ! કંઇક પ્રસંગો માંહ્ય
મડદાં પણ તદ્દર્શને એમ ઊઠ્યાં છે આંહ્ય !! ૬૨
પતિત હોય તે પણ તરે તદ્દર્શનથી એમ;
હીનદીનને તારવા ફરે પગે એ તેમ. ૬૩
આ યતિવરના યોગથી આર્યાવર્તે એહ,
લાખો લોકો છે વળ્યા ધર્મે નિઃસંદેહ. ૬૪
આવા વિપત્તિકાલમાં ફરી આચાર્યનામ
ફેલાવ્યું છે એમણે નકી દિગંત આમ ! ૬૫

ધજા સનાતન ધર્મની છે ફરકાવી એમ
ઊંચી ભૂમંડલ વિષે ફરી એમણે, તેમ ૬૬
આચાર્ય જ એ નિશ્ચયે; દત્ત પ્રત્યક્ષ આંહ્ય !
યાવચ્ચંદ્રદિવાકરૌ જીવો અમૃતકાય ૬૭
એહ યતીશ્વર, એહવી જાણો ઇશ્વર પાસ
છે પ્રાર્થના માહરી, માનો યથાર્થ ખાસ !! ૬૮
ભાષણ એ આચાર્યનું સૂણી સર્વ જન એહ,
થઇ હૃષ્ટ અતિ અંતરે શ્રીગુરુપદમાં તેહ ૬૯
સાષ્ટાંગ પ્રણતિ કરે સદ્ભાવે તત્કાળ !
પુનઃ જગદ્ગુરુ એ વદે ગુરુવરને નિર્ધારઃ- ૭૦
વિભો દત્ત અવતાર હે ! આપત્કાલે એહ
નાસ્તિક જનને સત્પથે સદા પ્રેરવા તેહ, ૭૧
ધર્મસ્થાપનકાર્યમાં રે'શો સુદક્ષ આંહ્ય;
લઇ મૂર્તિ આચાર્યની હું પણ વેગે ત્યાંય ૭૨
જઇ કાલટીગામમાં સ્થાપી મૂર્તિ તેમ,
કરીશ પ્રાર્થના મૂર્તિને અનન્ય ભાવે એમ :- ૭૩
પ્રભો શંકારાચાર્ય હે ! ગામ કાલટી એહ
જન્મસ્થાન છે આપનું; માટે મૂર્તિ તેહ ૭૪
સ્થાપી ત્યાં, હે જગગુરો ! કરૂં પ્રાર્થના એમ;
આર્યાવર્ત બધોય આ આપનોજ છે તેમ. ૭૫
રહો નિરંતર આપની કૃપાદષ્ટિ એ પર;
મર્યાદા સદ્ધર્મની રક્ષો હે ઇશ્વર ! ૭૬
એ રીતે પ્રાર્થી તહીં સ્થાપીશ મૂર્તિ એહ;
વિનંતિ મારી આપ પણ માન્ય રાખશો તેહ !! ૭૭
વચન જગદ્ગુરુનાં તથા સૂણી ભાવાર્દ્ર ત્યાંય,
ગૌરવ કરી આચાર્યનું બોલે શ્રીગુરુરાયઃ- ૭૮
અહો ધન્ય આચાર્ય હે ! સર્વગુણાન્વિત આપ
જગદ્ગુરુના પીઠ પર શોભો જ્યાં નિસ્તાપ; ૭૯
ધર્મજાગૃતિના વિચારો હૃત્કમલે જેહ
વસે આપના તે પ્રભુ સત્યસંકલ્પ તેહ, ૮૦
સ્મર્તૃગામી શ્રીદત્તને કોઇ નિમિત્તે આંહ્ય
કરવા પડશે પૂર્ણ ના શંકા મુજને ત્યાંય ! ૮૧
આપે મુજને જે અહીં આપ્યું મહત્વ તેમ,
યોગ્યતા ન મુજમાં તથા; તોએ આજ્ઞા એમ ૮૨
માન્ય સર્વથા છે મને !! ઉભય સ્વામીનાં એહ
પ્રેમયુક્ત સંભાષણો સૂણી સર્વ જન તેહ; ૮૩
જોડી હાથ વદે તદા જયજય શબ્દે એમ,
કરી દંડવત્ બેઉએ યતિવરને સપ્રેમઃ- ૮૪

જાણો આપજ આપની ગતિ દયાલો આંહ્ય;
મંદમતિ કેવળ અમે લહીએ કાંઇ ન ત્યાંય ! ૮૫

બાહ્ય દૃષ્ટિથી આપના ભાસે જુદા દેહ;
તોએ ભાષણ સૂણતાં તૂટે એ સંદેહ. ૮૬

મન આપ બંનેયનું એકરૂપ છે આંહ્ય
કેવળ જનકલ્યાણ માટે બેઉ જગ માંહ્ય. ૮૭

છો અવતીર્ણ થયા નકી ભૂતલ માંહે એમ;
બુદ્ધિ ન વર્ણવવા અહીં શક્તિ આપની તેમ ! ૮૮

એમ કહી જન એ ફરી કરે દંડવત્ ત્યાંય !!
લઇ આજ્ઞા આચાર્યની ત્યાંથી શ્રીગુરુરાય, ૮૯

પાસે કાવેરીતટે ગામ નેરોર જેહ
આવ્યા ત્યાં વેગે તથા ત્રિમૂર્તિ એ નરદેહ ! ૯૦

શ્રીમત્ સદાશિવેંદ્રસ્વામીની ગામે ત્યાંય
જીવત્સમાધિ છે તિહાં ગુરુવર પ્રેમે જાય ૯૧

દર્શન માટે એહના !! સૂણી નિરંજન એહ
પૂછેઃ-સદાશિવેંદ્ર એ કોણ ધન્યતમ દેહ, ૯૨

યત્સમાધિદર્શને શ્રીગુરુ સમર્થ એમ
જાય નેરોર ચાહીને ? શિષ્યપ્રશ્ન એ તેમ ૯૩

સૂણી અલખ જે ઓચરે આગળ અનુસંધાન;
જીવન્મુક્તસુવૃત્ત એ કેવળ રસની ખાણ ! ૯૪

મુક્તિનું [1]પાથેય આ ગુરુલીલામૃત ધન્ય ! શ્રદ્ધાભાવે સેવતાં તરે **રંગ** અધન્ય !! ૯૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે શૃંગેરીપીઠાચાર્યમિલનં નામ પંચત્રિંશદધિકશततમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૩૫ ॥ દોહરા ૯૫

## અધ્યાય ૧૩૬

અલખ કહેઃ-સદાશિવેંદ્રસ્વામી સમર્થ એહ
ટિપૂસુલતાનના સમયમાં થઇ ગયા તેહ; ૧

બ્રહ્મસૂત્રવૃત્તિ વગેરે ગ્રંથો ઉત્તમ
રચ્યા જેમણે લોકકલ્યાણાર્થે સત્તમ; ૨

શરીરધારી તોય જેને ન દેહાભિમાન,
વિદેહકૈવલ્ય ભોગવે જીવતાંજ એ જાણ. ૩

સ્વેચ્છાએ વિચરે બધે નગ્ન સર્વથા તેહ;
એક સમે આનંદથી કાવેરીતટ એહ, ૪

ભૂપ ટિપુસુલતાનનો સૈન્યસહિત સરદાર
પડ્યો હતો જ્યાં છાવણી નાંખીને નિર્ધાર; ૫

ફરતા ફરતા તે સ્થળે આવી પહોંચ્યા તેમ;
નગ્નપણે સદાશિવેંદ્રસ્વામી એ એમ ૬

મસ્ત વિચરતા જોઇને સરદારસ્ત્રી ત્યાંય,
વદે સ્વપતિને દુર્મુખી કે કોઇ આ આંહ્ય ૭

નગ્ન પુરુષ પ્રત્યક્ષ આપણા સ્થાનની પાસ
ફરે લાજ છોડી દઇ ! સૂણી સ્ત્રીવાક્ય ખાસ, ૮

દેખે જ્યાં સરદાર ત્યાં મૂર્તિ દિગંબર એહ
પડી દૃષ્ટિએ એહની !! જોઇ ક્રોધથી તેહ, ૯

લઇ ખડ્ગ નિજ હાથમાં આવી છાવણી બ્હાર
સદાશિવેંદ્રસ્વામી કને, મનમાં કરે વિચારઃ- ૧૦

કે કોઇ કાફર નકી આ નિર્લજ્જ મહાન
ફરે નગ્ન અહિંયાં, તથા છેદું તત્કર માન. ૧૧

એમ વિચારી અંતરે, સ્વામીના બે હાથ
છેદે ખડ્ગે ત્વરિત એ યવન ઘાતકી જાત ! ૧૨

છૂટી સેરો લોહીની કરદ્વયમાંથી તેમ;
મળે ભાન ના દેહનું તોય એમને એમ !! ૧૩

તૂટી કર નીચે પડ્યા, તોએ મનમાં ખેદ
લેશ એમને થાય ના; ચિન્મય જેહ અભેદ ! ૧૪

સ્વાનંદે વિચરે તથા ફરી પૂર્વવત્ એહ;
જોઇ યવનસરદાર એ થયો સુવિસ્મિત તેહ !! ૧૫

સ્વગત વિચારે એમ ત્યાંઃ-કાંટો પગમાં એક
વાગે તોએ દુઃખથી પડે ચેન ના દેખ. ૧૬

મેં તો એના બેઉએ છેદ્યા કર સાક્ષાત્;
તોએ દુઃખ ન એહને થાય ! કેવી એ વાત ? ૧૭

માટે એહ ખુદા તણો કોઇ [2]અવલિયો જાણ !
એમ વિચારી આશ્રયે કારકુનાદિ માન ૧૮

હતા વિપ્રજન, તેહમાં પૂછે દ્વિજને એકઃ-
ઓળખાણ આ પુરુષની છે તુજને રે, દેખ ? ૧૯

સૂણી વિપ્ર એ ત્યાં વદેઃ-સાધુ પુરુષને એહ
સદાશિવેંદ્રસ્વામી કહે; અતિ સમર્થ છે તેહ. ૨૦

એવી સ્થિતિમાં જે અમારામાં હોય જનાબ,
તેહને ઇશ્વર અમે ગણીએ; એ નિર્દાબ[3] ! ૨૧

વચન એમનું ઇશ પણ ના ઉલ્લંઘે આંહ્ય;
અગાધ તપસામર્થ્ય એમનું; ન શંકા ત્યાંય !! ૨૨

૧. ભાતું. ૨. ઓલિયો, ભક્ત. ૩. કોઇનું દબાણ જેના પર ન ચાલે તેવા.

શાપવચન જો નીકળે તન્મુખથી નિર્ધાર,
સહકુટુંબ તમને અહીં કરે ભસ્મ તત્કાળ; ૨૩

જો કે સંત ન એહવા આપે શાપ કદાય,
સોંપી વપુ પ્રારબ્ધને વર્તે અસંગ આંહ્ય ! ૨૪

તેથી સુખદુઃખાદિની થાતાં પ્રાપ્તિ તેમ,
દોષારોપણ કોઇ પર કરે ન કદિએ એમ !! ૨૫

સદાશિવેંદ્રસ્વામી તણું વૃત્ત એહ નિર્ધાર,
સૂણી વિપ્રમુખથી તદા કરે દુઃખ સરદાર. ૨૬

કહે સ્વગતઃ-હા હન્ત રે ! હતભાગી ના અન્ય,
દુષ્ટ પાતકી મત્સમો ભૂપર કોઇ [1]જઘન્ય !! ૨૭

વૃત્ત સંતનું એહ જો સૂણ્યું મેં યથા તેમ
હોય નિશ્ચયે તો નકી ઘોર કૃત્ય આ એમ ૨૮

થયું મત્કરે; ના કશો છે એમાં સંદેહ !
એમ વિચારી અંતરે યવનસરદાર તેહ, ૨૯

પાછળ પાછળ સ્વામીની ફરવા લાગ્યો જાણ;
જોડી કર અપરાધની માગે માફી માન. ૩૦

પશ્ચાત્તાપે એહની દુષ્ટ બુદ્ધિ તત્કાળ
નાઠી એવું જાણીને, યતિવર એ નિર્ધાર ૩૧

એમ વિચારે અંતરે, કે કાં દેવો તાપ
વૃથા એહ સરદારના મનને આ નિર્માપ ? ૩૨

કહી એમ, કર છિન્ન જે પડ્યા હતા ભૂ પર
ઉદ્દેશીને તેમને વદે એહ સત્વરઃ- ૩૩

હસ્તદ્વય હે ! ભૂ વિષે પડી રહીને ત્યાંય,
વિના કારણે મ્લેચ્છ સરદાર કને આ આંહ્ય ૩૪

પશ્ચાત્તાપ કરાવવો ગમે તમોને કેમ ?
માટે નિજ પૂર્વસ્થલે આવી ચોંટો એમ ! ૩૫

નીકળતાંજ શબ્દો તદા મુખથી બહાર એહ,
કર બંનેએ સ્વસ્થલે થાય સંલગ્ન તેહ !! ૩૬

અઘટિત ઘટના એમની દેખતાંજ એ જાણ
થઇ મગ્ન આશ્ચર્યમાં મ્લેચ્છ સરદાર માન; ૩૭

યા અલ્લાહ પરવરદિગાર તોબાહ્ તોબાહ્ એમ
કહી નિજ કરે ગાલ પર લે મારી ત્યાં તેમ ! ૩૮

દાંતે પ્હોંચાં ચાવીને રોમાંચિત થઇ ત્યાંય,
કહેઃ-સાધુ આ સમ નથી દીઠો બીજો ક્યાંય !! ૩૯

ખુદાતાલા એ નકી, ના એમાં સંદેહ,
એમ કહી મનમાં અતિ દુઃખિત થઇને તેહ ૪૦

આવી સદાશિવેંદ્રસ્વામીની પાસે તેમ;
કરી સલામ દંડવત્ ગદ્ગદકંઠે એમ ૪૧

રુદન દીર્ઘસ્વરે કરી કહેઃ- ગુન્હેગાર;
પરવરદિગાર આપની માફીનો ના પાર. ૪૨

જાત [2]રજીલ જ માહરી ! મારે હાથે તેમ
થયો ગુન્હો મોટો પ્રભો; થશે માહરૂં કેમ ? ૪૩

મ્લેચ્છકોમનો નીચ હું ! તેથી આપની આંહ્ય
જાણી લિયાકત[3] મેં નહીં; કેમ શનાખત[4] થાય ? ૪૪

અલ્લાહુતાલા આપ છો મને તો [5]બિલ્મુશાફ;
નાબુલુગી[6] ફરજંદને કરો બાપ હે માફ ! ૪૫

થઇ નમ્ર અતિ એમ એ કરે સ્તવન સરદાર;
સૂણી સદાશિવેંદ્રસ્વામી એ ત્યાં નિર્ધાર ૪૬

વદે ગભીર સ્વરે તદાઃ- મા કર એવો શોક;
તારો મારો એહવો પૂર્વજન્મનો કોક ૪૭

હશે સંબંધ વેરનો, તેથી તારે હાથ
અનુચિત આવું કર્મ આ થયું આજ સાક્ષાત્ ! ૪૮

મા સ્મરણ કરી એહનું એમજ વારંવાર
લે પાપ નિજ શીર્ષ પર ! વૃથા વહે કાં ભાર ? ૪૯

કર્તાહર્તા શ્રીહરિ, એનાં બાળક સર્વ !
લઇ શરણ એનું સદા, ત્યજ સત્તાનો ગર્વ !! ૫૦

વચન મૃદુલ [7]નવનીતથી ક્ષમાપ્રદર્શક એહ
સદાશિવેંદ્રસ્વામીનાં સૂણી સરદાર તેહ ૫૧

કહેઃ-ખુદા પરવરદિગાર ! કરી માફ અપરાધ,
દીન રંક પર આ કરો કાંઇ અનુગ્રહ તાત. ૫૨

સૂણી પ્રાર્થના એહની યતિવર અંતર માંહ્ય
કરી વિચાર, એ મ્લેચ્છને કૃપાકટાક્ષે ત્યાંય ૫૩

કરી કૃતાર્થ વદેઃ-અરે ! કહે દુષ્ટ મન જેમ
તેમ વર્તવું ના કદિ; કર દૃઢ નિશ્ચય એમ. ૫૪

રે'તાં નિયમે એ સદા, કૃપા ખુદાની આંહ્ય
થાશે તુજ પર નિશ્ચયે; મા શંકા કર ત્યાંય ૫૫

સદાશિવેંદ્રકૃપા થકી આગળ એ સરદાર
જીતી મન, ક્ષય વાસનાનો કરે તત્કાળ. ૫૬

ત્યજી સર્વ ઉપાધિને દૃઢ વૈરાગ્યે તેમ,
શુદ્ધભાવથી ઇશનું ભજન નિરંતર એમ ૫૭

કરી, સદ્ગતિ આખરે પામ્યો શિષ્ય સુજાણ !
અપકારીઓ પર સાધુઓ ઉદારતાથી જાણ ૫૮

૧. નીચ હલકો. ૨. નીચ. ૩. લાયકાત. ૪. ઓળખાણ. ૫. પ્રત્યક્ષ. ૬. અજ્ઞાની. ૭. માખણથી.

કરે ઉપકાર સર્વદા !! પછી ભાવથી જેહ
અનન્ય સેવા સંતની કરે અહર્નિશ તેહ ૫૯

થાય કેમ કૃતકૃત્ય ના ? અધિક ઈશથી જાણ
સત્પુરુષો આ જગ મહીં, આપે સત્ફળ માન ! ૬૦

આગળ સદાશિવેંદ્ર એ દયાંબુધિ જે પૂર્ણ
લેવા સમાધિ ચિત્તમાં કરી સુનિશ્ચય તૂર્ણ; ૬૧

પ્રથમથીજ ડેરી તિહાં બંધાવીને તેમ,
બેસી માંહે જીવતા સિદ્ધાસન પર એમ; ૬૨

બંધ સમાધિદ્વાર તે પછી કરાવે જાણ,
બેસાડી પથ્થર યથા ના ઊઘડે કદિ માન ! ૬૩

સમાધિના એ દર્શને લોકો અસંખ્ય જાય;
રાખે બાધાઓ કંઇ, પૂર્ણકામ એ થાય !! ૬૪

એવો પરચો આજ પણ આવે શિષ્યોત્તમ,
એવા સમર્થ સ્વામી એ !! માટે ગુરુસત્તમ ૬૫

જાય સમાધિદર્શને ગામ નેરોર એહ;
કરી દંડવંદન તિહાં સમાધિને સસ્નેહ ૬૬

ફરતા ફરતા કાલહસ્તીમાં આવી તેમ,
શ્રીશૈલ નામે પ્હાડના પૂર્વભાગમાં એમ ૬૭

આવ્યા કૃષ્ણાતટ વિષે ભક્તસખા એ જાણ;
કિંચિત્કાલ નદીતટે વિચરે એહ સુજાણ. ૬૮

વસંતઋતુના [1]ક્ષૌર માટે વિચરતા ત્યાંય,
ચામરતીગ્રામે તદા કૃષ્ણાતીરે જાય. ૬૯

નિવાસાર્થ[2] પણ ગામમાં મળે ન જગ્યા એહ;
માટે તટ પર આવીને પડ્યા આખરે તેહ. ૭૦

થઇ વ્યવસ્થા ના કંઇ ક્ષૌર તણી તે સ્થાન;
જોડી કર તેથી તિહાં કરે પ્રાર્થના જાણ ૭૧

ગુરુવર એ કૃષ્ણા તણીઃ- માત તાહરૂં આંહ્ય
રાખું હું અભિમાન આ હૃદય માંહ્ય સદાય, ૭૨

તોય તને ના માહરૂં દિસે અભિમાન લેશ;
સાદી વાતજ ક્ષૌરની ! પડે ત્વત્તટે કલેશ !! ૭૩

ક્ષૌર કરાવ્યા વિણ નકી ફરીશ આજથી તેમ;
ત્યજી પ્રવાહે તાહરા દંડ એહ સપ્રેમ, ૭૪

ફાવે ત્યાં સ્વેચ્છા થકી કરીશ એમ ભ્રમણ;
આજ્ઞાસમ મા તાહરી વર્તવાનું કારણ ૭૫

રહ્યું ન મુજને આજથી ! વદી એમ તત્કાળ,
કરે શયન કૃષ્ણાતટે યતિવર એ નિર્ધાર. ૭૬

આંખ મીંચાતાં સ્વપ્નમાં કૃષ્ણામાતા એહ
થઇ પ્રગટ, દર્શન દઇ વદે ગુરુને તેહઃ- ૭૭

વાસુદેવ ! મુજ હૃદયમાં ત્વદભિમાન છે પૂર્ણ,
સૂણી વચન કૃષ્ણા તણાં પ્રેમપૂર્ણ એ તૂર્ણ, ૭૮

થઇ જાગ્રત ગુરુમૂર્તિ ત્યાં વંદન કરીને તેમ
કરે સ્તવન કૃષ્ણા તણું થઇ ગળગળા એમઃ- ૭૯

**શ્લોક**

કૃષ્ણે કૃષ્ણતનો મનોહરકથે નાથેશ્વરિ પ્રાર્થયે
દત્તં દત્તપરં પ્રદર્શય પરં નાતો વરં ત્વર્થયે ।
અન્યં યોડટતિ તે તટે નટ ઈવાનેકાંગધારી હરિઃ
સંસારારિરરિંદમઃ શમ પરઃ સાક્ષાદ્ય આત્મા પરઃ ॥

કરતાં સ્તુતિ એવી તદા, થયું રૂપ એ ગુપ્ત !
શુક્લ ચતુર્દશી તે દિને; તે જ રાતરે સુપ્ત ૮૦

ગામલોક સર્વેયને સ્વપ્ને કૃષ્ણા એહ
થઇ ભયંકર રૂપથી પ્રગટ અત્યંત તેહ, ૮૧

ક્રોધયુક્ત વદે તદાઃ-દુષ્ટ ભ્રષ્ટ હે લોક !
કુમાર્ગગામી કાં થયા ? કરશો અંતે શોક !! ૮૨

સર્વવંદ્ય યતિવર્ય ગામે આવ્યા તમ આંહ્ય;
નિવાસાર્થ[2] પણ એમને ના આપ્યું સ્થળ ક્યાંય ૮૩

તમે નાસ્તિકો ! એ થકી સ્વામિરાજની એહ
થઇ અવકૃપા છે તમારી પર નિઃસંદેહ !! ૮૪

અલ્પ દિનોમાં સંકટે પડશો દુસ્તર તેમ;
વિના કારણે મોત કાં માગો હાથે એમ ? ૮૫

ચહો આત્મકલ્યાણ જો, જઇ વેગથી ત્યાંય
શરણ એહ સત્પુરુષને, માગી ક્ષમા બધાય ૮૬

કૃતાપરાધ[3] તણી તિહાં, આણી આદરે ગામ
કરી સંતુષ્ટ એહને લો તદાશિષ આમ !! ૮૭

કહી એમ કૃષ્ણા તદા ગુપ્ત તત્ક્ષણે થાય;
થતાં દૃષ્ટાંત એહવો સર્વ લોકને ત્યાંય; ૮૮

જાગ્રત થઇ સહુ લોક એ એકમેકને તેમ
કહે વૃત્તાંત સ્વપ્નનો એહ ભયંકર એમ. ૮૯

એકજ સ્વપ્ન બધાંયને પડ્યું જાણીને એહ,
ગભરાઇ સહુ લોક ત્યાં કંપે થરથર તેહ. ૯૦

થશે શું હવે ? શું હવે ? કરી એમ ગભરાટ,
પ્રાતઃકાળ થતાં જ એ મળી સર્વજન સાથ ૯૧

ગુરુમૂર્તિને શોધતા આવ્યા કૃષ્ણાતીર;
આવતાંજ ત્યાં દૂરથી દેખે ગુરુવર ધીર. ૯૨

૧. હજામત. ૨. મુકામ કરવા માટે. ૩. કરેલા અપરાધ.

આવી પાસે ગળગળા કરે સાષ્ટાંગ નમન;
કરે પ્રાર્થના જોડીને બેઉ હાથ તત્ક્ષણઃ- ૯૩

ભો યતિવર ! અત્યંત પાપી અમે નાદાન;
બાળ તમારાં હે દયાનિધે સર્વ અજ્ઞાન. ૯૪

કાલે સ્હાંજે આપનો થયો ન આદર ત્યાંય
દીનવત્સલા અમ કરે; ક્ષમા યાચીએ આંહ્ય. ૯૫

સત્ય સ્વરૂપ ન આપનું અમે ઓળખ્યું તેમ
કરી ભૂલ દરગુજર એ, કરી કૃપા સપ્રેમ ૯૬

આવી ગામમાં હે પ્રભો ! લો સેવા અમ હાથ,
ગામલોકની એહવી સૂણી વિનંતિ ગુરુનાથ, ૯૭

જોઇ અત્યાગ્રહ તથા જઇ ગામમાં એહ
યથાવિધિ કૃષ્ણાતટે ક્ષૌર કરાવે તેહ ! ૯૮

સેવામાં હાજર હતા ગામલોક સહુ ત્યાંય;
રહ્યા દિવસ પંદર તદા ગામ માંહ્ય ગુરુરાય !! ૯૯

સટીક સંસ્કૃત ત્યાં રચી કૃષ્ણાલહરી તેમ,
સશ્રદ્ધ પાઠે જેહના થાય નષ્ટ અઘ એમ. ૧૦૦

સદ્ધર્મે સહુ લોકને એમ ચઢાવી ત્યાંય,
કૃષ્ણાતીરે વિચરતા ત્રિમૂર્તિ એ ગુરુરાય ૧૦૧

મુક્તીશ્વર સુક્ષેત્રમાં આવ્યા કાળે તેહ;
મુક્ત્યાલા જેને કહે આ સમયે જન એહ. ૧૦૨

ચાતુર્માસ્ય કરે તિહાં દત્તાજ્ઞાથી તેમ;
યોગશિક્ષા વૃદ્ધશિક્ષા સ્ત્રીશિક્ષા એમ ૧૦૩

સર્વોત્કૃષ્ટ રચે તદા ગ્રંથત્રય રસપૂર્ણ;
ચોમાસું પૂરૂં થતાં, ત્યાંથી એહ સુતૂર્ણ ૧૦૪

શ્રીહંસલાદેવીએ આવી વંદે એહ;
કોકોનાડા સંનિધે ત્યાંથી એમ વરદેહ ૧૦૫

આવે પીઠાપુર વિષે, જન્મભૂમિ જે તેમ
શ્રીપાદશ્રીવલ્લભ દત્તપ્રભુની એમ. ૧૦૬

પુણ્યભૂમિનું એ કરી દર્શન ભાવે એહ,
રાજમહેંદ્રી ગામમાં આવ્યા ગુરુવર તેહ. ૧૦૭

પાવન કરતા તીર્થને વિચરે એમ સદાય;
રાજમહેંદ્રીમાં તથા રહ્યા કંઇક દિન ત્યાંય. ૧૦૮

લીલા અદ્ભુત ત્યાં કરી, આગળ એ વિસ્તાર;
કહું કેટલું શિષ્ય હે ? કે'તાં નાવે પાર ! ૧૦૯

નરદેહી શ્રીદત્ત એ ગુરુવર ના સંદેહ;
લીલા એની એ લહે !! **રંગ** કોણ હતદેહ ? ૧૧૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે સદાશિવેન્દ્રસ્વામિવર્ણનં નામ ષટ્ત્રિંશદધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૩૬ ॥ દોહરા ૧૧૦. શ્લોક ૧

## અધ્યાય ૧૩૭

અલખ કહેઃ-સૂણ શિષ્ય હે ! રાજમહેંદ્રી પાસ
ગામ એક કોડર કરી; વસે ધુરંધર ખાસ ૧

તદા એક શાસ્ત્રી તિહાં શ્રીપાદ આયર નામ;
પીડે પિશાચ એમની ભગિનીને ઉદ્દામ. ૨

તેથી એહ શાસ્ત્રીસ્વસા અનેક વેળા જાણ
પડે સુમૂર્છિત ભૂ વિષે, રહે કાંઇ ના ભાન. ૩

હતા રાજમહેંદ્રીમાં જ્યારે શ્રીગુરુ એહ,
લઇ બ્હેનને શાસ્ત્રી એ એક દિવસ ત્યાં તેહ ૪

આવી ગુરુપદે દંડવત્ કરે ભાવથી તેમ;
દેખાડી નિજ ભગિનીને વદે બદ્ધકર એમઃ- ૫

જુઓ સ્વામિવર બ્હેનને કૃપા કરીને એહ;
વાતવિકાર થયો દિસે એને નિઃસંદેહ. ૬

અનેક સમયે એ તથા પડે સુમૂર્છિત એમ;
કથો ઉપાય કૃપા કરી કરુણાસાગર તેમ. ૭

વિનંતિ એ શ્રીપાદની સૂણી વદે ગુરુરાય,
કરી હાસ્યઃ-હે શાસ્ત્રીજી પિશાચયોનિ આંહ્ય ૮

માનો છો કે સત્ય એ ? બોલે શાસ્ત્રી દેખઃ-
મોક્ષદાતા હે ગુરો - પિશાચયોનિ એક ૯

છે નિઃસંશય સૃષ્ટિમાં; તોએ તત્સંબંધ
માનવયોનિથી ન મેં જોયો કંઇએ હન્ત ! ૧૦

વદે શ્રીગુરુઃ- આ સમે એ પ્રત્યક્ષજ આંહ્ય
દેખાડું તમને નકી !! તમ ભગિનીને ત્યાંય ૧૧

પિશાચબાધા નિશ્ચયે છે જાણો દુર્ધર;
માટે મૂર્છિત એ પડે પુનઃ પુનઃ ભૂ પર. ૧૨

એમ કહી માટી તણી ઇંટ મંગાવી એક,
યંત્ર લખી આપી તિહાં વિધાન એનું દેખ ૧૩

કહે શાસ્ત્રીને એ તદા, કે પ્રતિદિવસે આંહ્ય
ઇંટયંત્રને સ્હાંજરે ગુગ્ગુલધૂપ સદાય ૧૪

દેખાડી નિત નિયમથી, કહું મંત્ર જે તેમ
જાપ એહનો એકવીસ વાર કરો સપ્રેમ. ૧૫

એકવિસ દિન નિયમ એ ચલાવતાં નિર્ધાર,
પિશાચ એ આવી સ્વયં સ્વાત્મવૃત્ત તત્કાળ. ૧૬

કરી નિવેદન ક્ષોભથી જતું રહેશે તેમ !
કથી એમ ગુરુ એ કહે જાપમંત્ર સપ્રેમ. ૧૭

સાષ્ટાંગ પ્રણતિ તિહાં કરી ગુરુપદે એહ,
જઇ શાસ્ત્રી નિજાલયે, ગુર્વાજ્ઞા સમ તેહ ૧૮

કરતાં વિધાન પાંચ છ જ થતાં દિવસ નિર્ધાર;
આવી પિશાચ એ કથે પૂર્વવૃત્ત તત્કાળ. ૧૯

પિશાચયોનિ એહને થઇ પ્રાપ્ત શેં તેમ,
શા કારણથી શાસ્ત્રીની ભગિનીને એ એમ ૨૦

હતું પીડતું તે બધો પૂર્વાપર સંબંધ
કથી, કહેઃ-આ નારીને છોડત ના, પણ હન્ત ૨૧

તાપ યતીશ્વરનો ન એ સહ્યો મુજથી જાય !
માટે અમુક કરો તમે, જેથી સ્ત્રીને આંહ્ય ૨૨

જઇશ છોડીને હું નકી; ના આવીશ કદિ એમ !!
સૂણી વચન પિશાચનાં કરે શાસ્ત્રી એ તેમ. ૨૩

બાધારહિત થઇ સ્વસા; પીડે ભૂત ન તેહ !
જોઇ પ્રત્યક્ષ એહવું શ્રીપાદશાસ્ત્રી એહ ૨૪

થઇ મગ્ન આશ્ચર્યમાં, હર્ષે શ્રીગુરુ પાસ
આવી નમન કરી કથે વૃત્ત સકળ એ ખાસ !! ૨૫

કરી હાસ્ય ગુરુ ત્યાં વદેઃ-શ્રીપાદશાસ્ત્રી કેમ
દેખ્યો પિશાચયોનિનો કેવો સંબંધ એમ ૨૬

માનવયોનિથી અહીં ? પીડે પિશાચ આંહ્ય
મનુષ્યને શી રીત તે દીઠું કે ના ત્યાંય ? ૨૭

સૂણી વચન શાસ્ત્રી વદેઃ-ગુરુવર ! સર્વ યથાર્થ
વાતો પિશાચયોનિની; ઋણસંબંધ સાક્ષાત્ ૨૮

પૂર્વજન્મનો જેહવો પીડે પિશાચ તેમ;
ભગિનીની મમ વાતથી થયું સ્પષ્ટ સહુ એમ. ૨૯

કહી એમ શ્રીપાદ એ શ્રીગુરુપદમાં જાણ,
શુદ્ધભાવથી દંડવત્ કરી સાષ્ટાંગ માન ૩૦

કહેઃ-દયાબ્ધે ! ભગિનીને કરી દુઃખથી મુક્ત;
શેં ભૂલું ઉપકાર એ ? જાણો આપ અનુક્ત !! ૩૧

એમ કહી વંદન કરી પુનઃ પુનઃ સપ્રેમ,
જાય શ્રીપાદશાસ્ત્રી એ ગાતા ગુરુજશ તેમ !! ૩૨

ચમત્કાર એવા કંઇ; કે'તાં નાવે પાર !!
થઇ ખ્યાતિ ચોદિશે બધે; આવે જન નિર્ધાર ૩૩

અસંખ્યાત ગુરુદર્શને ધરી કામના ત્યાંય;
શ્રદ્ધા સમ ફળ તેમને આપે શ્રીગુરુરાય. ૩૪

દ્રાવિડ તૈલંગાદિ દેશોમાં ગુરુવર એહ
છે ઈશ્વર પ્રત્યક્ષ એવું માને જન તેહ. ૩૫

મોટા મોટા શાસ્ત્રીઓ, પંડિત બહુ વિદ્વાન
આવે અસંખ્ય દર્શને; થાય ગિરદી અતિ જાણ. ૩૬

લીલાવતારી શ્રીગુરુ થઇ ખ્યાતિ બહુ એમ;
જાણી સત્વર નીકળે જાણે કોઇ ન જેમ. ૩૭

અરણ્યમાર્ગે ઉત્તરે કરી એમ સંચાર,
મંથનકાલેશ્વર પ્રતિ આવ્યા એ નિર્ધાર. ૩૮

નૃસિંહવાડીમાં તદા દત્તુ દીક્ષિત એક
હતો વિપ્ર, તત્કન્યકા સીતાબાઇ દેખ. ૩૯

ભિલ્લવાડીમાં હતી પરણાવી એ જાણ;
પતિસેવામાં દક્ષ એ હોવાં છતાંય માન. ૪૦

કાળી હોવાથી પતિ પરણે બીજી વાર !
દીક્ષિતકન્યા એ અતિ શ્રદ્ધાળુ નિર્ધાર. ૪૧

એક વાર ગુરુમૂર્તિનું પૂર્વે દર્શન એહ
થાતાં દેવ સમાન એમને માનીને તેહ, ૪૨

રહે મગ્ન ગુરુભજનમાં ! એક સમે ગુરુનાથ
ધૂળ માંહ્યથી ચાલતાં પદમુદ્રા સાક્ષાત્ ૪૩

પડી યત્સ્થળે ત્યાંયથી લઇ ધૂળ કિંચિત્,
ભરી ડાબલીમાં કરે પૂજન ભકત્યન્વિત !! ૪૪

અન્નવસ્ત્રાદિ જીવિકા માટે પતિએ જેહ
થોડી જમીન એહને આપી 'તી ત્યાં તેહ ૪૫

ઓરી જુવાર પેટનો કરે નિર્વાહ તેમ;
એક વખત એવું થયું કે પાકીને એમ ૪૬

થઇ સિદ્ધ જુવાર જ્યાં, કાપીને સહુ તેહ
કરી ખળું ઢગલો કર્યો તિહાં ધાન્યનો એહ; ૪૭

ત્યાં તો ઓચિંતો તદા ગાજવીજથી જાણ
મુશળધાર વરસાદ ત્યાં પડવા માંડ્યો માન. ૪૮

દેખી સીતાબાઇ એ, ગભરાઇને ત્યાંય
રડવા લાગી જોરથી કહેઃ-દેવ હે હાય ! ૪૯

બગડી ધાન્ય બધું જશે; વરસ કાઢવું કેમ ?
એટલા મહીં એહને સાંભરી આવ્યું એમઃ- ૫૦

કે ગુરુવર વિણ ના મને કરવા સહાય આંહ્ય
અન્ય કોઇ જગમાં નકી ! કહી એમ એ ત્યાંય, ૫૧

નિજ પૂજનની ડાબલી ગુરુપદરજની તેહ
કાઢી એમાંથી લઇ ધૂળી કિંચિત્ એહ, ૫૨

ચારેપાસ ખળા તણી નાંખી સત્વર જાણ
રાખે બાધા ગુરુતણી એ જોડી કર માનઃ- ૫૩

ગુરુમૂર્તે હે ! આ સમે સંકટથી જો આંહ્ય
થશે મુક્ત આ કન્યકા, આવી સત્વર ત્યાંય ૫૪

વાડીમાં અબળા નકી કરશે આ તત્ક્ષણ
મહાપૂજા કરી દેવની બ્રાહ્મણસંતર્પણ !! ૫૫
બાધા એવી રાખીને, ધરી હૃદયમાં ધ્યાન
બેઠી ગુરુમૂર્તિ તણું કરતી સ્મરણ સુજાણ. ૫૬
ચમત્કાર એવો થયો કે તત્ક્ષણ પર્જન્ય
ગ્રામાદિક સઘળે સ્થળે પડવા છતાંય અન્ય, ૫૭
ખળા મહીં એ બાઇના પડે ન ધારા એક !
ચમત્કાર એવો તદા જોઇને એ દેખ, ૫૮
સીતાબાઇ હર્ષથી દત્તનામનો ઘોષ
વારંવાર ઉચ્ચસ્વરે કરે માની સંતોષ. ૫૯
ધાન્ય સર્વ એ ગૃહ મહીં લાવીને તત્કાળ,
મુદિત માનસે વાડીમાં જઇ એહ નિર્ધાર ૬૦
ગાંડામહારાજને કહે સર્વ વૃત્તાંત એહ;
લઇ અનુજ્ઞા એમની મહાપૂજન સસ્નેહ ૬૧
તિહાં કરાવી દેવનું બ્રાહ્મણભોજન તેમ
કરે યથાશક્તિ તથા બાધા સમ સપ્રેમ. ૬૨
અનન્ય નિષ્ઠા એહની જોઇ એમ દયાળ,
કરે દૂર સંકટ તદા શ્રીગુરુ એ નિર્ધાર. ૬૩
મહિમા એનો કો લહે, ત્રિમૂર્તિ જે સાક્ષાત્ ?
થાકે કે'તાં દેવ જ્યાં, કહાં મર્ત્યની વાત ? ૬૪
જેવી શ્રદ્ધા જેહની પામે તે ફળ તેમ;
એવાં દૃષ્ટાંતો કંઇ ! કહું એક જો એમઃ- ૬૫
ધોંડોપંત કરી હતો કાલકુંદરીકર,
બેળગામનો વાસી જે શાહુકાર દ્વિજવર. ૬૬
ધનાઢ્ય એ અતિશે નકી સર્વશ્રુત વિખ્યાત;
મારણપ્રયોગ કોઇએ કર્યો એહના તાત ૬૭
તણું મોત ઉદ્દેશીને ! મરી જાત એ એમ;
દૈવે ધોંડોપંત એ માંત્રિકકરથી તેમ ૬૮
વારણ તત્ક્ષણ એહનું તિહાં કરાવે જાણ;
તેથી મરી ન એ ગયો બાપ એહનો માન. ૬૯
તોએ વાણી એહની થઇ એમ સ્તંભિત;
આવી વિસ્મૃતિ સર્વથા ચિત્ત માંહ્ય નિશ્ચિત. ૭૦
પ્રમાણ એ વિસ્મૃતિ તણું વધ્યું એટલું જાણ,
કે સંધ્યાસમયે સદા ચોવીસ નામો માન ૭૧
બોલવાનાં જે ન તે એકપછીથી એક
સાંભરી આવે એહને ! બીજાની ત્યાં દેખ ૭૨
સ્મરણ કરાવી આપવા પડે જરૂર સદાય;
કેશવ કે'તાં ના સ્મરે નારાયણ દ્વિજ ત્યાંય !! ૭૩

એવી દુઃસ્થિતિ વૃદ્ધની થઇ તે સમે જાણ;
આવ્યા ગુરુવર વાડીમાં સૂણી વાત એ માન, ૭૪
લઇ પિતાને વાડીમાં આવ્યો ધોંડોપંત;
જોતા વેંતજ એહને બોલે શ્રીગુરુઃ-હન્ત ! ૭૫
મારણપ્રયોગ કોઇએ કર્યો વૃદ્ધ પર જાણ;
પ્રયોગકર્તાની નકી થઇ દુર્દશા માન. ૭૬
દૈવે તારા, તાત આ જીવ્યો છે નિર્ધાર !
સૂણી વચન એ દંડવત્ કરી તિહાં તત્કાળ ૭૭
પ્રાર્થે ધોંડોપંત કે, દયાંબુધિ હે દેવ !
કરી કૃપા મુજ તાત પર વાણી સ્મૃતિ તતખેવ ૭૮
થાય પૂર્વવત્ એહવો કરો કાંઇ ઉપાય;
એમ કહી વંદન કરે પુનઃ બેઉ જણ ત્યાંય. ૭૯
બોલે શ્રીગુરુ ત્યાં હસીઃ-આ જ સ્થિતિમાં જાણ
રે'વું શ્રેયસ્કર થશે અંતે એને માન. ૮૦
ગુરુવચન એ સાંભળી, છોડી આગ્રહ તેમ,
રાખી વિશ્વાસ વચનમાં શ્રીગુરુના સપ્રેમ, ૮૧
કરી દંડવત્ તાત સહ આવે ઘેરે એહ;
મૃત્યુસમય એ વૃદ્ધનો પાસ આવતાં તેહ ૮૨
પ્હેલાંથી જાણી વદે ગુરુકૃપાથી ત્યાંય
ત્રીજે દિવસે આજથી મરણ માહરૂં આંહ્ય ! ૮૩
પ્રથમ દિને એવું કહી, બીજે દિવસે જાણ
કરી ઉપોષણ વૃદ્ધ એ એકાદશીનું માન, ૮૪
ત્રીજે દિવસે બારસે કાલકુંદરી માંહ્ય
લક્ષ્મીનારાયણ તણા મંદિર માંહે જાય ૮૫
કરવા દર્શન ભાવથી ! દર્શન કરીને તેમ,
લક્ષ્મીનારાયણ તણી કરી સ્તુતિ સપ્રેમ. ૮૬
સાષ્ટાંગ પ્રણતિ કરી ડોસો ભાવિક એહ,
પુનઃ સાથના વિપ્રને વદે એમ સસ્નેહઃ- ૮૭
મહાદેવના દર્શને જવું છે મારે આંહ્ય !
સૂણી વચન દ્વિજ સાથ જે હતા વદે તે ત્યાંયઃ- ૮૮
વરસે છે વરસાદ આ અત્યારે બહુ એમ;
સ્હાંજે તમને દર્શને લઇ જઇશું તેમ. ૮૯
બોલે ડોસો એ ફરીઃ-ત્યારે મુજને એહ
દેવ તણું દર્શન પુનઃ એક વાર સસ્નેહ ૯૦
કરી લેવા દો વિપ્ર હે ! કહી એમ તત્કાળ,
જઇ દેવસંનિધ તદા ડોસો એ નિર્ધાર; ૯૧
જોડી કરદ્વય હૃદયમાં કરી મૂર્તિનું ધ્યાન;
કરી દંડવત્ પ્રેમથી, ત્યજે તત્ક્ષણે પ્રાણ ૯૨

હે ગોવિંદ હરે કહી !! એવું કૌતુક ત્યાંય
થયું શિષ્ય ! સુધન્ય એ ડોસો નિશ્ચય આંહ્ય !! ૯૩

થઇ વાર બહુ તોય ના આવ્યો બહાર એહ;
તેથી વિપ્રો સાથના જઇ સંનિધે તેહ ૯૪

દેખે ત્યાં તો પ્રેત એ ! એટલા મહીં ત્યાંય
આવ્યો ધોંડોપંત એ અનાયાસ ક્ષણ માંહ્ય. ૯૫

ઔર્ધ્વદૈહિક તાતનું યથાવિધાને એહ
કરે સર્વ આનંદથી !! શ્રદ્ધાનું ફળ તેહ !!! ૯૬

મહાપુણ્ય એ વૃદ્ધનું, માટે ઉત્તમ એમ
અંતકાલ થયો અહા ગુરુકૃપાથી તેમ. ૯૭

ગુરુમૂર્તિના વચનમાં રાખી એમ વિશ્વાસ
કંઇક તરી ગયા અહીં, હે શિષ્યોત્તમ ખાસ ! ૯૮

ગુરુવર ત્રિમૂર્તિ એ નકી લીલામાનુષવેષ;
ટળે વિઘ્ન દર્શન થકી ! જાય જન્મના કલેશ !! ૯૯

અરણ્ય માર્ગે વિચરતા ગોદાવરીની સાથ
વૈનગંગા જ્યાં મળે જાય તિહાં સાક્ષાત્ ૧૦૦

મંથનકાળેશ્વર કરી ગ્રામે યતીંદ્ર એહ;
લીલા અદ્‌ભુત ત્યાંયની લહે સર્વ કો તેહ ? ૧૦૧

સૂણી નિરંજન એ વદે, આગળ વર્ણન કેમ;
રાખો ધીરજ અંતરે કહે **રંગ** સપ્રેમ !! ૧૦૨

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
શ્રદ્ધાફળકથનં નામ સપ્તત્રિંશદધિકશતતમોऽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૩૭ ॥ દોહરા ૧૦૨ (ખંડ પારાયણ ૫મો દિવસ)

## અધ્યાય ૧૩૮

જોડી કરદ્વય શિષ્ય એ, વદે નિરંજન ત્યાંયઃ
મંથનકાળેશ્વર મહીં આવ્યા શ્રીગુરુરાય. ૧

લીલા આગળ શી થઇ ? કથો સવિસ્તર તેહ;
એમ કહી ચરણે નમે ! વદે અલખ સસ્નેહઃ- ૨

સ્થાન ઉપાધિરહિત એ જોઇ પરમ એકાન્ત,
ત્યાંજ નિવાસ કરી પ્રભુ એમ વિચારે શાન્તઃ- ૩

ચોમાસું આ સાલનું કરવા ઉત્તમ સ્થાન
આ વિણ પાસે ના દિસે આવું એકાંત આન. ૪

એમ વિચારી ચિત્તમાં, રહ્યા તે સ્થળે એહ;
જોઇ દત્ત દૃષ્ટાંત ત્યાં આપે પ્રત્યક્ષ તેહ ૫

કે ચોમાસું દૂર છે, માટે અત્ર નિવાસ
ના કરતાં સત્વર તમે જાઓ આગળ ખાસ. ૬

સૂણી વચન એ દત્તનાં, જોડી કરદ્વય તેમ
બોલે શ્રીગુરુ કે, પ્રભો ! જાતાં આગળ એમ ૭

થશે ઉપાધિ લોકની; માટે વનમાં આંહ્ય
ચાતુર્માસ કરીશ હું !! વદે દત્તપ્રભુ ત્યાંયઃ- ૮

ઘોર અરણ્ય અહીં બધે, માટે જા આગળ;
કઠણ સ્થાનમાં આહવા મા ચોમાસું કર. ૯

એવી આજ્ઞા દેવની સૂણવા છતાંય એહ,
ના માને ગુરુમૂર્તિ એ ઉપાધિભયથી તેહ. ૧૦

તેથી દત્તે શું કર્યું ? લઇ લાકડી હાથ
ગૌરવર્ણ સાહેબના રૂપે ત્યાં સાક્ષાત્ ૧૧

આવી પાસે ક્રોધથી વદેઃ-ઊઠ બે ચલ;
ઊઠેગા નહિ તો તુઝે પીટૂંગા સત્વર. ૧૨

પરવા તેરી નહિ મુઝે, છોડ જલદી યહ સ્થાન;
નહિ તો બેત[1] તૈયાર હૈ ! એમ ક્રોધાયમાન ૧૩

રૂપ ઉગ્ર એ દેખીને, સૂણી તેમ ભાષણ,
જોડી કરદ્વય શ્રીગુરુ વદે તિહાં તત્ક્ષણઃ- ૧૪

દીનવત્સલા હે પ્રભો રુદ્ર દયાર્ણવ દેવ !
વંદું ત્વત્પદકમલ એ થાવ શાન્ત તતખેવ. ૧૫

અનેક રીતે એમ એ કરે પ્રાર્થના ત્યાંય;
ત્યાં તો તત્ક્ષણ રૂપ એ સૌમ્ય હાસ્યયુત થાય. ૧૬

ક્રોધરહિત મુખ શાન્ત એ જોઇ મનોહર તેમ,
વંદન પુનઃ કરી વદે શ્રીગુરુમૂર્તિ એમઃ- ૧૭

જગત્પતે આગળ અહીંથી જાઉં તત્કાળ
એવું ઇચ્છો જો તમે, જાઉં છું નિર્ધાર ! ૧૮

તોએ લોકઉપાધિથી થાક્યો છું હું છેક;
આજ્ઞા પ્રમાણ છે મને ! હાથ તમારે ટેક !! ૧૯

વદતાં એવું શ્રી તદા, સ્મર્તૃગામી ભગવાન
દત્ત દયાઘન ત્યાંજ એ પામ્યા અંતર્ધાન. ૨૦

એકરૂપ બંને નકી, તોએ લીલા એહ
ભક્તજનાર્થે આચરે નાના રીતે તેહ !! ૨૧

મંથનકાળેશ્વર ત્યજી ત્યાંથી ગુરુવર એમ,
વૈનગંગાને તટે ધીમે ધીમે તેમ ૨૨

ફરતા, પવનીગામમાં આવી પહોંચ્યા જાણ;
વિઠ્ઠલ મંદિરમાં કરે મુકામ પ્રેમે માન, ૨૩

ચોમાસું એ સાલનું થયું તે સ્થળે તેમ !
પવનીગ્રામે શ્રીગુરુ હતા જ્યાહરે એમ, ૨૪

1. નેતરની સોટી

કાન્યકુબ્જ જાતિ તણો બ્રાહ્મણ એક સુજાણ
આવ્યો ત્યારે શ્રી તણા શરણે દુઃખિત માન. ૨૫
નામ ભૈરવપ્રસાદજી વાજપૈ ઉપનામ;
મંડલામહારાજપૂર નર્મદાતટે ગામ, ૨૬
ત્યાંનો રે'નારો હતો વિપ્ર એહ શ્રીમંત;
જન્મતાંજ એના સુતો મરણ પામતા હન્ત ! ૨૭
તેથી દુઃખિત એ હતો !! ચાર છોકરાં એમ
જન્મતાંજ મરી ગયાં; પંચમ સુત એ તેમ ૨૮
ગયો યમદ્વારે યદા, સૂતિકાગૃહ માંહ્ય
અકસ્માત નર એક ત્યાં જટાધારી મા'કાય ૨૯
પેસી નિર્ભય, લોકના દેખતાંજ સત્વર
ટોળામાંથી પ્રેતને એહ ઊઠાવી ખળ ૩૦
થયો ગુપ્ત તત્ક્ષણ તિહાં ! અઘટિત ઘટના એહ
જોઇ લોક સમસ્ત એ માતપિતા સહ તેહ ૩૧
ગભરાઇ ચિત્તે કહેઃ- જોતાં જોતાં એમ
પ્રેત ઊઠાવી બાળનું જટાધારી કો તેમ ૩૨
લઇ ગયો પ્રત્યક્ષ આ ! શોધો શોધો આંહ્ય !
થયો ગુપ્ત અહિંયાંજ એ !! જાય પ્રેત તો ક્યાંય ? ૩૩
પડી એમ ગભરાટમાં શોધે સઘળે એહ;
તોએ મડદું ના જડે, જટાધારી વા તેહ ! ૩૪
પરિક્રમાવાસી જનો નર્મદા તણા જાણ
શાસ્ત્રી પંડિત જ્યોતિષી બ્રાહ્મણ બહુ વિદ્વાન ૩૫
ફરે તે સમે; તેમને ભૈરવપ્રસાદ એહ
કથી સકળ વૃત્તાંત આ, પૂછે સલાહ એહ. ૩૬
વદે સર્વ એ એહનેઃ- અમથી ના સમજાય
વાત ગૂઢ આ ! તોય કર કહીએ તેહ ઉપાય. ૩૭
વાસુદેવાનંદસરસ્વતી યતિવર જેહ
દત્ત અવતાર એ નકી; મા કર ઉર સંદેહ. ૩૮
કરી શોધ એ સ્વામીનો, જઇ તચ્છરણે ત્યાંય
કર નિવેદન આ બધું ! કહી કાંઇ ઉપાય, ૩૯
દુઃખમુક્ત તુજને નકી કરશે યતિવર તેહ;
એવો સમર્થ અન્ય ના !! સૂણી વચન દ્વિજ તેહ, ૪૦
કરી શોધ ગુરુમૂર્તિની આવ્યો પવની માંહ્ય;
કરી દંડવત્ વૃત્ત એ કથે જોડી કર ત્યાંય. ૪૧
બોલે ગુરુમૂર્તિ તદાઃ- ત્વદ્વંશે નર એક
કોઇ કારણે છે થયો બ્રહ્મરાક્ષસ દેખ. ૪૨
તે જ સંતતિનો કરે નાશ તાહરી જાણ
જટાધારીનો વેષ લઇ આવ્યો એજ પ્રમાણ. ૪૩
એજ સૂતિકાગૃહ મહીં પેસીને નિર્ધાર,
લઇ જઇ એ પ્રેતને થયો ગુપ્ત તત્કાળ. ૪૪
સર્વ કરણી એનીજ આ ! એજ નિરંતર એમ
પીડે ઘરનાંને બધા, જાણ નિશ્ચયે તેમ. ૪૫
ઇચ્છા એની જ્યાંલગી કરીશ પૂર્ણ ના જાણ,
વંશવૃદ્ધિ એ તાહરી નહિ થાવા દે માન. ૪૬
સૂણી વચન દ્વિજ એ વદેઃ-કરો કૃપા ગુરુનાથ;
આજ્ઞા સમ હું આપની વર્તીશ નિશ્ચય તાત. ૪૭
વદે દયાઘન એ તદાઃ- પિશાચપીડા જેહ
આપે છે તે ટાળવા; નારાયણબલિ તેહ ૪૮
કરી, વિષ્ણુસહસ્રના પાઠ એક હજાર
યથાવિધાને સૂતિકાગૃહ માંહે નિર્ધાર ૪૯
પૂર્ણ કરાવી, કર સુધી કૃચ્છ્રાદિક પણ તેમ
પ્રાયશ્ચિત્ત વિધાનથી ! કહી એમ સપ્રેમ ૫૦
યંત્ર એક આપી, કથી વિધાન એનું જાણ,
સચ્ચિત્સુખ ગુરુમૂર્તિ એ બોલે પુનઃ સુજાણઃ- ૫૧
કર સઘળું આ પ્રીતથી યથાવિધાને વિપ્ર;
પિશાચપીડા એ થકી થઇ નિવૃત્ત ક્ષિપ્ર ૫૨
વંશવૃદ્ધિ તારી થશે !! સૂણી વચન દ્વિજ એહ,
વંદન ગુરુપદમાં કરી ગયો નિજ ગૃહે તેહ. ૫૩
ગુર્વાજ્ઞા સમ ત્યાં કરી નારાયણબલિ તેમ,
પ્રેમે વિષ્ણુસહસ્રના બ્રાહ્મણદ્વારા એમ ૫૪
પાઠ એક હજાર ત્યાં એહ કરાવે જાણ,
આપી રૂપિયો દક્ષિણા પાઠ દીઠ તું માન. ૫૫
તોએ ન્યૂન ન એ થઇ પિશાચબાધા લેશ !
તેથી ગરુડેશ્વર મહીં જ્યારે એ સર્વેશ ૫૬
આવ્યા આગળ શ્રીગુરુ, ત્યારે દ્વિજવર તેહ
આવી પુનઃ ત્યાં ગુરુપદે કરે પ્રાર્થના એહ ૫૭
કે યતિવર, મેં આપની આજ્ઞા સમાન સર્વ
કર્મ કરાવ્યું તોય ના ગયું દુઃખ હે શર્વ ! ૫૮
બોલે ગુરુવર એઃ- અરે ! પાઠ કહ્યા જે તેહ
કર્યા યથાર્થ ન બ્રાહ્મણે; માટે પિશાચ એહ ૫૯
જાય ન ત્વદ્‌ગૃહથી હજી !! ભૈરવપ્રસાદ ત્યાંય
બોલેઃ-ગુરુવર ! માહરો શો અપરાધ જ આંહ્ય ? ૬૦
હજાર રૂપિયા વિપ્રને આપી પાઠ હજાર
મેં તો શ્રદ્ધાથી કરાવ્યા યતિવર નિર્ધાર ! ૬૧
ઘરનાં માણસ ત્યાહરે કે'તાં'તાં કે એહ
બ્રાહ્મણ પાઠ યથાર્થ ના કરે કુબુદ્ધિ તેહ. ૬૨

તેથી મેં એ વિપ્રને ખાસ બજાવ્યા એમઃ-
પાઠ યથાર્થ ન થાય જો દોષ સર્વ એ તેમ ૬૩
છે તમ માથે નિશ્ચયે ! કે'વા છતાંય એમ
પાઠ ન વિપ્રો જો કરે યથાર્થ, કરવું કેમ ? ૬૪
વદે દયાઘન એ તદાઃ- જે જે સકામ આંહ્ય
અનુષ્ઠાન સંકલ્પથી કરવા માંડ્યું ત્યાંય ૬૫
આવે યદિ વૈગુણ્ય તો, મળે ન તત્ફળ જાણ;
માટે એવું સર્વ એ જાતે કરવું માન. ૬૬
અથવા કોઇ સુપાત્ર ને પાપભીરુ દ્વિજ પાસ,
અનુષ્ઠાન સકામ જે કરાવવું તે ખાસ. ૬૭
કહ્યું શાસ્ત્રમાં એહવું, કહે અનુભવી તેમ;
માટે ના ચાલે અહીં તારી દલીલ એમ. ૬૮
કર્મ સકામ જ તાહરૂં ! થયું યથાર્થ ન એહ !
ગયું નિરર્થક દ્રવ્ય ને રહી ઉપાધિ તેહ !! ૬૯
માટે સુપાત્ર વિપ્રને શોધી કાઢી ક્યાંય,
શ્રાદ્ધ ત્રિપિંડી કર હવે યથાવિધાને ત્યાંય. ૭૦
જશે ઉપાધિ એ થકી, મા શંકા કર વિપ્ર !
ગુરુવચન એ સાંભળી કરી દંડવત્ ક્ષિપ્ર, ૭૧
ભૈરવપ્રસાદ એ જઇ સ્વગ્રામે તત્કાળ
ગુર્વાજ્ઞા સમ આચરે શ્રાદ્ધાદિક નિર્ધાર. ૭૨
છૂટ્યો ઉપાધિથી તથા, થયો દૂર સહુ ત્રાસ;
થઇ વંશવૃદ્ધિ અને પામ્યો સુખ એ ખાસ !! ૭૩
સ્વયં દત્ત પ્રત્યક્ષ એ ગુરુમૂર્તિ નિર્ધાર
જગદુદ્ધારે ભૂ વિષે કરી એમ સંચાર, ૭૪
શરણાગતનાં સંકટો હરે નિરંતર એમ;
ભક્તજનોની કામના કરે પૂર્ણ સપ્રેમ. ૭૫
આવે લોકો દર્શને દૂરદૂરના ત્યાંય,
હતા એમ પવની મહીં જ્યારે શ્રીગુરુરાય. ૭૬
નારાયણ નામે હતો અટક ઉકિડવે જાણ,
વિપ્ર સાવંતવાડીમાં; અતિ ધાર્મિક એ માન. ૭૭
થઇ પ્રગટ સ્વપ્ને કરે આજ્ઞા એને દત્તઃ-
વાસુદેવાનંદ સરસ્વતીકૃત સંસ્કૃત ૭૮
ગુરુચરિત્ર સદ્ગ્રંથ જે તેનો સ્વાહાકાર
કર ભાવે તું ભક્ત હે ! સૂણી એમ નિર્ધાર, ૭૯
બીજે દિન સૂતે સમે કરે પ્રાર્થના એહ
દત્તદેવને કે, પ્રભો ! આપી આજ્ઞા તેહ ૮૦
કરવા સ્વાહાકાર પણ મળે દ્રવ્ય ના પાસ;
કરશો આજ્ઞા જેહવી કરીશ તેમ હું ખાસ. ૮૧
થયો દૃષ્ટાંત એહને એમ પુનઃ ત્યાં ક્ષિપ્રઃ-
ન્યાયાધીશ આ ગામનો છે શ્રદ્ધાળુ વિપ્ર. ૮૨
જઇ એહની પાસ તું કરવા સ્વાહાકાર
માગ દ્રવ્ય તું, ભક્ત હે ! દેશે એ તત્કાળ. ૮૩
બીજે દિવસે એ તથા જઇ ન્યાયાધીશ પાસ
કહે વાત દૃષ્ટાંતની; સૂણી વિપ્ર એ ખાસ ૮૪
વદેઃ-દ્રવ્ય આપીશ હું કર તું સ્વાહાકાર;
ચાલ્યો સાવંતવાડીમાં તદા પ્લેગ નિર્ધાર; ૮૫
તેથી શ્રીમદત્તને વદે પુનઃ એ ત્યાંયઃ-
કરવું કેમ હવે પ્રભો ? ફરી દૃષ્ટાંત થાય, ૮૬
કે કર શરૂઆત તું સ્વાહાકારની એહ;
થશે ક્ષિપ્ર એ રોગની શાન્તિ નિઃસંદેહ. ૮૭
વદે એમ ભગવાન જ્યાં, બીજે દિનથી એમ
થઇ રોગશાન્તિ તિહાં જોઇ ભક્ત એ તેમ, ૮૮
પત્રદ્વારે પવનીમાં વાત સવિસ્તર એહ
લખી જણાવી શ્રીગુરુ પાસે આજ્ઞા તેહ ૮૯
માગે સ્વાહાકારની !! આપે જવાબ ત્યાંય
નારાયણને એમ એ વેગે શ્રીગુરુરાયઃ- ૯૦
સ્વાહાકાર પુરાણનો થાય ન કદિએ એમ;
ગુરુચરિત્ર એ છે નકી પુરાણગ્રંથ જ તેમ. ૯૧
માટે એનો ના તથા કરવો સ્વાહાકાર !
પત્રાજ્ઞા શ્રીગુરુ તણી દેખી એમ નિર્ધાર, ૯૨
સ્વાહાકાર ન એ કરે નારાયણ ગુરુભક્ત !!
જોઇ એવું પુનઃ વદે સ્પષ્ટ સ્વપ્નમાં દત્તઃ- ૯૩
કરે કરવીર ક્ષેત્રમાં ભાગવત સ્વાહાકાર
જ્યોતિષ્મંતબુવા તથા, તેમ જ તું નિર્ધાર ૯૪
ગુરુચરિત્રનો કર સુધી ! ફરી સદ્ભક્ત તેમ
માગે આજ્ઞા ગુરુ તણી વિનંતિપત્રે એમ. ૯૫
પુનઃ શ્રીગુરુ ના લખે !! તેથી ગુરુભક્ત એહ
માની આજ્ઞા ગુરુ તણી દેવાજ્ઞા સમ તેહ; ૯૬
સ્વાહાકાર કર્યા વિના; શ્રીગુરુવિરચિત તેમ
સંસ્કૃત ગુરુચરિત્રનાં પારાયણ સપ્રેમ ૯૭
કરી દશક, ભાવે કરે બ્રાહ્મણસંતર્પણ !!
આ દૃષ્ટાંતે ગુરુ તણા ગ્રંથોની તત્ક્ષણ ૯૮
પૂર્ણ યોગ્યતા આવશે ધ્યાન માંહ્ય નિર્ધાર;
સ્વયં દત્ત જેનો કહે કરવા સ્વાહાકાર ૯૯
તેની કિંમત કો લહે ? વેદાક્ષર સમ તેહ
શબ્દેશબ્દ શ્રીગુરુ તણો, એમાં શો સંદેહ ? ૧૦૦

લીલા એવી પવનીમાં કરી અકથ્ય જાણ,
ત્યાંથી ગાંડા સહ તદા ફરતા ફરતા માન ૧૦૧

ઉનકદેવતીર્થે તથા આવ્યા શ્રીગુરુરાય !
સૂણી નિરંજન એ વદેઃ- તીર્થ કેમ એ આંહ્ય ૧૦૨

થયું ઉત્પન્ન હે ગુરો ? કથો સવિસ્તર તેહ;
શિષ્યવચન એ સાંભળી વદે અલખ ત્યાં જેહ. ૧૦૩

આગળ અનુસંધાન એ; વરસે અમૃતધાર !
પીતાં ટીપું, ના રહે સંસૃતિરોગ અસાર !! ૧૦૪

**રંગ** નિમિત્ત જ આંહ્ય તો; વદાવનારો એહ ! બોલે મુખ મુરદાલ શું ? પૂરે જીવન તેહ !!! ૧૦૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે સકામાનુષ્ઠાનરહસ્યકથનં નામ અષ્ટત્રિંશદધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૩૮ ॥ દોહરા ૧૦૫

## અધ્યાય ૧૩૯

અલખ કહેઃ-ઋષિવર હતા શરભંગ નામે એક;
આશ્રમ પૂર્વે તેમનો હતો આ સ્થળે દેખ. ૧

હતા રામ વનવાસમાં સીતા લક્ષ્મણ સાથ,
ત્યારે એ ઋષિદર્શને આવ્યા અત્ર સુજાત. ૨

વદે શરભંગ રામનેઃ-થયો વૃદ્ધ હું એમ;
પૂર્વસંચિતે માહરા શરીર માંહે તેમ ૩

થયો સુદારુણ રોગ આ, તેથી શીતલસ્નાન
થાય ના મુજથી હે પ્રભો ! માટે આપ સુજાણ ૪

છોડી અગ્ન્યસ્ત્ર અહીં, બાણ થકી એ દેવ
સર્વતીર્થમય ઉષ્ણજલતીર્થ કરો તતખેવ ! ૫

ઋષિપ્રાર્થના સમ તદા છોડી અગ્ન્યસ્ત્રબાણ,
ઉષ્ણોદકનું તીર્થ આ કરે રામ નિર્માણ. ૬

ઉનકદેવ એને કહે આ સમયે જન એહ;
એવું સુંદર તીર્થ આ માહૂરગઢથી તેહ ૭

યોજનદ્વય તળેટીમાં આવ્યું શિષ્ય સુજાણ;
ઉષ્ણોદકનો એક ને શીતોદકનો આન ૮

એમ કુંડ બે છે તિહાં, સુંદર અતિશે જેહ;
અક્ષય પાણી જે થકી વહે નિરંતર તેહ. ૯

ઉષ્ણોદકનો કુંડ જે તેમાંનું જળ જાણ
ન્હાવા લાયક ઉષ્ણ ને છે નિર્મલ અતિ માન. ૧૦

દુર્ગંધાદિક કોઇ રીતે ના આવે ત્યાંય;
અંદર થોડું બેસતાં શરીર હલકું થાય. ૧૧

મરી ગએલી ભૂખ પાછી ઉપડે છે તેમ;
રોગીને એ ઉદકમાં અલ્પ સમય જો એમ ૧૨

બેસાડીને, ઉદકની આણી બહાર જાણ
વસ્ત્રાદિક ઓઢાડીને સૂવડાવે તો માન, ૧૩

થઇ પસીનો દેહમાં નીકળે જડત્વ તેમ;
થઇ દેહ હલકો પડે ચેન રોગીને એમ. ૧૪

કરી સ્નાન આ તીર્થમાં, આવી માહૂરગઢ
શ્રીગુરુ દર્શન રેણુકા તણું કરે સત્વર. ૧૫

અનસૂયા ને અત્રિને વંદી ભાવે તેમ,
શ્રીમદ્દત્તાય દાંબુજે કરે નમન સપ્રેમ. ૧૬

સ્વેચ્છાએ ફરતાં તથા અસંખ્ય લોકો ખાસ
આવે શ્રીગુરુદર્શને ગામોગામે પાસ. ૧૭

**અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત !**

એવી અખંડ ગર્જના શ્રીગુરુસંનિધ લોક
કરે પરમ સદ્ભાવથી, હરે સકળ જે શોક. ૧૮

ચાલે ગામોગામમાં આરાધના સદાય;
દર્શનથી શ્રીગુરુ તણા આનંદિત જન થાય. ૧૯

તે સમયે વાડી મહીં થતો હતો બહુ ત્રાસ
શૂદ્રાદિકથી વિપ્રને; તેથી જન એ ખાસ ૨૦

ગંડૂદીક્ષિતાદિક બધા ગુરુસંનિધ તત્કાળ
આવી વિનયે પ્રાર્થના કરે, વંદી નિર્ધાર. ૨૧

કથી સકળ વૃત્તાંત ત્યાં, કહેઃ- હરો ગુરુરાય
કરી કૃપા અમ વિપ્રનાં સંકટ આવી ત્યાંય. ૨૨

સુણી શ્રીગુરુ ઓચરેઃ- આવી શકું ન તેમ
દત્તાજ્ઞા વિણ ક્યાંય હું ! તોય કરો સહુ એમઃ- ૨૩

દેખાડું હું મંત્ર જે, એક ચિત્તથી એહ
શ્રદ્ધાયુક્ત જપો તમે; જશે ઉપાધિ તેહ ૨૪

અલ્પ દિનોમાં નિશ્ચયે !! કહી એમ તત્કાળ
પ્રેમે વિધાન સહ વદે મંત્ર એક નિર્ધાર. ૨૫

કરી દંડવત્ ભાવથી ગયા સર્વ એ તેમ;
આવી વાડીમાં કરે ગુર્વાજ્ઞા સમ એમ ૨૬

અનુષ્ઠાન એ મંત્રનું; તેથી સંકટ તેહ
થયું દૂર તત્ક્ષણ તિહાં, મા કર ઉર સંદેહ ! ૨૭

તીર્થોમાં ત્યાં વિચરતાં શ્રીગુરુમૂર્તિ જાણ
આવી રેણાપુર મહીં દત્તજયંતી માન ૨૮
કરી તિહાં, ગોદાતટે ગંગામસલે જેહ
આવી તે ગામે રહ્યા કંઇક દિવસ સસ્નેહ. ૨૯
થયા એકઠા જન સહુ દર્શન માટે ત્યાંય;
વદે સર્વને એ તદા પ્રેમે શ્રીગુરુરાયઃ- ૩૦
ગંગાસ્નાનાર્થે જતાં મારી સાથે તેમ
કોઇએ ના આવવું ! કહી સર્વને એમ, ૩૧
લઇ સાથ ગાંડાબુવા ગણપતિમંદિર પાસ
ગંગા માંહે ઉતરી કરે સ્નાન જ્યાં ખાસ; ૩૨
ત્યાં તો આજ્ઞા શ્રી તણી ઉલ્લંઘીને જાણ,
કેટલાક જન દોડતા આવ્યા પાછળ માન. ૩૩
ટોળા માંહે એ હતો રેણાપુરકર એક
આબા કુળકર્ણી કરી ભોળો ભાવિક દેખ. ૩૪
પ્રવાહમાં ગંગા તણા ન્હાવા માટે એહ
પડતાં વેંતજ વમળમાં સપડાઇને તેહ, ૩૫
ડૂબ્યો એકાએક ત્યાં ગોદાપૂરે જાણ;
જોઇ લોકો કાઢવા દોડ્યા સત્વર માન, ૩૬
તોએ યત્ને કાઢતાં મરી ગયો એ હાય !
દેખી મડદું ગુરુ વદેઃ- દેખ્યું ગાંડા આંહ્ય ? ૩૭
કેવી ઉપાધિ લોકની ? કરવું મારે કેમ ?
સુણી વચન ગાંડો વદેઃ- આજ્ઞા શ્રીની એમ ૩૮
ઉલ્લંઘી તેનું નકી પામ્યો ફળ એ આંહ્ય !
કરીએ શું ત્યાં આપણે ? દયામૂર્તિ ગુરુરાય ૩૯
કરુણ દશ્ય એ જોઇને દ્રવ્યા અંતરે તેમ;
જઇ પ્રેતસંનિધ તથા સુધાદષ્ટિથી એમ ૪૦
જોઇ પ્રેત ગમ તત્ક્ષણે કમંડલુજલ ત્યાંય
પ્રોક્ષે શવ પર એ જિહાં, ચમત્કાર ત્યાં થાય. ૪૧
આવી પ્રાણ શરીરમાં, સત્વર શ્વાસોચ્છ્વાસ
લાગ્યો એ આબા તણો તદા ચાલવા ખાસ ! ૪૨
સાવધ થઇ તત્કાળ ત્યાં બેઠો ઊઠી એહ !!
ચમત્કાર એ જોઇને આશ્ચર્યે જન તેહ ૪૩
થઇ ચકિત ગુરુપદ વિષે કરે દંડવત્ તેમ,
જોડી કર સદ્ભાવથી જયજયકારે એમ. ૪૪
કરતા અખંડ ગર્જના ત્યાંથી ગુરુવર સાથ
'અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત' સાક્ષાત્, ૪૫
આવ્યા સઘળા ગામમાં; બ્રાહ્મણ ભોજન ત્યાંય
કરી ખુશાલીમાં; મુદા લે પ્રસાદ સઘળાય ! ૪૬
ચાલી વાતો લોકમાંઃ- આણ્યો પાછો પ્રાણ
પ્રેતે, તે શું ના કરે ! નકી માન ના માન, ૪૭
સ્વયં દત્ત ગુરુમૂર્તિ એ; ભલે દિસે નરદેહ !
કર્તુમકર્તું અન્યથા કર્તું સમર્થ તેહ !! ૪૮
સૂણી વાત અપૂર્વ એ દૂરદૂરથી તેમ
આવે ટોળાં દર્શને !! તેથી કોઇ ન જેમ ૪૯
જાણે તે રીતે પ્રભુ ત્યજી ગામ એ જાણ,
ફરતા ફરતા બારસી ગામે આવ્યા માન. ૫૦
અંબરીષ રાજા તણી રાજધાની વિખ્યાત
જાણ બારસી ગામ એ; જિહાં વૈકુંઠનાથ ૫૧
દુર્વાસાના શાપથી કરવા સ્વભક્ત મુક્ત,
દોડી આવ્યા તત્ક્ષણે ત્યજી વૈકુંઠ તૂર્ત ! ૫૨
રાજમ્હેલમાં ભૂપના થયા પ્રગટ પ્રભુ જ્યાંય,
વિષ્ણુમંદિર તે સ્થળે છે અત્યારે ત્યાંય, ૫૩
પાસે દુર્વાસા તણો આવ્યો આશ્રમ તેમ !
જઇ બારસીમાં તથા શ્રદ્ધાથી જે એમ ૫૪
પૂજે શ્રીભગવાન સહ દુર્વાસાને ત્યાંય,
વિપ્રસંતર્પણ કરે તેમ શક્તિથી આંહ્ય; ૫૫
જન્મમરણથી તે નકી થાય મુક્ત તત્ક્ષણ !
એવા પવિત્ર સ્થાનમાં ગાંડા સહ ચિદ્ઘન ૫૬
આવી વંદન પ્રેમથી કરે ઉભયને જાણ,
દુર્વાસા ને શ્રીહરિ બંનેનેય સમાન. ૫૭
ત્યાંથી સ્વેચ્છાએ તથા સંક્રાંતિએ તેમ
આવ્યા પંઢરપુર વિષે ભીમાતીરે એમ; ૫૮
પુંડલીકનિમિત્તથી જિહાં દ્વારકાંનાથ
આવી ઊભા ઇંટ પર પાંડુરંગ સાક્ષાત્ ! ૫૯
પંઢરપુર ભૂમંડલે નકી વૈકુંઠ એહ;
જોતાં શોભા ત્યાંયની ખસે ન બીજે દેહ !! ૬૦
અલખવચન એ સાંભળી, વદે નિરંજન ત્યાંયઃ-
પુંડલીક એ કો ગુરો, યન્નિમિત્તે જાય ૬૧
છોડી દ્વારકાં શ્રીહરિ પંઢરપુરમાં એમ ?
સુણવા દોડે ચિત્ત એ, કથો સવિસ્તર તેમ. ૬૨
શિષ્યપ્રાર્થના સાંભળી, બોલે અલખ દયાળ;
આગળ અનુસંધાન એ કેવળ સુધારસાળ. ૬૩

અધિકારી શ્રદ્ધાળુ ત્યાં હંસ **રંગ** નિર્મલ; બીજાને વિષ્ઠા ભલી કૃષ્ણકાક જે ખળ ! ૬૪

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
આબાવિપ્રોજ્જીવનં નામ એકોનચત્વારિંશદધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૩૯ ॥ દોહરા ૬૪

## અધ્યાય ૧૪૦

અલખ કહેઃ- સૂણ શિષ્ય હે ! પદ્મપુરાણે વાત;
પૂછે શિવને પાર્વતીઃ-કરો કૃપા, હે નાથ !! ૧

પંઢરપુરમાહાત્મ્ય જે કથો સવિસ્તર એહઃ
આવ્યા પંઢરપુર મહીં શા માટે હરિ તેહ ? ૨

બોલે શિવઃ-હે પાર્વતી ! જહ્નુ નામે એક
હતો વિપ્ર પંઢરપુરે, સાત્ત્વિક જે અતિ દેખ. ૩

સુશીલ જ્ઞાની સત્યવાદી જિતેન્દ્રિય તેમ;
ભગવદ્ભજને રત સદા, મહાતપસ્વી એમ. ૪

પતિવ્રતા સ્ત્રી એહની સત્યકી નામે જાણ;
માની પતિને દેવ જે સેવા કરે મહાન. ૫

પુત્ર એક તેને થયો, પુંડલીક યન્નામ;
ષોડશવર્ષે એહનું કર્યું લગ્ન ત્યાં આમ. ૬

દૈવે પાક્યો દુષ્ટ એ, વદે [1]દુરુત્તર નિત્ય;
માતપિતાને છોડીને સ્ત્રીસહ રહ્યો સપ્રીત્ય. ૭

ભાંડભવૈયામાં રમે, બોલે અભદ્ર વાણ;
સોબત વેશ્યાની કરે, ગણે ન કોને જાણ. ૮

કહે માતનેઃ-રાંડ હે ! કર કાળું મુખ મર;
વદે જનકનેઃ-ક્યાહરે મરી જઇશ તું ખર ? ૯

સૂણી અમંગલ એહવું સદા માત ને તાત,
કહેઃ-મોત આથી ભલું આવે તો સાક્ષાત્ ! ૧૦

પુત્રત્રાસે બેઉએ રહે સચિંત સદાય;
સંઘ એક ત્યાં કાશીએ એ રસ્તેથી જાય. ૧૧

જોઇ વૃદ્ધ એ પુત્રને વદેઃ-અમોને, બાળ !
કાશીએ લઇ જા સુધી; જઇએ ત્યાં નિર્ધાર. ૧૨

પુંડલીક વદેઃ-તમે મરી ગયાં ના કેમ ?
જાઓ ત્યાં વેગે સુખે; થઇશ સુખી હું તેમ ! ૧૩

પુત્રવચન એ સાંભળી વૃદ્ધ બેઉએ જાણ
ગયાં સંઘ સહ કાશીએ ! ત્યાં તો સત્વર માન. ૧૪

આવ્યો બીજો સંઘ ત્યાં યાત્રિકજનનો તેમ;
પુંડલીક જોઇ વદે નિજ પત્નીને એમઃ- ૧૫

ચાલ પ્રિયે કાશી મહીં જઇએ બંને ખાસ;
કાશી કેવી જોઇએ; દ્રવ્ય ઘણું મુજ પાસ. ૧૬

આણ્યા ઘોડા બે તદા ! ચઢે એક પર આપ;
બીજા પર સ્ત્રીને તથા બેસાડી [2]નિસ્તાપ. ૧૭

ચાલ્યાં બંને એમ એ કાશીમાં તત્કાળ;
મળ્યાં માર્ગમાં ચાલતાં માતપિતા નિર્ધાર. ૧૮

જોઇ એમને એ હસે પુંડલીક નાદાન;
રાહ એમની ના જુએ, દોડે સત્વર માન ! ૧૯

આવ્યો પાસે કાશીની સંઘ એહ જ્યાં એમ,
ભૂલી રસ્તો દક્ષિણે આડે રસ્તે તેમ ૨૦

ચઢી દૈવથી આશ્રમે પ્હોંચ્યો સુંદર એક;
કુક્કુટ નામે જ્યાં વસે મહાયોગિવર દેખ. ૨૧

યન્નામસ્મરણે ટળે હજી દુઃસ્વપ્ન જાણ,
મહિમા એનો કો લહે ? સમર્થ એહ મહાન. ૨૨

બૃહસ્પતિ સમ જ્ઞાનમાં, તેજે નારાયણ;
સાક્ષાત્ શિવ તપમાં નકી, હરે દર્શને વિઘ્ન. ૨૩

પુંડલીક તદાશ્રમે ભૂલી રસ્તો તેમ,
આવ્યો પત્ની સહ તદા સકળ સંઘ સહ એમ. ૨૪

માતપિતાનો ભક્ત એ કુક્કુટ યોગી જાણ;
માતપિતા વિણ અન્ય ના જાણે દૈવત માન. ૨૫

સેવા માતપિતા તણી કરે નિરંતર એહ;
મળતાં ફુરસદ બેઉને શાસ્ત્ર સૂણાવે તેહ. ૨૬

જોઇ એણે ના કદિ ગંગા નજરે જાણ;
ના દેખી વારાણસી ! પિતૃભજનમાં માન ૨૭

રહે ન નવરો એ જરા !! ગંગા યમુના તેહ
સરસ્વતી સહ આવીને નિત્ય આશ્રમે એહ, ૨૮

પ્રભાતકાળે વાળીને છાંટી પાણી ત્યાંય,
સેવા આશ્રમમાં કરી કુક્કુટના એ જાય ! ૨૯

ધોઇ પાપ સહુ જગતનાં થાય મલિન એ તેમ;
દિવ્યરૂપ આશ્રમ મહીં થાય આવીને એમ !! ૩૦

એવો કુક્કુટ યોગી એ મહાસમર્થ સુજાણ;
પુંડલીક તદાશ્રમે આવી ઉતર્યો જાણ. ૩૧

એક પાસ સરાઇની પડ્યો પત્ની સહ એહ;
માતપિતા સહ અન્ય જન પડ્યાં અન્યત્ર તેહ. ૩૨

દેખી કુક્કુટ બારણે, પુંડલીક એ ત્યાંય
પૂછેઃ-કાશી કેટલી દૂર અહીંથી થાય ? ૩૩

બોલે કુક્કુટઃ-ના કદિ દીઠી કાશી એહ;
ના જાણું [3]ભાગિરથી ક્યાં આવી એ તેહ ? ૩૪

સૂણી વચન ખડખડ હસી પુંડલીક એ ત્યાંય
કહેઃ-રહી તેં અત્ર, ના દીઠી કાશી ક્યાંય ? ૩૫

વ્યર્થ જન્મ તારો નકી ! રે'વા છતાંય પાસ,
ના ન્હાયો ગંગા મહીં, લહે ન ક્યાં એ ખાસ !! ૩૬

૧. સ્હામો જવાબ. ૨. નિશ્ચિંતપણે. ૩. ગંગાજી.

બોલે કુક્કુટ ના કંઇ !! થયો સૂર્ય ત્યાં અસ્ત;
મધરાતે નિદ્રા મહીં પડ્યા લોક જ્યાં મસ્ત. ૩૭

ગંગા યમુના સરસ્વતી લઇ ગાગર શિર પર
આવે [1]મ્લાન થઇ તિહાં [2]હીનકાન્તિ સત્વર. ૩૮

પુંડલીક જાગે તદા; દેખી એણે એહ;
પિશાચવત્ કેવળ દિસે ! જાુએ દૂરથી તેહ !! ૩૯

થઇ ભયભીત અંતરે, જાુએ સાશ્ચર્ય તેમ;
ત્યાં તો પેલી વાળીને છાંટી પાણી એમ, ૪૦

લીપે આશ્રમ સર્વ એ ! થતાં એહ સંપૂર્ણ,
જઇ કષ્ટ સહુ એ થઇ દિવ્યસ્વરૂપ તૂર્ણ; ૪૧

જેવી સાવિત્રી અને રમા ઉમા સાક્ષાત્
સહસ્રકોટિસૂર્યસમ[3] તેજે ચમકે માત !! ૪૨

દેખી વિસ્મિત અંતરે પુંડલીક એ ત્યાંય,
પૂછે વિનયે દૂરથીઃ-કોણ તમે હે માય ? ૪૩

દિવ્યરૂપ તમે નકી સેવા અહિંયાં કેમ
આવી કઠણ કરો તથા ? સૂણી વચન ત્યાં એમ ૪૪

બોલે ગંગાઃ-દુષ્ટ તું થા દૂર ચંડાળ;
સાધુનિંદક પાપી હે ! મા કર એમ વટાળ. ૪૫

છોડ માર્ગ ઝટ દુર્મતિ, થા વચ્ચેથી દૂર;
જાવું છે પાછું અમારે, હઠ ત્યાંથી ક્રૂર ! ૪૬

સૂણી વચન કંપે ભયે પુંડલીક એ ત્યાંય;
દોડી ચરણ ગ્રહી વદે, તારો મુજને માય ! ૪૭

બોલે ત્રણે એ તદાઃ-ઊઠ ઊઠ બ્રાહ્મણ;
કોટિજન્મનું તાહરૂં ફળ્યું પુણ્ય આ ક્ષણ. ૪૮

માટે અમ દર્શન થયું જાણ નિશ્ચયે એમ;
થયો ઉદ્ધાર તાહરો, મા શંકા કર તેમ. ૪૯

આ જન્મે ખળ તું નકી; પૂર્વપુણ્યથી તોય
મહાસાધુ કુક્કુટ તણું દર્શન અત્રે હોય. ૫૦

પાપ સર્વ આ જન્મનાં નાઠાં તેથી જાણ;
માટે અમ દર્શન થયું, ગયું સર્વ અજ્ઞાન. ૫૧

પુંડલીક કહેઃ-તમે કોણ ત્રણ જણી તેમ,
યત્તેજે લાજી રવિ મ્હોં સંતાડે એમ ? ૫૨

એમ કહી ચરણે નમે ! વદે ત્રણ જણી ત્યાંય;
ગંગા યમુના સરસ્વતી કહે અમોને આંહ્ય. ૫૩

ધોઇ પાપ ત્રિલોકનાં, ચોંટે અમને મેલ;
આવી આ સ્થળમાં થઇએ નિર્મળ વિણ દેર. ૫૪

પ્રતિદિવસે આવી અહીં [4]નિજપાપક્ષાલન
કરીએ આ સાધુ તણી સેવાથી તત્ક્ષણ. ૫૫

કુક્કુટ મહાસમર્થ એ, કીર્તિ એની અગાધ;
મહિમા એનો કો કથે ? થાકે વિધિ સાક્ષાત્ ૫૬

વર્ણન કરતાં એહનો મહિમા નિર્મળ તેમ !
પુંડલીક પૂછેઃ-કર્યું પુણ્ય અહીં શું એમ ૫૭

એણે મોટું એહવું ? બોલે ગંગા ત્યાંયઃ-
પૂર્વપુણ્ય એનું ન કોઇથી એમ કથાય. ૫૮

આ જન્મે માબાપની સેવા કરે સુતુષ્ટ;
દૈવત બીજું ના લહે, પિતૃભક્ત એ હૃષ્ટ ! ૫૯

જેમ ઇંદિરા[5] ને હરિ તેવાં મા ને બાપ
માની, અહર્નિશ તેમને ભજે એહ નિસ્તાપ !! ૬૦

સેવાથી માબાપની અધિક પુણ્ય ના ક્યાંય;
કોટિયજ્ઞયાગાદિનું પુણ્ય ન ગણત્રી માંહ્ય ૬૧

સેવા આગળ એમની; પ્રદક્ષિણા ત્રણ જાણ
પૃથ્વીની, ને કાશીની બે લખ ભાવે માન ૬૨

કરતાં પુણ્ય મળે અહીં, માતાને તે એક
નમસ્કાર કરતાં મળે પુંડલીક તું દેખ; ૬૩

ભાવે સેવા તાતની કરતાં થાએ જ્ઞાન,
આવી સંમુખ શ્રીહરિ રહે ખડો તું જાણ. ૬૪

માતપિતા પ્રત્યક્ષ છે દેવ ભૂતલે આંહ્ય;
વેદશાસ્ત્ર એવું કથે, શંકા લેશ ન ત્યાંય. ૬૫

અખિલ વિશ્વ પણ દાનમાં દેતાં એ ઉપકાર
વળે ન માતપિતા તણો કલ્પે પણ નિર્ધાર. ૬૬

માતપિતાની જે કરે નિંદા પાપી એમ,
જન્મોજન્મે નરકમાં પડે દુષ્ટ એ તેમ. ૬૭

જોવું ના મુખ તેહનું, ના કરવું ભાષણ
સ્વપ્ને પણ એ દુષ્ટથી ! સૂણી એમ તત્ક્ષણ, ૬૮

થઇ અનુતપ્ત અંતરે પુંડલીક એ ત્યાંય
રડવા લાગ્યો જોરથી; કેમે શાન્ત ન થાય ! ૬૯

કહેઃ-હન્ત મેં શું કર્યું ? દેવસમાં માબાપ;
કષ્ટાવીને તેમને આપ્યો નિરર્થ તાપ !! ૭૦

ઉત્તમ આ નરદેહ પણ વ્યર્થ ગુમાવ્યો એમ;
મહાદુષ્ટ હું નિશ્ચયે ! કરૂં માત હે કેમ ? ૭૧

વદે જાહ્નવીઃ-શિવભવાની સમ માની આંહ્ય
કર સેવા તું બાપ ને માની હે વરકાય ! ૭૨

૧. મેલીઃ ગંદી. ૨. નિસ્તેજ. ૩. હજારો કરોડો સૂર્ય જેવી. ૪. પોતાનાં પાપ ધોવાં તે. ૫. લક્ષ્મી.

થશે તુષ્ટ હરિ એ થકી, ત્રિભુવનમાં વિખ્યાત
થઇ નિશ્ચયે તું તથા; છે અમ આશિષ તાત ! ૭૩

એમ કહી ત્રણે જણી ગઇ સ્વસ્થળે તેહ !
પુંડલીક કુક્કુટપદે કરી નમન સસ્નેહ, ૭૪

આવી માતપિતા કને માગી માફી તેમ,
ઘોડા પર એ બેઉને બેસાડી સપ્રેમ; ૭૫

યાત્રા વિધિવત્ કાશીની કરાવીને તત્કાળ,
આવી પંઢરપુર વિષે સ્વસ્ત્રી સહ નિર્ધાર ૭૬

કુક્કુટવત્ સેવા કરે માની બેઉને દેવ;
થઇ તુષ્ટ શ્રીકૃષ્ણ ત્યાં થયા પ્રગટ તતખેવ. ૭૭

પુંડલીક એ ત્યાહરે માતાના પગ જાણ
ધોતો'તો દ્વારે કરી પીઠ, તિહાં ભગવાન ૭૮

આવી પાછળ એ ખડા મૂકી કેડ પર હાથ;
મંદસ્મિત મુખ પર લસે ! જુએ ભક્તની વાટ !! ૭૯

કોટિસૂર્યસમ તેજ એ, જોઇ ઝગમગ ત્યાંય
પુંડલીક ગભરાઇ એ દેખે પાછળ જ્યાંય, ૮૦

દેખ્યા ત્યાં ભગવાનને ! જોઇ થયો વિસ્મિત;
[1]સવ્ય કરતલે માતના હતા પદ નિશ્ચિત ૮૧

હલાવતાં ના તેમને, [2]વામ હસ્તથી એહ
નાંખી હરિને બેસવા ઇંટ નમે સસ્નેહ !! ૮૨

જોડી પદદ્વય ત્યાં ખડો સાંવરો ઘનશ્યામ;
જુએ વાટ ભક્તો તણી આજે પણ એ આમ !! ૮૩

'પુંડલીક !' કહે હરિ, ભક્ત ન ત્વત્સમ અન્ય
દેખ્યો આ ભૂમંડલે; પિતૃભક્ત તું ધન્ય. ૮૪

માતપિતાની સેવથી થયો તુષ્ટ હું દેખ;
આવ્યો વર દેવા તને, માગ ગમે તે છેક ! ૮૫

સેવાથી પરવારીને માતપિતાની એહ,
પુંડલીક આવી કને કરી દંડવત્ તેહ ૮૬

કહે ગળગળોઃ-હે પ્રભો ! જો આપું વરદાન,
જેવો ઊભો છું અહીં રહે તેવો જ જાણ ૮૭

અનંત કાળ સુધી અહીં, પ્રાણિમાત્રને તેમ
ઉદ્ધરતો દર્શન થકી !! માગું એજ સપ્રેમ. ૮૮

લોહદંડ જેને કહે પુરા સર્વજન આંહ્ય;
વદી 'તથાસ્તુ' શ્રીહરિ, રહ્યા ત્યારથી ત્યાંય. ૮૯

પુંડલીકના કારણે સ્વયં વૈકુંઠનાથ
પાંડુરંગ કર કેડ પર મૂકી જ્યાં સાક્ષાત્, ૯૦

ખડા ઇંટ પર જ્યારથી વિઠ્ઠલ નામે એહ
પંઢરપુરના નામથી થયું પ્રખ્યાત તેહ. ૯૧

ધરી શિવલિંગ શીર્ષ પર શિવવિષ્ણુનો ભેદ
મટાડતા ઊભા તિહાં, હરતા સહુનો ખેદ. ૯૨

ચંદ્રભાગાને તટે જુગજુગથી એ જાણ;
ભુક્તિમુક્તિપ્રદ તીર્થ એ તીર્થ મુકુટમણિ માન. ૯૩

આપ્યો વર એ ક્ષેત્રને સ્વયં વિષ્ણુએ એમઃ-
સકળ તીર્થ બ્રહ્માંડનાં મધ્યાહ્નને સપ્રેમ ૯૪

અહીં આવશે પ્રતિદિને મદ્દર્શનથી તેમ;
ભક્તિજ્ઞાન તણી થશે વૃદ્ધિ સહુમાં એમ. ૯૫

એવું પાવન ક્ષેત્ર એ પંઢરપુર વિખ્યાત,
હીનદીનને દર્શને તારે જે સાક્ષાત્. ૯૬

ભોળાનાથ વદે સ્વયં ઉમિયાને સપ્રેમ;
અલખ નિરંજનને કહેઃ-સારમાત્ર આ એમ ૯૭

કહ્યો તને સચ્છિષ્ય હે ! નકી વૈકુંઠ એહ
પંઢરપુર ભૂમંડલે, ના એમાં સંદેહ. ૯૮

આષાઢી કાર્તિકી એકાદશીએ જન જાય,
હજીએ ટોળાબંધ જો પગે ચાલતા ત્યાંય ! ૯૯

વિઠ્ઠલ વિઠ્ઠલ નામની મચે અહર્નિશ ધૂન;
યાત્રિકજનનો પાર ના, મેળો અખંડ પૂર્ણ !! ૧૦૦

ધજાપતાકા હાથમાં લઇ ભક્તજન ગાય;
મૃદંગતાસાંનાદથી નાચે એમ સદાય !! ૧૦૧

પંઢરપુર મહારાષ્ટ્રમાં નકી ડાકોર જાણ;
ચંદ્રભાગા[3] ગોમતી; એકરૂપ બે માન. ૧૦૨

આવ્યા શ્રીગુરુવર તથા ગાંડા સહ ત્યાં એહ;
પાંડુરંગવંદન કરી, ત્યાંથી ફરતા તેહ ૧૦૩

પૌષ શુદ્ધ ત્રયોદશીએ વાડીમાં તેમ
આવી વંદન પાદુકાને કરી સપ્રેમ, ૧૦૪

બ્રહ્માનંદસ્વામી તણા મઠમાં ઊતરે જાણ; આગળ **રંગ** અપૂર્વ એ, કેવળ રસની ખાણ ! ૧૦૫

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે પંઢરપુરમાહાત્મ્યવર્ણનં નામ ચત્વારિંશદધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૪૦ ॥ દોહરા ૧૦૫

૧. જમણો. ૨. ડાબો. ૩. ભીમાનદી પંઢરપુર આગળ અર્ધચંદ્રાકારે વહેતી હોવાથી એને જ ચંદ્રભાગા કહે છે.

## અધ્યાય ૧૪૧

અલખ કહેઃ-ગુરુમૂર્તિ એ આવ્યા વાડી માંહ્ય,
જાણી દોડ્યા દર્શને આનંદે જન ત્યાંય. ૧
સ્ત્રીઓ સૌભાગ્યવતી બધી વસ્ત્રાભૂષણ તેમ
પ્હેરી, પંચારતી લઇ આવી ત્યાં સપ્રેમ; ૨
ભાવે ગુરુપૂજન કરી કરે આરતી ત્યાંય,
પુનઃ પુનઃ વંદન કરી સ્નેહે ગુરુપદ માંહ્ય. ૩
હતા શ્રીગુરુ વાડીમાં જ્યારે એમ સમર્થ,
વડોદરાનો નોંધણીકામદાર ત્યાં તર્ત ૪
આનંદરાવ શિંદે કરી આવ્યો ભાવિક એક
દેવદષ્ટાંતથી તદા વાડી માંહે દેખ. ૫
કરી દંડવત્ ગુરુપદે પ્રાર્થે વિનયે ત્યાંયઃ-
બાળક હું પ્રભુ આપનો છું દુઃખિત અતિ આંહ્ય. ૬
દયાસિંધુ છ માસથી થઇ વ્યાધિથી ગ્રસ્ત,
રાતદિવસ દુઃખ ભોગવું; મત્સમ અન્ય ન ત્રસ્ત ! ૭
થયો અપરાધ દેવનો, તેથી અવકૃપા એમ
થઇ દેવની ? કે હશે દૈવયોગ આ તેમ ? ૮
સંગ્રહણીથી આ સમે થાય કલેશ અત્યંત;
વડોદરામાં જ્યાહરે હતો દેવ હું હન્ત, ૯
ત્યારે કફ અતિશે થઇ પાક્યું હૃદય સત્વર;
શેરબશેર કફ પડે નિત્ય એમ ગુરુવર ! ૧૦
દારુણ ક્ષય એથી થયો; કર્યાં ઔષધો તેમ,
આજ સુધી વૈદ્યો અને દાક્તરનાં મેં એમ. ૧૧
પડ્યો ફેર ના લેશ પણ ! અંતે દાક્તર એહ
મળી એકઠા રોગની કરે ચિકિત્સા તેહ. ૧૨
વદે સર્વસંમત થઇ ત્યારે સઘળા એમઃ-
અસાધ્ય કેવળ રોગ આ, વ્યર્થ ઉપાયો તેમ. ૧૩
જાઓ સ્વદેશમાં તથા; ચાર પાંચ દિન આંહ્ય
જીવો તોપણ ભાગ્ય છે !! સૂણી વચન એ ત્યાંય, ૧૪
ગભરાયો હું બહુ પ્રભો ! અંતે કર્યો વિચાર;
દત્તપ્રભુ વિણ ના હવે બીજો તારણહાર. ૧૫
મનુષ્યયત્ન હવે નહીં ! બાજી એને હાથ !!
એમ ભરોંસો દેવ પર રાખી પૂર્ણ ગુરુનાથ, ૧૬
એ રાતે શ્રીદત્તનું કરી ધ્યાન સપ્રેમ
સૂતો'તો ત્યાં સ્વપ્નમાં થયો દષ્ટાંત એમઃ- ૧૭
જા સત્વર તું વાડીમાં, છે ગાંડા સહ ત્યાંય
વાસુદેવાનંદ સરસ્વતી સ્વામિરાય. ૧૮
જાતાં શરણ તદાંબુજે એ યતિવરના જાણ,
વિઘ્ન મોતનું આ નકી ટળશે તારૂં માન. ૧૯
થશે રોગશાન્તિ તહીં ! જોઇ એમ સાક્ષાત્
ઊઠતાં જ સ્હવારમાં લઇ ભત્રીજો સાથ, ૨૦
પૂનાથી સીધો અહીં આવ્યો છું ગુરુરાય;
શરણાગત આ દીનને તારો વેગે આંહ્ય. ૨૧
શિંદેની એ પ્રાર્થના સુણી દયાઘન એમ
વદેઃ-દેવની શી તમે કરી અવજ્ઞા તેમ, ૨૨
કે જેથી રૂઠ્યો હરિ દારુણ તમ પર એહ ?
બોલે શિંદેઃ-હે દયાલો ! હું નિઃસંદેહ ૨૩
નિત્ય નિયમ સમ દત્તનું કરતો'તો જ્યાં ધ્યાન
થઇ આજ્ઞા પ્રભુની તિહાં, કે તું સત્વર માન ૨૪
લઇ બ્રહ્મચારીબુવાને સાથે નિજ એમ
જા નાશિકક્ષેત્રે સુધી ! યાત્રા ત્યાંની તેમ ૨૫
કરી પૂર્ણ, ઔદુંબરે જા ત્યાંથી તત્કાળ;
આવ વાડીમાં તે પછી !! દત્તાજ્ઞા નિર્ધાર ૨૬
સુણી એહવી હું હૃદે ગુંચાયો ગુરુનાથ;
બ્રહ્મચારી એ કો હશે ? જાવું કોની સાથ ? ૨૭
એવા વિચારમાં પડ્યો ! થયું સ્મરણ ના દેવ
ગાંડાબુવાનું તે સમે દુર્દૈવે તતખેવ; ૨૮
કારણકે મેં એમને એકજ વાર દયાળ
જોયા'તા, તેથી રહ્યું સ્મરણ ન એ નિર્ધાર ! ૨૯
કરી પ્રાર્થના મેં તદાઃ-દીનબંધુ કો સાથ
જાવું મારે ? બ્રહ્મચારી એ કો સાક્ષાત્ ? ૩૦
અન્ય દિને શ્રીદત્તનો થયો એમ દષ્ટાંતઃ-
વાસુદેવાનંદસરસ્વતી જે યતિ શાન્ત ૩૧
શિષ્ય તેમનો જે નકી ગાંડાબુવા સુજાણ,
જા તેની સાથ અરે ! કરે કેમ અનુમાન ? ૩૨
ત્રીજે દિને પણ એહવો થયો દષ્ટાંત દેવ !
ગભરાઇ તેથી હૃદે લખ્યો પત્ર તતખેવ ૩૩
ગાંડાબુવાને મેં તદા; આવ્યો જવાબ તેમ
તત્ક્ષણ મુજને એમનો, કે પત્ર સમ એમ ૩૪
અખાત્રીજ પછી નકી આવીશું સંગાત !
દુર્દૈવે પણ માહરા ઉપરીએ દુર્દાંત ૩૫
આપી રજા ન તે દિને હતું જવાનું જ્યાંય;
એક દિવસ મોડું થયું તેથી મુજને હાય !! ૩૬

આવ્યો ના હું વખતસર, માટે વેગે એહ
એકલાજ નાશિક ગયા લખ્યા પ્રમાણે તેહ. ૩૭

પ્હોંચ્યો હું બીજે દિને ભરૂચમાં તત્કાળ;
જાણ્યું ત્યાં ગાંડાબુવા ગયા એમ નિર્ધાર. ૩૮

પત્ની સહ હું શોધમાં જતાં એમની તેમ
આવી પ્હોંચ્યો જ્યાં પ્રભો પૂના માંહે એમ; ૩૯

દુર્દૈવે સ્ત્રી માહરી પડી ત્યાં જ બિમાર,
વાઇમાં એને લઇ જવી પડી તત્કાળ. ૪૦

થયું મરણ એનું તિહાં !! તેથી વાઇ માંહ્ય
દોઢ માસ રે'વું પડ્યું મારે હે ગુરુરાય ! ૪૧

દિવસ એટલા ત્યાં જતાં, ગાંડાબુવા દયાળ
નાશિકથી વાડી મહીં આવ્યા એ નિર્ધાર. ૪૨

આવી વાડીમાં તથા વેગે મેં વૃત્તાંત
કહ્યો સાદ્યંત એમને ! વદ્યા સૂણી એ શાન્તઃ- ૪૩

હશે એહવી દેવની ઇચ્છા; કરીએ કેમ ?
તોએ ઔદુંબર વિષે બે ત્રણ દિવસે તેમ ૪૪

જાશું સાથે આપણે ! ત્યાં લગ વાડી માંહ્ય
રહી દત્તસેવા કરો એકભાવથી આંહ્ય !! ૪૫

ત્યાં તો અન્ય દિને જ ત્યાં આવ્યો કાગળ દેવ
વડોદરાથી મિત્રનો; કે શિંદે તતખેવ ૪૬

આવો વડોદરે તમે; કારણ ઉપરી તેહ
ઓછી કરવાનો જગા છે તમ નિઃસંદેહ. ૪૭

કાગળ એવો જોઇને, વૃત્ત એહ તત્કાળ
ગાંડાબુવા કને જઇ કર્યું નિવેદન સાર. ૪૮

'ઇચ્છા પ્રમાણ આપની' એટલું જ વચન
વદ્યા એહ ! તે સાંભળી વડોદરે તત્ક્ષણ ૪૯

ગયો દેવ હું વાડીથી; ગમી વાત ના તેમ
દત્તપ્રભુને, તે થકી રુપિયા પચાસ એમ ૫૦

કરી દંડ મારો તદા ઉપરીએ તત્કાળ,
નાલાયક આ કામને એવો ત્યાં નિર્ધાર ૫૧

મારી શેરો નોકરી લઇ લીધી હા હન્ત;
મિત્રો પણ મારા થયા વિરુદ્ધ એ અત્યન્ત ! ૫૨

જોઇ દુઃસ્થિતિ એહવી થયો મને નિશ્ચયઃ-
આજ્ઞા મેં ગાંડાબુવાની બે વાર સદય ૫૩

કરી ભંગ, તેથી થઇ દત્તદેવની એમ
અવકૃપા મુજ પર નકી ! કર્યું મેં પછી કેમ ? ૫૪

કૃપા દેવની એ ફરી કરવા સંપાદન,
ગુરુચરિત્રસપ્તાહનો બોલાવી બ્રાહ્મણ ૫૫

કર્યો પ્રારંભ મેં પ્રભો ! થતાં એક એ પૂર્ણ,
આરંભ્યો બીજો ફરી; ત્યાં તો બ્રાહ્મણ તૂર્ણ ૫૬

બેસાડ્યો'તો જે તદા સપ્તાહાર્થે ત્યાંય;
સૂજી કંઠ તેનો, થઇ વાચા બંધ જ હાય ! ૫૭

થતાં વ્યથા દ્વિજને તથા, રહી સપ્તાહ તેહ;
તેજ સમે ગાંડાબુવા વડોદરામાં એહ ૫૮

આવ્યા ઓચિંતા વિભો ! જઇ તેમની પાસ
વાત સર્વ આ તેમને કહી નમી મેં ખાસ, ૫૯

કહ્યું એમણેઃ-શું જાુએ ? જા પવની તત્કાળ
નકી તારશે એ તને ગુરુમૂર્તિ નિર્ધાર. ૬૦

આજ્ઞા સમ હું એમની આવું પવની તેમ,
ત્યાં તો મરડો આ થયો મને ભયંકર એમ. ૬૧

લાગુ સંગ્રહણી થયો તેમાંથીજ દયાળ;
આવ્યો દેવાજ્ઞા થકી શરણે હું નિર્ધાર. ૬૨

માટે કૃપાંબુધે ગુરો ! શરણાગતને એમ
તારી પતિતને, [1]બ્રીદને સંભાળો નિજ તેમ. ૬૩

સૂણી પ્રાર્થના એહની, બોલે દીનદયાળ
ગાંડાને કેઃ-શું અરે શિંદેને આ બાળ ૬૪

કહ્યું હતું તેં વદ સુધી ! બોલે ગાંડો તેમઃ-
પત્ર એમનો આવતાં, ઉત્તર મેં સપ્રેમ ૬૫

અન્ય દિને જ એમને આપ્યો'તો ગુરુરાય;
અખાત્રીજ પછી નકી અમુક દિને હું ત્યાંય ૬૬

આવીશ તમ સાથે તથા; લખ્યા પ્રમાણે તેમ
તેજ દિને હું નીકળી આવ્યો નાશિક એમ. ૬૭

વળતી આવી વાડીમાં, દત્તપાદુકા પાસ
[2]સ્ત્રીધર્મનિરૂપણ તિહાં સંભળાવ્યું મેં ખાસ, ૬૮

ત્યાંથી ઔદુંબરસ્થળે કરવા ગમન વિચાર
કરતો'તો ત્યાં આ પધાર્યા વાડી નિર્ધાર. ૬૯

કહ્યું એમને મેં તદાઃ-બે ત્રણ દિવસે ત્યાંય
જાશું ઔદુંબર નકી, રહો તમે પણ આંહ્ય. ૭૦

તોએ વડોદરા થકી આવ્યો કાગળ તેમ;
જોઇ એહ ત્યાંથી ગયા, કહી મને એ એમ, ૭૧

સુણી વચન એ શ્રી વદેઃ-ગાંડા ! ત્રણ ત્રણ વાર
થયો દૃષ્ટાંત દેવનો શિંદેને નિર્ધાર. ૭૨

---

૧. પ્રતિજ્ઞાને. ૨. પૂજ્ય શ્રી ગાંડામહારાજપ્રણીત ગ્રંથવિશેષ.

તોએ વચન ન એમણે માન્યું તારૂં ત્યાંય,
થઇ અવકૃપા દેવની માટે એ પર આંહ્ય, ૭૩

પ્રાપ્ત દુઃસ્થિતિ આ થઇ જાણ એમને ખાસ !
માટે કે'તું એમનેઃ-જઇ પાદુકા પાસ, ૭૪

માફી કૃતાપરાધની માગી સત્વર તેમ,
મહારુદ્ર અભિષેકથી કરાવીશ હું એમ ૭૫

પાદુકા પર દેવ હે ! બાધા એવી રાખ;
ટળી સંકટો એ થકી થઇશ સુખી તું દ્રાક્ !! ૭૬

કહી એમ કે' તુંજ ઓસડ કાંઇ પણ તેમ,
જશે રોગ એથી નકી જાણ એમનો એમ. ૭૭

આજ્ઞા ગુરુમૂર્તિ તણી થતાં તત્ક્ષણે એહ
ગાંડાએ એવીજ રીતે શિંદેને તેહ ૭૮

કહી, કહ્યું કે છાશમાં નિત્ય ભાતની સાથ
ઘસી મૂળિયું ચાર માસા ચિત્રાનું તાત, ૭૯

કર સેવન તું નિયમથી ભોજન સમયે એહ;
જશે રોગ તારો તથા, મા કર ઉર સંદેહ. ૮૦

સુણી વચન સુધાર્દ્ર એ, કરી દંડવત્ ત્યાંય
ગુરુમૂર્તિને ભાવથી શિંદે એ નતકાય; ૮૧

જઇ પાદુકાસંનિધે માગી ક્ષમા સુજાણ,
મહારુદ્ર કરવા તણી રાખે બાધા જાણ. ૮૨

ઓસડ જે ગાંડાબુવાએ બતાવ્યું તેહ
સેવન કરવા પ્રીતથી લાગ્યો તત્ક્ષણ એહ. ૮૩

તેથી થોડા દિન મહીં ગયો એહનો રોગ;
થઇ દેહ સુદઢ ફરી ટળ્યો મૃત્યુનો યોગ; ૮૪

મળી પૂર્વવત્ નોકરી તેથી તત્ક્ષણ જાણ;
થયો સુખી એ સર્વથા શિંદે ભક્ત સુજાણ !! ૮૫

શરણાગતને વજ્રપંજર સમ શ્રીગુરુ એમ;
રક્ષે સંકટથી સદા, ટાળી ભીતિ તેમ. ૮૬

શ્રદ્ધા ચાહે સો કરે, ના એમાં સંદેહ;
શ્રદ્ધા વિણ સઘળું વૃથા જાણ નિશ્ચયે તેહ. ૮૭

હતા વાડીમાં શ્રીગુરુ ત્યારે અગણ્ય એમ,
થતાં કૌતુકો નિત નવાં ! લહે સર્વ કો તેમ ? ૮૮

પાર ન ગુરુલીલા તણો આવે સ્વપ્ને જાણ;
સાગરમાં બિંદુ યથા, કહું અલ્પ આ માન ! ૮૯

સૂણી વચન વદે ફરી શિષ્ય નિરંજન ત્યાંય;
આગળ અનુસંધાન એ, સૂણ્યે **રંગ**ભય જાય !! ૯૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે શિંદેરોગહરણં નામ એકચત્વારિંશદધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૪૧ ॥ દોહરા ૯૦

## અધ્યાય ૧૪૨

વદે નિરંજન [૧]બદ્ધકરઃ- હતા વાડીમાં એમ
શ્રીગુરુ, ત્યારે શી થઇ લીલા આગળ તેમ ? ૧

સૂણવા છતાંય આટલું, ચિત્ત હજી ન ધરાય;
સ્વારથ માટે આપને આપું છું શ્રમ આંહ્ય ! ૨

હું ચાતક પ્યાસો અતિ; તમ વિણ મેઘ ન અન્ય,
પ્યાસ છિપાવે એહ જે ! કરો કૃપા ગુરુ ધન્ય !! ૩

એમ કહી ચરણે નમે પુનઃ પુનઃ ત્યાં એહ;
જોઇ વિશુદ્ધ ભાવ એ, બોલે તત્ક્ષણ તેહ ૪

અલખ યોગિવરઃ-શિષ્ય હે ! સાંભળ આપી ધ્યાન;
સાતારા જિલ્લા મહીં કોરેગાંવ મહાન. ૫

હતો તિહાં શંકર કરી વિપ્ર એક શ્રીમંત,
બોકે ઉપનામે તદા શ્રદ્ધાળુ અત્યંત. ૬

ગોદાવરી નામે હતી કન્યા તેને એક;
જન્મતાંજ એને નહીં યોનિ શિશ્ન વા દેખ. ૭

ચિહ્ન સ્પષ્ટ ગુહ્યેન્દ્રિયે ! માત્ર તે સ્થળે જાણ
છિદ્ર એક ન્હાનું અતિ હતું નિશ્ચયે માન, ૮

મૂત્રોત્સર્ગ થઇ શકે એટલું જ એ તેમ !!
એવી નપુંસક કન્યકા એટલીજ ત્યાં એમ ૯

હતી વિપ્રને એક એ; તેથી સ્ત્રીસહ એહ
પુત્રપ્રાપ્ત્યર્થે કરે સેવા ગુરુની તેહ. ૧૦

કન્યા એ ગોદાવરી થાતાં મોટી જાણ,
સુત કે કન્યા એહવો કરવા નિર્ણય માન ૧૧

દાક્તરદ્વારા એહની કરતાં પૂર્ણ તપાસ,
કન્યકાજ એ નિશ્ચયે ઠર્યું એહવું ખાસ. ૧૨

તેથી શંકર વિપ્ર એ પૂનામાં તત્કાળ
પરણાવી દે એહને ! ચૌદ વરસ નિર્ધાર ૧૩

થતાં સુતાને એ તદા લાગે મનમાં એમઃ-
કે હું પુરુષ છું નકી, ના નારી કદિ તેમ !! ૧૪

૧. હાથ જોડીને

માતપિતાને એહણે તત્ક્ષણ એવું ત્યાંય
કહી દીધું કે કન્યકા માની મુજને આંહ્ય, ૧૫

નાહક ગૃહકાર્યે તથા વળગાડીને એમ,
પરણાવી નર સાથ પણ ના હું કન્યા તેમ. ૧૬

નિઃસંશય હું પુરુષ છું; માટે જઈશ ન ત્યાંય
પ્રાણાંતે પણ સાસરે ! એમ કે'વા છતાંય, ૧૭

વાત તરફ માબાપ ના આપે એના ધ્યાન;
જતાં દિવસ કંઇ એમ ત્યાં, ગોદાવરી એ માન ૧૮

થાતાં પંદર વરસની, મનમાં કાંઇ વિચાર
થતાં ઉત્પન્ન તત્ક્ષણે છોડી ઘર તત્કાળ, ૧૯

કહ્યા વિના પણ કોઇને એકલી જ દિન એક
આવી મીરજ ગામમાં કરે શું તદા દેખ ! ૨૦

મોટા દાક્તરની કને જઇ વિનયથી તેમ
કહેઃ-પુરુષ હું સ્ત્રી નહીં, લાગે મુજને એમ. ૨૧

માટે શસ્ત્રક્રિયા થકી કરશો આપ તપાસ ?
કરો કૃપા જો આટલી માગીશ ઇશ્વર પાસ ૨૨

દીર્ઘાયુષ હું આપનું ! વાણી નિખાલસ એહ
સુણી વદે દાક્તર તિહાં ગોદાવરીને તેહઃ- ૨૩

માતપિતા વા અન્ય કો છે તુજ વા ના તેમ,
આવી એકલી તું અહીં પ્રાર્થે મુજને એમ ૨૪

કરવા શસ્ત્રપ્રયોગ આ ? યદા કદાચિત્ આંહ્ય
મરણ થાય જો તાહરૂં, જવાબદાર કો ત્યાંય ? ૨૫

બોલે એ ગોદાવરીઃ- માતપિતા વા અન્ય
સગું માહરૂં ના અહીં; હું અનાથ અધન્ય ! ૨૬

શસ્ત્રક્રિયામાં જો મને આવે મોત પ્રમાણ,
ભણેલી ગણેલી હું નકી છું સાહેબ સુજાણ; ૨૭

સહી સાથ પોતા તણી આપું લખી કરાર,
કે આ શસ્ત્રક્રિયા મહીં મને મોત નિર્ધાર ૨૮

આવે તો એની બધી જવાબદારી આંહ્ય
છે મારે શિર નિશ્ચયે !! સુણી વચન એ ત્યાંય, ૨૯

થઇ તુષ્ટ દાક્તર તદા લઇ લખાવી તેમ,
શસ્ત્રપ્રયોગ કરે મુદા ગુહ્યેન્દ્રિય પર એમ. ૩૦

જાણ્યું ત્યારે દાક્તરે કે તત્સ્થાને માંહ્ય,
હતું પુરુષ સમ એહને શિશ્ન નિશ્ચયે ત્યાંય, ૩૧

છેદી [1]ચર્માવરણ ત્યાં ઉપરનું તત્કાળ
અતિ [2]નિપુણત્વે શસ્ત્રથી ગુહ્યેન્દ્રિય નિર્ધાર ૩૨

કરી ખુલ્લું એણે પછી, ઇંદ્રિયનું એ જાણ
મૂત્રાદ્વાર સુબદ્ધ[3] જે હતું તેહમાં માન ૩૩

ઘાલી નલિકા સૂક્ષ્મ એ કરે મુક્ત નિર્ધાર;
છિદ્ર પ્રથમનું તે પછી કરે બંધ તત્કાળ. ૩૪

નૂતન ગુહ્યેન્દ્રિય તથા થાતાં સુમુક્ત એહ;
શનૈઃ શનૈઃ એ છિદ્રથી છૂટે તત્ક્ષણ [4]મેહ ! ૩૫

થઇ શસ્ત્રક્રિયા યદા એમ યશસ્વી પૂર્ણ,
પુરુષેન્દ્રિયમાં એ તદા આવી ચેતના તૂર્ણ !! ૩૬

ગોદાવરી એ તે પછી નામ ગામ યથાર્થ
કહી માતપિતા તણું દાક્તરને સાક્ષાત્, ૩૭

કહેઃ-ગામમાં આ અહીં શાળામાંહે એક
શિક્ષક છે જે તાતનો પરમ મિત્ર મુજ દેખ. ૩૮

સૂણી વચન એનાં તદા, વેગે દાક્તર એહ
બોલાવે નિજ બંગલે અધ્યાપકને તેહ. ૩૯

આવતાં જ એ જોઇને ગોદાવરીને ત્યાંય,
કહેઃ-એહના બાપને ઓળખું છું હું આંહ્ય. ૪૦

વદી એમ શિક્ષક તદા કરે એહને તાર;
પ્હોંચતાં જ એ વેગથી આવ્યો ત્યાં નિર્ધાર. ૪૧

શંકરદ્વિજને એ હતી કન્યા એકજ એક
ગોદાવરી આ નિશ્ચયે, અન્ય [5]અપત્ય ન દેખ. ૪૨

થયો પુત્ર તેનો તથા એકાએક સુજાણ !
તે પણ પંદર વરસનો !! જોઇ એમ એ જાણ, ૪૩

ઘેલો ઘેલો હર્ષથી થઇ ગયો બ્રાહ્મણ !!
છિન્ન અંગ [6]અવ્યંગ એ ગોદૂબાઇનાં પૂર્ણ ૪૪

થતાં રજા દાક્તર તણી લઇ એહ તત્કાળ
શંકરદ્વિજ ગુરુદર્શને આવ્યો એ નિર્ધાર. ૪૫

નારીની નર એ થઇ ગોદૂબાઇ જેહ,
નામ ગોવિંદ તેહનું પાડ્યું'તું સસ્નેહ. ૪૬

હતો ગોવિંદ સાથ એ શંકરદ્વિજની ત્યાંય;
આવી બંને ગુરુપદે કરે નમન નતકાય. ૪૭

કરી સ્તવન સદ્ભાવથી, સકળ વૃત્તાંત તેહ
શંકરવિપ્રે ગુરુપદે કર્યો નિવેદન એહ. ૪૮

સૂણી સર્વ આશ્ચર્યથી કરે તિહાં જયકાર
ગુરુમૂર્તિના નામનો ! ગાંડો એ નિર્ધાર ૪૯

જોઇ એ ગોવિંદને વદેઃ-દયાબ્ધે આંહ્ય
થયા સંસ્કાર ન એહને કોઇ પણ ગુરુરાય ! ૫૦

૧. ચામડીનું પડ, ૨. કુશળતાથી ૩. બંધ થઇ ગયેલું. ૪. મૂત્ર. ૫. સંતાન. ૬. ખોડરહિત; સુંદર.

કરવું શી રીતે અહીં ? બોલે ગુરુવર તેમઃ-
પંદર વરસ ન એહને થયાં પૂર્ણ હજી એમ. ૫૧

પ્રાયશ્ચિત ન એહને માટે નિશ્ચય આંહ્ય;
જાતકર્મ ને નામકર્મ તેમ ચૌલ પણ ત્યાંય ૫૨

કરી, ઉપનયન યથાવિધિ કરવું તદનંતર !
ગુર્વાજ્ઞા સમ સર્વ એ શંકરદ્વિજ સત્વર ૫૩

કરે યથાવિધિ હર્ષથી; હતો એહ શ્રીમાન,
માટે વ્રતબંધન થતાં ગોવિંદનું એ જાણ ૫૪

થયું લગ્ન પણ તત્ક્ષણે ! ગોદૂનો ગોવિંદ
થયો એમ એ ગુરુકૃપાથી હે શિષ્યમિલિંદ[1] ! ૫૫

એવી લીલા શ્રીહરિ કરે ભક્તને માટ;
થઇ કીર્તિ ચોદિશ બધે, શ્રીગુરુ હરિ સાક્ષાત્. ૫૬

હતા એમ એ વાડીમાં, ત્યારે ભક્ત સપ્રીત્ય
સૂતાં એ શયનારતી કરે એમની નિત્ય. ૫૭

સમારાધના થાય ને મચે ભજનનો રંગ;
નિત્ય નવાં કૌતુક બને, તોએ એ નિઃસંગ ! ૫૮

વાડી માંહે તે સમે ચાલ્યો રોગ મહાન
[2]મા'મારીનો શિષ્ય હે ! વળે અતિશે ઘાણ. ૫૯

પ્રાર્થે પૂજારીઓ તદા આવી શ્રીગુરુ પાસ;
આજ્ઞા સમ શ્રીની કરે પાદુકા પર ખાસ ૬૦

અભિષેકે અતિરુદ્ર જ્યાં, શાન્ત ઉપદ્રવ એહ
થઇ એકદમ સર્વજન થયા સુખી ત્યાં તેહ !! ૬૧

મધ્વસંપ્રદાયી તદા આવ્યો'તો દ્વિજ એક
વાડીમાં યાત્રામિષે[3], જેહ ધર્માંધ છેક. ૬૨

વદે તીર્થપુરોહિતોને એ ત્યારે ત્યાંયઃ-
સંપ્રદાયના માહરા મળે વિપ્ર જો આંહ્ય. ૬૩

તોજ શ્રાદ્ધ કરવું અહીં છે મારે નિર્ધાર;
નહિ તો શ્રાદ્ધ ન હું કરૂં ! સુણી એહ તત્કાળ ૬૪

પૂજારીઓ એને વદેઃ-જે ક્ષેત્રે જે વિપ્ર
મળે તેમનાથી તહીં કરવું શ્રાદ્ધ ક્ષિપ્ર, ૬૫

એજ સિદ્ધાંત શાસ્ત્રનો ! કરે દુરાગ્રહ કેમ ?
તોએ એને વાત એ ગમી ન કિંચિત્ તેમ. ૬૬

કર્યું શ્રાદ્ધ એણે નહીં તેથી ત્યારે ત્યાંય;
તેથી અવકૃપા દેવની તદા એહ પર થાય. ૬૭

રાતે વીંછીં એહને કરડ્યો દારુણ એક;
આપાદમસ્તક[4] બધે થાય વેદના દેખ. ૬૮

તરફડિયાં મારે તથા, પડે ચેન ના તેમ;
આણ્યો એને તે સમે શ્રીગુરુ પાસે એમ. ૬૯

જોતાંવેંતજ એહને બોલે દીનદયાળઃ-
થઇ અવકૃપા દેવની આના પર નિર્ધાર. ૭૦

કર્યો ગુન્હો શો દેવનો ? તદા શ્રાદ્ધની વાત
કથે સર્વ એ ગુરુપદે, જોડી બંને હાથ. ૭૧

સૂણી એહ શ્રીગુરુ વદેઃ- માગી દેવની પાસ
માફી કૃતાપરાધની, શિવ શિવ એવો ખાસ ૭૨

મંત્રાજાપ કર પ્રેમથી, થશે ઝેર નાબૂત;
તેમજ શ્રાદ્ધ સ્હવારમાં કરજે દ્વિજ હે તૂર્ત. ૭૩

અસહ્ય પીડા વીંછીની થતી હતી ત્યાં જાણ;
તેથી દ્વિજ ગભરાઇને શિવ શિવ એવો માન ૭૪

નામોચ્ચાર કરે તદા થોડો વખતજ એહ;
ઝેર વીંછીનું તત્ક્ષણે સર્વ ઊતર્યું તેહ ! ૭૫

જોઇ કૌતુક એ થયો વિસ્મિત અતિશે એમ;
જોડી કરદ્વય ભાવથી વંદે ગુરુપદ તેમ. ૭૬

કરે શ્રાદ્ધ બીજે દિને, બેસાડી દ્વિજ જાણ
વાડીના જ બધા તિહાં, ત્યજી સર્વ અભિમાન. ૭૭

એવી લીલા ગુરુ તણી કેવળ જાણ અપાર;
શિવનામે વિષ દ્વૈતનું હર્યું એમ નિર્ધાર ! ૭૮

દત્તાજ્ઞાથી તત્ક્ષણે છોડી વાડી એહ,
શૃંગેરીમઠમાં જવા ગાંડા સહ સસ્નેહ ૭૯

સ્વેચ્છાએ ફરતા તથા ગુર્લાહસોર ગામ
આવ્યા થોડા દિન મહીં દીનદયાળુ આમ. ૮૦

વાડીમાંથી દ્વિજમંડળી દર્શન માટે ત્યાંય
આવી'તી ગુરુમૂર્તિના; કરી નમન નતકાય ૮૧

પ્રાર્થે એ ગુરુચરણમાં સદ્ભાવે ત્યાં એમઃ-
દીન અનાથ અમે પ્રભો, આવ્યા શરણે તેમ. ૮૨

થાય સર્વ રોગાદિનો જેથી સત્વર નાશ,
એવું જપતપ કાંઇએ કહો અમોને ખાસ. ૮૩

સૂણી પ્રાર્થના એહવી ભક્તકલ્પદ્રુમ એહ,
શાંતિસ્તોત્ર આ આપીને વદે તિહાં સસ્નેહઃ- ૮૪

શુચિર્ભૂત થઇ એહનો કરતાં પાઠ ત્રિકાલ
રાખી શ્રદ્ધા અંતરે, રોગાદિક નિર્ધાર ૮૫

કરશે પીડા ના કદિ માનો નિઃસંદેહ,
પવિત્રતાથી સર્વદા જપો ભક્તજન તેહ. ૮૬

૧. ભ્રમર. ૨. કોલેરા ૩. જાત્રાને કારણે; બ્હાને. ૪. પગથી માથા સુધી.

## શાન્તિસ્તોત્રમ્।

ભૂતપ્રેતપિશાચાદ્યા યસ્ય સ્મરણમાત્રતઃ ।
દૂરાદેવ પલાયન્તે દત્તાત્રેયં નમામિ તમ્ ॥ ૧ ॥

યન્નામસ્મરણાદ્દૈન્યં પાપં તાપં ચ નશ્યતિ ।
ભીતિગ્રહાર્તિદુઃસ્વપ્નં દત્તાત્રેયં નમામિ તમ્ ॥ ૨ ॥

દદ્રુસ્ફોટકકુષ્ઠાદિ મહામારી વિષૂચિકા ।
નશ્યન્ત્યન્યેઽપિ રોગાશ્ચ દત્તાત્રેયં નમામિ તમ્ ॥ ૩ ॥

સંગજા દેશકાલોત્થા અપિ સાંક્રમિકા ગદાઃ ।
શામ્યન્તિ યત્સ્મરણતો દત્તાત્રેયં નમામિ તમ્ ॥ ૪ ॥

સર્પવૃશ્ચિકદષ્ટ્રઢનાં વિષાર્તાનાં શરીરિણામ્ ।
યન્નામ શાન્તિદં શીઘ્રં દત્તાત્રેયં નમામિ તમ્ ॥ ૫ ॥

ત્રિવિધોત્પાતશમનં વિવિધારિષ્ટનાશનમ્ ।
યન્નામ ક્રૂરભીતિઘ્નં દત્તાત્રેયં નમામિ તમ્ ॥ ૬ ॥

વૈર્યાદિકૃતમંત્રાદિપ્રયોગા યસ્ય કીર્તનાત્ ।
નશ્યન્તિ દેવબાધાશ્ચ દત્તાત્રેયં નમામિ તમ્ ॥ ૭ ॥

યચ્છિષ્યસ્મરણાત્સદ્યો ગતં નષ્ટાદિ લભ્યતે ।
ય ઈશઃ સર્વતસ્ત્રાતા દત્તાત્રેયં નમામિ તમ્ ॥ ૮ ॥

જયલાભયશઃકામદાતુર્દત્તસ્ય યઃ સ્તવમ્ ભોગમોક્ષપ્રદસ્યેમં પઠેદ્દત્તપ્રિયો ભવેત્ ॥ ૯ ॥

લઇ પાઠ એ સ્તોત્રનો, નમી ગુરુપદે તેમ
જઇ સર્વ વાડી મહીં, પઢે નિત્ય એ એમ. ૮૭

ત્યાંથી તુંગભદ્રાતટે હાવનૂરમાં જાણ
આવી ચોમાસુ કરે ગુરુમૂર્તિ એ માન. ૮૮

શાળાનો શિક્ષક તિહાં હતો સુભાવિક એક,
ફાટક જેની અટક ને નામ વિનાયક દેખ. ૮૯

ગલત્કુષ્ઠ તેને હતો; તેથી શ્રીગુરુ પાસ
આવી પ્રાર્થે રોગ એ મટાડવાને ખાસ. ૯૦

શુદ્ધ ભાવ એનો તદા જોઇ શ્રીગુરુરાય,
અનુષ્ઠાન એને કહી નિમિત્ત-ઔષધ ત્યાંય ૯૧

દેખાડી એને કૃપાકટાક્ષથી તત્કાળ
કર્યો નીરોગ સર્વથા દયાઘને નિર્ધાર ! ૯૨

મધ્વસંપ્રદાયી તિહાં વૈષ્ણવ બાઇ એક
હતી દુઃખપીડિત અતિ અગમ્ય રોગે છેક. ૯૩

કેટલાંક વરસો થયાં છોડી શયનસ્થાન,
ઊઠી પણ શકતી નહીં એવી ક્ષીણ એ જાણ ૯૪

થઇ હતી કો રોગથી; રોગ જણાય ન ખાસ;
નાંખી એને ડોળીમાં આણી શ્રીગુરુ પાસ ૯૫

આપ્તજનોએ એહના ! જોઇ એને ત્યાંય
મંત્રીને જળ છાંટતાં તત્ક્ષણ શ્રીગુરુરાય, ૯૬

પિશાચ એના દેહમાં પેસી નિજ વૃત્તાન્ત
કથી સકળ શ્રીગુરુપદે કહેઃ-હે ગુરો શાન્ત ! ૯૭

દર્શન મુજને આપનું થયું ધન્ય આ ક્ષણ;
છોડી આને જાઉં છું ! કરો કૃપા ચિદ્દ્ઘન ! ૯૮

એ રીતે બોલી તિહાં, ગયું એહ તત્કાળ;
થઇ નીરોગ એકદમ પેલી સ્ત્રી નિર્ધાર. ૯૯

ગઇ ચાલતી નિજ પગે ઘેર તત્ક્ષણે તેમ,
કરી શ્રીગુરુચરણમાં વંદન ત્યાં સપ્રેમ !! ૧૦૦

ચમત્કાર એવા કંઇ હાવનૂરમાં એહ
થયા શિષ્ય હે ! કો લહે સર્વ સવિસ્તર તેહ ? ૧૦૧

હાવનૂરના વૈષ્ણવો ગુરુમૂર્તિને તેમ,
માની ઈશ સ્વયં, થયા આજ્ઞાધારક એમ. ૧૦૨

ચોમાસું પૂરૂં થતાં, ત્યાંથી ભક્તકૃપાળ
હરિહરક્ષેત્રે આવીને તદનંતર નિર્ધાર ૧૦૩

શૃંગેરીસુક્ષેત્રમાં તુંગભદ્રાને તીર
આવ્યા શૃંગીઋષિ તણા આશ્રમમાં એ ધીર. ૧૦૪

શૃંગીઋષિની મૂર્તિનાં દર્શન કરી સપ્રેમ,
આવી શંકરાચાર્યના રહ્યા મઠ મહીં તેમ. ૧૦૫

એની લીલા કો લહે સ્વયં દત્ત જે આમ ?
લોકોદ્ધારાર્થે ફરે, બાકી સ્વયં નિષ્કામ ! ૧૦૬

સ્વયં આચરી લોકને દે શિક્ષણ સપ્રેમ;
આવી મઠમાં શું કરે ? આગળ વર્ણન તેમ !! ૧૦૭

ભક્તિસુધારસ એ પીએ હોય દેવાંશી જેહ;
**રંગ** અભાગી શું લહે વિષયકીટકો તેહ ? ૧૦૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે
શ્રદ્ધાફલવર્ણનં નામ દ્વિચત્વારિંશદધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૪૨ ॥ દોહરા ૧૦૮. સ્તોત્ર ૧.

## અધ્યાય ૧૪૩

અલખ કહેઃ- સૂણ શિષ્ય હે ! આચાર્યમઠે એમ
આવી શ્રીગુરુ, આદ્ય શંકરાચાર્ય જે તેમ ૧

કરે પ્રાર્થના તેમની સ્તોત્રરૂપ સાદર;
પઢતાં ભાવે જે હરે ભક્તમોહ સત્વર. ૨

## સ્તોત્ર

શ્રીમદ્‌ભગવત્પૂજ્યપદેશ્વર વૈદિકમાર્ગસ્થાપક - શંકર ।
શિવાવતાર-શ્રીમચ્છંકર કિંકરદરહર ત્રાહિ યતીશ્વર ॥ ૧ ॥

શિવગુરુસદ્‌ગૃહાવતીર્ણ મોહાન્તક જનશિક્ષક તારક દાન્ત ।
ખંડિતપંડિતસંહતિમંડિત મંડનપંડિતદુર્મતશાન્ત ॥ ૨ ॥

વિજિતાસંગતશાસ્ત્રાસંમતસૌગતબૌદ્ધાદિકરાદ્ધાંત ।
પ્રસ્થાનત્રયભાષ્યકૃદદ્વયમતસંસ્થાપક દઢસિદ્ધાંત ॥ ૩ ॥

વૃષભૂકમઠાન્યો દિક્ષુ મઠાન્ કૃત્વા ચતુરસ્તત્ર ચતુરઃ ।
સુરેશ્વરાચાર્યપ્રમુખાગ્ચચતુરાન્નયોજયદ્યો શિષ્યાંશ્ચતુરઃ ॥ ૪ ॥

શ્રીમત્પરમહંસપરિવ્રાજક શ્રીમચ્છંકરાચાર્યમશોકમ્ ।
વાસુદેવયતિર્ભક્ત્યા નમતિ સ્તુત્વા યથામતિ પાવિતલોકમ્ ॥ ૫ ॥

કરી પ્રાર્થના એહવી, વંદન કરીને ત્યાંય
રહ્યા મઠે ગુરુવર તદા ! ત્યાંથી એ યતિરાય ૩

અરણ્યમાર્ગે વિચરતા, બનવાસી સ્થળ જેહ
આવ્યા કંઈક દિને તિહાં; ત્યાંથી આગળ તેહ ૪

પશ્ચિમ સાગરતટ વિષે મહાબળેશ્વરધામ
આત્મલિંગ ગોકર્ણ જ્યાં, આવ્યા ત્યાં સુખધામ. ૫

વંદન કરી સદ્‌ભાવથી આત્મલિંગને તેહ,
ત્યાંથી કૃષ્ણાતટ વિષે ગાલવક્ષેત્રે એહ ૬

આવી સ્વેચ્છાએ રહ્યા ! ત્યાંના બ્રાહ્મણજન
આત્મશ્રેયાર્થે તદા ગુર્વાજ્ઞાથી તૂર્ણ. ૭

વેદસંહિતા રુદ્ર ને પવમાનાદિકે તેમ
સ્વાહાકાર કરી કૃપા પામે ગુરુની એમ. ૮

આ જ સ્થળે ગાંડાબુવાને આજ્ઞા ગુરુરાય
કરે, કે અરે માતને તારી પુત્ર ન થાય; ૯

તેથી વ્રત શિવરાત્રીનું કર્યું એહણે જાણ;
વ્રતપ્રભાવે તાહરો થયો જન્મ તું માન. ૧૦

તેથી વૃત્તિ તાહરી થઈ સત્ત્વગુણી એમ;
જે કાંઈ તુજને મળ્યું વ્રત થકી જ તેમ. ૧૧

ઉદ્યાપન એ વ્રત તણું કર્યું ન માએ જાણ;
માટે તું એ વ્રત તણો ઋણી નિશ્ચયે માન. ૧૨

તેથી વ્રતનું એ કરી ઉદ્યાપન તત્કાળ,
થા છૂટો એ ઋણ થકી ગાંડા તું નિર્ધાર. ૧૩

આપી મુક્તિ નિજ માતને એ રીતે તત્ક્ષણ,
સાધ આત્મકલ્યાણ તું ! સૂણી ગાંડો વંદન ૧૪

કરી ગુરુપદે ભાવથી, ગુર્વાજ્ઞાથી એમ
માધકૃષ્ણ બારસ અને તેરશને દિન તેમ, ૧૫

યથાવિધિ ઋગ્વેદ ને યજુર્વેદના જાણ
લઘુરુદ્રદ્વયના કરી સ્વાહાકાર પ્રમાણ, ૧૬

મહાશિવરાત્રીને દિને કરી વ્રતોદ્યાપન,
અન્ય દિને આનંદથી તેમજ દ્વિજભોજન ૧૭

કરી પૂર્ણ ઉત્સાહથી થયો માતૃઋણમુક્ત !
એમ ગુરુવરે શિષ્યને કર્યો જાણ નિજ મુક્ત !! ૧૮

ગાલવક્ષેત્ર ત્યજી પછી, આવી ગાંડા સાથ
જૈનાપૂર કૃષ્ણાતટે રહ્યા એહ સાક્ષાત્. ૧૯

એજ ગામમાં વાણિયો હતો લિંગાયત એક;
તેની સ્ત્રી [1]પ્રતિપક્ષમાં ચતુર્દશીથી દેખ ૨૦

ત્રણ દિવસ પડવા સુધી રહે નિત્ય બેભાન !
કર્યા ઉપાય લિંગાયતે અનેક એ તું જાણ ૨૧

તોએ ફેર પડે નહીં !! તેથી શ્રીગુરુ પાસ
આણી એને વાણીયે જોઈ એને ખાસ, ૨૨

પ્રદક્ષિણા શ્રીદત્તની કરવા કે’ ગુરુરાય;
આજ્ઞા સમ એ દત્તની પરિક્રમા નિત ત્યાંય ૨૩

કરે પરમ સદ્‌ભાવથી; જતાં કંઈક દિન એમ,
થઈ મુક્ત પીડા થકી બાઈ એ ત્યાં તેમ ! ૨૪

ત્યાંથી ગાંડા સહ તદા આવ્યા શ્રીગુરુ તેહ
છાયાભગવતી સ્થાનમાં કૃષ્ણાતીરે એહ. ૨૫

અરણ્ય કેવળ એ સ્થળે; વૃક્ષાદિક પણ તેમ
પર્વત પર એ ના દિસે, છેક ભયાનક એમ. ૨૬

ત્રિભુવનમાં વિખ્યાત જે વિશ્વામિત્ર મહાન,
કરી તપસ્યા તેમણે આ જ સ્થળે તું જાણ ૨૭

લોહપિષ્ઠ[2] ભક્ષી તથા વર્ષ સાઠ હજાર;
પાડે બૂમો નિત્ય જ્યાં વ્યાઘ્રાદિક નિર્ધાર !! ૨૮

૧. દરેક પખવાડીયે. ૨. લોઢાનો ભૂકો.

મનુષ્ય કોઈ ના દિસે અખાત્રીજ વિણ એક;
માત્ર અખાત્રીજે તિહાં યાત્રા ભરાય દેખ. ૨૯

તે દિવસે ગાયત્રીની પાદુકાનું પૂજન.
થાય તે સ્થળે, તે વિના ઉજ્જડ એ નિર્જન. ૩૦

યાત્રા પૂર્ણ થયા પછી આવ્યા ત્યાં ગુરુરાય;
વંદન કરી સદ્‌ભાવથી ગાયત્રીને ત્યાંય, ૩૧

ત્યાંથી કૃષ્ણાતટ વિષે કાડલૂર જે ગામ
આવ્યા પોતે ત્યાં પ્રભુ ભક્ત તણા વિશ્રામ. ૩૨

કૃષ્ણા ને ભીમા તણો સંગમ અહીં જ થાય,
એવું પવિત્ર સ્થાન એ; સ્નાને પાતક જાય. ૩૩

સપ્ત જન્મ વિપ્રત્વ નર પામે સ્નાને તેમ;
આવ્યા શ્રીગુરુ ત્યાં તદા જાણી મહિમા એમ. ૩૪

કાડલૂર ગામે તિહાં આવી ગુરુવર એહ,
થાતાં તૃષાર્ત તે સમે સ્વયં જઈને તેહ ૩૫

એક વીરવૈષ્ણવ તણા ઘેર પાસમાં જાણ,
માગે છાશ દયાનિધિ 'નારાયણ' કહી માન. ૩૬

જોઈ ભસ્મ કપાળમાં, બોલે એ બ્રાહ્મણઃ-
કોણ તું અરે ? કાં અહીં આવ્યો ? વદ તત્ક્ષણ, ૩૭

બોલે ગુરુઃ-સંન્યાસી હું ! લાગી તરસ અતિ જાણ;
માટે ઘરની બાઈના કે'વાથી તુજ માન ૩૮

છાશ માગવા બારણે આવ્યો છું નિર્ધાર !!
સૂણી વિપ્ર એ દ્વેષથી વદે દ્વૈતી તત્કાળઃ- ૩૯

છાશ તને નહિ આ સ્થળે મળે ટીપુંએ એમ;
જા નીકળ, મુખ ના ફરી દેખાડીશ એ તેમ ! ૪૦

ક્રોધવાણી એ એહની સૂણી તત્ક્ષણે જાણ,
આવ્યા હસતા શ્રીગુરુ ત્યાંથી પાછા માન !! ૪૧

કેવો દ્વિજ હતભાગી એ ? જેના દર્શન માટ
મોટા મોટા યતિવરો તપસ્વીઓ સાક્ષાત્, ૪૨

બ્રહ્મચારી વિદ્વાન ને રાજાઓ શ્રીમંત
રાતદિવસ પાછળ ફરે તોએ દુર્લભ હન્ત ૪૩

દર્શન જેનું; તે સ્વયં છાશ નજીવી તેમ
માગવાને કારણે જતાં બારણે એમ, ૪૪

કહે 'વદન દેખાડ ના' ! કેવી અધમતા એહ !
કામધેનુ અભાગીને ઘેર આવતાં તેહ ૪૫

મારી લત્તા એહને કાઢી મૂકે જેમ,
તેવું નિશ્ચય આ થયું !! ક્ષમામૂર્તિ ગુરુ એમ ૪૬

હસતા એના ભાગ્યને ચાલ્યા ત્યાંથી જાણ;
શ્રીપાદશ્રીવલ્લભદર્શન માટે માન ૪૭

આવ્યા કુરવપુરે તદા, રમ્ય જેહ નિતાન્ત;
અષ્ટ દિશાએ જેહના કૃષ્ણાવેણી પ્રશાન્ત ૪૮

વહે નિરંતર આત્મગાણું ગાતી નિર્મળ;
ત્રિભુવનમાં પણ એહવું જડે ન શોધ્યું સ્થળ ! ૪૯

આવી ગુરુવર એ તિહાં શ્રીપાદપદપદ્મ
વંદે સદ્‌ભાવે તદા ગાંડા સહ સત્તમ. ૫૦

શૂદ્રાચાર પૂજારીઓનો દેખીને જાણ
સ્થાન છોડવાનો કરે વિચાર જ્યાં શ્રી માન, ૫૧

ત્યાં તો આજ્ઞા દત્તની થઈ તત્ક્ષણે એમઃ-
રહી આ જ સ્થાને અહીં કર ચોમાસું તેમ. ૫૨

ભિક્ષા નિત્ય પૂજારીઓને ઘેરે લે આંહ્ય;
જોઈ આચાર એમનો, મા શંકા કર ત્યાંય. ૫૩

કારણ કે આચારથી દ્રવ્યશુદ્ધિ છે શ્રેષ્ઠ;
દ્રવ્યશુદ્ધિથી નિશ્ચયે મનઃશુદ્ધિ છે શ્રેષ્ઠ. ૫૪

આ ત્રણે જેમાં વસે દેવતુલ્ય તે જાણ;
માટે રે' નિઃશંક તું આ સ્થાને જ સુજાણ ૫૫

દ્રવ્યશુદ્ધિ વસે અહીં પૂજારીઓમાં એહ;
કારણકે ખેતી થકી કરે ગુજારો તેહ. ૫૬

યાત્રિક જન થોડા અહીં આવે તે જ પ્રમાણ;
દુષ્પરિગ્રહનો તથા પ્રસંગ થોડો માન. ૫૭

દત્ત વચન એ સાંભળી, રહી ત્યાંજ ગુરુરાય
ભિક્ષાર્થે પૂજારીઓને ઘેરે નિત જાય. ૫૮

ચાતુર્માસ્ય કરે તિહાં પરમાનંદે તેમ;
આવે લોકો દર્શને દૂરદૂરથી એમ. ૫૯

દત્તસ્થાન એ મૂળમાં તિહાં સ્વયં શ્રીદત્ત
આવી રે'તાં એ તથા બાકી શું રે' તર્ત ? ૬૦

થાય નિત્ય આરાધના, નિત નૂતન પકવાન્ન;
જમે હજારો બ્રાહ્મણો, મણા ન કાંઈ માન. ૬૧

થાય મહોત્સવ નિત્ય ને નિત્ય ભજનપૂજન;
લીલાનું એ વૈખરી કરે કેમ વર્ણન ? ૬૨

લાગે લૂખું સ્વર્ગ ત્યાં જોઈ એ આનંદ !
જાુએ યાન થંભાવીને લીલા એ સુરવૃંદ !! ૬૩

શરૂઆતથી આવીને રહ્યો હતો ત્યાં એહ
રાયચૂરનો શેઠીઓ, જાતે કોમટી દેખ. ૬૪

નામે તુળજારામ એ અટક પતંગે જાણ;
પિશાચબાધા સ્ત્રી અને હતી સ્નુષાને માન. ૬૫

તેથી આવીને રહ્યો હતો તત્સ્થળે તેહ,
શ્રીગુરુની સેવા મહીં પરમ ભાવથી એહ. ૬૬

દર્શનાર્થ જન જે તહીં આવે ગુરુના તેમ
યોગ્ય વ્યવસ્થા તેમની કરવા માટે એમ, ૬૭

અન્નાદિક સામગ્રી એ જઇ સ્વયં ઉત્તમ
રાયચૂરથી આણતો લઇ અત્યંત શ્રમ. ૬૮

ઠેઠ સુધી એણે કર્યું કામ એહ અવિરત;
સેવા અનન્ય ગુરુ તણી કરી જાણ તદ્વત્. ૬૯

ચોમાસું પૂરૂં થતાં, ગુરુદ્વાદશી તેમ
કરી અત્યંત ઠાઠથી જ્યારે ગુરુવર એમ ૭૦

જવા અન્યત્ર નીકળ્યા સ્થાન છોડીને એહ,
ત્યારે નમન કરી વદે દુઃખ શ્રેષ્ઠી નિજ તેહ. ૭૧

સૂણી વચન એનાં પ્રભુ વદે ન કાંઇ ત્યાંય;
જોઇ અંતરે ખિન્ન એ શ્રેષ્ઠી અતિશે થાય. ૭૨

ગાંડાબુવા કને તદા આવી વિનયે એહ
કથે સકળ વૃત્તાંત એ; સૂણી સવિસ્તર તેહ, ૭૩

સૂતા'તા જે કોથળા પર ગુરુવર એ જાણ,
આપી તે એ શેઠને બોલે એહ સુજાણઃ- ૭૪

નિત્ય ભાવથી કોથળાનું આ કર પૂજન;
પિશાચપીડા સ્ત્રીસ્નુષાને થાતાં તત્ક્ષણ, ૭૫

ધોઇ છેડો કોથળાનો એ પાણી ત્યાંય
આપ વધૂ ને પત્નીને; તેથી અલ્પ દિન માંહ્ય, ૭૬

પિશાચબાધા નિશ્ચયે થશે દૂર સંપૂર્ણ !!
સૂણી શેઠ એ એહવું કરતાં, પીડા તૂર્ણ ૭૭

થઇ દૂર પિશાચની સ્ત્રીસ્નુષાની જાણ,
સાધુસેવા ના કદિ જાય વૃથા તું માન. ૭૮

વસ્તુમાત્ર સત્પુરુષની એવી પવિત્ર આંહ્ય;
સેવનથી જેના તથા પૂર્ણ કામના થાય ! ૭૯

એવી લીલા ત્યાં કરી, ત્યાંથી દયાઘન એહ
મલપ્રભાના સંગમે આવ્યા ગુરુવર તેહ. ૮૦

થઇ આજ્ઞા ત્યાં દત્તની જાવા ગોદાતીર;
તદનુસાર એ નીકળ્યા ત્યાંથી તત્ક્ષણ ધીર. ૮૧

ત્યાગી કૃષ્ણાતટ તથા, તુળજાપુરમાં તેમ
આવી જગદંબાપદે કરે દંડવત્ એમ. ૮૨

ત્યાંથી વાંજરાનદી પર વચમાં મુકામ
કરી, પુણ્ય ગોદાતટે આવ્યા તત્ક્ષણે આમ. ૮૩

ચમત્કાર ત્યાં એહવો થયો શિષ્ય હે દેખ
કે જોગાઇમાતના સ્થાન તણો દ્વિજ એક ૮૪

વંશજ દાસોપંતનો બાપુગોસાવી નામ,
ઉત્સવ દાસોપંતનો થાતાં શરૂ ત્યાં આમ ૮૫

ગુરુમૂર્તિના દર્શને જતાં માર્ગમાં જાણ,
અન્યરૂપથી શ્રીગુરુ થઇ પ્રગટ એ માન ૮૬

મારી ધોલો એહને કહેઃ-મૂરખા એમ
ઉત્સવ દાસોપંતનો ત્યજી જાય છે કેમ ? ૮૭

દાસોપંત અને જાુએ મુજમાં ભેદ ગમાર ?
જા, દર્શન મારૂં તને નહીં થાય નિર્ધાર ! ૮૮

સુણી વચન એવાં તદા ગભરાયો એ વિપ્ર;
માગી ક્ષમા અપરાધની ગયો સ્વગામે ક્ષિપ્ર. ૮૯

દરેકને નિજ ઇષ્ટમાં પ્રેરી એમ સદાય,
પરંપરાગત ધર્મને રક્ષે શ્રીગુરુરાય ! ! ૯૦

હતા કુરવપુરક્ષેત્રમાં જ્યારે ગુરુવર એમ,
ત્યારે શિર પર એમના કાકપક્ષીએ તેમ ૯૧

બેસી પ્રહાર ચાંચનો કર્યો હતો ત્રણ વાર
તત્ફળ એવું શાસ્ત્રમાં, કે જેના નિર્ધાર ૯૨

માંસાહારી કૃષ્ણ પક્ષી મસ્તક પર તેમ
મારે ચંચૂ તે નકી મરે છ મહિને એમ. ૯૩

થાવા અરિષ્ટિ શાન્ત એ દત્તદયાળે ત્યાંય,
વાણી ને ગોદાવરીના સંગમની માંહ્ય ૯૪

ન્હાવા શ્રીગુરુને તદા કહ્યું હતું સપ્રેમઃ
તદનુસાર ગુરુમૂર્તિ એ વાણીસંગમે એમ ૯૫

આવી, ત્રિરાત્ર ત્યાં રહી કરે ભાવથી સ્નાન;
ત્યાંથી પરળીક્ષેત્રમાં આવે એમ સુજાણ. ૯૬

વંદી જ્યોતિર્લિંગને વૈજનાથના ત્યાંય,
ત્યાંથી ગોદાતટ વિષે રાજૂરગામે જાય. ૯૭

લીલા અપૂર્વ ત્યાંયની, આગળ એ વર્ણન;
**રંગ** ગુરુકૃપાથી ટળે જન્મમરણ તત્ક્ષણ !! ૯૮

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે કુરવપુરલીલાવર્ણનં નામ ત્રિચત્વારિંશદધિકશતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૪૩ ॥ દોહરા ૯૮. સ્તોત્ર ૧.

## અધ્યાય ૧૪૪

બોલે આગળ અલખ એઃ-રાજૂર માંહે જાણ
સ્વાહાકાર પ્રેરે તદા સંહિતા તણો માન ૧

સીતારામ મહારાજ, ત્યાં આવ્યા શ્રીગુરુરાય
દર્શનાર્થ દોડ્યા તિહાં સંત મહંત ઘણાય. ૨

દામોદરસ્વામી તથા આવ્યા'તા ત્યાં જેહ,
પ્રાર્થે તે ગુરુમૂર્તિને કે, યતિવર વરદેહ ! ૩

જતાં રાજૂરથી મને આપી દર્શન દેવ
વઝૂર ગામે, તે પછી સ્વેચ્છાએ તતખેવ ૪

કરશો ગમન ગમે તિહાં ! સૂણી પ્રાર્થના તેહ,
સ્વાહાકાર તણી થતાં પૂર્ણાહુતિ સસ્નેહ. ૫

રાતે કોઇ ના લહે તેવી રીતે જાણ,
લીલાએ ધારણ કરી અન્ય રૂપ તું માન ૬

દામોદરસ્વામી કને આવી વઝૂરગામ,
આપી દર્શન એમને થયા ગુપ્ત પ્રભુ આમ ! ૭

પ્રાતઃકાલ થતાં તદા વદે ગ્રામસ્થ લોક;
ટેંબેસ્વામી કાં ન એ આવ્યા પુણ્યશ્લોક ? ૮

દામોદરસ્વામી કહેઃ- આપી દર્શન આંહ્ય
ગયા પ્રત્યક્ષ એ મને સમર્થ સ્વામીરાય; ૯

ના જાણ્યું શું કોઇએ ? સૂણી સર્વજન એહ,
થઇ ચકિત આશ્ચર્યથી વંદે ત્યાંથી તેહ !! ૧૦

આ ગમ ગુરુવર એ તદા આવ્યા ગાંડા સાથ
ક્ષેત્ર અમર્દકમાં તથા, જે ત્રિભુવનવિખ્યાત; ૧૧

ઔંઢે નામે જેહને આજ ઓળખે જાણ,
જ્યોતિર્લિંગ વસે જિહાં નાગનાથનું માન. ૧૨

આવી ત્યાં અવ્યક્ત એ શિવરૂપી સાક્ષાત્
નાગનાથને વંદીને, ત્યાંથી શ્રીગુરુનાથ ૧૩

ગોદાતીરે આવવા ગૌંડગામ જ્યાં એહ
પાથરીનામે ગામથી જતા હતા વરદેહ; ૧૪

ત્યારે લોકો બહુ હતા સાથે તે ક્ષણક્ષણ
અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત ચિદ્‌ઘન ૧૫

એવા શબ્દે ગર્જના કરી કરે જયકાર !
લોકો માંહે એ હતા પાથરીના નિર્ધાર ૧૬

સાથે શ્રીમાન ચૌધરી ભાવિક અતિશે જેહ;
હતું માર્ગમાં એમનું ખેતર [1]રમણા તેહ. ૧૭

એમાંથી હળ ફેરવી અથવા બીજી રીત
લેવા ઉત્પન્ન કોઇ જો મથે જાણ નિશ્ચિત, ૧૮

ચાકરાદિ તત્ક્ષણ તદા જાય મૃત્યુને પંથ;
તેથી પડતર એ હતું બહુ દિવસોથી હન્ત ! ૧૯

ગાયો ઇત્યાદિક ચરે, એ વિણ લાભ ન અન્ય
થતો ખેતથી એ કદિ !! તેથી ભક્ત અનન્ય ૨૦

માલિક એ ભૂમિ તણા બાળેરાવ સુજાણ
કર જોડી ગુરુમૂર્તિને ખેતર એહ મહાન ૨૧

દેખાડી પ્રાર્થે તિહાં કે, હે સ્વામીરાય !
જમીન અમને આ બધી છેક નિરર્થક આંહ્ય. ૨૨

કેવળ ઢોરો ચારીએ, એથી લાભ ન અન્ય;
કારણ માલિક વા તથા બીજો કોઇ અધન્ય ૨૩

ભારો પણ જો ચારનો એમાંથી લઇ જાય,
સર્પાદિક ઘરમાં બધે દેખી બ્હીએ ત્યાંય; ૨૪

અથવા ગોળો પેટમાં ચઢે તત્ક્ષણે તેમ !
જ્યારે ભારો ખેતમાં નાંખી આવે એમ, ૨૫

ટળે ત્યારેજ એ ઉપાધિ ગુરુવર નિર્ધાર;
નહિ તો આખર એ મરે થઇ છેક બેહાલ !! ૨૬

ભૂમિ અથાગ એ નકી, તોય નિરર્થક એમ;
માટે ઉપાય કોઇ જો કહો કૃપા કરી તેમ, ૨૭

કરીએ તેવું નાથ હે ! સૂણી પ્રાર્થના એહ
બાળેરાવ તણી તદા, વદે દયાઘન તેહઃ- ૨૮

માલિક એહ જમીનનો ગુપ્ત એક છે પીર;
માટે લેવા જો ચહો એથી પાક લગીર, ૨૯

પાંચપચીસ ફકીરને બોલાવીને આંહ્ય,
નમાજાદિ પઢાવીને, ઇચ્છા સમાન ત્યાંય ૩૦

આપી એમને ભાંગ વા અફીણઇત્યાદિ તેમ
ઇચ્છાભોજન આપવું પ્રતિવર્ષે સપ્રેમ. ૩૧

પછી ગમે તે ત્યાં કરો, થશે ઉપાધિ ન ખાસ;
કબર જેહની આ દિસે, આપે તે જ ત્રાસ. ૩૨

સૂણી વચન શ્રીગુરુ તણાં, બાળેરાવ ઉદાર
પ્રતિવર્ષે બોલાવીને ફકીર ત્યાં નિર્ધાર ૩૩

કરે સંતુષ્ટ તેમને; તેથી ઉપાધિ એહ
થઇ નષ્ટ, જમીનમાં પાકે અતિશય તેહ ! ૩૪

હરી ભક્તસંકટ તથા ત્યાંથી દીનદયાળ,
ગોદાતીરે ગૌંડગામે આવ્યા તત્કાળ. ૩૫

સ્થાન રેણુકામાતનું ગામે એ પ્રખ્યાત;
રહ્યા દયાંબુધિ એ તિહાં તેથી દત્ત સાક્ષાત્. ૩૬

બ્રાહ્મણ કાયરગામનો નામે અંબાદાસ
રુદ્રસ્વાહાકારનો કરી સુનિશ્ચય ખાસ, ૩૭

ગુર્વાજ્ઞા લઇ યજ્ઞની કરે તિહાં શરૂઆત;
સર્વ વ્યવસ્થા ત્યાંયની બ્રાહ્મણવર્ગ સુજાત ૩૮

૧. ખેતરનું નામ.

પાથરીકર ચૌધરીકુટુંબ રાખે જાણ;
થયા હતા જન એકઠા દર્શનાર્થ બહુ માન. ૩૯

શામરાવ ચૌધરી તણી કન્યા સહપરિવાર
વિઠાબાઇ નામે તિહાં આવી'તી નિર્ધાર. ૪૦

બે વરસની બાલિકા તેની એકાએક
વ્યાધિગ્રસ્ત થઇ તિહાં, પૂર્ણાહુતિનો દેખ ૪૧

થતાં સમય મૃત્યુમુખે પડી જાણ તત્કાળ;
બેઠા'તા શબ પાસ એ ચૌધરીજન નિર્ધાર. ૪૨

થતાં યજ્ઞપૂર્ણાહુતિ ઋત્વિજાદિને તેમ
સમય દક્ષિણા આપવાનો થયો, પણ એમ ૪૩

ચૌધરીમંડળી માંહ્યથી આવે કોઇ ન જાણ
યજ્ઞમંડપમાં તદા સૂતકનિમિત્ત માન. ૪૪

દ્રવ્યશિલિક રે'તી બધી બાળેરાવની પાસ;
તે કારણે ગાંડાબુવા પાડે બૂમો ખાસ. ૪૫

તોએ ઉત્તર દે નહીં બાળેરાવ સુજાણ;
જોઇ એવું શ્રીગુરુ ઊઠ્યા પોતે જાણ. ૪૬

કમંડલુ લઇ આવતા જોઇ ગુરુવર તેમ,
વદે ચૌધરીજન તિહાં:- સ્વામી કૃપાલો એમ ૪૭

ના આવો પોતે અહીં ! સૂણી શ્રીગુરુ એહ
પૂછે:- કેમ ? થયું અરે શું ? બોલે જન તેહ:- ૪૮

વિઠાબાઈની કન્યકા મરી ગઇ છે આંહ્ય !
બોલે ગુરુમૂર્તિ:- થયો વખત કેટલો ત્યાંય ? ૪૯

વદે એહ જન:- પ્હોરથી વધુ વખત કંઇ ખાસ;
શામરાવ એ પ્રેતને લઇ બેઠા છે પાસ. ૫૦

સૂણી વચન શ્રીગુરુ વદે:- જોઉં મડદું એહ !
દેખાડે ત્યાં દૂરથી સર્વ મંડળી તેહ. ૫૧

જોઇ એહ કરુણાનિધિ ગુરુમૂર્તિ તત્કાળ,
કમંડલુજલ પ્રેત પર છાંટે એ નિર્ધાર. ૫૨

ચમત્કાર તત્ક્ષણ થયો ! પ્રેતે શ્વાસોચ્છવાસ
થઇ શરૂ, ક્ષણ વારમાં થઇ સાવધ એ ખાસ ૫૩

કરે માતૃસ્તનપાન ત્યાં !! જોઇ એહ જન સર્વ
થઇ ચકિત આશ્ચર્યથી, માની પ્રત્યક્ષ શર્વ ૫૪

શ્રીગુરુને સદ્ભાવથી કરી દંડવત્ એહ,
જયજયકાર કરી સ્તવે થઇ ગળગળા તેહ. ૫૫

યજ્ઞદક્ષિણા આપીને કર્યો યજ્ઞ સંપૂર્ણ;
બ્રાહ્મણભોજન તે પછી થયું ઠાઠથી તૂર્ણ. ૫૬

ચાલી વાતો એ બધે, આણ્યા પ્રેતે પ્રાણ !
અશક્ય તેને શું અહીં સ્વયં જેહ ભગવાન ? ૫૭

શામરાવ ચૌધરી તદા વદે પ્રાર્થી ગુરુરાય:-
આપ્પાદેવ અને પ્રભો અણ્ણાદેવ જે આંહ્ય ૫૮

કુલોપાધ્યાય બેઉ એ છે અમારા તેમ;
[1]અરણ શીખવાને ચહે વૈદિક એ સપ્રેમ. ૫૯

સમર્થ કોઇ ના મળે શિખવવાને તેહ;
માટે કૃપા કરી દયાલો વિપ્રો પર એહ, ૬૦

આપો જો [2]સંથા સ્વયં અરણગ્રંથની એમ
થાશે કૃતાર્થ એ નકી ! સૂણી વિનંતિ તેમ, ૬૧

આવી ગોપેગાંવમાં શ્રીગુરુ દીનદયાળ,
આપ્પા ને અણ્ણા દ્વિજોને અરણ નિર્ધાર ૬૨

બેસી લીમડાની તળે સત્તાર દિન પર્યંત
શીખવે એ પ્રેમથી શાન્તિથી અત્યંત. ૬૩

થતાં પૂર્ણ સંથા તથા, બેસીને જે સ્થાન
આપી'તી એ તેહ પર શુષ્ક તૃણાદિક જાણ ૬૪

નંખાવી પાસે રહી સર્વ ભૂમિને એહ
દગ્ધ કરાવે શ્રીગુરુ; કારણ તેનું તેહ ૬૫

વદે પૂછતાં:- કે અહીં અરણ શીખવ્યું એમ,
માટે નારી ગર્ભિણી પશુ પક્ષી વા તેમ ૬૬

આવતાંજ થાશે અહીં તેનો [3]ગર્ભસ્રાવ;
માટે ભૂમિ દહન આ આમ કરાવી રાવ ! ૬૭

નિંબવૃક્ષ એ આ સમે થઇ વિસ્તીર્ણ જાણ,
પુણ્યપ્રભાવે અરણના ત્યજી કડવાશ માન ૬૮

છે કિંચિત્ મીઠો થયો ! તેમ એહનાં પત્ર
વ્યાધિગ્રસ્તે ભક્ષતાં રાખી શ્રદ્ધાં અત્ર, ૬૯

થાય વ્યાધિ નિર્મૂળ એ; એવો પરોપકાર
સાધુસમાગમથી સ્વયં કરતો એ નિર્ધાર ૭૦

થઇ ગયો છે શિષ્ય હે !! પૂજે સહુ કો તેમ;
સાધુસંગનું ફળ નકી દેખ પ્રત્યક્ષ એમ. ૭૧

સાધુસંગથી લીમડો થયો મીઠડો તેહ !
ના વિસ્મય જો નર તરે ત્યજી દુર્ગુણો એહ !! ૭૨

લીલા ગોપેગાંવમાં કરી એહવી જાણ,
આવ્યા ગુરુવર, મંજરથ ગામે ત્યાંથી માન. ૭૩

હૃદયસ્થાન ગોદાવરીનું એ પવિત્ર તેમ;
આવી શ્રીગુરુ ત્યાં કરે મુકામ તેથી એમ. ૭૪

૧. વેદનો જ્ઞાનાત્મક ભાગ. ૨. વૈદિક પાઠ. ૩. ગર્ભનું પડી જવું.

સર્પદંશ ત્યાં વિપ્રની થયો વહુને એક;
મરણ પામવાની તૈયારીમાં તેથી દેખ ૭૫

હતી એહ, ત્યાં ગુરુવરે જાણ્યો એ વૃત્તાન્ત;
લઇ કમંડલુ તત્ર એ ગયા તત્ક્ષણે દાન્ત. ૭૬

ડાળી લીમડાની તદા મંગાવીને એક,
અભિમંત્રીને શ્રીગુરુ આપી સત્વર દેખ ૭૭

વદેઃ-બાઇના મસ્તકે કરો એથી તાડન !
કરતાં એવું લોક એ, ઊતર્યું વિષ તત્ક્ષણ !! ૭૮

સાવધ થઇ બેઠી તદા નારી એ તત્કાળ;
જોઇ એવું સર્વજન આનંદે નિર્ધાર. ૭૯

અન્ય દિને આરાધના કરે ગામમાં એહ;
એવી લીલા ગુરુ તણી ! કોણ વર્ણવે તેહ ? ૮૦

આવ્યા ત્યાંથી વિચરતા ગૌતમીતટે તેમ,
રાક્ષસભુવનસંનિધ પ્રભુ પાંચાલેશ્વર એમ; ૮૧

તપસ્થાન જે દત્તનું આવી પ્રેમે ત્યાંય,
વંદન કરી સદ્‌ભાવથી ગાંડા સહ ગુરુરાય ૮૨

આવ્યા પૈઠણક્ષેત્રમાં; જિહાં સાધુવર તેહ
એકનાથ પૂર્વે થયા, તદાશ્રમે સસ્નેહ ૮૩

આવી ભિક્ષા લે તદા ! શિષ્ય નિરંજન જાણ
લીલા અપૂર્વ ત્યાંયની આગળ એ સંધાન. ૮૪

કોણ કથે કો સાંભળે, વિના સદ્‌ભાગ્ય તેહ ? થતાં કૃપા ગુરુદેવની જુએ **રંગ** વર એહ !!

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે કન્યાપુનરુજ્જીવનં નામ ચતુશ્ચત્વારિંશદધિકશતતમોऽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૪૪ ॥ દોહરા ૮૫ (ખંડ પારાયણ ૯ઠ્ઠો દિવસ)

## અધ્યાય ૧૪૫

અલખ કહેઃ- સૂણ શિષ્ય હે ! બાંધી દેવમંદિર,
મૂર્તિ એકનાથે જિહાં પધરાવી'તી ધીર; ૧

તે સ્થાનેથી એહનું કરી ઉત્થાપન જાણ,
નાથવંશજે તે સમે ફેરફાર મહાન ૨

કર્યો હતો એ સ્થાનમાં; તેથી પુનઃ સ્થાપન
બાર વરસથી મૂર્તિનું ન્હોતું થતું ક્ષણ પણ. ૩

નાથવંશસ્થ એ વદે ગુરુમૂર્તિને તેમઃ-
મૂર્તિપ્રતિષ્ઠાનું પ્રભો મુહૂર્ત જ્યારે એમ ૪

જોવડાવીએ ત્યાહરે કોઇ એકાએક
મરણ પામીને વિઘ્ન આવે છે દુસ્તર છેક. ૫

સૂણી વૃત્ત એ શ્રીગુરુ જઇ દેવગૃહ માંહ્ય,
પૂછે સઘળાંને તિહાંઃ- સિંહાસનનું આંહ્ય ૬

મૂળ સ્થાન કંઇ હતું ? બોલે સઘળાં તત્રઃ-
અઢેલીને ભીંતે હતું પ્રથમ સ્થાન એ અત્ર. ૭

પરિક્રમા માટે તહીં ન્હોતી જગ્યા તેમ;
તેથી સિંહાસન કર્યું થોડું ખસતું એમ. ૮

બોલે શ્રીગુરુઃ-નાથથી ડાહ્યા નકી ન આપ;
કરી ડહાપણ કાં વૃથા પામો નિરર્થ તાપ ? ૯

દેવ ઋણી જેનો સદા, સિદ્ધ પુરુષ જે તેમ,
કરે વિચાર ન એહ શું પ્રતિષ્ઠાસમે એમ ? ૧૦

માટે પૂર્વસ્થળે યદિ રાખી સિંહાસન
સ્થાપન કરશો દેવને, વિઘ્ન ન નડશે ક્ષણ. ૧૧

અરે કેમ જાણો નહીં સ્વયં સિદ્ધ જ્યાં એમ
મૂર્ત્યાદિકની સ્થાપના કરે સ્વહસ્તે તેમ, ૧૨

ચલિત કરી એ સ્થાનથી મૂર્તિ બીજે ક્યાંય
સ્થાપન કરતાં કાર્યસિદ્ધિ ના થાએ આંહ્ય. ૧૩

માટે પ્રથમ સ્થાનમાં કરો મૂર્તિ સ્થાપન
વિઘ્ન નહીં આવે તથા, કરોન શંકિતમન. ૧૪

આજ્ઞા શ્રીગુરુની તદા માન્ય કરીને એહ,
જોઇ મુહૂર્ત પૂર્વસ્થળે સ્થાપે મૂર્તિ તેહ. ૧૫

બેઠી એ નિર્વિઘ્ન ત્યાં ! જોઇ સહુને ત્યાંય
થયો આનંદ એકદમ !! દેખ નિરંજન આંહ્ય, ૧૬

શ્રીખંડ્યા નામે ભરે પાણી કૃષ્ણ ભગવાન
પૂર્વે નાથગૃહે સદા ભક્તપ્રિય એ જાણ. ૧૭

જે ટાંકામાં શ્રીહરિ ભરતા'તા જળ તેમ,
આજે પણ એ ત્યાં દિસે ચોક્ખું નૂતન જેમ. ૧૮

ઉત્સવસમયે જે દિને ટાંકામાં એ જાણ
કાવડ પાણીની સ્વયં નાંખે શ્રીભગવાન, ૧૯

ત્યારે એકાએક એ થઇ પાણીથી પૂર્ણ
તરબતર પાણી બધે થાય ચોકમાં તૂર્ણ. ૨૦

પૂજી ટાંકાને પછી ઉત્સવારંભ થાય;
જ્યાં લગ કાવડ કૃષ્ણની પડે ન ટાંકા માંહ્ય, ૨૧

ત્યાં લગ એહ ભરાય ના ! ના ઉત્સવનો તેમ
થાય પ્રારંભ, આ જ પણ દિસે પ્રત્યક્ષ એમ !! ૨૨

શ્રીમદ્દત્તાત્રેય જ્યાં એકનાથને દ્વાર
પહેરો પઠાણવેષથી ભરતા'તા નિર્ધાર. ૨૩

યાત્રાસમયે તે સ્થળે દત્તપ્રભુની જાણ
છબી ચીતરે આજ પણ; પ્રથમ જેહનું માન ૨૪

દર્શન કરીને દેવના દર્શનાર્થ જન જાય
પછી મંદિરેઃ ભૂલ જો થાય જરા પણ ત્યાંય ૨૫

આવે ઉપાધિ એહ પર આજે પણ સાક્ષાત્;
ચમત્કાર એવો તિહાં દિસે પ્રત્યક્ષ તાત ! ૨૬

ઉભય વાતથી દેવને ભક્ત તણું નિજ આંહ્ય
અભિમાન છે કેટલું, તેનો નિશ્ચય થાય !! ૨૭

એકનાથના ગુરુ જનાર્દનસ્વામીની એહ
છે સમાધિ વિખ્યાત જ્યાં, [1]દેવગિરિના તેહ ૨૮

કિલ્લામાં આવ્યા તિહાં પૈઠણથી ગુરુનાથ;
રમતા'તા જ્યાં સોગટાં દત્ત જનાર્દન સાથ. ૨૯

વંદન સમાધિને કરી, ત્યાંથી વેરુળ માંહ્ય
ઘૃષ્ણેશ્વરનું જ્યાં મહાજ્યોતિર્લિંગ સુહાય. ૩૦

આવ્યા ગુરુવર ત્યાં તદા ! જ્યોતિર્લિંગનું એહ
ખંડન કરવા જ્યાહરે ઔરંગઝેબે તેહ ૩૧

લઈ કુહાડો હાથમાં કર્યા ઊર્ધ્વ બે હાથ,
ઊંચા ને ઊંચા રહી ત્યારે [2]કર એ તાત ૩૨

અન્ય દિનેજ મરી ગયો બાદશાહ એ જાણ;
એવું જાગતું લિંગ એ ઘૃષ્ણેશ્વરનું માન. ૩૩

ગુફા ઈલોરાની તિહાં, જે ત્રિભુવનવિખ્યાત
જોતાં કોતરકામ ના થાએ મુખથી વાત. ૩૪

ખંડિત સઘળું એ કર્યું ઔરંગઝેબે તેહ,
પામ્યો ફળ ઉપર કહ્યું તેવું આખર એહ. ૩૫

પુણ્યસ્થળનાં એ કરી દર્શન ભાવે તેમ,
ઘાટ ઉતરી શ્રીગુરુ ગાંડા સહ સપ્રેમ ૩૬

ખાનદેશમાં વિચરતા આવ્યા ત્યાંથી જાણ;
જે જે ગામે એમ એ ગયા આજ લગ માન, ૩૭

તે તે સ્થાને ઉત્સવો સમારાધના તેમ
થાય સર્વદા હે સુધી ! બ્રાહ્મણભોજન એમ ૩૮

થાય [3]અમિત આનંદથી; દર્શન માટે લોક
દોડે ગામેગામના !! પોતે પુણ્યશ્લોક ૩૯

દત્ત પ્રત્યક્ષ જ્યાં ફરે જગદુદ્ધારે એમ,
શું બાકી રે' ત્યાં પછી ? સદા આનંદ તેમ !! ૪૦

આવ્યા ચાળીસગાંવમાં એમ વિચરતા જ્યાંય,
પ્રેમે ગાંડાને તિહાં બોલે શ્રીગુરુરાયઃ- ૪૧

તારાથી લોકો બધા રહે સદા સંતુષ્ટ;
મન પ્રમાણે એમના કરતાં થઈ પ્રહુષ્ટ, ૪૨

લાગ્યાં ટોળાં આવવા લોકોનાં જો નિત્ય !
વધી ઉપાધિ ! તું થયો પ્રિય સહુને એ રીત્ય. ૪૩

માટે ડર મારો ન એ રાખે જન તલભાર !!
રહી માહરી સાથ તેં પુણ્ય અત્યંત બાળ ૪૪

કર્યું પ્રાપ્ત સેવા થકી સર્વ લોકની એમ;
તોએ મોક્ષદ એ નહીં રજોગુણોદ્ભવ તેમ. ૪૫

શુદ્ધ સત્ત્વ વિણ મોક્ષ ના; તત્પ્રાપ્ત્યર્થે જાણ
ત્યજી સર્વ ઉપાધિ આ વિના વિલંબે માન, ૪૬

ચિત્ત શાન્ત કરવું ઘટે; એ વિણ મોક્ષ ન ક્યાંય !
જગત્ સર્વ આ નિશ્ચયે સ્વારથ માટે આંહ્ય, ૪૭

મંડે પાછળ આપણી જય જય કરતું એમ;
દૃષ્ટિ ન એ પર રાખતાં, કરવું સ્વકાર્ય તેમ !! ૪૮

આયુષ્ બ્રહ્માનું નકી અમિત કેટલું આંહ્ય ?
તોયે જગતની ભાંજગડ કરતાં પૂરૂં થાય ૪૯

ત્યાં લગ આત્મશ્રેયનો કરવા વિચાર એમ,
મળે ન ફુરસદ એહને ! કલ્પસુધી પણ તેમ ૫૦

ખૂટે સંકલ્પ ન એહનો !! કોણ અન્ય ત્યાં હન્ત ?
માટે છોડી સર્વ આ, જો પોતાનો પંથ !! ૫૧

બ્રહ્માના આયુષ્યમાં, તારૂં મારૂં એહ
આયુષ્ શી ગણતી મહીં ? દેખ વિચારી તેહ. ૫૨

ઉપાધિ આ લોકો તણી છોડી સઘળી આંહ્ય,
કરવો વિચાર આપણો; નહિ તો આગળ ત્યાંય ૫૩

પશ્ચાત્તાપ થશે નકી ! માટે મારી પાસ
રહી શ્રવણ વેદાંતનું કર્યું જેહ તેં ખાસ, ૫૪

પુનઃ પુનઃ તેનો કરી અંતર માંહ્ય વિચાર
શાન્ત ચિત્ત કર શીઘ્ર આ; છે આશિષ મુજ બાળ !! ૫૫

આત્માનાત્મ વિચારમાં રહે નિમગ્ન સદાય;
છું સંનિધ હું સર્વદા; જા ભૃગુક્ષેત્ર માંહ્ય. ૫૬

રેવાતીરે ત્યાં રહી કર સતત અભ્યાસ;
મારી સાથે એમ તું રહીશ જ્યાં લગી ખાસ, ૫૭

લોકોપાધિ આ નહીં થશે ત્યાંલગી દૂર !
માટે મુજને છોડીને જતાં એમ તું શૂર, ૫૮

૧. દોલતાબાદ ૨. હાથ. ૩. માપ વગરનાં, અપાર.

કંટાળી લોકો બધા, થશે દૂર તત્કાળ;
નથી વ્યવસ્થા આંહ્ય એવું જોઇ નિર્ધાર !! ૫૯

ભરૂચમાં પણ જો તને થાય ઉપાધિ એમ;
છોડી એહ, અરણ્યમાં જઇ જીત મન તેમ. ૬૦

સૂણી વચન ગાંડાબુવા કરી દંડવત્ ત્યાંય,
શ્રીગુરુચરણે પ્રેમથી કહે એમ નતકાયઃ- ૬૧

સર્વ ઉપાધિ આજથી મૂકી આ પગ પાસ;
તોય દયાલો ! દૈવથી થાય ઉપાધિ ખાસ ૬૨

તો તે સમયે વર્તવું શી રીતે ગુરુરાય ?
કહો કૃપા કરી તે મને ! વદે શ્રીગુરુ ત્યાંયઃ ૬૩

કરે પ્રારબ્ધ સર્વને ગાંડું ગાંડા તેહ;
થયા દેવ પણ મુગ્ધ જ્યાં, કોણ અન્ય જન એહ ? ૬૪

માટે પ્રારબ્ધે બને તે તે તટસ્થ આંહ્ય
થાવા દેવું, પણ તિહાં થાવું લિપ્ત ન ક્યાંય. ૬૫

અભિમાને ના એહના થાય લિપ્ત નર જેહ,
તે જ આત્મસુખ ભોગવે; ના એમાં સંદેહ. ૬૬

સુણી બદ્ધકર ગળગળો કરી પુનઃ વંદન, ગુરુપદમાં ગાંડો તદા પ્રાર્થે અનન્યમનઃ- ૬૭

## ★ ગીત

(અર્જુના ઇતર મજ કાંહી......એ રાહ)

ભો સચ્ચિદ્‌ઘન સુખરાશી ॥ સ્થિરચરીં તું વ્યાપક અસસી ॥ ગુરુવરા ॥ ધ્રુ૦ ॥

અજ્ઞાનાવરણેં સ્વામી ॥ નેણેં તવ સત્યરૂપા મી ॥ તેધવાં ॥
ભવજલનિધી માંજી બુડતાં ॥ તવ પદાબ્જનૌકા હાતા ॥ લાભલી ॥

ચાલ૦ તે પાય ર ધરુની ગુરુમાય ॥
પાતલોં ઠાય ॥ ભવાબ્ધિકડીસી ર ॥
અદ્‌ભુતા તવ કરણી ઐસી ॥ ગુરુવરા ॥ ભો સચ્ચિદ્‌૦ ॥ ૧ ॥

મીતૂંપણ હરુની માઝે ॥ નિરસિલેં ભવાચેં ઓઝે ॥ નિજકૃપેં ॥
અદ્વૈતસ્વરૂપ જેં અપુલેં ॥ તેં દાવુની કૃતાર્થ કેલેં ॥ તરી આતાં ॥

ચાલ૦ ઉત્તીર્ણ ર કાય હોઊન ॥
કરૂં મી સ્તવન ॥ વાણીરૂપાસી ર ॥
તું અગમ્ય સ્વામી હોસી ॥ ગુરુવરા ॥ ભો સચ્ચિદ્‌૦ ॥ ૨ ॥

તુજ સોહંભાવેં પૂજિતાં ॥ ત્વદ્રૂપ સર્વહી અસતાં ॥ વ્યાપક ॥
તુજ વિણ આન કાંહીંચ નસતાં ॥ મગ પૂજન કૈસેં આતાં ॥ હોઇલ ॥

ચાલ૦ તરી મૌન ર ॥ ધરુની મી નમન ॥
દયાબ્ધે કરીન ॥ પાદકમલાસી ર ॥

અક્ષય પદ દે દાસાસી ॥ ગુરુવરા ॥ ભો સચ્ચિદ્‌૦ ॥ ૩ ॥

કરી પ્રાર્થના એહવી, હૃદયે ગુરુવરધ્યાન
કરી નર્મદાતટ વિષે આવ્યો ગાંડો જાણ. ૬૮

શ્રીગુરુમૂર્તિ વિચરતા આવી રેવાતીર,
ગામ ચિખલદામાં કરે ચોમાસું એ ધીર. ૬૯

ચોમાસું પૂરૂં થતાં, ત્યાંથી આગળ જાણ
કાતરખેડા ગામમાં આવ્યા સત્વર માન. ૭૦

શૂળપાણની ઝાડીમાં નર્મદાતટે એહ
ઉત્તરતટ પર ગામડું આવ્યું સુધન્ય તેહ. ૭૧

લોકોપાધિ ટાળવા પેઠા ઝાડી માંહ્ય !
ગુરુવર, તોય ન જન ઠરે ! દોડ્યાં ટોળાં ત્યાંય !! ૭૨

અગ્નિહોત્રી જિંતુર તણા બ્રહ્મણસ્પતિ નામ
આવ્યા'તા ત્યાં દર્શને અન્ય લોક સહ આમ. ૭૩

કરી સ્તવન શ્રીગુરુ તણું કરે દંડવત્ એહ;
અગ્નિહોત્રીને તે સમે વદે દયાંબુધિ તેહઃ- ૭૪

પુરશ્ચરણ ગાયત્રીનું કરવા વિચાર એમ
કરો બુવા મનમાં તમે; માટે સત્વર તેમ ૭૫

જઇ ઘેર સંકલ્પ એ કરો પૂર્ણ નિર્ધાર;
કરો પ્રારંભ જ્યાહરે કાર્ય તણો એ સાર, ૭૬

ત્યારે યથેચ્છ ઘી અને મિષ્ટાન્નાદિક તેમ
ખવડાવી દ્વિજવર્ગને કરજો સંતુષ્ટ એમ. ૭૭

★ ભાવાર્થ માટે જુઓ પરિશિષ્ટ, ૬.

અગ્નિહોત્રીબુવા વદેઃ- ભો સર્વજ્ઞ દયાળ !
ચિત્તસંકલ્પ ઓળખી આપે આ નિર્ધાર, ૭૮

કરી એમ આજ્ઞા મને; તોએ દ્રવ્ય ન પાસ !!
સૂણી વચન ગુરુમૂર્તિ એ બોલે તત્ક્ષણ ખાસઃ- ૭૯

દ્રવ્ય તણી ચિંતા કશી કરો ન મનમાં એમ;
પુરશ્ચરણ આરંભતાં અનાયાસ ધન તેમ ૮૦

મળી જશે તમને નકી; યદા કદાચિત્ ત્યાંય
દેવકાર્યમાં એ યદિ દેવું થોડું થાય, ૮૧

તોએ ગભરાશો નહીં; ચિંતા ઋણની તેહ
દેવ તણે શિર નિશ્ચયે, કરો ન ઉર સંદેહ ! ૮૨

માટે વિના વિલંબથી કરો સંકલ્પ પૂર્ણ !!
સૂણી વચન બુવા વદે જોડી કરદ્વય તૂર્ણઃ- ૮૩

કૃપાંબુધે ભો ! આપની આજ્ઞાથી હું આંહ્ય
અગ્નિનારાયણ તણી સેવા કરૂં સદાય. ૮૪

તેથી કોઇ પણ દેવના કાર્યે કદિએ વિઘ્ન
આજ સુધી આવ્યું નથી; તેમજ આ નિર્વિઘ્ન ૮૫

કરનારા પોતે પ્રભુ બેઠા છો જ્યાં આપ,
ચિંતા મુજને શી પછી ? થશે દૂર સહુ તાપ ! ૮૬

તોએ આપ કૃપા કરી પધારશો ત્યાં એમ
છે ઇચ્છા ઉરમાં પ્રભો !! નમે કહીને તેમ. ૮૭

અગ્નિહોત્રીનાં વચન એ સૂણી વદે ગુરુરાયઃ-
જતાં અહીંથી ટાકળી ગામે જઇને ત્યાંય, ૮૮

દાજીમહારાજને તહીં તેડી જાજો તેમ;
હું પણ છું ત્યાં નિશ્ચયે, રે'જો નિર્ભય એમ. ૮૯

દેવસ્થાપનાની તિહાં ઇશાન ખૂણા માંહ્ય
આસન મારૂં રાખજો; જોશે મુજને ત્યાંય, ૯૦

દાજીમહારાજ એકલા, અન્ય ન જોશે તેમ;
થશે કાર્ય નિર્વિઘ્ન એ, માનો નિશ્ચય એમ. ૯૧

નર્મદાતટ છોડીને હવે ન બીજે ક્યાંય
જવું માહરે, એહવી છે દેવાજ્ઞા આંહ્ય. ૯૨

સૂણી વચન એ બ્રહ્મણસ્પતિ ગુરુપદે એહ
કરી દંડવત્ ભાવથી, ગયા ગામ નિજ તેહ. ૯૩

ત્યાંથી ટાકળી ગામમાં આવી સત્વર તેમ,
લઇ જવા દાજીબુવાને પ્રાર્થી સપ્રેમ ૯૪

આજ્ઞા શ્રીગુરુમૂર્તિની કરે નિવેદન તેહ;
કોઇ દુષ્ટે તે સમે દાજીબુવા પર એહ ૯૫

મારણપ્રયોગ કર્યો હતો, તેથી એમને જાણ
લોહી સખત પડતું હતું ! માટે એહ સુજાણ ૯૬

વદે અગ્નિહોત્રીબુવાને તે સમયે તેમઃ-
આવી ગઇ છે દેહમાં જુઓ અશક્તિ એમ; ૯૭

દુઃખ થકી આ તોય જો મુજને મુક્ત દયાળ
કરશે તે સમયે જરા ગુરુમૂર્તિ નિર્ધાર, ૯૮

આવીશ તો હું નિશ્ચયે !! સૂણી વચન એ ત્યાંય,
વદે અગ્નિહોત્રીબુવાઃ-સમર્થ એ ગુરુરાય ૯૯

દુઃખ નિવારણ આપનું કરશે નિઃસંદેહ !
કહી એમ જિંતુર વિષે આવ્યા તત્ક્ષણ તેહ. ૧૦૦

શુભ મુહૂરત જોઇને, કરે પ્રારંભ તેમ
પુરશ્ચરણનો અગ્નિહોત્રીબુવા સપ્રેમ. ૧૦૧

આ તરફ ટાકળી મહીં ગુરુકૃપાથી એહ
વ્યથારહિત દાજીબુવા થયા તે સમે તેહ. ૧૦૨

તોય અગ્નિહોત્રી તણા ઘેર જવાને તેમ
ભૂલ્યા એ સમયે તદા ! જાણી ગુરુવર એમ, ૧૦૩

વદે દાજીમહારાજને આપી દૃષ્ટાંત ત્યાંય.
ગયા ન જિંતુરમાં હજી ? ભમો હજીએ આંહ્ય ? ૧૦૪

સૂણી શબ્દ સીધા તથા [૧]ગંગા પરથી એહ,
સત્વર જિંતુરમાં જવા ત્યાંથી નીકળ્યા તેહ. ૧૦૫

બાવીસ ગાઉ ટાકળીથી જિંતુર છે જાણ;
પૂર્ણાહુતિના સમય પર પગે ચાલતા માન ૧૦૬

આવ્યા એ જિંતુર મહીં યજ્ઞમંડપે તેમ;
અગ્નિહોત્રીને વૃત્ત એ કથી સાગ્ર સપ્રેમ, ૧૦૭

કહે ગળગળા સર્વનેઃ- નકી દત્ત અવતાર
ગુરુમૂર્તિ પ્રત્યક્ષ એ, જાણ્યું મેં નિર્ધાર. ૧૦૮

એમ કહી મંડપ મહીં દેવસ્થાપના જ્યાંય
કરી હતી ત્યાં જોઇને વદે હર્ષથી ત્યાંયઃ- ૧૦૯

અરે જુઓ આ શ્રીગુરુ ! મારી પૂર્વે એમ
આવી ઇશાને અહીં બેઠા દેખો તેમ !! ૧૧૦

સૂણી સકળ આશ્ચર્યથી થઇ ચકિત તત્કાળ,
કરે પ્રાર્થના ગુરુ તણી તિહાં એમ નિર્ધારઃ- ૧૧૧

**★ગીત**

વાસુદેવ હેં નામ માનવા અખંડ ઉચ્ચારીં ॥
વાસ જયાચા ચરાચરાંતરીં અસુની નિરાકારી ॥ ધ્રુ૦ ॥

૧. ગોદાવરી ગંગા. ૦ ભાવાર્થ માટે જુઓ પરિશિષ્ટ, ૭.

વાત સુટની માયેચા જાહલ્યા ધુંદ દિશા ચારીં ॥
વાહુની જાઇલ દેહસુનૌકા ભવપારાવારીં ॥ વાસુદેવ૦ ॥ ૧ ॥

સુતધનદારાગારીં મમતા મુળીં આતાં ન ધરીં ॥
સુકર્ણધારાધારેં ઉતરે ત્વરિત પૈલ તીરીં ॥ વાસુદેવ૦ ॥ ૨ ॥

દેઊનિયાં જો નિજ દાન તોષવી અત્રિમુનિભાર્યા ॥
દેશિકરાયા સદા નમીં ત્યા દત્તાત્રેય આર્યા ॥ વાસુદેવ૦ ॥ ૩ ॥

વદતાં વાચે નામ વાસુદેવાનંદાચે ॥
વશ ઝાલેં દાસાલા સહજચિ પદ શ્રીરંગાચેં ॥ વાસુદેવ૦ ॥ ૪ ॥

ચમત્કાર શ્રીગુરુ તણા એવા અનેક જાણ;
વર્ણન કરતાં પાર ના આવે કલ્પે માન. ૧૧૨

કાતરખેડાથી પ્રભુ શૂળપાણની એહ
જોતા ઝાડી મોદથી નર્મદાતટે તેહ, ૧૧૩

ફરતા સ્વેચ્છાએ તદા શૂળપાણેશ્વર સ્થાન
પરમ ખ્યાત મહાદેવનું, આવ્યા તત્ર સુજાણ. ૧૧૪

ત્યાંથી દત્તાજ્ઞા થકી ગરુડેશ્વરમાં તેહ
આવી મુકામ કરે પ્રભુ ઠેઠ સુધી સસ્નેહ. ૧૧૫

સૂણી વચન એ શિષ્ય ત્યાં વદે નિરંજન કેમ, આગળ અનુસંધાન એ; કહે **રંગ** સપ્રેમ. ૧૧૬

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે ગરુડેશ્વરાગમનં નામ પંચચત્વારિંશદધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૪૫ ॥ દોહરા ૧૧૬. ગીત ૨

## અધ્યાય ૧૪૬

વદે નિરંજન બદ્ધકરઃ- ક્ષેત્ર ગરુડેશ્વર કેમ
થયું નિર્માણ તે મને કહો સવિસ્તર એમ; ૧

લીલા આખરની કરી જિહાં પ્રભુએ ધન્ય,
કથો કૃપા કરી સર્વ એ; લાગું પાય અનન્ય ! ૨

એમ કહી ચરણે નમે પુનઃ પુનઃ એ ત્યાંય
જોઇ વિશુદ્ધ ભાવ એ, વદે અલખ વરકાયઃ- ૩

સાંભળ શિષ્ય સુધન્ય હે ! પુરા આ સ્થળે જાણ
દૈત્ય ગજાસુર નામથી હતો એક મહાન. ૪

હસ્તિરૂપ ધારણ કરી [1]વૈનતેયની સાથ
દારુણ યુદ્ધ કર્યું અહીં એણે જાણ સુજાત. ૫

હર્યા પ્રાણ ગરુડે તદા યુદ્ધે એના એહ;
અસ્થિ[2] અસુરનાં પર્વતે પડી રહ્યાં'તાં તેહ. ૬

આગળ વર્ષાકાળમાં દૈવે પાણી સાથ
ઘસડાઇને નર્મદામાં પડ્યાં એ તાત ! ૭

દિવ્ય તનુ એની થઇ પડતાં વેંતજ ત્યાંય,
અદ્‌ભુત મહિમા સ્થાનનો જાણી દૈત્ય એ આંહ્ય, ૮

દિવ્ય સ્વરૂપે ત્યાં રહી કરે ઉગ્ર તપ તેમ;
સો વરસ થઇ ગયાં અનુષ્ઠાનમાં એમ. ૯

ભાવ એહનો જોઇને શિવ સર્વાત્મા તેહ,
થઇ પ્રગટ વદે તિહાં ગજાસુરને એહઃ- ૧૦

જોઇ ભક્તિ તાહરી, થયો તુષ્ટ હું જાણ;
થયો પ્રસન્ન તુજ પર નકી, માગ ઇષ્ટ વરદાન. ૧૧

વદતાં શંકર એહવું, જોડી ગજાસુર તેહ
હાથ બેઉ, વંદન કરી મહાદેવને એહ ૧૨

કહેઃ-ત્રિપુરહન્તા ! યદિ આપો છો વર એમ,
ભવમોચન આ સ્થાન પર નામ માહરૂં તેમ ૧૩

આપ સાથ અક્ષય અહીં ચાલો દીનદયાળ !
આવી આ સ્થાને કરે સત્કર્માદિક સાર ૧૪

સ્નાનસંધ્યા દેવનું પૂજન તર્પણ તેમ
દ્વિજભોજન દાનાદિ વા, તેનું પાતક એમ ૧૫

વિના વિલંબે આ સ્થળે પામો દેવ વિનાશ;
તેમ અમાવાસ્યા અને સંક્રાંત્યાદિક ખાસ, ૧૬

ગજચ્છાયા[3] ગ્રહણ ને વ્યતિપાતાદિક માંહ્ય
અધિકાદિક માસે રવિ સોમવાસરે આંહ્ય ૧૭

સ્નાનદાનાદિક તણું અન્ય તીર્થથી દેવ !
લાખ ગણું ફળ અધિક આ સ્થળે મળો તતખેવ. ૧૮

કુરુક્ષેત્રાદિક સમું થાઓ પાવન એહ;
સ્નાનમાત્રથી પાપહર પ્રાણિમાત્રનાં તેહ. ૧૯

બીજું, ભોળાનાથ હે ! શ્રેષ્ઠ સ્થાન ગણ માંહ્ય
આપો મુજને આપના; તેમ ચર્મ[4] મુજ આંહ્ય ૨૦

૧. ગરુડની ૨. હાડકાં. ૩. પર્વ વિશેષ. ૪. ચામડું.

કરો પરિધાન[1] ઉમાપતે આપ સર્વદા એહ;
ગરુડહસ્તથી માહરૂં થયું મોત અહીં તેહ ૨૧

લાભ અલભ્ય મને મળ્યો !! નામ ગરુડનું તેમ
ચાલો અક્ષય આ સ્થળે; આજથી જ સપ્રેમ ૨૨

કરી નિરંતર આ સ્થળે આપ સામ્બ નિવાસ
સદ્‌ભક્તોની કામના કરો પૂર્ણ હર ખાસ. ૨૩

સૂણી પ્રાર્થના એહવી ગજાસુરની ત્યાંય,
મૃડાનીશ[2] બોલે તદાઃ- હે ગજાસુર આંહ્ય ૨૪

નામ તાહરૂં ત્રિભુવને થવા પરમ વિખ્યાત,
ચર્મ તાહરૂં આજથી પ્હેરીશ હું સાક્ષાત્. ૨૫

તેમ સ્થાનમાં આ રહી, ભક્તકામના પૂર્ણ
કરીશ નિશ્ચયે જાણ તું; ગજાસુર ! તું તૂર્ણ ૨૬

ગરુડ નામનું લિંગ આ સ્થળે સ્થાપ સપ્રેમ;
ગરુડેશ્વરના નામથી થશે ખ્યાત એ તેમ. ૨૭

તારા આ ગજદેહની પડી કરોટી[3] જાણ
નર્મદાજળમાં અહીં, તે જ પુણ્યથી માન ૨૮

દિવ્ય દેહ તારો થઈ, મળ્યો લાભ આ એમ;
કરોટેશ્વર નામથી રેવાતટ પર તેમ ૨૯

લિંગ સ્થાપન કર સુધી ! સૂણી ગજાસુર એહ
ગરુડેશ્વર નામે કરે લિંગ એક સસ્નેહ ૩૦

સ્થાપન પર્વત પર તદા; બીજું રેવાતીર
કરોટેશ્વર નામથી સ્થાપે એહ સુધીર. ૩૧

ભોળાનાથ વદે ફરીઃ- સુણ ગજાસુર એક;
બે લિંગો આ ત્વત્કરે જેહ સ્થપાવ્યાં દેખ, ૩૨

દક્ષિણાભિમુખ તેમની બેસી જે પૂજન
કરશે ભાવે તેમને આપીશ ફળ તત્ક્ષણ. ૩૩

શુક્લ કૃષ્ણ આઠમ અને ચતુર્દશીએ તેમ
ભાવે પૂજી બેઉ લિંગોને જે સપ્રેમ, ૩૪

કરશે જાગરણ તેમની પેઢી એકવીસ જાણ
ઉદ્ધરીશ હું નિશ્ચયે; સાંભળ તેમજ [4]આનઃ- ૩૫

નાભિ સુધી જળમાં અહીં રહી ખડો જળ માંહ્ય
કરશે તર્પણ પિતૃનું, તેના પૂર્વજ ત્યાંય ૩૬

લઈ જઈશ કૈલાસમાં; જમાડતાં ત્યમ એક
બ્રાહ્મણ આ સ્થળમાં નકી લાખ બ્રાહ્મણો દેખ ૩૭

જમાડવાનું પુણ્ય હું આપીશ એને જાણ;
તેમ હાડકાં જેહના નર્મદાજળે માન ૩૮

પડશે આ સ્થાને તથા, તેને જ્યાં લગ તેહ
નર્મદામાં હાડકાં રે'શે નિઃસંદેહ ૩૯

ત્યાં લગ કૈલાસે લઈ જઈ રાખીશ સુખ માંહ્ય;
અંતે ઘર શ્રીમંતના આપી સુજન્મ ત્યાંય ૪૦

રાજ્યસૌખ્યનો પણ કરાવીશ અનુભવ તેમ;
અથવા જો નિષ્કામ એ હોય સંપૂર્ણ એમ, ૪૧

જ્ઞાન થકી વિદેહકૈવલ્ય કરાવીશ પ્રાપ્ત;
મા શંકા કર તું અહીં ગજાસુર હે આપ્ત ! ૪૨

બાંધી શિવાલય આ સ્થળે તીર્થમાહાત્મ્ય તેમ
સુણશે જે કો ભાવથી તેને હું સપ્રેમ ૪૩

કરી મુક્ત સહુ પાપથી, મત્સાયુજ્ય[5] સુજાણ
આપીશ અંતે જાણ તું સત્ય વાક્ય મુજ માન. ૪૪

સ્થાન ગજાસુર આજથી મારા ગણમાં તેમ
આપ્યું તુજને મુખ્ય જા !! કહી એમ સપ્રેમ ૪૫

થયા ગુપ્ત મહાદેવ ત્યાં; વિમાન માંહે ખાસ
ગજાસુરને એ તદા લઈ ગયા કૈલાસ. ૪૬

ગરુડેશ્વર સુક્ષેત્ર એ તે દિનથી નિર્માણ
થયું નર્મદાતટ વિષે ઉત્તરતીરે માન. ૪૭

કરોટેશ્વરના પૂર્વમાં નારદેશ્વર નામ
લિંગ મનોહર સંનિધે છે બીજું ત્યાં આમ; ૪૮

જે સ્થાને ગુરુમૂર્તિ એ સ્નાનસંધ્યાર્થ નિત્ય
જતા હતા; તેમજ અહીં ભક્તોને સપ્રીત્ય ૪૯

ભાષ્ય કથન કરતા પ્રભુ ! મહિમા તેનો એમ
કોણ વર્ણવે મુખ થકી ? તોએ સાંભળ તેમઃ- ૫૦

બ્રહ્મપુત્ર નારદ અહીં, થઈ વ્યાકુળ મન માંહ્ય
કરતા'તા તપ આ સ્થળે શાન્ત્યર્થે વરકાય. ૫૧

ભાવ શુદ્ધ એ એમનો જોઈ હરિહર એહ,
થઈ ઉભય પ્રસન્ન ત્યાં વદે એમને તેહઃ- ૫૨

સનત્કુમાર મહર્ષિને જા શરણે હે બાળ !
થશે જ્ઞાનપ્રાપ્તિ તહીં નિષ્કલંક નિર્ધાર. ૫૩

દુઃખશોક આ એ થકી થશે નષ્ટ તત્ક્ષણ;
થયા ગુપ્ત શિવ વિષ્ણુ ત્યાં બોલી એમ વચન. ૫૪

પછી નારદે તે સ્થળે નારદેશ્વર નામ
કર્યું લિંગ સ્થાપન અહીં નર્મદાતટે આમ. ૫૫

સનત્કુમારને જઈ શરણ તે પછી ખાસ,
આત્મજ્ઞાન તણી કરી પ્રાપ્તિ તેમની પાસ. ૫૬

૧. ધારણ કરવું તે. ૨. પાર્વતીપતિ. ૩. ખોપરી. ૪. બીજું. ૫. મારી (બ્રહ્મસ્વરૂપની) સાથે જોડાઈ જવું તે.

નારદેશ્વરની અહીં કરશે પૂજા જેહ,
પૂર્ણકામ એ શિવપદે જાશે નિઃસંદેહ. ૫૭

બેસી આ સુસ્થળ વિષે કરતાં શાસ્ત્રાભ્યાસ
અથવા યોગાભ્યાસ, એ થશે સિદ્ધ દ્રુત[1] ખાસ. ૫૮

એવું અનુપમ સ્થાન આ, માટે ગુરુવર તેમ
રહ્યા આવીને તે સ્થળે જાણ શિષ્ય સપ્રેમ. ૫૯

હતા શ્રીગુરુ જ્યાહરે ગરુડેશ્વરમાં જાણ,
શૃંગેરીમઠથી તદા દર્શનાર્થ ત્યાં માન ૬૦

સ્વામી બ્રહ્માનંદતીર્થ આવ્યા ભાવે તેહ;
તેમ તૈલંગદેશથી નિલૂરમઠપતિ એહ ૬૧

બ્રહ્માનંદસરસ્વતી !! સૂણી નિરંજન ત્યાંય
જોડી કર પૂછેઃ પ્રભો ! કહો કૃપા કરી આંહ્ય ૬૨

વૃત્ત ઉભય સ્વામી તણું, સ્થિતિ તેમની તેમ;
વદે અલખઃ- સુણ બાળ હે ! કહું કેટલું એમ ? ૬૩

શૃંગેરીમઠથી તથા આવ્યા જે યતિવર
સ્વામી બ્રહ્માનંદતીર્થ, જાતે એ દ્વિજવર ૬૪

હતા મહારાષ્ટ્રીય નકી; પૂર્વાશ્રમમાં એહ
પઢતાં અંગ્રેજી થયા પરીક્ષા મહીં તેહ ૬૫

એક સમે નાપાસ ત્યાં ! કંટાળીને તેમ,
કહ્યા વિના માબાપને ત્યાગી સદન[2] નિજ એમ; ૬૬

બ્રહ્મચર્ય પાળી સદા કરતા તીર્થાટન
બદિરકેદારાદિમાં ફરી એમ તત્ક્ષણ, ૬૭

આવ્યા બ્રહ્માવર્તમાં; તિહાં શ્રીગુરુ પાસ
આવતા'તા દર્શને નિત્ય ભાવથી ખાસ. ૬૮

જોઇ એમનો ભાવ એ, દક્ષિણદેશે તેમ
કહી જવા યાત્રામિષે શ્રીગુરુએ સપ્રેમ, ૬૯

કહ્યું:-ત્યાં જતાં સદ્‌ગુરુ મળશે તુજને જાણ
સિદ્ધ કાર્ય તારૂં તથા થશે નિશ્ચયે માન. ૭૦

સુણી વચન એ, પ્રેમથી ગંગાકાવડ એહ
લઇ પગે રામેશ્વરે ગયા ચાલતા તેહ. ૭૧

યાત્રા રામેશ્વર તણી કરી એમ સંપૂર્ણ
અર્પી કાવડ ત્યાં સુધી, પાછા ફરતાં તૂર્ણ ૭૨

તુંગભદ્રાને તટે શૃંગેરીમઠ માંહ્ય
આવી જગદ્‌ગુરુ સ્વામીને જોતાં લાગ્યું ત્યાંય, ૭૩

કે યતીશ્વર એ નકી ગુરુમૂર્તિ સાક્ષાત્
વાસુદેવાનંદ સરસ્વતી જ વિખ્યાત. ૭૪

દર્શનથી દુઃખ ભાગિયું, થયો આનંદ તેમ;
નિવાસાર્થ જગ્યા તહીં મળી ન તોએ એમ. ૭૫

સ્હામે તીરે તુંગભદ્રાના તેથી એક
જગદ્‌ગુરુની ધ્યાનની હતી જગા જ્યાં દેખ, ૭૬

તેની પાસ શિવાલયે કર્યો એમણે વાસ;
રહી તિહાં ગાયત્રીનો કરે જાપ એ ખાસ. ૭૭

પાસે દ્રવ્ય મળે નહીં; બે કૌપીન વિણ તેમ
અન્ય વસ્ત્ર રહ્યું નહીં; દ્રવ્ય વસ્ત્ર વિણ એમ ૭૮

રહે અકિંચન એ તિહાં ! જલપાનાર્થે એક
તુંબીપાત્ર હતું કને ફાટ્યુંતૂટ્યું દેખ ૭૯

વસ્ત્ર મધુકરી લાવવા, એજ સામાન સર્વ !
એવી વિરક્ત વૃત્તિથી સેવે એ શ્રીશર્વ ! ૮૦

તુંગભદ્રાને આ તટે ભિક્ષા માટે ખાસ
બેસી નાવમાં ગામમાં જવા દ્રવ્ય ના પાસ. ૮૧

માટે મધ્યાહ્ને સદા તુંગભદ્રા મહાન
તરી ગામમાં એ જતા ભિક્ષા માટે જાણ, ૮૨

માની અઘોરી એમને આપે અન્ન ન કોય !
એક જગદ્‌ગુરુ તણા અન્નછત્રમાં તોય ૮૩

મળે મૂઠીભર ભાત જે તે ઉપર ગુજરાન
કરે યુવાવસ્થા મહીં એહ મુમુક્ષુ માન !! ૮૪

મળે પેટભર અન્ન ના ભરજુવાની માંહ્ય;
તેથી શરીરમાં રહ્યાં માત્ર હાડકાં ત્યાંય. ૮૫

થતાં યોગ પ્રારબ્ધનો પૂર્ણ એહ દિન એક
જગદ્‌ગુરુએ એમને જોઇ તત્ક્ષણ દેખ, ૮૬

દયાર્દ્ર ચિત્તે એમને બોલાવ્યા નિજ પાસ;
પાસેના જન તે સમે જગદ્‌ગુરુને ખાસ ૮૭

જોડી કર બોલે તિહાં:- કે એ માણસ નાથ
અઘોરપંથી નિશ્ચયે દિસે અહીં સાક્ષાત્. ૮૮

વદે જગદ્‌ગુરુ એમને:- ભલે ગમે તે એહ
હોય પંથનો તોય પણ આવવા જ દો તેહ. ૮૯

એમ કહી પ્રેમે પુનઃ તેડે એને પાસ;
વદે જગદ્‌ગુરુ એહને પાસ આવતાં ખાસઃ- ૯૦

નામગામ શું તાહરૂં ? કરે રહી શું ત્યાંય ?
થયો દેહ કૃશ[3] કાં અતિ ? કહે સત્ય એ આંહ્ય. ૯૧

પ્રેમયુક્ત આચાર્યનું સુણી સુભાષણ એહ,
વદે ગળગળો થઇ તિહાં વિપ્ર વૃત્ત નિજ તેહ. ૯૨

૧. સત્વર. ૨. ઘર. ૩. સૂકાઇ ગએલો.

સાદ્યંત વૃત્તાંત એ કહી જન્મથી તેમ,
કહેઃ- ન શૃંગેરી મહીં મળી જગા આ એમ ૯૩
રે'વા મુજને નાથ હે ! તેથી નિત્ય દયાળ
સ્હામે તીરે તુંગભદ્રાની આ નિર્ધાર ૯૪
રહી, શિવલિંગ પર કરી રુદ્રાભિષેક તેમ
કરૂં જાપ ગાયત્રીનો યથાશક્તિ સપ્રેમ. ૯૫
નિત્ય તરીને આ તટે આવું કૃપાનિધાન;
ગામ મહીં પણ ના મળે મને એક કણ ધાન. ૯૬
મળે આપના અન્નક્ષેત્રે મૂઠી જે ભાત,
તે પર કાળ ક્રમું અહીં, જગદ્ગુરો હે તાત ! ૯૭
પેટપૂરતું ના મળે ખાવા અન્ન દયાળ;
તેથી શરીર આ દિસે ક્ષીણ એમ નિર્ધાર. ૯૮
સૂણી વચન એ વિપ્રનાં, દ્રવ્યા ચિત્તમાં તેહ
જગદ્ગુરુ અતિશે તિહાં કરુણ વૃત્તથી એહ. ૯૯
અન્નછત્ર પર કારભારી હતો જે તેમ
બોલાવીને તેહને વદે તત્ક્ષણે એમઃ- ૧૦૦
થઇ સ્થાપના મઠ તણી ત્યારથી જ જે આંહ્ય
અભ્યાગત માટે કરી આપ્યા નિયમો ત્યાંય, ૧૦૧
કાં ઉલ્લંઘન તેમનું કરતાં ડરો ન એમ ?
પેટપૂરતું અન્ન આપો ના સહુને કેમ ? ૧૦૨
મૂઠીભર ભાતે તથા ચાલે કેમ શરીર ?
અન્ન વિના દ્વિજ આ જુઓ થયો ક્ષીણ અતિધીર ! ૧૦૩
કોને પાતક એહનું ? જગદ્ગુરુનાં એહ
સુણી વેણ એ કારભારી સહ બીજા તેહ ૧૦૪
થઇ સુલજ્જિત અંતરે ભાળે નીચું જાણ !
પછી જગદ્ગુરુ વિપ્રને વસ્ત્રપાત્રાદિ માન ૧૦૫
આપી સ્નેહે ત્યાં કહેઃ- આજ થકી મુજ પાસ
કર નિવાસ તું હે સુધી ! આજ્ઞા સમાન ખાસ, ૧૦૬
જગદ્ગુરુની સન્નિધે રે'વા લાગ્યા એહ;
સદ્વર્તન ને સદ્ગુણો જોઇ એમના તેહ, ૧૦૭
એક દિવસ આચાર્ય એ બોલે સ્વયં મહાનઃ-
બ્રહ્મચારી હે ! તું હવે લે સંન્યાસ સુજાણ; ૧૦૮
જેથી બાહ્ય ઉપાધિનો થાતાં સર્વ વિનાશ,
આત્માનાત્મવિચારમાં થશે સુલભતા ખાસ. ૧૦૯
આચાર્યાજ્ઞાથી તદા લઇ એમણે તેમ
દીક્ષા આ સંન્યાસની, લીધો દંડ પણ એમ. ૧૧૦
બ્રહ્માનંદતીર્થ યોગપટ્ટ રાખીને જાણ,
પ્રાણાયામાદિક સ્વયં જગદ્ગુરુએ માન ૧૧૧
શીખવ્યાં ત્યાં એમને; તે સમ એ અભ્યાસ
કરતા'તા એનો તિહાં; આગળ પોતે ખાસ ૧૧૨
જગદ્ગુરુએ એમને કહ્યું એક દિન ત્યાંયઃ-
ઉપનિષદાદિક ભાષ્ય હું સંભળાવું છું આંહ્ય. ૧૧૩
માટે ધ્યાન દઇ તમે કરો નિત્ય શ્રવણ;
જગદ્ગુરુનાં એહવાં સુણી ત્યાંય વચન, ૧૧૪
બ્રહ્માનંદયતિ આ વદેઃ- ભગવન્ ભાષ્યે એહ
શી રીતે મમ બુદ્ધિની ગતિ ચાલશે તેહ ? ૧૧૫
બોલે જગદ્ગુરુ તદાઃ-કરો ન ચિંતા તેમ;
નિત્ય ભાષ્ય સૂણો, પછી જુઓ થાય છે કેમ. ૧૧૬
કહી એમ જગદ્ગુરુ, પૂર્ણકૃપાથી જાણ
ભાષ્ય સૂણાવે એમને ! આપી યથાર્થ ધ્યાન ૧૧૭
સૂણતાં બ્રહ્માનંદ આ, ધીમે ધીમે તેમ
થઇ ભાષ્યમાં એમની ગતિ નિશ્ચયે એમ. ૧૧૮
કરી હસ્તગત જ્ઞાન એ બીજાને પણ એહ
ભાષ્ય સૂણાવતાં, કરે લોકો વિસ્મય તેહ. ૧૧૯
આગળ જગદ્ગુરુ યદા સમાધિસ્થ એ થાય,
ત્યારે ગમે ન એમને શૃંગેરીમઠ માંહ્ય. ૧૨૦
તેથી બ્રહ્માનંદતીર્થ ફરતા ફરતા એહ
આવ્યા ગરુડેશ્વર મહીં શ્રીગુરુ પાસે તેહ. ૧૨૧
સાધનસંપન્ન એમને ગુરુકૃપાથી એમ
જોઇ, શ્રીગુરુમૂર્તિ એ સ્વયં વખાણે તેમ. ૧૨૨
વદે બ્રહ્માનંદતીર્થઃ-સ્વામી દત્ત દયાળ !
કૃપા આપની આ બધી; આપ તણું હું બાળ !! ૧૨૩
થતાં અનુગ્રહ સંતનો, રહે દુઃખ ના એમ;
સત્યસૌખ્ય નિશ્ચય મળે, હોય ભાવ જો તેમ. ૧૨૪
મૂગાને વાચા ફૂટે, ચઢે પંગુ ગિરિ તેહ !
સુપાત્ર બ્રહ્માનંદ તો ગુરુકૃપાથી એહ ૧૨૫
થયા મોક્ષાધિકારી ત્યાં ના આશ્ચર્ય વિશેષ;
કૃપાકટાક્ષે સંતના જાય સમૂળા કલેશ ! ૧૨૬
બ્રહ્માનંદસરસ્વતી નિલૂરમઠના જેહ,
પૂર્વાશ્રમમાં ઇજનેર ખાતા માંહે તેહ ૧૨૭
હતા મોહટા સ્થાન પર; બસો રુપૈયા તેમ
દર મહિને મળતા હતા તિહાં તેમને એમ. ૧૨૮
જુવાનીમાં સ્ત્રી એમની મરી જતાં તત્કાળ
રાજનોકરી છોડીને કરે એહ વિચારઃ- ૧૨૯
નશ્વર એહ શરીરને શાને ઉપાધિ એમ ?
આ જ ખટપટો જિંદગી સુધી કરીશું તેમ, ૧૩૦

પશ્ચાત્તાપ થશે પછી અંતકાળમાં આંહ્ય;
જન્મમરણની યાતના ચૂકશે ન કદિ ત્યાંય. ૧૩૧

એવો વિચાર કરી ગ્રહે તત્ક્ષણ એ સંન્યાસ;
પશ્ચાત્તાપ સ્વપાપનો થઇ અંતરે ખાસ, ૧૩૨

નિવારણાર્થે એ પીઇ એક વરસ લગ એહ
કેવળ ગોમૂતર અહીં, કરે તપસ્યા તેહ. ૧૩૩

પૂર્ણ નિષ્કામ અંતરે કરી તપસ્યા એમ,
આવ્યા તીર્થે વિચરતા ગરુડેશ્વરમાં તેમ. ૧૩૪

શ્રીગુરુદર્શનથી થયા પાવન તત્ક્ષણ આંહ્ય;
સેવામાં તત્પર તથા રે'તા એહ સદાય. ૧૩૫

ગરુડેશ્વરમાં જ્યાહરે હતા શ્રીગુરુ એમ,
લાખો લોકો દર્શને નિત્ય આવતા તેમ. ૧૩૬

લીલા ત્યાંની કો કહે ? વર્ણવતાં ના પાર
આવે કલ્પ સુધી, સુધી ! વધે ગ્રંથ અનિવાર. ૧૩૭

ભક્ત ચતુર્વિધ દર્શને આવે નિતનિત એમ;
થાય મહોત્સવ રોજ ને સમારાધના તેમ. ૧૩૮

એક પારસી એકદા પિશાચપીડિત જાણ
દર્શનાર્થ શ્રીગુરુ તણા આવ્યો ભાવે માન. ૧૩૯

જોઇ એહને શ્રી વદેઃ- આવ્યો અહિંયાં કેમ ?
જા સત્વર પાછો ગૃહે ! વદે પારસી તેમ ૧૪૦

કરી દંડવત્ઃ- ગુરુપદે છે વિજ્ઞપ્તિ એક;
જિંદ એક મુજને સદા આપે દુઃખ અનેક. ૧૪૧

માટે આવ્યો છું અહીં દર્શન માટે દેવ;
કૃપા કરી મારૂં હરો દુઃખ એહ તતખેવ. ૧૪૨

ઘેર જિંદ એ ગ્રાસ પણ ના ખાવા દે અન્ન;
આવી કાલે આ સ્થળે કરી ભવદર્શન, ૧૪૩

ખાધું થોડું અન્ન ત્યાં નાવ્યું પિશાચ એહ;
રહ્યું અન્ન એ પેટમાં ! માટે નિઃસંદેહ ૧૪૪

આપ ખુદાતાલા સ્વયં, પરમેશ્વર સાક્ષાત્;
ક્યાં જાવું બીજે હવે ? લો શરણે હે તાત ! ૧૪૫

પિશાચપીડા માહરી હરો દત્ત ભગવંત
સૂણી શ્રીગુરુ ઓચરે;- ના હું ઈશ્વર હન્ત ! ૧૪૬

બ્રહ્માંડે વ્યાપક બધે તે જ ખુદા છે એક;
રક્ષે એજ બધાંયને; માટે સત્વર દેખ ૧૪૭

જઇ ઘેર કર બંદગી એહ ખુદાની જાણ !
વારંવાર કહે તથા; તોય પારસી માન ૧૪૮

ખસે ન ત્યાંથી એક ડગ, ત્યજે ન નિગ્રહ તેમ;
જતાં દિવસ કંઇ એમ ત્યાં, જોઇ નિશ્ચય એમ ૧૪૯

પારસીનો એ તદા બોલે ગુરુવર એહ
દ્રવી ચિત્તમાંઃ- જા અરે ! મા કર ઉર સંદેહ. ૧૫૦

ગયું પિશાચ આજથી, થશે ન પીડા તેમ !!
કહી એમ એને કરે મુક્ત તિહાં સપ્રેમ. ૧૫૧

જોઇ શ્રદ્ધા સંકટો હરે ભક્તનાં જાણ;
નાસ્તિકને આસ્તિક કરે એમ કૌતુકે માન. ૧૫૨

વડોદરાથી દક્ષણી બ્રાહ્મણની સ્ત્રી એક
આવી'તી ત્યાં દર્શને ગરુડેશ્વરમાં દેખ. ૧૫૩

મુકામના સ્થાને મૂકી પુત્ર એકલી એહ,
ચાલી શ્રીગુરુદર્શને ઉમંગથી અતિ તેહ. ૧૫૪

હતી રજસ્વલા તદા; થઇ સુસ્નાત તેમ
ચોથે દિવસે શ્રી કને આવી સત્વર એમ. ૧૫૫

કરી દર્શન સદ્ભાવથી, લઇ ચરણામૃત જાણ
આવી મુકામ પર તથા; ત્યાં તો કુમાર માન ૧૫૬

મળે ન ક્યાંએ એ સ્થળે ! ચિંતાતુર થઇ એમ
કરી શોધ થાકી બધે, લાગી ભાળ ન તેમ. ૧૫૭

તેથી શોકાકુલ થઇ રડવા લાગી તેહ !!
શ્રીગુરુમૂર્તિએ યદા જાણી હકીકત એહ; ૧૫૮

ત્યારે એ સ્ત્રીને તહીં બોલાવીને જાણ,
કહે શ્રીગુરુ એહનેઃ- થયો અપરાધ માન ૧૫૯

તારાથી કંઇ દેવનો; માટે શોધ ન ક્યાંય
લાગે તારા પુત્રની ! બોલ સત્ય તું આંહ્ય. ૧૬૦

વદે એહઃ- હું ઋતુમતી, થયા આજ દિન ચાર;
કરી સ્નાન આવી અહીં દર્શનાર્થ નિર્ધાર. ૧૬૧

સૂણી વચન શ્રીગુરુ વદેઃ-દ્વિજકન્યા તું એમ;
જાણી અપરાધ દેવનો કર્યો મૂર્ખવત્ કેમ ? ૧૬૨

રજસ્વલાએ પાંચ દિન થાતાં સ્નાનોત્તર
જવું દર્શને દેવના, જાણે એહ સકળ. ૧૬૩

તોય ભૂલ આ કાં કરી ? માટે દેવની પાસ
માગ ક્ષમા અપરાધની, ઘસી નાક ત્યાં ખાસ. ૧૬૪

ખોવાએલો છોકરો જડશે સત્વર તેમ;
પશ્ચિમ દિશા મહીં હશે, શોધ જઇ ત્યાં એમ. ૧૬૫

એમ કહી ઊઠી સ્વયં ચાલ્યા પશ્ચિમ માંહ્ય;
શૂદ્ર એક એ છોકરાને તેડીને ત્યાંય ૧૬૬

એ પાસેથી આવતો દેખી ગુરુવર તેહ
પૂછે એનેઃ- છોકરો આણ્યો ક્યાંથી એહ ? ૧૬૭

વદે એહઃ- માર્ગે જડ્યો; આણ્યો ત્યાંથી દેવ !
સૂણી વચન એ શૂદ્રને શ્રીગુરુ ત્યાં તતખેવ ૧૬૮

સ્ત્રી પાસેથી રુપીઓ એક અપાવી એહ,
આવી સ્થાન પર છોકરાને પૂછે સસ્નેહઃ- ૧૬૯

ક્યાં રમતો'તો બાળ હે ? કોણ લઈને તેમ
ગયું હતું તુજને તહીં ? વદે છોકરો એમઃ- ૧૭૦

જટાધારી કો આવીને આપી બઉઓ દેવ
લઇ ગયો'તો ત્યાં મને ! સૂણી એહ તતખેવ, ૧૭૧

થઇ ચકિત આશ્ચર્યથી સર્વ મંડળી જાણ
કહેઃ-માન ના માન પણ એહ દત્ત ભગવાન !! ૧૭૨

આજ્ઞા ત્યાંથી શ્રીગુરુ કરે સર્વને તેમ;
ભૂલ હવે પછી કોઇએ ના કરવી કદિ એમ. ૧૭૩

શુચિર્ભૂતપણે સદા જવું દેવની પાસ;
નહિ તો ઉપાધિ એહ પર એમ આવશે ખાસ. ૧૭૪

ચમત્કાર એવા કંઇ કીધા અપરંપાર
ગરુડેશ્વરમાં ગુરુવરે; કે'તાં નાવે પાર ! ૧૭૫

હતા તિહાં જ્યારે પ્રભુ, ત્યારે સુભક્ત એહ
દત્તમૂર્તિ આણી કરે અર્પણ ગુરુને દેખ. ૧૭૬

દત્તાજ્ઞાથી એહની કરી પ્રતિષ્ઠા ત્યાંય,
પૂજાક્રમાદિ સર્વને વદે એમ ગુરુરાયઃ- ૧૭૭

પ્રાતઃસ્મરણ સ્હવારમાં કરી નિત્ય સપ્રેમ,
કરી મંગલાઆરતી પછી નિયમથી તેમ; ૧૭૮

પંચામૃતથી દેવને સ્નાન કરાવી આંહ્ય,
રુદ્રપવમાન સૂક્તથી કરવો અભિષેક ત્યાંય. ૧૭૯

ષોડશોપચારે પછી કરવું પૂજન તેમ
ગંધપુષ્પતુલસીશમીત્યાદિક અર્પી એમ. ૧૮૦

અથવા રાજોપચારથી કરી તેમ પૂજન
મધ્યાહ્ને પંચોપચાર અર્પણ કરી તત્ક્ષણ, ૧૮૧

નૈવેદ્યાદિક અર્પીને કરવી આરતી તેમ;
સાયંકાલે પંચપદી કરી એમ સપ્રેમ, ૧૮૨

પાન આરતી મંત્રપુષ્પાંજલિ અર્પી ત્યાંય
શયનઆરતી તે પછી કરવી એમ સદાય. ૧૮૩

ભજનપૂજનાદિક તણી લીલા એવી જાણ
જોતાં ગરુડેશ્વર મહીં, તુચ્છ વૈકુંઠ માન ! ૧૮૪

આવે ટોળાં નિત નવાં, થાય વિપ્રભોજન;
અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત ચિદ્‌ઘન ૧૮૫

એવી અખંડ ગર્જના થાએ ચારેપાસ;
અષ્ટ સિદ્ધિ નવ નિધિ ભરે પાણી ગુરુપદ પાસ !! ૧૮૬

થઇ કીર્તિ ભૂમંડલે, ઠરવા ના દે લોક;
જોઇ એવું એ કરે વિચાર પુણ્યશ્લોક ૧૮૭

લેવા સમાધિ અંતરે ! થતાં એમ સંકલ્પ,
એકાએક શ્રીની થઇ અસ્વસ્થ પ્રકૃતિ અલ્પ !! ૧૮૮

હતો માસ વૈશાખ એ ! ભૃગૃક્ષેત્રથી તેમ
ગાંડાને બોલાવીને કરે શ્રીગુરુ કેમ, ૧૮૯

આગળ અનુસંધાન એ સકળવિઘ્નહર જાણ;
શ્રવણે **રંગ** રહે નહીં જન્મમરણભય માન !! ૧૯૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે ગરુડેશ્વરમાહાત્મ્યવર્ણનં નામ ષટ્ચત્વારિંશદધિકશતતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૪૬ ॥ દોહરા ૧૯૦

## અધ્યાય ૧૪૭

અલખ કહેઃ- ગાંડાબુવાને બોલાવી ત્યાંય
વદે શ્રીગુરુઃ- ના હવે દેહ ભરોસો આંહ્ય. ૧

માટે મૂર્તિ આ જઇ વાડી માંહે તેમ,
અથવા ગાણગાપુર મહીં મૂકી આવ તું એમ. ૨

અથવા કોઇ સુભક્તને બોલાવીને એહ
અર્પણ કર; નિશ્ચય હવે ના રે'શે આ દેહ. ૩

ત્યાં તો રાતે દેવનો થયો દૃષ્ટાંત ત્યાંયઃ-
લીલા મારે છે હજી કરવી આંહ્ય સદાય. ૪

માટે શ્રદ્ધાવંતને કહો તમે મંદિર
બાંધવાને આ સ્થળે, ભક્તરાજ હે ધીર ! ૫

વાડી ગાણગાપુર થકી વિશેષ મહિમા તેમ,
સ્થાન તણો આ જામશે ધીમે ધીમે એમ. ૬

માનો નિશ્ચય આ તમે; માટે મૂર્તિ એહ
રાખી અહીં પૂજાદિની કરો વ્યવસ્થા તેહ. ૭

એમ કહી મૂર્તિ મહીં થયા ગુપ્ત ભગવાન !
સ્હવારમાં મૂર્ત્યર્થ જ્યાં ગાંડો જાય સુજાણ, ૮

આજ્ઞા ત્યાં શ્રીદત્તની કથે ભક્તપ્રતિપાળ;
સૂણી એહ ગાંડો યથા લહે ન શ્રી નિર્ધાર ૯

કરી મંદિરાર્થે તદા એક વિનંતિપત્ર
કહે સર્વનેઃ- ભક્તજન આવનાર જે અત્ર ૧૦

દરેકને તે પત્ર આ બતાવવો જઇ ખાસ;
પાઇ પણ ના કોઇની કદિ માગવી પાસ. ૧૧

જોતાં અક્ષર માહરા, નહીં કરે સંદેહ
કોઇ પણ આ વાતમાં; થઇ રે'શે સહુ તેહ. ૧૨

કરી વ્યવસ્થા એહવી અંદરઅંદર તેમ,
ભક્તમંડળી શ્રી કને આવીને સપ્રેમ ૧૩

પ્રાર્થે કે આ પ્રકૃતિ સુધારવાને આંહ્ય
કરવો દીનદયાળ હે ઘટે કાંઇ ઉપાય. ૧૪

સૂણી એહ શ્રીગુરુ વદેઃ- એક દેવ વિણ અન્ય
સમર્થ બીજો કોણ છે ? હું તો દાસ અનન્ય ૧૫

સર્વવ્યાપી સર્વજ્ઞ એ દત્તદેવ છે પાસ;
એ વિણ બીજો વૈદ્ય ના જાણું સ્વપ્ને ખાસ. ૧૬

આજ્ઞા વિણ એની કરૂં ઓસડ કોનું કેમ ?
એમ કહી શરપંજરે ભીષ્માચાર્યે જેમ, ૧૭

**શ્લોક :-** પૂર્વદેહે કૃતા યે મે વ્યાધયઃ પ્રવિશન્તુ મામ્ ।
અર્દયન્તુ ચ માં દુઃખાન્યુત મે પ્રતિમુચ્યતામ્ ॥ ૧ ॥

અનુધ્યેયોઽસિ મે દેવ ન મે જન્મ ભવેત્પુનઃ ।
અસ્માદ્ બ્રવીમિ કર્માણિ ઋણં મે ન ભવેદિતિ ॥ ૨ ॥

ઉપતિષ્ઠન્તુ માં સર્વે વ્યાધયઃ પૂર્વસંચિતાઃ ।
અનૃણો ગન્તુમિચ્છામિ તદ્વિષ્ણોઃ પરમં પદમ્ ॥ ૩ ॥

કહ્યું હતું આ સર્વને; બોલી બતાવી તેહ
કહે સર્વનેઃ- કે હવે કોઇએ પણ દેહ- ૧૮

સંબંધી આ વાત ના કરવી મારી પાસ;
ઓસડ લેવા તેમ ના કે'વું કદિએ ખાસ. ૧૯

દત્ત દત્ત કરો બધા, છે મુજને આનંદ !
એમ કહી ખડ ખડ હસે ગુરુવર એ સ્વચ્છંદ !! ૨૦

સમર્થ માયાતીત જે નિર્વિકાર સદાય,
લોકોદ્ધારાર્થે થયો જેહ અવતીર્ણ આંહ્ય; ૨૧

મોહશોક ક્યાંથી નડે તેને કદિએ એમ,
દેહે વિદેહી જે સદા સ્વાનંદઘન તેમ ? ૨૨

નશ્વર દેહે જે સદા ઉદાસીન નિર્ધાર,
કૃપાકટાક્ષે પ્રેતને ઊઠાડે તત્કાળ; ૨૩

ઇચ્છામાત્રે નિમિષમાં કરે દેહ ધારણ,
જેવો ને તેવો જ જે સદા સભર પૂરણ; ૨૪

વધે ઘટે ના સર્વથા, રહ્યો વ્યાપી બ્રહ્માંડ
તેને ઓસડ કોણ દે, વેદ જેહના ભાંડ ? ૨૫

થઇ તુરત બેઠા તદા હોય નિરામય જેમ,
તેજ રાતરે એ વદે ગાંડાને સપ્રેમઃ- ૨૬

બગડયું શરીર તાહરૂં જે દિનથી અત્યંત,
તે દિનથી તે આજ લગ ના સુધર્યું એ હન્ત. ૨૭

માટે રહીશ જો અહીં, થઇશ વધુ બિમાર;
સેવા માટે તાહરી પુનઃ અહીં નિર્ધાર ૨૮

માણસ બીજું જોઇશે ! માટે જા સત્વર
ભૃગુક્ષેત્રમાં તું સુધી !! શ્રીગુર્વાજ્ઞોત્તર ૨૯

સૂણી એહ સ્હવારમાં ગાંડો સત્વર તેમ
શ્રીગુરુચરણે દંડવત્ કરી વદે સપ્રેમઃ- ૩૦

વંદી આજ્ઞા આપની જાઉં છું ગુરુનાથ;
તોય વિનંતિ દાસની સૂણો દત્ત સાક્ષાત્ ૩૧

છોડી પુત્રને, માત હે ! જશો એમ નિર્ધાર
દેખાએ પ્રત્યક્ષ આ; લેશે કો સંભાળ ૩૨

અજ્ઞાની આ બાળની તમ વિણ હે માબાપ ?
જાઉં શરણ કોને હવે ? કોણ નિવારે તાપ ? ૩૩

દત્તપ્રભુએ ત્યાહરે સ્વયં દાસને ત્યાંય
અર્પી ખોળામાં કહ્યુંઃ- કાલે સ્હવાર માંહ્ય ૩૪

જે કોઇ આવી કરે તને દંડવત્ જાણ
સોંપી માથું ચરણમાં, તેની તારે માન ૩૫

લેવી સંભાળ ત્યારથી, તને છોડીને એહ
રે'શે ના અન્યત્ર જો; ઠેઠ સુધી પણ તેહ ૩૬

કાર્ય સર્વ જે તાહરૂં થશે એહને હાથ !!
અન્ય દિને શ્રીસંનિધે આવતાંજ સાક્ષાત્, ૩૭

દર્શનથી દુખ ભાગિયું; ભૂલ્યો સર્વ ત્રિતાપ;
પુનઃ દુઃખસાગર મહીં ડૂબ્યો આજે બાપ ! ૩૮

કો બહાર કાઢે હવે ? ખડો દૈવપ્રતિબંધ !!
સપડાતાં એ બંધને, છૂટે કોણ જ હન્ત ? ૩૯

તે સમયે આ દાસની લેજો મા! સંભાળ;
અહંતામમતાથી તથા કરો મુક્ત તત્કાળ. ૪૦

સેવા નિત્ય શરીરથી લેજો આ ગુરુનાથ;
પુનઃ માતૃગર્ભે કદિ ના મોકલશો તાત. ૪૧

કૃપાદૃષ્ટિ રાખી સદા કરજો રક્ષણ તેમ;
મા વિસારશો દાસને પ્રાર્થું અનન્ય તેમ; ૪૨

વિદેહકૈવલ્ય બાળને દેજો અંતે ત્યાંય;
ગુરુસ્વરૂપે એકરસ કરી રાખજો આંહ્ય !! ૪૩

સૂણી વચન ગાંડા તણાં, બોલે ગુરુવર એમઃ-
વત્સ ! માગણી તાહરી કરશે પૂરણ તેમ ૪૪

દત્તાત્રેય દયાનિધિ યોગિજનવિશ્રામ;
રે' નિશ્ચિત સદા હૃદે, મારી આશિષ આમ. ૪૫

કીધી સેવા દત્તની રહી માહરી પાસ;
તેજ રૂપ માની સદા પિતાસ્વામીને ખાસ, ૪૬

કરજે સેવા તેમની એકભાવથી તેમ;
થઇ મુક્ત તદ્ઋણ થકી, કરી અંતમાં એમ ૪૭

આરાધના તું તેમની, લેજે પછી સંન્યાસ;
થઇ મુક્ત સંબંધથી સઘળા માયિક ખાસ, ૪૮

દૂર દેશમાં વિચરજે યથાપ્રારબ્ધ તેમ;
બેઠો છું હું તાહરા સતત હૃદયમાં એમ. ૪૯

દેહભાવ છોડી બધો આત્મભાવથી આંહ્ય
થઇ એકરસ મત્સ્વરૂપે રે'જે સદાય !! ૫૦

એમ કહી મસ્તક વિષે મૂકી અભયકર જાણ,
આપી પ્રસાદ પ્રેમથી ગાંડાને ત્યાં માન ૫૧

દે આજ્ઞા જાવા તણી ! કરી દંડવત્ તેમ,
'માતા જોજે બાળને' કહી એમ સપ્રેમ, ૫૨

ગાંડાબુવા ભરૂચમાં આવી રહ્યા તત્કાળ;
આજ્ઞા સમ શ્રીગુરુ તણી, સમાધિસ્થ નિર્ધાર ૫૩

થતાં પિતાસ્વામી કરી તદારાધના એહ
લઇ સંન્યાસ દક્ષિણે પહોંચ્યા સત્વર તેહ. ૫૪

વિચરી સ્વેચ્છાએ તિહાં કરતા જનકલ્યાણ,
અમર નામના મેળવી ગોદાતીરે જાણ ૫૫

સમાધિસ્થ★ અંતે થઇ ગુંજગ્રામે તેમ,
થયા એકરસ ગુરુપદે અખંડ આખર એમ ! ૫૬

ગાંડા સમ ગુરુભક્ત ના દીઠો બીજો ક્યાંય;
જાઉં વારી તન્નામ પર, વંદન કરૂં સદાય !! ૫૭

ગરુડેશ્વરથી જ્યાહરે લઇ ગુર્વાજ્ઞા તેમ,
ભૃગુક્ષેત્રમાં આવવા નીકળ્યો ગાંડો એમ; ૫૮

અન્ય મંડળી ત્યાહરે જાતાં શ્રીગુરુ પાસ,
મંદિર માટેનો તહીં વિનંતિકાગળ ખાસ ૫૯

જોઇ શ્રીગુરુ ઓચરેઃ-શાની લખણી એહ ?
સૂણી સર્વજન એ વદેઃ-ગાંડાબુવાએ તેહ, ૬૦

કાલે બહાર જ્યાહરે ગયા હતા પ્રભુ તેમ
કરી શરૂ ત્યારે અહીં મંદિર માટે એમ. ૬૧

દેખી એહ શ્રીગુરુ વદેઃ- નકી અક્ષરો એહ
ગાંડાનાજ દિસે અરે ! ના એમાં સંદેહ !! ૬૨

શું કરવું એનું હવે ? હતું મમ હૃદે એમઃ-
મમ સાન્નિધ્યે ના કશું થાય કાર્ય એ તેમ. ૬૩

નકી સંકલ્પ ન માહરો ગમ્યો દત્તને આંહ્ય;
માટે ગાંડાના હૃદે કરી પ્રેરણા ત્યાંય, ૬૪

કાર્ય કરાવ્યું આ અહીં વિના વિલંબે એમ !
તોએ મેં જાણ્યું નહીં, થાય આશ્ચર્ય તેમ !! ૬૫

જે જે એના મન મહીં આવે તે તે તેમ
જાણું પ્રથમ હું; આજ આ બન્યું આહવું કેમ ? ૬૬

ગાંડાને મદ્રૂપ સહુ માની નિઃસંદેહ,
કરો કાર્ય પૂરૂં હવે ઈશ્વરપ્રેરિત તેહ !! ૬૭

એમ કહી ઊઠી સ્વયં મંદિર માટે ત્યાંય
ખાતમુહૂરત તે સમે કરે એહ ગુરુરાય. ૬૮

વળતી વિચાર ચિત્તમાં કરે એમ નિર્ધારઃ-
ત્યાગી આ જડ દેહને, ભળું હવે તત્કાળ ૬૯

બ્રહ્મસ્વરૂપે નિશ્ચયે ! કરૂં અવતાર પૂર્ણ !!
એમ વિચારી દેવની સ્હામે બેસી તૂર્ણ ૭૦

ઉત્તરાભિમુખ, પ્રાણને આત્મસ્વરૂપે તેમ
શમાવીને, શ્રીદત્તના સ્વરૂપ માંહે એમ ૭૧

થયા લીન તત્ક્ષણ પ્રભુ ! જ્યોતિ મુખથી એક
તદા નીકળી મૂર્તિમાં ભળી દત્તની દેખ !! ૭૨

અમાસની એ રાતરી, આગળ પડવો ખાસ;
અઢારસો છત્રીસ શક, હતો જ્યેષ્ઠનો માસ. ૭૩

જેમ તપ્ત પાષાણ પર પડી જલબિંદુ જાય
ત્યાંજ સમાઇ, તેમ પ્રાણાદિક ચેતન માંહ્ય ૭૪

દીધાં સમાવી ગુરુવરે લોકદષ્ટિએ જાણ;
રહ્યા પૂર્ણ આકાશવત્ એ તો સઘળે માન. ૭૫

આષાઢ શુદ્ધ પ્રતિપદાએ બીજે દિને તેમ
યથાવિધિ શરીરનો કરી સંસ્કાર એમ, ૭૬

ગુણાનુવાદ ગાતા સહુ શ્રીગુરુના એ જાણ
ગયા ઘેર આનંદથી; સાંભળ શિષ્ય સુજાણ ! ૭૭

લૌકિકદષ્ટિએ થયા એમ ગુપ્ત ગુરુરાય;
તોએ ગરુડેશ્વર મહીં દિસે પ્રત્યક્ષ ત્યાંય. ૭૮

શ્રદ્ધા નિર્મળ હોય તો આવે પરચો તેમ;
લૌકિક ગમનાગમન એ આદિપુરુષમાં કેમ ? ૭૯

આષાઢ શુદ્ધ પ્રતિપદાએ પુણ્યતિથિ થાય;
આજે પણ લોકો હજારો દર્શનાર્થ જાય. ૮૦

ભક્તજનોએ મંદિરો બાંધ્યાં બે આગળ;
એક મહીં શ્રીદત્ત ને ભાષ્યકાર સદ્ગુર ૮૧

શંકરાચાર્ય ભગવાનની સરસ્વતી સહ જાણ
કરી સ્થાપના, અન્યમાં છે સમાધિસ્થાન. ૮૨

પૂજાદિકની છે વ્યવસ્થા ઉત્તમોત્તમ;
ઘાટ ધર્મશાળા વગેરે સાધન ઉત્તમ ૮૩

કર્યાં ભક્તલોકે હવાં યાત્રિક માટે જાણ,
જઇ હજારો દર્શને થાય કૃતકૃત્ય માન. ૮૪

સેવક વા યાત્રાળુએ અસત્યાદિ દુર્ગુણ
ત્યજી, શુદ્ધભાવે સદા કરવું જાણ પૂજન. ૮૫

★ સં. ૧૯૮૫ ના ફાગણ વદ બારસે.

સેવાર્થે રે'નાર જે તેણે સ્હવાર માંહ્ય
ઊઠી દેવસ્થાનમાં વાળીઝૂડી ત્યાંય. ૮૬

લીંપી આછું ભોંય પર મંદિર આગળ જાણ
રંગવલ્લ્યાદિ કાઢવાં સદા ભાવથી માન. ૮૭

સ્નાનસંધ્યાદિક કરી શુચિર્ભૂત થઇ તેમ,
નિયમો સમ ત્યાંના પછી કરવું પૂજન એમ. ૮૮

સ્વૈરવર્તન ન કોઇએ કરવું કદિએ જાણ;
થાય અવકૃપા દેવની નહિ તો નિશ્ચય માન. ૮૯

યાત્રાર્થીએ અનસૂયામાતાનાં દર્શન
કરી, વ્યાસશુકદેવને કરી તેમ વંદન, ૯૦

ઔરસંગમે ભાવથી કરવું તીર્થસ્થાન;
ચંડતીર્થમાં વંદીને શેષશાયી ભગવાન. ૯૧

કર્નાળીમાં સોમનાથ અગ્નિતીર્થ કુબેર-
આદિ દેવદર્શન કરી લગાડતાં ના દેર, ૯૨

હનુમંતેશ્વર કુંભનાથાદિક સ્થાને તેમ
દર્શન કરી સદ્‌ભાવથી જવું તિલકેશ્વર એમ. ૯૩

સ્નાન કરી મણિસંગમે, નમી મણિનાગેશ્વર
જવું પરમ ઉત્સાહથી ત્યાંથી ગરુડેશ્વર. ૯૪

ક્ષૌર અને ઉપવાસ ત્યાં કરી પ્રથમ દિન જાણ;
તીર્થશ્રાદ્ધ બીજે દિને કરવું તે જ પ્રમાણ. ૯૫

મહાપૂજન ત્રીજે દિને કરી દત્તનું તેમ,
ગરુડેશ્વર ને નારદેશ્વર કરોટી એમ ૯૬

પૂજી સદ્‌ભાવે જવું નર્મદા પર તત્ક્ષણ;
કરી તીર્થપૂજન કરાવવું બ્રાહ્મણભોજન. ૯૭

તીર્થ ભભૂતિ દેવની લઇ પ્રેમથી જાણ,
સકળ દેવને વંદીને જવું પછી સ્વસ્થાન. ૯૮

રુદ્રપવમાનાદિક થકી કરે અભિષેક જેહ
અહીં દેવ પર તેહનાં પાતક સંચિત જેહ, ૯૯

થાય ખાખ તે ક્ષણ મહીં; પામી પુણ્ય મહાન
થાય કૃતકૃત્ય આખરે બ્રાહ્મણ એહ સુજાણ. ૧૦૦

ગાયત્ર્યાદિકનું કરે પુરશ્ચરણ સપ્રેમ,
થાય કામના તેહની સિદ્ધ તત્ક્ષણે તેમ. ૧૦૧

દત્તમંત્રજાપે બળે સંચિત ને ક્રિયમાણ;
થાય સર્વાર્થસિદ્ધિ ને પામે અંતે જ્ઞાન. ૧૦૨

સરસ્વતીનાં જપ થકી વાગ્જાડ્યનો નાશ.
થઇ વિલંબ વિના મળે વાક્‌સિદ્ધિ પણ ખાસ. ૧૦૩

મહાદેવના જપ થકી થાય ત્વરિત વૈરાગ્ય;
થઇ જ્ઞાનપ્રાપ્તિ લભે બધે પૂર્ણ સૌભાગ્ય. ૧૦૪

અખંડદીવે વંશની થાએ વૃદ્ધિ ખાસ;
ગુરુલીલામૃતપાઠથી આવે દુઃખ ન પાસ. ૧૦૫

પરિક્રમા ભાવે કરે નિત્ય દેવની એમ,
ભૂતાદિકબાધા સહુ નાસે તેની તેમ. ૧૦૬

વંધ્યા સ્ત્રીને પુત્રની પ્રાપ્તિ નિઃસંદેહ
થાય તેમ કરતાં અહીં પરિક્રમા સસ્નેહ. ૧૦૭

નારાયણબલિ શ્રાદ્ધ વા કરતાં ભાવે તેમ,
પિતૃકોપોદ્‌ભૂત રોગો નાસે સહુ એમ ! ૧૦૮

શમી તુલસી બીલી અને શ્વેતપદ્માદિ જાણ
ચઢાવતાં અહીં દેવને સહસ્રસંખ્યા માન, ૧૦૯

સર્વવંદ્ય થઇ કામના થાય ત્વરિત સહુ પૂર્ણ;
શ્રદ્ધા નિર્મળ હોય તો ફળે સકલાર્થ તૂર્ણ. ૧૧૦

વેદઘોષ કરતાં અહીં થાય દેવપ્રિય તેમ;
વૈરાગ્યે ભાષ્યાદિનો કરે પાઠ સપ્રેમ, ૧૧૧

સર્વ શંકા તેહની થાય નિર્મૂળ જાણ;
સત્વર ગુરુકૃપા થકી થાએ આત્મજ્ઞાન. ૧૧૨

સાત્ત્વિક ગાયન દેવની બેસી સ્હામે તેમ
કરતાં પ્રીતિ દેવની થાય એહ પર એમ. ૧૧૩

કહું વધારે શું હવે ? એવું કાંઇ ન આંહ્ય
ગરુડેશ્વરમાં ગુરુકૃપાથી ન સિદ્ધ જે થાય. ૧૧૪

મહિમા એ ગુરુમૂર્તિનો કેવળ અપરંપાર;
લહે સર્વ કો શિષ્ય હે ? કહ્યો અલ્પ આ સાર. ૧૧૫

સ્વપ્ને પણ ના ભક્તને જેહ વિસારે તેમ,
તેની લીલા કો લહે ? વંદું મૌને એમ. ૧૧૬

ભજે જેહ જે ભાવથી તેને તેવું ફળ
આપે નિઃસંશય અહીં જાણ એહ ગુરુવર. ૧૧૭

શિષ્યોત્તમ ગાંડાબુવા, લઇ એહ સંન્યાસ
યોગાનંદસરસ્વતી નામે પ્રખ્યાત ખાસ ૧૧૮

થતાં સપ્તગોદા તણા પ્રદેશ માંહે તેમ,
ભક્તપ્રાર્થનાથી કથે ગુરુલીલા સપ્રેમ ૧૧૯

વાસુદેવાનંદ સરસ્વતીની એહ;
કહ્યો સાર આ તેહનો ! લહે સર્વ કો તેહ ? ૧૨૦

થાક્યા શિવસનકાદિ જ્યાં ગાતાં ગુરુગુણ તેમ,
કોણ હું તિહાં રાંકડો ? વંદું કેવળ એમ !! ૧૨૧

કામધેનુ ગુરુચરિત આ, કલ્પદ્રુમ સાક્ષાત્‌;
પાપતાપદારિદ્રનો કરે નાશ વિખ્યાત. ૧૨૨

લખે જેહ આ હાથથી, પઢે પ્રેમથી તેમ;
સુણે વા શ્રદ્ધા થકી, તરે તેહ નર એમ. ૧૨૩

પુત્રપૌત્ર સહ વંશમાં તેના અક્ષય જાણ
રહે સંપદા શિષ્ય હે ! મા કર તું અનુમાન. ૧૨૪

ધર્મ અર્થ ને કામની થઇ પ્રાપ્તિ તત્ક્ષણ,
પામે અંતે મોક્ષ પણ; કરે કોણ વર્ણન ? ૧૨૫

ભવાટવીમાં આ નકી અમૃતપરબ સુજાણ;
પીએ સદ્‌ભાગી સુધી, જુએ ન કદિ નાદાન. ૧૨૬

તુજ સમ ધન્ય ન અન્ય કો, શિષ્ય નિરંજન દેખ;
ગુરુલીલામૃતપાન તેં કીધું એહ અલેખ ! ૧૨૭

એમ કહી અમૃતદગે અલખ યોગિવર એહ
દેખે શિષ્ય ભણી તિહાં થયો સમાહિત તેહ. ૧૨૮

રોમમાત્ર હાલે નહીં, ખડો નિશ્ચેષ્ટ જાણ;
રોમાંચિત તનુ, નેત્રથી વહે અશ્રુ નિર્વાણ ! ૧૨૯

જોઇ અલખ એ શું કરે ? આગળ એ અધ્યાય; **રંગ** ગુરુકૃપા હોય તો વૃત્તિ એહવી થાય !! ૧૩૦

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે વાસુદેવાનંદસરસ્વતીનિર્યાણં નામ સપ્તચત્વારિંશદધિકશતતમોऽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૪૭ ॥ દોહરા ૧૩૦. શ્લોક. ૩

## અધ્યાય ૧૪૮

ખડો શિષ્ય હાલે નહીં, કાષ્ઠપૂતળી જેમ;
અર્ધોન્મીલિત[1] નેત્ર એ પુલકાંકિત તનુ તેમ ! ૧

બ્રહ્માનંદાપ્લુત[2] અહા બોલે શબ્દ ન એક;
બ્રહ્મતેજથી ઝગમગે મુખ નીરવ[3] એ છેક !! ૨

જોઇ અલખઆનંદનો રહ્યો પાર ના ત્યાંય;
કહેઃ-સમાધિ એહને લાગી નિશ્ચય આંહ્ય. ૩

લોકોદ્ધારાર્થે કરૂં સાવધ એને તેમ !
એમ કહી કર ફેરવી મુખ પર ત્યાં સપ્રેમ, ૪

આલિંગી વાત્સલ્યથી કહેઃ-જાગ હે બાળ !
આવ દેહ પર શીઘ્ર હે શિષ્યોત્તમ નિર્ધાર. ૫

તરી ગયો તું નિશ્ચયે આ ભવસાગર માંહ્ય;
સમાધિસ્થ આ રીત જો રહીશ નિરંતર આંહ્ય, ૬

રહી જશે તુજ પાસ તો જ્ઞાન એહ નિર્મળ;
તરશે લોકો શેં પછી ? થા જાગ્રત સત્વર. ૭

અંતઃકરણે ગુરુપદે રાખી સુદૃઢ પ્રેમ,
શાસ્ત્રાધારે વર્તવું બાહ્યદેહથી તેમ. ૮

તુજ પ્રશ્ને લીલા બધી આવી સાંભરી આંહ્ય,
શ્રવણે તાપત્રય તણું રહે નામ ના ક્યાંય. ૯

કહી સર્વ પ્રેમે તને હર્યો તાહરો શોક;
હવે એજ ફેલાવીને ઉદ્ધર બીજા લોક ! ૧૦

અલખવચન એ સાંભળી, શિષ્ય નિરંજન એહ
આવી દેહ પર આંખ ખોલીને ધીમે તેહ; ૧૧

વદે બદ્ધકરઃ-હે ગુરો ! આ ભવસાગર માંહ્ય
તુંજ એક તારક મળ્યો, દીઠો અન્ય ન ક્યાંય. ૧૨

મૂકી નિજ સુખ બાજુએ, કીધો આ ઉપદેશ;
રહ્યું નામ ના દુઃખનું, મટ્યા સમૂળા ક્લેશ. ૧૩

શેં ભૂલું ઉપકાર એ કૃપાંબુધે ગુરુનાથ ?
અમૃતથી પણ મીઠડી કીધી ગુરુકથા તાત ! ૧૪

ડૂબ્યું એ આનંદમાં મનડું નિઃસંદેહ;
તોએ અતૃપ્ત હું હજી ! પુનઃ સુધારસ તેહ ૧૫

પીવાડી, આનંદના સાગર માંહે એમ
રાખ નિરંતર બાળને પ્રાર્થું અનન્ય તેમ. ૧૬

અભાવ ના અમૃત તણો ! ગુરુલીલામૃત એહ
પીતાં ચિત્ત ધરાય ના, હજીએ તૃષાર્ત તેહ ! ૧૭

માટે બહુ ઔષધ તણો કાઢી સારાર્ક જેમ,
વૈદ્ય નિપુણ ચિંતામણિરસ બનાવે તેમ; ૧૮

સાર સકળ લીલા તણો મંથન કરીને દેવ
કહે, જે થકી સાંભરે પુનઃ સર્વ તતખેવ !! ૧૯

શિષ્યવચન એ સાંભળી, બોલે અલખ પ્રહૃષ્ટ,
શિષ્યોત્તમ હે ! ગુરુ તણી લીલા આ ઉત્કૃષ્ટ. ૨૦

મન તલ્લીન રહો સદા તારૂં અખંડ ત્યાંય;
સાંભળ ધ્યાન દઇ કહું સાર પુનઃ એ આંહ્યઃ- ૨૧

પ્રથમે મંગલ ગણપતિ વંદી શારદા તેમ,
શ્રીમદ્દત્ત નમી કરી ગ્રંથપ્રતિજ્ઞા એમ. ૨૨

બીજા અધ્યાયે કલિબ્રહ્મદેવ સંવાદ;
ચારે યુગનાં લક્ષણો કીધાં ત્યાં સાક્ષાત્. ૨૩

ત્રીજે ગુરુસેવા તણો મહિમા અપરંપાર
દીપકાખ્યાનથી કથે બ્રહ્મા કલિને સાર. ૨૪

અંબરીષ રાજા તણું ચોથે છે આખ્યાન;
અવતારહેતુ, નવવિધા ભક્તિ વર્ણવ્યાં જાણ. ૨૫

આવ્યા પંચમમાં ત્રિમૂર્તિ અનસૂયાદ્વાર
સતીસત્ત્વ[4] હરવા જતાં થયા સ્વયં લઘુબાળ ! ૨૬

૧. અર્ધી ઉઘાડી. ૨. બ્રહ્માનંદમાં ડૂબેલો. ૩. નિઃશબ્દ. ૪. સતીત્વતેજ.

છઠ્ઠે અધ્યાયે થઇ શક્તિત્રય હતગર્વ,
જોઇ ઝૂલતા નિજ પતિ પારણા મહીં ખર્વ !! ૨૭

સપ્તમમાં કૌશિક અને શાંડિલીનું આખ્યાન;
પાતિવ્રત્યપ્રભાવ ત્યાં વર્ણન કીધો જાણ ! ૨૮

પૈઠણ માંહે દેવની પ્રાર્થના થકી તેમ
આવી અનસૂયા કરાવે સૂર્યોદય કેમ; ૨૯

ગતપ્રાણ દ્વિજને તથા પાતિવ્રત્યે એહ
ઊઠાડે કર્દમસુતા કેમ, વર્ણવ્યું તેહ. ૩૦

સહ્યશિખર માહૂરગઢે આવ્યાં ત્યાંથી તેહ
અત્ર્યનસૂયા, આઠમામાં વર્ણવ્યું એહ. ૩૧

જન્મ ત્રિમૂર્તિનો તથા; ચંદ્ર અને દુર્વાસ
જતાં એકરૂપે રહ્યા દત્ત ત્ર્યાત્મક ખાસ. ૩૨

વિવિધ બાળચેષ્ટા થકી માતપિતારંજન
કરી દિવ્ય નિજ જન્મનું કર્યું ગૂઢ સૂચન. ૩૩

નવમે પિંગલનાગ ને ભક્ત પ્રહ્લાદ કેમ
તાર્યા જ્ઞાનોપદેશથી સર્વ વર્ણવ્યું તેમ. ૩૪

કાર્તવીર્યજનિ[૧] દશમમાં; રાજ્યધર્મ અતિ ગૂઢ
સૂણી અર્જુન એ થતાં [૨]કિંકર્તવ્યતામૂઢ, ૩૫

સકલ સિદ્ધિની પ્રાપ્તિને માટે સત્વર જાણ
જવા શરણ શ્રીદત્તને પ્રેરે ગર્ગ સુજાણ. ૩૬

એકાદશમાં જંભ ને ઈંદ્ર તણું આખ્યાન
સુણી જાય કૃતવીર્યસુત શરણ દત્તને માન. ૩૭

ચગાવવા એને કરે ચેષ્ટા વિધવિધ એહ
દત્ત, તોય નવ એ ખસે; કરે ન ઉર સંદેહ ! ૩૮

સકલ સિદ્ધિ આપે તદા દત્ત થઇ સંતુષ્ટ;
આવી રાજ્ય કરે પુરે અર્જુન ત્યારે હૃષ્ટ. ૩૯

કરતાં ક્રીડા નર્મદામાં [૩]પ્રમદા સંગાત,
લંકપતિને સ્ત્રીકરે બંધાવે સાક્ષાત્ ! ૪૦

એવી અનુપમ શક્તિથી વર્ષ ચોરાશી હજાર
કરતાં રાજ્ય, વિરાગનો થયો ઉદય નિર્ધાર. ૪૧

તેથી દ્વાદશમાં ફરી દત્ત ચરણની પાસ.
જઇ જ્ઞાનાર્થ એ તદા સેવે અર્જુન ખાસ. ૪૨

તેર ચૌદ ને પંદરે શાસ્ત્રતાત્પર્ય દેખ.
એવું સાત કથા કહી કથે બૃહસ્પતિ દેખ. ૪૩

વિષ્ણુદત્ત આખ્યાન ત્યાં કેવળ રસની ખાણ;
અંતે મોક્ષે પરિણમે શાસ્ત્રો વિધવિધ માન. ૪૪

ષોડશમાં ગુરુભક્ત એ અર્જુનને શ્રીદત્ત
જ્ઞાનામૃતનું પ્રેમથી પાન કરાવે મસ્ત. ૪૫

પંચીકરણાદિક તથા જગદુત્પત્તિ તેમ
કથી, શ્રવણાદિનો બતાવ્યો વિવેક સપ્રેમ. ૪૬

ષડ્લિંગાદિક વર્ણવ્યાં સત્તરમામાં જાણ;
મહાવાક્યવિવરણ કર્યું લક્ષણાદિથી માન. ૪૭

અઢારમામાં યોગનું કર્યું અષ્ટાંગકથન;
પ્રાણાયામાદિક તણું સ્પષ્ટ વિવેચન પણ. ૪૮

માત્ર ક્રિયાયોગે નહીં થાય ભ્રાન્તિનો નાશ;
બ્રહ્માત્મૈક્યજ્ઞાન વિણ મળે મોક્ષ ના ખાસ. ૪૯

ઓગણીસમાં એ કહી, યોગચર્યાદિ તેમ
કથી, સહસ્રાર્જુન કને યોગ સાંગ સપ્રેમ ૫૦

સિદ્ધ કરાવે શ્રીગુરુ ! વિંશાધ્યાયે જાણ;
થઇ કૃતાર્થ ગુર્વાશિષે આવી સ્વપુરે માન ૫૧

ઉદાસીન વૃત્તિ થકી કરે રાજ્ય અર્જુન;
એકવિંશે દેવની પ્રેરણાથી [૪]તપન ૫૨

બ્રાહ્મણવેષે એહની પાસે ઉદ્ભિજ્જદાન
માગે હરવા એહનું સત્ત્વ યુક્તિથી જાણ. ૫૩

આશ્રમતરુ બળતાં દગે જોઇ વસિષ્ઠ તેમ,
શાપે કે જમદગ્નિસુત હણશે તુજને એમ. ૫૪

દ્વાવિંશે જમદગ્નિનું જન્મકથાનક તેહ;
વિશ્વામિત્રાખ્યાન પણ કથ્યું સવિસ્તર એહ. ૫૫

ચરુવ્યત્યાસ[૫] તણી કથા રમ્ય અતિશય ત્યાંય;
જેથી વિશ્વામિત્ર આગળ બ્રહ્મર્ષિ થાય. ૫૬

જમદગ્નિ ને રેણુકાપુત્ર પરશુધર તેમ
ક્ષાત્રવૃત્તિ બ્રાહ્મણ છતાં થયો વિષ્ણવંશ એમ. ૫૭

પરશુરામઅવતાર એ તેવીસમામાં જાણ;
માનસદોષે રેણુકા થાતાં દુષિત માન ૫૮

તાતાજ્ઞાથી એહને હણી; પુનઃ જીવન
લે માગી સહ ભ્રાત, રીઝતાં તાત તત્ક્ષણ. ૫૯

ખ્યાત્યાધિકકરથી મરૂં એવું જે વરદાન
માગ્યું'તું સહસ્રાર્જુને તદનુસાર મહાન ૬૦

પરશુરામ એને હણે હોમધેનુનિમિત્ત;
ચોવીસમામાં એ કથા કથી સાગ્ર નિશ્ચિત. ૬૧

અર્જુનપુત્રો પંચવિંશે જમદગ્નિપ્રાણ
લીધા, ભાર્ગવરામ જ્યાં ન્હોતા ઘેરે જાણ. ૬૨

૧. જન્મ. ૨. શું કરવું ને શું ન કરવું એની ગતાગમ વગરનો. ૩. સ્ત્રી. ૪. સૂર્ય. ૫. ચરૂની અદલાબદલી.

ઘેર આવતાં સર્વ એ જાણી ક્રૂર વૃત્તાન્ત,
અર્જુનસુત સંહારીને ક્રોધે રામ નિતાન્ત ૬૩

કરવા નિઃક્ષત્રિય મહી[1] એકવિંશધા એહ
કરે પ્રતિજ્ઞા પંચવિંશાધ્યાયે વરદેહ. ૬૪

તાતપ્રેત ને માતને કાવડ માંહે ત્યાંય
બેસાડી, સહ્યાદ્રિ પર રામ એહ લઈ જાય. ૬૫

છવ્વીસમામાં રેણુકા કરે પત્યનુગમન;
કથે શાસ્ત્રવિધિ દત્ત ત્યાં થઈ હૃષ્ટ ચિદ્‌ઘન. ૬૬

સત્તાવીસમાં રેણુકામહિમાવર્ણન જાણ,
બ્રહ્મદેવને વેદની સ્મૃતિ કરાવે માન. ૬૭

મારી ક્ષત્રિય રામ ત્યાં કરે પ્રતિજ્ઞા પૂર્ણ;
દત્તાચાર્ય વરી કરે સોમયાગ એ તૂર્ણ. ૬૮

મારી પાતાલકેતુને મદાલસાને તેહ
વરે ઋતુધ્વજ જાણ તું અઠ્ઠાવીસમાં એહ. ૬૯

વેર ભાઈનું વાળવા ઓગણત્રીસમાં તેમ
તાલકેતુ ઋષિવેષથી મદાલસાને કેમ ૭૦

દગ્ધ કરાવી કપટથી, કુવલયાશ્વને જાણ
પાડે શોકાર્ણવ મહીં કથ્યું સર્વ એ માન. ૭૧

નાગપુત્રના પ્રેમથી નાગ અશ્વતર તેહ
શિવવરદાન ત્રિંશમાં મદાલસાને એહ ૭૨

કરી સજીવન શ્વાસથી, કુવલયાશ્વને દાન
આપે એનું મોદથી એહ પ્રસંગ મહાન. ૭૩

મદાલસા ત્રણ પુત્રને કરે નિવૃત્તિમગ્ન;
જોઈ જડવત્ તેમને થાય ભૂપ મન ભગ્ન. ૭૪

ચોથા અલર્કને તથા કરવા પ્રવૃત્તિદક્ષ
પ્રાર્થે નૃપ એકત્રીસે બોધી લૌકિક પક્ષ. ૭૫

ભૂપેચ્છાથી એહને મદાલસા એ જાણ
બત્રીસમાં પ્રવૃત્તિનું આપે જ્ઞાન મહાન. ૭૬

વિષયગર્તમાં એહને જોઈ નિમગ્ન તેમ
જ્યેષ્ઠ સુબાહુ બોધવા અલર્કને સપ્રેમ, ૭૭

કાશિરાજસહાયથી કરે ચઢાઈ ત્યાંય;
હારી અલર્ક એકલો નાસી વનમાં જાય. ૭૮

થયું સ્મરણ ત્યાં માતની પત્રિકા તણું જાણ,
સત્સંગાર્થે તેતરીસ માંહે તેમ સુજાણ ૭૯

આવ્યો સહ્યાચલ વિષે દત્તાશ્રમમાં એહ;
દત્તપ્રશ્નમાત્રે તિહાં સ્ફુર્યું જ્ઞાન વર તેહ. ૮૦

થવા જ્ઞાન સુસ્થિર કથે ચોતરીસમાં દત્ત
ત્રિપુટીલય થાતાં સુધી ધ્યાનાભ્યાસ સતત. ૮૧

ગુણદોષો અભ્યાસના પાંતરીસમાં તેમ,
ઉપસર્ગાદિકથી[2] તથા રે'વું સાવધ કેમ. ૮૨

યોગચર્યા વર્ણવી છત્રીસ માંહે જાણ,
ભિક્ષાદિક નિયમો વળી યોગિજનોના માન. ૮૩

દંડત્રય સાડત્રીસે, પ્રણવોપાસન તેમ
નાદશ્રવણવિધિ તથા કહ્યાં સવિસ્તર એમ. ૮૪

આડત્રીસ ને ઓગણચાલીસ માંહે સૂક્ષ્મ
જ્ઞાન સ્વરોદયનું અને તત્ત્વાદિકનાં લક્ષ્મ.[3] ૮૫

મૃત્યુચિહ્ન ચાળીસ મહીં કહી, આવતાં કાળ
અનુસંધાન ન ચૂકવું કેમ કહ્યું તે સાર. ૮૬

એકતાળીસમાં અલર્ક થઈ કૃતકૃત્ય તેમ,
સ્તવન કરી શ્રીદત્તનું ચાલ્યો એ સપ્રેમ. ૮૭

મળી સુબાહુને તથા બેંતાળીસમાં તેહ,
વંદે તત્પદ ભાવથી થઈ નિરભિમાન એહ. ૮૮

યુદ્ધહેતુ સમજી બધો કાશિરાજ પણ ખાસ
સોંપી રાજ્ય નિજ પુત્રને, જઈ સુબાહુ પાસ ૮૯

થયો કૃતકૃત્ય વન મહીં પામી આત્મજ્ઞાન;
અલર્ક પણ સુતને દઈ રાજ્ય, વરે [4]નિર્વાણ. ૯૦

તેંતાળીસમાં આયુને આપે ગુરુ વરદાન
જન્મ્યો સુત ચુંવાળીસે નહુષ એહ પ્રમાણ. ૯૧

જાણી નિજ [5]અન્તક હરે હુંડ એહને એમ;
આપે હણવા રાણીને; રાજ્ઞી [6]સૂદને તેમ. ૯૨

દ્રવ્યો સૂદ અંતર મહીં દત્તોચ્છાથી તેહ;
આણી વસિષ્ઠદ્વારમાં મૂકે સુતને એહ. ૯૩

પિસ્તાળીસમાં એ કથા; ભણીગણીને ત્યાંય
ઉછર્યો ઋષ્યાશ્રમ મહીં નહુષ એહ વરકાય. ૯૪

આયુ ઈન્દુમતી શોકથી છેંતાળીસમાં જાણ
થઈ સુવિહ્વળ ચિત્તમાં સ્મરે દત્ત ભગવાન. ૯૫

દત્તપ્રેરણાથી સુડતાળીસ માંહે તેમ
જઈ નારદ વેગે હરે શોક બેઉનો એમ. ૯૬

કથી વૃત્ત સહુ પુત્રનું, કરી તત્ત્વપ્રબોધ
કરે ક્ષણિક વૈરાગ્યની સતેજ પૂર્ણ જ્યોત. ૯૭

મુન્યાજ્ઞાથી હુંડને હણવા નહુષ સુજાણ
અડતાળીસમાં નીકળ્યો ચઢી ઈંદ્રરથ માન. ૯૮

૧. પૃથ્વી. ૨. દૈવી વિઘ્નો. ૩. ચિહ્ન. ૪. મોક્ષ. ૫. ઘાતક. ૬. રસોઈયાને.

હણી હુંડ ઓગણપચાસ માંહે વેગે તેમ,
વરી અશોકસુંદરી જાય નિજ પુરે એમ. ૯૯

કચશાપે પંચાશતે ક્ષાત્ર યયાતિ સાથ
વિપ્ર દેવયાની વરે; દૈત્યસુતા સંગાત ૧૦૦

શર્મિષ્ઠા સેવા મહીં રાખી'તી જે ત્યાંય
તેની સાથે શુક્રની આજ્ઞા વિરુદ્ધ રાય ૧૦૧

રમી, શુક્રશાપે થતાં વૃદ્ધ એમ તત્કાળ
શર્મિષ્ઠાસુત પૂરુને એકાવનમાં બાળ ! ૧૦૨

આપી નિજ ઘડપણ ગ્રહે યૌવન તેનું જાણ;
થાતાં વિરક્ત આખરે ગ્રહી વૃદ્ધત્વ માન ૧૦૩

બેસાડી રાજ્યાસને પૂરુને સત્વર,
દેવયાની સહ વન મહીં જાય એહ નૃપવર. ૧૦૪

જ્યેષ્ઠ પુત્ર યદુ દેવયાનીનો વિરક્ત તેમ
થઇ વન મહીં નીસર્યો, દાસીસુતને એમ ૧૦૫

સિંહાસન મળતાં તદા ! કાવેરીને તીર
દેખે એ અવધૂતને અર્ચનભક્તપ્રવીર. ૧૦૬

બાવનથી પંચાવને અવધૂતયદુસંવાદ;
ઔપનિષદ રહસ્ય ત્યાં વર્ણન કીધું તાત !! ૧૦૭

ચોવીસ ગુરુની એ કથા કેવળ સુધારસાળ;
સુણી કૃતાર્થ થઇ યદુ કરે સ્વૈર સંચાર. ૧૦૮

જ્ઞાનકાંડ પૂરૂં અહીં થાએ એમ સુજાણ;
કર્મોદ્ધારાર્થે ધરે ફરી દત્ત ભગવાન ૧૦૯

શ્રીપાદશ્રીવલ્લભ નામે એ અવતાર
છપ્પનમાં પીઠાપુરે વિપ્રસ્ત્ર્યુદરે સાર. ૧૧૦

સત્તાવનથી સાઠમાં બદરિકાશ્રમાખ્યાન;
નરનારાયણદર્શને ગયા શ્રીપાદ જાણ. ૧૧૧

એકસઠે રાવણ જતાં લઇ શિવલિંગ તેમ,
ગોકર્ણે વિઘ્નેશ્વરે કરી સ્થાપના કેમ; ૧૧૨

બાસઠમાં ગોકર્ણનો મહિમા કથ્યો અપાર,
ચાંડાલ્યુદ્ધરણાદિ ગૌતમે ભૂપને સાર. ૧૧૩

માતાસુત ત્યજતાં [1]અસુ ત્રેસઠે ગુરુ જ્ઞાન
આપી પુત્રને, વ્રત કથે શનિપ્રદોષનું જાણ. ૧૧૪

ચોસઠમાં વર રાજ્યનો આપી રજકને તેમ,
થયા ગુપ્ત ગુરુ કુરુપુરે ગુરુદ્વાદશીએ એમ. ૧૧૫

વધ્યો[2] ભક્ત દ્વિજ તસ્કરે પાંસઠ માંહે જાણ;
વધી ચોરને શ્રીગુરુ વિપ્ર જીવાડે માન. ૧૧૬

છાસઠમાં અંબોદરે ધરે પુનઃ અવતાર
નૃસિંહસરસ્વતી નામથી કરંજપુર મોઝાર. ૧૧૭

કથી જ્ઞાન નિજ માતને સડસઠ માંહે તેમ,
લે તુર્યાશ્રમ કાશીમાં શ્રીગુરુ એ સપ્રેમ. ૧૧૮

ગૃહયાત્રા કરી અડસઠે આવે ગોદાતીર;
શૂળ મટાડે વિપ્રનું [3]પ્રાણાન્તક ગંભીર. ૧૧૯

અગ્ન્યોતેરે યવનને કરી ગુપ્ત શાસન,
સાયંદેવ સુભક્તને આપે વર ચિદ્‌ઘન. ૧૨૦

વૈજનાથમાં ગુરુ રહ્યા, ગયા શિષ્ય યાત્રાર્થ;
ગુરુદ્રોહી દ્વિજને કથે ગુરુસેવા પરમાર્થ. ૧૨૧

ધૌમ્યશિષ્ય અરુણાદિનું કથી રમ્ય આખ્યાન.
આપી જ્ઞાન એ વિપ્રને સપ્તતિ માંહે જાણ, ૧૨૨

આવ્યા ભિલ્લવડી મહીં ગુરુવર એ નિર્ધાર;
એકસપ્તતિમાં કર્યો છિન્નજિહ્વઉદ્ધાર. ૧૨૩

કૃષ્ણાવેણી સંગમે જાય બોંતેર માંહ્ય;
વેલ તોડી ધનકુંભ દે પ્રેમે દ્વિજને ત્યાંય. ૧૨૪

ઔદુંબરમહિમા કથ્યો તોંતેર માંહે આમ;
આપી વર યોગિનીને ગયા ગાણગાગ્રામ. ૧૨૫

ચુંવોતેરે વિપ્રસ્ત્રીનો સુત મરતાં તેમ,
થઇ પ્રગટ યોગિરૂપે કથે જ્ઞાન સપ્રેમ. ૧૨૬

પંચોત્તેરે પ્રેતને આણ્યું ઉદુંબર પાસ
ઊઠાડ્યું શ્રીગુરુવરે કૃપા કરી એ ખાસ. ૧૨૭

દોહી વંધ્યા ભેંસને છોંતેર માંહે તેમ;
સિત્તોતેરે નૃપ લઇ જાય ગામમાં એમ. ૧૨૮

નૃપનિર્મિત મઠમાં રહ્યા ગાણગાપુર માંહ્ય;
નિંદે ત્રિવિક્રમભારતી સૂણી ઐશ્વર્ય ત્યાંય. ૧૨૯

કુમસીગ્રામે આવીને ઇઠ્ઠોત્તેરે તેમ
વિશ્વરૂપ દેખાડીને તારે યતિને એમ. ૧૩૦

મત્ત[4] દ્વિજ વાદાર્થ ત્યાં જતાં ત્રિવિક્રમ પાસ,
ઓગણાએંશીમાં ગુરુ કને લઇ આવ્યો એ ખાસ. ૧૩૧

એંશીમાં શ્રીગુરુ કરી વેદવિવેચન તેમ
કથે ગર્વ ત્યજવા; ન માને મત્તો પણ એમ. ૧૩૨

હીનમુખે[5] એકાશીમાં વેદ વદાવી ત્યાંય,
બ્રહ્મરાક્ષસ એમને કરે તેમ ગુરુરાય. ૧૩૩

બ્યાશીમાં એ પતિતને કથી કર્મવિપાક;
ધોઇ ભસ્મ, સ્ત્રી સહ ફરી ભેજે ઘેરે દ્રાક્. ૧૩૪

૧. પ્રાણ ૨. માર્યો. ૩. જીવલેણ ૪. (વિદ્યાને લીધે) અભિમાની. ૫. અંત્યજને મોઢે.

મહિમા ભસ્મ તણો કથ્યો ત્ર્યાશી માંહે તેમ;
વામદેવ તારે યથા રાક્ષસને સપ્રેમ. ૧૩૫

મરતાં પતિ ચોરાશીમાં કરે શોક તન્નાર;
બ્રહ્માચારિરૂપે ગુરુ બોધે એને સાર. ૧૩૬

પંચાશીમાં પતિવ્રતાધર્મ તણું વિવરણ
સુણી, સહગમનાર્થે જતાં છાશીમાં તત્ક્ષણ; ૧૩૭

વંદન કરતાં ગુરુપદે, આપી આશીર્વાદ
ઊઠાડે તત્કંથને ત્રિમૂર્તિ એ સાક્ષાત્ ! ૧૩૮

મહિમા રુદ્રાક્ષનો કહ્યો સિત્યાશીમાં એમ;
કુક્કુટમર્કટની કથા, વેશ્યાસતીત્વ તેમ. ૧૩૯

મહિમા રુદ્રાધ્યાયનો ઇઠ્યાશીમાં જાણ;
કર્યા સજીવન રાજસુત એ ઇતિહાસ પ્રમાણ. ૧૪૦

નેવ્યાશીમાં વ્રત કહ્યું સોમવારનું તેમ,
સીમંતિન્યાખ્યાન ત્યાં દંપતીને સપ્રેમ. ૧૪૧

પરાન્નદૂષણ નેવુંમાં વિપ્રસ્ત્રીસદ્બોધ;
વિપ્રાચારાદિક કથે શ્રીગુરુ જ્ઞાનજ્યોત. ૧૪૨

બ્રહ્મકર્મ એકાણુંમાં દ્વિજદિનચર્યા તેમ
કથી, દૂષ્ય અન્નાદિનું કર્યું વિવેચન એમ. ૧૪૩

ભાસ્કર બ્રાહ્મણ ત્રણ જણ પૂરતું રાંધે અન્ન;
ગામ સકળ બાણું મહીં જમાડે ગુરુ પ્રસન્ન. ૧૪૪

સાઠ વરસની વાંઝણી ગંગાને સંતાન
આપે સુતકન્યા પ્રભુ ત્રાણું માંહે જાણ. ૧૪૫

શુષ્ક કાષ્ઠને પલ્લવો આણી, નરહરિવિપ્ર
કુષ્ઠમુક્ત કરે તથા ચોરાણુંમાં ક્ષિપ્ર. ૧૪૬

શબરશબરીની ભક્તિનું રમ્ય નિદર્શન ત્યાંય;
અનન્ય નિષ્ઠા વિણ વૃથા ભક્તિ નિશ્ચય આંહ્ય. ૧૪૭

ગુરુભક્તિ પંચાણુંમાં; શૈત્યનિવારણ માટ
સાયંદેવને મોકલે અગ્નિ લાવવા તાત. ૧૪૮

દેખે દૃઢતા ભક્તની એ રીતે સાક્ષાત્;
ત્વષ્ટૃભક્તિવૃત્તાંત ને કાશીયાત્રાવાત ૧૪૯

સૂણી, સાયંદેવ એ છન્નું માંહે ત્યાંય
મૂકી મ્લેચ્છની નોકરી સેવે શ્રીગુરુરાય. ૧૫૦

અનંતવ્રત સત્તાણુંમાં ધર્મકૃષ્ણસંવાદ,
કથા કૌણ્ડિણ્યની કથી તિહાં પુરાતન તાત ! ૧૫૧

તંતુકને અઠ્ઠાણુંમાં નિમેષમાત્રે તેમ
લઇ જાય શ્રીશૈલ પર શિવરાત્રિએ એમ. ૧૫૨

કથા વિમર્ષણની કથી પુરાવૃત્ત ત્યાં જાણ !
નંદિકુષ્ઠ નવ્વાણુંમાં હર્યું દયાળે માન. ૧૫૩

કલ્લેશ્વરનો ભક્ત જે નરહરિ તેને એમ
આપી દર્શન સો મહીં, શિષ્ય બનાવે તેમ. ૧૫૪

એકશતે રૂપો ધરી સાત શિષ્યને ગામ
દીવાળીએ જઇ, રહ્યા મઠ માંહે પણ આમ. ૧૫૫

એકસો ને બે મહીં કાપી શૂદ્રજુવાર,
પાક સોગણો આપીને હરે દૈન્ય તત્કાળ. ૧૫૬

ત્ર્યધિકશતે ભીમામરજાસંગમમહિમાય
કથી, કુષ્ઠ રત્ના તણો કરે હરણ ગુરુરાય. ૧૫૭

ચતુરધિકશતે હરે યવનસ્ફોટક તેમ;
જઇ એહના નગરમાં, શ્રીશૈલે સપ્રેમ ૧૫૮

પુનઃ મળીશું એમ કહી, પંચાધિકશત માંહ્ય
જોઇ કલિ વધતો બધે થઇ ગુપ્ત ગુરુરાય ૧૫૯

કદલીવનમાં જાય એ નૃસિંહસરસ્વતી તેમ;
રહે ગાણગાપુર મહીં અદશ્યરૂપે એમ. ૧૬૦

કર્મકાંડ પૂરૂં અહીં થાએ એમ રસાળ;
ઉપાસનોદ્ધારે ફરી ધરે ત્રીશ અવતાર ૧૬૧

વાસુદેવાનંદસરસ્વતી નામે એહ
માણગ્રામે ષડધિકશતાધ્યાયમાં તેહ. ૧૬૨

બાલલીલાદિક કથી સપ્તાધિકશત માંહ્ય;
મંત્રબળે ઉન્મત્ત ગોને કીધી વશ ત્યાંય. ૧૬૩

અષ્ટાધિકશતમાં યતિનારાયણવર્ણન,
વાડી માંહે જેમનો કરે મહોત્સવ જન. ૧૬૪

દુર્ગાબાઇની કથા નવાધિકશત માંહ્ય;
મંત્રોપદેશ સ્વપ્નમાં વાસુદેવને થાય. ૧૬૫

દશાધિકશતમાં કથ્યો યોગાભ્યાસપ્રકાર;
ઢોરે શાસ્ત્રી આજરેંકરબુવાવૃત્ત રસાળ. ૧૬૬

એકસોઅગિયારમાં ફણસવૃક્ષની વાત;
વૃક્ષે દેવત્વ બતાડ્યું ગુરુએ સાક્ષાત્. ૧૬૭

હરે કપટથી વાણિયો ભોળા દ્વિજનો બાગ
એકસો ને બારમાં; જાણી ગુરુવર દ્રાગ્ ૧૬૮

અનુષ્ઠાનથી વિપ્રને પુનઃ અપાવે તેહ;
નાસ્તિકતા ઘનશ્યામની હરે વારી સંદેહ. ૧૬૯

પિશાચબાધા રાજપુત્રીની યંત્રે તેમ
હરી, વિવિધ કૌતુક કર્યાં એ અધ્યાયે એમ. ૧૭૦

એકસોને તેરમાં મૂર્તિસ્થાપના જાણ
કરી માણગ્રામે, હરે લોકસંકટો માન. ૧૭૧

ચતુર્દશાધિકશત મહીં પટેલકન્યા એક
ભૂતગ્રસ્ત થતાં હરે તદ્બાધા ગુરુ દેખ. ૧૭૨

ચૌર્યારોપ થકી કરે વેંગુર્લેકર મુક્ત;
દેવસેવાદિક તણો કથે પ્રકાર સુગુપ્ત. ૧૭૩

ગલત્કુષ્ઠ વિઠ્ઠલ તણો કરે હરણ ગુરુરાય,
વિપ્રપુત્રમૂકત્વ પણ પંચદશાધિક[1] માંહ્ય. ૧૭૪

આબાશાસ્ત્રીનો હર્યો ગર્વ તે જ પ્રમાણ;
વાલાવલીના ખૂનથી કર્યો મુક્ત દ્વિજ જાણ. ૧૭૫

ષોડશાધિકશત મહીં છે પૌંઆની વાત;
સગુણોપાસનતત્ત્વ ત્યાં કહ્યું સવિસ્તર તાત ! ૧૭૬

રાજરોષથી સોનીને કર્યો મુક્ત ત્યાં ખાસ;
પ્રવાસાર્થ તદ્દત્તમૂર્તિ રાખી નિજ પાસ. ૧૭૭

સપ્તદશાધિકશત મહીં મરતાં માતુલપુત્ર,
ઊઠાડ્યો અમૃતદગે[2] કરી સુકૌતુક તત્ર. ૧૭૮

સોહિરોબાની કથા ગમન યાત્રાર્થ તેમ,
અષ્ટાદશાધિક શત મહીં કહ્યાં સવિસ્તર એમ. ૧૭૯

શોકહરણ માતા તણું એકસોઓગણીસ
માંહ્ય કરી, વાડી મહીં આવ્યા સ્ત્રી સહ ત્રીશ. ૧૮૦

એકસો ને વીસમાં કન્યાગુરુસંવાદ,
પત્ની શોક હરવા કથે મરતાં સુપુત્ર તાત ! ૧૮૧

એકસોએકવીસ મહીં કથ્યો એ જ વિસ્તાર;
એકસોબાવીસ મહીં પત્ન્યુદ્ધરણ રસાળ. ૧૮૨

શૂદ્રભર્જિત ચણા તણી વાત એમાં જ જાણ;
આવ્યા ગંગાખેડમાં વૈજનાથ થઈ માન. ૧૮૩

દ્વિજકન્યાને કપટથી વરતાં હીન કુજાત,
વર્તે કેમ તિહાં સતી, પુરાવૃત્ત[3] એ વાત ૧૮૪

એકસોતેવીસ મહીં કથી સવિસ્તર જાણ;
મરતાં પત્ની શ્રીગુરુ લે તુર્યાશ્રમ માન. ૧૮૫

ગ્રહે દંડ ઉજ્જન મહીં એકસોચોવીસ
માંહ્ય, વાસીમે પોલીસોનો ત્રાસ સહી ત્રીશ; ૧૮૬

કેશવરાવ તણી હરી નાસ્તિકતા તત્કાળ
પંચવિંશત્યધિકશતમાં ભિક્ષામિષ સાર. ૧૮૭

અગ્નિહોત્રીના પુત્રને કીધો સીધો દોર;
અપસ્માર ભાસ્કર તણો હર્યો [4]ગ્રહોદ્ગત ઘોર. ૧૮૮

એકસોછવ્વીસ મહીં જાલવણમાં દેખ,
હર્યો ગર્વ સંસ્કૃત તણો શાસ્ત્રીજીનો એક. ૧૮૯

ભાલોદના બળવંતની વાત તેમાંજ જાણ;
સેવાધર્મ સુગૂઢ ત્યાં એમ શીખવ્યો માન. ૧૯૦

ફરી ઉત્તરાખંડમાં, બ્રહ્માવર્તે એમ
દેતા શિક્ષણ નાસ્તિકોને આવ્યા શ્રી તેમ. ૧૯૧

એકસોસત્તાવીસે દોઢ રૂપીઆ માટ
થયો પિશાચ તેહની કથી સુદારુણ વાત ૧૯૨

છોડી ગંગાતટ યથા આવે રેવાતીર
એ પણ એમાં વર્ણવ્યું, જાણ નિરંજન ધીર ! ૧૯૩

ચોળે ભભૂતિ નર્મદા પાદ લપસતાં કેમ,
આવ્યા ક્ષુધિત નિમાવરે શ્રીગુરુ ત્યાંથી કેમ, ૧૯૪

એકસોઅઠ્ઠાવીસે કથ્યો એહ વિસ્તાર;
લીલા ધાવિડીકુંડની, ચિખલદા તણી સાર ૧૯૫

સગુણભક્તિરહસ્યની જે છે કેવળ ખાણ
વર્ણન તે સઘળી કરી એ અધ્યાયે જાણ. ૧૯૬

મણિશંકર દ્વિજ તિલકવાડાનો ભાવિક જેહ,
આપે સુત તેને પ્રભુ પંચમીવ્રતે તેહ. ૧૯૭

ગાંડાને સાથે લઈ ફરતા ફરતા તેમ,
આવ્યા સિદ્ધપુરે ગુરુ આ અધ્યાયે એમ. ૧૯૮

એકસોઓગણત્રીસે માતૃગયાઆખ્યાન;
એકસોત્રીસે કર્યું બોડાણાનું ગાન. ૧૯૯

એકસોએકત્રીસે જિહ્વાછેદનવાત
ગાંડા સહ બે અન્યની કથી સવિસ્તર તાત. ૨૦૦

સુબેદારની દુઃસ્થિતિ, વિષ્ણુબુવાવૃત્તાન્ત,
નૃસિંહસરસ્વતીની કથા રમ્ય અત્ર નિતાન્ત. ૨૦૧

એકસોબત્રીસ મહીં તાત્યા જાગીરદાર
પામે વાર્ધક્યે સુતાપુત્રદાન નિર્ધાર. ૨૦૨

પૂજારીઓ વાડી તણા કરુણાત્રિપદે એમ
સંકટમુક્ત કર્યા અહીં; નરસીગામે તેમ ૨૦૩

બાળરૂપ શ્રીદત્તથી કીધી ક્રીડા જાણ;
કર્યો કુશોબાવિપ્રને દુઃખમુક્ત તું માન. ૨૦૪

એકસોતેત્રીસ મહીં નાનાશાસ્ત્રીવાત;
રૂપત્રયગ્રહણાદિ વાડીની લીલા તાત ! ૨૦૫

એકસોચોત્રીસ મહીં વૈજનાથનિમિત્ત
લીલા જે ગુરુએ કરી કથી તેહ નિશ્ચિત. ૨૦૬

પિશાચપીડાથી કર્યો મુક્ત જનાર્દન જાણ;
તાત્યા મહાબળ કુટિલતાનું પામ્યો ફળ માન. ૨૦૭

એકસોપાંત્રીસ મહીં દક્ષિણયાત્રા તેમ;
મુલાકાત આચાર્યની શૃંગેરીના એમ. ૨૦૮

૧. પંચદશાધિકશત. ૨. સુધાદૃષ્ટિથી, ૩. પહેલાં બનેલી. ૪. ભૂતબાધાથી થએલો.

સદાશિવેંદ્રસ્વામી તણું વૃત્ત મનોહર જેહ,
એકસોછત્રીસ મહીં કહ્યું સવિસ્તર તેહ. ૨૦૯

લીલા ક્ષૌરમિષે કરી કૃષ્ણાતીરે તેમ
એ પણ આ અધ્યાયમાં, સુણ નિરંજન એમ. ૨૧૦

એકસોસાડત્રીસે શ્રદ્ધાફળવર્ણન;
શાસ્ત્રીસ્વસાને ભૂતથી કરે મુક્ત તત્ક્ષણ. ૨૧૧

પતિત્યક્તસ્ત્રીને બચાવે ખાળી પર્જન્ય;
ધોંડોપંત તણા પિતાને તારે પ્રભુ ધન્ય ! ૨૧૨

એકસોઆડત્રીસે લીલા પવની માંહ્ય
કરે દેવેર્ષ્ય શ્રીગુરુ, ભૈરવપ્રસાદ ત્યાંય ૨૧૩

આવે શરણે બ્રહ્મરાક્ષસથી ગભરાઇ જાણ,
અનુષ્ઠાનથી એહને કરે ભયમુક્ત માન. ૨૧૪

એકસો અને ઓગણચાળીસ માંહે એહ
મૃત આબાદ્વિજને ઊઠાડે ગોદાતટ તેહ. ૨૧૫

એકસોચાળીસ મહીં પાંડુરંગઆખ્યાન;
મહિમા પંઢરપુર તણો કથ્યો સવિસ્તર જાણ, ૨૧૬

વાત કરુણ શિંદે તણી કથી સવિસ્તર તેમ,
એકસોએકતાળીસે તાર્યો સુભક્ત કેમ. ૨૧૭

થયો પુત્ર કન્યા તણો રસમય એહ કથન
એકસોબેંતાળીસે શ્રદ્ધાફળ વર્ણન. ૨૧૮

મધ્વવિપ્રશિક્ષણ તિહાં દ્વૈતદંશનો નાશ;
કુષ્ઠહરણ શિક્ષકતણું હાવનૂરમાં ખાસ. ૨૧૯

છાશ મળે ના માગતાં, દૈવગતિ એ ચિત્ર
એકસોતેંતાળીસે કથી દેખ વિચિત્ર. ૨૨૦

લીલા કુરુપુરની કહી એ જ અધ્યાય માંહ્ય,
કોથળાના પૂજને પિશાચ કેવું જાય ! ૨૨૧

ગૌંડગામમાં દ્વિજસુતા ઊઠાડે મૃત કેમ,
એકસોચુંવાળીસે કથ્યું સવિસ્તર એમ ૨૨૨

ભૂતોપદ્રવથી કર્યું મુક્ત ખેત પથ માંહ્ય;
ગોપેગાંવનો લીમડો કર્યો વરદ એ આંહ્ય. ૨૨૩

મંજરથે સ્ત્રીને કરે સર્પદંશથી મુક્ત;
લીલા સંક્ષેપે કહી સર્વ તિહાંજ સુયુક્ત. ૨૨૪

એકસોપિસ્તાળીસે એકનાથની વાત;
કરી સ્થાપના મૂર્તિની પુનઃ પૂર્વવત્ તાત ! ૨૨૫

કરી અનુગ્રહ ચાળીસગાંવે ગાંડા પર;
ભૃગુક્ષેત્રમાં એહને ભેજે ગુરુ સત્વર. ૨૨૬

પુરશ્ચરણ ગાયત્રીનું જિંતુરકરનું જેહ,
દાજીબુવાને મોકલી પૂર્ણ કરાવે તેહ. ૨૨૭

આવ્યા ગરુડેશ્વર મહીં કરતા લીલા એમ;
મહિમા ગરુડેશ્વર તણો કીધો વર્ણન એમ ૨૨૮

એકસોછેંતાળીસે; બ્રહ્માનંદદ્વય
દર્શનાર્થે આવ્યા અહીં એ વર્ણન રસમય. ૨૨૯

જિંદપીડા પારસી તણી હરી સુદુર્ધર આંહ્ય;
નષ્ટપુત્ર દ્વિજસ્ત્રી તણો આપ્યો લાવી ત્યાંય. ૨૩૦

લીલા અપરંપાર ત્યાં કરી શિષ્યવર જાણ,
એકસોસુડતાળીસે થયા ગુપ્ત પ્રભુ માન ! ૨૩૧

લીલા એની કો લહે, સ્વયં ત્રીશ જે તેમ ?
સાગરમાં બિંદુ યથા, કહી અલ્પ આ એમ !! ૨૩૨

ભાવે પઢતાં સૂણતાં શું દુર્લભ જગ માંહ્ય ?
કામધેનુ ગુરુચરિત આ; શંકા લેશ ન ત્યાંય. ૨૩૩

બેસી ઔદુંબર તળે કરતાં પારાયણ
ગ્રંથ તણું આ, ચિત્તની થાય શાન્તિ તત્ક્ષણ. ૨૩૪

પિશાચબાધા નિશ્ચયે થાય દૂર તત્કાળ;
પામે આરોગ્ય, રોગની થઇ શાન્તિ નિર્ધાર. ૨૩૫

પુત્રકામ અશ્વત્થની બેસે નીચે તેમ;
લક્ષ્મીચ્છુ બીલી તળે કરે પઠન સપ્રેમ. ૨૩૬

જ્ઞાનાર્થે વટવૃક્ષ ને વિદ્યાર્થે પાલાશ;
સર્વકામનાર્થે પઢે દેવમંદિરે ખાસ. ૨૩૭

સ્ત્રીકામનાર્થે ભજે કદલીવૃક્ષ સુજાણ;
ગૃહદોષ નિવારવા બેસે ઘરમાં જાણ. ૨૩૮

ગવાદિપ્રાપ્ત્યર્થે તથા ગોશાળામાં તેમ;
ધાન્યાદિકવૃદ્ધ્યર્થ બેસે ખેતરમાં એમ. ૨૩૯

રત્નાદિપ્રાપ્ત્યર્થ ભાંડારગૃહે નિર્ધાર;
રિદ્ધિસિદ્ધિપ્રદ કહ્યું શમીવૃક્ષ તત્કાળ. ૨૪૦

તુલસીવન મોક્ષાર્થ ઉત્તમ કીધું છે ખાસ;
વિશેષ શું ? ઔદુંબરે સર્વ સિદ્ધિનો વાસ. ૨૪૧

પારાયણથી આર્તનાં થાય દૂર સહુ દુઃખ;
લભે સ્વાર્થ અર્થાર્થી ને પામે સઘળું સુખ. ૨૪૨

જિજ્ઞાસુભક્તે સદા જ્ઞાનપ્રાપ્ત્યર્થ તેમ,
કરતાં પારાયણ સહુ તૂટે ભવબંધ એમ. ૨૪૩

લોકહિતાર્થે જ્ઞાનીએ કરવું પારાયણ;
નિષ્કામીને દિન તણું ના કાંઇ બંધન. ૨૪૪

શુદ્ધમને દરરોજ કરવું પારાયણ તેમ;
વા સપ્તાહવિધિ થકી કરવું પઠન સપ્રેમ. ૨૪૫

સકામીએ દિનશુદ્ધિ ત્યાં જોવી અવશ્ય જાણ;
શુચિર્ભૂત સંયત થઇ સદા બેસવું માન. ૨૪૬

રંગવલ્લ્યાદિક થકી કરી સુશોભિત તેમ
બેસવાના સ્થાનને, કરવો પ્રારંભ એમ. ૨૪૭

યથાશક્તિ ઘૃતદીપ ત્યાં રાખી અખંડ પાસ,
ધૂપ પંચાંગ વા કરી ગુગ્ગુલાદિનો ખાસ; ૨૪૮

દેશકાલાદિક તણો મૂકી સંકલ્પ તેમ,
ભૂતશુદ્ધિ ભૂ શુદ્ધિ પણ કરવાં અવશ્ય એમ. ૨૪૯

ભૂમિતાડન ત્રણ વાર કરી, યથોપચાર
ગ્રંથરૂપ શ્રીગુરુ તણું કરવું પૂજન સાર. ૨૫૦

પ્રથમ દિવસથી બેસવા રાખે એક સ્થાન;
પાઠ પૂર્ણ થતાં સુધી બોલે અન્ય ન વાણ. ૨૫૧

બ્રહ્મચર્યસત્યાદિનું કરી સુપાલન તેમ,
દેવ વિપ્રગુર્વાદિને વંદી ભાવે એમ; ૨૫૨

પૂર્વમુખે વા ઉત્તરે રાખી મોઢું જાણ
કરે પ્રારંભ પાઠનો પ્રફુલ્લ ચિત્તે માન. ૨૫૩

પ્રથમ દિને [૧]એકોનવિંશતિ વાંચે અધ્યાય;
ચાળીસ લગ બીજે દિને, ત્રીજે બાસઠ ત્યાંય, ૨૫૪

તુર્યદિને ચોરાસી ને પાંચમે દિને તેમ
વાંચે એકસોત્રણ સુધી; છઠ્ઠે દિન સપ્રેમ ૨૫૫

એકસોસત્તાવીસે કરે પાઠ સંપૂર્ણ;
બાકીના ગ્રંથાન્ત વાંચે સપ્તમ દિન તૂર્ણ. ૨૫૬

થતાં પાઠ પૂરો કરી ઉત્તરાંગપૂજન,
નાંખી સ્વઆસન તળે જળ કિંચિત્ તત્ક્ષણ ૨૫૭

લઇ તત્રસ્થ મૃદ્ કપાળે લગાડી તેમ,
ઊઠી આસનથી કરે ફલાહાર કંઇ એમ. ૨૫૮

રાતે ભૂમિશયન ને સાત્ત્વિક ગાયન જાણ;
શાસ્ત્રાધારે વર્તીને રે'વું શુદ્ધ પ્રમાણ. ૨૫૯

થતાં સાત દિન વિપ્ર ને સુવાસિનીને તેમ
યથેષ્ટ મિષ્ટાન્નાદિથી કરી તૃપ્ત સપ્રેમ; ૨૬૦

પાનસોપારી દક્ષિણા આપી યથાવિધાન
શ્રદ્ધાથી પૂરૂં કરે સપ્તાહાનુષ્ઠાન. ૨૬૧

કરતાં પારાયણ તથા થાએ ગુરુદર્શન;
ગ્રહપીડાદિક દૂર થઇ, થાય સૌખ્ય તત્ક્ષણ. ૨૬૨

સ્વયં કલ્પતરુ રીઝતાં રહે ન્યૂન શું ત્યાંય ?
ગુરુલીલામૃત ગ્રંથ આ નકી કામધુગ્ આંહ્ય !! ૨૬૩

સુણી નિરંજન એ નમી અલખપદે તતખેવ
કહેઃ- આશ પૂરી કરી બાળકની આ દેવ ! ૨૬૪

શેં ભૂલું ઉપકાર એ ? એમ કહીને જ્યાંય
વંદે પુનઃ પુનઃ તિહાં અલખ ન એ દેખાય !! ૨૬૫

રહ્યો જોઇ દિઙ્મૂઢવત્ શિષ્ય એહ ક્ષણવાર;
કહેઃ-નકી શ્રીદત્ત આ; ના શંકા તલભાર. ૨૬૬

આવ્યા દોડી જાણીને દુઃખ માહરૂં તેમ,
સ્મર્તૃગામી એ નિશ્ચયે; કર્યો ઉપકાર એમ ! ૨૬૭

બિંદુમાત્રની યાચના કરતાં સુધાબ્દિ પૂર્ણ
આપ્યો !! એમ કહી નમી દત્તપાદુકા તૂર્ણ. ૨૬૮

થઇ કૃતકૃત્ય અંતરે કરતો ગુરુયશગાન
જઇ ઘેર, સકલાર્થ ત્યાં પામ્યો શીઘ્ર સુજાણ !!! ૨૬૯

કહે **રંગ**-શંકા રખે કરતા કોઇ આંહ્ય;
ગુરુલીલામૃત આ નકી ચિંતામણિ જગ માંહ્ય. ૨૭૦

પુણ્યક્ષેત્ર નારેશ્વરે રેવા ઉત્તરતીર
[૨]ગુરુદ્વાદશીએ કર્યો ગ્રંથ પૂર્ણ આ ધીર. ૨૭૧

પ્રપંચમાં[૩] પરમાર્થની થાશે પ્રાપ્તિ આંહ્ય;
પ્રવૃત્તિમાં યત્ન વિણ નિવૃત્ત્યાપ્તિ[૪] થાય. ૨૭૨

નિમિત્તમાત્ર હું રાંક ત્યાં, લખાવનારો એહ;
વિશ્વંભર શ્રીદત્ત જે ભર્યો ચરાચર તેહ ૨૭૩

શ્રીપાદશ્રીવલ્લભનૃસિંહસરસ્વતીતાર,
વાસુદેવાનંદસરસ્વતી અઘહાર! ૨૭૪

નામમાત્રમાં ભેદ પણ સઘળે એ જ અરૂપ;
ક્રીડે ગુરુશિષ્યાદિનાં વિધવિધ ધરી સ્વરૂપ !! ૨૭૫

તત્પદમાં અર્પણ કરૂં તત્પ્રેરિત આ ગ્રંથ;
શ્રદ્ધાભક્તિથી પઢો સંત એહ નિર્ગ્રંથ !!! ૨૭૬

ઈતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત) મહારાજવિરચિતે શ્રીગુરુલીલામૃતે અલખનિરંજનસંવાદે ગ્રંથસમાપ્તિર્નામ અષ્ટચત્વારિંશદધિકશતતમોऽધ્યાયઃ સમાપ્તઃ ॥ ૧૪૮ ॥ દોહરા ૨૭૬

કુલ દોહરા ૪૯૫૩. સ્તોત્રાદિ ૨૦

એકંદરે અધ્યાય ૧૪૮. દોહરા ૧૯૦૦૫. સ્તોત્રાદિ ૩૯.

**॥ અવધૂતચિંતન શ્રીગુરુદેવદત્ત ॥**

૧. ઓગણીસ. ૨. સં. ૧૯૮૮, આશ્વિન વદ ૧૨. ૩. સંસારમાં. ૪. નિવૃત્તિ-મોક્ષની પ્રાપ્તિ.

# પરિશિષ્ટ

## ૧. સ્વાત્મગીત

આત્મજ્ઞાન થતાં હું ચમકી ઊઠી.

નરનારી વિચિત્ર નગરો, સ્થાવર જંગમ જે બધું આ નેત્ર જોતાં હતાં તે ભૂલી જઇ એ અંતર્મુખ થયાં. ૧

અહા ! સ્વસ્વરૂપ જોતાં જ હું અસ્તવ્યસ્ત થઇ બાવરી બની ગઇ. હવે ગમનાગમન ક્યાં કહ્યું ? આ અસાર સંસારમાંથી સારરૂપ સ્વાત્મવસ્તુ લઇ મેં સંસારને તિલાંજલી આપી. ૨

સદ્‌ગુરુએ કહેલા જ્ઞાનાગ્નિની જ્વાળાથી મોહને બાળી નાખી જીવતાં જ હું મરી ચૂકી, અને છતે દેહે વિદેહ સ્થિતિના અનુભવથી મસ્ત બની. ૩.

પૂર્વના ઘરને તાળું ઠોકી સચરાચર સ્વાનંદથી (મારી જાતને) ભરી દઇ કુળ ને શીળને મેં તિલાંજલિ દીધી. અહા ! આજનો દિવસ ધન્ય, સુધન્ય છે. ૪.

હવે હું નિઃસંગ થઇ અને લોકલાજ છોડી દઇ પર પુરુષને (પરમાત્માને) આલિંગન આપી ધીંગામસ્તી કરીશ. ૫.

ભલે કોઇ મને દિવાની કહે ! પણ હું તો અજ્ઞાનાવરણ-સાડી ફેંકી દઇ ભરબજારમાં નાગી ઊઘાડી થઇ ફૂદડી ફરીશ. ૬.

પૂર્ણ આનંદની મટુકી માથે મૂકી ઊંચે સ્વરે ૐકારનાં ગીત લલકારતી (હું) નૃત્ય કરીશ. ૭.

જગતની ઉત્પાદક હું જ છું. બધાંની પૂર્વે હું જ એક હતી. હું જ અન્ન અને હું જ અન્નભક્ષક, એમ સર્વત્ર એક જ હું જ હું થઇ રહી. ૮. (અધ્યાય ૧૨૨, પૃષ્ઠ ૫૪)

## ૨. ગંગાસ્વતન

મહાદેવના મસ્તકને શોભાવનાર હે ગંગા ! મારા પર કૃપા કર. તારી સહેજ કૃપાદૃષ્ટિ થતાં, જે યોગયાગાદિથી પણ પ્રાપ્ત ન થાય તે તારા પદસંગે મળે છે. એથી જ હે ગંગા ! હું તને વિનવું છું કે એક વાર મારા તરફ કરુણાદષ્ટિથી જો. હે સુભગા ! મને ભયરૂપ ભુજંગે દંશ દીધો છે; માટે મારાં અંગઉપાંગને પ્રેમથી સ્પર્શ કર. ૧

કવિઓમાં માતંગ સમાન પંડિત જગન્નાથરાજે તારી પ્રાર્થના કરતાં સ્વકીય તરંગથી એને સ્પર્શ કરી તેં વિના વિલંબે તેનો નો ઉદ્ધાર કર્યો. તે તું હે ગંગા ! આજ આમ વળ. હે કલિમલનો નાશ કરનાર ! મને દર્શન દે. દુઃસંગથી સંસારાસક્તિમાં હું ફસાઇ ગયો છું, ભવરોગથી ત્રાસી ગયો છું; માટે આવ અને સ્વહસ્તે તારૂં જળરૂપી ઔષધ મને પા. ૨

ચિત્તમાં બાહ્ય વિષયોની ઇચ્છા થતાં જ, જેવી રીતે ચંદ્રને ગ્રહણ ઘેરી લે તેવી રીતે જ હે ગંગા ! આજ મને અનંગે-કામદેવે-ઘેર્યો છે. એટલે મને આંખે કંઇ સૂઝતું નથી. માટે એકવાર તારૂં દર્શન થાય તો પછી મારે યોગયાગાદિની કાંઇ જરૂર નહિ કરે. માટે હે ગંગા ! વૈરાગ્યજળથી સંસારરૂપી દાવાનળ શાન્ત કર. ૩.

જેવી રીતે હરણ નાદલુબ્ધ થઇ ગવૈયાની પાછળ દોડી મરે છે, હાથી સ્પર્શાસક્તિથી હાથણ પર ઝડપ મારી ખુવાર થાય છે, પતંગિયું રૂપથી લોભાઇ દીવા પર ઝંપલાવે છે, ભમરો રસાસક્તિથી ઊડીને કમળમાં બિડાઇ મરે છે અને માછલું સ્વાદમાં લપટાઇ ગળમાં ફસાય છે; તેવી જ રીતે મનુષ્યો વિષયમાં પોતાનાં શરીર રગદોળે છે. તેમને હે ગંગા ! વૈરાગ્યથી તું પાછા વાળ. તારે માટે એ કંઇ ભારે નથી. ૪.

ભગીરથના શુભ પરિશ્રમથી જે વેગે ભૂમિ પર આવી, જેણે સ્વશરીરે સગરપુત્રોને તાર્યા, તે તું હે ગંગા ! અખિલ જગતને તારક છે. તારી પાસે પ્રાર્થના કરીને માગી લઉં છું, હે મહાદેવના મસ્તક પર બિરાજનાર ! કે હું સત્સંગથી વર્તું. હે ગંગા ! મને તારા રંગે રંગી દે !! ૫. (અધ્યાય ૧૨૭, પૃષ્ઠ ૬૮)

## ૩. અભંગ

મિત્ર મિત્ર લડે તોપણ એક થાય છે; પતિપત્નીનો કલહ થાય તોપણ એમનો પ્રેમ જરાયે તૂટતો નથી. એવી જ રીતે દેવભક્તને જે ઝગડો છે તે પરા ભક્તિનું સ્થાન છે. વાસુદેવ કહે છે કે હે દત્ત ! આ વિનોદથી મને પરમાનંદ થાય છે. (અધ્યાય ૧૨૮, પૃષ્ઠ ૭૨)

## ૪. કરુણાત્રિપદી પદ પહેલું

હે ગુરુદત્ત ! શાંત થા, શાંત થા, મારા ચિત્તને હવે શાંતિ આપ.

તું જ કેવળ માતા છે, તું જ પિતા છે : હિતકર્તા પણ સર્વથા તું જ છે. તું જ આપ્ત છે, તું જ સ્વજન છે, તું ભાઇ છે, તું જ સર્વથા તારણહાર છે, (દુષ્ટોને) ભયકર્તા તું જ છે, (ભક્તોનો) ભયહર્તા તું જ છે, દુષ્ટોને શાસન કરનાર ને ભક્તોનું રક્ષણ કરનાર તું જ છે, તારા વગર બીજી વાત જ નથી. હે દત્ત ! દુઃખીયારાનો બેલી તું જ એક છે. ૧.

હે ગુરુનાથ ! અમારો કોઇ અપરાધ થાય અને તે માટે તું અમને યથાર્થ દંડ પણ કરે તો પણ અમો તારા ગાન ગાઇ તારે ચરણે અનન્યભાવે મસ્તક નમાવીશું; અને તેમ છતાં અમારી સામે દયાની દૃષ્ટિથી ન જોતાં તું શિક્ષા જ કર્યા કરે તો હે દેવ ! અમારે કોના સામું જોવું ? હે દત્ત ! એવે સંકટને સમયે અમને છોડાવનાર બીજો કોણ હોય ? ૨.

અમે જાણીએ છીએ કે તારામાં ક્રોધ નથી. પણ અમને પાપીઓને પાપગર્તથી પાછા વાળવા તું કોઇ નટના જેવો મિથ્યા ક્રોધ કરે અને છતાંય અમે ફરીથી ભૂલ કરીએ તોપણ હે દેવ ! અમારા પર કોપાયમાન ના થઇશ. ચાલતાં ચાલતાં માણસ ક્વચિત્ પડે પણ ખરો એમ માની હે દેવ ! ક્રોધ ન કરીશ. હે ભગવન્ત ! તારી કૃપાદૃષ્ટિ થોડી પણ અમારી તરફ ફેંક !! ૩

તારે ખોળે છતાં હે તાત ! અમે આડે માર્ગે જઇએ તો અમારી સંભાળ લઇ સુરક્ષિતપણે પુનઃ શ્રેયને માર્ગે લાવનાર

બીજો કોઇ નથી; માટે હે પ્રભો ! હે દત્ત ! પતિતને પાવન કરનાર ! તારા બાનાનું સ્મરણ કરી હે ગુરુનાથ ! હે દયાના મેઘ ! હવે તો અમારી તરફ વળ !! ૪.

સહકુટુંબ સહપરિવાર આ ઘરબાર બધાં અમે તારાં દાસ છીએ. આ અસાર સંસારમાં અમારા કલ્યાણનો આ સર્વ ભાર તારે ચરણે અર્પણ હો ! હે દયાસિંધો ! હે સુબંધો ગરીબનવાજ ! શું તું અમને દૂર કરીશ ? ના દત્ત ! આ વાસુદેવ યાચે છે કે અમને કલેશનો લેશ પણ ન બાધે. ૫.

### ૫. પદ બીજું

હે શ્રીગુરુ દત્ત ! હે ભગવન્ ! તારો જય જયકાર હો ! આ જ વખતે એ મન નિષ્ઠુર મા કર ! ચોરોએ બ્રાહ્મણને મારી નાખતાં જે મન કકળી ઊઠ્યું, તે આજે પણ દયાથી દ્રવો. પેટમાં શૂળ ઊઠી બ્રાહ્મણ તરફડી ઊઠતાં જે મન દયાથી ભીંજાઇ ગયું તે આજે પણ દયાર્દ્ર થાઓ. દ્વિજપુત્ર મરણ પામતાં જે મન દયાથી એના તરફ વળેલું તે ઉદાસીન હોય તેમ (આજે) કેમ નથી વળતું ? સતીનો પતિ મરણ પામતા એના કાલાવાલા જોઇ જે મન એના તરફ વળ્યું તે અરેરે ! આજે નથી વળતું !!! હે ગુરો દત્તાત્રેયા ! તું નિષ્ઠુરતાનો ત્યાગ કર અને તારા કોમળ ચિત્તને આ તરફ વાળ.

### ૬. પદ ત્રીજું

હે કરુણાના મેઘ !! ભક્તજનોના જીવન ! તારો જય જયકાર હો ! દુષ્ટ જનોને શિક્ષા કરનાર હે અનસૂયાનંદન ! મારું રક્ષણ કર. પોતાના જ અપરાધથી દૃષ્ટિ અવળી થતાં, જગતને પાવન કરનાર હે પરમાત્મન્ ! મારા ચિત્તમાં ભય લાગે છે. તું કરુણાનો સાગર છે. દાસને વરદાન આપનાર હે કૃપાઘન ! અમારા પર તું કદિયે રીસાતો નથી. હે માબાપ ! અમારા અપરાધ ક્ષમા કર ! વામન અવતાર ધારણ કરનાર હે પ્રભુ ! તારા મનમાં કોપનો લેશ પણ નથી. બાળકોનાં અપરાધ મા જો ગણવા બેસે તો એમનું રક્ષણ કરી એમને જીવન કોણ દેશે ? તારે ચરણે ભાવ રાખી વાસુદેવ પ્રાર્થના કરે છે કે હે દેવ ! અત્રિનંદન !! ચરણમાં સ્થાન આપ !!! (અધ્યાય ૧૩૨, પૃષ્ઠ ૮૭, ૮૮)

### ૭. ગીત

હે સચ્ચિદ્ઘન, સુખસાગર ગુરુવરા ! સ્થાવર જંગમ બધે તું વ્યાપી રહ્યો છે. અજ્ઞાનના આવરણને લીધે, હે નાથ તારું સત્ય સ્વરૂપ હું પિછાની શકતો નથી. એવે સમયે સંસારસાગરમાં ડૂબી જતાં તારા ચરણકમળરૂપી નૌકા હાથ આવી છે. એ પગ પકડીને હે ગુરુમાત ! આ ભવસાગરને પાર ઊતર્યો છું. એવી તારી અદ્ભુત કરણી છે. ૧

મારું હું-તુંપણું હરણ કરી સંસારનો બોજો તેં દૂર કર્યો છે. કૃપા કરી, જે પોતાનું અદ્વૈત આત્મસ્વરૂપ તેં દેખાડી મને કૃતાર્થ કર્યો છે, તે ઋણમાંથી હું કેમ મુક્ત થઇ શકું ? હે વાણીસ્વરૂપ ! તારું સ્તવન હું કેમ કરી શકીશ ? હે ગુરુવર ! મનવાણીને તું અગમ્ય જ છે !! ૨.

સોહં-ભાવે તારૂં પૂજન કરતાં બધું તદ્રૂપ જ બની રહે છે. સચરાચર વ્યાપી રહેલા તારા વગર ભિન્ન બીજું કંઇ છે જ નહિ ! તો પછી હવે પૂજન શી રીતે થઇ શકે ? માટે હે દયાસાગર ! હું માત્ર મૌન જ ધારણ કરીને તારાં ચરણકમળને વંદન કરીશ. હે સચ્ચિદ્ઘન શ્રેષ્ઠ ગુરુદેવ ! દાસને અક્ષય પદ દે. ૩. (અધ્યાય ૧૪૫, પૃષ્ઠ ૧૨૭)

### ૮. ગીત

હે માનવ ! નિરાકાર હોવા છતાં જે સચરાચર વ્યાપી રહ્યો છે એવા **'વાસુદેવ'** ના નામનો અખંડ ઉચ્ચાર કર.

માયાના વંટોળિયાથી ચારે દિશાઓ ઘેરાઇ ગઇ છે, અને આ સંસારસાગરમાં તારી દેહરૂપી નૌકા તણાઇ જશે; માટે **'વાસુદેવ'** ના નામનો અખંડ ઉચ્ચાર કર. ૧.

સ્ત્રી પુત્ર કે ધન ગૃહાદિમાં હવે બિલકુલ મમતા રાખીશ નહિ; અને સદ્ગુરુરૂપી સુકાનીને આશરે રહી પેલે પાર જા. **'વાસુદેવ'** ના નામનો અખંડ ઉચ્ચાર કર. ૨.

પોતાનું દાન આપીને અત્રિ પત્ની અનસૂયાને જેણે સંતુષ્ટ કરી એવા દત્તસ્વરૂપ આર્ય સદ્ગુરુરાજને સદા સર્વદા નમન કર. ૩

શ્રી વાસુદેવાનંદસરસ્વતીનું નામ વાણીથી વદતાં સહેજમાં જે દાસને પરમાત્માનું પદ પ્રાપ્ત થયું. ૪

(અધ્યાય ૧૪૫, પૃષ્ઠ ૧૨૮)

**પરમ પૂજ્ય પરમહંસ પરિવ્રાજકાચાર્ય બ્રહ્મીભૂત શ્રી વાસુદેવાનન્દ સરસ્વતી (ટેમ્બે) સ્વામી મહારાજે જ્યાં જ્યાં ચાતુર્માસ કરેલો તે સ્થળોની સાલવાર નોંધ.**

| ક્રમાંક | વર્ષ-શકે | સ્થળ |
|---|---|---|
| ૧ | ૧૮૧૩ | ઉજ્જૈન (ક્ષિપ્રાતટે) |
| ૨ | ૧૮૧૪ | બ્રહ્માવર્ત (ગંગાતટે) |
| ૩ | ૧૮૧૫ | હરિદ્વાર |
| ૪-૫ | ૧૮૧૬-૧૭ | હિમાલય-બદ્રીનારાયણ |
| ૬ | ૧૮૧૮ | હરિદ્વાર |

| ક્રમાંક | વર્ષ | સ્થળ |
|---|---|---|
| ૭ | ૧૮૧૯ | પેટલાદ (જૂના ઇંદોર સંસ્થાનમાં મહી નદીના તટે) |
| ૮ | ૧૮૨૦ | તિલકવાડા (નર્મદાતટે) |
| ૯ | ૧૮૨૧ | દ્વારકાં (સૌરાષ્ટ્ર) |
| ૧૦ | ૧૮૨૨ | ચિખલદા (નર્મદાતટે) |

| ક્રમાંક | વર્ષ-શકે | સ્થળ |
|---|---|---|
| ૧૧ | ૧૮૨૩ | મહત્પુર |
| ૧૨, ૧૩, ૧૪ | ૧૮૨૪, ૨૫, ૨૬ | બ્રહ્માવર્ત |
| ૧૫ | ૧૮૨૭ | નરસી |
| ૧૬ | ૧૮૨૮ | બઢવાઇ (ઈંદોદ સંસ્થાન) |
| ૧૭ | ૧૮૨૯ | તંજાવર-સંધ્યામંડપ |
| ૧૮ | ૧૮૩૦ | મુક્ત્યાલા(તા. નંદીગઢ, જિલ્લે કૃષ્ણા) |

| ક્રમાંક | વર્ષ | સ્થળ |
|---|---|---|
| ૧૯ | ૧૮૩૧ | પવની (વેનગંગાતટે) |
| ૨૦ | ૧૮૩૨ | હાવનુર (તુંગભદ્રાતટે) |
| ૨૧ | ૧૮૩૩ | કુરુગડ્ડી અથવા કુરવપુર (કૃષ્ણાતટે) |
| ૨૨ | ૧૮૩૪ | ચિખલદા (નર્મદાતટે) |
| ૨૩ | ૧૮૩૫ | ગરુડેશ્વર (નર્મદાતટે) |

ૐ

॥ श्री दत्तः प्रसन्नोऽस्तु ॥

# ફટકો

કામાધીન થઇને હીન, કુલ ને શીલ ડુબાડીશ ના
નશ્વર કાયાને પંપાળી, વેર કોઇથી કરીશ ના
થતાં લાભ કે પ્રાણે જાતાં, જૂઠું કદીયે બોલીશ ના;
છોડી કપટ, રાખી મન કબજે, દત્તપ્રભુને ભૂલીશ ના.
સ્વધર્મને તું ડુબાડીશ ના.
સત્ય કદાપિ છોડીશ ના;
વ્યર્થ કુથલીઓ કરી, તાળીઓ પાડી, વખત ગુમાવીશ ના. ૧

હલકટ બુદ્ધિ રાખી કોઇ સહ, સાચાં જૂઠાં કરીશ ના;
તું કોઇની કોડી પણ એ કદી ચોરીને લઇશ ના.
ઘમંડ મિથ્યા રાખી દેહનો, પર અપમાન કરીશ ના;
આત્મસુકૃત બદલામાં કોઇ કરે દુષ્કૃત તો બોલીશ ના.
બીજા પર વ્યર્થ રીસાઇશ ના,
લોકોમાં ખડખડ હસીશ ના;
રહે સ્વજનમાં સરળ વર્તીને લઢવાડ કોઇમાં ઘાલીશ ના. ૨

કોઇ કોઇનું વદે ગમે તે, તું કાન પર ધરીશ ના;
જઇ ઘેર પડોશ તણે તું નાહક બકબક કરીશ ના.
ડિંગ સાંભળી સાન ગુમાવી, દુર્જનસોબત ધરીશ ના;
સ્વજન છેતરી, ગાંઠ કરીને, જાતે ધીરાણ કરીશ ના.
નખરાંઠકરાં તું બતાવીશ ના,
ખોટી ભૂલથાપો દેઇશ ના
દરદાગીના ઉત્તમ લૂગડાં લેવા ફૂંદડી ફરીશ ના. ૩

બે દિનની આ લક્ષ્મી સાચી, જાણી ધનમદ કરીશ ના;
વિપદ આવતાં ચિત્ત સમાલી, વ્યર્થ ધૂમ મચાવીશ ના.
કોઇ ગમે તે વદે એકદમ જવાબ સ્હામો આપીશ ના;
કીર્તિ ગુમાવી અપકીર્તિ કદી લોકમાં ફેલાવીશ ના.
મર્યાદાને ભાંગીશ ના;
આચાર થકી કંટાળીશ ના;
રહી તત્પર સ્હેવા આવે તે, દોષ કોઇને દેઇશ ના. ૪

જમાઇ વેવાઇ ખુશ કરવા દેવું કોઇનું કરીશ ના;
શ્રેય ચિંતીને ધર્મ કરતાં; આગળ પાછળ જોઇશ ના;
પતિ-આજ્ઞા વિણ સ્વેચ્છાથી તું ધર્મ-આચરણ કરીશ ના;
વ્રતદાનાદિક કોઇ કરે તો વચ્ચે આડે આવીશ ના.
આ ઉપદેશ ફગાવીશ ના
(ઉચ્છૃંખળ વર્તન રાખીશ ના.)★
દત્તાજ્ઞાથી **વાસુદેવ** આ કે; એને ઉલ્લંઘીશ ના. ૫

---

આ સ્ત્રીઓને ઉપદેશરૂપ સુંદર ફટકો (ચાબખો) બ્ર. પ. પ. **શ્રી. વાસુદેવાનંદસરસ્વતી** સ્વામિમહારાજે એમના **સ્ત્રીશિક્ષા** નામે મરાઠી ગ્રંથમાં મૂળ મરાઠીમાં આપેલો છે. તે અમને ગુરુભક્તિપારાયણ ગરોઠવાસી શ્રી. કવીશ્વરે મોકલી આપેલો. બેનો માટે અત્યુત્તમ લાગવાથી અમે એ સમાન વૃત્તમાં ગુજરાતીમાં ઉતારી ગુજરાતની બેનોને સાદર કરીએ છીએ, અને મૂળ મરાઠી મોકલી આપવા માટે શ્રી કવીશ્વર મહોદયનો આભાર માનીએ છીએ.

★ આ ચરણ મૂળમાં નથી. વૃત્તની સમાનતા જાળવવા પૂરતું ઉમેર્યું છે. - **રંગ અવધૂત**